View metadata, citation and similar papers at core.ac.uk
brought to you by CORE
provided by Etheses - A Saurashtra University Library Service

# Saurashtra University

Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Bhuva, Bhavnaben D., 2009, *લીલાશુક રચિત કૃષ્ણકર્ણામૃતઃ એક સમીક્ષિત અધ્યયન*, thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/eprint/297

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

રજી. નં. 3079 ॐ તા. 11-12-2003

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટની વિનયન વિદ્યાશાખાની

પીએચ. ડી. (સંસ્કૃત) પદવી માટે રજૂ કરવામાં આવનાર

# મહાનિબંધ

## ❋ શીર્ષક ❋

# લીલાશુક રચિત કૃષ્ણકર્ણામૃત : એક સમીક્ષિત અધ્યયન

# KṚṢṆAKARṆĀMṚTA OF LĪLĀŚUKA : A CRITICAL STUDY

## ❋ પ્રસ્તુત કર્ત્રી ❋


પ્રા. ભાવનાબેન દેવશીભાઈ ભુવા

એમ.એ., બી.એડ્. (સંસ્કૃત)

વ્યાખ્યાતા, સંસ્કૃત વિભાગ,

શ્રી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, બરવાળા

જિ. જૂનાગઢ.


## ❋ માર્ગદર્શક ❋


ડૉ. એમ. કે. મોલિયા

એસોસીએટ પ્રોફેસર

સંસ્કૃતભવન,

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,

રાજકોટ.



ઈ.સ. 2009

## -:: પ્રમાણપત્ર ::-

આથી હું પ્રમાણિત કરું છું કે પ્રા. ભાવના ડી. ભુવા દ્વારા પ્રસ્તુત થનાર મહાનિબંધ 'લીલાશુકરચિત કૃષ્ણકર્ણામૃત એક સમીક્ષિત અધ્યયન' તેમનું મૌલિક અને સ્વતંત્ર સંશોધન કાર્ય છે. તેમણે મારા માર્ગદર્શન હેઠળ આવશ્યક અભ્યાસ નિષ્ઠાપૂર્વક કરેલ છે.

સ્થળ : રાજકોટ

તારીખ :

માર્ગદર્શકશ્રી

(ડૉ. એમ. કે. મોલિયા)

માર્ગદર્શકશ્રીએસોસિએટ પ્રોફેસર,

સંસ્કૃત ભવન, સૌરાષ્ટ્ર યુનિ.રાજકોટ.

*****
******

## પ્રખ્યાપન [Declaration]

આથી હું સોગંદપૂર્વક જાહેર કરું છું કે પ્રસ્તુત મહાનિબંધને સંશોધનાત્મક દષ્ટિએ તૈયાર કરવામાં મેં લીલાશુક વિરચિત કૃષ્ણકર્ણામૃત તેમજ તેનાં પરની ટીકાઓની પર મુખ્ય આધાર રાખેલ છે. આ વિષયની વિસ્તૃત છણાવટ અર્થે સંસ્કૃત, હિન્દી, ગુજરાતી તેમજ અંગ્રેજી ગ્રંથોનો સંદર્ભ સાહિત્ય તરીકે યથોચિત ઉપયોગ કરીને સમગ્ર સંશોધનને સાંસ્કૃતિક, વિવેચનાત્મક અને તુલનાત્મક દષ્ટિએ સર્વાંગ સંપૂર્ણ બનાવવા પ્રયત્ન કરેલ છે. આથી હું તેની મૌલિકતાની જાહેરાત કરું છું ઉપરાંત તેમાં રજૂ કરવામાં આવેલ સંશોધન કાર્ય મહદઅંશે મૌલિક છે અને તેમાં સમાવિષ્ટ થયેલી સામગ્રી તથા બધા નિષ્કર્ષો માટે હું એકલી જ સંપૂર્ણપણે જવાબદાર છું.

સ્થળ : રાજકોટ

તારીખ :

(પ્રા.ભાવના ડી. ભુવા)

રજૂ કરનારની સહી

માર્ગદર્શકશ્રી

(ડૉ. એમ. કે. મોલિયા)

માર્ગદર્શકશ્રીએસોસિએટ પ્રોફેસર,

સંસ્કૃત ભવન, સૌરાષ્ટ્ર યુનિ.રાજકોટ.

# પ્રસ્તાવના

સૂર્યના કિરણો અત્યંત તેજસ્વી હોવા છતાં વિકેન્દ્રિત થતાં શકિત પ્રગટ કરી શકતા નથી. તેવી રીતે આજે અખૂટ શકિતનો ખજાનો એવું મન પાસે હોવા છતાં માણસ તેને પામી શકતો નથી. કસ્તૂરી નાભિમાં હોવા છતાં હરણ સુગંધ માટે ભાકતુ રહે છે તેવું જ કંઈક આજે માનવનું બન્યું હોય તેવું લાગે છે.

એકવાર એક વ્યકિત હોકાયંત્ર સાથે અરીસો જડીને તેને વેચવા નીકળ્યો. રસ્તે પસાર થતાં એક વટેમાર્ગુએ આ જોયું અને આશ્ચર્ય પામી પૂછયું. તમે આ હોકાયંત્ર સાથે અરીસો કેમ વડયો છે ? ત્યારે વેચનારાએ કહ્યું, "હોકાયંત્ર ભૂલેલાને દિશા બતાવવા માટે છે અને અરીસો કોણ ભૂલુ પડયું છે તે બતાવવા માટે." દષ્ટાંત નાનું છે પણ ખૂબ માર્મિક છે. 'હું ભૂલો પડયો છું' એવું ભાન વ્યકિતને થયા પછી હોકાયંત્ર વાપરવાની વાત આવે છે. આજે અરીસા સાથેનું હોકાયંત્ર માણસ માત્રને પકડાવવાની જરૂર છે.

આમ, દિશા ભૂલીને અધોગતિના માર્ગે પૂરપાટ પ્રગતિ કરતાં માનવી માટે અરીસા સહિતના હોકાયંત્ર ધરવાની ઘડી જાણે આવી ગઈ છે. આવાં હોકાયંત્ર તે આપણા ભારતીય શાસ્ત્રો છે, કારણ કે ને દિગ્ભ્રમ (deviation) અને દિશા બંને બતાવે છે, વેદો ઉપનિષદો વગેરે આજે પણ દીવાદાંડી બની દિશાદર્શન કરાવી રહ્યા છે.

સૂર્યના વિકેન્દ્રિત કિરણોને બર્હિગોળ લેન્સથી કેન્દ્રિત થતાં એક અનોખી શકિત નિર્માણ થાય છે તેમ મનુષ્યના મનની બધી પ્રવૃત્તિઓને અને દિશાઓમાં ભટકનારી વૃત્તિઓને એક કેન્દ્ર પર એકાગ્ર કરવાનો માનસિક વ્યાયામ એટલે સ્તોત્ર.

ભારતદેશને હજારો વર્ષોથી સંતો અને ઋષિમુનિઓની અત્યંત ભાવપૂર્ણ અને તેજસ્વી પરંપરા વારસાગત મળેલી છે. આ તેજસ્વી વારસો એવું સ્તોત્રસાહિત્ય જ મારી પ્રેરણાનું કારણ બન્યું. આત્મશ્રદ્ધા અને ઈશશ્રદ્ધા વધારનાર સ્તોત્ર જ જીવને શિવ બનાવવાનું સામર્થ્ય ધરાવે છે. વર્તમાન યુગમાં પ્રાચીન સમુદ્ધ ભાષા સંસ્કૃતનું મહત્ત્વ ધીમે-ધીમે પુનઃ પ્રસ્થાપિત થઈ રહ્યું છે. ત્યારે વેદ જેટલા પ્રાચીન સ્તોત્ર સાહિત્યનો અભ્યાસ અતિ મહત્ત્વ ધરાવે છે. સ્તોત્રકાવ્ય તે

સંસ્કૃત સાહિત્યનો અતિલોકપ્રિય પ્રકાર રહ્યો છે. સ્તોત્રનું ગાન અને પઠન આપણી આધ્યાત્મિક અને ધાર્મિક પ્રવૃત્તિનું એક પ્રધાન અંગ છે.

સંસ્કૃત સાહિત્યના વિવિધ પ્રકારો પૈકી સ્તોત્ર સાહિત્ય પર અભ્યાસ-સંશોધન વગેરે અલ્પ પ્રમાણમાં થયું હોઈ સંશોધનના ક્ષેત્રે આ પ્રકાર કંઈક અંશે વર્ણ સ્પર્શ્યો રહ્યો છે. મારું આ સંશોધન કાર્ય સ્તોત્ર કાવ્યનાં ક્ષેત્રમાં મહત્ત્વનું પ્રદાન કરી શકશે એવો શ્રદ્ધાભાવ વ્યકત કરું છું.

પ્રસ્તુત મહાનિબંધને સંશોધનાત્મક દષ્ટિએ તૈયાર કરવામાં મેં સંદર્ભસૂચિમાં દર્શાવેલ સંદર્ભ-ગ્રંથોનો પર્યાપ્ત સહયોગ લીધો છે. અંતે આપેલી સંદર્ભગ્રંથોની સૂચિ દર્શાવે છે તે મુજબ અન્ય ઉપયોગી સંસ્કૃત ગ્રંથો તેમજ ગુજરાતી, હિન્દી અને અંગ્રજી ભાષામાં રચાયેલા સંદર્ભ-ગ્રંથોનો પણ યથોચિત ઉપયોગ કરીને સમગ્ર સંશોધનને સમીક્ષાત્મક દષ્ટિએ સર્વાંગ સંપૂર્ણ બનાવવાનો પ્રયત્ન કરેલ છે.

મારા માર્ગદર્શક ડૉ. એમ.કે. મોલિયા સાહેબે વિષય પસંદગી ઉપરાંત સંશોધન કાર્યને પ્રર્ણ કરાવવા માટે સતત પ્રયત્નશીલ રહી, પ્રેરણા અને પ્રોત્સાહન આપ્યું. તેમની હું વિશેષ ઋણી છું. ભકિતના સંસ્કાર સિંચનાર પૂ. દાદાજી તેમજ માતા-પિતાને સાદર વંદન કરું છું. મારા પતિ શ્રી પી.સી. ઢાંકેચાનું ઋણ સ્વીકાર કરું છું સંશોધન કાર્યાર્થે સતત સહયોગ આપનાર બહાઉદ્દીન આર્ટ્સ કૉલેજના પ્રા. કે.પી. પટોળિયા સાહેબ, બોસમિયા કૉલેજના પ્રા. કે. બી. વ્યાસ સાહેબ તેમજ બરવાળા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજના પ્રિ. આર. જી. ભુવા સાહેબ તથા પ્રા. નીતાબેન એચ. જોષી તથા તમામ અધ્યાપકશ્રી તેમજ એમ. એસ. યુનિ. પ્રા. વિજયભાઈ ભુવાનો આભાર વ્યકત કરું છું.

હું અમારા ગ્રંથપાલ શ્રી રામાણી સાહેબને ધન્યવાદ આપુ છું જેમણે વિષયાનુરૂપ ગ્રંથો પ્રાપ્ત કરવામાં સરળતા બક્ષી, આ ઉપરાંત બહાઉદ્દીન કૉલેજની લાઈબ્રેરી તથા સૌ. યુનિ. રાજકોટ લાઈબ્રેરી, હંસા મહેતા લાયબ્રેરી, એમ. એસ. યુનિ બરોડા અને મેમોરીયલ લાઈબ્રેરી વડોદરાનું ઋણ સ્વીકાર કરું છું.

તારીખ :-

સ્થળ :- રાજકોટ

ભાવના ડી. ભુવા

# અનુક્રમણિકા


| | |
|---|---|
| **પ્રકરણ-૧ સ્તોત્ર કાવ્ય : ઉદ્ભવ, વિકાસ** | **૧** |
| (૧) વૈદિક યુગ | |
| (૨) ઈતિહાસ પુરાણ અને તંત્રગ્રંથોનું સ્તોત્ર સાહિત્ય | ૯ |
| ● રામાયણ, મહાભારત | ૧૦ |
| ● પૌરાણિક સ્તોત્ર | ૧૪ |
| ● અન્ય નોંધપાત્ર સ્તોત્ર | ૧૯ |
| ● તંત્રગ્રંથો સ્તોત્ર | ૨૦ |
| ● મૂલ્યાંકન | ૨૪ |
| **પ્રકરણ-૨ સંસ્કૃત સાહિત્યમાં સ્તોત્ર : અર્થ અને સ્વરૂપ** | ૩૧ |
| (૧) પ્રાસ્તાવિક | |
| (૨) સ્તોત્રઃ વ્યુત્પત્તિ અને અર્થ | ૩૨ |
| (૩) સ્તોત્રના પર્યાયવાચી શબ્દો | ૩૩ |
| (૪) સ્તુત્યર્થક ધાતુઓ | ૩૪ |
| (૫) સ્તોત્ર, પ્રાર્થના, યાચના અને ઉપાસના | ૩૫ |
| (૬) સ્તોત્ર અને ભકિતનો સંબંધ | ૩૯ |
| ● ભકિતનું સ્વરૂપ | ૩૯ |
| ● સ્તોત્રસર્જનનું મૂળ તત્ત્વ ભકિત | ૪૦ |
| ● સ્તોત્રમાં ભકિતતત્ત્વનું મિશ્રણ | ૪૧ |
| ● સ્તોત્રમાં ભકિતના વિવિધ રૂપો | ૪૨ |
| (૭) સ્તોત્રના સ્તુત્ય દેવ | ૪૩ |
| (૮) સ્તોત્રનાં મુખ્ય તત્ત્વો | ૪૬ |
| (૯) સ્તોત્રનો મનોવૈજ્ઞાનિક આધાર | ૫૫ |
| (૧૦) સ્તોત્રનાં પ્રકાર | ૫૮ |
| (૧૧) સ્તોત્રનું મહત્ત્વ | ૬૩ |
| **પ્રકરણ-૩ સંસ્કૃત સ્તોત્ર : સાહિત્યની પરંપરા** | **૭૧** |
| (૧) વૈદિક સાહિત્યમાં સ્તોત્રો | ૭૩ |
| (अ) અધ્યાત્મપરક સ્તોત્રો | ૭૪ |

| | |
|---|---|
| (ब) સકામ સ્તોત્રો | ૭૬ |
| (क) ઋગ્વેદિક સ્તોત્રોનું મહત્વ | ૮૨ |
| (૨) અન્ય વેદોમાં રહેલ સ્તોત્રો | ૮૪ |
| (૩) રામાયણનાં સ્તોત્રો | ૮૮ |
| (૪) મહાભારતના સ્તોત્રો :- | ૯૫ |
| (૫) મહાકાવ્યોમાં સ્તોત્ર | ૧૦૧ |
| (૬) અન્યસ્તોત્ર કૃતિઓ | ૧૦૪ |
| (૭) સ્તોત્રકાવ્યોની સ્વતંત્રધારા | ૧૦૫ |
| **પ્રકરણ-૪ કવિ લીલાશુક (બિલ્વમંગલ)નું જીવન અને કવન** | **૧૧૮** |
| (૧) પ્રસ્તાવના | |
| (૨) કૃષ્ણ લીલાશુક બિલ્વમંગલ તરીકે | ૧૨૧ |
| (૩) બિલ્વમંગલ તરીકે કૃષ્ણ લીલાશુક | ૧૨૨ |
| (૪) કેટલા બિલ્વમંગલ | ૧૨૨ |
| (૫) બંગાળ અને ઓરિસ્સામાં 'કર્ણામૃતમ્' | ૧૨૪ |
| (૬) ચિંતામણિનો સંદર્ભ | ૧૨૯ |
| (૭) કૃષ્ણ લીલાશુક – વ્યાકરણશાસ્ત્રી | ૧૩૧ |
| (૮) બિલ્વમંગલ સ્વામીયાર અને અનંતપુર (થીરૂવંતપૂરમ્) દંતકથા | ૧૩૪ |
| (૯) રચનાકાળ | ૧૩૭ |
| (૧૦) કર્ણામૃતમ્‌ની કથાવસ્તુ | ૧૩૯ |
| (૧૧) લીલાશુક અથવા બિલ્વમંગલની બીજી કૃતિઓ | ૧૪૧ |
| **પ્રકરણ-૫ કૃષ્ણકર્ણામૃતમાં ભક્તિતત્ત્વ** | **૧૪૬** |
| (૧) પ્રસ્તાવના | |
| (૨) ભક્તિનું સ્વરૂપ અને પ્રકારો | ૧૪૭ |
| (अ) ભક્તિનું સ્વરૂપ | |
| (ब) ભક્તિના પ્રકારો | ૧૫૨ |
| (૩) ભક્તિનો ઉદ્દ્ભવ અને વિકાસ | ૧૭૧ |
| (अ) વૈદિક સાહિત્યમાં ભક્તિ | |

| | |
|---|---|
| (ब) બ્રાહ્મણ – ઉપનિષદ્‌માં ભકિત | ૧૭૪ |
| (क) રામાયણ-મહાભારતમાં ભકિત | ૧૭૫ |
| (ड) વૈષ્ણવધર્મ, પાંચરાત્ર, સંતો અને આચાર્યોનો ભકિતમાર્ગ | ૧૭૮ |
| (इ) પૌરાણિક ભકિત | ૧૮૧ |
| (ई) ચૈતન્ય સંપ્રદાય અને ભકિત | ૧૮૩ |
| (૪) કૃષ્ણકર્ણામૃતમાં ભકિત | ૧૮૪ |
| **પ્રકરણ-૬ કૃષ્ણકર્ણામૃતમાં દાર્શનિકતત્ત્વ** | **૧૯૮** |
| (૧) પ્રસ્તાવના:- | |
| (૨) દર્શન' શબ્દનો અર્થ | |
| (૩) દર્શનનું લક્ષ્ય :- | ૧૯૯ |
| (૪) ભારતીય દર્શનની વિશેષતાઓ | ૨૦૧ |
| (૫) સ્તોત્રોમાં સગુણ-નિર્ગુણ બ્રહ્મની વિચારણા | ૨૦૪ |
| (अ) વૈદિકસાહિત્યમાં સગુણ-નિર્ગુણ બ્રહ્મની વિચારણા | |
| (ब) વૈષ્ણવધર્મ તેમ જ દર્શનમાં દેવતાતત્ત્વ | ૨૦૭ |
| (क) વૈષ્ણવ પુરાણોનાં સ્તોત્રોમાં સગુણ-નિર્ગુણ બ્રહ્મનું નિરૂપણ | ૨૧૧ |
| (ड) ત્રિમૂર્તિ (બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ)ની એકતા | |
| (इ) ભાગવત'નાં સ્તોત્રોમાં સગુણ-નિર્ગુણ બ્રહ્મ | ૨૧૨ |
| (૬) કર્ણકર્ણામૃતમાં દાર્શનિક્તા | ૨૧૬ |
| **પ્રકરણ – ૭ કૃષ્ણકર્ણામૃતમાં કાવ્ય સ્વરૂપ** | **૨૨૮** |
| (૧) ભાષાત્મકરૂપ :- ગુણ, વૃત્તિ, રીતિ | |
| (अ) ભૂમિકા :- | |
| ● વાઙ્મય અને સાહિત્ય | |
| ● સાહિત્ય અને કાવ્ય | |
| ● કાવ્ય-ગુણ | ૨૨૯ |
| ● વૃત્તિ :- | |
| ● રીતિ | |
| (ब) 'કૃષ્ણકર્ણામૃતમ્' માં કાવ્ય ગુણ,વૃત્તિ અને રીતિ | ૨૩૦ |
| ● પ્રસાદ અને માધુર્યનું મિશ્રણ | |
| (૨) અલંકાર – નિરૂપણ :- | ૨૩૦ |
| (अ) કૃષ્ણકર્ણામૃતમાં અર્થાલંકાર | |

| | |
|---|---|
| (બ) કૃષ્ણકર્ણામૃતમ્માં શબ્દાલંકાર | ૨૩૪ |
| (૩) 'કૃષ્ણકર્ણામૃતમ્'માં રસ-ભાવની અભિવ્યકિત | ૨૩૬ |
| (૪) 'કૃષ્ણકર્ણામૃતમ્'માં ધ્વનિ અને તેના પ્રકાર | ૨૩૭ |
| (૫) 'કૃષ્ણકર્ણામૃતમ્'માં છંદોવિધાન | ૨૩૯ |
| **પ્રકરણ-૮ કૃષ્ણકર્ણામૃતનું સાહિત્યિક સ્વરૂપ** | **૨૪૬** |
| (૧) કાવ્ય પ્રકાર | |
| (૨) મુક્તક કાવ્ય અને કૃષ્ણકર્ણામૃત | ૨૪૮ |
| (૩) ખંડકાવ્ય અને કૃષ્ણકર્ણામૃત | ૨૫૩ |
| (૪) ગીતિકાવ્ય અને કૃષ્ણકર્ણામૃતમ | ૨૫૫ |
| (૫) કૃષ્ણકર્ણામૃત-સ્તોત્ર કાવ્ય | ૨૬૦ |
| **પ્રકરણ-૯ સ્તોત્રમાં મનોવિજ્ઞાન** | **૨૭૭** |
| (૧) પ્રસ્તાવના :- | |
| (૨) જીવન વિકાસ માટે સગુણોપાસના | ૨૭૯ |
| (૩) ભકિતના પ્રકાર | ૨૮૪ |
| (૪) કૃષ્ણકર્ણામૃતમાં મનોવિજ્ઞાન | ૨૮૫ |
| **પ્રકરણ-૧૦ કૃષ્ણકર્ણામૃત અને ભાગવતપુરાણ** | **૨૯૪** |
| (૧) પ્રસ્તાવના :- | |
| (૨) ભાગવતની કથાવસ્તુ | ૨૯૫ |
| (૩) કૃષ્ણકર્ણામૃત્તમ્ કથાવસ્તુ | ૨૯૬ |
| (૪) શ્રીમદ્ ભાગવતનો રચનાકાળ | ૨૯૮ |
| (૫) ભાગવત-કૃષ્ણકર્ણામૃતમ્નું માધુર્ય | ૩૦૨ |
| (૬) કૃષ્ણકર્ણામૃતમ્ અને ભાગવત પુરાણ-સામ્ય | ૩૦૫ |
| **પ્રકરણ - ૧૧ કૃષ્ણકર્ણામૃત અને ગીતગોવિંદ** | **૩૨૫** |
| (૧) ગીતગોવિંદનું કથા બિંબ | |
| (૨) સમય | ૩૨૭ |
| (૩) મુખ્ય લક્ષ્ય | ૩૨૯ |
| (૪) 'ગીતગોવિંદ' નો કાવ્ય પ્રકાર | ૩૩૦ |

# પ્રકરણ–૧

## સ્તોત્ર કાવ્ય : ઉદ્‌ભવ, વિકાસ

(૧) વૈદિક યુગ

(૨) ઈતિહાસ પુરાણ અને તંત્રગ્રંથોનું સ્તોત્ર સાહિત્ય

- રામાયણ, મહાભારત
- પૌરાણિક સ્તોત્ર
- અન્ય નોંધપાત્ર સ્તોત્ર
- તંત્રગ્રંથો સ્તોત્ર
- મૂલ્યાંકન

# પ્રકરણ-૧
## સ્તોત્રકાવ્ય : ઉદ્ભવ અને વિકાસઃ-

### ● વૈદિક યુગઃ-

સૃષ્ટિના ઉષઃકાળથી માનવ પરાત્પર સત્તા પ્રત્યે વિસ્મિત બની પોતાના ભાવવિગલિત હૃદયોદ્ગાર વાણી દ્વારા વ્યક્ત કરતો રહ્યો છે. પરમ તત્ત્વ કે દૈવી તત્ત્વો પ્રત્યેના આવા ભકિતભાવસભર ઉદ્ગાર સ્તોત્ર સર્જનનું પ્રધાન સોપાન છે. સ્તોત્ર મનુષ્ય હૃદયનો પ્રથમ ઉદ્ગાર છે. આપણો પ્રાચીનતમ ગ્રંથ 'ઋગ્વેદ' આની સાક્ષી પૂરે છે. 'ઋગ્વેદ' મહદંશે સ્તોત્રસંગ્રહનું રૂપ વ્યકત કરે છે. તેથી કહી શકાય કે સંસ્કૃત સાહિત્યનો મંગળ આરંભ સ્તોત્રસાહિત્યથી થાય છે. વેદ એટલે મંત્રોનો સમુચ્ચય વૈદિક મંત્ર અને સ્તોત્ર સ્તુતિ વિધાનકારક હોય બંને ફળ અને સ્વરૂપની દષ્ટિએ સમાન ધર્મી છે. સ્તોત્રની વ્યાખ્યામાં ગેયતા,છંદોબદ્ધતા અને સ્તવનમૂલકતાનો સમાવેશ થાય છે. વેદનાં મંત્રો ઋક્ (ઋચા) અને સામ ગેય, છંદોબદ્ધ અને સ્તવનમૂલક છે. 'સ્તોત્ર' શબ્દ સર્વપ્રથમ ઋગ્વેદમાં પ્રાપ્ત થાય છે.

- महि स्तोत्रमव आगन्म सूरेस्माकं सु मधवन्बौधि गोपाः ।[१]
- अधि स्तोत्रमस्य सख्यस्य गातन शुभं यातामनु रथा अवृत्सत ॥[२]

સ્તોત્ર-અર્થવાચી બીજા બે શબ્દો 'સ્તોમ' અને 'ઉદ્ગથ' મળે છે.

'ઋગ્વેદ'ના દશ મંડળોમાં સંગૃહીત ઘણાંખરાં સૂકતો સ્તુત્યાત્મક છે. સૂત્રની ઋચાઓ દ્વારા વૈદિક ઋષિ યજ્ઞ પ્રસંગે દેવતાનું આવાહન કરે છે અને દેવતાના અંગ, રૂપ અને કાર્યના વર્ણન સાથે પોતાની કામનાઓની અભિવ્યકિત કરે છે. એમાં ઉતરકાલીન સ્તોત્ર કાવ્યના પ્રારંભિક લક્ષણો દષ્ટિગોચર થાય છે. વેદ મહદંશે પ્રકૃતિ કાવ્ય છે. વૈદિક ઋષિ, ઇન્દ્ર, અગ્નિ, વરુણ, ઉષા, સવિતા, પર્જન્ય, પૃથ્વી, વનસ્પતિ, સોમ, આકાશ વગેરેમાં ચૈતન્ય નિહાળી તેમને દેવતાપદે સ્થાપીને તેમના પ્રત્યે પોતાની હાર્દિક ભાવનાઓ સ્તોત્રો દ્વારા વ્યકત કરે છે.

વેદ કર્મ, જ્ઞાન તથા ભકિતનું ઉદ્ગમસ્થાન છે. ઋષિનું ભકિતસ્નિગ્ધ હૃદય સંવેદનશીલ અને માર્મિક સ્તુતિનું સર્જન કરે છે. દેવતા સાથે તે કવચિત્ રાગાત્મક સંબંધ સ્થાપે છે. તેથી જ વિન્ટરનીત્સ જેવાં વિદ્વાનને સ્વીકારવું પડે છે કે અગ્નિની સ્તુતિઓમાં મનુષ્યના પ્રેમાવિલ હૃદયની કોમળવૃત્તિ છે. વૈદિક કવિ અગ્નિને માતાપિતા અને પોતાને પુત્ર સમજે છે.

- त्वां वर्धन्ति क्षितयः पृथिव्यां  त्वां राय उभयासो जनानाम् ।

  त्वं त्राता तरणे  चेत्यो भूः पिता माता सदमिन्मानुषाणाम् ॥[४]

- अधि स्तोत्रमस्य सख्यस्य गातनं शुभं यातामनु रथा अवृत्सत ।[२]

**પિતાપુત્રના સંબંધમાં વ્યકિતભાવનાના એક આવશ્યક લક્ષણ અનુરાગની ઝાંખી થાય છે. દેવી ઉષાને કવિ માતા માનીને તેની પાસેથી પુત્રવત્ સ્નેહની અભિલાષા રાખે છે.**

तस्यास्ते रत्नभाज ईमहे वयं स्याम मातुर्न सूनवः ।[५]

**ઋષિને મન ઇન્દ્ર જ એક માત્ર મિત્ર છે. અને તેની મિત્રતામાં જ સુખની પ્રાપ્તિ થાય છે.[૬]**
**પોતાના અપરાધથી ક્રુદ્ધ થયા સિવાય પોતાની સાથે સખ્ય સ્થાપિત કરવા કવિ મરુત દેવને વિનંતી કરે છે.**

मृळत नो मरुतो मा वधिष्टनाऽस्मभ्यं शर्म बहुलं वि यंतन ।

अधि स्तोत्रस्य सख्यस्य गातनं शुभं यातामनु रथा अवृत्सत ॥[७]

**શિષ્ટકાલીન વૈષ્ણવ સ્તોત્રકાવ્યનો અતિ પ્રસિદ્ધ સખ્યભાવ આમ છેક વેદયુગમાં અનુભવાય છે.**

**પ્રત્યેક સૂકતમાં કવિ આરાઘ્ય દેવતાના અંગ, રૂપ અને ગુણનું વર્ણન કરવાનું ચૂકતા નથી એ સ્તોત્રકાવ્યનું સામાન્ય લક્ષણ છે. મરુતના સ્વરૂપનું વર્ણન કરતા કવિ કહે છે કે તેમના સ્કંધ ઉપર વિશિષ્ટ આયુધ, બંને ભૂજાઓમાં શત્રુસંહારક શકિત, શિર પર મૂકુટ અને રથ પર ધ્વજ શોભે છે.[૮] પૂર્વ દિશામાં પ્રગટ થતી ઉષા કવિની નજરે સદ્યસ્નાતા અલંકારવૃત સુંદરી છે.**

एषा शुभ्रा न तन्वो विदानोर्ध्वेव स्नाती दृशये नो अस्थात् ।

अप द्वेषो बाधमाना तमांस्युषा दिवो दुहिता ज्योतिषागात् ॥[९]

**ઉષાની સ્તુતિઓમાં ઋષિઓની સૌંદર્યદષ્ટિ અને મોહક કલ્પના દષ્ટિગોચર થાય છે. ઇન્દ્રના સ્વરૂપ વર્ણન અને ગુણકીર્તનના સ્તોત્રોમાં ભકિતનું આરંભિક સ્વરૂપ લક્ષિત થાય છે. ઇન્દ્ર મેઘાવી, સહસ્ર કર્મા, ધની, શત્રુપુરભંજક, તેમજ યજ્ઞમાં સ્થિર રહેનાર છે.[૧૦] ઇન્દ્રનાં પરાક્રમોના ઉલ્લેખ સાથે કવિ તેમની અપ્રતિમ શકિતનો એવો મહિમા વર્ણવે છે.[૧૧] જે પૌરાણિક સ્તોત્રોની પૃષ્ઠભૂમિ બની રહે છે. ઇન્દ્ર તો વેદયુગના યુદ્ધવીર રાષ્ટ્રીય દેવ છે. તેમણે અનેક અસુરોનો સંહાર કરી આર્યોની રક્ષા કરી. એ દેવના વીરત્વની પ્રશંસા વૈદિક કવિઓએ અસંખ્ય સૂકતોમાં કરી છે. હે વિષ્ણુ ! પૃથ્વી ઉપર ઉત્પન્ન થયેલા કે થનાર બંનેમાંથી કોઈ તારા મહિમાના જ્ઞાતા નથી. તે વિરાટ સ્વર્ગ અને પૃથ્વીની પૂર્વ દિશાને**

ધારણ કર્યા છે.[12] દેવતાનો અપરંપાર મહિમા બતાવવો એ સ્તોત્રનું એક લક્ષણ છે, જે કેટલાંક વૈદિક વિધાનોમાંથી અનુભવી શકાય છે.

ઇન્દ્રનાં અંગ-ઉપાંગો જેવાં કે મસ્તક, ભૂજાઓ, શરીર, ઉદર વગેરેનાં વર્ણનો સૂક્તોમાં પ્રાપ્ત થાય છે. તેમના બાહુ પ્રલંબ, મનોહર અને સશકત છે. હરિતવર્ણ અશ્વથી ખેંચાતા સોનેરી રથ ઉપર તેઓ બિરાજે છે.[13] આરાધ્ય દેવતાનાં અંગ-ઉપાંગોનું વર્ણન એ સ્તોત્ર કાવ્યનું સામાન્ય લક્ષણ છે, જે વૈદિક સ્તોત્રોમાં સર્વત્ર પરિલક્ષિત થાય છે. જો કે વર્ણનમાં કોઈ નિશ્ચિત ક્રમ કે વ્યવસ્થા દેખાતાં નથી.

આવાહન સમયે જે તે દેવતા સ્તોતાને મન સર્વોત્કૃષ્ટ બની રહે છે. જેમ કે આરાધના સમયે કવિને સર્વ દેવોમાં અગ્નિ જ સર્વોત્કૃષ્ટ જ્ઞાની અને અનન્ય પ્રતીત થાય છે.

अग्नि रिद्धि प्रचेता अग्निर्वेधस्तम ऋषिः ।

अग्निं होतारमीळते यज्ञेषु मनुषो विशः ॥ [14]

અન્ય દેવો કરતા ઇષ્ટદેવની અનન્યતા એ પાછળના શિષ્ટકાલીન સ્તોત્રકાવ્યનું પ્રધાન લક્ષણ વૈદિક સ્તોત્રોમાં અંકુરિત થયેલું દેખાય છે.

વરુણસ્તોત્ર કાવ્યતત્ત્વ અને ભકિતભાવથી સભર છે. એમાં સ્તુતિકર્તાનું હૃદય અપરાધની ભાવનાથી દ્રવીભૂત થઈ જાય છે. અને પોતાના અપરાધની ક્ષમાયાચના કરે છે. ' હે વરુણ, પૈતૃક દ્રોહને દૂર કરો, અમારા દૈહિક અપરાધોમાથી પણ અમને મુકત કરો. જેમ વત્સ રજ્જુથી છૂટીને મુકત થાય છે, તેમ વસિષ્ઠને પણ પાપોમાથી મુકત કરો.'

अव दुग्धानि पित्र्या सृजा नोऽव या वयं चकृमा तनूभिः ।

अव राजन्पशुतृपं न तायुं सृजा वत्सं न दाम्नो वसिष्ठम् ॥ [15]

અજ્ઞાનવશ દેવતાના કર્મમાં રહી ગયેલી ત્રુટિ અને દેવતાઓના જાણે-અજાણે થયેલા અપરાધો બદલ પોતાની હિંસા ન કરવા કવિ વરુણને પ્રાર્થે છે.

यत्किं चेदं वरुण दैव्ये जनेऽमिद्रोहं मनुष्यारुश्चरामसि ।

अचिती यत्तव धर्मा युयोपीम मा नस्तमादेनसो देव रीरिषः ॥ [16]

અપરાધી કવિ દેવતાનો કોપભાજન ન બનવાની કામના સેવે છે.

ऋधक्सा वो मरुतो दिद्युदस्तु यद्व आगः परूषता कराम ।

मा वस्तस्यामपि भूमा यजत्रा अस्मे वो अस्तु सुमतिनिष्ठा ॥ [१७]

**વૈદિક કવિ ઋષિ સામાન્ય મનુષ્યની જેમ વરુણદેવની આજ્ઞાનો અનાદર કરી બેસે છે. અનાદર કરનાર વધની શિક્ષાને પાત્ર છે એવુ કવિ સમજતા હોવા છતાં અપરાધોનો એકરાર કરી પોતાના ઉપર ક્રોધ ન કરવાને તે દેવતાને વિનવે છે.[૧૮] આવાં નિવેદનોમાં સ્તુતિકારની માનસિક વ્યગ્રતા વ્યકત થઈ છે. સ્તુતિકર્તા વરુણદેવને કરૂણામૂર્તિ માને છે. વરુણ સર્વત્ર હોવાથી મનુષ્યનાં પાપોને તેમજ અપરાધોને સારી રીતે જાણે છે. તે શિક્ષા પણ કરે છે તથા અપરાધ સ્વીકારનાર ભકતનાં પાપને માફી પણ બક્ષે છે. ઉતરવર્તી સ્તોત્રસાહિત્યમાં ઇષ્ટ દેવતા પાસે અપરાધોની ક્ષમાયાચના મહત્ત્વના લક્ષણ તરીકે પ્રતિષ્ઠિત થાય છે.**

**કવિ ઇન્દ્ર પાસેથી ગાયો, ધન, અન્ન અને વિજય પ્રાપ્ત કરવા વ્યાકુળ બને છે, આર્તનાદ કરે છે.**

कदा भुवन्रथक्षयाणि ब्रह्म कदा स्तोत्रे सहस्त्रपोष्यं दाः ।

कदा स्तोमं वासयोऽस्य सया कदा धियः करसि वाजरत्नाः ॥ [१९]

**આમા, વૈદિક ઋષિનું કવિ અને ભકતનું સમન્વિત રૂપ દેખાય છે,હે વરુણ ! મારાથી ક્યો અપરાધ થયો છે કે જેનાં કારણે તમે તમારા મિત્ર સ્તોત્રાનો વધ કરવા ઈચ્છો છો. મને તે બતાવો જેથી હું શુભકર્મી બનીને નમસ્કાર કરતો તમારી પાસે પહોંચુ.**

किमाग आस वरुण जयेष्ठं यत्स्तोतारं जिद्यांससि सखायम् ।

प्र तन्मे वोचा दूळम स्वधावोऽव त्वानेना नमसा तुर इयाम् ॥ [२०]

**ઋષિ કવિનું ભોળુ હૈયુ અહીં છતું થાય છે.**

**પોતાની પામરતાનો અને દેવતાની ઉચ્ચતાનો વૈદિક કવિને ખ્યાલ છે. તેથી તે વરુણદેવને પ્રવૃદ્ધ અને પોતાને અપ્રવૃદ્ધ મનુષ્ય માનીને સ્તુતિ કરવા ઇચ્છે છે.**

प्र तत्ते अद्य शिपिविष्ट नामार्यः शंसामि वयुनानि विद्वान् ।

त्वं त्वा गृणामि तवसमतव्यान्क्षयन्तमस्य रजसःपराके ॥ [२१]

**આવાં વૈદિક સ્તોત્રોમાં કીર્તન ભકિતનુ રૂપ પ્રસ્ફૂટિત થતું અનુભવી શકાય છે. મરુતદેવની પૂજા અને**

સ્તોત્ર પાઠ કરવા તેમજ વીરતાનું કીર્તન કરવા કોણ સમર્થ છે,

को वो महान्ति महतामुदश्नवत्कस्काव्या मरुतः को ह पौंस्या ।

यूयं हि भूमिं किरणं न रेजथ प्र यद् भरध्वे सुविताय दावने ॥ [२२]

એવા નિવેદનમાં ભકત કવિની દીનતા કાવ્યાત્મક અભિવ્યકિત પામી છે.

ઇન્દ્ર અને વરુણનાં સૂકતોમાં દાસ્યભાવ અને આત્મનિવેદન સાહજિક રીતે વ્યકત થયા છે. પરિણામે એવા સ્તોત્રો ઊર્મિ–કવિતાની કક્ષાએ પહોંચે છે. કવિ વરુણ સમક્ષ આત્મનિવેદન કરે છે. પામર કવિ વાયુથી ધકેલાતા મેઘની જેમ અસહાય અને કંપિત થઈ રહ્યો છે, દરિદ્રતા અને અસમર્થતાને કારણે અનુષ્ઠાન કરી શકતો નથી, તેથી દીનતાપૂર્વક તે દેવતા પાસે દયાની યાચના કરે છે.

मो षु वरुण मृन्मयं गृहं राजन्नहं गमम् । मृळा सुक्षत्र मृळयः ।

यदेमि प्रस्फुरन्निव दृतिर्न ध्मातो अद्रिवः मृळा सुक्षत्र मृळयः ॥ [२३]

'કૃપા કરો અને કલ્યાણ કરો' આવું વારંવારનું ઉચ્ચારણ ભક્ત કવિની માનસિક વ્યગ્રતા અને વ્યાકુળતાનું દ્યોતક છે.

વૈદિક કવિને મન સરસ્વતી શ્રેષ્ઠ આશ્રયવૃક્ષ છે. તેનો આશ્રય પ્રાપ્ત કરવા તે આતુર છે.

तव शर्मन्प्रियतमे दधाना उपस्थेयाम शरणं न वृक्षम् ।[२४]

વળી, શ્રમિત મનુષ્ય જેમ છાયાનો આશ્રય લે છે, તેમ કવિ અગ્નિનો આશ્રય શોધે છે.

उपच्छायामिव घृणेरगन्म शर्म ते वयम् ।

अग्ने हिरण्यऽसन्दृशः ॥[२५]

વૈદિક સ્તુતિકારનો આ વિચાર પાછળના વૈષ્ણવ સ્તોત્રોની પ્રપત્તિ ભાવનાનું આદ્ય રૂપ જણાય છે.

વૈદિક સ્તોત્રમાં ધર્મ અને કાવ્યનો સમન્વય થયો છે. વૈદિક ધર્મ વાસ્તવિક જીવનની ઉપેક્ષા કરતો નથી. મંત્રદષ્ટા ઋષિઓ સાંસારિક પુરુષો હોવાને કારણે તેમના ધર્મ પણ કંઈક અંશે વ્યવહારું અને ઉપયોગિતાવાદી બન્યો છે.[૨૬] ઋષિઓ વિભિન્ન દેવતાઓ પાસે અન્ન, ગાયો, ધનસંપત્તિ, દીર્ઘાયુ અને શૂરવીર પુત્રોની આશા રાખે છે. ઘણાંખરાં સૂકતોમાં આ સ્થૂળ યાચનાનો સૂર સંભળાય છે. ઐહિક સુખસંપત્તિની યાચના જ સ્તોત્રોનું મુખ્ય પ્રયોજન હોવા છતાં એમાં વૈદિક ઋષિનું સંવેદનશીલ હૃદય સ્પંદિત થતું અનુભવાય છે.

**કવિ ઇન્દ્ર પાસે ગાયો, અશ્વ, ધન, સોમરસ, અન્ન ઈત્યાદિની નિઃસંકોચ માગણી કરે છે.**

इमं कामं मन्दया गोभिरश्वैन्द्रवता राधसा पप्रथ ।

स्वर्य वो मतिभिस्तुभ्यं विप्रा इन्द्राय वाहिः कुशिकासो अक्रन् ॥[२७]

**શત્રુ, પાપ અને કષ્ટમાંથી મુકત થવા તે અગ્નિને સ્તવે છે.**

**(ઋ.૬-૧૪-૬, ૬-૧૫-૧૨ ઇત્યાદિ) સર્વ મનુષ્યમાં તે યશસ્વી બને અને સંપૂર્ણ પૃથ્વી સુખદાયિની બની રહે, એવી યાચના તે ઉષાદેવી પાસે કરે છે.**

तद्वो दिवो दुहितरो विभातीरुप ब्रुव उषसो यज्ञकेतुः ।

वयं स्याम यशसो जनेषु तद् द्यौधत्तां पृथिवी च देवी ॥ [२८]

**'અથર્વવેદ'માં પણ આશીર્વાદાત્મક પૌષ્ટિક સૂકતો, વિવિધ અપરાધોની નિવૃત્તિ માટેનાં પ્રાયશ્ચિત-સૂકતો, પુત્રોત્પત્તિ અને સંતાનરક્ષા માટેનાં સૂકતો ઇત્યાદિ પ્રાપ્ત છે. પૃથ્વીના મહિમાનું ગાન કરતું ભૂમિસૂકત કાવ્યાત્મક ચારુતા અને ભાવસમૃદ્ધિથી ઉત્કૃષ્ટ બન્યું છે. પરિવારનું કલેશમય વાતાવરણ દૂર કરવા કવિ સૂર્ય અને અગ્નિને પ્રાર્થે છે.**

यत् ते प्रजायां पशुषु यद्वा गृहेषु निष्ठितमघकृदिभरधं कृप्तम् ।

अग्निष्ट्वा तस्मादेनसः सविता च प्र मुञ्चताम् ॥ [२९]

**ઋષિ વિવિધ દેવો પાસે દીર્ઘાયુ યાચે છે.**

सं मा सि॥ग्चवन्तु मरुतः सं पूषा सं बृहस्पतिः ।

सं मायमग्निः सिञ्चतु प्रजया च धनेन च दीर्धमायुः कृणोतु मे ॥[३०]

**પૃથ્વી સૂકતમાં ભૂમિનાં મહાત્મ્યવર્ણન સાથે રાષ્ટ્ર માટે જળ, તેજ, બળ ઇત્યાદિની યાચના છે.**

यस्यामापः परिचराः समानीरहोरात्रे अप्रमादं क्षरन्ति ।

सा नो भूमिर्भूरिधारा पयो दुहाभयो उक्षतु वर्चसा ॥[३१]

**આ સૂકતમાં ભાવ અને કલ્પનાનો સમુચિત સંયોગ થયો છે. આમાં માતૃભૂમિનાં વર્ણનમાં દેશભકિતની પવિત્ર ભાવનાની મનોરમ અભિવ્યકિત થઈ છે.**

तासु नो धेह्यमि नः पवस्व माता भूमिः पुत्रो अहं पृथिव्याः ॥[३२]

**દીર્ઘાયુ-સૂકતોમાં આયુષ્યવૃદ્ધિ માટે રક્ષાસૂત્ર ધારણ કરવાનો આદેશ અપાયો છે. આમાંથી પ્રેરણા**

મેળવી પૌરાણિક યુગમાં કવિઓએ કવચ-સ્તોત્રોના સર્જનનો આરંભ કર્યો. પ્રાયશ્ચિતસૂક્તોમાં અપરાધના પ્રાયશ્ચિતનું વિધાન હોય છે. સ્તોત્રકાવ્યનું એક આવશ્યક લક્ષણ છે – ઇષ્ટદેવતા સમક્ષ અપરાધનો એકરાર અને પ્રાયશ્ચિત. એનું આરંભિક રૂપ'અથર્વવેદ'નાં આવાં સૂક્તોમાં જોઈ શકાય છે. બ્રહ્મણ્યસૂક્તોમાં વૈદિક ઋષિઓએ કરેલ પરમતત્ત્વનાં સ્વરૂપની આરંભિક વિચારણા છે.

વેદ ભારતીય કવિતાનું પ્રથમ કાવ્યપુષ્પ છે. તેમાં પ્રાચીનતમ આર્યઋષિઓનું કવિ દિલ સ્પંદિત થતું અનુભવાય છે. પ્રકૃતિના પ્રાંગણમાં વિકસિત ઋગ્વેદીય કાવ્યપુષ્પમાં સ્તોત્રકારની ભાવુકતા પ્રસ્ફુટિત થાય છે. તેમજ પ્રકૃતિની મનોહારિતા અને આધ્યાત્મિક અનુભૂતિનું સૌંદર્ય પરિલક્ષિત થાય છે. 'ઋગ્વેદ' ની ઉપમાસમૃદ્ધિમાં સ્તોત્રકારના દિલનો ભાવોદ્ગાર છે. તૃષાતુર વ્યકિત જેમ જળપાત્ર માટે તેમ વૈદિક ઋષિ ઇન્દ્રની મિત્રતા માટે અદમ્ય ઝંખના સેવે છે.

गव्यन्त इन्द्रं सख्याय विप्रा आयन्तो वृषणं वाजयन्तः ।

जनीयन्तो जनिदामक्षितोतिमा च्यावयामोऽवतेन कोशम् ॥[३३]

આવા ઉદાહરણોમાં સાર્થક ઉપમાનું દર્શન થાય છે. મિત્રાવરૂણની સ્તુતિરૂપ ધેનુ કામનાઓને પરિપૂર્ણ કરનાર છે.

इन्द्रा युवं वरुणा भूतमस्या धियः प्रेतारा वृषमेव धेनोः ।

सा नो दुदीयद्यवसेव गत्वी सहस्रधारा पयसा मही गौ ॥[३४]

એવા નિરૂપણમાં દષ્ટાંત અને રૂપકની કમનીયતા દર્શનીય છે. ઉષા, સૂર્ય, વરુણ, પર્જન્ય અને મરુતનાં સ્તોત્રો ઊર્મિકાવ્યની કક્ષાએ પહોચ્યાં છે. ઉષાના સ્તોત્રોમાં ઉષાની મનોહારિતા, તેજસ્વિતા અને ભવ્યતા મૃદુલ વર્ણોમાં અભિવ્યકત થઈ છે.

रयि दिवो दुहितरो विभातीः प्रजावन्तं यच्छतास्मासु देवीः ।

स्योनादाः वः प्रतिबुध्यमानाः सुवीर्यस्य पतयः स्याम ॥[३५]

આવા સ્તોત્રોમાં ભાવ અને કવિતાનો સમન્વય સધાય છે.

ઋગ્વેદ તથા સામવેદની ઋચાઓ છંદોબદ્ધ છે. તેમાં મુખ્યત્વે ગાયત્રી, અનુષ્ટુપ, ઉષ્ણિહ્, બૃહતી, ત્રિષ્ટુપ્ જગતી ઇત્યાદિ છંદોનો પ્રયોગ થયો છે.

આ બધાનાં નિષ્કર્ષ રૂપે કહી શકાય કે કેટલાંક વૈદિક સ્તોત્રોમાં ભકિત, દર્શન અને કાવ્યનો સંગમ થયો છે.

## ❋ ઇતિહાસ-પુરાણ અને તંત્રગ્રંથોનું સ્તોત્ર સાહિત્ય :-

ભકિતનું ઉદ્‌ગમ સ્થાન વૈદિક ઋચાઓ છે. એમાં ભકિતનું આરંભિક સ્વરૂપ પરિલક્ષિત થાય છે. વૈદિકયુગ પછી ભકિત-ભાવના ક્રમશઃ પ્રબળ થતી ગઈ. વૈદિક ભકિત કર્મકાંડથી આક્રાન્ત હોઈ એમાં સાહજિક માધુર્યનો અભાવ ખટકે છે, પરંતુ ઈતિહાસ-પુરાણકાળમાં કર્મકાંડ પ્રત્યેની ઉપેક્ષાવૃત્તિમાંથી વિશુદ્ધ ભકિતનો જન્મ થયો. એની પ્રતીતિ આ યુગનાં સ્તોત્રો કરાવે છે. ધાર્મિક માન્યતાઓમાં પરિવર્તનની સાથે સાથે કેટલાંક નવીન દેવ-દેવીઓનું અસ્તિત્વ પણ હવે સ્વીકારાયું. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ આ મુખ્ય ત્રણ દેવોની માન્યતા સાથે અવતારવાદ પ્રસ્થાપિત થતાં એક જ પરમ તત્ત્વની અનુભૂતિ સાથે તે તત્ત્વનાં વિભિન્ન સ્વરૂપો-અવતારોની ઉપાસના થવા લાગી. ત્રિમૂર્તિ (બ્રહ્મા,વિષ્ણુ અને શિવ)નો સર્વપ્રથમ નિર્દેશ હરિવંશના ૧૮૪માં અધ્યાયમાં આવતાં 'હરિહરાત્મકસ્તવ'માં થયો છે. પૌરાણિક પંચાયતનમાં સૂર્ય, ગણપતિ, દેવી, શિવ અને વિષ્ણુનો સમાવેશ થયો. ઉપરાંત દેવીનાં જુદાં જુદાં સ્વરૂપો, સરસ્વતી, નવગ્રહ, નદીઓ સાંપ્રદાયિક સ્થાનીય દેવતાઓ, પવિત્ર યાત્રા સ્થળો વગેરે ઉપાસનાનાં આધારરૂપ બન્યા અને તેમના પ્રતિ ભાવાત્મક ભકિતસંપન્ન ઉદ્‌ગારો ભકતના દિલમાંથી નિઃસૃત. થયા આને પરિણામે આ યુગમાં પુરાણોના કથાપ્રવાહમાં અસંખ્ય સ્તોત્રો પ્રાપ્ત થાય છે.

વૈદિક કવિ બહિર્મુખ હતો, પણ હવે ઉપાસના પદ્ધિતિમાં વૈદિક યાંત્રિકતાને સ્થાને ભાવના મુખ્ય બનતાં આ યુગનો કવિ અંતર્મુખ બન્યો અને બાહ્ય આધારની ઉપેક્ષા કરીને આંતરિક-માનસિક ભકિતમાં રાચવા લાગ્યો.

પૌરાણિક સ્તોત્રોમાં વિભિન્ન દેવતાઓનાં સ્વરૂપ, કાર્ય, ગુણકીર્તન અને મહાત્મ્યનું ભાવુકતાપૂર્ણ વર્ણન પ્રપ્ત થાય છે. આ જ 'ભાવ' ઉતરવર્તી સાહિત્યમાં 'ભકિતરસ' રૂપે પરિણત થયો. વેદયુગની આરંભિક સ્થૂળ ભકિત અને ઉતરવર્તી પૂર્ણપરિષ્કૃત ભકિતનાં સંયોજક તરીકે પુરાણકાલીન સ્તોત્ર મહત્ત્વપૂર્ણ બની રહે છે. ભારતીય ભાષાઓનો ભકિતકાળ પુરાણકાલીન સાહિત્ય પર પ્રતિષ્ઠિત થયો છે.

વેદયુગનાં ઉપાસકો ભૌતિક સંપત્તિ પ્રાપ્ત કરી, તેનો ઉપભોગ કરી ઐહિક જીવનને સમૃદ્ધ બનાવવાનું લક્ષ્ય રાખીને ધાર્મિક અને વ્યાવહારિક જીવન વ્યતીત કરતા, પરંતુ હવે કર્મ-પુનર્જન્મની વિચારધારાઓ સાથે પારલૌકિક જીવનની સમૃદ્ધિ પ્રાપ્ત કરવાની ઝંખનાઓ ઉદય પામે છે. ભૌતિક જીવનની વિટંબણાઓ વધતા એક બાજુ નિરાશાવાદ દેખાય છે, જયારે બીજી બાજુ પારલૌકિક સમૃદ્ધિ પ્રાપ્ત કરવાની કામનામાં આશા અને શ્રદ્ધા આનંદપ્રદાયિની ભાવનાઓ વિકસે છે. આમ, આશા-નિરાશાથી રંગાયેલુ જીવનનું નવું દષ્ટિબિંદુ આકાર લે છે અને સ્તોત્રકાવ્યને દાર્શનિક પશ્ચાદ્ ભૂમિકા મળી રહે છે. પરિણામે આ યુગની સ્તોત્ર-કવિતા વેદયુગની દાર્શનિકતાના સંકેતો લઈને દર્શનના ક્ષેત્રે નવીન સિદ્ધાંતો સાથે આગળ ધપે છે.[૩૬]

● **રામાયણ-મહાભારત :-**

'રામાયણ' સંધિકાળની એવી રચના છે, જેમા પૂર્વવર્તી વૈદિક કાવ્યની વર્ણનાત્મકતાને સ્થાને મનોભાવોનું ચિત્રણપ્રવેશે છે અને ઉતરવર્તી કાવ્યની ગીતાત્મકતાનું પ્રારંભિક રૂપ તેમાં અંકુરિત થતું પ્રતીત થાય છે. બહિર્મુખતાને સ્થાને અંતરર્મુખતા અને વર્ણનને સ્થાને માનસિક સ્થિતિનું દર્શન રામાયણી સ્તોત્રોમાં થાય છે.

અગસ્ત્ય દ્વારા રામને ઉપદિષ્ટ 'આદિત્યહૃદય'[૩૭] વાલ્મીકિ રામાયણનું એક પ્રસિદ્ધ સ્તોત્ર છે. એમાં શક્તિસૂચક વિભિન્ન નામો દ્વારા સૂર્યનો મહિમા અગસ્ત્યે ગાયો છે. સૂર્ય ભગવાન પોતાના કિરણોથી સંહાર, સૃષ્ટિ અને પાલન કરે છે, તેઓ પક્ષીઓની જેમ આકાશગામી, સુવર્ણ સંદેશ, હિરણ્યરેતા અને દિવાકર છે. તેઓ જ માર્તંડ, હિરણ્યગર્ભ, શિશિર અને તપન, દિનકર અને રવિ, અગ્નિગર્ભ, શિશિરનાશક, અને શંભુ છે. સમસ્ત ભૂતો સૂઈ રહે તો પણ તેઓ જાગતા રહે છે.

आदित्यः सविता सूर्यः खगः पूषा गभस्तिमान् ।
सुवर्णस्तपनो भानुः सुवर्णरेता दिवाकरः ॥ १० ॥
हिरण्य गर्भः शिशिरस्तपनो भास्वरो रविः ।
अग्निगर्भोऽदिते पुत्रः शङ्खः शिशिरनाशनः ॥ १२ ॥

સૂર્યનો મહિમા જાણી રામ રાવણવધ માટે સોત્સાહ કૃતનિશ્ચયી બન્યા, સૂર્ય ભગવાનના વિશેષણોની હારમાળામાં જ કાવ્ય પુરું થઈ જાય છે. પરિણામે એમાં કવિત્વશકિત ઉપસી આવતી નથી છતાં શબ્દનાદ

સંભળાય છે, જે તેની ગુણવત્તા સાચવે છે. પરિણામે આ સ્તોત્ર પ્રસિદ્ધિને પામે છે. એટલું જ નહિ, શિષ્ટ સંસ્કૃત સાહિત્યનું તે 'આદિસ્તોત્ર' કહેવાય છે.

પરમાત્માના સહસ્રનામ કલ્પીને આરાધનાની એક વિશિષ્ટ પદ્ધતિ હવે અસ્તિત્વમાં આવે છે ને પરિણામે 'સહસ્રનામ' સ્તોત્રકાવ્ય-પ્રકાર બને છે. રામાયણના 'સીતા સહસ્ત્રનામસ્તોત્ર'માં રામ સહસ્ર નામો દ્વારા સીતાની શક્તિમતા વર્ણવે છે. સહસ્ર-નામાવલિમાં કાવ્યત્વને પ્રાયઃ અવકાશ ન હોય, પણ કવચિત્ અનુપ્રાસની છટા દર્શનીય બની રહે છે.

संसारयोनिः सकला सर्वशक्तिसमुदभवा ।

संसारसारा दुर्वारा दुर्निरीक्ष्या दुरासदा ॥ रामा.२९.

શબ્દાનુપ્રાસનું સૌંદર્ય કાવ્યત્વની કોટિએ પહોંચે છે.

इष्टा विशिष्टा शिष्टेष्टा शिष्टाशिष्टप्रपूजिता ।

शतरूपा शतावर्ता विनीता सुरभिः सुरा ॥ रामा.१४६.

સ્તોત્રના અંતમાં સ્તોત્ર-પાઠનો મહિમા બતાવ્યો છે.

भवन्ति स्तोत्रमाहात्म्यादेतत्स्वस्त्ययनं महत्

मारीभये राजभये तथा चोराग्निजे भये ॥ १५६.

व्याधीनां प्रभवे घोरे शत्रूत्थाने संकटे ।

अनावृष्टिभये विप्र सर्व शान्तिकरं परम् ॥ १५७

સહસ્રનામસ્તોત્રની પરંપરામાં 'મહાભારત'નાં બે પ્રસિદ્ધ સ્તોત્રો છે : 'વિષ્ણૂસહસ્રનામ સ્તોત્ર'અને 'શિવસહસ્રનામસ્તોત્ર' જેમાં ભીષ્મનો યુધિષ્ઠિરને ઉપદેશ છે તે 'વિષ્ણુસહસ્રનામસ્તોત્ર'.[૩૮] સઘન અને વિપુલ વૈભવની રચના છે. વિષ્ણુના પ્રત્યેક નામમાં ગહન દાર્શનિક વિચાર ગૂંથાયેલો છે. વિષ્ણુ સમસ્ત પ્રાણીઓના આદિ પિતા છે. કલ્પયુગના આદિમાં તેમનામાંથી જ સર્વ ભૂતો ઉત્પન્ન થાય છે અને યુગનો ક્ષય થતાં તેમાં જ વિલીન થઈ જાય છે. અનેકાર્થી શબ્દ પ્રયોગો દ્વારા ઉત્પન્ન અર્થગૌરવ અને શબ્દવૈભવ કાવ્યની ચારુતામાં અભિવૃદ્ધિ કરે છે.

वृषाहि वृषभो विष्णुर्वृषपर्वा वृषोदरः ।

वर्धनो वर्धमान विविक्तः श्रुतिसागरः ॥ ४१.

**વિષ્ણુના મહિમાના વર્ણનમાં શાબ્દીક્રીડા સચ્ચાઇ પૂર્ણ અને અર્થપૂર્ણ છે.**

चतुमूर्तितुर्बाहुतुर्व्यूहतुर्गतिः ।

चतुरात्मा चतुर्भावतुर्वेदविदेकपात् ।१५.

**અને આ સ્તોત્રને સિદ્ધિપ્રદ બતાવ્યુ છે.**

धर्मार्थी प्राप्नुयाद्धर्ममर्थाथी चार्थमाप्नुयात् ।

कामानवाप्नुयात्कामी प्रजार्थी प्राप्नुयात्प्रजाम् ।। १२४.

**સહસ્રનામસ્તોત્રમાં વિવિધતાઓને સ્થાને પ્રાયઃ એકવિધતા જ જણાય છે. ઈષ્ટદેવતા પર સર્વ દૈવી સ્વરૂપો તેમજ શકિતઓનું આરોપણ કરવામાં આવ્યુ છે.**

**'સર્વ અંગોની રક્ષા ઈષ્ટદેવના વિભિન્ન સ્વરૂપો કરે', એવી આરાધના પદ્ધતિમાંથી 'કવચસ્તોત્ર' નિર્માય છે. સંસ્કૃત સાહિત્યનો આ એક લાક્ષણિક સ્તોત્ર પ્રકાર છે. એમાં ઉપાસક આરાધ્ય પાસેથી સર્વપ્રકારની રક્ષા યાચી લે છે. આ પ્રકારના સ્તોત્રનો સૂત્રપાત સંભવતઃ મહાભારતનાં 'રાહુકવચ'[૩૯] થી થયો છે. (મહાભારત, દ્રોણપર્વ, ધૃતરાષ્ટ્ર-સંજય સંવાદ) સ્તોત્રનું એક પદ દર્શનીય છે.**

नीलाम्बरः शिरः पातु ललाटं लोकवंदितः ।

चक्षुषी पातु मे राहुः श्रोत्रे त्वर्धशरीरवान् ॥ २

**૧૧૩ શ્લોકોમાં ગ્રથિત 'ભીષ્મસ્તરાજ'[૪૦] પણ મહાભારતનાં શાંતિપર્વનું એક જાણીતું સ્તોત્ર છે. તેમાં બાણશય્યા પર સૂતેલાં ભીષ્મ પિતામહે કરેલી કૃષ્ણની સ્તુતિ છે. શ્રીકૃષ્ણને શરણે જઈ રૂપકાત્મક શૈલીમાં કવિ સ્તોત્રરૂપ પરમાત્માને વંદે છે.**

यः सुपर्णो यजुर्नाम छन्दोगात्रस्त्रिवृच्छिरा ।

रथंतरं बृहत्साम तस्मै स्तोत्रात्मने नमः ।।४४

**સાંખ્ય સ્વરૂપ પરમાત્માના નિરૂપણમાં દાર્શનિકતા દેખાય છે.**

यं त्रिधात्मानमामस्थंवृतं षोडशभिर्गुणैः ।

प्राहुः सप्तदशं सांख्यास्तस्मै सांख्यात्मने नमः ॥ ५३

**ભીષ્મની નજરે શ્રીકૃષ્ણ અક્ષરબ્રહ્મ અને સર્વના કારણસ્વરૂપ છે. તે જ વિભિન્ન અવતારો ધારણ કરે છે. અગ્નિ જેનું મુખ છે, સ્વર્ગ જેનું મસ્તક છે, આકાશ જેની નાભિ છે, પૃથ્વી જેનાં ચરણ છે, સૂર્યચંદ્ર જેનાં નેત્ર**

છે તથા દિશાઓ જેનાં શ્રોત્ર છે, તે લોકસ્વરૂપ પરમાત્માને હું નમસ્કાર કરું છું.' આ નિરૂપણમાં રૂપક અલંકાર દર્શનીય છે.

વૈદિક યુગમાં જોવા ન મળતો શરણાગતિભાવ પ્રથમ જ વાર અહીં વ્યકત થાય છે, જે ઉતરવર્તી સ્તોત્રકાવ્યનું અને એમાંય સવિશેષ વૈષ્ણવસ્તોત્રનું વ્યાવર્તક લક્ષણ છે.'હે કમલનયન ઉત્તમદેવ ! હું આપનો ભકત છું, ઇષ્ટગતિ મેળવવા ઈચ્છુક છું અને આપનો શરણાગત છું, માટે મારા શ્રેયસ્કરમાર્ગનું તમે ચિંતન કરો.'

यस्याग्निरास्यं द्यौर्मूर्धां खं नाभिचरणौ क्षितिः ।

सूर्यक्षुर्दिशः श्रोत्रे तस्मै लोकात्मने नमः ॥[६८]

વૈદિક સ્તોત્રોમાં જોવા મળતી સીધી યાચના હવે હૃદયંગમ બની છે એ પ્રતીત થયા સિવાય રહેશે નહિ, ઇતિહાસ-પુરાણ યુગીન સ્તોત્ર-કાવ્યના અંતે સ્તોત્રમહિમા કે સ્તોત્રપાઠનું ફળ બતાવવામાં આવે છે તે આ યુગના સ્તોત્રની એક લાક્ષણિકતા છે. પરંતુ તેમાં એકવિધતા જ જોવા મળે છે. કવિ પોતાના સ્તોત્રને પ્રાયઃ સર્વસિદ્ધિપ્રદાયક ગણાવે છે. 'ભીષ્મસ્તવરાજ' સ્તોત્રનો પાઠ કરનાર વૈકુંઠ પામે છે.

यः संपठेदिदं स्तोत्रं मम जन्मानुकीर्तनम् ।

देवलोकमतिक्रम्य तस्य लोको यथा मम ॥ ११३

સહસ્ર નામો દ્વારા દેવ-દેવતાઓની આરાધનાની સાથે સાથે પરમાત્માના આઠ, દશ કે બાર જેટલાં નામો દ્વારા પણ સ્તુતિ કરાય છે, આવાં સ્તોત્રોમાં નામસંખ્યાનો નિર્દેશ શીર્ષકમાં થાય છે, જેમ કે મહાભારતનાં અરણ્યપર્વમાં શ્રીકૃષ્ણ દ્વાદશનામસ્તોત્ર.

મહાભારતના આદિપર્વનું 'અશ્વિનીકુમારસ્તોત્ર'[૪૧] ભાવપ્રધાન છે. તેમાં ધૌમ્યગુરુનો શિષ્ય ઉપમન્યુ કૂવામાં રહીને દેવોના વૈદરાજ અશ્વિનીકુમારોની આર્તસ્વરે સ્તુતિ કરે છે. ચક્ષુવિહીન ભકતનો આર્તનાદ અને શરણાગતિભાવ પ્રભવિષ્ણુ બન્યો છે.

स्तोतुं न शक्नोमि गुणैर्भवन्तौ चक्षुर्विहीनः पथि सम्प्रमोहः ।

दुर्गेऽहमस्मिन्पतितोऽस्मि कूपे युवां शरण्यौ शरणं प्रपद्ये ॥ १२

વૈદિક સ્તોત્રોમાં ન સંભાળતો આર્તનાદ હવે મહાભારતમાં સંભળાય છે. તે સ્તોત્રકાવ્યની ભાવાત્મક ગુણવતામાં અભિવૃદ્ધિ કરે છે. રામાયણ-મહાભારતમાં સ્તોત્રકાવ્ય

વિકાસશીલ દેખાય છે. કેટલાક નવા પ્રકારો અસ્તિત્વમાં આવે છે. જેવાં કે કવચસ્તોત્ર, સહસ્રનામસ્તોત્ર, નામસંખ્યાસૂચકસ્તોત્ર ઇત્યાદિ શરણાગતિભાવ, આર્તનાદ ઇત્યાદિ ભાવનાઓ હવે પ્રબળ બનતી જાય છે. તે સ્તોત્રના ભાવસૌંદર્યમાં ઉપકારક બની રહે છે.

## ● પૌરાણિક સ્તોત્ર :-

મધ્યકાલીન ભકિતરસનો મૂળસ્રોત પૌરાણિક સ્તોત્ર-સાહિત્ય છે. પુરાણકાળમાં વૈદિક કર્મકાંડને સ્થાને હાર્દિક પ્રેમ અને શ્રદ્ધાથી સમન્વિત આરાધના-પદ્ધતિ પ્રબળ બની. એમાં ભાવુક ભકતનું હૃદય સ્પંદિત થતું અનુભવાય છે. પુરાણો સમસ્ત જનસમાજનું સાહિત્ય છે. પરિણામે વૈદિક સ્તોત્રના સંદર્ભમાં પૌરાણિક સ્તોત્રો ભાષાની સરળતા સાથે ભાવમાધુર્ય લઈને આવે છે. છતાં એક પ્રકારની કૃત્રિમતા દેખાયા વગર રહેતી નથી. પુરાણો એક દષ્ટિએ સ્તોત્ર કોષનું સ્વરૂપ ધારણ કરે છે. વિષયનું પણ સર્વત્ર વૈવિધ્ય છે. તેમ છતાં નિરૂપણ-શૈલીની એકવિધતા પુરાણ-સ્તોત્રનું મૂલ્ય ઘટાડી દે છે. કેટલાંક નવીન સ્તોત્ર-પ્રકારો નિર્માય છે. તેમાં ભકત કવિની ભકિત વિષયક તેમજ વેદાંતજ્ઞાનની વિચારધારાઓનો એવો કાવ્યાત્મક સંયોગ સધાય છે, જે સ્તોત્ર ને ક્રમશઃ ઉચ્ચતર ભૂમિકાએ લઈ જાય છે.

આઠ કે નવ શ્લોકમાં રચિત અષ્ટક-સ્તોત્ર પુરાણ સાહિત્યના એક મુખ્ય સ્તોત્ર-પ્રકાર છે. વામનપુરાણમાં 'અચ્યુતાષ્ટક', મત્સ્યપુરાણમાં 'પ્રયાગાષ્ટક', સ્કન્દપુરાણમાં 'પ્રદોષસ્તોત્રાષ્ટક', અને 'શીતલાષ્ટક', પદ્મપુરાણમાં 'સરસ્વત્યષ્ટક' અને ''સંકટનામાષ્ટક' ગણેશપુરાણમાં 'ગણેશાષ્ટક', બ્રહ્મવૈવર્તપુરાણમાં ' ગણેશનામાષ્ટક' ઈત્યાદિ અષ્ટક પ્રકારનાં જાણીતા સ્તોત્રો છે. પદ્મપુરાણના ઉત્તરખંડમાં ઉપલબ્ધ વ્યાસરચિત'ગણેશાષ્ટક' સ્તોત્ર આઠ શ્લોકમાં ગણપતિનું વર્ણન આપે છે. એમાં શબ્દમાધુર્ય અને કોમળ પદાવલી ચિત્તને પ્રસન્ન કરનારી બની રહે છે.

गणपतिपरिवारं चारुकेयूरहारं गिरिधरवरसारं योगिनीचक्रचारम् ।
भवभयपरिहारं दुःखदारिद्र्यदूरं गणपतिमभिवन्दे वक्रतुण्डावतारम् ॥[८]

અંતે સ્તોત્રફળ બતાવ્યું છે.

पठतां दुःखनाशाय विद्यां सश्रियमश्नुते ॥ [९]

**સ્કન્દપુરાણનું 'પ્રદોષસ્તોત્રાષ્ટક' પદ્યાત્મક હોવા છતાં ગદ્યની સ્થૂળતા વ્યકત કરે છે. આ જ પુરાણના અનુષ્ટુપ છંદમાં લખાયેલ 'શીતલાષ્ટક'ના પૂર્વાર્ધના નવ શ્લોકમાં રાસભસ્થામાં શીતલાની રોગભયહારક શકિતનો મહિમા ગાયો છે. શીતલા નામનું ઉચ્ચારણ ઘોરભયનાશક છે.**

विस्फोटभयं घोरं क्षिप्रं तस्य प्रणश्यति ।।[१०]

**શીતલાવાહન રાસભનાં વિભિન્ન નામોનો જપ બાળકો માટે ભયરોગ-નિવારક છે.**

एतानि खरनामानि शीतलाग्रे तु यः पठेत् ।

तस्य गेहे शिशूनां च शीतलारूङ्ग न जायते ।।[१४]

**અંતના શ્લોકોમાં સ્તોત્રપાઠનું મહાત્મ્ય-ફળ બતાવ્યું છે. કાવ્યદષ્ટિએ આ સ્તોત્રનું મૂલ્ય નહિવત્ છે. પદ્મપુરાણમાં માર્કણ્ડેય દ્વારા યુધિષ્ઠિરને ઉપદિષ્ટ આનંદકાનની વિશ્રુત દેવી સંકટાનું અષ્ટક મળે છે. તેમાં સંકટાના આઠ નામ સર્વ સંકટોમાં મુકિતદાયક બતાવ્યાં છે. આ સ્તોત્ર સંવાદાત્મક છે. મત્સ્યપુરાણમાં તીર્થરાજ પ્રયાગનું માહાત્મ્ય વર્ણવતું 'પ્રયાગાષ્ટક' તીર્થસ્તોત્રોમાં આપણું ધ્યાન ખેંચે છે.**

**પુરાણોના કેટલાક કવચ-સ્તોત્રો જાણીતાં છે. મહર્ષિ ઋષભે જેનો ઉપદેશ આપીને એક સંકટગ્રસ્ત રાજાને દુઃખમુકત કર્યો, તે 'શિવકવચ' સ્કંદપુરાણનાં બ્રહ્મોત્તરખંડમાં વિશવર્મનામક બારમા અધ્યાય રૂપે બહુપ્રચલિત સ્તોત્ર છે.[૪૨] તે અનુષ્ટુપ છંદનાં ૩૩ શ્લોકોમાં રચાયેલું છે. ધ્યાન પછી ષડક્ષરન્યાસ દ્વારા મનને એકાગ્ર કરી આ કવચનો પાઠ કરવાનું વિધાન છે. આના શિવસહસ્રાક્ષરમંત્રની ભાષા ઓજસગુણયુકત છે.ભગવાન શિવના વિવિધ સ્વરૂપો ભકતની સર્વથા રક્ષા કરે એ સ્તોત્રનો મુખ્ય વિષય છે. ભકત શંકર પાસે પૃથ્વી, જળ, દાવાનળ, આંધી તોફાન વગેરેથી રક્ષાની યાચના કરે છે. સર્વ દિશાઓમાં પોતાના સર્વ અંગોની રક્ષા શિવનું એક એક સ્વરૂપ કરે એવી ભકતની યાચના હૃદયસ્પર્શી બની છે. અન્ય કવચસ્તોસ્ત્રો કરતાં અહીં પુનરુકિત વિશેષ છે શિવની ચરિતલીલાનું આલેખન સુંદર રીતે થયું છે. સમગ્ર કવચ રૌદ્રરસપ્રધાન અને અર્થગૌરવવાળું છે. અર્થાનુસારી ઉચિત શબ્દપ્રયોગોનું કૌશલ શબ્દાનુપ્રાસ સર્જે છે.**

वक्त्रं सदा रक्षतु पञ्चवक्त्रो जिह्वां सदा रक्षतु वेदजिह्वः ।

कण्ठं गिरिशोऽवतु नीलकण्ठः पाणिद्वायं पातु पिनाकपाणिः ।।[१६]

**'રક્ષા કરો', 'રક્ષા કરો' જેવાં વાકયોની પુનરુકિત અસરકારક બને છે ને અનુપ્રાસનો કંઈક કર્કશ કહી**

શકાય તેવો ધ્વનિ પણ સંભળાય છે.

दुःस्वप्नदुश्शकुनदुर्ग ............................................मे जगतामधीशः ॥ [२७]

અંતના છ શ્લોકોમાં સ્તોત્રપાઠની ફલશ્રુતિ બતાવી છે. વચ્ચે શિવના વિવિધ સ્વરૂપોને નમસ્કાર ગદ્યશૈલીમાં કર્યા છે.

'નારાયણકવચ' અતિ લોકપ્રિય સ્તોત્ર છે.[૪૩]તે સર્વ કવચોમાં શિરોમણિ સમું છે આ સ્તોત્ર દેવતાઓનાં પુરોહિત વિશ્વરૂપે ઇન્દ્રને સંભળાવેલું ને એના પાઠથી ઇન્દ્રે શત્રુઓને પરાસ્ત કરેલાં. અંગન્યાસ, કરન્યાસ અને વિષ્ણુષડક્ષરન્યાસ કર્યા પછી આ કવચનો પાઠ કરાય છે. વિષ્ણુના પ્રત્યેક અવતારી સ્વરૂપ પાસે ભકત રક્ષાયાચના કરે છે. પરિણામે આમાં વિષ્ણુનાં લગભગ બધા અવતારોનું કાવ્યમય નિરૂપણ થયું છે.નારાયણના આયુધો સુદર્શનચક્ર, ગદા, શંખ, તલવાર, ઢાલ વગેરેના કીર્તન દ્વારા પણ કવિ રક્ષાયાચના કરે છે. નારાયણનાં નામ, રૂપ તથા આયુધોનું કીર્તન સર્વપ્રકારનાં સંકટો ત્રાસ કે ભય નષ્ટ કરે એવો આ સ્તોત્રનો સારભાગ છે.

यन्नो भयं ग्रहेभ्योऽभूत् केतुभ्यो नृभ्य एव च ।

सरीसृपेभ्यो दंष्ट्रिभ्यो भूतेभ्योऽहोभ्य एव च ॥[२७]

सर्वाण्येतानि भागवन्नामरुपास्त्रकीर्तनात् ।

प्रयान्तु संक्षयं सद्यो ये नः श्रेयः प्रतीपकाः ॥[२८]

'નારાયણ કવચ' ધારણ કરનાર સમસ્ત ભયમાંથી મુકત થાય છે, એ સ્તોત્રપાઠનું ફળ સમાપ્તિના શ્લોકોમાં બતાવ્યું છે ને કવચના પ્રભાવ સંબંધી એક ચમત્કારિક ઘટના પણ અંતે વણી લીધી છે. એક સુંદર ઉપમા નોંધપાત્ર છે.

दन्दग्धि दन्दग्ध्यरिसैन्यमाशु कक्षं यथा वातसखो हुताशः ॥[२३]

કષ્ટ સાધ્ય ઉચ્ચારવાળા શબ્દોની અધિકતા કાવ્યને કંઈક કર્કશ બનાવે છે. વિષ્ણુ સત્ત્વપ્રધાન દેવ છે. તેથી કવચ પણ શાંતરસ અને સત્ત્વગુણપ્રધાન બન્યું છે. આધ્યાત્મિક સૂક્ષ્મતા સ્તોત્રને ભાવપ્રધાન બનાવે છે.

માર્કણ્ડેયપુરાણનું 'દેવીકવચ' ૫૬ શ્લોક ધરાવે છે.તેમા ભગવતીના વિભિન્ન શકિત–સ્વરૂપોનું ચિત્રણ થયું છે. સમગ્ર કવચ વીરરસપ્રધાન અને ઓજ ગુણવાળું છે. સપ્તશતી કે ચંડીપાઠની પૂર્વે આ કવચ ધારણ કરાય છે.તેના રચયિતા હરિહર અને બ્રહ્મા છે.

'ગણપતિનું એક-એક સ્વરૂપ એક-એક અંગની રક્ષા કરે' એવી યાચનાવાળું ગણેશપુરાણનું 'ગણેશકવચ' સર્વદિશાઓમાં હનુમાનનાં સ્વરૂપો રક્ષા કરે એવી આરાધનાવાળું બ્રહ્માંડપ્રરાણનું રામચંદ્ર દ્વારા પ્રોક્ત અને અનુષ્ટુપ છંદમાં લખાયેલું 'શ્રીહનુમત્કવચ' તેમજ મહાદેવ દ્વારા અનુષ્ટુપ છંદમાં નિબદ્ધ 'તુલસીકવચ' ઇત્યાદિ સ્તોત્રો બીબાં ઢાળ છે. તેમના આરંભમાં ન્યાસાદિ વિધિ અને અંતે ત્રણ-ચાર શ્લોકોમાં સ્તોત્રપાઠ મહિમા કે ફળનું નિરૂપણ થયું છે. ઋષિ પ્રજાપતિનું ગાયત્રી છંદનું 'સરસ્વતીકવચ', બૃહસ્પતિએ ઇન્દ્રને સંભળાવેલુ ને ગાયત્રી છંદમાં નિબદ્ધ 'સૂર્યકવચ', મહેશ્વર દ્વારા ઉચ્ચરિત અને ગાયત્રી છંદમાં રચિત 'શ્રીરાધિકાકવચ' યોગનિદ્રા દ્વારા બ્રહ્મ પ્રતિ ઉપદિષ્ટ 'શ્રીકૃષ્ણકવચ',નારાયણ દ્વારા પ્રોકત 'મહાલક્ષ્મીકવચ' હરિએ ઇન્દ્રએ ઉપદેશેલું 'લક્ષ્મીકવચ' નારાયણે નારદને સંબોધેલું 'બ્રહ્માંડવિજય' નામનું 'દુર્ગાકવચ' વગેરે બ્રહ્મવૈવર્તપુરાણનાં સ્તોત્રોમાં એક જ પ્રકારના ભાવ, ભાષા, શૈલી અને વિચારોની સમાનતા જોવા મળે છે. તેમાં પ્રાયઃ પ્રારંભે સ્તોત્રના ઋષિ, છંદ, દેવતા વગેરેનો ઉલ્લેખ કર્યા પછી સ્તોત્રફળ બતાવીને જે તે આરાધ્ય દેવતાનું પ્રત્યેક સ્વરૂપ ભકતનાં અંગોની રક્ષા કરે એવો નિરૂપણ ક્રમ દેખાય છે. અંતમાં પણ સ્તોત્રની ફલશ્રુતિ બતાવાય છે. વળી, કેટલાંક કવચ-સ્તોત્રોમાં એવો આદેશ અપાયો છે. કે તેનો વિનિયોગ શુદ્ધ, ભકત, શિષ્ય તેમજ વિપ્ર જેવી પવિત્ર વ્યકિતઓમાં જ કરવો, નહિ કે શઠમાં કે પરશિષ્યમાં.

शिष्याय कृष्णभक्ताय ब्राह्मणाय प्रकाशयेत् ।

शठाय परशिष्याय दत्वा मृत्युमवाप्नुयात् ॥

(રાધિકા કવચ,૩)

આવાં સ્તોત્રોમાં કેટલાંક વાકયો એક સરખા જોવા મળે છે. સંવાદતત્ત્વ પણ આવા સ્તોત્રોમાં રહેલું છે.

ઘણાંખરાં પૌરાણિક સ્તોત્રો નામાવલિ પ્રકારનાં છે. ઇષ્ટ દેવતાના જુદાં જુદાં નામોના નિર્દેશમાં જ તેવું સ્તોત્ર પૂર્ણ થઈ જાય છે. આમાં ૮, ૧૦, ૨૫, ૧૦૦, ૧૦૮, ૧૧૦ કે ૧૦૦૦ નામો દ્વારા ઇષ્ટદેવની સ્તુતિ કરાય છે. જેમ કે અષ્ટનામસ્તોત્ર જેવાં કે 'ગણેશનામાષ્ટક' (બ્રહ્મવૈવર્તપુરાણ), 'શ્રીવિષ્ણોરષ્ટનામસ્તોત્ર', (વામનપુરાણ) શતનામ સ્તોત્ર જેવાં કે 'શ્રીવિષ્ણો' શતનામસ્તોત્ર (વામનપુરાણ) વગેરે. સહસ્રનામસ્તોત્ર જેવાં કે 'ગંગાસહસ્રનામસ્તોત્ર' (સ્કંદપુરાણ) અને 'સૂર્યસહસ્રનામસ્તોત્ર', (ભવિષ્યોતરપુરાણ). ૨૫ નામોનાં 'કેતુપંચવિંશતિસ્તોત્ર' (સ્કંદપુરાણ),

'બુધપંચવિંશતિનામસ્તોત્ર' (પદ્મપુરાણ) ઇત્યાદિ, ૧૦૮ નામવાળુ 'રામાષ્ટોત્તરશતાભિધાનસ્તોત્ર' (પદ્મપુરાણ) ઇત્યાદિ આવાં સ્તોત્રમાં ઇષ્ટદેવ કે દેવીનાં વિભિન્ન નામોની હારમાળા જ આપવામાં આવે છે. તેમાં કવિતા દેખાતીનથી. છતાં વર્ણાનુપ્રાસ-શબ્દાનુપ્રાસની મધુરિમા અછતી રહેતી નથી.

दामोदरं दमोपेतं केशवं केशिसूदनम् ।

वरेण्यं वरदं विष्णुमानन्दं वसुदेवजं ॥

(વિષ્ણુપુરાણ, વિષ્ણુશતનામસ્તોત્ર)

कल्याणकारिणी काम्या कमलोत्पलगन्धिनी ।

कुमुद्यती कमलिनी कान्तिः कल्पितदायिनी ॥

(સ્કંદપુરાણ, ગંગાહસ્રનામસ્તોત્ર)

સ્કંદપુરાણનું 'ગંગાસહસ્રનામસ્તોત્ર' વિશિષ્ટ છે. તેમાં કવિ કક્કાનુસારી એક-એક વર્ણ પર શ્લોકરચી વર્ણનુપ્રાસની રમત રમે છે. 'ક' વર્ણથી આરંભીને 'વ' વર્ણ સુધીના ક્રમમાં શ્લોક-રચના દુષ્કર ગણાય, છતાં કવિની પ્રયત્નસાધ્ય કૃત્રિમતા દોષપાત્ર બનતી નથી.

નામાવલીસ્તોત્રોમાં કેટલીકવાર પ્રારંભે પાત્રો વચ્ચે સંવાદનાં માધ્યમથી સ્તોત્ર-માહાત્મ્ય રહે છે, મધ્યમાં નામોની યાદી અને અંતે ફળશ્રુતિ કે સ્તોત્ર-પાઠ મહિમા બતાવાય છે.

त्रिसन्ध्य यः पठेन्नित्यं दारिद्रयं तस्य नश्यति ।

शत्रुसैन्यं क्षयं याति दुस्वप्नः सुखदो भवेत् ॥

(વામનપુરાણ,વિષ્ણોરષ્ટનામ)

આવાં બધાં સ્તોત્રોમાં આવી સમાનતા હોય છે. પદ્મપુરાણનું 'સંકટાનામાષ્ટક' સંવાદાત્મક શૈલીમાં છે. આવી શૈલી પૌરાણિક સ્તોત્રોમાં વ્યાપક પ્રમાણમાં પ્રયોજાઈ છે. નામાવલી-સ્તોત્રોના કવિઓની ઇષ્ટદેવતાના કાર્યો અનુસાર અર્થસૂચક નામો પ્રયોજવાની શકિત ખરે જ પ્રશંસનીય છે, પરંતુ કવિ ઇષ્ટદેવતા પર પ્રાયઃ સર્વ દેવતા સ્વરૂપોની શકિતનું આરોપણ કરી અતિશયોકિતપૂર્ણ વર્ણન કરે છે.

વર્ણન બાહુલ્ય હોવા છતાં પૌરાણિક સ્તોત્રમાં દેવતાનું ઉત્તમ નખશિખ વર્ણન જવલ્લે જ પ્રાપ્ત થાય છે.

ભાગવત (સ્કંધ-૪) નાં 'રુદ્રગીતમાં વિષ્ણુનાં મુખ, બાહુ, અક્ષ, ભ્રૂ, નાસિકા, દંત,

કપોલ, વર્ણ, અપાંગ, અલક, કુંડલ કિરીટ, વલયહાર, મેખલા,આયુધો, ઉદર, નાભિ, જંઘા ઇત્યાદિનું એવું નિર્દેશાત્મક વર્ણન પ્રાપ્ત થાય છે, જે પૌરાણિક સ્તોત્રોમાં નખશિખ-વર્ણન જેવા વિશિષ્ટ લક્ષણનો ઉમેરો કરે છે. વર્ણનક્રમ મસ્તકથી આરંભ કરી ચરણનખદ્યુતિ પર્યંતનો છે. કલ્કિપુરાણનું પદ્મ દ્વારા બોલાયેલું 'વિષ્ણુસ્તવરાજ' પણ વિષ્ણુનું નખશિખ વર્ણન આપે છે. તેમાં વર્ણનક્રમ પાદાદિકેશાન્ત પરિપાટીનો છે. આ સ્તોત્ર પૌરાણિક સ્તોત્રોમાં દીર્ઘ સમાસોની વિલક્ષણતા ધરાવે છે.

- **અન્ય નોંધપાત્ર સ્તોત્રોઃ-**

ભવિષ્યોત્તરપુરાણનાં શ્રીકૃષ્ણાર્જુનસંવાદમાં ૧૭૦ શ્લોકોમાં નિબદ્ધ 'આદિત્યહૃદયસ્તોત્ર' નોંધપાત્રછે. તેમાં સાહિત્યિકતા અને ધાર્મિકતાનો મણિકાંચન-યોગ સધાયો છે.

यन्मण्डलं दीप्तिकरं विशालं, रत्नप्रभं तीव्रमनादिरूपम् ।

दारिद्र्यदुःखक्षयकारणं च पुनातु मां तत्सवितुर्वरेण्यम् ॥ [૪૪]

પુરાણ સાહિત્યની 'શક્રાદિસ્તુતિ' પણ લોકપ્રચલિત છે. સ્કંન્દપુરાણ નું 'શિવમહિમસ્તોત્ર' મહિમા સ્તોત્રોની પરંપરાનો નિર્દેશ કરે છે તેમાં શબ્દોની ઝડ-ઝમક અને ચિત્રબંધ શોભા સર્જે છે.

न ते मायामाया सततमपि मायामयतया

ध्रुवं मायामाया त्वयि वर न मायामयमपि ।

यदा मायामाया त्वयि न खलु मायामयतया

नमायामाया वा परमय नमस्ते शिव नमः ॥[૪૫] ॥१८॥

બ્રહ્મવૈવર્તપુરાણમાં અસિતકૃત 'શિવસ્તોત્રનો પ્રધાન અલંકાર અનુપ્રાસ છે.

कालरूपं कलयतां कालकालेश कारण ।

कालादतीतकालस्य कालकाल नमोऽस्तुते ॥३॥ [૪૬]

ભવિષ્યોત્તરપુરાણમાં શ્રીકૃષ્ણ દ્વારા યુધિષ્ઠિરને ઉપદેશાયેલ 'શાલિગ્રામસ્તોત્ર'માં શાલિગ્રામશિલાની મહત્તા બતાવી છે. વળી કવિ નારાયણના આયુધોનું સ્મરણ કરી તેમના અવતારરૂપોનું દર્શન કરે છે. તેની પ્રવાહિતા અને પ્રાસાદિકતા ધ્યાન ખેંચે છે. સ્કન્દપુરાણનું 'વીરેશ્વરસ્તોત્ર' અષ્ટક પ્રકારનું છે. તેમાં ભકતકવિ ઉપનિષદોની બ્રહ્મનિરૂપણ-શૈલીમાં શિવનું વર્ણન કરી શિવને શરણે જાય છે.

व्यक्षः पश्येस्त्वं रसज्ञोऽप्यजिह्वः

कस्त्वां सम्यग्वेत्त्यतस्त्वां प्रपद्ये ॥ ५

કલ્કિપુરાણમાં ઋષિકૃત 'ગંગાસ્તવ' નું શબ્દાનુપ્રાસજન્ય નાદ સૌંદર્ય સાહિત્યિક બન્યું છે.

पितामहकमंडलप्रभवमुक्तिबीजालता

श्रुतिस्मृतिगणस्तुतद्विजकुलालवालावृता ॥४

ભાગવતમાં વિષ્ણુના અવતારોને લગતા સ્તોત્રો નોંધપાત્ર છે. જેવા કે– શ્લોક છંદમાં 'મત્સ્યસ્તોત્ર', ઉપજાતિમાં 'કૂર્મસ્તોત્ર', વંશસ્થવિલમાં 'વરાહસ્તોત્ર' અને વસંતતિલકામાં 'વામનસ્તોત્ર', ભિન્ન ભિન્ન છંદોમાં રચાયેલું 'નૃસિંહસ્તોત્ર' વિશિષ્ટ શૈલીનું છે. તેમાં રુદ્ર, ઇન્દ્ર, ઋષિઓ, પિતૃઓ, સિદ્ધો, વિદ્યાધરો, નાગ, માનવો, પ્રજાપતિઓ, ગંધર્વો, ચારણો, યક્ષો, કિન્નરો અને વૈતાલિકો એક–એક શ્લોક દ્વારા નૃસિંહની કૃપા જણાવી વંદન કરે છે. બ્રહ્મવૈવર્તપુરાણના ઇન્દ્ર કૃત 'શ્રીકૃષ્ણસ્તોત્ર' માં રાધા, ગોવાળો અને ગોપીઓ સાથેની કૃષ્ણની ક્રીડાઓનું વર્ણન છે. એમાં શૃંગારની છાંટ વર્તાય છે. મધ્યકાલીન વૈષ્ણવ સ્તોત્રો આમાંથી પ્રેરણા મેળવે છે. કલ્કિપુરાણનાં 'કલ્કિસ્તવ' માં પ્રલંબ વાકયાવલિઓ દીર્ઘ સમાસોની કિલષ્ટતા સર્જે છે. દેવીપુરાણનાં 'મહામારીસ્તોત્ર' માં ભગવતી મહામારી પાસે રક્ષાયાચના કરી છે.

આ ઉપરાંત, વિભિન્ન પુરાણોમાં નવગ્રહસ્તોત્રો ઉપલબ્ધ થાય છે. તેમાં જે તે ગ્રહના રૂપસૂચક નામોની યાદીઓ આપી રક્ષાયાચના કરી છે. 'આદિત્યસ્તોત્ર' (ભવિષ્યપુરાણ), 'ઋણમોચકમંગલસ્તોત્ર' (સ્કન્દપુરાણ), 'શનૈશ્વરસ્તવરાજ' (ભવિષ્યપુરાણ), 'બૃહસ્પતિસ્તોત્ર' (સ્કન્દપુરાણ), 'બુધપંચવિંશતિનામસ્તોત્ર' (પદ્મપુરાણ) વગેરે ગ્રહ–સ્તોત્રો છે.

### ● તંત્ર ગ્રંથોનાં સ્તોત્રઃ–

તાંત્રિક સિદ્ધાંતો અને રહસ્યને સ્પષ્ટ કરવા એ તંત્રગ્રંથોના સ્તોત્રોનું મુખ્ય પ્રયોજન હોવા છતાં કેટલાંક સ્તોત્ર કાવ્યાત્મક અને ભાવપ્રવણ બન્યા છે. પુરાણશૈલીમાં રચાયેલા આ સ્તોત્રોનું કાવ્યદષ્ટિએ મૂલ્ય નહિવત ગણાય તેમ છતાં કેટલાંક સ્તોત્ર પૌરાણિક સ્તોત્રોનાં સંદર્ભમાં મનોહારિતા બતાવ્યા સિવાય રહેતા નથી.

રુદ્રયામલતંત્રના  ઉમામહેશ્વર સંવાદમાં આવતા શિવષડક્ષરસ્તોત્રમાં નકાર, મકાર, શકાર, વકાર અને યકારવાળા શિવને અનુક્રમે ન,મ,શિ,વ અને ય અક્ષરોથી આરંભતા છ શ્લોકો દ્વારા કવિ નમન કરે છે. (નમઃશિવાય) તાંત્રિક સ્તોત્રોમાં સાધક કવિઓની આવી શબ્દ ક્રીડાઓ મનભર બની રહે છે. બ્રહ્મયામલનાં અનુષ્ટુપ છંદમાં નિબદ્ધ ત્રૈલોકયમંગલ નામના 'સૂર્યકવચ' નાં પ્રભાવથી ભૂતપ્રેતાદિ તેમજ અનિષ્ટોનું નિવારણ થાય છે. એવો મહિમા ગાયો છે.

श्रीपदं कान्तिदं नित्य धनारोग्यविवर्धनम् ।

कुष्ठादिरोगशमनं महाव्याधिविनाशनम् ॥ ११ [४७]

(બૃહત્સ્તોત્ર રત્નાકર, પૃ. ૧૧૦)

આમાં રૂઢિગત રક્ષાયાચના ઉપરાંત કવચ ધારણ કરવાના સ્થાન પણ નિર્દિષ્ટ છે. નીલતંત્રના 'તારાષ્ટક' માં દેવી તારાના સંબોધનોમાં વિશેષણયુકત પ્રલંબ સમાસાવલિઓ ગદ્યનો આભાસ કરતી હોવા છતાં પ્રાસાદિકતા જાળવે છે. શ્રીસિદ્ધેશ્વરીતંત્રના ઉમામહેશ્વર-સંવાદમાં આવતા 'દુર્ગાપદુદ્ધારસ્તોત્ર' માં અનન્ય શરણરૂપ દુર્ગાને વંદન કરાયું છે.

नमस्ते शरण्ये शिवे सानुकम्पे नमस्ते जगद्व्यापिके विश्वरूपे ॥५

તેનો શરણાગતિ-ભાવ મધ્યકાલીન વૈષ્ણવ સ્તોત્રોની પ્રપતિ ભાવનાનું સ્મરણ કરાવે છે. દુર્ગાની પ્રચંડ શકિતનો નિર્ઘોષ કેટલીક પંકિતઓમાં સંભળાય છે.

नमश्चण्डिके चण्डदुर्दण्डलीलासमुत्खण्डिताखण्डिताशेषशत्रो ॥ ६

રુદ્રયામલમાં બૃહસ્પતિ અને સરસ્વતીના સંવાદ દ્વારા રચાયેલા 'સરસ્વતીસ્તોત્ર'ની પ્રાસાદિકતા અને ભાષાની ઋજુતા કમનીય છે.

मोक्षप्रियां शुभां नित्यां सुभगां शोभनप्रियाम् ॥४

આ જ તંત્રના 'કાર્તિકેયસ્તોત્ર'માં શિવપુત્રનાં ૨૮ નામોની યાદી છે, જ્યારે 'બન્દીમોચનસ્તોત્ર'માં માતા બંદી પાસે મુકિતની પ્રાર્થના છે. માતા ઉપર સર્વ દેવીઓનું આરોપણ થયું છે.

त्वं बन्दी त्वं महामाया त्वं दुर्गा च सरस्वती ।

त्वं देवी रजनी चैव शीघ्रं मोक्षं ददातु मे ॥३

ડામરતંત્રનાં 'કાર્તવીર્યસ્તોત્ર'માં કાર્તવીર્ય અર્જુનને શકિતસંપન્ન બતાવી સ્તોત્રમહિમા ગાયો છે.

આ ઉપરાંત કાલિકાકુલસર્વસ્વનું 'કાલિકાસહસ્રનામ સ્તોત્ર' અથર્વણ રહસ્યના 'શ્રીલક્ષ્મીપંજરસ્તોત્ર' અને 'શ્રીમહાલક્ષ્મીહૃદય' વિશ્વસારતંત્રનું 'કમલાકવચ' , શારદાતિલકનું 'ગણપતિસ્તોત્ર', રુદ્રયામલનું 'ગણેશસ્તવરાજ', વિશ્વસારનું 'દુર્ગાસ્તવરાજ' પ્રપંચસારનું 'ત્રિપુરાસ્તવ વગેરે તંત્રગ્રંથોનાં ઉલ્લેખનીય સ્તોત્રો કહી શકાય.

પૌરાણિક તાંત્રિક સ્તોત્ર અને તેમાંય ખાસ કરીને કવચસ્તોત્રનો પાઠ કરતી વખતે કે તે કવચ ધારણ કરવાનાં આરંભે વિનિયોગ, ન્યાસ તેમજ ધ્યાનાદિ ક્રિયાવિધિઓ આચરવી જોઈએ એવી પ્રણાલિકા છે.

વિનિયોગ એટલે મંત્ર (સ્તોત્ર)નાં ઋષિ, છંદ, દેવતા, બીજ, શકિત, કીલક અને મંત્રજપનાં પ્રયોજન નો નિર્દેશ અનું એક ઉદાહરણ દર્શનીય છે.

ॐ अस्य. श्रीदक्षिणाकाकिलाम्बा ...... पाठे विनियोगः ।

(દેવીયામલતંત્ર, કાલિકાહૃદયસ્તોત્ર)

વિનિયોગ કરતી વખતે જમણા હસ્તની હથેળીમાં જળ લઈને વિનિયોગ મંત્રનો પાઠ કરીને જળ પૃથ્વી પર છોડી દેવાનું હોય છે.

ન્યાસ એટલે પ્રણવ તેમજ ઇષ્ટ દેવતાનાં નામના ઉચ્ચારણપૂર્વક શરીરનાં વિભિન્ન અંગોને સ્પર્શકરવો તે. ન્યાસ બે પ્રકારના છેઃ કરન્યાસ અને અંગન્યાસ (હૃદયાદિન્યાસ) કરન્યાસમાં હાથની આંગળીઓ, હથેળીઓ અને હાથનાં પૃષ્ઠભાગમાં જાણે યંત્રોનો ન્યાસ (સ્થાપના) કરવામાં આવે છે. કરન્યાસમાં

१, ॐ अङगुष्ठाभ्यां नमः ।    २, ॐ तर्जनीभ्यां नमः ।

३, मध्यमाभ्यां नमः ।    ४, ॐ अनामिकाभ्यां नमः ।

५, कनिष्ठिकाभ्यां नमः ।    ६, करतलकरपृष्ठाभ्यां नमः ।

આ મંત્રોનાં ઉચ્ચારણ સાથે નિર્દિષ્ટ અંગોને સ્પર્શ કરવાનો હોય છે. આ મંત્રોમાં સ્તોત્રની આરાધ્ય દેવતાનું નામ મુકાયેલું હોય છે. જેમ કે श्री सिद्धलक्ष्म्यै अङगुष्ठाभ्यां नमः । ह्रीं विष्णुतेजसे तर्जनीभ्यां नमः । વગેરે

(બ્રહ્મપુરાણ, સિદ્ધલક્ષ્મીસ્તોત્ર)

આમ, કરન્યાસમાં છ અંગોને સ્પર્શ કરાય છે. બંને હાથના અંગુઠા, તર્જની (અંગુઠા પાસેની આંગળી)

મધ્યમ આંગળી, અનામિકા આંગળી, કનિષ્ઠિકા (ટચલી આંગળી) તેમજ બંને હાથની હથેળીઓ.

અંગન્યાસમાં હૃદયાદિ અંગોમાં મંત્રોની સ્થાપના કરાય છે. આમાં છ મંત્રોના

ॐ हृदयाय नमः ।　　ॐ शिरसे स्वाहा ।　　ॐ शिखायै वषट् ।

ॐ कवचाय हुम् ।　　ॐनेत्रत्रयायवौषट् ।　　ॐ अस्त्राय कट् ।

ઉચ્ચારણ પૂર્વક એમાં નિર્દિષ્ટ હૃદયાદિ અંગોને જમણા હાથની પાંચેય આંગળીઓથી સ્પર્શ કરાય છે. આમ,અહીં છે ક્રિયાઓ થાય છે. (૧) જમણા હાથની પાંચ આંગળીઓથી હૃદયને સ્પર્શ. (૨) એ જ પ્રમાણે શિર તેમજ (૩) શિખાને સ્પર્શ (૪) જમણા હાથની આંગળીઓથી ડાબા ખભાને અને ડાબા હાથની આંગળીઓથી જમણા ખભાને એક સાથે સ્પર્શ, (૫) જમણા હાથનાં અગ્રભાગથી બંને નેત્ર તેમજ લલાટના મધ્યભાગને સ્પર્શ અને જમણા હાથને ને શિર ઉપર ડાબીથી પાછળ તરફ લઈને જમણી બાજુથી આગળ તરફ લઈ જઈ, તર્જની તથા મધ્યમા આંગળીઓથી ડાબા હાથની હથેળી પર તાળી વગાડવી,

વિનિયોગ, કરન્યાસ અને અંગન્યાસ કર્યા પછી સ્તોત્રની દેવતાનું ધ્યાન ધરવામાં આવે છે. એક ધ્યાનમંત્ર દ્રષ્ટવ્ય છે.

ब्राह्मीं च वैष्णवीं भद्रां षडभुजा च चतुर्मुखीम् ।

त्रिनेत्रां खड्गत्रिशूलपद्मचक्रगदाधराम् ॥

पीताम्बरधरां देवी नानालङ्कारभूषिताम् ।

तेजःपुंजधरी श्रेष्ठां ध्यायेद्बालकुमारिकाम् ॥

(બ્રહ્મપુરાણ, સિદ્ધલક્ષ્મીસ્તોત્ર)

ન્યાસ-ધ્યાનાદિ વિધિ કરી સ્તોત્રપાઠ કરવાથી કર્મબંધન દૂર થાય છે, મન શુદ્ધ થાય છે, આનંદની પ્રાપ્તિ થાય છે અને દેવતા દ્વારા સદૈવ રક્ષા થાય છે.

यानावधूताखिलकर्मबन्धरिं चिदानन्दनिमग्नचेताः ।

षड्क्षरन्याससमाहितात्मा शैवेन कुर्यात्कवचेन रक्षाम् ॥[४९]

કવચ-સ્તોત્રોને ભૂર્જપત્ર પર લખી સુવર્ણ, રજત તેમજ લોખંડ આ ત્રણના પતરાંમાં વચ્ચે જડીને જમણા હાથમાં, શિખામાં કે કંઠે ધારણ કરવાથી ભૂતપ્રેતાદિ થી હંમેશ રક્ષા થાય છે. અને સર્વ

**મનોકામનાઓ પૂર્ણ થાય છે. એવો મહિમા સ્તોત્રકારોએ ગાયો છે.**

मुर्जपत्रे लिखित्वेदं यः कण्ठे धारयेत्सुधीः ।

न भयं जायते तस्य यक्षरक्षपिशाचतः ॥[५०]

सूर्यरक्षात्मकं स्तोत्रं लिखित्वा भूर्जपत्रके ।

दधाति यः करे तस्य वशगाः सर्वसिद्धयः ॥[५१]

त्रिलोहमध्यगं कृत्वा धारयेद्क्षिणे करे ।

शिखायामथवा कण्ठे सोडपि सूर्यो न संशयः ॥[५२]

**દેવતાના સ્તોત્રનું યંત્ર બનાવી, તેના પૂજન પછી સ્તોત્રપાઠ કરવાની તાંત્રિક વિધિ પણ ખૂબ પ્રચલિત છે.**

- **મૂલ્યાંકનઃ-**

**ઇતિહાસ-પુરાણ તેમજ તંત્રગ્રંથોના સ્તોત્ર સાહિત્યનાં લક્ષણોનું નિર્ધારણ નીચે પ્રમાણે થઈ શકે.**

### (૧) વ્યાપકતામાં એક વિધતા :-

**અવતાર-સિદ્ધાન્ત પ્રસ્થાપિત થતાં અને દેવી શકિતના વિભિન્ન સ્વરૂપોનો ખ્યાલ અસ્તિત્વમાં આવતાં જુદા-જુદા દેવતાઓની આરાધના વ્યાપક પ્રમાણમાં થવા લાગી. પરિણામે આ યુગમાં વિપુલ પ્રમાણમાં સ્તોત્રોનું સર્જન થયું. પુરાણ ગ્રંથો તો એક રીતે સ્તોત્ર ભંડારો છે. વિષયોનુ વૈવિધ્ય હોવા છતાં પૌરાણિક સ્તોત્રોની નિરૂપણ-શૈલીમાં નાવીન્યનો પ્રવેશ ન થયો. સમાન પ્રકારના રૂઢિગત વિચારોની બીબાંઢાળ અભિવ્યકિતમાં પૌરાણિક સ્તોત્ર બંધાઈ રહ્યું.**

### (૨) ભાવુકતામાં કૃત્રિમતા :-

**પૌરાણિક સ્તોત્રભકત હૃદયનાં રંગોથી રંગાય છે. તેમ છતાં બીબાઢાળ અભિવ્યકિતની સભાનતા ભાવુકતામાં પણ કૃત્રિમતાને નોતરે છે. સાહજિકતાના અભાવે મોટાભાગના સ્તોત્રોમાં કાવ્યતત્ત્વ પ્રાપ્ત થતું નથી. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ગણપતિ, સૂર્ય અને દેવીશકિત સંબંધી વિભિન્ન સ્તોત્રોનું સર્જન સાંપ્રદાયિક સંકુચિતતામાં પરિણમ્યું. સાંપદાયિક કવિતા સિદ્ધાંતોના ભારથી આકાન્ત થતાં મહોરી શકતી નથી, કેમ કે એવી કવિતામાં કવિદષ્ટિ કરતાં સાંપ્રદાયિક વિચારદ્રષ્ટિ પ્રધાન ભાગ ભજવી જાય છે.. એમાં હૃદયના ઊર્મિલ પક્ષનું સાહજિક ભાવ સૌંદર્ય સ્ફુટ થઈ શકતું નથી.**

**(૩) નવીન સ્તોત્ર પ્રકારો :-**

પૌરાણિક અને તાંત્રિક ગ્રંથોના કથાપ્રવાહમાં અનાયાસ આવેલા સ્તોત્રોમાં વિષય અને સ્વરૂપ-રચના બાબતે વિવિધતા પ્રવર્તે છે. એનો આધાર લઈ ઉત્તરકાલીન શિષ્ટ-સ્તોત્ર અને તેના વિવિધ પ્રકારો નિશ્ચિત થાય છે. દેવતા અને વિષય-સ્વરૂપની દષ્ટિએ પૌરાણિક સ્તોત્રોને આ પ્રમાણે વિભકત કરી શકાયઃ

**(અ) દેવતાનું સારી :-** ગાણપત્યસ્તોત્ર, શૈવસ્તોત્ર, વૈષ્ણવસ્તોત્ર, સૌર્યસ્તોત્ર, શાકતસ્તોત્ર, ગંગાદિતીર્થ-સ્તોત્ર, અવતાર-સ્તોત્ર અને નવગ્રહ-સ્તોત્ર.

**(બ) વિષયાનુંસારી :-** નામાવલિ-સ્તોત્ર, અષ્ટક સ્તોત્ર, કવચ-સ્તોત્ર અને મહિમા-સ્તોત્ર.

**(૪) ઈષ્ટ દેવતાનું અતિશયોકિતપુર્ણ વર્ણન :-**

પૌરાણિક સ્તોત્રમાં વર્ણન બાહુલ્ય સર્વત્ર દષ્ટિ ગોચર થાય છે. ભકત પોતાના ઈષ્ટદેવને સર્વ દેવોના શિરોમણિ માનીને વર્ણવે  છે. સ્તોત્રના અંતિમ શ્લોકો ફલશ્રુતિ બતાવે છે. તે પ્રાયઃ અતિશયોકિતપૂર્ણ રહે છે.

**(૫) શરણાગતિઃ-**

વૈદિક સ્તોત્રનો શરણાગતિ-ભાવ પૌરાણિક સ્તોત્રમાં વ્યાપક બને છે. તેમ છતાં કવચિત્ સાંપ્રદાયિકતાની વૃત્તિ શરણાગતિભાવની સચ્ચાઈને વ્યકત થવા દેતી નથી.

**(૬) ભકિત રસનો ઉદય :-**

મધ્યકાલીન સ્તોત્રોમાં જે ભકિતરસ પ્રવાહિત થયો, એનું મૂળ પુરાણોમાં છે. એમ નિઃશંક કહી શકાય. આ યુગમાં ભકિતભાવમાં બળવત્તર બની અને એની પોષક વિભિન્ન આરાધ્ય દેવતાઓ અસ્તિત્વમાં આવી.

**(૭) ભાષા-શૈલી :-**

પુરાણ જનજીવનનું સાહિત્ય છે. પૌરાણિક સ્તોત્રોમાં સુરેખ આલેખન હોવા છતાં સ્થુળ તા અને ગ્રામ્યતાના દોષ આવી ગયા છે. વૈદિક-સ્તોત્રોની સાહિત્યિક સમૃદ્ધિની તુલનામાં પુરાણ-સ્તોત્રોની ગુણવત્તા નિમ્ન કક્ષાની છે, કેમ કે પૌરાણિક -સ્તોત્રો મહદંશે સાંપ્રદાયિક દષ્ટિગર્ભ બન્યાં છે. પુરાણ વાર્તાઓના પ્રવાહમાં સ્તોત્રો આવતા હોઈ વાર્તાશૈલીને અનુકુળ ભાષાની સરળતા અને ચારુતા સર્વત્ર દેખાય છે. રૂપકાત્મકતા તેમજ દાર્શનિક સંકેતો પુરાણ-સ્તોત્રનું એક વ્યાવર્તક લક્ષણ  છે. તેમનાથી

ઉત્તરકાલીન સ્તોત્ર સાહિત્ય મહદંશે પ્રભાવિત થયું છે. યમક જેવી શાબ્દીક્રીડાથી યુકત કૃત્રિમ શૈલીમાં પણ પ્રસાદયુક્ત મધુર રચનાની અનુભૂતિ થાય છે. "ઘણાંખરાં પૌરાણિક સ્તોત્રો તત્ત્વજ્ઞાન અને ક્રિયાવિધિની ભૂમિકા ધરાવે છે. પરંતુ તેમાં વધુ રસપ્રદ તો છે ભાવુકની ભાવનાની પ્રબળતા તેમજ પ્રાર્થના અને પુજાનો ઉચ્ચ માનસિક ભાવ, જે ઘણીવાર મોહક કાવ્યાત્મક ઉચ્ચારણોની સપાટીએ પહોંચે છે."

પૌરાણિક-તાંત્રિક સ્તોત્રો મુખ્યત્વે અનુષ્ટુપ છંદમાં રચાયાં છે. ઉષ્ણિહ્, પંકિત અને ગાયત્રી જેવા છંદ પણ કવચિત દષ્ટિગોચર થાય છે. જેમ કે દેવીયામલતંત્રનું 'શ્રીકાલિકાહ્દયસ્તોત્ર' ઉષ્ણિહ્ છંદમાં છે. તો અથર્વણરહસ્યમાંનું 'મહાલક્ષ્મીપંજરસ્તોત્ર' પંકિત છંદમાં છે. અનુષ્ટુપ, ગાયત્રી, ઉષ્ણિહ્, પંકિત ઈત્યાદિ વૈદિક છંદ છે. પૌરાણિક સ્તોત્રો ઉપર આ છંદોનો પ્રભાવ વર્તાય છે.

## પ્રકરણ–૧

● **પાદટીપ :–**

૧. ઋગ્વેદ – ૩.૩૧.૧૪.

૨. ઋગ્વેદ – ૫.૫૫.૯.

૩. ઋગ્વેદ – ૪.૧૦.૧ /૩. ૪૧. ૪/ ૩. ૪૨. ૪/ ૪. ૨૨. ૧/ ૬. ૧. ૧૦.

૪. ઋગ્વેદ – ૬.૧.૫.

૫. ઋગ્વેદ – ૭.૮૧.૪.

૬. ઋગ્વેદ – ૬.૪૪. ૧૦–૧૧,

૭. ઋગ્વેદ – ૫.૫૫.૯.

૮. ઋગ્વેદ – ૫.૫૭.૬.

૯. ઋગ્વેદ – ૫.૮૦. ૫.

૧૦. ઋગ્વેદ – ૮.૩૩.૫.

૧૧. ઋગ્વેદ – ૬.૧૮.૩, ૬. ૩૧. ૩

૧૨. ઋગ્વેદ – ૭.૯૯.૨.

૧૩. ઋગ્વેદ – ૩.૪૫.૧.

૧૪. ઋગ્વેદ – ૬.૧૪.૨.

૧૫. ઋગ્વેદ – ૭.૮૬.૫.

૧૬. ઋગ્વેદ – ૭.૮૯.૫.

૧૭. ઋગ્વેદ – ૭.૫૭.૪.

૧૮. ઋગ્વેદ – ૧.૨૫.૧–૨,

૧૯. ઋગ્વેદ – ૬.૩૫.૧.

૨૦. ઋગ્વેદ – ૭.૮૬.૪.

૨૧. ઋગ્વેદ – ૭.૧૦૦.૫.

૨૨. ઋગ્વેદ – ૫.૫૯.૪.

૨૩. ઋગ્વેદ – ૭.૮૯.૧.

૨૪. ઋગ્વેદ – ૭.૯૫.૫.

૨૫. ઋગ્વેદ – ૬.૧૬.૩૮.

૨૬. Ghate's Lectures on Rigveda, p. 124.

૨૭. ઋગ્વેદ – ૩.૫૦.૪.

૨૮. ઋગ્વેદ – ૪.૫૧.૧૧.

૨૯. અથર્વવેદ – ૧૪.૨.૬૨.

૩૦. અથર્વવેદ – ૭.૩૩.૧.

૩૧. અથર્વવેદ – ૧૨.૧.૯.

૩૨. અથર્વવેદ – ૧૨.૧.૧૨.

૩૩. ઋગ્વેદ – ૪.૧૭.૧૬.

૩૪. ઋગ્વેદ – ૪.૪૧.૫.

૩૫. ઋગ્વેદ – ૪.૫૧.૧૦.

૩૬. S.K. De: Ashects of Sanskrit Litesature, p. 102.

૩૭. વાલ્મીકિ રામાયણ–૬. ૧૦૭.૪–૨૬.

૩૮. મહાભારત, અનુશાસન પર્વ, અ.૨૫૪ .

૩૯. મહાભારત, દ્રોણપર્વ, ધૃતરાષ્ટ્ર–સંજય સંવાદ.

૪૦. મહાભારત, શાંતિપર્વ, ભીષ્મસ્તવરાજ સ્તોત્ર.

૪૧. મહાભારત, આદિપર્વ, અશ્વિનીકુમારસ્તોત્ર.

૪૨. સ્કંદપુરાણ, બ્રહ્મોતરખંડ અ.૧૨, 'શિવકવચ'.

૪૩. ભાગવત – સ્કંદ–૬, અ.૮, 'નારાયણ કવચ'.

૪૪. બૃહત્સ્તોત્ર – રત્નાકર, પૃ.૧૦૪.

૪૫. બૃહત્સ્તોત્ર – રત્નાકર, પૃ. ૩૦.

૪૬. બૃહત્સ્તોત્ર- રત્નાકર પૃ. ૫૪.

૪૭. બૃહત્સ્તોત્ર - રત્નાકર, પૃ. ૧૧૦.

૪૮. બ્રહ્મપુરાણ, સિદ્ધલક્ષ્મી સ્તોત્ર.

૪૯. સ્કંદપુરાણ, શિવકવચ.

૫૦. ગણેશપુરાણ, ગણેશકવચ-૧૯.

૫૧. યાજ્ઞવલ્કય, સૂર્યકવચ-૯.

૫૨. બ્રહ્મયામલતંત્ર, સૂર્યકવચ-૧૬.

૫૩. S.K. De: Aspects of Sanskrit Literature, p. 113.

# પ્રકરણ–૨

## સંસ્કૃત સાહિત્યમાં સ્તોત્ર : અર્થ અને સ્વરૂપ

(૧) પ્રાસ્તાવિક

(૨) સ્તોત્રઃ વ્યુત્પત્તિ અને અર્થ

(૩) સ્તોત્રના પર્યાયવાચી શબ્દો

(૪) સ્તુત્યર્થક ધાતુઓ

(૫) સ્તોત્ર, પ્રાર્થના, યાચના અને ઉપાસના

(૬) સ્તોત્ર અને ભક્તિનો સંબંધ

- ભક્તિનું સ્વરૂપ
- સ્તોત્રસર્જનનું મૂળ તત્ત્વ ભક્તિ
- સ્તોત્રમાં ભક્તિતત્ત્વનું મિશ્રણ
- સ્તોત્રમાં ભક્તિના વિવિધ રૂપો

(૭) સ્તોત્રના સ્તુત્ય દેવ

(૮) સ્તોત્રનાં મુખ્ય તત્ત્વો

(૯) સ્તોત્રનો મનોવૈજ્ઞાનિક આધાર

(૧૦) સ્તોત્રનાં પ્રકાર

(૧૧) સ્તોત્રનું મહત્ત્વ

## પ્રકરણ-૨

# સંસ્કૃત સાહિત્યમાં સ્તોત્ર : અર્થ અને સ્વરૂપ

### ૧. પ્રાસ્તાવિક :-

સંસ્કૃત સાહિત્યનો એક પ્રસિદ્ધ અને લોકપ્રિય કાવ્ય પ્રકાર 'સ્તોત્ર' (સ્તુતિ) છે. ભારતીય વાઙ્મયમાં સ્તોત્ર(સ્તુતિ) શબ્દના પ્રયોગની સુદીર્ઘ પરંપરા પ્રાપ્ત થાય છે. વૈદિક સાહિત્યમાં તેનો પ્રભાવ વર્તાય છે. ઋગ્વેદમાં સ્તુતિ- સ્તોત્ર શબ્દનો પ્રયોગ જોવા મળે છે.

आ नो देवानामुप वेतु शसो विश्वेभिस्तुरैरखसे यजत्रः ।[१]

तेभिर्वयं सुषखायो भवेम तरन्तो विश्वा दुरिता स्याम ।।

इयं सा भूया उषसामिव क्षा यद्य क्षुमन्तः शवसा समायन् ।

अस्य स्तुतिं जरितुर्भिक्षमाणा आ नः शग्मास उपयन्तु वाजाः ।।

અન્ય સંહિતાઓ, બ્રાહ્મણો[૨] તથા ઉપનિષદો[૩]માં પણ 'સ્તોત્ર શબ્દ જોવા મળે છે. નિરુકતમાં પણ ઘણી જગ્યાએ સ્તોત્ર શબ્દનો વિનિયોગ થયેલો[૪] જોવા મળે છે. તેમાં સ્તોત્રના પર્યાય રૂપે 'સંસ્તવ' શબ્દનો પ્રયોગ પણ થયેલો છે. આર્ષ મહાકાવ્ય રામાયણ અને મહાભારતમાં અનેક સ્થળે 'સ્તોત્ર' શબ્દ મળે છે.

ततो देवर्षिगन्धर्वाः सरुद्राः साप्सरोगणाः ।।

स्तुतिभिर्दिव्यरूपाभिस्तुष्टुवूर्मधुसूदनम् ।।

राजानं स्तुवतां तेषामुदात्ताभिहिताशिषाम् ।

प्रसादाभोगविस्तीर्णः स्तुतिशब्दो ह्यवर्तत ।।[५]

મહાભારતમાં'સ્તોત્ર' [૬] 'સ્તવ' જેવા શબ્દો અનેકવાર વપરાયેલા છે. શ્રીમદ્ભગવદ્ગીતામાં 'સ્તુતિ' નો પ્રયોગ અનેકત્ર થયો છે.

अभी हि त्वां सुरसङ्घा विशन्ति केचिद्भीताः प्राालयो गुणन्ति ।

स्वस्तीत्युक्त्वा महर्षिसिद्धसङ्घाः स्तुवन्ति त्वां स्तुतिभिः पुष्कलाभि ः ।।[७]

આ ઉપરાંત પુરાણોમાં પણ અનેક સ્થળે આ શબ્દ ઉપલબ્ધ થાય છે.

तस्य तच्चेतसो देवः स्तुतिमित्थं प्रकुर्वतः ।

आविर्बभूव भगवान् पीताम्बरधरो हरिः ।।[८]

સંસ્કૃત મહાકાવ્યોમાં પણ 'સ્તુતિ' શબ્દ અનેકવાર વપરાયેલો જોવા મળે છે. આ પ્રમાણે 'સ્તોત્ર' શબ્દની પરંપરા વૈદિક કાળથી અવિચ્છિન્ન રૂપે પ્રવાહિત થતી રહી છે.

## ૨. સ્તોત્રઃ વ્યુત્પત્તિ અને અર્થઃ-

" ष्टुञ् स्तुतौ " ધાતુથી " क्तिन् " ભાવથી " क्तिन् " પ્રત્યય કરવાથી સ્તુતિ શબ્દ નિષ્પન્ન થાય છે. " स्तवनं स्तुतिः " અર્થાત્ તેનો અર્થ સ્તવન અર્થાત પ્રશંસા, સ્તોત્ર, ઇડા,ઇત્યાદિ છે. વિવિધ શબ્દ કોશોમાં સ્તુતિ શબ્દના અર્થ ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો છે. અમરકોષ પ્રમાણે સ્તોત્રનો અર્થ સ્તવ, સ્તોત્ર અને નુતિ, થાય છે.[૯] હલાયુધકોશમાં અર્થવાદ, પ્રશંસા, સ્તોત્ર, ઇડા, નુતિ, વિકત્થન, સ્તવ, શ્લાઘાવર્ણના વગેરે સ્તોત્રના પર્યાય શબ્દો આપવામાં આવેલ છે. [૧૦] બાણભટ્ટના" શબ્દરત્નાકર " માં પ્રશંસા, નુતિ, ઇડા વગેરે શબ્દો સ્તોત્ર શબ્દના પર્યાયરૂપે જોવા મળે છે. વૈજયન્તી કોશ અનુસાર શસ્ત્ર, સામ અને સ્તોત્ર શબ્દો સ્તોત્રના અર્થમાં જોવા મળે છે.[૧૧]

ઋગ્વેદમાં 'સ્તોત્ર' જુદાં-જુદાં કાર્યો માટે વપરાયેલો છે. વિવિધ દેવતાઓને ખુશ કરવા માટે ઋષિઓએ પ્રસંશારૂપે વિવિધ મંત્રો દ્વારા સ્તુતિ કરી છે. દૈવતકાંડમાં યાસ્કે જણાવ્યું છે કે "જેમની સ્તુતિ, મંત્રો અથવા સૂક્તોમાં વિશેષ રૂપે કરવામાં આવી છે, તે દેવતાઓના નામનું સંકલન દૈવતકાંડમાં કરવામાં આવ્યું છે."[૧૨] અર્થાત્ અહીં સ્તુતિ શબ્દ નામ, ગુણ, કીર્તનનાં અર્થમાં પ્રયોજાયેલો છે. દુર્ગાચાર્યે "स्तुतिः नामरूपकर्मबन्धुभिः" દ્વારા સ્તોત્રના સ્વરૂપનો નિર્દેશ કર્યો છે. દરેક ઋષિ કોઈને કોઈ દેવતાના સ્તોત્રનો પાઠ કરે છે. આ સ્તોત્રમાં તેની કોઈને કોઈ ઈચ્છા છૂપાયેલી હોય છે. તે વિચારે છે કે હું અમુક વસ્તુ માટે સામર્થ્યવાન બની જાઉં અને આ ઈચ્છાપૂર્તિ માટે તે પોતાના આરાધ્ય દેવનું સ્તવન કરવા લાગે છે. વિષ્ણુસહસ્ત્રનામસ્તોત્રમાં "સ્તવ્ય" શબ્દ સ્તુતિ કરવા યોગ્ય અર્થમાં આપવામાં આવ્યો છે.

स्तव्यः स्तवप्रियः स्तोत्रं स्तुतिः स्तोता रणप्रियः।
पूर्णः पूरयिता पुण्यः पुण्यकीर्तिरनामयः ।।[१३]

સ્તોત્રમાં પોતાના આરાધ્યદેવના વિવિધ ગુણોનું કીર્તન અને ગાયન કરવામાં આવે છે. આચાર્ય મધુસૂદને પોતાની વ્યાખ્યામાં ગુણકથનને સ્તોત્ર કહ્યું છે.[૧૪]

દેવીભાગવતપુરાણમાં દુર્ગાના અભિધાનના રૂપમાં તથા શ્રીમદ્ભાગવતપુરાણમાં એક સ્થળ પર

**પ્રતિહર્તાની પત્નીને માટે સ્તુતિ શબ્દનો પ્રયોગ થયેલો છે.**

प्रतीहात्सुवर्चलायां प्रतिहर्त्रा दयस्त्रय आसन्निज्याकोविदाः ।

सूनवः प्रतिहर्तुः स्तुत्या मजभूमानावजनिषाताम् ।। [१५]

**આશીષના અર્થમાં પણ સ્તોત્ર શબ્દનો પ્રયોગ થયેલો જોવા મળે છે.**

**આ પ્રમાણે સ્તોત્રમાં પોતાના આરાધ્ય દેવના ગુણો, સંકીર્તન, સ્તવનની સાથે-સાથે સ્તોત્રની ધન-સંપત્તિ, ઐશ્વર્યની કામના પણ રહેલી છે.**

## ૩. સ્તોત્રના પર્યાયવાચી શબ્દો :-

**પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાં મન્ત્ર, છન્દ, અર્ક, અર્ચ, સ્તોમ, સ્તવ, ઋચા, યજુ, સામ વગેરે શબ્દો સ્તોત્રના પર્યાય ગણવામાં આવ્યા છે.** मन् **ધાતુથી** मन्त्र **શબ્દ નિષ્પન્ન થાય છે. "**मन्**" નો પ્રયોગ જ્ઞાન, વિચાર અને સત્કાર આ ત્રણ અર્થોમાં થાય છે. યાસ્કે આ ત્રણે અર્થોમાં "**मन्**"શબ્દના પ્રયોગને જોઈને તેનું નિર્વચન કર્યું છે. "** मन्त्राः मननात् । मन्**"ધાતુથી ઉત્પન્ન થયેલ "**मन्त्र**" શબ્દ જ્ઞાનના અર્થમાં પ્રયોજાય છે. – "**दैवादिकमन्धातोर्मन्यते ज्ञायतेऽनेनेति मन्त्रः, ईश्वरीयादेशा अनेन ज्ञायन्ते इति भावः । [१६] मन् **ધાતુથી ઉત્પન્ન મંત્ર શબ્દનો પ્રયોગ સત્કાર, સ્તુતિ, પૂજા વગેરે અર્થમાં થાય છે. ઋગ્વેદ, અથર્વવેદ અને તૈત્તિરીયસંહિતામાં આ શબ્દનો પ્રયોગ '**प्रार्थना**' અર્થમાં થયેલો છે. '**छद्**'ધાતુથી '**छन्द**' શબ્દ ઉત્પન્ન થાય છે. '**छन्दांसि छादनात्**' નિઘંટુમાં આ શબ્દનો પ્રયોગ સ્તુતિ અર્થમાં થાય છે. સ્તોત્ર શબ્દ** स्तवनार्थक ष्टुञ् **ધાતુથી ઉત્પન્ન થાય છે '**स्तोम् स्तवनात्**' 'ઋચા' શબ્દ સ્તુત્યર્થક** ऋच-**સ્તુતૌ ધાતુમાંથી ઉત્પન્ન થાય છે.'**ऋचन्ति स्तुवन्तीति ।**'**

**શુકલ યજુર્વેદનાં પ્રથમ મંત્રની વ્યાખ્યામાં મહીધરે ઋચાને સ્તુત્યર્થક માની છે. ઋગ્વેદ અને અથર્વવેદમાં '**अर्क**' શબ્દ સ્તુતિ, સ્તોત્ર, સૂકત અને સંગીતના અર્થમાં પ્રયોજાયેલો છે. સ્તોત્રકર્તા અથવા સ્તોત્રગાયકના માટે પણ '**अर्क**'શબ્દ આવે છે. ભટ્ટિકાવ્યમાં '**अर्जे**' નો પ્રયોગ સ્તોત્રના અર્થમાં લેવામાં આવ્યો છે.[૧૮]**

**'**जरा**' શબ્દ પણ સ્તોત્રના પર્યાયરૂપ છે. ઋગ્વેદમાં સ્તુતિના અર્થમાં આ શબ્દ પ્રયોજાય છે. યાસ્કે નિરુકતમાં આ શબ્દનો પ્રયોગ કર્યો છે. [૧૯] સ્તોતાના અર્થમાં '**जरिता**'શબ્દ મળે છે.[૨૦] '**इड-स्तुतौ **'ધાતુથી ઉત્પન્ન '**ईडा**'શબ્દ સ્તુતિ અર્થમાં પ્રયોજાય છે. પ્રાચીન અને અર્વાચીન બંને પ્રકારના કવિઓએ આ શબ્દનો**

**પ્રયોગ કરેલો જોવા મળે છે. ઋગ્વેદના પ્રથમ મંત્રમાં આનો વિનિયોગ થયેલો છે. – '**अग्निमीळे पुरोहितम्**' ઋગ્વેદ સિવાય અથર્વવેદ, વાજસનેયિસંહિતા, રામાયણ વગેરેમાં આ શબ્દનો સ્તોત્ર અર્થમાં ઉપયોગ થયેલો છે. શ્રીમદ્‌ભાગવતમાં ઘણાં સ્થળે આ શબ્દનો ઉપયોગ થયેલો છે.**

'एवं हिण्याक्षमसह्यविक्रमं स सादयित्वा हरिरादिसूकरः ।

जगाम लोकं स्वमखण्डितोत्सवं समीडितः पुष्कररविष्टरादिभिः ।।

ईडितो भगवानेवं कपिलाख्यः परः पुमान् । वाचाविक्लवयेत्याह मातरं मातृवत्सलः ।।

ते विष्णुपार्षदाः सर्वे सुनन्दकुमुदादयः । मूर्ध्नि बद्धाञ्जलिपुटा आसीनं तीव्रतेजसाम् ।।

ईडिरे नरशार्दूलं नातिदूरचराः पृथक् ।।[२१]

णु स्तुतौથી 'क्तिनं' **પ્રત્યયના યોગથી ઉત્પન્ન શબ્દ '**नुति**'સ્તોત્રનો પર્યાય છે. ભર્તૃહરિ, બાલરામાયણ તથા નૈષધચરિત મહાકાવ્યમાં આનો પ્રયોગ થયેલ છે. અમરકોશમાં આને સ્તુતિનો પર્યાય માનવામાં આવ્યો છે.[૨૨] ઉપરોક્ત શબ્દો સિવાય વિકત્થન, સ્તવ, સ્તોત્ર, સંગધા, સંશા, સ્તવન વગેરે શબ્દો પણ સ્તુતિના પર્યાયરૂપે પ્રયોજાયેલા જોવા મળે છે.**

## ૪. સ્તુત્યર્થક ધાતુઓ :-

**સૌ પ્રથમ આચાર્ય યાસ્કે નિઘંટુમાં ૪૪ સ્તુત્યર્થક ધાતુઓનો નિર્દેશ કરેલો છે. જે નીચે પ્રમાણે છે.**

'अर्चति, गायति, रेभति, स्तोभति, मूर्धयति, गृणाति, जरते, घ्वयते, नदति, पृच्छति, रिहति, धमति, कृणयति, कृपण्यति, पनस्यति, पनायते वलूयति, मन्दते, भन्दरेति, छन्दति, छदयते, शशमानः, रजयति, रजयति, शंसति, स्तौति, यौति, रौति, नौति, भणति, पणायति, पणते, सपति पमृक्षा, मघ्यति, वाजयति, पूजयति, मन्यते, नदति, रसति, वेनति, मन्द्रयते, पल्यति ।[२३]

**આ ઉપરાંત અધ્યેષ્ણા અર્થમાં ચાર ધાતુઓનો[૨૪] તથા પ્રાર્થના અર્થમાં ૧૭ ધાતુઓનો ઉલ્લેખ કર્યો છે.[૨૫] પાણિનીય ધાતુપાઠમાં લગભગ ૧૯ સ્તુત્યર્ધક ધાતુઓનો નિર્દેશ મળે છે. સિદ્ધાંત કૌમુદી અનુસાર આનો વિનિયોગ નીચે પ્રમાણે છે.**

### સિદ્ધાંત કૌમુદીમાં ધાતુસંખ્યા

| | | |
|---|---|---|
| ૧ | अर्चस्तवने | ૧૭૬૮ |
| ૨ | अर्कपूजायाम् अर्चपूजायाम् | ૧૯૪૭ |
| ૩ | ईड स्तुतौ | ૧૦૮૯ |
| ૪ | ऋच-स्तुतौ | ૧૩૮૬ |
| ૫ | कत्थश्लाघायाम् | ૩૭ |
| ૬ | गा स्तुतौ | ૧૧૮૧ |
| ૭ | चाजृपूजानिशामनयोः | ૯૪૪ |
| ૮ | णुस्तुतौ | ૧૧૧૦ |
| ૯ | दिवुक्रीडाविजिगीषा व्यवहार द्युति मोहमद स्वप्नक्रान्तिगतिषु | ૧૧૦૨ |
| ૧૦ | पणपन व्यवहार स्तुतौ च | ૪૬૯,૪૭૦ |
| ૧૧ | भजसेवायाम् | ૧૦૬૭ |
| ૧૨ | मदि स्तुति मोद मदस्वप्नक्रान्तिगतिषु च | ૧૩ |
| ૧૩ | मह पूजायाम् | ૭૭૬ |
| ૧૪ | यजदेवपूजा संगतिकरणदानेषु च | ૧૦૭૧ |
| ૧૫ | वदि अभिवादन स्तुत्योः | ૧૧ |
| ૧૬ | वर्ण क्रियाव्यवहारगुणवचनेषु च | ૨૦૮૮ |
| ૧૭ | शंस् स्तुतौ | ૭૭૪ |
| ૧૮ | ष्टुञ्स्तुतौ | ૧૧૧૮ |
| ૧૯ | स्तोम श्लाघायाम् | ૨૦૭૨ |

## ૫. સ્તોત્ર, પ્રાર્થના, યાચના અને ઉપાસના :-

**સ્તોત્રમાં પ્રાર્થના, યાચના કે ઉપાસનાનો અંશ હોય છે. ભકતકવિ પોતાના આરાધ્યદેવ પાસે વિવિધ યાચનાઓ કરે છે. આવી યાચનાઓમાં ભકતહ્દયનું કારુણ્ય કે થોડા અંશે કાકલૂદીની પણ અનુભૂતિ થાય છે.**

- **ક્ષમાયુકત પ્રાર્થના :-**

ભકત કવિ પોતાના ઇષ્ટદેવ સમક્ષ પોતાના દૂષણો કે અપરાધોનું નિષ્કપટ રીતે નિવેદન કરી ક્ષમા યાચે છે. "દેવ્યપરાધક્ષમાપન, દત્તાત્રેયપરાધક્ષમાપન, શિવાપરાધક્ષમાપન" વગેરે સ્તોત્રોમાં આ ભાવ કેન્દ્રવર્તી હોય છે. જેમ કે " પ્રૌઢ યુવાવસ્થાએ પહોંચતા પંચવિષયરૂપ સર્પોએ મારા મર્મસ્થાનને દંશ દીધો. મારો વિવેક નષ્ટ થઈ ગયો અને ધન, સ્ત્રી, સંતાન વગેરેના સુખભોગોમાં હું આસકત બન્યો. આવા સમયે પણ આપનું ચિંતન કરવાનું ભૂલીને મારું હૃદય ભારે ઘમંડથી ભરાઈ ગયું. તેથી હે શિવ ! હે મહાદેવ ! તમે મારો આ અક્ષમ્ય અપરાધ ક્ષમા કરો." [૨૬] આવા ઉદ્‌ગારોમાં પોતાની રક્ષા કરવાનો દીનતાભર્યો પોકાર સંભળાય છે.

- **રક્ષાયુકત પ્રાર્થના :-**

પ્રાર્થના બે પ્રકારની છે. સમષ્ટિગત અને વ્યકિતગત. સમષ્ટિગત પ્રાર્થના આશીર્વાદાત્મક હોય છે. જેમાં 'આ દેવ આપની રક્ષા કરે" એવી – નિરૂપણશૈલી હોય છે. 'સૂર્યશતક', 'ચંડીશતક',' વક્રોકિતપંચાશિકા' વગેરે સ્તોત્રોમાં આ શૈલીના પ્રયોગ દ્વારા અન્ય માટે રક્ષાયાચના થયેલી છે. સ્તોત્રકાર પોતાની રક્ષા માટે પણ પ્રાર્થના કરે છે. અપાર સંસાર સાગરમાંથી રક્ષા કરવા શંકરાચાર્ય કૃષ્ણને વિનંતી કરે છે.[૨૭] યમરાજના વિકરાળ મુખના દર્શનથી, ભયથી આ શરીર પંચત્વ ન પામી શકે, ત્યાં સુધી રક્ષા કરવા એક કવિ જાણે કરૂણ રૂદન કરે છે.[૨૮] પ્રહલાદ, ગોકુલ, ગજેન્દ્ર, પરીક્ષિત વગેરેની જેમ પોતાની રક્ષા કરવા કવિ વેદાંતદેશિક દેવલોકના અધિપતિ વિષ્ણુને વિજ્ઞપ્તિ કરે છે.[૨૯] વળી, હે રઘુવીર ! હે શ્યામ !, સીતારૂપી વીજળીથી સંયુકત અને કરૂણામૃત વરસાવનાર આપને જોઈને શું મયુર નૃત્ય નથી કરતાં ! અથવા ચાતક મદોન્મત નથી બનતો ? તેથી હેસ્વામી ! 'આપ રક્ષા કરો' એમ મંડૂકની જેમ રુદન કરું છું . [૩૦]

- **દયા-કરુણાયાચના :-**

ઇષ્ટદેવતાનું સ્વરૂપ તો અચિંત્ય છે. તેથી સ્તોત્ર કવિ તેમની પાસે માત્ર કૃપા યાચે છે. 'તારું વ્યાપકત્વ અને સૂક્ષ્મત્વ જાણવું ગહન હોવાથી અંતઃકરણમાં ચિંતન શકય નથી. તેથી હે સૂર્ય, તુ સ્વયં મારા ઉપર પ્રસન્ન થા.[૩૧] ક્યાંક કવિ મૂકિતપૂર્વક દયાની ભિક્ષા માગે છે. "તારા સિવાય હું સનાથ નથી અને મારા સિવાય તું દયાળું નથી. વિધિનિર્મિત આ અન્વય છે, તેથી હે ભગવત્, મારી

રક્ષા કર, તું મારો ત્યાગ ન કર'[૩૨]વળી આ પાપી છે, ખલ છે, એમ કહી મારો ત્યાગ કરવો તને ઉચિત નથી. જેને કોઈ ભય નથી. તેની રક્ષાનો શો અર્થ ? હું દુર્જન, અધમ અને પાપી છું, પરિણામે હું જ માત્ર તારી દયાને પાત્ર છું.[૨૩]

કરૂણતાભરી વાણીમાં કાકલૂદીનો સૂર હ્દયદ્રાવક બને છે. હે કરુણાસાગર પ્રિયતમ ! આ અયોગ્ય માણસ ઉપર પણ આપ અવશ્યકૃપા કરો. મુખમાં અંગૂઠો ઘાલીને આ જીવ આર્તસ્વરે વિલાપ કરી રહ્યો છે. આથી હે સ્વામી, કરુણાનો એક નાનકડો કણ અવશ્ય ફેંકો. અતિમંદબુદ્ધિ હું ક્રંદન કરતો, દીનવાણીમાં આપને પ્રાર્થુ છું કે આપ કરુણાપૂર્ણ હ્દયથી મારા ઉપર કરુણાની એક નાનકડી લહરી અવશ્ય રેલાવી દો.[૩૪] જગન્નાથની 'કરુણાલહરી'' દેવાંતદેશિકકૃત 'દયાશતક' જેવા સ્તોત્રો તો શીર્ષકાનુસાર દયાયાચનાને જ કેન્દ્રવર્તી બનાવે છે.

## ● પાપ, અજ્ઞાન, તાપ અને નરકના નાશ માટેની પ્રાર્થના :-

શંકરાચાર્યના 'યમુનાષ્ટક'માં પદે પદે પવિત્રતાની પ્રાર્થના યાચના જોવા મળે છે. સામ્બકવિ 'સામ્બપંચાશિકા' ના શ્લોક ૩૬ માં અજ્ઞાનનાશ અને પ્રકાશ પ્રાપ્તિ માટે તલસાટ વ્યકત કરે છે. અવતાર કવિના 'ઈશ્વરશતક' (શ્લોક-૮) માં પરમાત્મા દુર્ગતિનાશક બને, એવી કામના વ્યકત થઈ છે. આચાર્ય ચૈતન્ય'જગન્નાથાષ્ટક' ના શ્લોક-૮માં પ્રભુને પ્રાર્થે છે. 'સુધાલહરી'માં તાપ, પાપ અને અજ્ઞાન નષ્ટ કરવા સૂર્યને વિનંતી કરે છે. વાદિરાજના 'પ્રાર્થનાદશક' ના બધા શ્લોકોમાં દેવ પાસે કોઈને કોઈ યાચના કરવામાં આવી છે.

## ● દર્શનેચ્છા :-

શંકરાચાર્ય દેવીને સંબોધી કહે છે. 'આપનું કૃપાકટાક્ષ યુકત દર્શન મને સત્વર આપો'[૩૫] 'કૃષ્ણાષ્ટક' ના પ્રત્યેક શ્લોકમાં 'શરણીય કૃષ્ણ મારા નેત્રોના વિષય થાઓ', એમ કહી આચાર્ય શંકર દર્શનેચ્છા વ્યકત કરે છે. ચૈતન્યાચાર્ય કહે છે. 'હું રાજય, કનકમાણિકય, વૈભવ તેમજ સુંદર વધુ યાચતો નથી, પરંતુ સદૈવ જગન્નાથ મારા દષ્ટિમાર્ગમાં રહે',[૩૬] રૂપ ગોસ્વામીકૃત 'કાર્પણ્યપંજરિકાસ્તોત્ર' ના શ્લોક ૨૮ થી ૪૨માં અત્યંત હીન વચનોમાં કૃષ્ણ-રાધાના દર્શનની ઝંખના વ્યકત થઈ છે.

## ● ભકિત યાચના :-

કવિ કુલશેખર 'મુકુન્દમાલાના શ્લોક ૧૧માં ભગવાન પાસે ભકિતરૂપી નૌકાની જ યાચના કરે છે. ભટ્ટ નારાયણ 'સ્તવચિંતામણિ' નાં શ્લોક ૫૮ માં ભકિતદીપિકા બોધદીપિકા બને, એવી કામના વ્યકત કરે છે. આચાર્ય ચૈતન્ય 'શિક્ષાષ્ટક' માં શ્લોક ૮માં કહે છે.: 'હું ધન, જન, સુંદરી કે કવિતાની કામના રાખતો નથી. પણ પ્રતિજન્મ નિર્હેતુક ભકિતની જ યાચના કરું છુ'.

## ● દેવતા પાસે રહેવાની ઉત્સુકતા :-

ભકત તો સદૈવ દેવતા પાસે સેવક રૂપે રહેવા ઝંખે છે. આચાર્ય યામુન કહે છે–'હે મહેશ, ક્રોધથી તરછોડવામાં આવેલું બાળક જેમ માતાના ચરણોને છોડતું નથી તેમ તું મારો તિરસ્કાર કરે તો પણ, હું તારા ચરણકમળ છોડવા સમર્થ નથી''[૩૭] વાદિરાજના 'હર્ષષ્ટક–ના શ્લોક ૫, ચૈતન્યકૃત 'શિક્ષાષ્ટક'ના શ્લોક –૫, મુક કવિની 'પંચશતી'ના શ્લોક ૮૫, જગન્નાથરચિત 'ગંગાલહરી'ના શ્લોક ૪૩–૪૬ ઈત્યાદિમાં આવી ઝંખનાની ભાવમયી અભિવ્યકિત થઈ છે.

## ● મોક્ષની અનિચ્છા :-

વેદાંતદેશિક 'વરદરાજપંચાશત્–ના શ્લોક ૨૯માં કહે છે, 'હે વરદરાજ ! તારામાં ભાવથી બંધાયેલ વ્યકિત મોક્ષની કામના પણ છોડી દે છે'. રૂપ ગોસ્વામી વડે સંપાદિત 'શ્રીપદ્યાવલી' ના શ્લોક ૧૧૦ થી ૧૧૩માં મોક્ષનો અનાદર કરતા ભકતોનો ઉલ્લેખ થયો છે. નીલકંઠ દીક્ષિત –આનંદસાગરસ્તવ'ના શ્લોક –૫૨ માં આરાધ્યને કહે છે : 'જો તારો સહવાસ ન હોય, તો મોક્ષની પણ મને ઈચ્છા નથી.' પં.જગન્નાથ પણ 'ગંગાલહરી' ના શ્લોક–૬માં કહે છે કે માતા ગંગાના અમૃતથી પણ વધારે મધુર જળનું પાન કરનાર માણસોનો આનંદ મોક્ષમાર્ગને પણ હસી કાઢે છે.

## ● મોક્ષ અને ઉદ્ધાર માટેની ઉપાસના :-

સિદ્ધસેન દિવાકર 'કલ્યાણ મંદિર'ના શ્લોક–૪૧માં સંસારસાગરમાં પોતાનું રક્ષણ કરી ઉદ્ધાર કરવા ભગવંતને પ્રાર્થે છે.' સ્તોત્રરત્ન'ના શ્લોક–૨૫માં વેદાંતદેશિકની ઉદ્ધારયાચના ચાતુર્યપૂર્ણ છેઃ 'હું સર્વ દુઃખો સહન કરીશ, પણ હે સ્વામી ! તમારે શરણે આવેલાઓનો પરાભવ તને અનુરૂપ નથી?' જગન્નાથની 'ગંગાલહરી' ના ઘણાં પદોમાં મોક્ષ–ઉદ્ધારની યાચના હૃદયસ્પર્શી છે. કવિ કહે છેઃ હે માતા ! આટલા સમય સુધી મને એવો કોઈ મળ્યો નથી, જેનો સત્વર ઉદ્ધાર કરવાથી જગતને

અત્યંત આશ્ચર્ય થાય' એવી આ ચિરકાળથી તારા મનમાં રહેલી કામનાને સફળ કરવા માટે હું આવ્યો છું, મારો ઉદ્ધાર કર.[૩૮]

આમા સ્તોત્ર, પ્રાર્થના, યાચના અને ઉપાસના એકબીજાના પૂરક છે. આ રીતે સ્તોત્રનું મૂળ પ્રાર્થનામાં અને પ્રાર્થનાનું મૂળ ઉપાસનામાં હોય છે અને આ ગુણોથી યુકત ભકત સદ્યઃ દુષ્કર માયાને પાર કરીને ભગવત્ ચરણને પ્રાપ્ત કરે છે.

## (૬) સ્તોત્ર અને ભકિતનો સંબંધ :-

ભકિતમાર્ગની આછેરી ઝાંખી છેક વેદયુગથી થાય છે. ભાગવત વગેરે પુરાણગ્રંથો દ્વારા 'નવધા' સ્વરૂપે વિસ્તરી, પરિપુષ્ટ થઈ, ઉત્તરકાલીન વિભિન્ન સંપ્રદાયોની માધુર્યોપાસના અને રાગાત્મિકતાથી સંપન્ન બનીને ભકિતમાર્ગે વિવિધ સ્વરૂપ નિષ્પન્ન કર્યા. સ્તોત્રમાં ભકત, ભગવાન અને ભાષાનો ત્રિવિધ સંગમ સધાતો હોઈ તે મુખ્યત્વે ભકિતકાવ્યનું સ્વરૂપ ધારણ કરે છે. ભકિતનાં મૂળગામી તત્ત્વોનો સમાવેશ 'સ્તોત્ર'માં વિવિધિ રૂપે થયો છે.

સ્તોત્રકારમાં 'ભકત અને કવિ'નાં બે રૂપોનો સમન્વય થાય છે. અગમ, અગોચર પરમ તત્વને સગુણ ઇષ્ટદેવતા કલ્પી, શ્રદ્ધા-વિશ્વાસ અને પ્રેમ સંયુકત ભકિતભાવે કાલીઘેલી વાણીમાં ભકત તેમનું સ્તવન કરે છે, પોતાની દીનતા વ્યકત કરે છે. કવચિત સ્તોત્રકાર જીવ અને જગતની દુરવસ્થાના સંદર્ભમાં ઇષ્ટદેવતાને પરબ્રહ્મ સ્વરૂપે નિહાળે છે, નિરૂપે છે. પરિણામે સ્તોત્રોમાં પાંચ રૂપોનો સમન્વય સધાય છેઃ ભકિત, સ્તુતિ, પ્રાર્થના, દર્શન અને કાવ્ય.

## ● ભકિતનું સ્વરૂપ :-

'भज्' ધાતુમાંથી 'भक्ति' શબ્દ નિષ્પન્ન થયો છે. આનો અર્થ થાય છે ભગવાનની સેવા. ભગવદ્સેવાની ઉત્કંઠાથી પરમતત્ત્વ કે એના સ્વરૂપભૂત અન્ય દૈવીતત્વ પ્રતિ ભકતના દિલમાં શ્રદ્ધા સમન્વિત રાગમયી-રસમયી આસકિતના પ્રાદુર્ભાવથી સહજ વાસ્તવિક ભકિતનો જન્મ થાય છે. ભાગવતમાં પોતાના સગાઓ ઉપર વારંવાર કૃપા કરવા માટે કુંતિ કૃષ્ણની ભકિતમાં લીન બને છે. શ્રીકૃષ્ણના ચરણોમાં તેની નિષ્ઠા અવિચલ બની જાય છે.

त्वयि मेऽनन्यविषया मतिर्मधुपतेऽसकृत ।

इतिमुद्धतादद्धा गङ्गेवौधमुदन्वति ।।[३९]

ભકત પોતાના દેવના મહિમાને સ્તોત્રના માધ્યમ દ્વારા પ્રગટ કરે છે. ભકિત રસના સરોવરમાં અનાયાસ ડૂબકી મારીને તેની વાગ્ધારા દ્વારા સ્તોત્ર ગાવામાં લાગી જાય છે.ભકતરાજ હનુમાન અન્ય કિંનરો સાથે ભકિતથી વિહ્વળ બની સ્તુતિ કરે છે.

यत्तद्धिशुद्धानुभवमात्रमेकं स्वतेजसा ध्वस्तगुणव्यवस्यम् ।

प्रत्यक् प्रशान्तं सुधियोपलम्भनं ह्युनामरूपं निरहं प्रपद्ये ।।[४०]

પોતાના સર્વ કર્મો પરમાત્માને અર્પણ કરી તેમના સ્મરણમાં વ્રજગોપીઓની જેમ વ્યાકુળ થવું તે જ ભકિત છે [૪૧] આવી વ્યાકુળતા ભાગવતકાર વર્ણવે છેઃ "જ્યારે (કોઈક) ગ્રસ્તની જેમ કયારેક હસે, કયારેક રૂદન કરે, ધ્યાન કરે, કયારેક પ્રણામ કરે અને વારંવાર દીર્ઘ નિઃશ્વાસ નાખી, નિઃસંકોચ આત્મબુદ્ધિથી 'હે હરે! હે જગત્પતે ! હે નારાયણ !' કહે ત્યારે ભકિતનો ઉદ્રેક જાણવો".[૪૨] આરાધ્ય પ્રતિ અસીમ પ્રેમ અને દાસ્યથી સંપન્ન એકાંતિક ભકિત શ્રેષ્ઠ છે. ઇષ્ટદેવતા પ્રતિ સ્વાભાવિક પ્રેમ, પૂર્ણ આવેશ અને તન્મયતાથી યુકત ભકિત જ રાગાત્મિકા ભકિત છે.[૪૩] આવી ભકિત જ ઉત્તમ મનાય છે. નિશ્ચલ અનન્ય પ્રેમ ભકિતનો પ્રાણ છે. તે ભકતના પ્રેમસભર હૃદયમાં આરાધ્ય પ્રતિ મમત્વ જન્માવે છે. ભકિત અને જ્ઞાનના સંબંધ પરત્વે કેટલાકે ભકિતને જ્ઞાનનું સાધન માન્યું, જ્યારે કેટલાક બંનેને પરસ્પર આશ્રિત માને છે. પરંતુ મહર્ષિ નારદ ભકિતને કર્મ, જ્ઞાન અને યોગથી પણ શ્રેષ્ઠતર કહે છે.[૪૪] સિદ્ધસેન દિવાકરનું પણ કથન છે કે ભકિતભાવ વિનાની શ્રવણ, દર્શન, પૂજન ઇત્યાદિ ક્રિયાઓ નિષ્ફળ જાય છે.

- **સ્તોત્રસર્જનનું મૂળ તત્ત્વ ભકિત :-**

ભકિતભાવથી પ્રેરિત ભકતકવિ ઇષ્ટદેવતા સમક્ષ ઉપસ્થિત થાય છે. તે પ્રસંગે ભકતકવિની અનુભૂતિનું વાણી સ્વરૂપ તે સ્તોત્ર દૈવી તત્ત્વ પ્રત્યેની ભકિત જ કવિને મુખરિત કરે છે. ભગવાનનું નિર્વ્યાજ વાત્સલ્ય જ ભકતકવિને બળપૂર્વક સ્તોત્ર રચના માટે પ્રેરે છે. સ્તોત્રકવિને મન તો આરાધ્યની ભકિત જ ચિંતામણિસ્વરૂપ, નયનાંધકાર દૂર કરનાર પરમ અંજનરૂપ, અમૃતથી પણ અધિક સ્વાદિષ્ટ અને પરમતત્ત્વના જ્ઞાનના હેતરૂપ છે.[૪૫] વેદત્રયીની જેમ ભકિત મોક્ષના કારણરૂપ છે, સંસારના સારરૂપ છે. આથી ભકતકવિ તો આરાધ્ય પ્રત્યે સદૈવ નિચ્છલ ભકિતની જ કામના સેવે છેઃ ધર્મ, ધન કે કામોપભોગમાં મારી આસ્થા નથી. જે થવાનું હોય તે થાય, પરંતુ જન્મજન્માંતરોમાં મારી

**નિચ્છલ ભક્તિ તારા ચરણોમાં રહે એ જ કામના, તારી ભક્તિ જ ભવજલધિમાંથી મને અવશ્ય તારશે.[૪૬] ભક્તિયોગ વિના અચિંત્ય, ધ્યાનાતીત અને પરબ્રહ્મ સ્વરૂપ પરમ તેજની પ્રાપ્તિ શક્ય નથી પરિણામે આરાધ્ય ભગવાન પાસેથી પણ તે નિર્મળ ભક્તિની જ આકાંક્ષા રાખે છે.**

**સ્તોત્રની રચનાનું પ્રેરકબળ ભક્તિ છે. એનું પ્રમાણ સ્તોત્ર કવિઓના કથન છે. આનંદવર્ધને દેવી ભક્તિથી પોતાના શતકસ્તોત્રની રચના કરીઃ**

येनानन्दकथायां त्रिदशानन्दे च लालिता वाणी ।

तेन सुदुष्करमेतत्स्तोत्रं देव्याः कृतं भक्त्या ।।[૪૭]

**મધુસૂદન સરસ્વતી પોતાના સ્તોત્રના અંતે ભક્તિરૂપી મંદાકિની તાપ દૂર કરે, એવી કામના વ્યક્ત કરે છે. એમાં કવિની ભક્તિ નિષ્ઠા અભિવ્યક્ત થઈ છે. આમ, ભક્તિ ભાવનાથી ભક્તકવિનો હૃદયોદ્‌ગાર સ્તોત્ર રૂપે પ્રગટે છે.**

येयं कृष्णपदाब्ज भक्तिवसुधापातालमालम्बिता ।

सा तापं मम सर्वतः प्रशमयत्वानन्दमन्दाकिनी ।। [૪૮]

- ## સ્તોત્રમાં ભક્તિ તત્ત્વોનું મિશ્રણ :-

**ભક્તિનું એક મુખ્ય અંગ છે ઉપાસના.**'उपगम्य आसनं इति उपासना'**સમીપ જઈને બેસવું એ ઉપાસનાનો સામાન્ય અર્થ થાય છે. કોશગ્રંથો તેમજ પુરાણોમાં ઉપાસનાની અનેક વ્યાખ્યાઓ મળે છે. મન, વચન, અને કર્મથી હંમેશ સર્વ અવસ્થાઓમાં આરાધ્યની સમીપ રહી તેની સેવા કરવી તેને ઉપાસના કહે છે. ઉપાસક, ઉપાસ્ય તેમજ ઉપાસના ત્રણે વિભિન્ન સ્વરૂપો ધરાવતાં હોઈ તેમના ઘણા ભેદ છે. વાસ્તવિક રીતે આત્મા કે પરબ્રહ્મ સર્વોપરિ તત્ત્વ હોઈ તે ઉપાસ્ય છે. પરંતુ એ પરમતત્ત્વનાં વિવિધ સ્વરૂપો અને અવતારોના ખ્યાલમાંથી વિવિધ દૈવી તત્વો ઉપાસ્યરૂપ બન્યા. એમાં વૈદિક પ્રાકૃતિક તત્ત્વોથી આરંભીને ત્રિમૂર્તિ (બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ) પંચાયતન, અવતારો અને પરમાત્માની શક્તિ સ્વરૂપ વિભિન્ન દેવીઓનો સમાવેશ થાય છે. આ બધાં દૈવી તત્ત્વોની ઉપાસના માર્ગ પણ વિવિધ છે. સ્તોત્ર કવિઓ વિભિન્ન દૈવી તત્ત્વોને ઉપાસ્ય માની સ્તુતિ કરતા હોઈ દેવતાનુસાર સ્તોત્રના અનેક ભેદ હોઈ શકે, જેવાં કે – વૈષ્ણવસ્તોત્ર, શૈવસ્તોત્ર, બ્રહ્માસ્તોત્ર, શાક્તસ્તોત્ર ઇત્યાદિ.**

ભકિતનું એક મહત્ત્વનું અંગ આરાધ્યની પૂજા પણ છે. 'पूज्' ધાતુમાંથી નિષ્પન્ન 'पूजा' શબ્દ પુષ્પ વગેરે દ્વારા, અર્ચના, ગંધ-માલા-વસ્ર-પાત્ર-અન્ન અને પાનાદિ દ્વારા સત્કાર સ્તવાદિ દ્વારા સપર્યા અને પુષ્પ, ફળ, આહાર તથા વસ્ત્રાદિ દ્વારા ઉપચાર ઇત્યાદિ ક્રિયાઓ આચરવાના અર્થમાં પ્રયોજાય છે. જૈનધર્મમાં પૂજાના મુખ્ય ભેદ છે. દ્રવ્યપૂજા અને ભાવપૂજા. ભકિતભાવભર્યા હૈયે ગુણસાગર ઇષ્ટદેવતાના કીર્તન, ધ્યાન, જપ અને સ્તવન એ ભાવપૂજા છે. સ્તોત્ર દ્વારા ખાસ કરીને આવી ભાવપૂજા થાય છે. હિન્દુ ધર્મમાં પૂજાના ચોસઠ, અઢાર, સોળ,દસ કે પાંચ ઉપચારો બતાવ્યા છે. વૈષ્ણવ સંપ્રદાયમાં અર્ચાવતારના આહવાન, આસન, પાદ્ય, અર્ઘ્ય, આચમન, સ્નાન, વસ્ત્ર, યજ્ઞોપવીત, ગંધ, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, તામ્બૂલ, પ્રદક્ષિણા અને વિસર્જન એ મુખ્ય સોળ ઉપચાર છે. માનસપૂજા પ્રકારનાં સ્તોત્રોમાં ભકિતકવિઓ આવા ઉપચારો દ્વારા માનસિક પૂજા કરે છે. આમ તો સ્તુતિ અને પ્રાર્થના પર્યાયવાચી માનવામાં આવે છે, પરંતુ બંને શબ્દોના અર્થ ભિન્ન ભિન્ન છે. કોઈનું પૂર્ણ યશોગાન તેમજ પ્રસંશાનું નામ સ્તુતિ છે, પરંતુ 'अर्थ उपयाग्चायाम् ધાતુમાંથી 'प्रार्थना' શબ્દ બન્યો છે. તેથી પોતાનાથી વિશિષ્ટ વ્યકિત પાસે દીનતાપૂર્વક કંઈક યાચના કરવી તે પ્રાર્થના છે. આ દષ્ટિએ સ્તુતિમાં માત્ર પ્રસંશા હોય છે, જ્યારે પ્રાર્થનામાં પ્રસંશા ઉપરાંત યાચનાભાવ પણ હોય છે. ભકતની યાચનામાં વૈવિધ્ય હોઈ પ્રાર્થનાના ઘણા ભેદ છે. ભકતના ચાર પ્રકાર છે. (૧) આર્ત (૨) જિજ્ઞાસુ (૩) અથાર્થી અને (૪) જ્ઞાની.

चतुर्विधा भजन्ते मां जनाः सुकृतिनोऽर्जुन ।

आर्तो जिज्ञासुरर्थाथी ज्ञानी च भरतर्षभ ॥ [४९]

અર્થાર્થી ભકતનું સ્તોત્ર પ્રાર્થનાપ્રધાન બને છે. સ્તુતિ અને પ્રાર્થના વચ્ચે જે ભેદ છે તે સ્તુતિ અને સ્તોત્ર વચ્ચે પણ છે. સ્તુતિમાં પ્રાર્થનાભાવ-યાચનાભાવ સામાન્યતઃ નથી હોતો, જ્યારે સ્તોત્રમાં એનો સમાવેશ પ્રાયઃ થયો હોય છે. આમ છતાં ભકતકવિઓ 'સ્તુતિ' અને સ્તોત્ર' એક માનીને સ્વકૃતિ રચે છે.

## ● સ્તોત્રમાં ભકિતના વિવિધ રૂપો :-

'પાંચરાત્ર'નો ભાગવતમત 'ભાગવત'માં નવધાભકિત સ્વરૂપે પરિણમે છે. એ નવ પ્રકારની ભકિત છે. (૧) શ્રવણ (૨) કીર્તન (૩) સ્મરણ (૪) પાદસેવા (૫) અર્ચન (૬) વંદન (૭) દાસ્ય (૮) સખ્ય અને (૯) આત્મનિવેદન. વિવિધતા સંપન્ન સ્તોત્ર સાહિત્યમાં ભકિતના આ

તમામ અંગોનું નિરૂપણ થયું છે.

श्रवणं कीर्तनं विष्णो स्मरणं पादसेवनम्

अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम् ।।[५०]

ભાગવતની નવધા ભકિતમાં દશમી મધુરા, પ્રેમા કે રાગાનુગા ભકિત ઉમેરાય છે, જે ઉત્તરકાલીન પુષ્ટિ, ગૌડીય ઇત્યાદિ વૈષ્ણવ સંપ્રદાયોની દેણ છે. 'નારદભકિતસૂત્રમાં પ્રેમલક્ષણા કે રાગાનુગા ભકિતમાં ભકતની આરાધ્ય પ્રત્યેની ૧૧ આસકિતોઓ બતાવી છે. (૧)ગુણમાહાત્મ્યાસકિત (૨) રૂપાસકિત (૩) પૂજાસકિત (૪)સ્મરણાસકિત (૫) દાસ્યાસકિત (૬) સખ્યાસકિત (૭) કાન્તાસકિત (૮) વાત્સલ્યાસકિત (૯) આત્મનિવેદનાસકિત, (૧૦) તન્મયાસકિત અને (૧૧) પરમવિરહાસકિત. સ્તોત્રમાં સામાન્યતઃ 'નવધાભકિત' , 'પ્રપતિ', અને 'આસકિત' નાં સર્વ અંગો નિરૂપાય છે, કેમ કે સ્તોત્ર કવિ મુખ્યત્વે ભકતનું રૂપ ધારણ કરતો હોય છે.

વલ્લભસંપ્રદાય અનુસાર વૈષ્ણવી ભકિતમાં ભકિતના 'વિનય'ની સાત ભૂમિકાઓ બતાવવામાં આવી છેઃ (૧) દીનતા (૨) માનમર્યાદા (૩) ભય દર્શન (૪) ભર્ત્સના (૫) આશ્વાસન (૬) મનોરાજ્ય અને (૭) વિચારણા. આ ભૂમિકાઓમાં સ્તોત્રનો ભકતકવિ રાચે છે. ભકિત જ્ઞાનનું સોપાન છે. અથવા ભકિત અને જ્ઞાન પરસ્પર આશ્રિત છે. આથી ભકિતકાવ્ય-સ્તોત્રમાં પણ ભકિત અને જ્ઞાનનો સંગમ રચાય છે. ભકિતપ્રધાન સ્તોત્રમાં જ્ઞાનનો સ્પર્શ રહેલો હોય છે તો જ્ઞાનપ્રધાન સ્તોત્રમાં ભકિતનો સ્પર્શ રહેલો હોય છે. વિવિધ સ્તોત્રોમાં ભકિત અને જ્ઞાનનો સમુચ્ચય થયેલો જોઈ શકાય છે.

આમ, સ્તોત્રમાં ભકિતના સર્વ પ્રકારો અને તત્સંબંધી પ્રપત્તિ, ન્યાસ, આસકિત, વિનય, અર્ચના, સ્તુતિ, જપ, ઉપાસના, પ્રાર્થના, પૂજા આદિ લક્ષણોનો સમાવેશ થતો હોઈ સ્તોત્ર ભકિતકાવ્યની કક્ષામાં આવી શકે.

## ૭. સ્તોત્રોના સ્તુત્ય દેવ :-

શ્રીમદ્ભાગવતના પ્રતિપાદ્ય પરબ્રહ્મ, પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણ છે. ભાગવતનું પ્રત્યેક પદ શ્રીકૃષ્ણનું બોધક છે. સર્વાન્તર્યામી, સર્વવ્યાપક, લોકાતીત, સર્વસ્વરૂપ સર્વહિત તે આ ભગવાન કૃષ્ણ જ પોતાના વિભિન્ન અવતારો સહિત ભાગવતના સ્તોત્રોના આશ્રયરૂપ છે.

કોશાદિ ગ્રંથોમાં આરાધ્યનો અર્થ આશ્રય, આધાર, કારણાદિ છે. પ્રશ્ન એ થાય છે કે સ્તોત્રોમાં આરાધ્ય દેવ કોણ હોઈ શકે ? આનો જવાબ એ થાય કે જેના માટે સ્તોત્ર ને ગાવામાં આવ્યું હોય તે જ એનો આરાધ્ય દેવ ગણાય અને સ્તોત્ર એને જ સમર્પિત કરવામાં આવે છે, જે સર્વસમર્થ છે. સર્વ વ્યાપક છે. લોકાતીત છે,સર્વજ્ઞ છે, અમર છે અને વિષયોથી રહિત છે. સ્તોત્રો બે પ્રકારના હોય છે-(૧) સકામ અને (૨) નિષ્કામ, અકામ સ્તુતિઓમાં સ્તોતાની કોઈ ઈચ્છા હોતી નથી. સકામ ભકત કોઈક કામનાથી સ્તુતિમાં પ્રવૃત્ત થાય છે. જે તેને સંકટ સમયે મદદે આવે છે. પરમાત્મા ભકતને બધું જ આપવા માટે સમર્થ હોય છે તથા મૃત્યુ અને રોગના ભયથી ભકતને મુકત કરી શકે છે. સ્તોત્ર બુદ્ધિને નિર્મળ બનાવે છે. અને ખુશામત દ્વેષ પેદા કરે છે. સ્તોત્રથી સ્તોતાની પ્રવૃત્તિ અધ્યાત્મવાદ બાજુ જાય છે. સ્તોતાની ગતિ આત્માની બાજુ જાય છે. સ્તોતા મુકિત તરફ ધકેલાય છે. સ્તોત્રથી સ્તોતા નિર્મળ, પ્રસન્ન, સ્વસ્થ, સરલ અને ઋજુચિત્ત બને છે. સ્તોત્રથી ભકતને આશ્વાસન મળે છે. તેનામાં અદ્ભુત શકિતનો સંચય થાય છે. તે પરાક્રમી બની જાય છે. સ્તોતાને પોતાના આરાધ્યદેવ પ્રત્યે વિશ્વાસ પેદા થાય છે.

નિષ્કામ સ્તોત્રોમાં સાંસારિક ઇચ્છાપૂર્તિઓનો અભાવ જોવા મળે છે. તેનો આરાધક નિર્ગુણ અને નિરાકાર સર્વવ્યાપક, પરબ્રહ્મ પરમેશ્વર હોય છે. અહી આપણને એ પ્રશ્ન સ્વાભાવિક રીતે થાય કે નિર્ગુણ, નિરાકાર આરાધ્ય દેવની સ્તુતિ કેવી રીતે થઈ શકે? જે નિર્ગુણ નિરાકાર છે, તે જ સગુણ છે. લોકકલ્યાણ માટે ભકતની રક્ષા કાજે નિરાકાર પરબ્રહ્મ પરમેશ્વર જ સગુણ સાકાર સ્વરૂપે ઉપસ્થિત થાય છે.

न विद्यते यस्य च जन्म कर्म वा न नामरूपे गुणदोष एव वा ।

तथापि लोकत्ययसंभवाय यः स्वमायया तान्यनुकालमृच्छति ।।[५१]

અર્થાત્ તેનો જન્મ નથી, નથી કર્મ, નથી નામ, નથી રૂપ, નથી ગુણ, નથી દોષ તે પરમપુરુષ પરબ્રહ્મ પરમાત્મા જ સર્વનિયંતા છે. તે જ રામ, કૃષ્ણ આદિ નામોથી અવતાર ધારણ કરે છે, તે નિર્ગુણ નિરાકાર જ સગુણ સાકાર થાય છે.

अगजगदोकसामखिलशक्त्यव बोधक ते ।

कचिदजयाऽऽत्मना च चरतोऽनुचरेन्निगमः ।।[५२]

વસ્તુતઃ સ્તોત્રોમાં આરાધ્યદેવના નિરાકાર અને સાકારરૂપમાં સ્તોતાને પોતાની દષ્ટિ, પ્રવૃત્તિ અને આધ્યાત્મિક ક્ષમતા તથા નિષ્ઠા વગેરે કારણરૂપ છે. સ્તોત્રકાર જેવી દષ્ટિ અને શ્રદ્ધા ધરાવે છે. તેવી રીતે જ તે પોતાના આરાધ્યને નિરાકાર અથવા સાકાર માની લે છે. એટલે આ જ આધાર પર સ્તોત્રમાં કોઈ ભેદ 6દષ્ટિગોચર થતો નથી.

अहं हि सर्वभूतानामादिरन्तोऽन्तरं बहिः ।

भौतिकानां यथा खं वार्भूवायुज्योतिंरङ्गनाः ।।

एवं ह्येतानि भूतानि भूतेष्वात्माऽऽत्मना ततः ।

उभयं मय्यथ परे पश्यताभातमक्षरे ।।[५३]

ભાગવદીય સ્તોત્રોની આરાધનામાં એક જ પરબ્રહ્મ, પરમેશ્વર જે નિર્ગુણ, વ્યાપક, લોકાતીત, સગુણ, સર્વતંત્ર, સ્વતંત્ર, સર્વસમર્થ, શરણાગતરક્ષક, લોકમંગલના પ્રતિપાદક, અનિષ્ટ નિવારક, ભગવાન, ઈશ્વર, સૃષ્ટા, ભર્તા, સંહર્તા, કારણોનું કારણ, સર્વાગસુંદર છે. કેટલાંક સ્તોત્રોના અવલોકનથી આશ્રય કે આરાધનાનું તત્ત્વ સ્પષ્ટ થઈ જાય છે. શ્રીમદ્ભાગવતના પ્રથમ સ્કંધના સ્તોત્રમાં ઉત્તરા ઉપર બ્રહ્માસ્ત્રનું સંકટ આવી પડે છે. તે વખતે પોતાની સામે વીરો, ધનુર્ધરો, જ્ઞાનીઓ, પરાક્રમીઓ બેઠેલા હોય છે તે તેમની પાસે નથી જતી, પરંતુ તે પરમ કૃપાળુ પરમેશ્વરને આજીજી કરે છે. ભગવાન કૃષ્ણ પાસે જાય છે. અને ભગવાન તેની રક્ષા પણ કરે છે.

શ્રીમદ્ભાગવતમાં પિતામહ ભીષ્મ ભગવાન કૃષ્ણની સ્તુતિ કરે છે. આનંદ સ્વરૂપમાં સ્થિર રહેલા અને વિહાર કરવાની ઈચ્છાથી જન્મ લેનારા પ્રભુ શ્રીકૃષ્ણ જ ભીષ્મના આરાધ્ય દેવ બનેલાં છે. તેમનું સગુણ સ્વરૂપ સામાન્ય નહીં, પરંતુ ત્રૈલોકયથી સભર છે. આપણને એવું લાગે છે કે સંપૂર્ણ સૃષ્ટિનું  રૂપ-સૌંદય,શીલ-સૌંદર્ય, ગુણ-સૌંદર્ય, પરમપ્રભુ શ્રીકૃષ્ણમાં જ નિહિત થયેલું છે.

त्रिभुवनकमनं तमालवर्ण रविकरगौरवराम्बरं दधाने ।

वपुरलककुलावृताननाब्जं विजयसखे रतिरस्तु मेऽनवद्या ।।[५४]

આમ, સ્તુતિકાર પોતાના આરાધ્ય દેવને જુદા-જુદા સ્વરૂપે સ્તોત્રો દ્વારા આરાધે છે.

## ૮. સ્તોત્રનાં મુખ્ય તત્ત્વો :-

પ્રસિદ્ધ સ્તોત્રો તેમજ વૈષ્ણવપુરાણના સ્તોત્રોનો અભ્યાસ કરતાં નીચે પ્રમાણેના સ્તોત્રીય તત્ત્વો જોવા મળે છે.

### (૧) આત્મસમર્પણ :-

પોતાના આરાધ્યદેવના ચરણોમાં સર્વસ્વ સમર્પણ કરવાની ભાવના દરેક ભકતમાં જોવા મળે છે. તેનામાં સ્તોત્ર દ્વારા પોતાના આરાધ્ય દેવ પ્રત્યે આત્મસમર્પણની ભાવના પેદા થાય છે. ક્ષણભરમાં ભકત પોતાનું પાપ-પુણ્ય, દુઃખ, સુખ વગેરે ભૂલીને પ્રભુના ચરણોમાં સમર્પિત થઈને પ્રભુમય બની જાય છે. ભકિતભાવથી યુકત ગોપીઓ બધુ ત્યાગીને પ્રભુચરણોમાં નિવાસ કરવાની યાચના કરે છે.

मैवं विभोऽर्हति भवान् गदितुं नृशंसं

सन्त्यज्य सर्वविषयांस्तव पादमूलम् ।

भक्ता भजस्व दुरवग्रह मा त्यजास्मान्

देवो यथाऽऽदिपुरुषो भजते मुमुक्षुन् ।।[५५]

જ્યારે જીવ સંસારસાગરના કાલચક્રમાં ફસાય છે, ત્યારે ભયભીત બની જાય છે. તેનું કોઈ રક્ષણ કરવાવાળું મળતું નથી, ત્યારે તે પરમાત્મા પ્રભુના ચરણોમાં પોતાને અર્પણ કરી દે છે, અને ભયમુકત થાય છે.

सम्पदैश्वर्यमाहात्म्यज्ञानसन्ततिकर्मणाम् ।

विमुक्तैकतो लभ्यं मूलमाराधनं हरेः ।।[५६]

'વિષ્ણુપુરાણ'માં પણ પ્રહલાદ ભગવાનના સાનિધ્યમાં રહીને, તેમનાં સ્તોત્રો ગાઈને શ્રી હરિને પ્રાપ્ત કરે છે ભગવાનની આગળ પોતાની જાતનું આત્મસમર્પણ કરી દે છે. આમ, સ્તોત્રોમાં ભકત પોતાના આરાધ્ય દેવની સામે આત્મસમર્પણ કરે છે.

### (૨) આત્માભિવ્યકિત :-

ભકત પોતાના સાંસારિક સુખ-દુઃખની અનુભૂતિઓને પ્રભુના ચરણોમાં ધરી દે છે, અને આ જ આત્માનુભૂતિ જ્યારે સ્વાભાવિક રીતે સ્તોત્રનું રૂપ ધારણ કરી હર્ષ અને શોક

**દ્વારા પોતાના આરાધ્ય દેવની પાસે સહાયતા માગે છે, ત્યારે સ્તોત્રકાવ્યનો આરંભ થાય છે. શ્રીહરિ પ્રત્યેની વિશેષ ભકિત તથા આત્મભિવ્યંજન દ્વારા સ્તુતિ કે સ્તોત્રનો પ્રાદુર્ભાવ થાય છે. જ્યારે મનુષ્ય કોઈ અપાર દુઃખ નીચે દબાઈ જાય છે, ત્યારે તે પરમાત્માની આગળ આત્માભિવ્યકિત કરી તેમને પ્રાર્થના કરે છે. આ હૃદ્યોદ્ગારો જ સ્તોત્રોનું સ્વરૂપ ધારણ કરે છે. સ્તુતિકાર પોતાના આરાધ્ય દેવ દ્વારા જ પોતાના ઉદ્ધારની યાચના કરે છે. ગરુડપુરાણના વૈષ્ણવ-મહાપંજર સ્તોત્રમાં પણ આ જ રીતે આત્માભિવ્યકિત કરાઇ છે.**

नमो नमस्ते गोविन्द चक्रं गुह्य सुदर्शनम् ।

प्राच्यां रक्षस्व मां विष्णो त्वामहं शरणं गतः ।।[५७]

**પોતાના રક્ષણ માટે ભકત ભગવાનને પોકાર કરે છે, ત્યારે સ્તોત્રનો ઉદ્ભવ થાય છે.**

यं धर्मकामार्थविमुक्तिकामा भजन्त इष्टां गतिमाप्नुवन्ति ।

किं त्वाशिषो रात्यपि देहमव्ययं करोतु मेऽदभ्रदयो विमोक्षणाम् ।।[५८]

**(૩) ઇષ્ટદેવ સાથેનો સંબંધ :-**

**ભકત સ્તોત્રના માધ્યમથી ક્ષણવારમાં ઇષ્ટદેવ સાથે ભાઈ, પુત્ર, પતિ, પિતા વગેરે નામો આપી લૌકિક સંબંધ સ્થાપિત કરી દે છે. પરબ્રહ્મ પરમાત્મા ભકતના સ્તોત્રથી પ્રસન્ન થઈ તેની નિકટ આવી જાય છે. બંને વચ્ચે એકરૂપતા સધાય છે. માતા કુંતા પોતાના આરાધ્ય દેવ શ્રીકૃષ્ણને બે રૂપોમાં જુએ છે.**

**(૧) પરબ્રહ્મપરમેશ્વર-જે અવ્યય, અનંત, આદિ છે અને**

**(૨) સગા-સંબંધીમાં ભાણેજ, ભાઈ રૂપે.**

कृष्णाय वासुदेवाय देवकीनन्दनाय च ।

नन्दगोपकुमाराय गोविन्दाय नमो नमः ।।[५९]

**આમ, ભકત અને ભગવાન વચ્ચેનો સંબંધ ભકિતપૂર્ણ સ્તોત્રમાં અનેક સંબંધોમાં પરિણમે છે. અને ભકત તથા ભગવાનનું સ્વરૂપૈકય સધાય છે. આમ, ઇષ્ટદેવ પોતાના ભકત ઉપર પ્રસન્ન થઈ પોતાનામાં સમાવી લે છે.**

(૩) સહજ અંતઃ પ્રેરણા :-

સ્તોત્રકાવ્યમાં રહેલો સહજ આત્મસ્ફૂરણાનો ભાવ સ્તોત્રને ઉત્કૃષ્ટ કોટિના કાવ્યમાં સ્થાપિત કરે છે. કાવ્યોની અપેક્ષાએ સ્તોત્રોમાં આત્મસ્ફૂરણાનું તત્ત્વ વધારે હોય છે. ભકત જ્યારે પોતાના આરાધ્ય પાસે કાંઈ મેળવવાની ચાહના રાખે છે, ત્યારે તેની અનંત શકિતઓના મહિમાને પામી જગતના પ્રપંચો ઉપર વિજય મેળવવાની ઇચ્છા રાખે છે. અને વારંવાર પોતાના ઉપર કરેલા ઉપકારોને યાદ કરી પોતાના હૃદયને આત્મસ્ફૂરણા તરફ લઈ જાય છે. આવી સહજ અંતઃ પ્રેરણા દ્વારા પ્રેરિત થઈ આરાધ્યના અનેક લીલા-ગુણોમાં ભકત લીન બની જાય છેઃ

अशेषलोकनाथस्य सारमाराधनं हरेः ।

दद्यात्पुरुषसूक्तेन यः पुष्पाण्यप एव च ।।[૬૦]

नमस्ये पुरुषं त्वाऽऽद्यमीश्वरं प्रकृतेः परम ।

अलक्ष्यं सर्वभूतानामन्तर्बहिरवस्थितम् ।।[૬૧]

તે સર્વાત્મા પ્રભુના ચરણોમાં સ્થિર બની જાય છે.

इति मतिरुपकल्पिता वितृष्ण भगवति सात्वतपुङ्गवे विभूम्रि ।

स्वसुखमुपगते क्वचिद्विहर्तु प्रकृतिमुपेयुषि युद्भवप्रवाहः ।।[૬૨]

ભકતની આ તલ્લીનતા અને લીનતા પોતાના આરાધ્ય માટેની અંતઃ સ્ફૂરણાનું જ ફળ હોય છે.

(૫) આરાધ્યદેવ જ પૂર્ણ લક્ષ્ય :-

સ્તોત્રકારનું પરમ લક્ષ્ય પોતાના આરાધ્ય દેવ જ હોય છે. ભકત રાજ્યાશ્રય, સુખ, વૈભવ, સર્વપ્રકારના ભોન વિલાસ ત્યજી કેવળ પોતાના આરાધ્યની ચરણરજની જ અભિલાષા રાખે છે-

न नाकपृष्ठं न च पारमेष्ठयं न सार्वभौमं न रसाधिपत्यम् ।

न योगसिद्धीरपुनभवं वा समञ्जस त्वा विरहय्य काङ्क्षे ।।[૬૩]

ભકત પ્રભુની સેવાને છોડીને જન્મ, મૃત્યુ, અમરત્વ, મોક્ષ વગેરેની પણ ઇચ્છા રાખતો નથી. ભકત એવું કયારેય પણ નથી ઇચ્છતો કે પ્રભુપ્રાપ્તિમાંથી તે જરાય વિચલિત થાય. સ્તોત્રકાર પોતાના આરાધ્યને લક્ષ્યમાં રાખીને જ તેની સ્તુતિ કરે છે. તથા પોતાના ભાવોને આરાધ્યની

આગળ રજૂ કરે છે. ભકતનું પરમ લક્ષ્ય જ પોતાના આરાધ્ય હોય છે. એટલેજ તે દીન, હીન બનીને પ્રભુને સ્તુતિ રૂપે આરાધે છે. જયારે ભકત પ્રભુના સ્તોત્રનું સ્તવન કરતો હોય છે, ત્યારે તેના આરાધ્ય દેવ જ તેનું પરમ લક્ષ્ય બનેલા હોય છે. તેની દષ્ટિ બીજે કયાંય પણ જતી નથી.

સ્તોતાનું પરમ લક્ષ્ય પ્રભુપ્રાપ્તિ હોવાથી તે સંસારના માયા, ઈર્ષ્યા, કષ્ટ, દ્વેષ, કંકાસ વગેરે ભાવોને ત્યજીને ભગવાનની આરાધનામાં લીન થાય છે.

(૬) અદ્વૈતની પ્રતિષ્ઠા :-

'एकं सद्विप्रा बहुधा वदन्ति' આ આર્ષઉકિત અનુસાર વૈષ્ણવપુરાણોની સ્તુતિઓમાં અદ્વૈતભાવના જોવા મળે છે. પ્રભુની સ્તુતિ કરતાં જે સ્તોત્રો રચાયા છે, તેમાં પરમાત્માના અદ્વૈત રૂપનાં દર્શન થયેલાં જોવા મળે છે. પરમાત્મા સમસ્ત જીવ-સૃષ્ટિમાં બહાર અને અંદર એકરૂપે સ્થિર થયેલા છે. જીવમાત્રની અંદર પ્રભુનો વાસ છે.

नमस्ये पुरुषं त्वाऽऽद्यमीश्वरं प्रकृतेः परम् ।
अलक्ष्यं सर्वभूतानामन्तर्बहिरवस्थितम् ।।[६४]

ભગવાન બધા દેવતાઓના સ્વરૂપમાં છે, પરંતુ વસ્તુતઃ તે એક જ છે. ભકતો તેમને વિવિધ રૂપોમાં નિહાળે છે.

सर्व एव यजन्ति त्वां सर्वदेवमयेश्वरम् ।
येऽप्यन्य देवताभक्ता यद्यप्यन्यधियःप्रभो ।।[६५]

પરમાત્મા એક જ છે, પરંતુ આ કાર્યરૂપ જગતમાં સ્વેચ્છાએ તેઓ અનેક રૂપે પ્રગટ થાય છે. સંપૂર્ણ વેદસ્તુતિમાં અદ્વૈતની સ્થાપના થયેલી જોવા મળે છે.[૬૬]

(૭) એકાગ્રતા :-

એકાગ્રતા સ્તોત્રનું મૂળ છે. જયાં સુધી મન સ્થિર નથી થતું ત્યાં સુધી સ્તોત્રમાં પ્રાણ નથી પુરાતો. બહારના વિષયોમાંથી મનને એકાગ્ર કરી, આરાધ્યના ચરણોમાં એકાત્મકતા થઈ જાય છે, ત્યારે ભકતના હૃદયમાંથી અપો-આપ પોતાના આરાધ્ય દેવ સંબંધિત નામ, રૂપ, ગુણ વગેરે સંબંધી ઉદ્‌ગારો નીકળવા માંડે છે. ભકત મનને એકાગ્ર કરીને જ સ્તોત્રનો પાઠ કરે છે.

एवं व्यवसितो बुद्धया समाधाय मनोहृदि ।

जजाप परमं जाप्यं प्राग्जन्मन्यनुशिक्षितम् ।।[૬૭]

એકાગ્રતાને સ્તોત્રનું હાર્દ ગણાવવામાં આવે છે. એટલે જ સ્તોત્રમાં એકાગ્રતા અત્યંત આવશ્યક છે.

(૮) પુર્વ જન્મનાં સંસ્કાર :-

સ્તોત્ર રચનામાં પૂર્વજન્મનાં સંસ્કાર પણ આવશ્યક બને છે. વૃત્રાસૂર અને ગજેન્દ્ર પૂર્વજન્મનાં સંસ્કારથી જ પરમાત્માની સ્તુતિ કરતા હતાઃ

ममोत्तमश्लोकजनेषु सख्यं संसारचक्र भ्रमतः स्वकर्मभिः ।

त्वन्मामयाऽऽत्मात्मजदारगेहे ष्वासक्तचितस्य न नाथ भूयात् ।।[૬૮]

પુર્વજન્મમાં કેલા ભકિત, આરાધના, સંસ્કાર આ જન્મમાં (પશુ, રાક્ષસ વગેરે યોનિમાં) પણ પ્રગટ થઈ જાય છે. પૂર્વજન્મના સંસ્કારને લીધે મનુષ્યમાં પણ ભકિતભાવના પેદા થાય છે અને તે પરમાત્માની સ્તુતિમાં લીન બની જાય છે.

(૯) આત્મવિલોપન :-

સ્તોત્રમાં આત્મવિલોપનની પ્રધાનતા જોવા મળે છે. ઘણાં એવાં સ્તોત્રો છે જેમાં ભકત ભગવત્ગુણ સિવાય સમસ્ત ચીજવસ્તુઓને ત્યજીને અંતમાં પોતાને પણ ત્યજીને સ્તવ્ય સ્વરૂપ જ બની જાય છે. પિતામહ ભીષ્મ પ્રભુનું સ્તોત્ર કરતાં કરતાં અંતમાં મન, વાણી અને દષ્ટિની વૃત્તિઓથી આત્મસ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણમાં લીન બની જાય છે.-

कृष्ण एवं भगवति मनोजवाग्दृष्टिवृत्तिभिः ।

आत्मन्यात्मानमावेश्य सोऽन्तःश्वास उपारमत् ।।[૬૮]

આ રીતે સ્તોત્રકાર પરમાત્માની સ્તુતિ કરતાં-કરતાં પરમાત્મામાં વિલીન બની જાય છે, આરાધ્ય માટે પોતાની જાતનું આત્મવિલોપન કરે છે.

(૧૦) ભાવસાન્દ્રતા :-

ભાવસાન્દ્રતા સ્તોત્રનું પ્રાણતત્ત્વ છે. સ્તોતા પોતાની રાગાત્મક અનુભૂતિ દ્વારા ભાવસાન્દ્ર બની રહે છે. જ્યારે સ્તોતા ભાવવિભોર બનીને આરાધ્યનો ચરણ સ્પર્શ કરે છે, ત્યારે આત્માનુભૂતિ થાય છે. આ જ કારણથી આવી અનુભૂતિ દ્વારા ભકત એક જ આરાધ્યની વિભિન્ન રૂપોમાં સ્તુતિ કરે છે.

ભાવસાન્દ્રતા દ્વારા આરાધ્યના વિવિધ રૂપોની સ્તુતિ થતી હોવાથી તેને સ્તોત્રનું મહત્ત્વનું તત્ત્વ માનવામાં આવે છે.

(૧૧) સરળતા અને નૈસર્ગિકતા

સ્તોત્રમાં કૃત્રિમતા અને પરુષતાનો અત્યન્ત અભાવ જોવા મળે છે. સહજવૃત્તિ અને નૈસર્ગિકતાની પ્રધાનતા જોવા મળે છે. ભકત આરાધ્યની ઉપકારભાવનાથી ઉપકૃત થઈને, દુઃખ આવી પડે ત્યારે સહજતાથી પોતાના આરાધ્ય દેવના સ્તોત્ર ગાવા લાગે છે. આમાં તેની સરલતા અને નૈસર્ગિક્તા જોવા મળે છે.

(૧૨) માંગલિક ચેતના :-

સ્તોત્રોમાં માંગલિક ચેતના પણ દષ્ટિગોચર થાય છે. ભકત જગતના ઉદ્ધાર માટે દુઃખનાશક પ્રભુની સ્તુતિ કરે છે. તે મોક્ષ વગેરે ફળોનો પણ પરિત્યાગ કરીને જગતમાં બધા પ્રાણીઓનું દુઃખ પોતાના ઉપર લેવા માગે છે, એટલા માટે વારંવાર તે સંસારનો ઉદ્ધાર થાય એવી મંગળ કામના કરે છે.

न कामयेऽहं गतिमीश्वरात् परामष्टर्द्धियुक्तामपुनर्भवं वा ।

आर्ति प्रपद्येऽखिलदेहभाजा मन्तःस्थितो येन भवन्त्यदुःखाः ॥ [૭૦]

(૧૩) સંગીતાત્મક્તા :-

આ સ્તોત્રનું મુખ્ય તત્ત્વ છે. ભકત જ્યારે એકચિત્ત થઈને પ્રભુની લીલાઓનું ધ્યાન કરે છે, ત્યારે તેના ગાનમાંથી સ્વતઃ સંગીતમય સ્વરો સ્ફૂરે છે. સ્તોત્ર એક વિશિષ્ટ લય અને સંગીતમય ધ્વનિથી યુકત હોય છે. સ્તોત્રમાં ગેયતાની પ્રધાનતા રહેલી હોય છે. જ્યારે ભગવાન અન્તર્ધાન થઈ જાય છે ત્યારે ગોપીઓ પ્રભુનું અન્યન્ત હૃદયતાપૂર્વક સંગીતાત્મક ગીત ગાવા લાગે છે.-

(૧૪) શરણાગતિ :-

સ્તોત્રોમાં શરણાગતિની પ્રધાનતા હોય છે. સાંસારિક ભયથી પીડિત થઈને જીવ સ્તુત્યાત્મક પ્રભુની શરણાગતિ ગ્રહણ કરે છે.-

सत्यव्रतं सत्यपरं त्रिसत्यं सत्यस्य योनिं निहितं च सत्ये ।

सत्यस्य सत्यमृतसत्यनेत्रं सत्यात्मकं त्वां शरणं प्रपन्नाः ।।[૭૨]

यन्नामसंकीर्त्तनतो गजेन्द्रो ग्राहोग्रबन्धान्मुमुचे स देवः ।

विराजमानः स्वपदे पराख्ये तं विष्णुमाद्यं शरणं प्रपद्ये ।।[૭૩]

આત્મરૂપી કાલથી વ્યથિત જીવ પોતાના આરાધ્યના ચરણોમાં ઉપસ્થિત થાય છે. જ્યારે જીવમાત્રમાં રહેલું અભિમાન અભિમાનથી ઉતરી જાય છે, ત્યારે તે પ્રભુની શરણાગતિ સ્વીકારે છે. સંપૂર્ણ સંસારના સગા-સંબંધી, ભાઈ, બંધુ વગેરેને છોડી જીવ શિવ સ્વરૂપ ગતિ પ્રાપ્ત કરે છે. મૃત્યુ સંકટ ઉપસ્થિત થાય છે. ત્યારે પરમેશ્વર જ એકમાત્ર શરણ્ય બની રહે છે. પ્રહલાદ હિરણ્યકશિપુના ત્રાસથી મુક્ત થવા માટે પ્રભુની શરણમાં જાય છે. પરમાત્મા તેને મૃત્યુના સંકટમાંથી વારંવાર બચાવી લે છે.[૭૪]

(૧૫) સ્તોત્રમાં દેવતાના સ્વરૂપનું નિરૂપણ :-

આરાધ્ય કે ઇષ્ટદેવની સ્તુતિ કરતો સ્તોત્ર કવિ આત્માભિવ્યકિત સાથે દેવતાના સ્વરૂપ, ચરિત્ર અને મહિમાનું પ્રાયઃ અતિશયોકિતપૂર્ણ વર્ણન કરે છે. આવા વર્ણનમાં સામાન્યતઃ ઇષ્ટદેવની મૂર્તિ. પરમાત્માના સાકાર સ્વરૂપમાં અંગ-ઉપાંગો, એ અંગાદિ પર શોભાયમાન વસ્ત્રાભૂષણો, અંગસૌંદર્ય, દેવતાના ચરિત સંબંધી કેટલાંક નિર્દેશો,દેવતાનાં અદ્ભુત કૃત્યો, દેવતા સાથે સંબદ્ધ ધામ આયુધાદિ તેમજ દેવતાનું મહાત્મ્ય ઇત્યાદિનો સમાવેશ થાય છે. વિભિન્ન સ્તોત્રોમાં જોવા મળતા આવા વર્ણનોનાં કેટલાંક દષ્ટાંતો નીચે પ્રસ્તુત કર્યાં છે.

સ્તોત્રકવિના ઉપાસ્યદેવતા સગુણ સ્વરૂપે રહે છે. પરિણામે એવો કવિ નિર્ગુણ બ્રહ્મનું પણ સગુણ સ્વરૂપ કલ્પીને એ સગુણ દેવતાનાં મનોકલ્પિત અંગોપાંગ તેમજ વસ્ત્રાભૂષણોનું વર્ણન કરે છે. એવા વર્ણનમાં સામાન્યતઃ સર્વત્ર કવિની સૌંદર્યદષ્ટિ નિખરે છે. દેવતાના પ્રત્યેક અંગનું વર્ણન કરવા કવિ અનેક સુંદર ઉપમાનો શોધી કાઢે છે. એ રીતે દેવતાના અંગ-ઉપાંગમાં વિલસતા સૌંદર્યના તે રૂપચિત્રો આલેખે છે.

દેવતાના અંગ સૌંદર્ય-વર્ણનની બે પદ્ધતિઓ અસ્તિત્વમાં આવી છે, કેટલાંક સ્તોત્રોમાં દેવતાના એક કે અધિક અંગોનું વર્ણન હોય છે, જ્યારે કેટલાક સ્તોત્રોમાં ક્રમિક નખશિખવર્ણન હોય છે. બંને પદ્ધતિનાં કેટલાંક દષ્ટાંત નીચે પ્રમાણે છે.

દેવતાના એક કે એક થી વધારે અંગોનું વર્ણન તો પ્રાયઃ પ્રત્યેક સ્તોત્રમાં દષ્ટિગત થાય છે. જેમ કે, -સૂર્યશતક'માં સૂર્યના કિરણો, અશ્વ, સારથિ વગેરેનું, 'શિવજટાજૂટ સ્તુતિ'માં શિવજીની

જટાનું, 'શિવકંઠસ્તુતિ'માં ભગવાન શિવના કંઠનું, મૂક કવિના 'પંચશતી'માં દેવીના સ્મિત, કટાક્ષ અને ચરણનું વર્ણન થયું છે. જેમ કે મૂકકવિના પાંચ શતકોના એક શતકમાં માત્ર સ્મિતનું, બીજા શતકમાં માત્ર કટાક્ષનું અને ત્રીજા શતકમાં માત્ર ચરણનું સૌંદર્ય નિરૂપાયું છે. લક્ષ્મણાચાર્યના 'ચંડીકૂચપંચાશિકા'માં માત્ર એક જ અંગ દેવીના સ્તનનું સૌંદર્ય વર્ણિત છે.

કેટલાંક સ્તોત્રોમાં દેવતાના અંગોનું ક્રમિક નખશિખ વર્ણન પ્રાપ્ત થાય છે. નખશિખવર્ણનની બે પદ્ધતિઓ છે. ૧. પદાદિકેશાન્ત એટલે કે ચરણથી આરંભીને મસ્તકના કેશ સુધીના અંગોનું ક્રમશઃ વર્ણન, ૨. કેશાદિપાદાન્ત, જેમાં કેશથી આરંભીને ચરણપર્યન્તનાં અંગોનું ક્રમશઃ વર્ણન હોય.

દેવતા સાથે સંબંધિત વસ્ત્રો, આભૂષણો, આયુધો કે વાહનો વગેરેના વર્ણનો સંસ્કૃત સ્તોત્ર સાહિત્યમાં મોટે ભાગે પ્રત્યેક સ્તોત્રમાં રહે છે. જેમ કે 'શિવમહિમ્ન'માં પુષ્પદંતે શિવના વાહન, આયુધ વગેરેનું સુંદર વર્ણન કર્યું છે. દુર્વાસા રચિતા 'દેવીશકિતમહિમ્નઃસ્તોત્રમાં શકિતનાં વસ્ત્રો અને આભૂષણોનું સુંદર વર્ણન છે.

પૌરાણિક 'દેવીકવચસ્તોત્ર'માં દેવીઓના વાહનોના નામોનો નિર્દેશ થયો છે. જેમ કે ચામુંડા પ્રેત ઉપર આરૂઢ થયેલી છે, વારાહી મહિષ્ઠ પર બેઠેલી છે. અને વૈષ્ણવી ગરુડ ઉપર વિરાજમાન છે. પૌરાણિક'નારાયણી સ્તુતિ'માં શકિતના ત્રિશૂલનો મહિમા શ્લોક-૨૭માં રજૂ થયો છે.વેદાન્ત દેશિક તો આયુધો ઉપર આખુ સ્તોત્ર રચ્યું છે, 'ષોડશાયુધ' આમાં વિષ્ણુનાં ત્રિશૂલ, મૂસલ, ગદા, વજ, ચક્ર, પરશુ, દંડ, અંકુશ, ધનુષ્ય ઇત્યાદિ સોળ આયુધોનું વર્ણન છે. એ જ રીતે લલ્લાદીક્ષિતના 'આનંદમંદિર સ્તોત્ર' ના શ્લોક ૮૪ થી ૮૭ માં દેવીનાં વિભિન્ન આયુધોનું વર્ણન પ્રાપ્ત થાય છે.

સ્તોત્રકવિને મન ઉપાસ્ય દેવ તો ગુણનિધિ અને રૂપસૌંદર્ય નિધિ છે. પરિણામે પોતાના સ્તોત્રમાં તે એક યા બીજી રીતે દેવતાના રૂપ-ગુણ સૌંદર્યનું નિરૂપણ કરે છે. કોઈપણ સ્તોત્ર એવું નહિ હોય કે જેમાં દેવતાના રૂપ-ગુણ સૌંદર્યનું આલેખન ન થયું હોય કેટલાંક ઉદા. દષ્ટવ્ય છે.

આચાર્ય માનતુંગ દેવતાના ગુણોનો મહિમા વર્ણવતા એ દેવતાને સૂર્ય અને ચંદ્રથી પણ અધિક એવો અપૂર્વ દીપક કહે છે.[૭૫] દુર્વાસા રચિત 'શકિતમહિમ્નઃસ્તોત્રમાં ત્રિલોકના મહાસૌંદર્યસાગરના મંથનમાંથી ઉત્પન્ન થયેલ સુધાવર્ણી તેમજ હજારો સૂર્ય અને જાસુદના ફૂલોની શોભાધરાવનાર દેવી ત્રિપુરાના તેજોમય સ્વરૂપનું નિરૂપણ થયું છે[૭૬] પુષ્પદંતના ' શિવમમ્નિસ્તોત્ર'ના

શ્લોક ૧૭માં શિવજીના અત્યંત મહાન દિવ્ય શરીરનો મહિમા ગાયો છે. કુલશેખરની દષ્ટિએ શ્રીકૃષ્ણ તો સૌંદર્યમુદ્રામણિ છે.[૭૭] વલ્લભાચાર્યના 'યમુનાષ્ટક'માં યમુનાસુંદરીનાં રૂપક ચિત્રો પ્રસ્તુત થયા છે. લલ્લાદીક્ષિતના 'આનંદમંદિર સ્તોત્ર' માં કવિ દેવીમાં સરોવર અને સંધ્યાનું રૂપ નિહાળે છે. ઉત્પલદેવની 'શિવસ્તોત્રાવલી' અને જગદ્ધર ભટ્ટની 'સ્તુતિકુસુમાંજલિ'માં શિવના અનંત ગુણોનો મહિમા રજૂ થયો છે. વેદાન્તદેશિકના 'દયાશતક'માં ભગવાન શિવની દયાવૃત્તિના ગુણ-ગાન થયાં છે, તો પંડિત જગન્નાથની 'કરુણાલહરી'માં વિષ્ણુની કરુણા આલેખાઈ છે.

સ્તોત્રકવિ ઇષ્ટદેવનું ચરિત રજૂ કરીને તેનો મહિમા ગાય તે સ્વાભાવિક છે. ભકત કવિને મન આરાધ્ય સર્વસમર્થ છે, તે અદ્‌ભુત કૃત્યો કરનાર છે. સ્તોત્રકાવ્યમાં સામાન્યતઃ પ્રબંધાત્મકતાનું તત્ત્વ હોતું નથી, પરિણામે જે રીતે નાટક કે મહાકાવ્યમાં દેવતાના ચરિતનું નિરૂપણ થાય છે, એવા સવિસ્તર ચરિતનો મુકતકો કે મુકતકો પ્રકારના સ્તોત્રમાં અવકાશ નથી. આવી સ્થિતિમાં સ્તોત્રકવિ કેટલાક સાર્થક શબ્દો કે વિશેષણો દ્વારા દેવતાના જીવનવૃતનો કે ચરિતનો સંક્ષેપમાં સંકેત કરી દે છે. દેવતાના કાર્યો, પ્રસંગો એમનાં અદ્‌ભુત કર્મો, વિચિત્ર અને વિસ્મયજનક ચરિત્ર વગેરેનું નિરૂપણ લઘુસ્તોત્રોમાં તો અતિ સંક્ષેપમાં થયું હોય છે, પરંતુ કેટલાક બૃહદ્‌સ્તોત્રમાં કવચિત્ વિસ્તારથી પણ દેવતાનું ચરિત નિરૂપાય છે. જો કે એ નોંધવું જોઈએ કે કેટલાંક શતકસ્તોત્રો કે એનાથી પણ બૃહદ્‌સ્તોત્રોમાં દેવતાના ચરિતનું ક્રમિક સવિસ્તર વર્ણન સ્તુત્યાત્મક શૈલીમાં પ્રાપ્ત થાય છે. એવા કેટલાંક સ્તોત્રોમાં પ્રબંધતત્ત્વ નિષ્પન્ન થાય છે. એમ કહી શકાય. જેમ કે સોમેશ્વર રચિત 'રામશતક' માં રામાયણ-કથાને અનુરૂપ રામચરિત સાથે સંબદ્ધ સર્વ પ્રસંગોનુ ક્રમિક આલેખન થયું છે, તો રામપાર્શ્વની 'રામપંચશતી'માં રામના જીવન પ્રસંગોનું ક્રમબદ્ધ સવિસ્તર ચિત્રણ દષ્ટિગત થાય છે, એ રીતે ભટ્ટનારાયણનાં 'સહસ્રશ્લોકીસ્તોત્ર' 'નારાયણી'માં ભાગવત પ્રમાણેનું શ્રીકૃષ્ણનું ચરિત્ર વિસ્તારથી પ્રસ્તુત થયું છે. સ્તોત્રમાં ચરિત સાથે દેવતાના મહિમાનું પણ ગાન થયું છે.

સ્તોત્ર સાહિત્યના પરિશીલનથી સ્પષ્ટ થાય છે કે સ્તોત્રો મુખ્યત્વે બે પ્રકારના છેઃ ૧. ભકિત સ્તોત્રો અને ૨. દાર્શનિક સ્તોત્રો. ભકિતસ્તોત્રોમાં સામાન્યતઃ કોઈ દાર્શનિક સંપ્રદાયને નજરમાં રાખ્યા સિવાય ઇષ્ટદેવનું ગુણગાન થયું હોય છે. આવાં સ્તોત્રોમાં પણ કયારેક કેટલાક દર્શનના સિદ્ધાંતો પ્રતિફલિત થાય છે. પરંતુ એવા સિદ્ધાંતો કોઈ વિશિષ્ટ સંપ્રદાયના હોતા નથી, માત્ર દેવતાનું

તાત્ત્વિક સ્વરૂપ કે બ્રહ્મસ્વરૂપ આલેખવા એવા તાત્ત્વિક સિદ્ધાંતો રજૂ થયા હોય છે. જેમ કે મયુરકવિના 'સૂર્યશતક'માં અને બાણના 'ચંડીશતક'માં સૂર્ય અને દેવી ચંડી પ્રત્યે ભકિતભાવ સાથે એ દેવતાઓનાં તાત્ત્વિક સ્વરૂપનું પણ આલેખન થયું છે. પરંતુ એવું આલેખન સંપ્રદાય તેમજ શાકત સંપ્રદાયના સિદ્ધાંત પ્રમાણેનું છે. એમ કહી શકાય તેવું નથી.. કાલિદાસ, હર્ષવર્ધન, મૂક કવિ, રાજાનક રત્નાકર, ભટ્ટનારાયણ, પંડિત જગન્નાથ, રામભદ્ર દીક્ષિત વગેરેનાં સ્તોત્રો આવાં કહી શકાય.

બીજા પ્રકારના દાર્શનિક સ્તોત્રો છે. એમાં ખાસ કરીને જૈન-બૌદ્ધ સ્તોત્રો અને મધ્યકાલીન વૈષ્ણવ, શૈવ તેમજ શાકત સંપ્રદાયોનાં કવિઓનાં સ્તોત્રોનો સમાવેશ થાય છે. બૌદ્ધ સ્તોત્રોમાં ખાસ કરીને માતૃચેટ, નાગાર્જુન વગેરેની સ્તોત્રકૃતિઓમાં બૌદ્ધધર્મ અને દર્શનના કેટલાંક સિદ્ધાંતો રજૂ થયા છે. એ જ રીતે જૈન સ્તોત્રોમાં સમંતભદ્ર, સિદ્ધસેન, દિવાકર, આચાર્ય માનતુંગ વગેરેની કૃતિઓમાં જૈનદર્શનના સિદ્ધાંતો પ્રસ્તુત થયા છે. મધ્યકાલીન વૈષ્ણવ સંપ્રદાયોમાં રામાનુજીય, ગૌડીય, અને પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સ્તોત્રો પ્રમુખ છે. આવા સ્તોત્રોમાં જે તે સંપ્રદાયના ભકિતતત્ત્વ સાથે દાર્શનિક વિચારો કે સિદ્ધાંતોનું નિરૂપણ થયું છે. જેમ કે યામુન, રામાનુજ, વેદાંતદેશિક વગેરેના સ્તોત્રોમાં રામાનુજીય વિશિષ્ટાદ્વૈતી સિદ્ધાંતો પ્રસ્તુત થયા છે, ગૌડીય વૈષ્ણવ સંપ્રદાયના ચૈતન્ય, રઘુનાથદાસ અને રૂપ ગોસ્વામીના સ્તોત્રોમાં ગૌડીયમત રજૂ થયો છે, તો વલ્લભાચાર્ય, વિઠ્ઠલાચાર્ય, ગોસ્વામી રઘુનાથ વગેરેના સ્તોત્રોમાં સ્વસંપ્રદાયાનુસાર તાત્ત્વિક, દાર્શનિક સિદ્ધાંતોનું નિરૂપણ સ્તુત્યામક શૈલીમાં થયું છે. એ જ રીતે શૈવશાકત સ્તોત્રોમાં પાશુપત, વીરશૈવકાપાલિક વગેરે શૈલી સંપ્રદાયો તેમજ તંત્રગ્રંથોના તાંત્રિક સિદ્ધાંતોનું નિરૂપણ એક યા બીજી રીતે થયું છે.

કેટલાંક પૌરાણિક સ્તોત્રો પર ઉતરવર્તી વિભિન્ન દાર્શનિક સંપ્રદાયોનો પ્રભાવ વર્તાય છે. વૈષ્ણવ પુરાણોના સ્તોત્રોમાં અનેક સ્થળે વિભિન્ન વૈષ્ણવી દાર્શનિક સિદ્ધાંતોનું દર્શન થાય છે. આનું વિગતે નિરૂપણ પ્રસ્તુત નિબંધમાં અન્યત્ર કરવામાં આવ્યું છે.

### ૯. સ્તોત્રોનો મનોવૈજ્ઞાનિક આધાર :-

સ્તોત્ર સાચી શ્રદ્ધા, શરણાગતિ અને આત્મસમર્પણનું રૂપ છે. આ પરમાત્માસ્વરૂપ મહાશકિત સાથે વાર્તાલાપ કરવાની ખૂબ જ સરળ આધ્યાત્મિક પ્રવૃત્તિ છે. જે મહાશકિતથી આ અનન્ત બ્રહ્માંડ પ્રગટ થયું છે અને સમસ્ત જગતનું લાલન-પાલન નિયમબદ્ધ ચાલ્યા

કરે છે, તેની સાથે સંબંધ સ્થાપિત કરવાનો અત્યંત ઋજુ અને અવિકટ માર્ગ સ્તોત્ર અથવા પ્રાર્થના છે. ભકત પરમાનંદસ્વરૂપ પ્રભુની સાથે પોતાના હૃદયના અકૃત્રિમ લયાત્મક શબ્દો દ્વારા સંબંધ જોડી દે છે.

સ્તોત્ર તો મનુષ્યના મનની બધી પ્રવૃત્તિઓને અને દિશાઓમાં ભટકનારી વૃત્તિઓને એક કેન્દ્ર પર એકાગ્ર કરવાનો માનસિક વ્યાયામ છે. એમાં હૃદયના ભાવોની પ્રધાનતા રહેલી છે. મનુષ્યના ચેતન મન સિવાય એક અચેતન અને અત્યંત ગુણ્ય મન પણ રહેલું છે. તેની શકિત અપરિમિત તથા અનંત હોય છે. તે અનંતજ્ઞાન, અનંત અનુભૂતિ અને અનંત ભાવનાઓથી યુકત આ જ અચેતન મનની પૃષ્ઠ-ભૂમિમાંથી ઉદ્ભવેલી શ્રદ્ધાયુકત ચેતનાની શાબ્દિક અભિવ્યકિત એટલે 'સ્તોત્ર'.

જ્યાં સુધી મનમાં શ્રદ્ધા કે વિશ્વાસનો ઉદ્ભવ નથી થતો, ત્યાં સુધી સ્તોત્રનો ઉદ્ભવ થઈ શકતો નથી. વિવિધ કલેશોથી યુકત માનહૃદયમાં જ્યારે શ્રદ્ધા અને વિશ્વાસનો ઉદ્ભવ થાય છે ત્યારે તે અત્યંત પવિત્ર બની જાય છે અને અનાયાસ જ તેના હૃદયમાંથી મધુમય શબ્દોની પુષ્પાંજલિ પોતાના આરાધ્યદેવને સમર્પિત થઈ જાય છે. જ્યારે મનની વૃત્તિઓ સત્ત્વાવસ્થામાં સ્થપાઈ જાય છે, બહારના સંબંધો કપાઈ જાય છે. તથા આરાધ્ય પ્રત્યે શ્રદ્ધા અને વિશ્વાસ પૂર્ણ રૂપ ધારણ કરે છે, ત્યારે "સ્તોત્ર" નો પ્રારંભ થાય છે.

મનોવિજ્ઞાન મનની મુખ્ય ત્રણ વૃત્તિઓ માને છે.-

૧. જ્ઞાન,

૨. ભાવના અને

૩. ક્રિયા

પ્રત્યેકની માનસિક અવસ્થામાં આ ત્રણેનું સાહચર્ય જોવા મળે છે, પરંતુ એક અવસ્થામાં એકનું જ આધિક્ય હોય છે.

પહેલી અવસ્થામાં પરમાત્માના મહાત્મ્ય, ગુણ અને અપરિમિત શકિતનું જ્ઞાન થાય છે. ત્યારે એના દ્વારા સંપાદિત વિવિધ અદ્ભુત કાર્યોને જોઈને તેના પ્રત્યે શ્રદ્ધા અને વિશ્વાસ ઉત્પન્ન થાય છે. શ્રદ્ધા અને વિશ્વાસ જ્યારે પૂર્ણ રૂપે વિકસિત થઈ જાય છે, ત્યારે ભકત લાગણીશીલ બની સ્તોત્ર-ગાન કરવા લાગે છે, પરંતુ આ ક્રિયાનો સંબંધ તેના અચેતન મન સાથે રહેલો હોય છે.

સ્તોત્રોમાં મનની બીજી અવસ્થા ભાવનાની વિશેષતા જોવા મળે છે. ભાવનાની અંતર્ગત અનેક વૃત્તિઓ જોવા મળે છે. આ વૃત્તિઓ મુખ્ય ત્રણ રૂપોમાં પ્રતિપાદિત થયેલી જોવા મળે છે.

૧. દેહાત્મક- શરદી, ગરમી, ભૂખ, તરસ વગેરે

૨. આવેશાત્મક - ભય, ક્રોધ, આનંદ-શોક, લોભ-આશા, દયા, સહાનુભૂતિ વગેરે

૩. રસાત્મક- શ્રદ્ધા અને પ્રેમ.

સ્તોત્રનો ઉદ્ભવ આવેશાત્મક અને રસાત્મક સ્થિતિમાં થાય છે. જ્યારે મનુષ્ય આશા, આનંદ, દયા, ભય વગેરેથી પ્રયુકત બની જાય છે, ત્યારે તેની ચિતવૃત્તિઓ વિકસિત બની જાય છે અને તેનો સંબંધ અચેતન મન સાથે સ્થાપિત થઈ જાય છે. આ અવસ્થામાં કોઈ ગુણજ્ઞ, સર્વસમર્થ, અવ્યય વગેરેની બાજુ પહેલેથી જ રહેલ શ્રદ્ધા અને વિશ્વાસ કામ આવી જાય છે. ભકતહૃદયને પૂર્ણ વિશ્વાસ હોય છે કે આપત્તિના સમયે તેની રક્ષા પોતાના આરાધ્ય દેવ જ કરી શકે છે. જ્યારે પ્રાણસંકટ આવી પડે છે અને સંબંધીઓ પણ આપત્તિને ટાળી શકવા અસમર્થ હોય છે. તથા પોતાની શકિત પણ સમાપ્ત થઈ જાય છે. ત્યારે ઉદ્ગાર નીકળે છે.

इदानीं त्वामहं देव विकलः शरणं गतः ।

त्राहि मां दुःखितं कृष्ण मग्नं संसारसागरे ।।[७८]

આમ, આ પ્રમાણે સમર્થ જગદીશ્વરની યાચના કરે છે. એ આશા સાથે કે હવે મને પરમાત્મા જ આ મહાવિપત્તિથી બચાવી શકશે, તેના સિવાય મારું શરણ કોઈ નથી જ્યારે મનુષ્ય બધા લૌકિક સાધનોનો ઉપયોગ કરીને હારી જાય છે, ત્યારે તેને બધી બાજુથી કેવળ અંધકાર જ દેખાય છે, તેને ઉજાસનો એકપણ અંશ દેખાતો નથી ત્યારે તે પોતાને અસુરક્ષિત, અસહાય સમજી પ્રભુની શરણાગતિમાં જવાનું સ્વીકારે છે. તેના હૃદયમાં જ્યારે અનન્યતા અને સંપૂર્ણ સમર્પણની ભાવના આવી જાય છે, ત્યારે તેનાં મન, વાણી અને આંસુઓમાં એટલી બધી શકિત આવી જાય છે કે, ભગવાનને પણ ત્યાં આવવું પડે છે.

આ જ સ્થિતિ, દ્રૌપદી, ઉત્તરા, અર્જુન, ગજેન્દ્ર, ગોપીઓ, નાગપત્નીઓ વગેરેની થાય છે દ્રૌપદીની સ્થિતિ કંઈક અંશે આ જ પ્રકારની હતી. તેના પોતાના માણસો પણ તેને સહાય કરી શકતા ન હતા દ્રૌપદીને જેમના પર પૂર્ણ ભરોસો હતો, જેમને મેળવીને તે પોતાને પરમ

સૌભાગ્યશાળી સમજતી હતી તે તેમને નિઃચેતન પૂતળા જેવા જોઈને અસહાય બની જાય છે. થોડીવારમાં તેની શું સ્થિતિ થશે તે વિચારમાત્રથી કંપી ઉઠે છે. ત્યારે તેને અચેતન મનમાં રહેલો વસિષ્ઠનો ઉપદેશ યાદ આવે છે કે -"આપત્તિ કાળમાં પ્રભુનું સ્મરણ કરવું જોઈએ". આ જ સંસ્કાર તેને આપત્તિકાળમાં કામ લાગે છે, અને તે પૂર્ણ શ્રદ્ધા તથા અનન્ય વિશ્વાસ સાથે પ્રભુ શ્રીકૃષ્ણને પોકાર કરે છે, જે દ્વારકાવાસી છે, ગોપીઓના પ્રિય છે અને ભકતોના પરમ આશ્રય છે.-

गोविन्द द्वारिकावासिन् कृष्ण गोपीजनप्रिय ।
कोरवैः परिभूतां मां किं न जानासि केशव ।।[७९]

ગજેન્દ્રને હવે થોડીવારમાં ઝૂંડ પાણીની અંદર ખેંચી લેશે. તેના શરીરનો આગળ નો ભાગ જ પાણીની ઉપર હતો તે વખતે તે પૂર્વજન્મના સંસ્કારથી પરિપૂર્ણ થઈ પરમકૃપાળુ પરમાત્માના ચરણોમાં સમર્પિત થઈ જાય છે. સર્વાત્મા પ્રભુ ઉપર વિશ્વાસ અને શ્રદ્ધા રાખી અકિંચન અને અનન્ય ભકિત સાથે ગજેન્દ્ર પરમાત્માનું શરણ ગ્રહણ કરે છે.

यस्मिन्निदं यतश्चेदं येनेदं च इदं स्वयम् ।
योऽस्मात् परमास्माच्च परस्तं प्रपद्ये स्वयम्भुवम् ।। [८०]

સ્તોત્રોમાં ઉપકાર ભાવનાનું સાર્વભૌમત્વ જોવા મળે છે. આરાધ્ય વારંવાર પોતાના ભકત ઉપર કૃપા કરતા હોવાથી ભકત તેમના સ્તોત્રનું ગાન કરે છે. ઉપકારથી મનમાં દયા ઉત્પન્ન થાય છે અને અંતમાં અંદર રહેલુ સત્ત્વ બહાર આવે છે, ત્યારે ભકત શ્રદ્ધા અને આત્મવિશ્વાસની સાથે પોતાના આરાધ્ય દેવના ગુણગાન ગાવા લાગે છે કે ભકતોને ચમત્કાર લાગે છે. પ્રાર્થના કે સ્તોત્રગાન કરવાથી ઘણીવખત એવું પણ બને છે કે ભકતોને ચમત્કાર લાગે છે. મનુષ્ય જ્યારે આત્મા સાથે એકરૂપ થઈને ઈશ્વરના સાન્નિધ્યમા ઉપસ્થિત થાય છે. ત્યાં જ તેની ક્ષીણ શકિત તેને પાછી મળે છે. તેને શાશ્વત જીવન અને ભગવદ્ભકિતની ઉપલબ્ધિ થાય છે. આ પ્રમાણે થવાથી બધી જ આપત્તિઓ, બધાં દુઃખ પોતાની મેળે જ મટી જાય છે. તે શાશ્વત મનોરાજ્યમાં સ્થિર થઈ પરમાનંદમય બની જાય છે.

**(૧૦) સ્તોત્ર-પ્રકારઃ-**

સંસ્કૃત સાહિત્યની સ્તોત્ર-કાવ્ય-પરંપરામાં એના અનેક પ્રકાર અસ્તિત્વમાં આવ્યા છે. મોટે ભાગે કવિએ આપેલ સ્તોત્ર-શીર્ષકને આધારે પણ જે તે પ્રકારનું સૂચન થઈ જાય છે.

શ્લોક સંખ્યા, વિષયવસ્તુ, વિશિષ્ટ આરાધ્ય દેવતા વગેરેને આધારે સ્તોત્રના અનેક પ્રકારો વિચારી શકાય છે.

૧. શ્લોક – સંખ્યાને આધારે સ્તોત્ર–પ્રકાર :-

સ્તોત્ર– કવિઓએ અમુક સંખ્યાના શ્લોકોની રચના કરીને શીર્ષકમાં એનો નિર્દેશ કર્યો હોય છે. સ્તોત્ર મુખ્યત્વે મુકતક પ્રકારનું કાવ્ય છે. એક શ્લોકથી આરંભીને અનેક શ્લોકોની સંખ્યાવાળાં સ્તોત્રો પ્રાપ્ત થાય છે. આના નીચેના જેવા પ્રકાર થઈ શકે.

(૧) એક શ્લોકી :- કેટલાંક સ્તોત્રો એક શ્લોકી હોય છે કે જેમાં કવિ એક જ શ્લોક દ્વારા ઇષ્ટદેવની સ્તુતિ કરી દે છે. મહાકાવ્યો, નાટકો વગેરેમાં મળતા મંગલાચરણના શ્લોક તેમજ વિભિન્ન ગ્રંથોમાં પ્રાપ્ત થતાં સ્તુત્યાત્મક સુભાષિતો પ્રાયઃ એક શ્લોકી હોય છે.

(૨) પંચક :- પાંચ શ્લોકવાળું સ્તોત્ર પંચક નામે પ્રસિદ્ધ થયું છે. જેમ કે, પાર્વતીપંચક, માતૃસ્તુતિરત્નપંચક વગેરે શંકરાચાર્યના નામે પણ આવાં અનેક પંચકો પ્રાપ્ત થાય છે, જેવા કે મનીષાપંચક, કાશીપંચક, મીનાક્ષીપંચરત્ન, ગણેશપંચરત્ન, કૌપીનપંચક વગેરે.

(૩) ષટ્ક :- છ શ્લોક ધરાવતું સ્તોત્ર ષટ્ક કહેવાય છે. જેમ કે દેવીષટ્ક, (કાલિકા પુરાણ), ચિન્તામણિ ષટ્પદી વગેરે, શંકરાચાર્યના નામે પણ આવાં કેટલાક સ્તોત્રો મળે છે. જેવાં કે નિર્વાણષટ્કક અને ષટ્પદીસ્તોત્ર વગેરે.

(૪) અષ્ટકઃ- આઠ શ્લોક ધરાવતું સ્તોત્ર અષ્ટક કહેવાય છે. પુરાણોનો આ મુખ્ય સ્તોત્ર–પ્રકાર છે. પરિણામે અનેક અષ્ટકો પ્રાપ્ત થાય છે. જેવાં કે લિંગાષ્ટક, વિશ્વનાથાષ્ટક (વ્યાસ), પ્રદોષસ્તોત્રષ્ટક (સ્કંદપુરાણ) સૂર્યાષ્ટક વગેરે.

(૫) દશક :- દશ શ્લોકી સ્તોત્ર તે દશક. જેમ કે ન્યાસ દશક (વેદાન્ત દેશિક) શંકરાચાર્યના નામે પણ ગૌરીદશક અને દશશ્લોકી સ્તુતિ એ બે સ્તોત્રો પ્રાપ્ત થાય છે.

(૬) વિંશતિ અથવા વીસ શ્લોકી :- જેમ કે વેદાન્ત દેશિકનું ગોપાલવિંશતિ વગેરે.

(૭) દ્વાત્રિશિંકા :- બત્રીસ શ્લોકી સ્તોત્ર, જેમ કે અન્ય યોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા (હેમચંદ્રાચાર્ય) અયોગયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા (હેમચંદ્રાચાર્ય) વગેરે.

(૮) પંચાશત્ :- ૫૦ શ્લો ધરાવતુ સ્તોત્ર, જેમ કે દેવનાયક પંચાશત્ (વેદાન્તદેશિક), આચાર્યપંચાશત્

(વેંકટાધ્વરી) વગેરે.

(૯) શતક :- ૧૦૦ શ્લોકો ધરાવતું સ્તોત્ર શતક કહેવાય છે, જેમ કે ચંડીશતક (બાણ), સૂર્યશતક (મયૂર), રામશતક (સોમેશ્વર) વગેરે. શંકરાચાર્યે ૧૦૦ શ્લોક ધરાવતા સ્તોત્રો રચ્યાં છે. પરંતુ એ સ્તોત્રોના શીર્ષક શ્લોક સંખ્યાને આધારે નહિ પરંતુ વિષયવસ્તુને આધારે અપાયા છે, જેમ કે સૌંદર્ય લહરી અને શિવાનંદ લહરી.

(૧૦) અધ્યર્દ્ધશતક :- ૧૫૦ શ્લોક ધરાવતુ સ્તોત્ર અધ્યર્દ્ધશતક કહેવાય છે, જેમ કે માતૃચેટનું અધ્યર્દ્ધશતક.

(૧૧) ચતુઃ શતક :- ચાર શતકો ધરાવતું સ્તોત્ર, માતૃચેટ આર્યદેવ વગેરેનાં ચતુઃ શ્લોકી શતકો પ્રાપ્ત થાય છે.

(૧૨) પંચશતી :- પાંચ શતકો ધરાવતું સ્તોત્ર, જેમ કે મૂક કવિનું પંચશતી,

(૧૩) સહસ્ર :- સહસ્રશ્લોકી સ્તોત્ર, આ બૃહત્તમસ્તોત્ર પ્રકાર છે. સંસ્કૃત સાહિત્યમાં સહસ્રશ્લોકી બે સ્તોત્રો વિશેષ પ્રસિદ્ધિમાં આવ્યા છે. વેદાંતદેશિકનું પાદુકાસહસ્ર અને વેકંટાધ્વરિનું લક્ષ્મીસહસ્ર આવા પ્રકારનાં સ્તોત્રમાં એક-બે શ્લોક વધારે પણ પ્રાપ્ત થાય છે, જે મોટેભાગે ફલશ્રુતિનો નિર્દેશ કરે છે.

૨. વિષયવસ્તુને આધારે સ્તોત્ર પ્રકાર :-

સ્તોત્રોમાં વિષય-વૈવિધ્ય પર્યાપ્ત માત્રામાં દષ્ટિગત થાય છે, વિષય વસ્તુને આધારે નીચેના જેવા સ્તોત્ર-પ્રકાર થઈ શકે છે.

(૧) પ્રાતઃસ્મરણસ્તોત્ર :- પ્રાતઃ કાળે ઇષ્ટદેવની જેમાં સ્તુતિ થઈ હોય તે, જેવાં કં, ભગવત્પ્રાતઃ સ્મરણ (બ્રહ્માનંદ), પ્રાતઃસ્મરણસ્તોત્ર (ભગવતપાદાચાર્ય)વગેરે.

(૨) નામાવલીસ્તોત્ર :- પરમાત્માનાં ૧૦૦, ૧૦૮ કે ૧૦૦૦ વગેરે સંખ્યાનાં નામોનો નિર્દેશ કરતા સ્તોત્રો, જેમ કે સીતાસહસ્રનામસ્તોત્ર (રામાયણ), વિષ્ણુસહસ્રનામસ્તોત્ર (મહાભારત) વગેરે.

શંકરાચાર્યે વિષ્ણુસહસ્રનામસ્તોત્ર પર ભાષ્ય લખીને આ સ્તોત્ર પ્રકારને પ્રતિષ્ઠિત કર્યો છે.

(૩) મહિમ્નઃ સ્તોત્ર : પરમાત્માના મહિમાનું વર્ણન કરતાં સ્તોત્રો, જેવા કે શિવમહિમ્નઃસ્તોત્ર (સ્કંદપુરાણ), ત્રિપુરામહિમ્નઃસ્તોત્ર (દુર્વાસા), શિવમહિમ્નઃસ્તોત્ર (પુષ્પદંત) વગેરે.

(૪) માનસપૂજાસ્તોત્ર :- ઇષ્ટદેવની મનોકલ્પિત મૂર્તિને આધારે જેમાં માનસિક પૂજા કરવામાં આવે તે સ્તોત્રો, જેમ કે માનસિકસ્નાનસ્તોત્ર (વામનપુરાણ) ત્રિપુરસુન્દરીમાનસપૂજાસ્તોત્ર

(સામરાજદીક્ષિત) વગેરે.

શંકરાચાર્યના નામે આવાં કેટલાંક સ્તોત્ર મળે છે. જેવા કે શિવમાનસપૂજા, ભગવન્માનસ પૂજા વગેરે. ઇષ્ટદેવની ઉપચારપૂજા કરનારા સ્તોત્રો પણ આવાં કહેવાય, જેમ કે દેવી ચતુઃશ્લોકી ઉપચાર પુજાસ્તોત્ર (શંકરાચાર્ય)

(૫) અપરાધક્ષમાપન સ્તોત્ર : આવાં સ્તોત્રમાં કવિ મુખ્યત્વે ઇષ્ટદેવ પાસે પોતાના અપરાધોની ક્ષમાયાચના કરે છે. જેમ કે, શિવાપરાધક્ષમાપન સ્તોત્ર (ઉપમન્યુ). શંકરાચાર્યનાં પણ આવા બે પ્રસિદ્ધ સ્તોત્રો છેઃ દેવ્યપરાધક્ષમાપન સ્તોત્ર અને શિવપરાધક્ષમાપનસ્તોત્ર.

(૬) કવચસ્તોત્રઃ- પુરાણોમાં અનેક કવચપ્રકારનાં સ્તોત્રો મળે છે. કવચ એટલે રક્ષાનું કવચ. આવાં પ્રકારનાં સ્તોત્રોના કવિ ઇષ્ટદેવ પાસે પોતાના જુદાં-જુદાં અંગોની રક્ષા યાચે છે. પ્રસિદ્ધ કવચસ્તોત્રોમાં શિવકવચ (સ્કંદપુરાણ), દેવીકવચ (માર્કણ્ડેયપુરાણ), નારાયણકવચ(ભાગવતપુરાણ) વગેરે મળે છે.

(૭) ભુજંગપ્રયાતસ્તોત્રો :- ભુજંગપ્રયાત છંદમાં રચાયેલું સ્તોત્ર.

શંકરાચાર્યના નામે આવા કેટલાંક સ્તોત્રો પ્રસિદ્ધ છે- વિષ્ણુભુજંગપ્રયાતસ્તોત્ર, શિવભુજંગપ્રયાતસ્તોત્ર, શિવભુજંગપ્રયાત, દેવીભુજંગ, ભવાનીભુજંગ વગેરે.

(૮) નખશિખવર્ણન સ્તોત્ર :- ઇષ્ટદેવના સર્વ અંગોનું ક્રમિકવર્ણનઃકરતું સ્તોત્ર- આ વર્ણન પદ્ધતિ બે પ્રકારની છે. (૧) પાદાદિકેશાન્ત વર્ણનઃ ચરણથી આરંભીને કેશપર્યન્તના અંગો તેમજ વસ્ત્રાભૂષણોનું વર્ણન કરતુ સ્તોત્ર. (૨) કેશાદિપાદાન્તવર્ણનઃ કેશથી આરંભીને ચરણ સુધીનાં અંગોનું તેમજ વસ્ત્રાભૂષણોનું વર્ણન કરતું સ્તોત્ર. શંકરાચાર્યના નામે આવા સ્તોત્રો પ્રાપ્ત થાય છે., જેમ કે- શિવપાદાદિકેશાન્તવર્ણનસ્તોત્ર અને શિવકેશાદિપાદાન્તવર્ણનસ્તોત્ર વગેરે.

કેટલાંક સ્તોત્રો એવાં પણ છે કે એમાં માત્ર એક જ અંગનું વર્ણન આખા સ્તોત્રમાં થયું હોય છે, જેમ કે મૂક કવિના પાદારવિન્દશતકમાં દેવીના માત્ર ચરણનું વર્ણન થયું છે. એ જ રીતે શ્રીનિવાસાંચાર્યના જાનકીચરણચામરમાં જાનકીના ચરણોનું વર્ણન થયું છે.

(૯) લહરી સ્તોત્રો :- લહરીનામે સ્તોત્રકાવ્યની પરંપરા શંકરાચાર્યે સર્જી હોય તેવું જણાય છે. આવાં સ્તોત્રોમાં ભાવલહરી તરંગિત થાય છે. શંકરાચાર્યના નામે મળતાં આવાં ત્રણ સ્તોત્રો છેઃ

(૧) સૌંદર્ય લહરી (૨) શિવાનંદલહરી અને (૩) આનંદલહરી.

જગન્નાથની ગંગાલહરી જેવી પાંચ લહરીઓ પ્રસિદ્ધ છે.

(૧૦) ન્યાસ સ્તોત્રો :- પુરાણોમાં આવાં કેટલાંક સ્તોત્રો મળે છે, જેમ કે ગણેશન્યાસ. આ ઉપરાંત વેદાંતદેશિકનું ન્યાસદશક, ન્યાસવિશંતિ વગેરે પ્રસિદ્ધ છે. આવાં સ્તોત્રોમાં ન્યાસ કે પ્રણય અને ઇષ્ટદેવના નામના ઉચ્ચારણપૂર્વક શરીરના વિભિન્ન અંગોને સ્પર્શ કરાય છે. કરન્યાસ, અંગન્યાસ વગેરે એના પ્રકાર છે. આ એક તાંત્રિક વિધિ છે.

(૧૧) આયુધ સ્તોત્રો :- ઇષ્ટદેવનું આયુધ કે આયુધો વગેરેને કેન્દ્રમાં રાખીને રચાયેલું સ્તોત્ર, જેમ કે ષોડશાયુધસ્તોત્ર(વેદાન્ત દેશિક), રામબાણસ્તવ (રામભટ્ટ દીક્ષિત) વગેરે.

૩. આરાધ્યદેવતાના નામ અનુસાર રચાયેલાં સ્તોત્રો :-

સ્તોત્ર કવિ સામાન્યતઃ પોતાના ઇષ્ટદેવને કેન્દ્રમાં રાખીને સ્તોત્ર રચે છે. દેવતાના નામ પ્રમાણે નીચેના જેવા સ્તોત્રપ્રકાર થઈ શકે.

(૧) વૈષ્ણવસ્તોત્રઃ- વિષ્ણુ તેમના અવતારોને કેન્દ્રમાં રાખીને રચાયેલાં સ્તોત્રો. સંસ્કૃત સાહિત્યમાં આવાં અનેક સ્તોત્રો જોવા મળે છે. જેવાં કે, કૃષ્ણકર્ણામૃત (લીલાશુક), કૃષ્ણસ્તુતિ (વાદિરાજ) ગોવિંદદામોદરસ્તુતિ (બિલ્વમંગલ) નારાયણીસ્તોત્ર(નારાયણભટ્ટ), મુકુન્દમાલા (કુલ શેખર), રામકર્ણરસાયન (રામભટ્ટદીક્ષિત) વગેરે. શંકરાચાર્યના કૃષ્ણાષ્ટક, જગન્નાથાષ્ટક, અચ્યુતાષ્ટક, વિષ્ણુભુજંગપ્રયાત, વિષ્ણુપાદાદિકેશાન્ત વગેરે આ પ્રકારનાં સ્તોત્રો છે.

(૨) શૈવસ્તોત્ર :- ભગવાન શિવ તેમજ તેમનાં સ્વરૂપો, અવતારો વગેરેને કેન્દ્રમાં રાખીને રચાયેલાં સ્તોત્રો.જેવા કે મહાદેવસ્તુતિ(ભારવિ), વિશ્વગસ્તવ (રામભટ્ટદીક્ષિત), શિવમહિમ્નઃસ્તોત્ર (પુષ્પદંત) શિવસ્તુતિ (ગોકુળનાથ), શિવસ્તોત્રાવલી (ઉત્પલદેવ)વગેરે.

(૩) દેવીસ્તોત્ર કે શકિતસ્તોત્ર :- આરાધ્યદેવીને આધારે રચાયેલું સ્તોત્ર, આમાં કોઈ દેવી કે શકિતનું સ્તવન થયું હોય છે. જેવા કે દેવીશતક(આનંદવર્ધન), દેવીશતક (કૃષ્ણનાથ સાર્વભૌમ), દયાશતક (વેદાંતદેશિક), ચંડીશતક (બાણભટ્ટ) વગેરે.

શંકરાચાર્યના મીનાક્ષીસ્તોત્ર, ત્રિપુરસુંદરીસ્તોત્ર, દેવ્યપરાધક્ષમાપન, ગૌરીદશક વગેરે દેવીસ્તોત્રો કહી શકાય. તંત્રગ્રંથોમાં દેવીનાં તાંત્રિકસ્તોત્રો મળે છે.

(૪) નદીતીર્થાદિ સ્તોત્રો :- નદી, તીર્થ વગેરે પવિત્ર સ્થળોને ઉદ્દેશીને રચાયેલાં સ્તોત્રો, જેવા

કે ગંગાલહરી (જગન્નાથ), યમુનાલહરી (જગન્નાથ) વગેરે, પુરાણોમાં આવાં અનેક સ્તોત્રો પ્રાપ્ત થાય છે. શંકરાચાર્યે પણ નદી–તીર્થાદિનો મહિમા ગાતાં કેટલાંક સ્તોત્ર રચ્યાં છે. જેવા કે યમુનાષ્ટક, ગંગાષ્ટક, ગંગાસ્તોત્ર, મણિકર્ણિકાષ્ટક, કાશીપંચક વગેરે.

(૫) ગ્રહસ્તોત્ર :- નવગ્રહો કે કોઈ એક ગ્રહને કેન્દ્રમાં રાખીને રચાયેલું સ્તોત્ર. પુરાણોમાં ગ્રહોની સ્તુતિ કરતાં અનેક કવચ મળે છે. જેમ કે રાહુકવચ, બુદ્ધકવચ, રાહુસ્તુતિ, ગ્રહસ્તુતિ વગેરે પ્રચલિત છે. આદિત્યહૃદય સ્તોત્ર (રામાયણ), સૂર્યશતક (મયૂર કવિ) વગેરે ને પણ ગ્રહસ્તોત્ર કહી શકાય.

બ્રાહ્મણ ધર્મના સ્તોત્રો ઉપરાંત સંસ્કૃત સાહિત્યમાં જૈન અને બૌદ્ધ સ્તોત્રો પણ મળે છે. એવા સ્તોત્રોમાં સ્વધર્મ પ્રમાણેના દેવની સ્તુતિ થઈ હોય છે. જૈન ધર્મમાં ખાસ કરીને ચોવીસ તીર્થંકરોની સ્તુતિઓ મળે છે, જ્યારે બૌદ્ધ ધર્મીય સ્તોત્રોમાં ગૌતમ બુદ્ધનું મહિમાગાન થયું હોય છે.

કાળ કે યુગ પ્રમાણે પણ સ્તોત્રનું વર્ગીકરણ થઈ શકે. આ રીતે સ્તોત્રોનાં કુલ મુખ્ય પાંચેક પ્રકાર પાડી શકાય. (૧) વૈદિક સ્તોત્ર (૨) પૌરાણિક સ્તોત્ર (૩) તાંત્રિક સ્તોત્ર (૪) મધ્યકાલીન સ્તોત્ર અને (૫) શિષ્ટ સંસ્કૃત કાવ્યશૈલીનાં સ્વતંત્ર સ્તોત્ર.

**(૧૧) સ્તોત્રનું મહત્વ :-**

જીવાત્માનો પરમાત્માની સાથે, ઉપાસકનો ઉપાસ્યની સાથે અને ભકતનો ભગવાનની સાથે અનન્ય ભકિત અને પ્રેમમય સંબંધ તે "સ્તોત્ર". આ સાધકની ઈશ્વર પ્રાપ્તિ માટેની પરમ વ્યાકુળતાઅને આર્તતાની ભાવનાની અભિવ્યકિત છે.

विपदः सन्तु नः शत्तत्र तत्र जगद्‌गुरो ।

भवतो दर्शनं यत्स्यादपुनर्भवदर्शनम् ।।[૮૧]

સ્તોત્રગાન કરવાથી ભકત પરમ શાંત મનવાળો બની જાય છે. સ્તોત્રના માધ્યમથી તે પોતાના હૃદયસ્થ સુખ-દુઃખ રૂપી માનસિક ભાવોને પ્રભુના ચરણોમાં સમર્પિત કરી દે છે. પોતાનો બધો ભાર તેમના ઉપર નાખીને ભકત સ્વયં ભગવાનમય બની જાય છે. સ્તોત્ર એક મહાન અમોઘ બળ છે, જે આપત્તિના દિવસોમાં સહાયક છે. અસહાયક માટે સહાયક છે, અનાથોનું નાથ છે. અશરણોનું પરમ શરણ છે. અંગ્રેજ મહાકવિ ટેનીસન કહે છે કે– " જગત જેની કલ્પના કરે છે, તેનાથી ખૂબ જ વધારે

મહાન કાર્ય પ્રાર્થના અથવા સ્તોત્ર દ્વારા જ સિદ્ધ થઈ શકે છે." પ્રભુનામ ઉપર શ્રદ્ધા અને વિશ્વાસ આવવાથી તેનામાં અનન્ય પ્રેમની પ્રાપ્તિ થાય છે. ભગવાન પ્રેમીના પ્રેમમાં વશ બની જાય છે, ભકતની સાથે ઓતપ્રોત થઈ બંધાઈ જાય છે. દરેક ક્ષણે યોગ-ક્ષેમનું વહન તેમને જ કરવું પડે છે. અચાનક આવી પડેલી આપત્તિઓમાં ભકતોની રક્ષા સ્વયં ગોવિંદ કરે છે.સ્તોત્ર દ્વારા જે અવ્યય છે, અધોક્ષજ છે, સ્વતંત્ર છે, ઈશ્વર છે, અંદર અને બહાર વિરાજમાન છે, તે જ પ્રભુ ભકતનો બની જાય છે. સગુણ સ્વરૂપે તેનો ભાઈ, મિત્ર બની જાય છે.

પ્રભુસ્મરણ કરવાથી, તેમના ગુણગાન ગાવાથી અને સાંભળવાથી ભકિતપૂર્ણ બને છે. આરાધ્ય પ્રત્યે શ્રદ્ધા દઢ બને છે. ભકિતમાં લીન થવાથી સાંસારિક મોહ, ભય વગેરેનો વિનાશ થઈ જાય છે. એટલા માટેજ ભકિતને "शोकमोहभयत्यहा" અને"आत्मारजस्तमोपहा" કહી છે-

यस्यां वै श्रुयमाणायां कृष्णे परमपुरुषे ।

भक्तिरुत्पद्यते पुंसः शोकमोहभयापहा ।।[૮૨]

इत्थं शरत्प्रावृषिकावृत् हरेर्विश्रृण्वतो मेऽनुसवं यशोऽमलम् ।

संकीर्त्यमानं मुनिभिर्महात्मभिर्भक्तिःप्रवृताऽऽत्मरजस्तमोपहा ।।[૮૩]

પ્રભુનું નામ લેવાથી, ગુણ ગાવાથી, ગાયન કરવાથી, કીર્તન કરવાથી સ્તોત્રકાર ભગવદ્ભકિત, સિદ્ધિ અને સંસાર-મુકિતને પ્રાપ્ત કરે છે-

यः श्रद्धयैतद् भगवत्प्रियाणां पाण्डोः सुतानामिति सम्प्रयाणम् ।

श्रुणोत्पल स्वस्वत्ययनं पवित्रं लब्ध्वा हरौ भक्तिमुपैति सिद्धिम् ।।[૮૪]

प्रथाप्यनुश्रुत्य धनञ्जयोदितं नाशं यदूनां भगवद्गतिं च ताम् ।

एकान्तभक्त्या भगवत्यधोक्षजे निवेशितात्मोपरराम संसृतेः ।।[૮૫]

સ્તોત્ર દ્વારા મોટી આપત્તિમાંથી પણ ઉગરી જવાય છે. પ્રાણસંકટ ઉપસ્થિત થાય છે ત્યારે સ્તોત્ર જ એકમાત્ર આધાર રહે છે. ગજેન્દ્ર, દ્રૌપદી, અર્જુન વગેરે ભકતજન પ્રાણસંકટ-સમયની અવસ્થાએ જ પ્રભુના સ્તોત્રનું ગાન કરે છે. જ્યાં સુધી પોતાની તાકાત કામ કરે છે, ત્યાં સુધી પોતાના આત્મીયજનો પર, પોતાના બળ ઉપર, પોતાના પૌરુષત્વ પર અભિમાન આવી જાય છે. ત્યારે પ્રભુની યાદ આવતી નથી, પરંતુ જ્યારે મૃત્યુ નજીક આવે છે ત્યારે પોતાનું બળ નિરર્થક લાગવા માંડે છે, ત્યારે સાંસારિક જીવ એકક્ષણ પહેલાં જે પોતાના પરાક્રમનો ગર્વ કરતો હતો તેનું ધૈર્ય અચાનક તૂટી જાય છે. તેનું પાષાણ જેવું હૃદય પણ પીગળીને મીણ જેવું બની જાય છે અને સહૃદયથી કાકલૂદી કરતો પોતાની અશ્રુધારાથી બધુ પ્રવાહિત કરી નાખે છે. તેનું સ્વચ્છ હૃદય જ બચેલું હોય છે. તે જ સમયે તે પ્રભુ સમક્ષ

પોતાને સમર્પિત કરી દે છે અને કહે છેઃ હે નાથ! મારી રક્ષા રો.

यः स्वात्मनीदं निजमाययार्पितं क्वचिद् विभातं कृत्व तत् तिरोहितम् ।

अविद्धदृक साक्ष्यभयं तदीक्षते स आत्ममूलोऽवतु मां परात्परः ।।[૮૬]

ભકતની કરુણકથની સાંભળી ભકતવત્સલ ભગવાન પણ આર્દ્ર બની જાય છે. ભકતનો આર્ત પોકાર સાંભળી ભગવાન સ્વયં આવે છે. પ્રભુ નિર્ગુણ અને સર્વ વ્યાપક હોવા છતાં પોતાના પ્યારા ભકત માટે સગુણ સ્વરૂપ ધારણ કરીને ભકતની રક્ષા કરવા માટે આવે છે, ત્યારે ભકતની જન્મ જન્માંતરની સાધના સફળ થઈ જાય છે. પ્રભુ દર્શનથી બાકી રહેલો કલેશ પણ દૂર થઈ જાય છે–

सोऽन्त सरस्यरुबलेन गृहीत आर्तो दृष्ट्वा गरुत्मति हरिं खउपातचक्रम् ।

उत्क्षिप्यः साम्बुजकरं गिरमाह कच्छान्नारायणाखिलगुरो भगवन्नमस्ते ।।[૮૭]

સ્તોત્રથી ભાવ શુદ્ધિ, હૃદય શુદ્ધિ, ક્રિયા શુદ્ધિ, શરીર શુદ્ધિ, વાણીની શુદ્ધિ, બૌદ્ધિક શુદ્ધિ થાય છે. આમાં ભાવ અને હૃદયની શુદ્ધિ સૌથી મોટી પવિત્રતા છે અને તે જ પ્રત્યેક કાર્યમાં ઉત્કૃષ્ટતાનો હેતુ બની રહે છે. આ ત્યારે જ સંભવ થાય છે કે જ્યારે આરાધક પ્રત્યે સમર્પિત ભકત પરમ રસમય સ્તોત્રો દ્વારા આરાધ્ય દેવને પ્રસન્ન કરે. સ્તોત્ર એક એવી વહેતી નદીના જેવી ધારા છે, જે વકતા, શ્રોતા બધાને પરમાત્મામય બનાવી દે છે–

यत्संश्रयान्निगदिते लभते सुवक्ता श्रोतापि कृष्णसमतामलमन्यधर्मैः।।[૮૮]

સ્તોત્ર દ્વારા ભકત સંસારનું સંપૂર્ણ ઐશ્વર્ય, રાજ્ય શાસન, સ્વર્ગ,મોક્ષ વગેરેનો પરિત્યાગ કરીને માત્ર પરમાત્માનાં ગુણોની આરાધનાની યાચના કરે છે. સંપૂર્ણ મનોવૃત્તિઓ સાથે ઇન્દ્રિયોને પણ પરમાત્માની સેવામાં લગાવવા માગે છે.

वाणीगुणानुकथने श्रवणं कथायां हस्तौ च कर्मसु मनस्तव पादयोर्नः ।

स्मृत्यां शिरस्तव निवासजगत्प्रणामे दृष्टि सतां दर्शनेऽस्तु भवत्तनूनाम् ।।[૮૯]

## પ્રકરણ-૨

**● પાદટીપ :-**

૧ ઋગ્વેદ સંહિતા, ૧૦-૩૧-૧, ૧૦-૩૧-૫

૨ શતપથબ્રાહ્મણ, ૭-૫-૨-૩૯

૩ રામતાપનીયોપનિષદ,૩૦

૪ નિરુક્ત, ૭-૧, ૩-૭, ૭-૧૧

૫ વાલ્મીકિ રામાયણ-બાલકાંડ-૧૫-૩૨, અયોધ્યાકાંડ-૬૫-૩

૬ મહાભારત-શાંતિપર્વ-૨૮૪-૫૬, ૩૩૭-૩, ભીષ્મપર્વ-૨૩-૨,૩

૭ શ્રીમદ્‌ભગવદ્‌ગીતા ૧૧-૨૧

૮ વિષ્ણુપુરાણ - ૨૦-૧૪

૯ અમરકોશ -૧-૬-૧૧

૧૦ હલાયુધકોશ,- પૃ.સં-૭૨૫

૧૧ વૈજ્યન્તીકોશ, ૨-૩-૩૫

૧૨ નિરુક્ત, ૭-૧

૧૩ વિષ્ણુસહસ્રનામસ્તોત્ર-શ્લોક'૭૭

૧૪ શિવમહિમ્નસ્તોત્ર પર મધુસૂદનની વ્યાખ્યા પૃ.૧ 'स्तुतिनार्मगुणकथनं तत्वगुणज्ञानाधीनम्'

૧૫ શ્રીમદ્‌ભાગવતપુરાણ -૫-૧૫-૫

૧૬ નિરુક્ત- ૭-૧૨

૧૭ નિઘંટુ-૩-૧૬

૧૮ ભટ્ટિકાવ્ય-૨-૨૦

૧૯ નિરુક્ત-૧૦-૮

૨૦ નિઘંટુ- ૩-૬

૨૧ શ્રીમદ્‌ભાગવતપુરાણ-૩-૧૯-૩૧, ૩-૩૩-૯,૭-૮-૩૯

૨૨ અમરકોશ - ૧-૬-૧૧

२३ निघंटु (मूलपाठ), ३-१४

२४ निघंटु (मूलपाठ), ३-२१

२६ શંકરાચાર્ય, શિવાપરાધક્ષમાપનસ્તોત્ર

२७ શંકરાચાર્ય, ચર્પટપંજરિકાસ્તોત્ર

२८ સામ્બકવિ , સામ્બપંચાશિકા

२६ વેદાંતદેશિક, દેવનાયકપંચાશત.

२५ निघंटु (मूलपाठ), ३-१૯

૩૦ રામભટ્ટ દીક્ષિત, રામકર્ણરસાયન

૩૧ સામ્બ, સામ્બપંચાશિકા

૩૨ યામુનાચાર્ય, સ્તોત્રરત્ન

૩૩ જગદ્ધર ભટ્ટ, સ્તુતિકુસુમાંજલિ, ૧૧-૩૭

૩૪ રૂપ ગોસ્વામી, કાર્પણ્યપંજરિકા, ૨૧-૨૩

૩૫ આનંદલહરી, ૧૦.

૩૬ જગન્નાથષ્ટક, ૭

૩૭ સ્તોત્રરત્ન, ૨૬

૩૮ ગંગાલહરી -૩૦

૩૯ શ્રીમદ્ભાગવતપુરાણ -૧-૮-૪૨

૪૦ શ્રીમદ્ભાગવતપુરાણ - ૫-૧૯-૪

૪૧ નારદભક્તિ સૂત્ર, ૧૯

૪૨ શ્રીમદ્ભાગવતપુરાણ, ૭-૭-૩૫

૪૩. રૂપ ગોસ્વામી

૪૪. નારદભક્તિસૂત્ર, ૨૫, ૨૮, ૨૯

૪૫. ભટ્ટ નારાયણ, સ્તવચિંતામણિ, ૨૬, ૨૭, ૫૦, ૮૮

૪૬. કુલશેખર, મુકુંદમાલા. ૭, ૧૦

૪૭. દેવી શતક, ૧૦૪

૪૮ આનંદમંદાકિની-૧૦૨

૪૯ શ્રીમદ્‌ભાગવદ્‌ગીતા, ૭-૧૬

૫૦ શ્રીમદ્‌ભાગવદ્‌પુરાણ -૭-૫-૨૩

૫૧ શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૮,-૩-૮

૫૨ શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૧૦-૮૭-૧૪

૫૩. શ્રીમદ્ ભાગવતપુરાણ, ૧૦-૮૨- ૪૬/૪૭

૫૪. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૧-૯- ૩૩

૫૫ શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૧૦-૨૯-૩૧

૫૬ વિષ્ણુપુરાણ, ૧-૧૮-૨૪

૫૮ શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૮.૩.૧૯

૫૯ શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૧.૮.૨૧

૬૦. ગરુડપૂરાણ, પુર્વખંડ-અધ્યાય- ૨૨૧-૧

૬૧. શ્રીમદ્‌ભાગવતપુરાણ. ૧-૮-૧૮

૬૨. શ્રીમદ્‌ભાગવતપુરાણ. ૧-૯-૩૨

૬૩. શ્રીમદ્‌ભાગવતપુરાણ ૬-૧૧-૨૫

૬૪. શ્રીમદ્ ભાગવતપુરાણ. ૧.૮.૧૮

૬૫. શ્રીમદ્‌ભાગવતપુરાણ. ૧૦.૪.૯

૬૬. શ્રીમદ્‌ભાગવતપુરાણ. ૧૦.૮૭ સંપૂર્ણ અધ્યાય.

૬૭. શ્રીમદ્‌ભાગવતપુરાણ. ૮.૩.૧

૬૮. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૬-૧૧-૨૭

૬૯. શ્રીમદ્‌ભાગવતપુરાણ ૧-૯-૪૩

૭૦. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૯-૨૧-૧૨

૭૧. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૧૦-૩૧-૧

૭૨. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૧૦-૨-૨૬

૭૩. નારદપુરાણ -પૂર્વભાગ, ૨-૨૭

૭૪. વિષ્ણુપુરાણ, ૧-૧૦-૪

૭૫. ભકતામરસ્તોત્ર,-૧૬

૭૬. દેવીશકિતમહિમ્નસ્તોત્ર, ૨

૭૭. મુકુંદમાલા, ૨૮

૭૮. નારદપુરાણ, ઉત્તરભાગ, અ.૫૩-૫૬

૭૯. મહાભારત-સભાપર્વ, ૬૮-૪૧

૮૦. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૮-૩-૩

૮૧. શ્રીમદ્‌ભાગવતપુરાણ,- ૧-૮-૨૫

૮૨. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૧-૭-૭

૮૩. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૧-૫-૨૮

૮૪ શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૧-૧૫-૫૧

૮૫. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૧-૧૫-૩૩

૮૬. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૮-૩-૪

૮૭. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૮-૩-૩૨

૮૮. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૩-૭૪

૮૯. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૬-૧૧-૨૫

# પ્રકરણ-૩

## સંસ્કૃત સ્તોત્ર : સાહિત્યની પરંપરા

(૧) વૈદિક સાહિત્યમાં સ્તોત્રો

(अ) અધ્યાત્મપરક સ્તોત્રો

(ब) સકામ સ્તોત્રો

(क) ઋગ્વેદિક સ્તોત્રોનું મહત્વ

(૨) અન્ય વેદોમાં રહેલ સ્તોત્રો

(૩) રામાયણનાં સ્તોત્રો

(૪) મહાભારતના સ્તોત્રો

(૫) મહાકાવ્યોમાં સ્તોત્ર

(૬) અન્યસ્તોત્ર કૃતિઓ

(૭) સ્તોત્રકાવ્યોની સ્વતંત્રધારા

## પ્રકરણ-૩

## સંસ્કૃત સ્તોત્ર-સાહિત્યની પરંપરા

સ્તોત્રનું સ્થાન હૃદય છે. સ્તોત્રની ભાષા હૃદયની ભાષા હોય છે. "ભકિતની વૈયક્તિક અનુભૂતિઓની શાબ્દિક અભિવ્યકિત એટલે સ્તોત્ર". એમાં પરમાત્માના ગુણ-કીર્તનની પ્રધાનતા હોય છે. ભકત પોતાના હૃદયને આરાધ્યની પાસે સમર્પિત કરી દે છે. જેનાથી ભકતમાં આરાધ્ય પ્રત્યે એકનિષ્ઠતા આવે છે. તેનું હૃદય પણ આવરણરહિત થઈ મુકતરૂપે વાસ્તવિક સ્થિતિમાં પરિણત થાય છે. સ્તોત્રોની ભાષા માનવહૃદયની ભાષા હોઈ ભકત પોતાના સુખ-દુઃખ, હર્ષ, વિષાદ, રાગ-દ્વેષ, આસકિત-વિરકિત, કુતૂહલ, આશ્ચર્ય, ઉદ્વેગ, ભય વગેરે ભાવનાઓને પ્રભુચરણમાં ન્યોછાવર કરી દે છે. તે કોઈપણ પ્રકારની કટાક્ષ ભાષાનો પ્રયોગ કરતો નથી- તે તે જ બોલે છે, જે તેના અંતરાત્માથી ધ્વનિત થાય છે. એટલે જ ભકતના હૃદયમાં સ્થિત ભાવનાઓનું પ્રકાશન સ્તોત્રકાવ્યમાં હોય છે.

સ્તોત્રમાં ભાવતત્ત્વની પ્રધાનતા હોય છે, વસ્તુતત્ત્વ નગણ્ય બની જાય છે. ગેયતા, લયાત્મકતા, રસમયતા, રમણીયતા વગેરેથી યુકત ભકતના હૃદયોદ્ગાર ઉત્કૃષ્ટ કાવ્યનું સર્જન કરે છે. એમાં 'वाक्यं रसात्मकं काव्यम्', 'रमणीयार्थप्रतिपादकः शब्दः काव्यम्'ની શાસ્ત્રીય પરિભાષા સંપૂર્ણ રીતે રહેલી હોય છે.

તાત્પર્ય એ છે કે સ્તોત્રકાવ્યમાં 'आह्लादैकमयी वृत्ति' ની પ્રધાનતા જોવા મળે છે.

કુતૂહલ અને આશ્ચર્ય પણ સ્તોત્ર-ઉદ્ભવનું કારણ છે. ભગવાનની દિવ્ય વિભૂતિ, દિવ્ય રૂપ સૌંદર્ય, લીલા, સામર્થ્ય વગેરેનું દર્શન કરીને ભકતનું હૃદય કુતૂહલ અને આશ્ચર્યથી પૂર્ણ બની જાય છે. શ્રીમદ્ભાગવતમહાપુરાણના સુપ્રસિદ્ધ ભકત અક્રૂરની સ્તુતિ પણ કુતૂહલ અને આશ્ચર્યથી મિશ્રિત છે. હમણા હમણા શ્રીકૃષ્ણ રથ પર હતા, પરંતુ અક્રૂરને યમુનાના પાણીમાં જોવા મળે છે અને ફરીથી અક્રૂરજી જુએ છે, તો શ્રીકૃષ્ણ રથ ઉપર જ્યાંના ત્યાં બેઠેલા દેખાય છે. આ પ્રમાણે શ્રીકૃષ્ણના બે રૂપોનાં દર્શન કરી અક્રૂરજી આશ્ચર્ય અને કુતૂહલથી મિશ્રિત ભાષામાં પૂર્ણ શ્રદ્ધાભાવથી પ્રભુ શ્રીકૃષ્ણની સ્તુતિ કરે છે. પ્રભુનુ દિવ્ય સ્વરૂપ જોઈને અક્રૂરનું હૃદય પ્રેમથી છલોછલ ભરાઈ ગયુ. આખુ શરીર હર્ષાવેગથી પુલકિત થઈ ગયું. એક ધ્યાન થઈ ગદ્ગદ વાણીમાં તે પ્રભુની સ્તુતિ કરવા લાગ્યા.-

नतोऽस्म्यहं त्वाखिलहेतुहेतुं नारायणं पुरुषमाद्यमव्ययम् ।

यन्नाभिजातादरविन्दकोशाद् ब्रह्माऽऽविरासीद् यत एष लोकः ।।[१]

સ્તોત્રનો પ્રારંભ સહજ અંતઃપ્રેરણાથી થાય છે. અદશ્યભાવ, પ્રાકૃતિક વિભૂતિઓનું જ્ઞાન વગેરેથી પોતાના સ્તુત્ય પ્રત્યે પૂજ્યભાવ અથવા શ્રદ્ધાભાવનો ઉદય થાય છે, ત્યારે ભકત હૃદયથી તેના જ વિવિધ ગુણોનું ગાન કરવા લાગી જાય છે. સ્તોત્રમાં જ્ઞાન અને ભાવતત્ત્વની બંનેની પ્રધાનતા હોય છે. જ્ઞાન દ્વારા આરાધ્ય ને અથવા કોઈ વિભૂતિને જાણ છે. પોતાના પ્રતિ તેની અનુકૂળતા જાણીને શ્રદ્ધાભાવથી સમન્વિત વિગલિત હૃદયના ઊંડાણમાંથી સ્તોત્ર કાવ્યાંજલિ તેના પ્રતિ સમર્પિત થઈ જાય છે.

શોક અને ભય પણ સ્તોત્ર-ઉદ્ભવના નિમિત્ત છે. સાંસારિક દુઃખ, વિપત્તિ, પ્રાણ સંકટ વગેરે ઉપસ્થિત થાય છે ત્યારે જીવ પૂર્ણતઃ અસહાય બની જાય છે. ત્યારે તે સર્વાત્માના પ્રભુના ગુણ-કથન ગાવા લાગે છે, કેમ કે તેને પૂર્ણ વિશ્વાસ છે કે તે સ્તવ્યને છોડીને અન્ય કોઈ શકિત નથી, જે આપત્તિ સમયે તેને બચાવી શકે. ઋગ્વેદમાં શુનઃશેપ કૃત વરુણસ્તોત્રના મૂળમાં શોક જ છે. તેના પિતા જ તેની હત્યા માટે કટાર લઈને કાલની જેમ તેની આગળ ઉભા છે. તે શોક અને ભયમિશ્રિત અવસ્થામાં પૂર્ણનિષ્ઠા સાથે ભગવાન વરુણ પાસે રક્ષાની યાચના કરે છે. મહાભારતમાં દ્રૌપદીની સ્તુતિ અને ભાગવતમાં અર્જુન, ઉત્તરા, ગજેન્દ્ર, દેવગણ, સખાગણ વગેરેના સ્તોત્રો શોકથી જ ઘેરાયેલાં છે. હૃદયમાં વિદ્યમાન કરુણા અને શોક, શ્રદ્ધા સાથે શરણાગત વત્સલના ચરણોમાં સ્તોત્રના રૂપમાં સમર્પિત થઈ જાય છે.

સાંસારિક અભ્યુદય,-ધન-દોલત, વિજય, આયુષ્ય વિવર્ધન, પુત્ર-પૌત્રાદિ અને સ્વર્ગ પ્રાપ્તિની કામના સ્તુત્યોદ્ભવમાં સહાયક બને છે. વેદોમાં અનેક સ્થળો પર ધન-દોલત, પુત્ર-પૌત્રાદિની કામનાથી ઋષિ પોતાના આરાધ્યની સ્તુતિમાં પ્રવૃત્ત થઈ જાય છે. નીચેની અગ્નિની સ્તુતિમાં આયુષ્ય, સ્વાસ્થ્ય, બળ અને વીર્યને વધારવામાં તથા દુઃખ વિઘ્નોના વિનાશની કામના કરવામાં આવી છે -

अग्ने आयुंषि पवस आ सुवोर्जमिषं च नः ।

ओर बाधस्व दुच्छुनाम् ।।

अग्न पवस्व स्वया अरमे वर्चः सुवीर्यम् ।

दधद्रपिं मयि पोषम् ।।[२]

**વિભિન્ન ભાવોથી ભાવિત ભકત-હૃદય સ્તોત્રમાં પ્રવૃત્ત થાય છે. સાંસારિક કામના ઓની સાથે આસ્થા તત્ત્વ પણ સ્તોત્ર પ્રાદુર્ભાવનું નિમિત્ત માનવામાં આવે છે. સ્તવ્ય પ્રત્યે એવો વિશ્વાસ હોવો આવશ્યક છે કે નિશ્ચિત રીતે આરાધ્ય મારા કાર્યોને પૂરા કરશે અને આવેલ આપત્તિઓમાંથી મને બચાવશે. આ પ્રમાણે શ્રદ્ધા, વિશ્વાસ, આસ્થા, જ્ઞાન, શોક-કરુણાનો ભાવ વગેરે સ્તોત્રના નિમિત્ત માનવામાં આવ્યા છે.**

**૧. વૈદિક સાહિત્યમાં સ્તોત્રો :-**

**સ્તોત્ર કાવ્યની પરંપરા અત્યંત પ્રાચીનકાળથી ચાલી આવે છે. સર્વપ્રથમ સ્તોત્રોનો ઉદ્‌ભવ ઋગ્વેદમાં મળે છે. વિભિન્ન દેવોના સૂકતોમાં અનેક સ્થળે સ્તુત્યાત્મકતા અનુભવી શકાય છે. પ્રાકૃતિક શકિતઓ પ્રત્યે આકર્ષિત થઈને, તેને દેવના રૂપમાં પ્રતિષ્ઠિત કરીને ઋષિ તેની અભ્યર્થના કરવા લાગી જાય છે, ભકતના સુખ દુઃખ, ઉત્થાન-પતન, આશા-નિરાશામાં પ્રાકૃતિક દેવ પુત્ર, ભાઈ, બંધુ, પિતા વગેરે રૂપે સંરક્ષક બનીને તેની સહાયતા કરે છે. આ કાર્યના બદલામાં શ્રદ્ધાયુકત હૃદયથી ઋષિ વિભિન્ન અવસરોએ સ્તોત્ર, અર્ચના, બલિ વગેરે સમર્પિત કરે છે.**

**કોઈ સાંસારિક કામના, વિપત્તિથી રક્ષા અને ઐશ્વર્યની પ્રાપ્તિ માટે વેદોમાં સ્તોત્રો ગાવામાં આવ્યાં છે. સંકટની ઘડીમાં સંપૂર્ણ ભૌતિક શકિતઓને અસહાય, અસમર્થ, જોઈને ભકત તે પ્રાકૃતિક દેવ વિશેષની સ્તુતિ કરે છે, જે તેને આ મહાન પીડાથી બચાવી શકે, તેને ઐશ્વર્ય, વિભૂતિ અપાવી શકે. આ પ્રમાણે વિભિન્ન પ્રાકૃતિક દેવો, અગ્નિ, સવિતા, ઇન્દ્ર, વરુણ, ઉષા, મરુત્ , રુદ્ર અને અશ્વિનીકુમાર વગેરે રૂપે સ્તોત્ર ગાવામાં આવ્યાં છે.**

**આદિ-અનાદિકાળથી મનુષ્યનો પ્રકૃતિ સાથે અવિચ્છિન્ન અને અવિચ્છેદ્ય સંપર્ક ચાલ્યો આવે છે. પ્રકૃતિમાં એક રમણીયતા વ્યાપ્ત છે, જે સહજમાં માનવને પોતાની તરફ આકૃષ્ટ કરી લે છે તથા તેના હૃદયને સ્પંદિત કરી દે છે પ્રકૃતિની વિભૂતિઓ જેવી કે વિસ્તૃત નીલાકાશ, સૌંદર્યશાલિની ઉષાનું આગમન, જાજવલ્યમાન અગ્નિ, પ્રતાપશાળી આદિત્ય**

અને શીતલ જ્યોત્સ્નાયુકત ચન્દ્ર અનાદિકાલથી માનવીય અંતરાત્માના આકર્ષણનું કેન્દ્ર રહેલ છે. સાંસારિક દુઃખ-દૈન્ય, શોક-કરુણાથી પરાજિત મનુષ્યે પોતાના આત્માની શાન્તિ માટે આ વિભૂતિઓનો આશ્રય-ગ્રહણ કર્યો. તેમનાં અત્યંત રમણીય શીલ-સૌંદર્ય, રૂપ-લાવણ્ય પ્રત્યે આકર્ષિત બની ભકત હૃદય આનંદથી ભરાઈ આવ્યુ તથા તેની મહત્તા, શરણ્યતા, દયાળુતા ઉપર મુગ્ધ થઈ તેની જ સ્તુતિ કરવા લાગ્યો. આ જ સ્તોત્ર સહિત્યના ઉદ્‌ભવનું રમણીય સરોવર છે.

**(૧) ઋગ્વેદની સ્તોત્ર-સંપત્તિ :-**

**સંપૂર્ણ ઋગ્વેદ સ્તોત્રાત્મક છે** तुदादिगणीय 'ऋचस्तुतौ' **થી નિષ્પન્ન** 'ऋच्' **શબ્દ સ્તુત્યર્થક છે.**[૩] **વિભિન્ન પ્રકારની કામનાઓ અને પ્રાકૃતિક દેવોનું સૌંદર્ય, તેમની દયાળુતા અને શરણ્યતા વગેરે ગુણોથી આકૃષ્ટ થઈને ઋગ્વેદીય ઋષિ સ્તોત્રમાં પ્રવૃત થયેલો જોવા મળે છે.ઋગ્વેદના સ્તોત્રોને બે વિભાગમાં વહેંચી શકાય –**

(૧) અધ્યાત્મપરકસ્તોત્રો (૨) સકામ સ્તોત્રો

**(अ) અધ્યાત્મપરક સ્તોત્રો :-**

જે સ્તોત્રોમાં પ્રાકૃતિક દેવવિભૂતિઓ સિવાય સૃષ્ટિ, બ્રહ્માંડ, જીવ, મન, આત્મા, પરમાત્મા, સ્વરાટ્ વગેરેનું વર્ણન હોય તેવા સ્તોત્રોને આ વિભાગમા સમાવવામા આવ્યા છે. આ સૂકતોમાં પરમાત્માનુ સ્વરૂપ, તેમની સર્વવ્યાપકતા, સર્વશ્રેષ્ઠતા અને લોકાતીત રૂપનુ પ્રતિપાદન કરવામાં આવ્યુ છે. સૃષ્ટિના સ્વયંભૂશાસકના રૂપમાં તેનું નિરૂપણ કરીને સૃષ્ટિનું મૂળ કારણ પણ તેને જ બતાવવામાં આવ્યું છે. કેટલાક સ્તોત્રોનું વિવેચન અહીં કરવામાં આવે છે.

(૧) પુરુષસૂકત-ઋગ્વેદ (૧૦-૯૦)

પુરુષસૂકતમાં એ પરમસત્તાની વિભૂતિઓનું ગાન કરાવામાં આવ્યું છે, જેનું સ્વરૂપ વિલક્ષણ છે. તે વિરાટ, અનંત છે. તે સાકાર છે. અને નિરાકાર પણ છે. આ સૂકતમાં સર્વેશ્વરવાદની ઝલક જોવા મળે છે. – "परुष एवेदं सर्वम्" તે સર્વકાલવ્યાપક હોવા છતાં કાલાતીત છે. તે ભૌતિકતા અને અમરત્વ બંનેનો સ્વામી છે. તે સૃષ્ટિનું ઉપાદાન કારણ અને નિમિત્ત કારણ બંને છે. તેની બધી વિભૂતિઓનું વર્ણન કરી શકાય તેમ નથી. તે પુરુષના મહિમાનું જેટલુ પણ વર્ણન કરવામાં

આવે તેટલું ઓછું. માનવીની કલ્પના જેટલી દૂર પહોંચી શકે છે, તેના કરતાં પણ તેની પરમ સત્તાની વ્યાપ્તિ નથી થઈ શકતી. આથી જ ઋષિ પોતાની સીમા અને વિવશતાને જોઈને કહે છે કે પુરુષના મહિમાનું વર્ણન ગમે તેટલુ કરવામાં આવે તો પણ તેનાથી તે વધારે છે. વિશ્વાતીત પુરુષ જ બધા ઉત્તરવર્તી સ્વરૂપો ઉત્પન્ન કરે છે. સ્તોત્રકારે તેનું વર્ણન યજ્ઞીય રૂપક દ્વારા કર્યું છે. તેને "सर्वहुत" ની સંજ્ઞા આપવામાં આવી છે. મર્ત્ય અર્થાત્ ભૌતિક-સૃષ્ટિની સાથે-સાથે માનસી સૃષ્ટિ (વેદ સૃષ્ટિ) પણ તેનાથી અભિવ્યકત થાય છે. તેનાથી જ બધા લોકોની ઉત્પત્તિ થઈ છે.

આ પ્રમાણે આપણે જોઈ શકીએ છીએ કે વિશ્વાતીત પુરુષ ભૌતિકવાદમાં અંતર્ભૂત થઈ જાય છે. અમર મર્ત્યના રૂપમાં વ્યકત બની જાય છે. તથા ભૌતિક શરીરમાં મૂર્તિત બની જાય છે.

(૨) હિરણ્યગર્ભ સૂકત :-

હિરણ્યગર્ભ સૂકત ઋગ્વેદનું પ્રસિદ્ધ સૂકત છે. દષ્ટાઋષિ પોતાના ઉપાસ્યના ગુણ, ઐશ્વર્ય, વિભૂતિ અને શરણ્યતાને જોઈને ગદ્-ગદવાણીમાં તેમના જ ગુણગાન ગાવા લાગી જાય છે. અર્વાચીન સ્તોત્રકાવ્યનું પ્રારંભિક મનોરમ્ય સ્થળ આ જ ઋગ્વેદીય ઉપવન છે, જ્યાં બેસી ઋષિ પોતાનાં, મન, વાણી અને કર્મથી પ્રવૃત થઈ ઉપાસ્યની સ્તુતિ કરે છે.

પોતાના જ પારદર્શી પ્રજ્ઞાચક્ષુઓ દ્વારા તેની વિભૂતિ, ઐશ્વર્યલીલા, ગુણ-ગરિમા વગેરેનું દર્શન કરે છે અને ફરીથી એને શબ્દના માધ્યમથી અભિવ્યકત કરવા લાગે છે કે મારો આરાધ્ય દેવ કોઈ સામાન્ય પુરુષ નથી, પરંતુ સૃષ્ટિનો નિયામક છે. તે સૃષ્ટિની પહેલા વિદ્યમાન હતો. તે સંપૂર્ણ જગતનો સ્વામી છે, નાથ છે, તે દ્યાવા, પૃથ્વી તથા આકાશને ધારણ કરનાર છે. તે સંપૂર્ણ જગતનુ પાલન કરે છે, પ્રેરિત કરે છે તથા ગતિમાન બનાવે છે. તે પોતે જ શકિતનો સ્રોત છે, ઊર્જાનો પુંજ છે, શકિતદાતા છે. તે સમસ્ત દેવ, મનુષ્ય, મુત્યુ અને અમરત્વનો સ્વામી છે. કોઈ પણ પ્રાણી તેની આજ્ઞાનુ ઉલ્લંઘન નથી કરી શકતું. તે બધાનો સર્જનહાર છે.

આ આધ્યાત્મપરક સૂકતનો ઉદ્દેશ્ય કામના છે. ઋષિ પોતાના ઉપાસ્યની મહત્તાનું પ્રતિપાદન કરીને પોતાના સામર્થ્યવાન આરાધ્યની પાસે કષ્ટનિવૃતિની કામના રાખે છે. તે સાંસારિક અને પાર લૌકિક સુખની યાચના કરે છે. -

यत्कामास्ते कुहुंमस्तन्नो अस्तु वयं स्याम पतयोरयीणाम् ।।[४]

આ સૂકતમાં આરાધ્ય દેવ પ્રતિ સ્તોતાની એક નિષ્ઠતા, અનન્યતા અને અનુશકિતની અભિવ્યકિત થાય છે. તેનો પ્રભુ સર્વવ્યાપક, સર્વશકિતશાળી અને અનુગ્રહકર્તા છે. તે મહિમાવાન દેવની ઉપાસના જ જીવનું એકમાત્ર શરણ છે. "कस्मै देवाय हविषा विधेम ।" આ ભકિતનું અમોઘ સૂત્ર છે. "कस्मै" શબ્દ અહીં પ્રશ્નવાચક નહીં, પરંતુ તે સૂક્ષ્મ, સામર્થ્યવાન સત્તાની તરફ નિર્દેશ કરે છે, જે ભકિતનો અક્ષય સ્રોત્ર છે, આદ્યબિંદુ છે. તેનાથી ધ્વનિત થાય છે કે પોતાના મહિમાવાનને છોડીને કોઈ અન્યની ઉપાસનામા જીવનો ઉદ્ધાર થતો નથી અને એકમાત્ર તેની જ આરાધના અભીષ્ટ બને છે અને તે જ વિવિધ નામોથી અલગ-અલગ જણાય છે. તે હિરણ્યગર્ભ, વિશ્વકર્મા, પ્રજાપતિ તથા પુરુષ છે. તાત્પર્ય એ છે કે એકમાત્ર તે જ દેવાધિદેવ છે.

**(ब) સકામ સ્તોત્રો :-**

સાંસારિક અભ્યુદય, ધન-દોલત, પુત્ર-પૌત્ર, પત્ની, આયુષ્ય, યશ, ઐશ્વર્ય, વિજય, શકિત, સુંદર શરીરની પ્રાપ્તિ માટે, માનસિક વિકારોને દૂર કરવા માટે, ભવસાગર પાર કરવા માટે બુદ્ધિ જાગરણ હેતુ, દિવ્યલોકની પ્રાપ્તિ માટે તથા દયા વગેરે માટે સમર્પિત સ્તોત્ર આ વર્ગ અન્તર્ગત આવે છે. ઋગ્વેદમાં આવાં જ સ્તોત્રોનું બાહુલ્ય જોવા મળે છે. વિભિન્ન પ્રકારની કામના માટે ઋષિ, ગૃહપતિ પોતાના ઉપાસ્યની સ્તુતિ કરે છે. અગ્નિ, ઇન્દ્ર, સવિતા, રુદ્ર, વરુણ, વિષ્ણુ, રુસ્ત, ઉષા વગેરેના સ્તોત્રો આ કોટિ અંતર્ગત આવે છે. આ દેવોના સ્તોત્રોનો સંક્ષિપ્ત પરિચય આ પ્રમાણે છે.

(૧) અગ્નિ :-

અગ્નિ વૈદિક આર્યોનો પ્રમુખ દેવ છે. લગભગ બસો જેટલા સ્વતંત્ર સૂકતોમાં અને અન્યત્ર અન્ય દેવોની સાથે તેની સ્તુતિ કરવામાં આવી છે. યજ્ઞીય પ્રધાનતાના કારણે લગભગ બધા મંડલોનું પ્રથમ સૂકત અગ્નિ દેવને સમર્પિત કરવામાં આવ્યું છે. ઋગ્વેદના પ્રથમ મંત્રમાં જ આ દેવતાની સ્તુતિ કરવામાં આવી છે.

अग्निमीळे पुरोहितं यज्ञस्य देवमृत्विजम् ।

होतारं रत्नधातमम् ।।[५]

આ સૂકતમાં અગ્નિદેવ પાસે વિભિન્ન પ્રકારની યાચના કરવામાં આવી છે – હે અગ્નિ ! નિત્ય વધનારું, કીર્તિદાયક અને અતિશય વીર પુત્રોથી યુકત ધન અમને આપો. હે દેવ !

તમે મારા યજ્ઞની રક્ષા કરો. હે ! હિંસારહિત યજ્ઞોના અગ્નિ ! જેવી રીતે પિતા પુત્ર માટે કલ્યાણકારક હોય છે, તે જ પ્રકારે તું અમારા કલ્યાણ માટે અમને સાથ આપ.

વિભિન્ન સ્તોતાઓએ અગ્નિને અલગ-અલગ વિશેષણોથી વિભૂષિત કર્યો છે. જેમ કે- घृतपृष्ठ, घृतमुंख, घृतकेश વગેરે વિશેષણો દ્વારા અગ્નિદેવના અગ્નિય રૂપ પર પ્રકાશ પડે છે. તે યજ્ઞીય દેવતા છે. યજ્ઞનો પુરોહિત, ઋત્વિજ અને રક્ષક છે. ઋગ્વેદમાં वैश्वानर, तनूनपात, नाराशंस, जातवेदस् વગેરે નામોથી પણ અગ્નિની સ્તુતિ કરવામાં આવી છે. તેને સત્ય સ્વરૂપ, અતિશય કીર્તિવાન કહ્યો છે.

આ પ્રમાણે અગ્નિદેવ રત્ન ધારણ કરનાર, યજ્ઞનો દેવતા અને પોતાના ઉપાસકોનો ઉપકારક છે.

(૨) ઇન્દ્ર :-

ઇન્દ્ર વૈદિક આર્યોનો પ્રમુખ દેવ છે. ઋગ્વેદમાં લગભગ ૨૫૦ સ્વતંત્ર સૂકતોમાં તથા અન્ય દેવો સાથે ૫૦ સૂકતોમાં તેની સ્તુતિ કરવામાં આવેલી છે. ઇન્દ્ર પોતાના ઉપાસકોનો મહાન ઉપાસ્ય તથા અદ્‌ભૂત પરાક્રમશાળી છે.

ઇન્દ્ર પોતાના ભકતોની સંપુર્ણ કામનાઓને પૂર્ણ કરે છે. સાંસારિક વસ્તુઓ જેવી કે – ઐશ્વર્ય, ધન, પુત્રાદિની કામના માટે ઋષિ ઇન્દ્રની સ્તુતિ કરે છે. યુદ્ધમાં વિજય માટે યોદ્ધાગણ તેને પોતાના તરફ બોલાવે છે.

यस्मान्नऋते विजयन्ते जनासो ।

यं युध्यमाना अवसे हवन्त ।।[६]

તે પોતાના ભકતો ઉપર આવેલી વિપત્તિઓને દૂર કરે છે. રાક્ષસોનો વિનાશ કરીને સંસારમાં શાંતિ સ્થાપિત કરે છે. તે જલનો ઉત્પ્રેરક, પર્વતોને સ્થિર કરનાર તથા અંતરિક્ષનો સ્તંભક છે. તેના માનવીય રૂપનુ વર્ણન પણ વિભિન્ન સ્તુતિઓમાં મળે છે. તેના હાથ, મસ્તક, પગ, પેટ વગેરેનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. તે સોમરસનો ખૂબ જ શોખીન છે. એટલા માટે જ તેને 'सोमपा' કહેવામાં આવે છે.

ઇન્દ્ર એક શકિતશાળી દેવના રૂપમાં આપણી સામે આવ્યો છે. દ્યુલોક, અંતરિક્ષલોક અને પૃથ્વીલોક તેની મહાનતાને પ્રાપ્ત કરી શકતા નથી. પોતાની શકિતથી તેણે બધા દેવતાઓને અભિભૂત કર્યા છે. ઇન્દ્ર પોતાનાં સ્તોતાઓને ખૂબ જ સહાય કરે છે. તે ધનદાતા છે અને તેની ઉદારતાના કારણે જ તેને "मघवान्" કહ્યો છે.

આમ, આ રીતે ઇન્દ્ર ઋગ્વેદિક દેવોમાં અંત્યન્ત શકિતશાળી, રાક્ષસોનો વિનાશક અને ભકતોનો રક્ષક છે.

(૩) વરુણ :-

લગભગ ૧૨ સૂકતોમાં વરુણદેવની સ્તુતિ કરવામાં આવી છે. ઋગ્વેદના પ્રથમ મંડલના સૂકત ૨૪-૨૫ અત્યંત પ્રસિદ્ધ છે. તે આર્તસ્તુતિ છે. બ્રાહ્મણ બાળક શુનઃશેપ પોતાના જ લોભી પિતાને ક્રોધે ભરાયેલા જોઈ કાંપી ઉઠે છે. મૃત્યુ તેની સાથે છે. કોણ તેને મૃત્યુના મુખમાંથી બચાવી શકે ?

તેના હૃદયની ભાવના, અવચેતન મનના સુષુપ્ત સંસ્કાર અને પોતાની સામે આવેલા સંકટથી ઉત્પન્ન થયેલ શોક આ ત્રણે મળીને એક અદ્‌ભુત રસાયણ બને છે, જે સ્તોત્રના રૂપે અભિવ્યકત થઈ જાય છે. તે દેવતા વરુણના ચરણોમાં સમર્પિત બનીને પોતાના પ્રાણોની યાચના કરે છે. તે વ્યથિત હૃદયથી એકનિષ્ઠ બની, પૂર્ણ આસ્થા સાથે કહે છે !

तत्वा यामि ब्रह्मणा वन्दमानस्तदाशास्ते यजमानो हविर्भिः ।

अहेऽमानो वरुणेह बौघ्युरुशंस मा नः आयुः प्रमोषी ।।[७]

વરુણનું શૌર્ય અને પરાક્રમ અવિનાશી છે શુનઃશેપને પૂર્ણ વિશ્વાસ આવી ગયો છે કે આ ઘોર આપત્તિમાંથી મને રક્ષણ આપી બચાવનાર એકમાત્ર વરૂણ દેવ જ છે. તે પ્રાણને ધારણ કરે છે અને યાચના કરે છે કે પ્રાણરૂપ કિરણો સદા મારા શરીરમાં બની રહો. તે પોતાના શત્રુવિનાશ માટે વરૂણને પ્રાર્થના કરે છે-

अपदे पादा प्रतिधातवेऽकरुतापवाका हृदयाविधति् ।[८]

પ્રથમ સૂકત (૧-૨૪)માં શુનઃશેપ વારંવાર મુકિત તથા જીવનરક્ષાની યાચના કરે છે. આ સૂકતમાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે વરુણની શકિત અને સાહસ અપરિમેય છે. તે દરેક આપત્તિમાં પોતાના ભકતોને બચાવવા સમર્થ છે. તે ભિન્ન ભિન્ન ઔષધિઓનો સ્વામી છે. આ જ

**ઔષધિઓથી પોતાના સ્તોતાઓના પ્રાણોનું તે રક્ષણ કરે છે. એક અત્યંત સુંદર અને સારગર્ભિત ઉપમાનો પ્રયોગ શુનઃશેપ કરે છે.-**

विमृडीकाय ते मनो रथीर न संदितम् ।

गीर्भिवरुण सीमहि ।।[९]

**હે વરુણ ! તારી કૃપા માટે હું સ્તોત્રો દ્વારા તારા મનને પ્રસન્ન કરુ છું. જેવી રીતે સારથી બાંધેલા અશ્વને ઢીલા કરે છે તેવી રીતે શુનઃ શેપ પોતાની સ્તુતિમાં સુંદર-સુંદર ઉપમાઓનો ખૂબ જ સારા પ્રમાણમાં ઉપયોગ કરે છે. વરૂણ આયુપ્રદાતા છે, એટલે ભકત સંકટકાળમાં આયુની યાચના કરે છે. -**

सः नः विश्वाहा सुक्रतुः आदित्यः सुपथा करत् ।

प्रण आयूंषि तारिषत् ।।[१०]

**પાપ પ્રક્ષાલન દ્વારા કરવામાં આવેલી આજીજીથી શુનઃશેપનું હૃદય નિર્મળ બની જાય છે. તેની અંદર પવિત્રતા પ્રવેશ કરે છે અને કહે છે - હું સહાયતા માટે તને બોલાવું છુ. તું મૃત્યુકાળમાં મારી આ પોકાર સાંભળ. મારા બધા પાશોને કાપી મને જીવન પ્રદાન કર. વરુણ વિષયક સ્તોત્રોનું અવલોકન કરતાં એ સ્પષ્ટ જોવા મળે છે કે ભકતોએ પોતાના હૃદયને વરુણની આગળ ખોલી નાખ્યું છે. હૃદયનાં બધા જ સારા નરસા ભાવોને તેની આગળ ધરી દીધા છે. સાચેજ આ બધી હૃદયમાંથી નીકળેલી વાતો છે, એટલે જ બધાના હૃદયને સ્પર્શી લે છે.**

**આ પ્રમાણે વરુણને નૈતિક સમ્રાટ, શાસક, ધૃતવ્રત, સર્વશકિતમાન, સર્વજ્ઞ, દયાળુ, સર્વદ્રષ્ટા અને ભકિતના પરમ શરણ્યના રૂપમાં ચિત્રિત કરવામાં આવ્યો છે.**

**(૪) વિષ્ણુવિષયક સ્તોત્રો :-**

**વિષ્ણુ ઋગ્વેદનો પ્રસિદ્ધ દેવ છે. તેના નામે પાંચ સ્તુતિઓ ગાવામાં આવી છે. તે પરોપકારી, ધનદાતા, ઉદાર, બધાનો સંરક્ષક તથા આખા વિશ્વનો ભરણ-પોષણ કરનાર છે. તેના ચરિત્રની મુખ્ય વિશેષતા એ છે કે ગર્ભનો સંરક્ષક છે.**

સ્તુતિઓમાં તેનું માનવીય સ્વરૂપ પણ સ્પષ્ટ રીતે જોવા મળે છે. તેનાં ત્રણ પગલાંનો ઉલ્લેખ વિશેષ રૂપથી કરવામાં આવ્યો છે. विक्रम, उरूक्रम, उरूगाय વગેરે જેવા ત્રણ શબ્દો. તેનાં ત્રણ પગલા વગેરે દ્વારા ઋગ્વેદમાં બાર વખત ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેણે પોતાના ત્રણ પગલાં દ્વારા સમસ્ત વિશ્વને સાંકળી લીધું છે. તે બધા દ્વારા સ્તુત્ય છે. તેનો લોક પરમાનંદનું ધામ છે. ભકત પ્રાર્થના કરે છે. કે મારી શકિતશાળી પ્રાર્થના ઊર્ધ્વલોક નિવાસી, વિશાળ પગલાવાળા, કામનાઓને પૂર્ણ કરનાર વિષ્ણુ પાસે પહોંચે.

આ પ્રમાણે વિષ્ણુ સર્વવ્યાપક, લોકાતીત, ભકતોના પરમ હિતકારી, ઉરુક્રમ ઉરુગાય, ગિરિચર, સમર્થ અને સર્વશ્રેષ્ઠ દેવ છે.

(૫) સવિતા :-

ઋગ્વેદના ૧૧ સૂકતોમાં સવિતા દેવની સ્તુતિ કરવામાં આવી છે. મુખ્યતઃ તે સ્વર્ણિમ દેવતા છે. તે જગતના પ્રકાશનો દેવ છે. તે બધા જીવસમુદાયોને પોતાના કર્મોમાં પ્રેરિત કરે છે. તેનું સ્થાન અંતરિક્ષ છે. સવિતા એક શકિતશાળી દેવતા છે. તેને 'અસુર' સંજ્ઞાથી સંબોધવામાં આવે છે. કોઈપણ તેની આજ્ઞાનું ઉલ્લંઘન કરી શકતું નથી. બધા દેવતાઓ તેના નેતૃત્વનું અનુકરણ કરે છે. ઇન્દ્ર, વરુણ, રુદ્ર, મિત્ર અર્યમન્ વગેરે કોઈપણ દેવ તેનો વિરોધ કરી શકતા નથી. તે સંપૂર્ણ જગતને આરામ આપે છે. પોતાના સ્તોતાઓની બધી કામનાઓને પૂર્ણ કરે છે.

સવિતા પ્રેરક દેવતા છે. બધાને પોત-પોતાના કામોમાં લગાવે છે. ભકતોના પાપોને દૂર કરે છે. ઋષિ પ્રાર્થના કરે છે.: હે સવિતા દેવ ! બધા પાપોને દૂર કરીને અમારું કલ્યાણ કરો. તે ભકતોને ધન આપે છે, રોગને દૂર કરે છે તથા માયાવીઓનો વિનાશ કરે છે. સવિતા દેવને ભકત પ્રાર્થના કરે છે કે હે દેવ ! અંતરિક્ષના ધૂળ રહિત માર્ગથી તમે આવીને અમારી રક્ષા કરો.

આ પ્રમાણે સવિતા સર્વવ્યાપક, પ્રકાશમાન, રક્ષક, પાપવિનાશક, પ્રકાશક, ઉત્પ્રેરક, હિતકારક દેવતા છે. આ જ કારણથી પ્રત્યેક હિન્દુના ઘરે તેની ઉપાસના થાય છે. સુપ્રસિદ્ધ ગાયત્રીમંત્રથી દરેક ભકત તેની ઉપાસના કરે છે –

तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि ।

धियो यो नः प्रचोदयात् ।।[११]

(૬) ઉષા સંબંધી સ્તોત્રો :-

ઋગ્વેદિક દેવોમાં ઉષાની મહત્તા પ્રસિદ્ધ છે. લગભગ ૨૦ સ્થળોએ પ્રકાશ, જ્ઞાન, ધન, આયુષ્ય ભોગાદિની કામના માટે ઋષિઓએ રૂપવતી ઉષાની સ્તુતિ કરી છે. ભકતોએ ઉષાદેવી માટે અનેક વિશેષણોનો પ્રયોગ કરેલો છે. मघोनी(દાનલીલા)विश्ववार, प्रचेता, सुभगा, विभावरी, युवति, हिरण्यवर्णा, गोमती, शत्रुहन्त्री વગેરે નામોથી સ્તોતાઓએ પોતાની ઇષ્ટદાત્રી દેવી અલંકૃત કરી છે.

સાંસારિક અભ્યુદયની લાલસા, ભૌતિક ઉત્થાન, ભોગપ્રાપ્તિ, ધનસમૃદ્ધિ અને શત્રુવિનાશ માટે ભકત ઉષાની સ્તુતિ કરે છે. તે પ્રકાશવતી દેવી ઉષાની યાચના કરે છે –

सह वामेन न उषो व्युछादुहितर्दिवः ।

सह द्युम्नेन बृहता विभावरि राया देवी दास्वती ।।[१२]

તે અશ્વ ગાય, ધન-દોલતની સ્વામિની છે. પોતાના ભકતોને બધા પદાર્થોથી પરિપૂર્ણ કરે છે ઉષા પોતાના ભકતો તથા સમસ્ત પ્રાણી જગતને પોતાના કર્મોમાં પ્રેરિત કરે છે. તે હંમેશા પોતાના ભકતો ઉપર નજર રાખે છે. પોતાના સ્તોતાઓને ધન આપે છે અને તેમના શત્રુઓનો તથા પાપોનો વિનાશ કરે છે. તેટલા માટે ભકત તેની આરાધના કરે છે –

अपद्वेषो मघोनी दुहिता दिव उषा उच्छ् व्यसिथः ।।[१३]

તે સાંસારિક ભોગ-વસ્તુઓ ઉપરાંત જ્ઞાનની અધિષ્ઠાત્રી દેવી પણ છે. હૃદયમાં રહેલો સંસારનો રાગ-દ્વેષ દૂર કરી ભકતને પોતાના કિરણોથી પ્રકાશિત કરે છે. સંપૂર્ણ જગતના પ્રાણીઓની રક્ષા માટે તે દેવીને વારંવાર પ્રાર્થના કરે છે. ઉષાવિષયક સ્તુતિઓમાં સ્તોતાઓએ પ્રભાતની અધિષ્ઠાત્રી દેવીના રૂપમાં તેનું ગુણકીર્તન કર્યુ છે. ઉષાના સ્વરૂપમાં કાવ્યાત્મક સૌંદર્ય, ઉદાતતાજગી તથા નવીનતા છે. તેના સ્વરૂપની છટા બધાને સંમોહિત, આકર્ષિત અને આહ્લાદક બનાવે છે. સૌંદર્યની અપ્રતિમ મૂર્તિસમી ઉષા પોતાના પ્રકાશકને કયાંય છૂપાવતી નથી. બધા માટે સમાન રૂપથી તે અંધકારને દૂર કરે છે. તે બધાને જાગૃત કરનારી છે. એટલા માટે તે પ્રાણ છે, જીવન છે, તે બધાને ગતિશીલ બનાવે છે. સ્તોતા વારંવાર તેને નિવેદન કરે છે કે તે બધાને દીર્ઘજીવન, ધન, સંતાન અને પ્રકાશ પ્રદાન કરે.

ઋગ્વેદમાં આ દેવો ઉપરાંત નિર્જીવ પદાર્થ, પત્થર વગેરેની પણ સ્તુતિઓ ગાવામાં આવી છે. આનાથી આપણા મહાન ઋષિઓની વિશાળ દષ્ટિ અને પરમસત્તાની સર્વવ્યાપકતા જોવા મળે છે.

**(क) ઋગ્વેદિક સ્તોત્રોનું મહત્વ :-**

વૈદિક ઋષિઓ સાક્ષાત્ધર્મા હતા. તેમણે પ્રાકૃતિક વિભૂતિઓનું દર્શન કરીને તેમનામાં દેવસ્વરૂપનું પ્રતિષ્ઠાપન કર્યું. પ્રકૃતિની ગોદમાં જ તેમના જીવનનો આરંભ થયો અને પ્રકૃતિ સાથે નાતો જોડી છેવટે પ્રકૃતિમાં જ વિલીન થઈ ગયા, પ્રકૃતિની ભિન્ન ભિન્ન વિભૂતિઓથી આકર્ષાઈ ઋષિઓએ તેની સાથે સંબંધ સ્થાપિત કરી પોતાની રક્ષા, સમૃદ્ધિ, વિકાસ, શાંતિ માટે આ શકિતશાળી વિભૂતિઓની વિભિન્ન પ્રકારે સ્તુતિ કરી.

(૧) પ્રાકૃતિક શકિતઓનુ દેવ સ્વરૂપમાં નિરૂપણ :-

ઋગ્વેદીય ઋષિઓએ પ્રકૃતિનાં રૂપ લાવણ્ય, ભાવસૌંદર્ય અને શીલસૌંદય પર મુગ્ધ થઈ તેના વિભૂતિતત્ત્વને દેવ સ્વરૂપમાં સ્થાપિત કર્યું. જે પ્રાકૃતિક સૌંદર્ય તેમની સાથે રહ્યું, તેમના સુખ દુઃખમાં રક્ષક બની, તેને દેવ માની ઋષિ ઉપાસના કરવા લાગ્યા. ત્યારથી પ્રાકૃતિક તત્ત્વો વિભિન્ન દેવોના સ્વરૂપમા પ્રસ્થાપિત થયા.

(૨) આત્મનિવેદન અથવા સમર્પણ :-

આ સમગ્ર વિશ્વમાં જીવ જ્યારે ભટકી ભટકીને અત્યંત વિહ્વળ થઈ જાય છે, ત્યારે તે પોતના આરાધ્યને, પરમસત્તાને યાદ કરવા લાગી જાય છે. અસહાય અવસ્થામાં તે તેને પોકારે છે, અને આ પોકાર જ આત્મનિવેદન કે શરણાગતિ છે. જ્યારે ભકતની ભૌતિકશકિત કામ લાગતી નથી ત્યારે, તે સર્વાત્મા પ્રભુચરણોમાં સમર્પિત થઈને પોતાના હૃદયની વ્યથા આરાધ્ય આગળ ખોલી નાખે છે. સ્તુતિઓના મૂળમાં જ આ ભાવના રહેલી છે. ભકત પોતાના આરાધ્યને નિવેદન કરે છે કે– હે દેવ ! આપનો પ્રેમ પામીને પણ હું દિવસ–રાત કેટલાં પાપ કરું છું ! આ પાપો કરવા છતાં તે મને આ ભોગ–સંપત્તિ આપ્યાં છે. હે પૂજ્ય દેવ ! મારે આ ભોગસંપત્તિ નથી જોઈતી, મારે તો હવે આપના શરણમાં આવવું છે. મારા પાપોને આપ હટાવો.

(૩) માનવીકરણ :-

ઋગ્વેદીય સ્તુતિઓમાં પ્રાકૃતિક વિભૂતિઓનું માનવીકરણ કરવામાં આવ્યું છે. તેમના સ્વરૂપ, મોઢું, કાન, હાથ, પગ વગેરે સંપૂર્ણ શરીરની કલ્પના કરવામાં આવી છે. તેમના રથ, અસ્ત્ર, શસ્ત્ર વગેરેનો પણ ઋષિઓએ વિભિન્ન સ્તુતિઓમાં ઉલ્લેખ કરેલો છે. ઉપાસ્યમાન દેવોના સ્વરૂપ, પરિવાર, શકિત અને કાર્યક્ષમતાનું ઉદાત્ત નિરૂપણ કરવામાં આવ્યું છે. સ્તોતા આરાધ્યની માનવકૃતિનું નિરૂપણ તો કરે જ છે, પણ સાથે-સાથે તેના લોકાતીત ગુણોનું વર્ણન પણ કરે છે.

(૪) અનન્યતા :-

ભકત પોતાના ઉપાસકને છોડીને બીજા કોઈપણની ઉપાસના નથી કરતો. હિરણ્યગર્ભસૂકતમાં "कस्मै देवाय हविषा विधेम" ઉપાસ્ય પ્રતિ અનન્યતા અને પ્રગાઢ નિષ્ઠાનું સૂચન કરે છે. ભકત નિવેદન કરે છે કે મારી બધી કામનાઓ હવે આપની અંદર કેન્દ્રીભૂત થઈ ગઈ છે. હે પરમ શોભા પ્રસન્ન ! હવે તું મારા હૃદયમાં વિરાજમાન થઈ મારા આત્મસમર્પણનો સ્વીકાર કરો.

विषूवृदिन्द्रो अमतेरुत क्षुधः स इद्रायो मधवा वस्व ईशते ।
तस्येदिमे प्रवणे सप्त सिन्धवो वयो वर्धन्ति वृषभस्य शुष्मिणः ।।[१४]

(૫) ઐશ્વર્ય :-

ધન-દોલત, પુત્ર-પૌત્રાદિ, આયુષ્ય, બુદ્ધિ, નિરોગ, વિજય વગેરેની કામના માટે ઋગ્વેદીય ઋષિ પોતાના ઉપાસ્યને આહ્વાન કરે છે, પોતાની ભાવાંજલિ પ્રભુના ચરણોમાં સમર્પિત કરે છે.

(૬) ભકત અને ભગવાન વચ્ચેનો સંબંધ :-

ઋગ્વેદીય સ્તુતિઓમાં ભકત અને ભગવાનનો સંબંધ નિકટવર્તી પરિલક્ષિત થાય છે. ભકત ભગવાનની સાથે પિતા, પુત્ર, ભાઈ વગેરેનો સંબંધ સ્થાપિત કરીને નિશ્ચિત બની જાય છે. ઋષિ અગ્નિદેવને નિવેદન કરે છે કે- હે અગ્નિદેવ ! પિતાની સમાન મારા પર ઉપકાર વરસાવોઃ

स नः पितेव सूनवेऽग्ने सूपायनो भव ।
सचस्वा नः स्वस्तये ।।[१५]

**(૭) સ્ત્રોતમાં કાવ્યતત્ત્વ :-**

**સ્તોત્રોમાં કાવ્યતત્ત્વ ઘણા ખૂબ જ સારા પ્રમાણમાં જોવા મળે છે. ઋગ્વેદિક સ્તોત્રોમાં સંગીતાત્મકતા, ગેયતા અને લયાત્મકતા ખૂબ જ સારા પ્રમાણમાં જોવા મળે છે. પાશ્ચાત્ય વિદ્વાન મેકડોનલનો મત છે કે ઋગ્વેદમાં છંદોમયતાની સાથે-સાથે ગેયતા પણ જોવા મળે છે.[૧૬] મેકસમૂલરે સ્તુતિઓમાં સંગીતની સાથે કાવ્યતત્ત્વની ઉપસ્થિતિની માન્યતા પણ પ્રદાન કરી છે.[૧૭] આચાર્ય રામચંદ્ર મિશ્રના મતાનુસાર- ઋગ્વેદમાં ગેયતા છે. સ્તુતિપરક ઋચાઓમાં આત્માભિવ્યંજના, વિચારોની એકરૂપતા, સંક્ષિપ્તતા ઉપરાંત ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત આ ત્રણ સ્વરોનો પણ ઉપયોગ થયેલો છે, જેણે ગેયતાના ઈંગિત તત્ત્વોની સાથે આ ઋચાઓને ખૂબ જ વધારે સંગીતમય બનાવી છે.**

**આ ઉપરાંત સ્તુતિઓમાં વિભિન્ન અલંકારોનો પ્રયોગ પણ જોવા મળે છે. ઉપમા તો સ્તુતિઓનો પ્રાણ છે. અનેક સ્થળો પર સારગર્ભિત ઉપમાઓનો પ્રયોગ જોવા મળે છે. આ પ્રમાણે ઋગ્વેદીય સ્તુતિઓમાં તથ્યનિરૂપણની સાથે-સાથે કાવ્યતત્ત્વ પણ ખૂબ જ પ્રમાણમાં જોવા મળે છે.**

**૨. અન્ય વેદોમાં રહેલ સ્તોત્રો :-**

**યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદમાં પણ સ્તુતિઓ જોવા મળે છે. યજુર્વેદની વાજસનેયિ સંહિતાનો ૪૧મો અધ્યાય ઋગ્વેદનું પુરુષસૂકત છે. શુકલ યજુર્વેદનો અંતિમ અધ્યાય ઈશાવાસ્યોપનિષદ છે. તેમાં પરમપ્રભુની સર્વ વ્યાપકતાનું પ્રતિપાદન કરવામાં આવ્યુ છે. તેના આઠમાં મંત્રમાં પ્રભુના નિગુણ અને સગુણ બંને સ્વરૂપોનું નિરૂપણ કરવામાં આવ્યું છેઃ**

स पर्यगात् शुक्रमकायमव्रणमस्नाविरं शुद्धमपापविद्धम् ।

कविर्मनीषी परिभूस्वयंभू-योथातथ्यतोऽर्थान् व्यद्धात् शाश्वतीभ्यं समाभ्यः ।।[१८]

**મંત્રમાં** आकायम्,अव्रणय, अस्नाविरम्, अपामविद्धम् **વગેરે શબ્દો દ્વારા પ્રભુનાં નિર્ગુણ સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે.** शुक्रम्, शुद्धम्, कवि, मनीषी, परिभूः **અને** स्वयंभूः **શબ્દો દ્વારા તેના સગુણ સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે. આપના શરણમાં રહીને હું સદૈવ સત્પથ પર ચાલીને ઐશ્વર્ય પ્રાપ્ત કરું-**

अग्ने नय सुपथा राये अस्मान् विश्वानिदेव वयुनानि विद्वान् ।

युयोध्यास्मज्जुहुराणमेनो भूयिष्ठान्ते नमउक्ति विधेम ।।[१९]

૩૪માં અધ્યાયના શિવ-સંકલ્પ-સૂકતમાં સ્તુતિના બધાં જ તત્ત્વોનો સમાવેશ થયેલો જોવા મળે છે. તેમાં મનની સ્થિરતા અને કલ્યાણકારી રૂપની કામના કરવામાં આવી છે. ૧૬માં અધ્યાયમાં રુદ્રની સ્તુતિ કરવામાં આવી છે.

સામવેદમાં પણ અનેક સ્તુતિઓનું સંકલન થયેલું જોવા મળે છે. તેમાં ઋગ્વેદિક ઋચાઓનો સંગ્રહ છે. યજ્ઞસમયે જે દેવતા માટે હવન કરવામાં આવે છે. તેને બોલાવવા માટે ઉદ્ગાતા ઉચિત સ્વરમાં તે દેવતાનાં સ્તુતિમંત્રનું ગાન કરે છે. સામવેદમાં ૧૮૭૫ ઋચાઓ છે, જેમાં કેવળ ૯૯ ઋચાઓ નવી છે. સામવેદની સ્તુતિઓ સંગીતની દષ્ટિએ વિશેષ મહત્વપૂર્ણ છે. તેમાં બે ગાન છે.- "पूर्वार्चिक" અને "उत्तरार्चिक" **પૂર્વાચિક અંતર્ગત** ग्रामगान, आरण्यज्ञान **તથા મહાનામ્ની** ગાન છે, અને ઉત્તરાર્ચિક અંતર્ગત उह्यगान આવે છે.

અથર્વવેદમાં ઋગ્વેદના જ મંત્રોનું સંકલન છે. લગભગ પાંચસો ભાગ ઋગ્વેદમાંથી જ સંગૃહીત છે – બાકીનામાં જાદુ, મંત્ર, તંત્ર વગેરે આવે છે.

આ પ્રમાણે વેદોમાં અનેક પ્રકારની સ્તુતિઓ જોવા મળે છે. વિભિન્ન ભકતો દ્વારા વિભિન્ન કામનાઓથી પ્રેરાઈને પોતાના આરાધ્યના ચરણોમાં સ્તુતિ સમર્પિત કરે છે. તેમાં પ્રભુનાં સૌંદર્ય- લાવણ્યની સાથે-સાથે કાવ્યનું અનલંકૃત રમણીય લાવણ્ય પણ દષ્ટિગોચર થાય છે.

૨. પૌરાણિક સ્તોત્રો :-

મધ્યકાલીન ભકિતરસનો મૂળ સ્રોત પૌરાણિક સ્તોત્ર-સાહિત્ય છે. પુરાણકાળમાં વૈદિક કર્મકાંડને સ્થાને પ્રેમ અને શ્રદ્ધાથી સમન્વિત આરાધના પદ્ધતિ પ્રબળ બની. એમાં ભાવુક ભકતનું હૃદય સ્પંદિત થતું અનુભવાય છે. પુરાણો સમસ્ત જન સમાજનું સાહિત્ય છે. પરિણામે વૈદિક સ્તોત્રના સંદર્ભમાં પૌરાણિક સ્તોત્રો ભાષાની સરળતા સાથે ભાવમાધુર્ય લઈને આવે છે, છતાં એક પ્રકારની કૃત્રિમતા દેખાયા વગર રહેતી નથી. પુરાણો એક દષ્ટિએ સ્તોત્ર કોસનું સ્વરૂપ ધારણ કરે છે. વિષયનું પણ સર્વત્ર વૈવિધ્ય છે. તેમ છતાં નિરૂપણશૈલીની એકવિધતા પુરાણ સ્તોત્રોનું મૂલ્ય ઘટાડી દે છે. કેટલાક નવીન સ્તોત્ર-પ્રકારો નિર્માય છે. તેમાં ભકતકવિની ભકિતવિષયક તેમજ વેદાંતજ્ઞાનની વિચારધારાઓનો એવો કાવ્યાત્મક સંયોગ સધાય છે, જે સ્તોત્રોને ક્રમશ ઉચ્ચતર ભૂમિકાએ લઈ જાય છે.

આઠ કે નવ શ્લોકમાં રચિત અષ્ટક-સ્તોત્ર પુરાણ સાહિત્યનો એક મૂખ્ય સ્તોત્ર-પ્રકાર છે. પદ્મપુરાણના ઉત્તરખંડમાં ઉપલબ્ધ વ્યાસરચિત 'ગણેશાષ્ટક' સ્તોત્ર આઠ શ્લોકોમાં ગણપતિનું વર્ણન આપે છે. એમાં શબ્દમાધુર્ય અને કોમળ પદાવલી ચિત્તને પ્રસન્ન કરનારી બની રહે છે –

गणपति परिवारं चा केयूरहारं गिरिधरवरसारं योगिनीचक्रचारम् ।

भवभयपरिहारं दुःखदारिद्रयदूरं गणपतिमभिवन्दे वक्रतुण्डावतारम् ।।[२०]

સ્કંદપુરાણનું 'પ્રદોષસ્તોત્રાષ્ટક' પદ્યાત્મક હોવા છતાં ગદ્યની સ્થૂળતા વ્યક્ત કરે છે. આ જ પુરાણના અનુષ્ટુપ છંદમાં લખાયેલ 'શીતલાષ્ટક'ના પૂર્વાર્ધના નવ શ્લોકમાં રાસભસ્થા માતા શીતલાની રોગભયહારક શકિતનો મહિમા ગાયો છે. પદ્મપુરાણમાં માર્કણ્ડેય દ્વારા યુધિષ્ઠિરને ઉપદિષ્ટ આનંદ કાનનની વિશ્રુત દેવી સંકટાનું અષ્ટક મળે છે. તેમાં સંકટાના આઠ નામ સર્વ સંકટોમાં મુકિતદાયક બતાવ્યાં છે. આ સ્તોત્ર સંવાદાત્મક છે. મત્સ્યપુરાણમાં તીર્થરાજ પ્રયાગનું મહાત્મ્ય વર્ણવતું "પ્રયાગાષ્ટક" તીર્થસ્તોત્રોમાં આપણું ધ્યાન ખેંચે છે.

વામનપુરાણમાં –અચ્યુતાષ્ટક', મત્સ્યપુરાણમાં 'પ્રયાગાષ્ટક', સ્કન્દપુરાણમાં 'પ્રદોષસ્તોત્રાષ્ટક' અને 'શીતલાષ્ટક', પદ્મપુરાણમાં 'સરસ્વત્યષ્ટક' અને 'સંકટનામાષ્ટક', ગણેશપુરાણમાં 'ગણેશાષ્ટક', બ્રહ્મવૈવર્તપુરાણમાં 'ગણેશનામાષ્ટક' વગેરે અષ્ટક પ્રકારનાં જાણીતાં સ્તોત્રો છે.

'નારાયણ કવચ' (ભાગવતઃસ્કંદ-૬, અધ્યાય-૮) અતિ લોકપ્રિય સ્તોત્ર છે. તે સર્વ કવચોમાં શિરોમણિ સમુ છે. આ સ્તોત્ર દેવતાઓના પુરોહિત વિશ્વરૂપે ઈન્દ્રને સંભળાયેલું ને એના પાઠથી ઈન્દ્રે શત્રુઓને પરાસ્ત કરેલા. અંગન્યાસ, કરન્યાસ, વિષ્ણુષડક્ષરન્યાસ કર્યા પછી આ કવચનો પાઠ કરાય છે. વિષ્ણુના પ્રત્યેક અવતારી સ્વરૂપ પાસે ભકત રક્ષાયાચના કરે છે. પરિણામે આમાં વિષ્ણુના લગભગ બધા અવતારોનું કવ્યમય નિરૂપણ થયું છે. 'નારાયણકવચ' ધારણ કરનાર સમસ્ત ભયમાંથી મુકત થાય છે, એ સ્તોત્રપાઠનું ફળ સમાપ્તિના શ્લોકમાં બતાવ્યું છે અને કવચના પ્રભાવ સંબંધી એક ચમત્કારિક ઘટના પણ અંતે વણી લીધી છે.

માર્કણ્ડેયપુરાણનું 'દેવીકવચ' ૫૬ શ્લોકો ધરાવે છે. તેમાં ભગવતીનાં વિભિન્ન શકિત –સ્વરૂપોનું ચિત્રણ થયું છે. સમગ્ર કવચ વીરરસપ્રધાન અને ઓજસ ગુણવાળું છે. સપ્તશતી કે ચંડીપાઠની પૂર્વે આ કવચ ધારણ કરાય છે. તેના રચયિતા હરિહર અને બ્રહ્મા છે. સર્વ દિશાઓમાં હનુમાનના સ્વરૂપે રક્ષા કરે છે એવી આરાધનાવાળું બ્રહ્માંડપુરાણનું રામચંદ્ર છંદમાં નિબંદ્ધ 'તુલસી કવચ' ઇત્યાદિ સ્તોત્રો બીબાંઢાળ છે. તેમના આરંભમાં ન્યાસાદિ વિધિ અને અંતે ત્રણચાર શ્લોકોમાં સ્તોત્રપાઠ, મહિમા કે ફળનું નિરૂપણ થયું છે, ઋષિ પ્રજાપતિનું ગાયત્રી છંદનું 'સરસ્વતીકવચ', બૃહસ્પતિએ ઇન્દ્રને સંભળાવેલું ને ગાયત્રી છંદમાં લખાયેલું 'સૂર્યકવચ', મહેશ્વર દ્વારા ઉચ્ચરિત અને ગાયત્રી છંદમાં રચિત 'શ્રી રાધિકાકવચ' યોગનિદ્રા દ્વારા બ્રહ્મા પ્રતિ ઉપદિષ્ટ 'શ્રીકૃષ્ણકવચ', નારાયણ દ્વારા પ્રોકત 'મહાલક્ષ્મીકવચ', હરિએ ઇન્દ્રને ઉપદેશેલું 'લક્ષ્મીકવચ', નારાયણે નારદને સંબોધેલું બ્રહ્માંડ વિજય નામનું 'દુર્ગાકવચ' વગેરે. બ્રહ્મવૈવર્તપુરાણનાં સ્તોત્રોમાં એક જ પ્રકારના ભાવ, ભાષા, શૈલી અને વિચારોની સમાનતા જોવા મળે છે. તેમાં પ્રાયઃ પ્રારંભે સ્તોત્રના ઋષિ, છંદ, દેવતા વગેરેનો ઉલ્લેખ કર્યા પછી સ્તોત્રફળ બતાવીને જે તે આરાધ્ય દેવતાનું પ્રત્યેક સ્વરૂપ ભકતના અંગોની રક્ષા કરે એવો નિરૂપણ–ક્રમ દેખાય છે. અંતમાં પણ સ્તોત્રની ફલશ્રુતિ બતાવાય છે.

ઘણાંખરાં પૌરાણિક સ્તોત્રો નામાવલિ પ્રકારનાં છે. ઇષ્ટદેવતાના જુદાં–જુદાં નામોના નિર્દેશમાં જ તેવું સ્તોત્ર પૂર્ણ થઈ જાય છે. આમાં ૮, ૧૦,૨૫, ૧૦૦, ૧૦૮, ૧૧૦ કે ૧૦૦૦ નામો દ્વારા ઇષ્ટદેવની સ્તુતિ કરાય છે. જેમ કે અષ્ટનામસ્તોત્ર જેવાં કે 'ગણેશનામાષ્ટક' (બ્રહ્મવૈવર્તપુરાણ), 'શ્રીવિષ્ણોરષ્ટનામસ્તોત્ર', (વામનપુરાણ), શતનામસ્તોત્ર જેવા કે 'શ્રીવિષ્ણોઃશતનામસ્તોત્ર' (વામનપુરાણ)વગેરે. સહસ્ત્રનામસ્તોત્ર જેવાં કે 'ગંગાસહસ્ત્રનામ સ્તોત્ર' (સ્કંદપુરાણ) અને 'સૂર્યસહસ્ત્રનામસ્તોત્ર'(ભવિષ્યોત્તરપુરાણ) ૨૫ નામોના 'કેતુપંચવિશતિસ્તોત્ર (સ્કંદપુરાણ), 'બુધપંચવિંશતિનામસ્તોત્ર'(પદ્મપુરાણ) વગેરે. ૧૦૮ નામવાળું 'રામાષ્ટોત્તરશતાભિધાનસ્તોત્ર' (પદ્મપુરાણ) વગેરે. આવા સ્તોત્રોમાં ઇષ્ટદેવ કે દેવીનાં વિભિન્ન નામોની હારમાળા જ આપવામાં આવે છે. તેમાં કવિતા દેખાતી નથી છતાં વર્ણાનુપ્રાસ – શબ્દાનુપ્રાસની મધુરિમા દષ્ટિગોચર થાય છે.

સ્કંદપુરાણનું 'ગંગાસહસ્રસ્તોત્ર' વિશિષ્ટ છે. તેમાં કવિ કક્કાનુસારી એક-એક વર્ણ પર શ્લોક રચી વર્ણાનુપ્રાસની રમત રમે છે. 'ક' વર્ણથી આરંભીને 'વ' વર્ણ સુધીના ક્રમમાં શ્લોક'રચના દુષ્કર ગણાય છતાં કવિની પ્રયત્નસાધ્ય કૃત્રિમતા દોષપાત્ર બનતી નથી. નામાવલિ સ્તોત્રોમાં કેટલીકવાર પ્રારંભે પાત્રો વચ્ચે સંવાદના માધ્યમથી સ્તોત્ર મહાત્મ્ય રહે છે. મધ્યમાં નામોની યાદી અને અંતે ફળશ્રુતિ કે સ્તોત્રપાઠ-મહિમા બતાવાય છે. આવા ઘણાં સ્તોત્રોમાં આવી બધી સમાનતા હોય છે. પદ્મપુરાણનું 'સંકટાનામાષ્ટક- સંવાદાત્મક શૈલીમાં છે. આવી શૈલી પૌરાણિક સ્તોત્રોમાં વ્યાપક પ્રમાણમાં પ્રયોજાઈ છે. નામાવલિ-સ્તોત્રોના કવિઓની ઇષ્ટદેવતાનાં કાર્યો અનુસાર અર્થસૂચક નામો પ્રયોજવાની શકિત ખરે જ પ્રશંસનીય છે, પરંતુ કવિ ઇષ્ટદેવતા પર પ્રાયઃ સર્વ દેવતા સ્વરૂપોની શકિતનું આરોપણ કરી અતિશયોકિતપૂર્ણ વર્ણન કરે છે.

વર્ણન બાહુલ્ય હોવા છતાં પૌરાણિક સ્તોત્રોમાં દેવતાનુ ઉત્તમ નખશિખ વર્ણન જવલ્લે જ પ્રાપ્ત થાય છે. ભાગવતના સ્તોત્રોમાં કવચિત્ આવું મનોહર વર્ણન મળે છે. ભાગવત(સ્કંધ-૪)ના "રુદ્રગીત"માં વિષ્ણુના મુખ, બાહુ, અક્ષ, ભ્રૂ, નાસિકા, દંત, કપોલ, વર્ણ, અપાંગ,અલક, કુંડલ, કિરીટ, વલય, હાર, મેખલા, આયુધો, ઉદર, નાભિ, જંઘા, વગેરેનું એવું નિર્દેશાત્મક વર્ણન પ્રાપ્ત થાય છે, જે પૌરાણિક સ્તોત્રોમાં નખશિખ-વર્ણન જેવા વિશિષ્ટ લક્ષણનો ઉમેરો કરે છે. વર્ણનક્રમ મસ્તકથી આરંભ કરી ચરણનખદ્યુતિ પર્યન્તનો છે. કલ્કિપુરાણનુ પદ્મ દ્વારા બોલાયેલું 'વિષ્ણુસ્તવરાજ' પણ વિષ્ણુનુ નખશિખ વર્ણન આપે છે. તેમાં વર્ણનક્રમ પાદાદિકેશાન્ત પરિપાટીનો છે. આ સ્તોત્ર પૌરાણિક સ્તોત્રોમાં દીર્ઘ સમાસોની વિલક્ષણતા ધરાવે છે.

### ૩. રામાયણનાં સ્તોત્રો :-

રામાયણ આદિકાવ્ય છે, તો મહર્ષિ વાલ્મીકિ આપણા આદિકવિ. રામાયણ હિન્દુ સંસ્કૃતિનો અક્ષય કોશ છે. તેમાં ભિન્ન-ભિન્ન વિષયો ઉપરાંત અનેક ભકતો દ્વારા પોતાના આરાધ્ય પ્રતિ અનેક સ્તોત્ર ગાવામાં આવ્યાં છે. વિવિધ કલ્પનાઓ જેવી કે -પુત્ર પૌત્રાદિ,ધન-દોલત, આયુષ્ય, વિજય વગેરે માટે ભકતજન પોતાના આરાધ્યના ચરણોમાં સ્તોત્ર સમર્પિત કરે છે. દુઃખથી પીડિત થઈને રાક્ષસોથી આતંકિત થઈ રક્ષા માટે પ્રભુના સ્તોત્રનો પાઠ કરે છે.

સમગ્રદેવગણ રાક્ષસરાજ રાવણથી ત્રસ્ત થઈને બ્રહ્મા અને વિષ્ણુની સ્તુતિ

કરે છે. રાજા રામચંદ્ર રાવણ- વિજયની લાલસા માટે ભગવાન સૂર્યને નમસ્કાર કરી સુપ્રસિદ્ધ 'આદિત્યહૃદયસ્તોત્ર' નો પાઠ કરે છે. રાક્ષસોથી ભયભીત બની દેવો, શંકર અને વિષ્ણુની સ્તુતિ કરે છે. આ પ્રમાણે રામાયણના અનેક સ્તોત્રો સંગૃહીત થયેલાં છે. કેટલાંક મુખ્ય સ્તોત્રો આ પ્રમાણે છે.

(૧) બ્રહ્માસ્તુતિ :-

રાવણના ત્રાસથી ત્રણે લોક ભયભીત છે. બ્રહ્મા પાસેથી વરદાન લઈને તે સંપૂર્ણ દેવ, ગંધર્વ, યક્ષ,રાક્ષસો વગેરેને ત્રાસ આપે છે. હવે રાવણથી બચવાનો કોઈ ઉપાય રહેતો નથી, ત્યારે ઋષ્યશૃંગના નિર્દેશથી રાજા દશરથ પુત્રેષ્ટિ યજ્ઞનુ આયોજન કરે છે. બધા દેવો, ગંધર્વો પોતાના ભાગ માટે યજ્ઞસ્થળ ઉપર આવે છે. ભયભીત દેવગણ યજ્ઞશાળામાં પિતામહ બ્રહ્માની સ્તુતિ કરે છે. "હે પિતામહ ! અમને આ રાવણથી બચાવો. આનો કોઈ ઉપાય હોય તો બતાવો." આમાં સાત અનુષ્ટુપ્ શ્લોકોમાં બ્રહ્માની સ્તુતિ કરવામાં આવી છે. અનેક આશીર્વાદ પ્રાપ્ત કરીને રાવણે જે અજેયતા, વિકરાળતા પ્રાપ્ત કરી છે, તેનું વર્ણન પાંચ શ્લોકોમાં કરવામાં આવ્યું છે. બ્રહ્માના સ્વરૂપમાં કોઈ વિશેષ પ્રભાવ નથી પડતો, પરંતુ પ્રાચીન પરંપરા અનુસાર બ્રહ્મા પ્રસન્ન થઈ ઉપાય બતાવે છે.

(૨) વિષ્ણુસ્તુતિ :-

રાજા દશરથની યજ્ઞશાળામાં ભગવાન વિષ્ણુનું આગમન થયું છે. રાવણના વિનાશ માટે બ્રહ્મા સહિત સમસ્ત દેવગણ પરમેશ્વરને મનુષ્યનો અવતાર લેવાની પ્રાર્થના કરે છે, કેમ કે મનુષ્યને છોડીને અન્ય કોઈ તેનો વિનાશ કરી શકે તેમ ન હતું.

આ આર્ત સ્તુતિ છે. ૯ અનુષ્ટુપ્ શ્લોકો અને બે વંશસ્થ છંદોમાં દેવગણ પોતાની વેદના, રાવણનો અત્યાચાર વગેરે ભગવાન વિષ્ણુની આગળ કહે છે. દેવોના હૃદયમાં વ્યાપ્ત ભય, પરાજ્ય અને અસહાયતા ત્રણે મળીને પ્રભુના ચરણોમાં શાબ્દિક સ્વરૂપમાં અભિવ્યકત થઈ જાય છે. આ નાનકડી સ્તુતિમાં વિષ્ણુના સર્વવ્યાપક, લોકહિતરક્ષક અને શત્રુવિનાશક સ્વરૂપ પર પ્રકાશ પડે છે. તે સર્વસમર્થ છે, ત્યારે તો દેવો આ મહાનકાર્ય-રાવણ વિનાશ અને ત્રૈલોકય રક્ષણનું કામ આ સર્વવ્યાપી દેવ ઉપર છોડી દે છે–

त्वं नियोक्ष्यामहे विष्णो लोकानां हितकाम्यया ।[२१]

" વિષ્ણુ જ બધાના પરમ શરણ્ય અને શત્રુવિનાશક છે, તે દેવાધિદેવ છે"

દેવોની પ્રાર્થનાથી પ્રસન્ન થઈ દેવાધિદેવ વિષ્ણુ દશરથને ત્યાં મનુષ્ય સ્વરૂપમાં અવતાર લઈને દેવોના શત્રુ રાવણના વિનાશ માટે દેવોને આશ્વાસન આપે છે. આ મહાન ઉપકારથી ઉપકૃત થઈ દેવતા, ઋષિ, ગંધર્વ વગેરે ભગવાનની ફરીથી સ્તુતિ કરે છે. બે વંશસ્થ છંદો દ્વારા સ્તુતિમાં ઉપકાર અને ભય બંને ભાવ મિશ્રિત થયેલા જોવા મળે છે.

આ પ્રમાણે આ સ્તુતિમાં વિષ્ણુના સર્વસમર્થ અને ભકતવત્સલ સ્વરૂપ ઉપરાંત આવતારવાદ પર પણ પ્રકાશ પડે છે. લોક કલ્યાણ માટે આપત્તિઓથી પોતાના ભકતોને બચાવવા માટે ભગવાન પરબ્રહ્મે ભિન્ન-ભિન્ન રૂપોમાં અવતાર ધારણ કર્યા.

(૩) આદિત્યહૃદય સ્તોત્ર :- (યુદ્ધકાંડ- ૧૦૫): જગતાના કલ્યાણ અને શત્રુ ઉપર વિજય પ્રાપ્ત કરવા માટે પ્રાચીનકાળથી જ વિભિન્ન દેવોને સ્તોત્ર સમર્પિત કરવાની પરંપરા રહી છે. રણક્ષેત્રમાં મુનિ અગસ્ત્ય દશરથિ રામની સામે ઉભા રહેલા પ્રબળ પ્રતિપક્ષી ઉપર વિજય પ્રાપ્ત કરવામાટે ભગવાન ભુવનભાસ્કરના ચરણોમાં તેમની વિવિધ લીલા, રૂપ, ગુણોનું વર્ણન કરીને વિવિધ વિશેષણોથી યુકત સ્તુતિ કરે છે. આ સકામ સ્તુતિ છે. અગસ્ત્ય મુનિ દ્વારા સૂર્યના પ્રતાપ, અદ્ભુત સામર્થ્ય સાંભળી રામના હૃદયમાંથી સહજ સ્તોત્રનો ઉદ્ભવ થાય છે, જેનો પૂર્વ સંસ્કાર મુનિ દ્વારા ઉપદેશના સંસ્કારથી વ્યાપ્ત છે. -

रश्मिन्तं समुद्यन्तं देवासुर नमस्कृतम् ।
पूजयस्व विवस्वन्तं भास्करं भुवनेश्वरम् ।।[२२]

સૂર્યના વિશેષ સ્વરૂપના વિવેચન પહેલા આ સ્તોત્રના મહત્ત્વ વિશે જાણવું જરૂરી છે. સ્વયં મુનિ અગસ્ત્યે તેના મહત્વને સમજાવી દીધું છે. આ ગોપનીય સ્તોત્રનું નામ "आदित्यहृदय" છે. તે પરમ પવિત્ર અને સંપૂર્ણ શત્રુઓનું વિનાશક છે. તેના જપ કરવાથી હંમેશા વિજય પ્રાપ્ત થાય છે. આ નિત્ય, અક્ષય, અને પરમ કલ્યાણમય સ્તોત્ર છે. બધા મંગલોનું મંગલ છે. તેનો પાઠ કરવાથી બધા પાપોનો વિનાશ થાય છે. તે ચિંતા અને શોકને દૂર કરી આયુષ્યને વધારવાનું પરમ સાધન છે. -

आदित्यहृदयं पुण्यं सर्वशत्रु विनाशनम् ।
जपावहं जपं नित्यमक्षयं परमं शिवम् ।।
सर्वमङ्गलमाङ्गल्यं सर्वपापप्रणाशनम् ।
चिन्ता शोक प्रशनमायुर्वर्धनमुत्तमम् ।।[२३]

**આપત્તિ, કષ્ટ, દુર્ગમ માર્ગ, ભય તથા યુદ્ધમાં જે એકાગ્ર હૃદયથી આ સ્તોત્રનો પાઠ કરે છે, તેની રક્ષા સ્વયં સર્વસમર્થ ભગવાન સૂર્ય કરે છે :**

एनमापत्सु कृच्छ्रेषुं कान्तारेषु भयेषु च ।

कीर्तयन् पुरुषः कन्निावसीदति राघव ।।

पूजयस्वैनमेकाग्रो देव देवं जगत्पतिम् ।

एतत् त्रिगुणितं जप्त्वा युद्धेषु विजयिज्यति ।।[२४]

**આ સ્તોત્ર દ્વારા ભગવાન સૂર્યના વિવિધ સ્વરૂપો પર પ્રકાશ પડે છે. ભિન્ન-ભિન્ન નામ અને વિવિધ વિશેષણો તેમના વિભિન્ન સ્વરૂપનું બોધક છે.**

**તેમના પ્રકાશમય સ્વરૂપને પ્રગટ કરનાર અનેક વિશેષણ સ્તોત્રમાં જોવા મળે છે–** रश्मिवान्, विवस्वान् भास्कर भुवनेश्वर, रश्मिभावन, प्रभाकर, गभस्तिमान्, सुवर्णस्वरुपभान, दिवाकर, सहस्रार्चि, मरिचिमान्, तिमिरोमन्थन, अंशुमान्, अग्निगर्भ, तमोभेदी, तपन, अहस्कर **વગેરે ઉત્તમ વિશેષણો છે.**

**જુદાં-જુદાં નામોથી સ્પષ્ટ થાય છે કે સૂર્ય સંપૂર્ણ લોકોનો સ્રષ્ટા, જીવન સમુદાયને પોત-પોતના કાર્મોમાં પ્રેરિત કરનાર, સંસારનો પાલક, સંસારનો જીવભૂત, જીવનદાતા, ઉત્પત્તિ -કારણ અને વિશ્વનો પાલક છે. સૂર્ય, સવિતા, વિશ્વ, વિશ્વભાવન વગેરે વિશેષણો દ્વારા સૂર્યના સર્વવ્યાપક સ્વરૂપ પર પ્રકાશ પડે છે.**

**કેટલાંક વિશેષણો દ્વારા સૂર્યના ઉપર પણ પ્રકાશ પડે છે. તે અદિતિનો પુત્ર છે, એટલાં માટે આદિત્ય કહેવાયો. એક જગ્યાએ અદિતિ-પુત્ર પણ કહેવામાં આવ્યો છે. તેના સ્વભાવ, સ્વરૂપ અને અનેક ઉપકરણો પર પ્રકાશ પડે છે. તેનો સ્વભાવ શત્રુનાશક છે. તે તાપ-તમોભેદી, કવિ, ઉગ્ર, વીર, પ્રસન્ન તથા આનંદ સ્વરૂપ છે. તેનું શરીર સુવર્ણજડિત છે. તેના ઘોડા લીલા રંગના છે, એટલા માટે તેને હર્યશ્ચ તથા સાત ઘોડાવાળો હોવાથી તેને સપ્તસપ્તિ કહેવામાં આવ્યો છે.**

**ભગવાન સૂર્ય ભકતોને આપત્તિઓથી બચાવે છે. દુઃખોના નાશક તથા વિજય આપનાર છે- તે શત્રુનાશક, પરમપ્રભુ ફલ આપનારા વગેરે પણ છે.**

**આ પ્રમાણે આ ૩૧ શ્લોકોમાં સ્તુતિના સ્વરૂપે ભગવાન સૂર્યના વિવિધ**

સ્વરૂપો ઉદ્‌ભવ્યાં છે. શુદ્ધચિત્તથી જપ કરવાથી રામનો શોક નાશ પામ્યો અને રાવણવધ માટે અદ્‌ભુત સાહસ અને શૌર્ય પ્રાપ્ત થયું.

(૪) બ્રહ્માકૃત શ્રીરામ સ્તુતિ :-

૧૬ અનુષ્ટુપ્ શ્લોકોમાં સંગ્રહિત આ ઇતિહાસાત્મક પુરાતન આર્ષસ્તુતિ છે, આ સ્તુતિમાં રામનો પુરાતન ઈતિહાસ પ્રસ્તુત કરવામાં આવ્યો છે. તેની સાથે જ રામના સર્વવ્યાપક સ્વરૂપનો પણ ખ્યાલ આપવામાં આવ્યો છે. તેમાં કોઈપણ પ્રકારની કામના નથી, પરંતુ રામની ભગવત્તા અને સર્વસમર્થતા તથા સીતાના સ્વયં વિભૂતિના રૂપનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

રામ સંપૂર્ણ વિશ્વના પાલક, જ્ઞાનીઓમાં શ્રેષ્ઠ તથા સર્વવ્યાપક છે. બધા દેવોમાં શ્રેષ્ઠ સ્વયં વિષ્ણુ છે :

नैव वाचा न मनसा नैव बुद्ध्या न चक्षुषा ।

सुवृत्ता वृत शैरीर्य न त्वामत्परच्छुभा ।।

રામ વસુઓના પ્રજાપતિ તથા લોકોના આદિકર્તા સ્વયં પ્રભુ છે. તે લોકોના કર્તા, હર્તા તથા સંહારક ગણે છે. તે અંતર્યામી પુરુષ તથા પુરુષોત્તમ છે.

अनन्यहृदयां सीतां मच्चितपरिरक्षिणीम् ।

अहमप्यवगच्छामि मैथिलीं जनकात्मजाम् ।।

તે વામન, વેદાત્મા, શરણાગત વત્સલ, સ્વયંપ્રભુ, વિરાટ પુરુષ, નારાયણ, સચ્ચિદાનંદ સ્વરૂપ અને પ્રજાપતિ છે તથા સીતા સાક્ષાત્ લક્ષ્મી છે. તે ભકતવત્સલ કલ્પતરુ છે. તેમના ભકતો તેમની માફક જ સંસારમાં પૂજાય છે. ભગવાન રામ ભકતોની બધી ઈચ્છાઓ પોતે જ પૂર્ણ કરે છે. આ પ્રમાણે આ સ્તોત્રમાં શ્રીરામના પરમેશ્વરનાગુણનું પ્રતિબિંબ જોવા મળે છે.

(૫) દેવો દ્વારા ભગવાન શંકર અને વિષ્ણુની સ્તુતિ :-

રાક્ષસ, સુકેશના પુત્રો માલી, સુમાલી અને માલ્યવાનના આંતકથી ભય પામી દેવો, ઋષિઓ વગેરે ભગવાન શંકરની શરણાગતિ ગ્રહણ કરે છે. આઠ અનુષ્ટુપ્ શ્લોકોમાં ભગવાન શંકરની અભ્યર્થના કરવામાં આવી છે. ભગવાન શંકર જગતની સૃષ્ટિ અને સંહાર કરનારા,

અજન્મા, અવ્યકત રૂપધારી, સંપૂર્ણ જગતના આધાર, આરાધ્યદેવ, અને પરમગુરુ છે. કામનાશક, ત્રિપુરનાશક અને ત્રિનેત્રધારી ભગવાન શંકર પાસે દેવતા પોતાની રક્ષા માટે પ્રાર્થના કરે છે.

तन्नोदेव भयार्तानामभयं दातुमर्हसि ।

अशिवं वपुरास्थाय जहि वै दैवकष्टकान्

આ સ્તુતિમાં ભગવાન શંકર માટે અલગ અલગ સાભિપ્રાય વિશેષણોનો પ્રયોગ કરવામાં આવ્યો છે. તે નીલલોહિત, પ્રજાધ્યક્ષ, કામનાશક, ત્રિપુર વિનાશક વગેરે. ભગવાન શંકર દ્વારા કહેવામાં આવતાં દેવો વિષ્ણુ પાસે જઈને તેમની સ્તુતિ કરે છે. દેવો અત્યંત ભયભીત હાલતમાં ભગવાન વિષ્ણુના ચરણોમાં પ્રાર્થના કરે છે.

આ આર્તસ્તુતિ છે. તેમાં ભગવાન વિષ્ણુનાં વિભિન્ન સ્વરૂપો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. તે શંખચક્રગદાધારી, મધુસૂદન અને સુરેશ્વર છે એક સુંદર ઉપમાનો પ્રયોગ ભગવાન વિષ્ણુની ભકતવત્સલતા માટે કરવામાં આવ્યો છે.

नुदत्वं नो भयं देव नीहारमिव भास्करः ।। [२८]

૫ શ્લોકોમાં વિભકત આ સ્તુતિમાં ભગવાનના કષ્ટ નિવારક, સર્વસમર્થ, સર્વવ્યાપક શત્રુવિનાશક અને લોકમંગલકારક સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે.

(૬) ઋષિઓ દ્વારા શ્રીરામ સ્તુતિ :-

લવણાસુરથી ભયભીત, વ્યથિત અને ત્રસ્ત ઋષિઓએ બધા જ સમર્થ લોકો પાસે પોતાના પ્રાણોની રક્ષા માટે પ્રાર્થના કરી, પરંતુ તેમને કોઈ રક્ષક મળ્યો નહિ. અંતમાં તેઓ શ્રીરામના શરણમાં જાય છે, જે બધા જીવોનું શરણ છે, જેમણે અનેકવાર ભયાનક રાક્ષસોના ત્રાસમાંથી લોકોને છોડાવ્યા છે.

આ આર્ત-સ્તુતિ છે અને માત્ર ૩ શ્લોકમાં છે. દેવતાઓ કહે છે! હજુ સુધી કોઈ રક્ષક મળ્યો નથી. હે તાત ! આપે સેના સહિત રાક્ષસ રાવણનો વિનાશ કર્યો છે. હવે ભયથી પીડિત ઋષિઓની લવણાસુરથી રક્ષા કરો. જ્યારે સામે ભય હોય છે, ત્યારે અભય કોણ આપે છે ? જે સ્વયં ભયમુકત છે, સામર્થ્યવાન છે તે શ્રીરામ. શ્રીરામને છોડીને બધા રાજાઓ લવણાસુરથી પરાસ્ત થયેલા છે.

આ નાનકડી સ્તુતિમાં ભગવાન શ્રીરામના ત્રૈલોકયરક્ષક, વિપત્તિ-નિવારક અને રાક્ષસ-વિનાશક સ્વરૂપને બતાવવામાં આવ્યું છે.

(૭) ઇન્દ્ર દ્વારા ભગવાનની સ્તુતિ :-

ઇન્દ્ર સર્વદા તપસ્વીઓથી ડરે છે, તપસ્યામાં ખલેલ પહોંચાડવાનું તેનું કર્તવ્ય અને કર્તવ્યોની સાથે નૈતિક કર્તવ્ય છે. વૃત્રાસુર પોતાના મોટા પુત્ર મધુરેશ્વરને બધુ સોંપીને તપસ્યા કરવા જાય છે. તે વિષ્ણુનો પરમભકત છે, તેમનો સેવક છે. પરંતુ ઇન્દ્રને ચેન પડતુ નથી. તેને ડર એ વાતનો છે કે તેનું ઇન્દ્રપદ તે છીનવી લેશે અને આવા ભયથી વિચલિત થઈ દેવેન્દ્ર ભગવાનની સ્તુતિ કરે છે.

આ સ્તુતિમાં ભગવાન વિષ્ણુના અસુર-નિહન્તા સ્વરૂપનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. સંપૂર્ણ જગત પર આવેલ ભયના નિવારણ માટે રક્ષાની યાચના કરાઈ છે.

सत्वं प्रसादं लोकानां कुरुष्व सुसमाहितः ।
त्वत्कृतेन हि सर्व स्यात् प्रशान्तमरुजं जगत् ।।[२९]

ફરીથી ઇન્દ્ર વૃત્રના વધ માટે ભગવાનને પ્રાર્થના કરે છે. ભગવાન વિષ્ણુ જ એકમાત્ર નિરાધારોના આધાર છે.

इमे हि सर्वे विष्णो त्वां निरीक्षन्ते दिवौकसः ।
वृत्रघातेन महता तेषां साह्यं कुरुष्व ह ।।[३०]
अकृष्टपच्या पृथिवी सुसम्पन्ना महात्मनः ।
स राज्यं तादृशं भुङक्ते स्फीतमभ्युतदर्शनम् ।।[३१]

આ પ્રમાણે રામાયણમાં અનેક સ્તુતિઓ છે, જે ભિન્ન ભિન્ન સમયે ગાવામાં આવી છે. દુઃખ નિવારણ પાપનાશ, ભકતના ઉદ્ધાર માટે, વિજય માટે અને સાંસારિક ઇચ્છાઓથી પ્રેરિત બનીને ભકત પોતાના આરાધ્યના ચરણોમાં સ્તુતિ સમર્પિત કરે છે.

રામાયણોના સ્તોત્રોમાં શ્રીમદ્ ભાગવતની તત્ત્વજ્ઞાન પ્રધાન સ્તુતિઓનો સંપૂર્ણ અભાવ છે. વેદોનો પ્રભાવ થોડે ઘણે અંશે જોવા મળે છે. વેદોમાં વિવિધ ઇચ્છાઓથી પ્રેરિત બનીને ઋષિઓ પોતાના આરાધ્યના ચરણોમાં સૂકત સમર્પિત કરે છે.

## ૪. મહાભારતના સ્તોત્રો :-

મહાભારત એક વિશ્વકોશ છે. તેમાં અન્ય વિષયોની સાથે સાથે વિવિધ ભકતોની સ્તુતિઓ પણ છે, જે હૃદયદ્વારક, ભકતજનને આહ્લાદક અને ભગવદ્ભકતને આકર્ષિત કરે છે. ભિન્ન-ભિન્ન પ્રકારના ભકતો પોત પોતાના આરાધ્યના ચરણોમાં સ્તુતિ સમર્પિત કરે છે. સંકટથી મુકિત માટે, સાંસારિક અભ્યુદય માટે, યુદ્ધમાં વિજય મેળવવા માટે અને લોકકલ્યાણ માટે સ્તુતિઓનું ગાન કરવામાં આવે છે. ઉપરોકત સકામ સ્તુતિઓની સાથે-સાથે નિષ્કામ સ્તુતિઓ પણ છે, જેમાં કેવળ પ્રભુચરણની જ પ્રધાનતા છે.

મહાભારતમાં ભકતોની અનેક કોટિઓ છેઃ રાજવર્ગ, સામાન્ય મનુષ્ય અને પશુ-પક્ષી, તિર્યક યોનિના બધા ભકત પોતાના સ્તવ્યની સ્તુતિમાં સંલગ્ન છે. એક તરફ ભીષ્મ, વ્યાસ, યુધિષ્ઠિર અને ધ્રુવ જેવાં જ્ઞાની ભકત છે, તો બીજી તરફ સર્પોની માતા પણ સ્તુતિ કરે છે. રાજવર્ગના ભકતોમાં અર્જુન, યુધિષ્ઠિર, ભીષ્મ, મુચુકુન્દ વગેરે છે. મનુષ્યો સિવાય દેવો પણ સ્તોતાના રૂપમાં ઉપસ્થિત થાય છે - ઇન્દ્ર, બ્રહ્મા અને અન્ય દેવો ભગવાન શ્રીકૃષ્ણની સ્તુતિમા રત છે.

સ્તુતિઓનાં અવસર પણ ભિન્ન ભિન્ન છે. સંકટકાલે, તપસ્યાકાલે, મહાકષ્ટ સમયે ભગવાનની સ્તુતિ કરવામાં આવે છે. દ્રૌપદી પૂર્ણતઃ અસહાયક થઈને પ્રભુ શ્રીકૃષ્ણની સ્તુતિ કરે છે. કદ્રુ સર્પોની રક્ષા માટે ઇન્દ્રની, દેવો રક્ષા માટે ગર્ભસ્થ શ્રીકૃષ્ણની અને ધ્રુવની તપોજ્વાલાથી સંતપ્ત દેવગણ ભગવત્સ્તુતિ કરે છે.

શિવના ક્રોધાગ્નિથી સંતપ્ત પ્રજાપતિ દક્ષ શિવનાં સહસ્રનામો દ્વારા તેમની અભ્યર્થના કરે છે. ભગવાનની વિભૂતિઓનું દર્શન કરીને ગદ્ગદિત થયેલો અર્જુન શ્રીકૃષ્ણની સ્તુતિ કરે છે. મહાભારતની કેટલીક સ્તુતિઓનું સંક્ષિપ્ત વિવેચન અહીં કરવામાં આવ્યું છે.

### (૧) ભીષ્મકૃત શ્રીકૃષ્ણ સ્તુતિ :-

પિતામહ ભીષ્મ નિષ્કામ ભાવથી બે વાર ભગવાનની સ્તુતિ કરે છે. પ્રથમવાર ઉતરાયણ સૂર્યના આગમન પર અને બીજીવાર ભગવાન દ્વારા ધર્મની બાબતમાં પૂછવાનું આવ્યું ત્યારે ભગવાન શ્રીકૃષ્ણની સ્તુતિ કરે છે. પ્રથમ બૃહદાકાર સ્તોત્ર ભકતસમાજમાં "भीष्मस्तवराज" ના નામથી પ્રસિદ્ધ છે. આમાં ભગવાન શ્રીકૃષ્ણનાં વિભિન્ન રૂપોનું વર્ણન કરવામાં આવ્યું છે. અનેક સાભિપ્રાય

વિશેષણો દ્વારા ભગવાન શ્રીકૃષ્ણનું સર્વવ્યાપકત્વ, સર્વસમર્થત્વ વગેરેનું વર્ણન કરવામાં આવ્યુ છે.

બધી ઇન્દ્રિયોને પોત-પોતાના વિષયોમાંથી હટાવીને મન, વાણી તથા ક્રિયા દ્વારા ભગવાન શ્રીકૃષ્ણના ચરણોમાં સ્થિત થઈને પિતામહ સ્તુતિ કરે છે. આ નિષ્કામ સ્તુતિ છે. ભગવાન શ્રીકૃષ્ણની કૃપાપ્રાપ્તિ જ ભકતનું લક્ષ્ય છે, એટલા માટે સર્વાત્મભાવથી પિતામહ ભીષ્મ તેમના ચરણોમાં ઉપસ્થિત થાય છે. -

शुचिं शुचिपदं हंस तत्पदं परमेष्ठिनम् ।

युक्त्वा सर्वात्मनाऽऽत्मानं तं प्रपद्ये प्रजापतिम् ।।[३२]

અહીં યોગેશ્વર, પદ્મનાભ, વિષ્ણુ, જગત્પતિ વગેરે શ્રીકૃષ્ણના અનેક રૂપોનું વર્ણન કરવામાં આવ્યુ છે.

ભગવાન શ્રીકૃષ્ણ સામાન્ય નહીં, પરંતુ સર્વલોકવ્યાપક અને સર્વનિયંતા છે. તેમને ન આદિ છે, ન અંત તેઓ ઋષિ, મુનિ, દેવો, ગંધર્વો, મનુષ્યોના જ્ઞાનની સીમાની બહાર છે. તેઓ બધાનું પોષણ કરે છે, તેમનામાં જ સંપૂર્ણ પ્રાણીજગત સ્થિત છે. તેઓ જ બધા જીવોના અધિષ્ઠાન સ્વરૂપ છે. પ્રકૃતિના કણ-કણમાં વ્યાપ્ત છે.

આ સ્તુતિ 'स्तवराज' માં ભગવાનના વિરાટ્ સ્વરૂપની સાથે-સાથે તેમની ભિન્ન-ભિન્ન વિભૂતિઓનું વર્ણન કરવામાં આવ્યું છે. તેમના સહસ્ર શિર, સહસ્ર પગ, સહસ્ર નેત્ર, સહસ્ર ભૂજાની અને સહસ્ર મુખો છે. તે જ વિશ્વના પરમ આધાર છે. તે સૂક્ષ્મથી સૂક્ષ્મ તથા બૃહદ્‌થી બૃહદ્ છે. તે બધાના આત્મા તથા સર્વજ્ઞ છે. બ્રાહ્મણો, વેદ અને યજ્ઞની રક્ષા માટે જ તેઓ શ્રીકૃષ્ણના સ્વરૂપમાં પ્રગટ થયેલા છે.

તેઓ વિશ્વ વિધાતા અને જગતના સ્વામી છે, જે વિવિધ રૂપોમાં પ્રગટ થાય છે. તે જ અધોક્ષજ, સૂર્યરૂપ, સોમરૂપ, જ્ઞેયરૂપ, વેદરૂપ, યજ્ઞરૂપ, હોમરૂપ, સ્તોત્રરૂપ, હંસરૂપ, વાણીરૂપ, તત્ત્વસ્વરૂપ, ભૂતસ્વરૂપ, મત્સ્ય, કૂર્મ, વરાહ, નૃસિંહ, વામન, પરશુરામ, શ્રીરામ, બલરામ, શ્રીકૃષ્ણ તથા કલ્કિ સ્વરૂપમાં પણ છે. તેઓ જ ભકત વત્સલ અને સત્ત્વ, રજસ તથા તમોમય છે.

ભગવાન શ્રીકૃષ્ણ સર્વલોક મહેશ્વર, હિરણ્યનાભ, યજ્ઞનું સ્વરૂપ, અમૃતમય, કમલનયન અને પરમ શરણ્ય છે. તે મંગલમય છે, તે સત્યસ્વરૂપ, ધર્મસ્વરૂપ, કામસ્વરૂપ,

ક્ષેત્રસ્વરૂપ, યોગસ્વરૂપ અને ઘોરરૂપધારી છે.

આ પ્રમાણે ભકિત ભાવનાયુકત ચિત્તથી ભીષ્મ આ "સ્તવરાજ" નું ગાન કરે છે. ૮૪ શ્લોકોમાંથી ૮૨ શ્લોક અનુષ્ટુપ્ છંદમાં તથા બાકીના બે શ્લોક ઉપેન્દ્રવજા છંદમાં છે.

(૨) ભગવાન શંકરની સ્તુતિ :-

તપશ્ચર્યાની સફળતા પર ભકત ભગવાનની ગદ્-ગદ્ વાણીમાં સ્તુતિ કરે છે. અહીં પરિસ્થિતિ એવી છે કે અર્જુન પોતાના ઉપાસ્ય સાથે જ ભીષણ યુદ્ધ કરે છે. તેને ખબર કયાં હતી કે તેના ભગવાન જ તેની પરીક્ષા લઈ રહ્યા છે. જ્યારે કિરાત વેશધારી શિવ પ્રગટ થઈ જાય છે, ત્યારે અર્જુન આહ્‌લાદિત થઈ જાય છે. પોતાના પ્રભુની દયાળુતા અને વત્સલતા પર હ્રદયસ્થ થઈને પોતાના માનસિક ભાવો અભિવ્યકત કરે છે. ઉપાસ્ય સંબંધિત વિવિધ વિશેષણ પ્રગટ થઈ જાય છે –

कपर्दिन सर्वदेवेश भगनेत्रनिपातन देवदेव महादेव नीलग्रीव जटाधरः ।[३३]

શિવના વિવિધ નામ આ સ્તુતિમાં જોવા મળે છે. આ વિશેષણો અને નામોના આધારે અર્જુનોપાસ્યના સ્વરૂપ પર પણ પ્રકાશ પડે છે. ભગવાન શંકર દેવાધિદેવ મહાદેવ છે, જટા ધારણ કરનાર છે. તેમનું ગળું નીલવર્ણું છે, ત્રિનેત્રધારી છે, પરમકારણ છે, સર્વવ્યાપી તથા સંપૂર્ણ લોકોના આશ્રય છે, વિષ્ણુ સ્વરૂપ છે, દક્ષયજ્ઞ વિનાશક અને શત્રુનાશક છે.

આ રીતે ભકત જાણે-અજાણ્યે પોતાના દ્વારા કરવામાં આવેલા અપરાધોની ક્ષમા અને પ્રભુ પ્રસન્નતાની યાચના કરે છે –

कृतो मयायज्ञानाद् विमर्दोयस्त्वया सह ।

शरणं प्रतिपन्नाय तत् क्षमस्वाद्य शंकर ।।[३४]

(૩) દ્રૌપદીકૃત શ્રીકૃષ્ણ-સ્તુતિ :-

દ્રૌપદીની સ્તુતિમાં માત્ર ત્રણ જ શ્લોક છે, પરંતુ તે સમસ્ત હ્રદયની મનોવ્યથાને, કૌરવજન્મ અપમાનને તથા પોતાની અસહાય સ્થિતિને નિરુપિત કરી દે છે. તે આર્ત સ્તુતિ છે.

સર્વલોકમાં પાંચે પાંડવ ખૂબ જ વીર યોદ્ધા છે.પિતામહ ભીષ્મ ખૂબ જ વિવેકી છે, વિદૂર નીતિશાસ્ત્રમાં પારંગત છે. આચાર્યદ્રોણ અને કૃપાચાર્ય પોતાના વિચારમાં પાકા છે. પરંતુ

ભરી સભામાં દ્રૌપદીનું વસ્ત્રહરણ કુટિલ દુઃશાસન દ્વારા કરવામાં આવે છે, તે આર્ત નેત્રોથી પોતાની રક્ષા માટે યાચના કરે છે. પરંતુ લાગે છે કે તેનો કરુણ-વિલાપ સભામાં બેઠેલા વીરોના કાન સુધી જઈ શકતો નથી, દ્રૌપદી બધી બાજુથી અસહાય થઈ જાય છે ત્યારે પૂર્વ સંસ્કારવશ વશિષ્ઠનો ઉપદેશ કામ આવી જાય છે -

महत्यापदि सम्प्राप्ते स्मर्तव्यो भगवान् हरिः ।।[३५]

તે શોક ત્યજી શબ્દના માધ્યમ દ્વારા ત્રિલોકીનાથને પ્રાર્થના કરવા લાગીઃ હવે મારું રક્ષણ કરવાવાળું કોણ છે ? તેમ કહી મન, વાણી અને કર્મથી ભગવાનના ચરણોમાં ધ્યાન ધરે છે -

गोविन्द द्वारिकावासिन् कृष्ण गोपीजनपिय ।

कौरवेः परिभूतां मां किं न जानासि केशव ।।[३६]

હે નાથ ! આ કૌરવરૂપી સમુદ્રમાં ડૂબી રહેલી આ અબળાનો હવે કોણ ઉદ્ધાર કરશે ? હે કૃષ્ણઃ, હે મહાયોગી ! હે વિશ્વાત્માઃ હે ગોવિન્દ ! કૌરવોની વચ્ચે કષ્ટમાં પડેલી મારું આપ રક્ષણ કરો.

દ્રૌપદીની આ રીતે દયાભરી વાણી સાંભળી ભગવાન શ્રીકૃષ્ણ ઘોર વિપત્તિમાં નિમગ્ન યાજ્ઞસેની કૃષ્ણાની રક્ષા માટે દોડી આવે છે, ભગવાન શ્રીકૃષ્ણ દ્રૌપદીના ચીર પૂરે છે. દુઃશાસન થાકી જાય છે. પરંતુ ભગવાન શ્રીકૃષ્ણ દ્રૌપદીની લાજ રાખે છે. આ રીતે દ્રૌપદીની સહાય માટે પરમકૃપાળુ ભગવાન દોડતા આવે છે.

(૪) યુધિષ્ઠિરકૃત ભગવતી દુર્ગાની સ્તુતિ :-

દુર્ગા- આ અઢી અક્ષરના પદમાં અદ્‌ભુત શકિત છે. સંસારને પોતાના અંકુશમાં લઈ લેવા માટેનું અમોઘ સામર્થ્ય છે. આ નામના ઉચ્ચારણ માત્રથી જ સર્વ પાપ, તાપ, ગ્રહ, રોગ, દુઃખ પોતાની મેળે જ સમાપ્ત થઈ જાય છે. આવી મમતામયી માતાની પવિત્ર ગોદમાં તેનો પાપી પુત્ર પણ સ્થાન પ્રાપ્ત કરે છે. તેના વાત્સલ્યને પ્રાપ્ત કરીને જગતમાં મહિમાન્વિત બની જાય છે.

રાજા વિરાટ્‌ના ઉદ્યાનમાં પ્રતિષ્ઠિત ભગવતી દુર્ગાની મૂર્તિ આગળ ભકતરાજ યુધિષ્ઠિર મહિમામંડિત માતાની સ્તુતિ કરે છે. કૌરવોની વિશાળ શકિતને પહોંચી વળવું અત્યંત દુષ્કર છે. પરંતુ જ્યાં માની શકિત છે, ત્યાં જય છે. વિજયની લાલસાથી યુધિષ્ઠિર માતાની

સ્તુતિ કરે છે. ૨૬ અનુષ્ટુપ છંદોમાં યુક્ત આ સ્તુતિમાં માતાના વિભિન્ન ચરિત્રો અને વિભૂતિઓનું વર્ણન કરવામાં આવ્યું છે. યુધિષ્ઠિરની સ્તુતિ પ્રાથમિક રીતે લૌકિક સંબંધ પર આધારિત છે.

यशोदागर्भसंभूतां नारायणवरप्रियाम् । नन्दगोपकुले जातां मङ्गल्यां कुलवर्धिणीम् ।।[३७]

જે દુઃખમાંથી ઉદ્ધાર કરે તે જ દુર્ગા છે –

दुर्गान् तारयसे दुर्गे तत् त्वं दुर्गा स्मृता जनैः ।

कान्तारेष्ववसन्नानां मग्नानां च महार्णवे ।।[३८]

સ્તુતિ કરતા કરતા ભકત તેના દિવ્ય ગુણોનું વર્ણન કરવા લાગે છે તે કહે છે કે તે ચાર હાથ તથા ચાર મુખોથી અલંકૃત વિષ્ણુસ્વરૂપા અને બ્રહ્મસ્વરુપા છે. તે આજીવન કુમારી છે. તેનું રૂપ સૌંદર્ય અલૌકિક છે. ભિન્ન ભિન્ન શસ્ત્રોથી સજેલી છે. તે પૃથ્વીનો ભાર ઉતારનારી છે. તે કીર્તિ,શ્રી, ધૃતિ, સિદ્ધિ, લજ્જા, વિદ્યા, સંતતિ, મતિ, સંધ્યા, રાત્રિ, પ્રભા, નિદ્રા, જ્યોત્સ્ના, કાંતિ, ક્ષમા અને દયા છે તથા સંપૂર્ણ સંકટોની વિનાશક પણ છે. તે શરણાગત રક્ષક છે. યુધિષ્ઠિર પોતાની રક્ષા માટે તથા વિજય માટે પ્રાર્થના કરે છે–

जया त्वं विजया चैव संग्रामे च जयप्रदा ।

ममापि विजयं देहि वरदा त्वं च साम्प्रतम् ।।[३८]

વ્યાધિગ્રસ્ત, સંકટ, રોગ, મૃત્યુ વગેરેથી પીડિત તથા રાજ્યભ્રષ્ટ ભકતો માટે તે જ એકમાત્ર શરણ્યા છે. તેથી જ ભકતરાજ યુધિષ્ઠિર તેની જ શરણાગતિમાં ઉપસ્થિત થાય છે–

व्याधिं मृत्युं भयं चैव पूजिता नाशयिष्यसि ।

सोऽहं राज्यात् परिभ्रष्टः शरणं त्वां प्रपन्नवान् ।।[४०]

સ્તોત્રથી પ્રસન્ન થઈ ભગવતી દુર્ગા યુધિષ્ઠિરને વિજયનું વરદાન આપે છે.

भविष्यति अचिरादेव सङ्गमे विजयस्तव ।

मम प्रसादान्निर्जित्य हत्वा कौरवाहिनीम् ।।

राज्यं निष्कण्टकं कृत्वा भोक्ष्यसे मेदिनीं पुनः ।

भ्रातृभिः सहितो राजन् प्रीतिं प्राप्स्यति पुष्कलाम् ।।[४१]

(૫) શિવસહસ્રનામ સ્તોત્ર :-

'વિષ્ણુસહસ્રનામ સ્તોત્ર' અને' શિવસહસ્રનામ સ્તોત્ર' બૃહદાકાર સ્તોત્ર છે. યજ્ઞનો વિધ્વંસ થઈ ગયા બાદ ખંડિત અભિમાનવાળા પ્રજાપતિ દક્ષ ભગવાન શંકરના સહસ્રનામ સ્તોત્ર દ્વારા પોતાની રક્ષાની યાચના કરે છે. શંકરના ગણોએ તેના યજ્ઞનો વિધ્વંસ કરી દીધો. વીરભદ્રથી ભયભીત થઈને દક્ષ દેવાધિદેવ ઉમાવલ્લભની શરણાગતિમાં ઉપસ્થિત થાય છે. વિનાશ-ભયથી આક્રાંત દક્ષની બધી ચિત્તવૃત્તિઓ પ્રભુ મહાદેવના ચરણોમાં સમર્પિત થઈ જાય છે.

જ્યાં સુધી સાંસારિક માન-અભિમાન કામે આવે છે, ત્યાં સુધી પોતાની શકિત ઉપર તેને પૂરેપૂરો ભરોસો રહે છે, ત્યાં સુધી દેવાધિદેવ શંકરને તે કયાંથી યાદ કરે ? કયાંથી એમને યજ્ઞમાં આમંત્રિત કરે ? પરંતુ વિનાશ આવી પડે છે અને પોતાની શકિતકામે લાગતી નથી, ત્યારે જીવ પ્રભુના ચરણમાં પહોંચી જાય છે.-

प्रपद्ये देवीमीशानं शाश्वतं ध्रुवमव्ययम् ।

महादेवं महात्मानं विश्वस्य जगतः पतिम् ।।[४२]

શિવસહસ્રનામ સ્તોત્રમાં ભગવાનના હજારનામો દ્વારા તેમના વિભિન્ન રૂપો ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો છે.. તે જગતના કર્તા, હર્તા અને સંહારક છે.

પ્રભુ સર્વ વ્યાપક નિત્ય, અવ્યય, લોકાતીત તથા સર્વસમર્થ છે, ભકતોના રક્ષક અને સંપૂર્ણ જીવોના એકમાત્ર શરણ્ય છે. પાપીએ ગમે તેટલું પાપ કેમ ન કર્યું હોય, પરંતુ શિવનું ધ્યાન ધરવાથી પાપી પાપમુકત બની જાય છે. જે પરમેશ્વર છે, જે અજ, નિદ્રારહિત, બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ આ ત્રણે રૂપોમાં હંમેશાં રહે છે. જે યજ્ઞકર્તા અને યજ્ઞરક્ષક છે, તે સર્વ ગુણસંપન્ન મહાદેવના ચરણોમાં ભકત પોતાની રક્ષા માટે ઉપસ્થિત થાય છે. દક્ષ પ્રજાપતિ મન, વાણી અને સમસ્ત ઈન્દ્રયોથી પ્રભુ મહાદેવ પાસે પોતાની રક્ષાની યાચના કરે છે -

प्रसीद मम भद्र ते भावगतस्य मे ।

त्वयि मे हृदयं देव त्वयि बुद्धिर्मनस्त्वयि ।।

આ પ્રમાણે 'શિવસહસ્રનામ સ્તોત્ર'માં શિવના સર્વવ્યાપક મંગલ સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે.

## ૫ મહાકાવ્યોમાં સ્તોત્ર :-

મહર્ષિ વાલ્મીકિ અને લોકસંગ્રહી વ્યાસ પછી કાલિદાસ પોતાની કાવ્ય-પ્રતિભા તથા કલ્પનાચાતુરી માટે પ્રખ્યાત છે. વિશ્વપ્રસિદ્ધ મહાકાવ્ય 'રઘુવંશ' તથા પ્રખ્યાત નાટક 'અભિજ્ઞાનશાકુન્તલ'નો પ્રારંભ શિવની સ્તુતિથી જ થાય છે.

(૧) 'રઘુવંશ' અને 'કુમારસંભવ'માં સ્તુતિ :-

રઘુવંશ મહાકાવ્યના દશમાં સર્ગમાં વિષ્ણુ ભગવાનની સ્તુતિ કરવામાં આવે છે. રાવણના ભયથી કંપિત દેવતા ક્ષીરશાયી વિષ્ણુની પાસે જઈને સ્તુતિ કરે છે. તે સમયે ભગવાન વિષ્ણુ અત્યંત સુશોભિત હતા, ત્યારે દેવતાઓ તેમને નિવેદન કરવા લાગ્યા –

हृदयस्थमनासन्नमकामं त्वां तपस्विनम् ।
प्रयालुंमनघस्पृष्टं पुराणमजरं विदुः ।।
बभौ सदशनज्योत्स्ना सा विभोर्वदनोदता ।
निर्यातशेषा चरणादंङ्गेवोर्घ्वप्रवर्तिनी ।।[४३]

આ પ્રમાણે દસમા સર્ગમાં શ્લોક ૧૬ થી ૩૭ માં ભગવાન વિષ્ણુના વિભિન્ન ગુણોનું વર્ણન કરવામાં આવ્યું છે. પ્રસ્તુત સ્તુતિમાં કાવ્યગુણોનો ઉચિત સમાવેશ કરવામાં આવ્યો છે. શૈલી પ્રસાદ ગુણથી પરિપૂર્ણ છે. અલંકારોના ઉચિત ઉપયોગથી સ્તુતિની કમનીયતામાં વૃદ્ધિ કરવામાં આવેલી છે. ઉપમાઓની અદ્‌ભુત છટા પણ રમ્ય છે. જેવી રીતે એક જ સ્વાદનું વરસાદનું પાણી અલગ અલગ દેશોમાં વરસીને અલગ અલગ સ્વાદવાળું થઈ જાય છે, તેવી રીતે આપ બધા વિકારોથી દૂર રહેવા છતાં સત્ત્વ, રજસ્ અને તમસ્ આ ત્રણ ગુણોને લઈને બધાં જ રૂપ ધારણ કરો છો.

अमेयो मितलोकस्त्वमनर्थी प्रार्थनावहः ।
अजितो विष्णुरत्यन्तमव्यक्तो व्यक्ताकारः ।।[४४]
सर्वज्ञस्त्वमविज्ञातः सर्वयोनिस्त्वमात्मभूः ।
सर्वप्रभुरनीशस्त्वमेकस्त्वं सर्वरुपभाक् ।।[४५]

આ સ્તુતિમાં ઋગ્વેદીય પુરુષસૂક્તનો ખૂબ જ પ્રભાવ જોવા મળે છે.

'કુમારસંભવ'માં બ્રહ્માની સ્તુતિ અત્યંત સુંદર રીતે રજૂ થયેલી છે. આ આર્ત

સ્તુતિ છે. તારકાસુરથી ત્રાસેલા દેવો પિતામહ બ્રહ્માના શરણ્યમાં જઈને તેમની સ્તુતિ કરે છે. હે ભગવાન! સંસારના પાલક! પહેલા એક જ રૂપમાં રહીને સંસારની રચના કરી. સત્ત્વ, રજસ અને તમસ આ ત્રણે ગુણ ઉત્પન્ન કરીને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ત્રણ નામ રૂપો ને ધારણ કરનાર આપને નમસ્કાર છે. હે પ્રભો! આપ સંસારનાં ઉત્પત્તિકર્તા છો. આપ જ સૃષ્ટિના પ્રારંભમાં સ્ત્રી અને પુરુષ બંને રૂપ ધારણ કરીને સંસારના માતા-પિતા કહેવાઓ છો -

स्त्रीपुंसावात्मभागौ ते भिन्नमूर्तेः सिसृक्षया ।

प्रसूतिभाजः सर्गस्य तावेव पितरौ स्मृतौ ।।[४६]

સંસારને આપે ઉત્પન્ન કર્યો છે, પણ આપે કોઈને ઉત્પન્ન નથી કર્યા. આપ સંસારનો અંત કરો છો, પણ આપનો અંત કોઈ કરી શકતું નથી. આપ સંસારના સ્વામી છો પણ આપનો કોઈ સ્વામી નથી. આપ પોતાનામાં જ સ્થિર રહો છો-

आत्मानमात्मना वेत्सि सृजस्यात्मानमात्मना ।

आत्मना कृतिना च त्वमात्मन्येव प्रलीयसे ।।[४७]

ध्य

આપ યજ્ઞનું હવન-દ્રવ્ય છો, હવનકર્તા છો, આપ ભોગ્ય-ભોકતા, જ્ઞેય-જ્ઞાતા, તથા ધ્યેય અને ધ્યાનકર્તા પણ છો.

त्वमेव हव्यं होता च भोज्यं भोक्ता च शाश्वतः ।

वेद्यं च वेदिता चासि ध्याता ेयं च यत् परम् ।।[४८]

(૨) 'કિરાતાર્જુનીય' ની સ્તુતિ :-

કિરાતાર્જુનીય અલંકૃત શૈલીનું ઉત્કૃષ્ટ મહાકાવ્ય છે. મહાભારતીય આખ્યાન ઉપર વિરચિત આ ગ્રંથ ભારવિની અમર રચના છે. આ મહાકાવ્યનાં અંતમાં અર્જુને ભગવાન શંકરની સ્તુતિ કરી છે, અર્જુનની વીરતા પર કિરાત વેશધારી ભગવાન શંકર તરત જ પકટ થઈ જાય છે. સામે ત્રૈલોકયપતિને જોઈને અર્જુન ગદ્ગદિત થઈ સ્તુતિ કરે છે.-

'હે અપરાજિત' લોકો આપની ભકિત, દયા, અનુકંપા વગેરે પ્રાપ્ત કરીને સમર્થ થઈ જાય છે. હે નાથ ! જ્યાં સુધી મનુષ્ય આપના ચરણોમાં શરણાગતિ ગ્રહણ કરતો ત્યાં સુધી તેને અસહાય સમજી આપત્તિઓ આવે છે. હે વરદાયક! આપના પ્રત્યે પ્રેમ રાખનાર મોક્ષ પ્રાપ્ત કરે છે,

તથા આપથી દ્વેષ કરનાર નરકગામી બને છે.

આ પ્રમાણે શંકરના વિભિન્ન ગુણો, રૂપ અને કાર્યોનું વિવેચન આ સ્તુતિમાં કરવામાં આવ્યું છે. ભગવાન શંકર બધા લોકોના રક્ષક,પાલક અને સંહારક છે. તે મંગલના દેવતા છે. આ સ્તુતિમાં અર્જુને ભગવાનની અષ્ટમૂર્તિઓ-વાયુમૂર્તિ, અગ્નિમૂર્તિ, જલમૂર્તિ, વ્યોમમૂર્તિ વગેરેની આરાધના કરીને અંતમાં શસ્ત્રવિદ્યાની પ્રાપ્તિ અર્થે પ્રાર્થના કરી છે. અર્થગૌરવની દષ્ટિએ આ સ્તુતિ અત્યંત પ્રસિદ્ધ છે.

(૩) 'શિશુપાલ-વધ' મહાકાવ્યની સ્તુતિ :-

મહાકવિ માઘ સંસ્કૃત સાહિત્યાકાશના દેદીપ્યમાન નક્ષત્ર છે, મહાકવિ માઘ ન કેવળ કાવ્યશાસ્ત્રીય તત્ત્વોના જાણકાર છે, પરંતુ પુરાણાદિના મર્મજ્ઞ વિદ્વાન છે. બધા શાસ્ત્રોનો સાર તેમના શિશુપાલવધ મહાકાવ્યમાં જોવા મળે છે. શ્રીમદ્ ભાગવતીય કથા' શિશુપાલનો કૃષ્ણ દ્વારા પરાક્રમપૂર્વક વધ પર આધારિત આ એક પ્રૌઢ મહાકાવ્ય છે.

વસ્તુતઃ મહાકવિ માઘ કાવ્યકલામાં નિષ્ણાત પંડિત છે, અર્થાલંકારોની સાથે સાથે લઘુકાવ્ય ગીતિઓનો પ્રયોગ પણ આ મહાકાવ્યની પ્રમુખ વિશેષતા છે. ચૌદમા સર્ગમાં પિતામહ ભીષ્મ દ્વારા સર્વનિયન્તા અર્જુનના મિત્ર ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યે ઉદાત્ત સ્તુતિ સમર્પિત કરવામાં આવી છે : "સ્તુત્ય હોવા છતાં શબ્દો દ્વારા આપનું ચિત્રણ નથી થઈ શકતું. આપ ઉપાસના કરવા યોગ્ય હોવા છતાં અત્યંત દૂરવર્તી અને અચિન્ત્ય રૂપવાળા છો. હે પ્રભોઃ આપને ભકતજન સર્વજ્ઞ, સર્વસમર્થ, સર્વનિયન્તા, કલેશ અને કર્મોના ભોગથી રહિત પુરુષવિશેષ ઈશ્વરના રૂપમાં જાણે છે, સામાદિ વેદજ્ઞાનના જ્ઞાતા બ્રહ્મારૂપી ભ્રમર જેની પાસે છે. એવા જેની નાભિરૂપ જળાશયમાં ઉત્પન્ન કમળ લક્ષ્મીજીના મુખ પર ચન્દ્રમાની પાસે જ શોભે છે."

ेयमेकपथि स्थितं धियः स्तुत्यमुतममतीतवाक् पथम् ।
आमनन्ति यमुपास्यमादराद दूरवर्तिनमतीवयोगिनः ।।
श्रौत मार्ग सुखगानकोविद ब्रह्मषट् चरणगर्भमुज्जवलम् ।
श्रीमुखेन्दुसविधे पि शोभते यस्य नाभिसरसीसरोरुहम् ।।[४१]

(૪) 'નૈષધ' મહાકાવ્યની સ્તુતિઓ :-

"નૈષધ" મહાકાવ્ય મહાકવિ શ્રીહર્ષની અનુપમ કૃતિ છે. મહાકવિ શ્રીહર્ષ વિચિત્ર માર્ગના કવિ છે. રસ, અલંકાર અને કાવ્ય-ગુણોની સાથે આ મહાકાવ્યમાં ગીતિઓ પણ છે. ભગવાનના વિવિધ અવતાર વિષયક સ્તુતિઓમાં ભકતહૃદયની સરળ-અભિવ્યકિત છે. અન્ય પ્રસંગોની માફક શબ્દોનો ચમત્કાર, અર્થગૌરવનું ગાંભીર્ય, ઉપમા વગેરે અલંકારોનું મનોહર ચિત્રણ વગેરે શ્રીહર્ષ દ્વારા કહેવાયેલી સ્તુતિઓનું વૈશિષ્ટય છે. ૨૪માં સર્ગમાં વિભિન્ન અવતારોની સ્તુતિઓ ગાવામાં આવી છે. મત્સ્યાવતારની સ્તુતિ કરતા નલ કહે છે – શંખાસુરના કપટથી મત્સ્યનું શરીર ધારણ કરીને તારી પૂંછથી ઉછળેલું પાણી નીલવર્ણા આકાશના સંસર્ગથી નીલિમાને પ્રાપ્ત કરીને આકાશગંગાનું રૂપ પ્રગટ કરે છે."

આ મહાકાવ્યમાં વારાહાવતાર, મત્સ્યાવતાર ઉપરાંત નૃસિંહાવતાર તથા વામનાવતાર અને ભગવદાવતારની સ્તુતિઓ આપેલી છે.

રત્નાકર કવિએ "હરવિજયમ્" નામના મહાકાવ્યના ૪૭માં સર્ગમાં દેવતાઓ દ્વારા ૧૬૭ પદ્યોમાં ચંડીની સ્તુતિ કરેલી છે.

આ પ્રમાણે સંસ્કૃતના અલંકૃત મહાકાવ્યોની સ્તુતિઓ ભકિતયુકત હૃદયનું નૈસર્ગિક સરોવર છે. દર્શન, કાવ્ય, ધર્મ વગેરેની દષ્ટિએ આ સ્તુતિઓ મહત્વપૂર્ણ છે.

**૬. અન્યસ્તોત્ર કૃતિઓ :-**

અન્ય નોંધપાત્ર સ્તોત્રો પણ ઘણાં જોવા મળે છે, એમાં પુરાણ સાહિત્યની 'શક્રાદયસ્તુતિ' પણ લોક પ્રચલિત છે. બ્રહ્મવૈવર્તપુરાણમાં અસિતકૃત 'શિવસ્તોત્ર' નો પ્રધાન અલંકાર અનુપ્રાસ છે. ભવિષ્યોત્તરપુરાણમાં શ્રીકૃષ્ણ દ્વારા યુધિષ્ઠિરને ઉપદેશાયેલ 'શાલિગ્રામ સ્તોત્ર'માં શાલિગ્રામ શિલાની મહત્તા બતાવી છે. વળી કવિ નારાયણના આયુધોનું સ્મરણ કરી તેમના અવતારરૂપોનું દર્શન કરે છે. તેની પ્રવાહિતા અને પ્રાસાદિકતા ધ્યાન ખેંચે છે. સ્કન્દપુરાણનું 'વીરેશ્વરસ્તોત્ર' અષ્ટક પ્રકારનું છે. તેમાં ભકત કવિ ઉપનિષદોની બ્રહ્મનિરૂપણ શૈલીમાં શિવનું વર્ણન કરીને શિવને શરણે જાય છે. કલ્કિપુરાણમાં ઋષિકૃત 'ગંગાસ્તવ'નું શબ્દાનુપ્રાસજન્ય નાદ સૌંદર્ય સાહિત્યિક બન્યું છે.

બ્રહ્મવૈવર્તપુરાણના ઇન્દ્રકૃત 'શ્રીકૃષ્ણ સ્તોત્ર'માં રાધા, ગોવાળો અને ગોપીઓ સાથેની કૃષ્ણની ક્રીડાઓનું વર્ણન છે. એમાં શૃંગારની છાંટ વર્તાય છે. મધ્યકાલીન વૈષ્ણવસ્તોત્રો આમાંથી પ્રેરણા મેળવે છે. કલ્કિપુરાણ "કલ્કિસ્તવ" માં પ્રલંબ વાકયાવલિઓ દીર્ઘ સમાસોની કિલષ્ટતા સર્જે છે. દેવીપુરાણના 'મહામારીસ્તોત્ર'માં ભગવતી મહામારી પાસે રક્ષાયાચના કરાઈ છે.

આ ઉપરાંત વિભિન્ન પુરાણોમાં નવગ્રહ-સ્તોત્રો ઉપલબ્ધ થાય છે. તેમાં જે તે ગ્રહના રૂપસૂચક નામોની યાદીઓ આપી રક્ષાયાચના કરાઈ છે. 'આદિત્યસ્તોત્ર' (ભવિષ્યપુરાણ) 'ઋણમોચકમંગલસ્તોત્ર' (સ્કંદપુરાણ) 'શનૈશ્વરસ્તવરાજ' (ભવિષ્યપુરાણ), 'બૃહસ્પતિસ્તોત્ર' (સ્કંદપુરાણ) 'બુધપંચવિશતિનામસ્તોત્ર' (પદ્મપુરાણ) વગેરે ગ્રહસ્તોત્રો છે.

**૭. સ્તોત્રકાવ્યોની સ્વતંત્રધારાઃ-**

ઇતિહાસ-પુરાણ તેમજ તંત્રગ્રંથોમાં કથાનકના પ્રવાહમાં આવશ્યકતાનુસાર સ્તોત્રોનો સમાવેશ થયો છે, પરંતુ સ્વતંત્ર શૈલીમાં રચાયેલ સ્તોત્રકાવ્યની સુદીર્ઘ પરંપરા પણ પ્રાપ્ત થાય છે.

ઇસવીસનના આરંભમાં સંસ્કૃત કાવ્ય નવીન કલેવર ધારણ કરવા લાગ્યું કાવ્યની ઉપાદાન સામગ્રી સંબંધે કવિઓના દષ્ટિકોણમાં યુગાનુસાર પરિવર્તન થયું. ધર્માભિમુખ કવિતા જનાભિમુખ થવા લાગી. કવિતામાં સ્થૂળતાને સ્થાને રાગાત્મકતાને પ્રવેશ મળ્યો. જનાભિમુખ કવિતા નારી સૌંદર્યમાં આસકત બનતા, તેને કામિનીના કમનીય રૂપ અને કોકિલ કંઠીની મધુર સુરાવલિઓથી પણ સંપન્ન થવું પડયું. કવિતાનું આ રૂપ પરિવર્તન આ યુગના સ્તોત્રોમાં લક્ષિત થાય છે.

હિન્દુ ધર્મમાં ભકિતમાર્ગ પ્રવર્તિત થતાં વિભિન્ન દેવતાઓના સ્તોત્રોનું સર્જન વિપુલ પ્રમાણમાં થવા લાગ્યું. નિરીશ્વવાદી બૌદ્ધધર્મ પણ સ્તોત્રસર્જનમાં બાધક ન બનતાં ઉપકારક બની રહ્યો. પ્રારંભમાં એ ધર્મમાં દેવતા વિષયક ભકિતભાવ સંપન્ન ઉપાસના-પદ્ધતિને સ્થાન નહોતું, પરંતુ બુદ્ધના નિર્વાણ પછી તેમને દેવ માનીને તેમના વિવિધ દૈવી સ્વરૂપોની પૂજા-ઉપાસના થવા લાગી અને ઘણાં બૌદ્ધ સ્તોત્રોનું સર્જન થયું. સ્વતંત્રરૂપે સ્તોત્રકાવ્ય શૈલી પ્રવર્તિત અને પ્રતિષ્ઠિત કરવામાં પ્રાચીન બૌદ્ધ ભિક્ષુ કવિઓ અગ્રેસર છે.

હિન્દુ, જૈન અને બૌદ્ધ ત્રણે સ્તોત્ર પરંપરાઓ એક સાથે વિકસિત અને પરસ્પર પ્રભાવિત થતી રહી હોવા છતાં બૌદ્ધ કવિઓની સાન્દ્રભાવાનુભૂતિ બ્રાહ્મણ અને જૈનધર્મોના કવિઓની

અપેક્ષાએ ઊંચા પ્રકારની રહી છે. એની પ્રતીતિ ત્રણે પરંપરાઓના આરંભિક સ્વતંત્ર સ્તોત્રો કરાવે છે. ઉપાસ્ય દેવ બુદ્ધ પ્રત્યે હાર્દિક આસ્થા અને વીતરાગતાને પરિણામે સ્તોત્રકાવ્યને અનુરૂપ વૈયકિતકતા અને ભાવાભિવ્યકિતની માર્મિકતાની કસોટીમાં બૌદ્ધ કવિઓ સાચા ઉતરે છે. એટલું જ નહિ એ પ્રાચીન કસોટીમાં બૌદ્ધ સ્તોત્રકારોને આદર્શ માનીને ઉત્તરવર્તી કવિઓ સ્તોત્રસર્જન કરે છે.

ઇસવીસનની આરંભિક સદી પછી લગભગ પાંચમી છઠી સદીની બહુ જ થોડીક સ્તોત્રકૃતિઓ ઉપલબ્ધ હોવાના કારણેએ સમય દરમ્યાનનો સ્તોત્ર સાહિત્યનો ઇતિહાસ અંધકારગ્રસ્ત છે. ઈસવીસન પૂર્વેથી અવિચ્છિન્ન રૂપે ચાલી આવતી સ્તોત્રપરંપરાનો એ સમયમાં વિચ્છેદ થયો હોય, એવું માની શકાતું નથી. વાસ્તવમાં અન્ય કાવ્ય પ્રકારોની સાથે સ્તોત્રકાવ્યનું પણ વિપુલ પ્રમાણમાં સર્જન થયું હશે, જે કાળના ગર્તમાં લુપ્ત થઈ ગયું છે. હરિષેણની પ્રશસ્તિ અને ગુપ્તકાલીન ઉત્કીર્ણ લેખોમાં સાહિત્યકૃતિઓ ઉપરથી જણાય છે કે સૈકાથી ઓછામાં ઓછા બસો વર્ષ પૂર્વે જ એ સાહિત્ય વિકાસ પામી ચૂકયું હતું. મેકડોનલનું આ વિધાન સાહિત્યક સ્તોત્રોની પ્રાચીન પરંપરાનો પણ નિર્દેશ કરે છે. અનિશ્ચિતકાલીન પણ વિક્રમની બીજી સદીના મનાતા જૈનાચાર્ય સમન્તભદ્રના 'સ્તુતિ વિદ્યા' (સ્તોત્ર) માં તેમજ અન્ય જૈન સ્તોત્રોમાં પ્રયુકત ચિત્રબંધો અલંકાર પ્રધાન સ્તોત્રોની પૂર્વકાલીન પરંપરાનો સંકેત કરે છે.

ઈસવીસનના આરંભમાં સાહિત્ય અને ધર્મના ક્ષેત્રે કેટલાંક પરિવર્તન થયાં. પ્રાચીન પુરાણોમાંથી પ્રેરણા મેળવી સ્તોત્રકાવ્ય સાહિત્યનાં એક સ્વતંત્ર પ્રકાર તરીકે પ્રતિષ્ઠિત થાય છે. એમાં ઉચ્ચતર કાવ્ય અને ફિલસૂફીનાં દર્શન થાય છે. સ્વતંત્ર કાવ્ય પ્રકાર તરીકે સ્તોત્રને પ્રતિષ્ઠિત કરવાનું શ્રેય બૌદ્ધ કવિઓને પ્રાપ્ત થાય છે.

- **અશ્વઘોષ :-**

બ્રાહ્મણ કવિ હોવા છતાં બૌદ્ધ ભિક્ષુ થયેલા અશ્વઘોષ (ઈ.સ.૭૮) ના 'બુદ્ધચરિત' ના ૧૭માં સર્ગમાંની બદ્ધસ્તુતિ અનુપલબ્ધ છે, પરંતુ અશ્વઘોષના નામે 'ગંડીસ્તોત્ર ગાથા' પ્રાપ્ત થાય છે. તેમાં સ્રગ્ધરા છંદના ૨૯ શ્લોકોમાં બૌદ્ધ સંઘના ઘંટની પ્રશસ્તિ દ્વારા આધ્યાત્મિક અનુભૂતિની પ્રેરણા આપવામાં આવી છે. એનું કાવ્યાત્મક મૂલ્ય ભલે નહિવત્ હોય, પરંતુ સ્વતંત્ર સ્તોત્રકાવ્ય તરીકે

એને પ્રાચીનતમ કહી શકાય. અશ્વઘોષની ભાવનાઓની યથાર્થતા અને પ્રાસાદિક વાણી કૃત્રિમતાથી પર છે.

● **માતૃચેટ :-**

અશ્વઘોષના અનુયાયીઓમાં સમ્રાટ કનિષ્ઠના દરબારી કવિ માતૃચેટ (ઈ.સ.૧૦૦) આરંભિક સ્તોત્રકારોમાં મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. એમનું અનુકરણ ઉત્તરવર્તી ઘણા સ્તોત્રકારોમાં સ્પષ્ટ રીતે દેખાય છે. માતૃચેટની બે સ્તોત્રકૃતિઓ પ્રસિદ્ધ છે. 'ચતુઃશતક' (ચારસો પદ) અને 'અધ્યદ્ધેશતક (૧૫૩ પદ) કૃતિઓના ખંડિત અવશેષો મધ્ય એશિયામાંથી પ્રાપ્ત થયા છે. બંને કૃતિઓ અનલંકૃત શૈલીમાં રચાયેલી પવિત્ર ધાર્મિક કૃતિઓ છે, તેમનું વાંચન બૌદ્ધ ભિક્ષુઓની પરિષદોમાં પણ થતું માતૃચેટના પ્રશંસક ચીની યાત્રી ઈત્સિંગની દષ્ટિએ આ સ્તોત્રોની હૃદયહારિતા સ્વર્ગીય પુષ્પ સમાન છે. બૌદ્ધ આચાર્યો તથા જૈન સૂરિઓને સ્તુતિકાવ્ય લખવાની પ્રેરણા પ્રદાન કરવાના કારણે માતૃચેટ ને 'સ્તોત્રકાવ્યના જનક' માની શકીએ. શતક પ્રકારની પૂર્વવર્તી સ્તોત્રપરંપરાનો નિર્દેશ પણ માતૃચેટના સ્તોત્રને આધારે મેળવી શકાય, હૃદયસ્પર્શી ધાર્મિક વિચારોની ઉચ્ચતા હોવા છતાં પ્રારંભિક સ્તોત્રની કેટલીક મર્યાદાઓને કારણે સાહિત્યિક દષ્ટિએ આ સ્તોત્રનું મૂલ્ય ભલે અલ્પ હોય, પરંતુ સ્વતંત્ર કાવ્યશૈલીમાં સ્તોત્રરચનાના પરંપરાના સ્થાપક તરીકે ઉત્તરવર્તી વિશાળ સ્તોત્ર સાહિત્ય માતૃચેટનું ઋણી છે.

● **નાગાર્જુન :-**

અશ્વઘોષ અને માતૃચેટના ઉત્તરવર્તી તેમજ બૌદ્ધ દર્શનની શૂન્યવાદી માધ્યમિક શાખાના પ્રવર્તક નાગાર્જુને બુદ્ધની સ્તુતિમાં રચેલા ચાર સ્તવ 'ચતુઃસ્તવ' રૂપે પ્રકાશમાં આવ્યા છે. (૧) નિરુપમસ્તવ, (૨) લોકાતીતસ્તવ, (૩) અચિન્ત્યસ્તવ, (૪) સ્તુત્યતીતસ્તવ- આ ચાર પરસ્પરાવલંબી કે એક-બીજાના અનુસંધાનમાં લખાયેલાં છે. નાગાર્જુને જુદાં-જુદાં સ્વતંત્ર સ્તોત્રો રચ્યાં હતાં, પણ પાછળથી કોઈકે એ ચારનો સંગ્રહ કરી 'ચતુઃસ્તવ' એવું નામ આપ્યું છે.

● **કાલિદાસ :-**

પ્રાચીનતમ સ્તોત્રકૃતિ તરીકે કાલિદાસના 'શ્યામલાદંડક'ને સ્થાન અપાય છે. આ સ્તોત્રના પાંચ પદ દ્વારા માતંગી દેવીની સ્તુતિ કરાય છે. સંસ્કૃત સ્તોત્રસાહિત્યમાં દંડક પ્રકારનાં

સ્તોત્રોનો સૂત્રપાત 'શ્યામલાદંડક'થી થયો છે, એમ કહી શકાય. જો કે આના કર્તૃત્વ સંબંધી સંદિગ્ધતા પ્રવર્તે છે. કેમ કે મહાકવિ કાલિદાસની રચનાઓમાં આ સ્તોત્રકાવ્યનો સમાવેશ થતો નથી.. આ ઉપરાંત ઓફ્રેટની સૂચિમાં કાલિદાસના નામે 'અંબાસ્ત્વ', 'કાલિસ્તોત્ર', 'લઘુસ્તવ', 'ગંગાષ્ટક', 'ચંડિકાદંડકસ્તોત્ર' નો ઉલ્લેખ થયો છે. પરંતુ આ બધી કૃતિઓ કોઈ અન્ય કાલિદાસની હશે એમ મનાય છે.

- **સિદ્ધસેન દિવાકર :-**

દિવાકરનું 'કલ્યાણમંદિર' પ્રાચીન જૈન સ્તોત્રોમાં અત્યધિક લોકપ્રિય છે. આ સ્તોત્રના ઉચ્ચારણથી શિવમૂર્તિમાંથી તીર્થંકરની પ્રતિમા નીકળેલી એવી દંતકથા છે. વૈદર્ભશૈલીમાં રચાયેલ 'કલ્યાણમંદિર' વસંતતિલકાના ૪૪ પદોમાં રચાયું છે. એમાં ભાવોની મનોહારી અભિવ્યકિત સ્તોત્રને ઋજુતા અર્પે છે. પ્રભુગુણ-વર્ણનની અશકિતના નિરૂપણ સાથે પોતાની વિનમ્રતાનું પ્રકાશન કરતાં કવિ કહે છે કે દિવાંધ ઘુવડ રવિકિરણનું વર્ણન કેવી રીતે કરી શકે.

- **આચાર્ય માનતુંગ :-**

આચાર્ય માનતુંગનો સમય અનિશ્ચિત છે. તેમને બાણભટ્ટના સમકાલીન (સપ્તમ સદી) માનવામાં આવે છે. વસંતતિલકા છંદના ૪૪ કે ૪૮ શ્લોકોમાં રચાયેલા તેમના 'ભકતામરસ્તોત્ર'માં ઋષભદેવની પ્રશંસા છે. સિદ્ધસેનના 'કલ્યાણમંદિર' અને માનતુંગના 'ભકતામર'સ્તોત્રમાં અનેક સમાનતાઓ છે.

- **બાણભટ્ટ :-**

હિન્દુ સ્તોત્રાત્મક કવિતાની પ્રારંભિક પરિષ્કૃત રચનાઓમાં બાણભટ્ટ (ઈ.સ. ૬૦૦)નું 'ચંડીશતક' શતક પ્રકારના બ્રાહ્મણ સ્તોત્રોની પરંપરાનો સૂત્રપાત કરી પૌરાણિક પંચકઅષ્ટકાદિ સ્તોત્રોની સીમિત પરિધિનું અતિક્રમણ કરે છે. 'ચંડીશતક'માં શિવપત્ની કાલીસ્વરૂપમાં ભવાનીની સ્તુતિમાં સ્રગ્ધરા છંદના ૧૦૨ શ્લોકો છે. પૌરાણિક સ્તોત્રોમાં દશ્યમાન ઇષ્ટ દેવતાનુ સ્વરૂપ વર્ણન 'ચંડીશતક'માં પ્રાપ્ત થાય છે. તેમાં ચંડીના રૌદ્ર સ્વરૂપનું ભવ્ય અંકન છે. દેવીએ પોતાના શકિતસંપન્ન વામચરણથી મહિષાસુરનો સંહાર કર્યો, પરિણામે ચરણની શકિતમતાનું આલેખન કવિ વિવિધ રીતે કરે છે.

निष्ठयुतोऽङ्गुष्ठकोटया नखशिखरहतः पाठिर्णनिर्यातसारो

गर्भे दर्भाग्रसुचीलधुरिव गणितो नोपसर्गन्समीपम् ।

नाभौ वक्त्रं प्रविष्टाकृति विकृति यया पादपातेन कृत्वा

दैत्याधीशो विनाशं रणभुवि गमितःसास्तु देवी श्रियेवः ।।

- **મયૂર કવિ :-**

મયૂરકવિનું 'સૂર્યશતક' પણ પ્રસિદ્ધ છે. તેનો સમય ઈ.સ. ૬૦૬-૬૪૬નો મનાય છે. શાપમુકિતના પ્રયોજનથી મયૂરે 'સૂર્યશતક'ની રચના કરી. પરંપરાગત કથા અનુસાર મયૂરે પોતાની પુત્રીના સૌંદર્યનું એટલું શૃંગારિક વર્ણન કર્યું કે તેણે ગુસ્સામાં પિતાને કોઢનો શાપ આપી દીધો. કોઢ દૂર કરવા મયૂર 'સૂર્યશતક' રચે છે. 'સૂર્યશતક' સ્રગ્ધરા છંદના ૧૦૦ શ્લોક છે. ઉપમા, રૂપક, શ્લેષ, ઉત્પ્રેક્ષા અને વ્યતિરેક વગેરે અલંકારોનો ઉપયોગ થયેલો છે. સૂર્યસ્તોત્રોની પરંપરામાં આ શતકને પ્રથમ હરોળમાં મૂકી શકાય છે.

- **હર્ષવર્ધન :-**

સમ્રાટ હર્ષવર્ધન (ઈ.સ. ૬૦૬-૬૪૮) જીવનના ઉત્તરાર્ધમાં બૌદ્ધ થયેલા. તેમણે બે બૌદ્ધ સ્તોત્રોની રચના કરી છે, 'સુપ્રભાતસ્તોત્ર' અને 'અષ્ટમહાશ્રીચૈત્યસ્તોત્ર'. 'સુપ્રભાતસ્તોત્ર' પ્રભાતસ્તોત્રોની પરંપરાનો નિર્દેશ કરે છે. સુપ્રભાતસ્તોત્રમાં માલિની છંદમાં ૨૪ પદ છે. સ્તુતિ દ્વારા પ્રાપ્ત પુણ્ય અન્યને માટે હિતકારી બને એવી કામના પ્રાયઃ બૌદ્ધ સ્તોત્રોના અંતે જોવા મળે છે. તે બૌદ્ધ સ્તોત્રકારોની અનુકરણાત્મક વૃત્તિનુ નિદર્શન છે.

- **શંકરાચાર્ય :-**

શંકરાચાર્યના જમાનામાં  જૈન, બૌદ્ધ, સાંખ્ય વગેરે નિરીશ્વરવાદી તેમજ વેદ વિરોધી સંપ્રદાયો, શૈવપંથના વજ્રમુખ, કાપાલિક જેવા વિકૃત સંપ્રદાયોનું કલુષિત વાતાવરણ પ્રવર્તતું હતું. શંકરાચાર્યે વિભિન્ન દેવ-સ્વરૂપોના ભકિતસભર સ્તોત્રોની રચના કરી છે. બ્રહ્મનું સ્વરૂપ જાણવા જ્ઞાનની આવશ્યકતા હોય છે, પરંતુ એ સ્વરૂપ જાણ્યા પછી ભકિતઉપાસના વિના તે પરમતત્ત્વ પ્રત્યે નિર્મળ-નિષ્કામ પ્રેમનો પ્રાદુર્ભાવ શકય નથી. એ સત્ય એમનાં સ્તોત્રોમાંથી પ્રગટ થાય છે. પરિણામે તેમનાં સ્તોત્રો બે પ્રકારનાં છે. (૧) ભકિતપ્રધાન અને (૨) જ્ઞાનપ્રધાન.

લગભગ ૨૦૦ જેટલાં સ્તોત્રો શંકરાચાર્યના નામે પ્રાપ્ત થાય છે. જગદ્ગુરૂ શંકરાચાર્યના સ્તોત્રોમાં ભકિત અને વેદાંતજ્ઞાનનો સમન્વય થયો છે. અદ્વૈત સિદ્ધાંત કે ઉપનિષદીય જ્ઞાનમાર્ગ તેમના સ્તોત્રોમાં સરળ ભાષામાં અભિવ્યકિત પામ્યો છે. 'ब्रह्म सत्यं जगन्मिथ्या' તત્ત્વને ઓળખી, આત્મજ્ઞાન પ્રાપ્ત કરી. બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરી બ્રહ્મપદ પ્રાપ્ત કરવાનો વેદાંતી સંદેશ કવિ 'દ્વાદશ પંજરિકાસ્તોત્ર' માં આપે છે. આ જ સ્તોત્રના ચતુર્થપદમાં માયાવી સંસારની નિરર્થકતા અંકિત થઈ છે. 'सर्वं खल्विदं ब्रह्म' એ શ્રુતિવચન સાર્થક દલીલ દ્વારા કવિ રજુ કરે છે. 'સૌંદર્યલહરી', ભવાન્યષ્ટક','દેવ્યાપરાધક્ષમાપન' વગેરે શંકરાચાર્યનાં જાણીતાં સ્તોત્રો છે.

- **આનંદવર્ધન :-**

કાશ્મીરના નરેશ અવંતિવર્મા (નવમી સદી)ના આશ્રિતકવિ અને સુપ્રસિદ્ધ ધ્વનિકાર આનંદવર્ધનનું 'દેવીશતક' પ્રસિદ્ધ છે. પાર્વતીની સ્તુતિમાં લખાયેલ આ સ્તોત્રમાં દેવીની મહત્તા વિવિધરૂપે વ્યકત થઈ હોવા છતાં દુર્ઘટ રચનાશૈલીથી સ્તોત્રકાવ્યની મોહકતા અને નિર્બંધ ભાવાભિવ્યકિતનો અભાવ ખટકે છે. 'દેવીશતક'માં આનંદવર્ધનના બે રૂપો પ્રગટ થયાં છે.- આચાર્ય અને ભકતકવિના દેવીને અલંકૃત કરવા કવિએ સાહિત્યિક ઉપકરણોનો પ્રયોગ પ્રચુર માત્રામાં કર્યો છે, તો બીજી બાજુ ભકતકવિનું હૃદયમાધુર્ય પણ ઘણાં પદોમાં પ્રતિબિંબિત થયું છે. પરિણામે સ્તોત્રકાવ્ય તરીકે 'દેવીશતક' સામાન્ય ભૂમિકા કરતાં કંઈક ઊંચે જાય છે.

- **આચાર્ય ઉત્પલદેવ :-**

કાશ્મીરી શૈવદર્શનની પ્રત્યભિજ્ઞા શાખાના આચાર્ય ઉત્પલદેવ રચિત 'શિવસ્તોત્રાવલી' શિવની સ્તુતિમાં રચાયેલાં ૨૦ સ્તોત્રો ધરાવે છે. ઉત્પલદેવની અનન્ય શૈવભકિત સ્તોત્રના ભાવપ્રધાન પદોના માધ્યમથી મુખરિત થઈ છે. શિવના મહિમાવર્ણન સાથે ભકિતભાવની મહત્તાનું પ્રકાશન સરળ મધુર પદો દ્વારા થયું છે. ભકતકવિને તો શિવનો ક્ષણમાત્રનો વિયોગ પણ અસહ્ય બને છે.

- **યામુનાચાર્ય :-**

ભક્તિગંગાને પુનઃ નવા સ્વરૂપે સ્થાપિત અને પ્રચારિત કરનાર યામુનાચાર્યે (ઈ.સ.) ૯૧૫-૧૦૪૦) વૈષ્ણવ સંપ્રદાયના એક પ્રધાન આચાર્યનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. એમણે પાંડવરાજાની સભામાં વિદ્વજ્જનકોલાહલ નામના દિગ્વિજયી પંડિતને પોતાની પ્રતિભાથી પરાજિત કરીને 'આળવન્દાર'બિરૂદ પ્રાપ્ત કર્યું હતું. એમનું 'સ્તોત્રરત્ન' પણ 'આળવન્દારસ્તોત્ર' તરીકે વૈષ્ણવોમાં અતિપ્રિય બન્યું છે. વિવિધ છંદના ૭૫ શ્લોકોમાં રચાયેલું પ્રસ્તુત સ્તોત્ર વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત અનુસાર વિષ્ણુસ્વરૂપ અને વૈષ્ણવી પ્રપત્તિપ્રધાન ભક્તિનું મનોહર નિરૂપણ કરે છે.

- **વેંકટનાથ વેદાંત દેશિક :-**

વિશિષ્ટાદ્વૈતવાદી વૈષ્ણવ સ્તોત્રોની પરંપરામાં વેંકટનાથ વેદાંતકેશિક (ઈ.સ. ૧૨૬૮-૧૩૬૭) વૈષ્ણવી ભક્તિભાવનાથી સભર ત્રીસેક જેટલાં સ્તોત્રોની રચના કરી આચાર્ય અને ભકત તરીકે મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કરે છે. 'હયગ્રીવસ્તોત્ર', 'દશાવતારસ્તોત્ર', 'ભગવદ્ધ્યાનસોપાન','શ્રીસ્તુતિ' વગેરે એમનાં જાણીતાં સ્તોત્રો છે.

- **વેંકટાધ્વરી :-**

વૈષ્ણવસંપ્રદાયના કવિ વેંકટાધ્વરી(ઈ.સ.૧૫૯૦-૧૬૬૦) પણ 'લક્ષ્મીસહસ્રસ્તોત્ર'ની રચના કરે છે. 'લક્ષ્મીસહસ્ત્ર' દ્વારા કવિ વેંકટાધ્વરીએ કુલ ૨૫ સ્તબકોમાં ગ્રંથિત ૧૦૧૮ શ્લોકપુષ્પોની વિષ્ણુપત્ની ભગવતી લક્ષ્મીની સ્તુતિમાળા રચી છે. દક્ષિણના તિરુપતિના શેષાચલ ઉપર વિરાજમાન ભગવાન વેંકટેશ (વિષ્ણુ)ની પ્રિયા લક્ષ્મીને કેન્દ્રમાં રાખી પ્રસ્તુત સ્તોત્રનું સર્જન થયું છે. સમગ્ર સ્તોત્રમાં શ્લેષ, યમક અને ચિત્રાલંકારનો વિપુલ પ્રયોગ થયો છે.

- **કવિ જયદેવ :-**

જયદેવે (૧૨ મી સદી) કૃષ્ણની વૃંદાવન ક્રિડાઓને કેન્દ્રમાં રાખી 'ગીતગોવિંદ' જેવા અમર ગીતકાવ્યનું સર્જન કર્યું. 'ગીતગોવિંદ' જો કે વાસ્તવિક રીતે સ્તોત્ર નથી પણ અર્ધસ્તોત્રાત્મક મહાન ધાર્મિક કૃતિ છે. કૃતિના આરંભમાં બે સુંદર સ્તોત્રો મળે છે. 'દશાવતાર' અને જય જય દેવ હરે' બંને સ્તોત્રો અતીવ પ્રસિદ્ધ છે.

● **ચૈતન્ય :-**

બંગાળના ગૌરાંગ મહાપ્રભુ ચૈતન્યે (ઈ.સ.૧૪૮૫-૧૫૩૩) વિશેષતા 'ભાગવતપુરાણ' પર આધારિત રાધાકૃષ્ણની કીર્તન-માધુર્ય ભક્તિ પ્રવર્તિત કરી છે. ચૈતન્યના માત્ર બે સ્તોત્રો પ્રકાશમાં આવ્યાં છે ! 'શિક્ષાષ્ટક' અને 'જગન્નાથાષ્ટક'. વિવિધ છંદોમાં રચાયેલ 'શિક્ષાષ્ટક'માં અહૈતુકી ભક્તિ, હાસ્ય અને નામકીર્તનના આનંદની સરળ મધુર શબ્દોમાં અભિવ્યક્તિ થઈ છે, જ્યારે 'જગન્નાથાષ્ટક'માં દીન, અનાથ અને પામર ભક્તની જગન્નાથ કૃષ્ણના દર્શનની ઉત્કટ અભિલાષા પદે-પદે રજૂ થઈ છે.

● **રૂપ ગોસ્વામી :-**

રૂપ ગોસ્વામીનું 'મુકુન્દમુક્તાવલી' ઉત્કૃષ્ટ સ્તોત્રકાવ્યનો નમૂનો છે. રૂપ ગોસ્વામીના સ્તોત્રોમાં કંઈક કષ્ટ સાધ્ય કલાત્મક ચાતુરી કે શાબ્દિકક્રીડાનું દર્શન થાય છે. મુકુન્દમુક્તાવલી'ના પરીક્ષણથી આ સત્યની પ્રતીતિ થાય છે. ત્રીસ પદોમાં રચાયેલી આ કૃતિમાં સર્વત્ર ઝડ-ઝમકનો ચમત્કાર સર્જાય છે.

● **શ્રી વલ્લભાચાર્ય :-**

પુષ્ટિમાર્ગના અનેક સ્તોત્રો અષ્ટક પ્રકારનાં છે. વલ્લભાચાર્ય રચિત 'યમુનાષ્ટક','મધુરાષ્ટક', 'નંદકુમારાષ્ટક', 'કૃષ્ણાષ્ટક', 'પરિવૃઢાષ્ટક' વગેરે વૈષ્ણવોમાં અતિપ્રિય બન્યાં છે. તેમનાં સ્તોત્રોમાં વસંતતિલકા, શિખરિણી વગેરે છંદોનો ઉપયોગ થયેલો છે અને વૈદર્ભી શૈલીની સાહજિકતા પણ જોવા મળે છે.

● **કલ્હણ :-**

બારમી સદીના કાશ્મીરના પ્રસિદ્ધ ઐતિહાસિક કાવ્યકાર અને શૈવમતવાદી કલ્હણે ભગવાન શિવના અર્ધનારીશ્વર રૂપની પ્રશસ્તિમાં 'અર્ધનારીશ્વરસ્તોત્ર'ની રચના કરી છે. શંકરના અર્ધનારીશ્વર રૂપની પ્રશંસા કરતાં ઘણાં સ્તોત્રો રચાયાં છે. એવાં સમાન્ય કોટિનાં સ્તોત્રોમાં કલ્હણનું પ્રસ્તુત સ્તોત્ર નોંધપાત્ર વિશેષતાઓ ધરાવે છે. શાર્દૂલવિક્રીડિતવૃત્તના ૧૮ પદોમાં કલ્પનાની સુંદરતા હોવા છતાં લાલિત્ય અને મધુરતાનો અભાવ વર્તાય છે.

● **અપ્પય દીક્ષિત :-**

દાક્ષિણાત્ય અપ્પય દીક્ષિત (ઈ.સ.૧૫૫૪-૧૬૨૬) અદ્વૈતવાદી પરમ શૈવ તરીકે પ્રસિદ્ધ હોવા છતાં સાંપ્રદાયિક વિદ્વેષ કે સંકુચિત વૃત્તિથી પર હતા. તેથી જ તેમનાં સ્તોત્રોમાં તેમનુ મહાશૈવ અને મહાવૈષ્ણવ તરીકેનું દ્વિવિધ રૂપ પ્રગટ થાય છે. અપ્પયદીક્ષિતનાં શૈવ સ્તોત્રોમાં 'બ્રહ્મતર્કસ્તવ', 'પંચરત્નસ્તુતિ' અને આત્માર્પણસ્તુતિ, પ્રસિદ્ધ છે. પ્રસ્તુત સ્તોત્રમાં અપ્પય દીક્ષિતનું ભકતરૂપ કે કવિરૂપ કરતાં દાર્શનિકરૂપ સવિશેષ સંક્રાંત થયું છે. સ્તોત્રરચનાનો ઉદ્દેશ્ય પરમશિવને પરબ્રહ્મરૂપે પ્રસ્થાપિત કરવાનો છે.

● **સોમેશ્વર :-**

ગુર્જરભૂમિના અણહિલવાડ પાટણના ચાલુકય રાજવીઓના પુરોહિત અને વસ્તુપાળના આશ્રિત કવિ સોમેશ્વરે સ્રગ્ધરા છંદમાં રામાયણકથાને આધારે રામની પ્રશસ્તિમાં 'રામશતક' (૧૦૧ શ્લોક) ની રચના કરી, સ્તોત્રમાં જન્મથી આરંભી અયોધ્યામાં પુનરાગમન સુધીના રામના જીવનની ઘટનાઓનું ક્રમબદ્ધ સ્તુત્યાત્મક વર્ણન છે.

● **નારાયણ ભટ્ટ :-**

'નારાયણીય' સ્તોત્રના રચિયતા કેરળ પ્રદેશના નારાયણભટ્ટ(ઈ.સ.૧૫૬૦-૧૬૬૬) છે. 'નારાયણીય'(કુલ ૧૦૩૬ શ્લોક)ની રચના દ્વારા સ્તોત્રનું બૃહનમસ્વરૂપ નિર્ધારિત કરી સ્તોત્ર સાહિત્યના ઇતિહાસમાં નારાયણભટ્ટ ગૌરવભર્યા સ્થાનના અધિકારી બને છે. નારાયણ ભટ્ટે સંપૂર્ણ ભાગવતકથાના આધારે દક્ષિણના ગુરુવાયુર મંદિરની કૃષ્ણ(નારાયણ) પ્રતિમાને ઉદ્દેશી ઈ.સ.૧૫૯૦માં 'નારાયણીય સ્તોત્ર'ની રચના કરી.

● **આંધ્રનાં વૈષ્ણવ પં.જગન્નાથ (ઈ.સ.૧૫૯૦-૧૬૬૫) :** શાસ્ત્રપંડિત હોવા છતાં જગન્નાથ લહરી નામે પાંચ સ્તોત્રકૃતિઓના માધ્યમથી પોતાના ભાવપૂર્ણ ભકિત સ્નિગ્ધ હૃદયને અભિવ્યકત કરે છે. તેમનાં 'ગંગાલહરી' (૫૨ શ્લોક), 'કરુણાલહરી' (૬૦ શ્લોક), 'અમૃતલહરી' (૧૧ પદ), 'સુધાલહરી'(૩૦ પદો) અને 'લક્ષ્મીલહરી' (૪૧ શ્લોક) અતીવ પ્રસિદ્ધ છે.

- **રામપાણિવાદ :-**

કેરાલાના રામપાણિવાદ (૧૮ મી સદી)નું 'શિવશતક' ખૂબ જ પ્રસિદ્ધ છે. શિવચરિતની ઘટનાઓનું વર્ણન કરતું આ એક સામાન્ય સ્તોત્ર છે. સ્તોત્રની શૈલી અલંકૃત છે, પણ આત્મનિવેદનની મોહકતાથી રહિત છે. શિવના સંધ્યાકાલીન તાંડવનૃત્યનું વર્ણન ધ્વન્યાત્મક છે.

૧૯ મી – ૨૦ મી સદી દરમિયાન પણ સ્તોત્રસર્જનની પ્રવૃત્તિ અસ્ખલિત રહી છે. નાનાં–મોટાં અસંખ્ય સ્તોત્રો રચાયાં છે. એ સર્વ કૃતિઓનો પરિચય અહીં ઇષ્ટ નથી.

સાંપ્રત સમયમાં પણ અનેક કવિઓએ બહોળી સંખ્યામાં સ્તોત્રકૃતિઓનું સર્જન કર્યું છે.

## પ્રકરણ : ૩

● **પાદટીપ :-**

૧. શ્રીમદ્ભાગવતપુરાણ, ૧૦.૪૦.૧

૨. ઋગ્વેદ, ૯.૬૬.૧૯.૨૧

૩. सिद्धान्तकौमुदी- तुदादिगण- धातुसंख्या १३८६

૪. ઋગ્વેદ, ૧૦.૧૨૧.૧૦

૫. ઋગ્વેદ, ૧.૧.૧

૬. ઋગ્વેદ, ૨.૧૨.૯

૭. ઋગ્વેદ, ૧.૨૪.૧૧

૮. ઋગ્વેદ, ૧.૨૪.૮

૯. ઋગ્વેદ, ૧.૨૫.૩

૧૦. ઋગ્વેદ, ૧.૨૫.૧૨

૧૧. ઋગ્વેદ, ૩.૩૬.૧૦

૧૨. ઋગ્વેદ, ૩.૬૨.૧૦

૧૪. ઋગ્વેદ, ૪-૧૦. ૪૩.૩

૧૫. ઋગ્વેદ, ૧.૧.૯

૧૬. vedie reader,- p. ૨૫-૨૮

૧૭. The vedas, -p. ૪૩

૧૮. યજુર્વેદ- ૪૦.૮

૧૯. યજુર્વેદ- ૪૦-૧૬

૨૦ પદ્મપુરાણ -ઉત્તરખંડ-ગણેશાષ્ટક-૧

૨૧. વાલ્મીકી રામાયણ, બાલકાંડ- ૧/૧૫/૧૯

૨૨. વાલ્મીકિ રામાયણ - યુધ્ધકાંડ,- ૧૦૫.૬

૨૩. વાલ્મીકિ રામાયણ - યુધ્ધકાંડ,- ૧૦૫.૪.૫

૨૪. વાલ્મીકિ રામાયણ - યુધ્ધકાંડ,- ૧૦૫.૨૫.૨૬

૨૫. વાલ્મીકિ રામાયણ -યુધ્ધકાંડ -૧૧૮.૬

૨૬. વાલ્મીકિ રામાયણ -યુધ્ધકાંડ -૧૧૮.૧૫

૨૭. વાલ્મીકિ રામાયણ -ઉત્તરકાંડ -૬.૮

૨૮. વાલ્મીકિ રામાયણ - ઉત્તરકાંડ - ૬.૧૮

૨૯ વાલ્મીકિ રામાયણ - ઉત્તરકાંડ - ૮૪.૧૬

૩૦ વાલ્મીકિ રામાયણ - ઉત્તરકાંડ - ૮૪.૧૭

૩૧ વાલ્મીકિ રામાયણ - ઉત્તરકાંડ - ૮૪.૮

૩૨. મહાભારત-શાંતિપર્વ, ૪૭.૧૮

૩૩. મહાભારત-વનપર્વ, ૩૯.૭૪

૩૪. મહાભારત-વનપર્વ- ૩૯.૮૨

૩૫. મહાભારત-સભાપર્વ- ૬૮.૪૧

૩૬. મહાભારત-સભાપર્વ- ૬૮.૪૧

૩૭ મહાભારત-વિરાટપર્વ -૬.૨

૩૮ મહાભારત -વિરાટપર્વ-૬.૨૦

૩૯ મહાભારત-વિરાટપર્વ-૬.૧૬

૪૦ મહાભારત-વિરાટપર્વ-૬.૨૪

૪૧ મહાભારત-વિરાટપર્વ-૬.૨૮-૨૯

૪૨ મહાભારત-શાંતિપર્વ-૨૮૪.૫૭

૪૩. રઘુવંશ મહાકાવ્ય,સર્ગ -૧૦.૧૯-૩૭

૪૪. રઘુવંશ મહાકાવ્ય, સર્ગ -૧૦.૧૮

૪૫. રઘુવંશ મહાકાવ્ય, સર્ગ -૨.૭

૪૬ કુમારસંભવ મહાકાવ્ય, સર્ગ-૨૭

૪૭ કુમારસંભવ મહાકાવ્ય, સર્ગ-૨-૧૦

૪૮ કુમારસંભવ મહાકાવ્ય, સર્ગ-૨.૧૫

૪૯ શિશુપાલવધ મહાકાવ્ય - સર્ગ ૧૪.૬.૬૯

૫૦ ચંડીશતક, શ્લોક-૭

# પ્રકરણ-૪

## કવિ લીલાશુક (બિલ્વમંગલ)નું જીવન અને કવન

(૧) પ્રસ્તાવના

(૨) કૃષ્ણ લીલાશુક બિલ્વમંગલ તરીકે

(૩) બિલ્વમંગલ તરીકે કૃષ્ણ લીલાશુક

(૪) કેટલા બિલ્વમંગલ

(૫) બંગાળ અને ઓરિસ્સામાં 'કર્ણામૃતમ્'

(૬) ચિંતામણિનો સંદર્ભ

(૭) કૃષ્ણ લીલાશુક – વ્યાકરણશાસ્ત્રી

(૮) બિલ્વમંગલ સ્વામીયાર અને અનંતપુર (થીરૂવંતપૂરમ્) દંતકથા

(૯) રચનાકાળ

(૧૦) કર્ણામૃતમ્‌ની કથાવસ્તુ

(૧૧) લીલાશુક અથવા બિલ્વમંગલની બીજી કૃતિઓ

## પ્રકરણ-૪

## કવિ લીલાશુક (બિલ્વમંગલ)નું જીવન અને કવન

### (૧) પ્રાસ્તાવિક :-

કૃષ્ણકર્ણામૃતએ કેટલાક દેશોના જુદા-જુદા ભાગોમાં વિદ્યાર્થીઓ અને રુચિ ધરાવનારા લોકો દ્વારા વિશાળતાપૂર્વક વંચાતુ અને સમજવામાં આવતું એક ઉત્તમ કક્ષાનું ઊર્મિકાવ્ય છે. કાવ્યનું શીર્ષક એવું સૂચન કરે છે કે કાવ્યમાંથી નિષ્પન્ન થતું રસદર્શનએ ભગવાનના કાનનું અમૃત હોય. લેખકે તેના દરેક હેતુ માટે મહત્તમ સિદ્ધિ મેળવી છે. કૃષ્ણકર્ણામૃતના વાચકો કવિને તેના પ્રયત્નની સફળતા માટેના શુભાશિષ આપે તે શકય નથી, પણ કવિશ્રીનું ભગવાનના આશીર્વાદ વગર પણ પોતાનું અહીં સુધીનું પ્રવેશકાર્ય શકય ન બન્યુ હોય એ સ્વાભાવિક છે.

સંત સામાન્ય રીતે બિલ્વમંગલ નામ તરીકે ઓળખાય છે અને તે કૃષ્ણકર્ણામૃતના લેખક તરીકે હોવાનું મનાય છે. છતા તેના જન્મ અને પ્રવૃત્તિઓને અનુસાર જુદા જુદા મતમતાંતરો પ્રવર્તે છે, ત્યાં સુધી કે પ્રથમ આશ્વાસની પુષ્પિકામાં વર્ણવે છે કે આશ્વાસના લેખક લીલાશુક છે, કે જેઓ ઈશાનદેવ અને સોમગિરિનાં શિષ્ય છે. લેખક આવી માન્યતા ધરાવે છે કે કદાચ તેઓ તેમનાં વંશજ સંભવી શકે. આ સફળતાપૂર્વકના કાવ્ય સંપાદનમાં બે વ્યક્તિઓ લીલાશુક અને બિલ્વમંગલ વારાફરતી લેખક તરીકેનું બહુમાન પ્રાપ્ત કરે છે.

### (૨) કૃષ્ણ લીલાશુક બિલ્વમંગલ તરીકે :-

આપણે આ જ્ઞાનના ક્ષેત્રના મનન/તર્ક વિશે વિચારીએ અનુમાનના આધારે સરળતાથી ખોટી માન્યતા બાંધી શકાય નહી, તો ચાલો અત્યારે પુરાવાઓ અને તાર્કિક પાસાંઓને ધ્યાનમાં લઈને કર્તાને પારખીએ. શંકાના આ પડછાયા પાછળ (લેખક તરીકેની) પ્રથમ આશ્વાસ એ કવિશ્રી લીલાશુકનો છે કે જેમના માતા-પિતા દામોદર અને નીલીએ તેમને જન્મ આપ્યો. શરૂઆતના ચરણમાં લેખક સોમગિરિને તેના ગુરુ ગણાવે છે, અને તેઓ પોતાને ઈશાનદેવના શિષ્ય ગણાવે છે. ઈશાનદેવનો સંદર્ભ ખૂબ ઊંચા આદર્શ સાથે અથવા તો "સોમગિરિ" તેમને "ગુરુ'નુ પદ આપે છે અને તેઓ જ "લીલાશુક" ની કાવ્યાત્મક આંકાક્ષાઓને સમજી શકે. સારરૂપ ચરણોના કવિ કેટલાક અન્ય લેખકોનો આભાર પણ વ્યકત કરે છે. શું અન્ય કોઈપણ ઉદાહરણોની મદદ વગર કોઈ ગુરુ સુધી પહોંચી

શકે ? કદાપિ નહીં. તેથી જ અતાર્કિક અટકળોમાં માત્ર બે જ વ્યકિતઓ સોમગીરી અને ઈશાનદેવ બે વ્યકિતઓનાં જ નામ હોઈ શકે. તેમાંય મુખ્ય ગુરુ "લીલાશુક" કે જેઓ "ગુરૂ" તરીકેનું વર્ણન પ્રથન ચરણમાં પામ્યા છે. પીઢ અને અનુભવીઓના મતાનુસાર "ગુરુ"નું પદ શિક્ષક કે "ગુરૂ" ઉપદેશક કરતાં ઘણું ઊચું ગણાય છે.

લીલાશુક એ સોમગીરીને "ગુરુ"નું ઉપનામ આપ્યા સુધી પોતાને ઈશાનદેવના શિષ્ય તરીકે ઓળખાવ્યા. કૃષ્ણદાસ કવિરાજ – એક પ્રખ્યાત કર્ણામૃતના ટીકાકાર અને શ્રી ચૈતન્ય મહાપ્રભુનાં ખ્યાતનામ અનુયાયી વાસ્તવમાં સોમગિરિ સાથે ઈશાનદેવ ઓળખાયા.

કમનસીબે આપણે ત્યાં મહાન સંત સોમગીરી અને તેમની જીવનશૈલી અને પ્રવૃત્તિઓનું વર્ણન તેમના કેટલાક શિષ્યો દ્વારા મળે છે. બાલગોપાલ સ્તુતિ કે જે બિલ્વમંગલ – એ સૂચવેલી એક ગુરૂ તરીકેની સંગ્રહિત કૃતિ જેનું નામ આદિત્યપ્રજ્ઞા છે.

अज्ञानदमनज्योतिः प्रज्ञेशानपदास्पदम् ।
आलंबितनराकार मालंबनमभूत् सताम् ।।

વિશાળ વિવાદ ત્યારે સર્જાયો જ્યારે પ્રજ્ઞાનેવરનાં નિર્દેશક સંત તરીકે ઓળખાયા. આદિત્યની કૃતિમાં બીજા એક અનુયાયી સમાવિષ્ટ થયાં જેનું નામ ઈશાનદેવ છે.

अमुष्यकरुणापात्र मस्ति मस्करिणां मणिः ।
आदित्यप्रज्ञसंज्ञं य दादित्यादधिकं महः ।।
निर्ज्जितस्समृदृष्ट्यैव निर्लोलं येन मन्मथः ।
आर्जितैरस्त्रकुसुमै रारादाराधयन् ययौ ।।
ईशानदेवइत्यासी दीशानो मुनि-तेजसाम् ।
आस्पदस्य हि यस्यासीदीशानगुणसम्पदाम् ।।
अद्वितीय इति ख्यातिरात्मबुद्ध्या न केवलम् ।।
तयोरनुग्रहापाङ्गसंक्रान्ताज्ञानसागराः ।
सागरा इव गम्भीरास्सन्ति धन्याः सहस्त्रशः ।

બે સંત શિષ્યો કે જેઓ શિષ્ય તરીકેના ગુણોથી સભર અને લીલાશુકના સમકાલીન હતા.

બંને તરફથી (શિષ્યો)લીલાશુક પ્રત્યે દયાનો ભાવ અર્પણ થતો હતો, તે ખરેખર તેના શિષ્ય પ્રત્યેનો જ ઈશારો ગણાવી શકાય.

तयोरेव कृपापात्रं कृष्णलीलाशुको मुनिः ।

यदाश्रमाङ्कणे नित्यं रमन्ते तन्त्रविस्तराः ।।

तिलकं कुलपालीनां नीलीति निलयं श्रियां ।।

यमलं जनयाञ्चक्रे यज्ञ  कीर्तिं शाश्वती ।।

यस्य दामोदरो नाम पिता सवितृसन्निभिः ।।

અહીં કવિ પોતાનું નામ કૃષ્ણલીલાશુક તરીકે ઉલ્લેખે છે અને તેનાં માતા-પિતા નીલી અન દામોદરને અર્પણ કરે છે. કૃષ્ણકર્ણામૃતના પ્રથમ આશ્વાસના રચયિતા લીલાશુક હોય  તેવું વગર ખચકાયે કહી શકીએ.

ખૂબજ સુંદર અને જેની ચમક કયારે પણ ઝાંખી ન પડે એવું ભકિત કાવ્ય 'કૃષ્ણકર્ણામૃતમ્' ખૂબજ પ્રસિદ્ધિ પામ્યું છે. દેશના વિવિધ પ્રદેશોના વિદ્વાનો અને ભકતોએ સદીઓથી તેને વખાણ્યું છે. કાવ્યનું શીર્ષક સૂચવે છે કે આ કાવ્યનું પઠન કે જાપ કૃષ્ણનાં કર્ણનું અમૃત છે એવું માનવામાં આવતું અને આ કક્ષાએ પહોંચવામાં રચયિતાએ દરેક પ્રકારનું દુઃખ(તકલીફો) વેઠયું હશે. આ કાવ્યના વાચકો એક વાત ચોક્કસપણે સ્વીકારશે જ કે રચયીતાએ પોતાના પ્રયત્નમાં જે સફળતા પ્રાપ્ત કરી છે તે ઈશ્વરની કૃપા (આશિર્વાદ) વગર શકય જ નથી જે બાબત ખુદ રચયિતાએ પણ સ્વીકારી છે.

બિલ્વમંગલ નામક સંત 'કૃષ્ણકર્ણામૃતમ્' ના રચયિતા હોય એવું માનવામાં આવે છે. ત્રણ આશ્વાસોમાં રચાયેલું આ કાવ્ય ૩૦૦ કરતાં પણ વધારે શ્લોકો ધરાવે છે અને દરેક આશ્વાસમાં ૧૦૦ કરતાં વધારે શ્લોકોનો સમાવેશ થયેલો છે. ત્રણેય આશ્વાસોમાં રહેલા શ્લોકોના વિવિધ સંપાદનોના રચયિતા બિલ્વમંગલ છે એવું વિવિધ સંપાદકો દ્વારા વર્ણન થયેલું છે જે બાબતે વૈષ્ણવો અને કેરળમાં માન્યતા છે કે કૃષ્ણકર્ણામૃતના રચયિતા બિલ્વમંગલ નામના સંત છે તે બાબતને પુષ્ટિ આપે છે. જો કે તેની જન્મભૂમિ  અને કર્મભૂમિ વિશે વિવિધ મતમતાંતરો છે. પ્રથમ આશ્વાસના શ્લોકો જોતા એવું લાગે છે કે પ્રથમ આશ્વાસના રચયિતા લીલાશુક છે કે જે ઈશાનદેવ અને સોમગિરિના શિષ્ય છે એવું પણ માનવામાં આવે છે કે રચયિતાએ આવું નામ અનુગામી પેઢીમાં એ નામે પ્રસિદ્ધ

થવા માટે ધારણ કર્યું હોય. લીલાશુક જે પ્રથમ અશ્વાસના રચયિતા છે તે જ બિલ્વમંગલ છે એવું પ્રતિપાદિત થયા બાદ ભકતો અને વિદ્વાનો સાચા કે ખોટા એવા તારણ પર આવે છે કે કવિ લીલાશુક જે બિલ્વમંગલ ઉપનામ ધરાવે છે તે જ બીજા બે આશ્વાસોના રચયિતા પણ હોવા જોઈએ.

## (૩) બિલ્વમંગલ તરીકે કૃષ્ણ લીલાશુક :-

અત્યાર સુધી આપણે અભિપ્રાયો કે ધારણાના જગતમાં વિચરીએ છીએ. કોઈ ભૂલ ભરેલા તારણ પર સરળતાથી ન આવી જતાં ચાલો કેટલીક જાણીતી પુરાવા સહિતની હકીકતો તપાસીએ અને કોઈ તર્કશુદ્ધ તારણ તરફ ગતિ કરીએ. નિઃશંકપણે કહી શકીયે કે પ્રથમ આશ્વાસ લીલાશુક દ્વારા લખાયેલો છે જેના માતા-પિતાનું નામ હતું દામોદર અને નીલી. શરૂઆતના શ્લોકમાં રચયિતા સોમગીરીને પોતાના ગુરુ તરીકે ઓળખાવે છે અને પુષ્પિકામાં પોતાને ઈશાનદેવના શિષ્ય તરીકે વર્ણવે છે. ઈશાનદેવનો ઉલ્લેખ હકીકત અથવા તો કહી શકાય કે આકસ્મિક છે જ્યારે હાર્દિક શ્રદ્ધાંજલી પોતાના ગુરુવર્ય સોમગિરિને અર્પણ કરાઈ છે કે જેની કૃપા થકી જ લીલાશુક પોતાની કાવ્યાત્મક ઊંચાઈ પામી શકયા. પોતાના ગુરૂનો એકપણ ઉલ્લેખ કર્યા વગર શું એ શકય છે કે અંતિમ શ્લોકમાં કવિ કોઈ બીજી વ્યકિત કે પોતાના બીજા ગુરુનો આભાર માને ? તેથી એમ ધારવું કે સોમગિરિ અને ઈશાનદેવ કદાચ એક જ વ્યકિતના બે ઉપનામો હોઈ શકે એ વાત અતર્કસંગત નથી. અને એ જ વ્યકિત લીલાશુકના મુખ્ય ગુરુ છે જેનો શરૂઆતના શ્લોકમાં ગુરુ તરીકેનો ઉલ્લેખ થયો છે.

લીલાશુક સોમગીરીને ગુરુના વિશેષણથી નવાજતા હોય અને સાથે સાથે પોતાને ઈશાનદેવના શિષ્ય ઓળખાવતા હોય તો એમ ધારવામાં આપણે ખોટા ન હોઈ શકીએ કે બંને નામો એક જ વ્યકિતનો ઉલ્લેખ કરે છે. કર્ણામૃતમ્‌ના પ્રસિદ્ધ વિવેચક અને ચૈતન્ય મહાપ્રભુના પ્રખ્યાત શિષ્ય કૃષ્ણદાસ કવિરાજે હકીકતમાં સોમગિરિને ઈશાનદેવ તરીકે ઓળખાવ્યા છે.

શિષ્યોના થોડા ઉલ્લેખો સિવાય કમનસીબે આપણી પાસે મહાન સંત એવા સોમગિરિના જીવન અને પ્રવૃત્તિ વિશે કોઈ ખાસ માહિતી નથી. બાલગોપાલસ્તુતિ કે જે બિલ્વમંગલનાં નામે છે તેમાં ઈશાનદેવ અને રચયિતાના બીજા એક ગુરુનો ઉલ્લેખ થયો છે જેનું નામ હતું આદિત્યપ્રજ્ઞ (૧)

હાર્દિક અંજલી પ્રજ્ઞાનેશ્વર નામના સંતને આપવામાં આવી છે કે જે આદિત્યપ્રજ્ઞના શિક્ષક હતા. આદિત્યપ્રજ્ઞની સાથે સાથે આ સંતને બીજા એક શિષ્ય હતા જેનું નામ હતું ઈશાનદેવ (૨)

બંને સંત વિદ્વાનોને દેખીતી રીતે જ ઉમદા શિષ્યો હતા જેઓ લીલાશુકના સમકાલીન હતા. બંનેને લીલાશુક પ્રત્યે ખૂબ જ લાગણી હતી તેથી તેને બંને સંતોએ શિષ્ય બનાવ્યા એ વાત સ્પષ્ટ થાય છે. (૩)

કવિ પોતાનો ઉલ્લેખ કૃષ્ણ લીલાશુક તરીકે કરે છે અને પોતાના માતા-પિતા નીલી અને દામોદર છે એવું કહે છે. જરા પણ અચકાટ વગર આપણે બાલકૃષ્ણસ્તોત્રના રચયિતાને કવિ લીલાશુક સાથે ઓળખાવી શકીયે જે કૃષ્ણકર્ણામૃતના પ્રથમ આશ્વાસના રચયિતા છે. જ્યારે તેમાના બધા કોઈ એક બિલ્વમંગલના કાવ્ય સર્જન તરીકે સ્વીકારાયું હોય તો આપણે એ પણ તારણ કાઢી શકીયે કે લીલાશુક કે કૃષ્ણલીલાશુક, વિલ્વમંગલ કે બિલ્વમંગલ એવું નામ ધરાવતા, જે નામ બીજા ઘણા ભકિત કાવ્યો અને સાત્ત્વિક કાર્યો સાથે સંકળાયેલું છે. Dr. K. Kunjunni Raja પોતાની ઉત્કૃષ્ટ કૃતિ 'The Contribution of Kerala to Sanskrit Literature' (સંસ્કૃત સાહિત્યમાં કેરળનું પ્રદાન) માં લીલાશુકની ઓળખ વિશે નીચે મુજબનાં વિધાનો કરે છે.

" વિલ્વમંગલ કે બિલ્વમંગલ એ કવિનું કુળ નામ હતું, કૃષ્ણ એ વ્યકિતગત નામ હતું અને લીલાશુક નામ પોતે સંન્યાસી બને છે ત્યારે મેળવે છે. આ સૂચન નોંધપાત્ર છે કારણ કે તે કવિના નામ સાથે સંકળાયેલ થોડી સમસ્યાઓનું સમાધાન કરી દે છે. કેરળના "નામપુતીરી બ્રાહ્મણો" હજુ પણ તેના કુળ નામથી ઓળખાય છે દા.ત. મેલપુતુર, મહીષમંગલમ્ વગેરે. આ જ તર્કને અનુસરીયે તો ઈશાનદેવને સોમગિરિ તરીકે ઓળખવામાં કશું અસંગત નથી. "

## (૪) કેટલા બિલ્વમંગલ ? :-

લીલાશુક જે કૃષ્ણકર્ણામૃતના પહેલા આશ્વાસના રચયિતા છે તેને કોઈ એક કૃષ્ણલીલાશુક અને કોઈ એક સંત બિલ્વમંગલ સાથે ઓળખાવીને આપણી સમસ્યા થોડી હળવી કદાચ બનશે પણ સંપૂર્ણ સમાધાન હજૂ દૂર છે. આમાના કોઈપણ નામનો, શરૂઆતના શ્લોકોમાં કે બીજા અને ત્રીજા આશ્વાસના શ્લોકોમાં ઉલ્લેખ નથી. જો કે આ બાબત એવું સાબિત નથી કરતી કે બે આશ્વાસોના રચયિતા કોઈ એક કવિ ન હોઈ શકે. પરંતુ શંકા જરૂર ઉદ્ભવી શકે, જો એક કરતા વધારે રચયિતા હોવાનું સમર્થન કરતો કોઈ સાહિત્યિક કે ઐતિહાસિક પુરાવો હોય. કેરળમાં જુદા-જુદા સમયે એક કરતા વધારે, લગભગ ત્રણ કે ચાર વિલ્વમંગલ થયા છે, જે હકીકતને કારણે સમસ્યા વધુ ઘેરી બની છે. બંગાળ અને ઓરિસ્સામાં પણ વિલ્વમંગલો થયા છે. જો કે તેઓએ કે તેઓના વતી કોઈએ

'કૃષ્ણકર્ણામૃતમ્'ના રચયીતા હોવાનો દાવો કરેલ નથી. બીજી બાજુ આંધ્રપ્રદેશના અમુક લોકો એવું માને છે કે વિલ્વમંગલ એક બ્રાહ્મણ હતા જેઓનું ઘર કૃષ્ણાવેણી નદીને કાંઠે આવેલું હતું. તેઓ સામા કાંઠે રહેતી ચિંતામણિ નામક વેશ્યાની મુલાકાતે જતા. આ દલીલના સમર્થનમાં તે લોકો કહે છે કે શ્રીચૈતન્યે 'કર્ણામૃતમ્'ની એક હસ્તલિખિત પ્રત તે નદીને કાંઠે આવેલ પંઢરપુરમાંથી મેળવી હતી.

હકીકતોમાંથી કલ્પનાઓ ઘડી શકાય છે અને ઘણા ઉદાહરણોમાંની એક છે જે આપણા સમયમાં ઘડાય છે જે 'કર્ણામૃતમ્' કૃતિને સંત વિલ્વમંગલના નામે ચડાવે છે, જે ઝામોરીન નવેદ રાજા (૧૬૫૮-૧૬૬૨)ના સમકાલીન હતા જે રાજા 'કૃષ્ણગીતિ'ના રચયીતા છે, જે કૃષ્ણગીતિ 'કૃષ્ણતમ' કે 'કૃષ્ણનતમ્' તરીકે ઓળખાતી નૃત્યનાટિકા કે મનોરંજક સંગીતમય ગરબી માટેની સંગીતમય અને કાવ્યાત્મક પાર્શ્વભૂમિકા ભજવે છે. આ રાજવી રચનાકાર નારાયણભટ્ટ અને બિલ્વમંગલ બંનેના સમકાલીન હતા. તેથી બિલ્વમંગલ ૧૭મી સદીના મધ્ય દાયકામાં થયા હોવાનું નિઃશંકપણે માની શકાય. રાજા માનદેવ બિલ્વમંગલથી પ્રેરિત થયા હોવાનું સામાન્ય રીતે સ્વીકારાય છે અને એક જાણીતી દંતકથા મુજબ તેને ભગવાનના બાળ સ્વરૂપનું દર્શન થયું હતું. 'કૃષ્ણગીતિ' ના રચયિતાની પ્રશંસા કરતા પી.સી.ઈતાન(નુ)ન્ની રાજાએ માનદેવને નારાયણ ભટ્ટપાદના તેમજ લીલાશુકના સમકાલીન વર્ણવ્યા છે.

आसीत् पुरा विश्रमकीर्तिभूमा श्रीमानवेदाभिधभूमिपाल : ।

शैलांबुराशीश्वरवंशजातः कोलम्बपूर्वे नवमे शताब्दे ।।

अयं हि नारायणभट्टपादकवीश्वरस्य प्रथमानकीर्तेः ।

लीलाशुकस्याऽपि समानकलेस्वेनात्मना विश्वमलंचकार ।।

એક દલીલ એ થઈ શકે કે લીલાશુકનાં નામકરણમાં રાજાનાં મગજમાં બિલ્વમંગલોમાનાં અંતિમ પ્રસિદ્ધ થયા તે હતા જે ૧૭મી સદીમાં થયા, નહી કે લીલાશુક બિલ્વમંગલ કે જે 'કર્ણામૃતમ્'ના રચયિતા છે. આવી કોઈ શકયતા હોવાનુ પડી ભાંગે છે જ્યારે એ ચોકકસ રીતે 'કૃષ્ણકર્ણામૃતમ્'ના રચયિતા તરીકે લીલાશુક હોવાનું વર્ણવે છે.

अमीषु लीलाशुक योगिवर्यः श्रीकृष्णकर्णामृतकाव्यकर्ता ।

साक्षात् सदा चर्मदृशैव कृष्णमपारदद्रष्टुमपारभक्तिः ।।

ત્યારબાદ કવિ માનદેવના સ્વપ્ન દર્શન અને ઈશ્વરનાં બાળસ્વરૂપને પકડવાના પ્રયત્નોની

વધુ માહિતી આપે છે. આગળ ઉપર જ્યારે આપણે તેના રચનાકાળ વિશે ચર્ચા કરીશું ત્યારે જોઈશું કે કર્ણામૃતમ્‌ના ત્રણે ત્રણ અશ્વાસ ૧૬મી સદી પહેલાં અસ્તિત્વમાં હતા અને ઓછામાં ઓછું પહેલા આશ્વાસે ગંગાદેવીએ 'મધુરાવિજ્યમ્' કાવ્ય લખ્યું એ પહેલાં ખૂબ જ પ્રસિદ્ધિ મેળવી હશે. આ બાબત ફકત એટલું જ સૂચવે છે કે કવિએ જે કલાત્મક કાલ્પનિક માહિતી આપી છે (સામાન્ય રીતે કવિઓ આવી સ્વતંત્રતા ભોગવે છે) તે ઐતિહાસિક હકીકતોના અન-અર્થઘટન તરફ પ્રેરી શકે. જો સંશોધકોએ થોડી સદીઓ બાદ આ કાવ્યનું સંશોધન કર્યું હોત અને 'કર્ણામૃતમ્'ના રચયિતા વિશે બીજી કોઈ માહિતી ઉપલબ્ધ ન હોત તો તે બાબતો ભૂલ ભરેલા તારણ પર લાવી શકી હોત. કાલિદાસ અને દંડીને સમકાલીન તરીકે અને સરસ્વતીની કૃપા મેળવવામાં હરીફ તરીકે અને કયારેક પૃથ્વીની સ્ત્રીઓને પામવામાં હરીફો તરીકે જોડતા ઘણા સમાન લેખો છે અને બંને કવિઓ સદીઓથી અલગ કરાયા છે.

ડૉ.એસ.કે. ડે લીલાશુકને 'કૃષ્ણકર્ણામૃતમ્'નાં રચયિતા ઓળખાવે છે પણ તેને બિલ્વમંગલ તરીકે ઓળખાવતા નથી. તેમના મત મુજબ - "લીલાશુક અને બિલ્વમંગલ એ બે નામોને ભિન્ન માનવાની પરંપરા સિવાયનો કોઈ પુરાવો આપણી પાસે નથી"

જો કે આ ઉતાવળિયો નિર્ણય દેખાય છે. 'બાલગોપાલસ્તુતિ', 'બિલ્વમંગલસ્તોત્ર' અને 'શ્રીનગધરાપદ્ધતિ' જેવાં કાવ્યસંગ્રહોમાં ત્રણેય અશ્વાસોમાંના શ્લોકો છે. આ બધાં કાવ્યસંગ્રહો બિલ્વમંગલનાં સર્જન તરીકે ઓળખાય છે. 'બાલગોપાલસ્તુતિ'માં આ સંત પરમહંસ અને પરિવ્રજ તરીકે વર્ણવાયા છે અને તેઓને કૃષ્ણલીલાશુક નામ પણ અપાયું છે. રચયિતા વિશેનું અંતિમ વર્ણન નીચે મુજબનું છે.

इति परमहंसपरिव्राजक श्रीपाद विल्वमङ्गलविरचिते श्रीबालगोपालस्तुति ।।

## (૫) બંગાળ અને ઓરિસ્સામાં 'કર્ણામૃતમ્' :-

શ્રી ચૈતન્ય મહાપ્રભુથી શરૂ કરીને થોડી સદીઓ સુધી 'કર્ણામૃતમ્'નો પ્રથમ આશ્વાસ બંગાળ અને ઓરિસ્સામાં ખૂબજ પ્રખ્યાત હતો. ડૉ. એસ.કે. ડે ના મત મુજબ આ ભકિતયુકત કાવ્યનો પ્રથમ આશ્વાસ જ તે મહાન સંતના સમયમાં અસ્તિત્વ ધરાવતો હતો અને બીજો તેમજ ત્રીજો આશ્વાસ કોઈ બીજા કવિએ પાછળથી જોડેલ છે. અગાઉ ઉલ્લેખ થયા મુજબ તે લીલાશુકને બિલ્વમંગલ તરીકે

ઓળખાવતા નથી. બીજો મુદ્દો જે છેલ્લા બે આશ્વાસના રચયિતા વિશેનો છે તે ખૂબજ કાળજીપૂર્વકની વિચારણા માંગી લે છે.

ડૉ. એસ.કે. ડે ની મુખ્ય દલીલ મુજબ ફકત પ્રથમ આશ્વાસ કે જે લીલાશુકના નામે રહેલો છે તે ચૈતન્ય મહાપ્રભુ પાસે હતો જ્યારે તેઓ દક્ષિણભારતની મુલાકાતે ગયા. દક્ષિણ અને પૂર્વભારતની પોતાની યાત્રા દરમ્યાન ચૈતન્ય મહાપ્રભુ કૃષ્ણાવેણી નદીના કિનારે આવેલા એક મંદિરમાં રહેલી'કૃષ્ણકર્ણામૃતમ્'ની હસ્તલિખિત આવૃતિના સંપર્કમાં આવ્યા, તેની એક નકલ મેળવી પોતાની સાથે લઈ ગયા અને પોતાના અનુયાયીઓને તેનો જાપ કરવા ભલામણ કરી. "ચૈતન્ય કથામૃત"માં એવો ઉલ્લેખ થયો છે કે ચૈતન્ય મહાપ્રભુ આ ભકિતયુકત કાવ્યનું રસપાન કરી ખૂબ જ ધન્ય થયા અને એવું ભારપૂર્વક કહ્યું કે તે ભકિતયુકત કાવ્યની તોલે કશું જ આવી શકે તેમ નથી.

ઘણા લાંબા અહેવાલો બંગાળીમાં આ કાવ્ય પર લખાયા છે તેમાંનો કૃષ્ણવલ્લભનો અહેવાલ સોળમી સદીથી અસ્તિત્ત્વ ધરાવે છે. તેઓ દક્ષિણ ભારતના એક વિદ્વાન છે અને ચૈતન્ય કે જે દ્રવિડ ગોપાલભટ્ટ તરીકે જાણીતા છે, તેઓના શિષ્ય છે. બીજો એક અહેવાલ કે જેનું શીર્ષક શૃંગારઅંગદ છે અને કૃષ્ણદાસ કવિરાજે લખ્યો છે તે ખૂબ જ પ્રખ્યાત થયો છે. બંગાળના આ બધા જ વિવેચકો અને વિદ્વાનો સામાન્ય રીતે એવું માને છે કે ફકત પ્રથમ આશ્વાસ જ લીલાશુકનું અસલ સર્જન છે. આ એક એવું સાહિત્યિક સર્જન છે કે જેણે મહાપ્રભુને ખૂબ જ પ્રભાવિત કર્યા. જો આ રચના ત્રણ આશ્વાસો ધરાવતી હોય તો મહાપ્રભુ પોતાની સાથે ફકત પ્રથમ આશ્વાસ લઈ જાય એ કેમ શકય બને ? અને એ સમયે જો ત્રણે ત્રણ આશ્વાસો અસ્તિત્વ ધરાવતા હોય તો શું એ શકય છે કે પંઢરપુર મંદિરમાં રહેલા ભકતો પાસે એક જ આશ્વાસ હોય ?

પ્રથમ અશ્વાસની ચોક્કસ કથા છે જે તેના વિશે ચર્ચા કરીશું ત્યારે રજૂ કરીશું. બીજા અને ત્રીજા અશ્વાસમાં કથાની સાંકળ જળવાતી નથી. ઘણી જગ્યાએ જુદી જુદી અસરકારતા ધરાવતા છુટા છુટા શ્લોકોનું ઝુમખું ભાસે છે. આ બાબતને પુષ્ટિ આપતી વાત એ છે કે કેટલાક શ્લોકો જે છેલ્લા બે આશ્વાસમાં આવેલા છે તેઓ પ્રથમ આશ્વાસનું અનુકરણ હોય એવું લાગે છે, તેનું ઉત્તમ ઉદાહરણ એ છે કે કોઈ અસલ કવિ ત્રીજા આશ્વાસની શરૂઆત નીચે મુજબના શ્લોકથી થોડી કરી શકે ?

अस्ति स्वस्त्ययनं समस्तजगतामभ्यस्तलक्ष्मीस्तनं वस्तुध्वस्तरजस्तमोभिरनिशं न्यस्तं पुरस्तादिव ।

हुस्तौदस्तगिरीन्द्रमस्तक तरूप्रस्तारविस्तारित स्रस्तस्वस्तस्सूनसंस्तरलसत्प्रस्ताविराधास्तुतम् ॥

ઉપરોકત શ્લોક હકીકતમાં બીજા આશ્વાસનો ગુરુ વંદના પછીના બીજા શ્લોકનું અનુકરણ હોય એવું લાગે છે. જો બંને શ્લોકોને ઝીણવટથી તપાસીએ તો માલુમ પડશે કે બીજો શ્લોક એ કોઈ વ્યકિત દ્વારા થયેલું શુદ્ધ શ્લોકનું બેઠું અનુકરણ છે. 'કૃષ્ણકર્ણામૃતમ્'ના ખરા રચયિતાનું શબ્દ ભંડોળ એટલું ઓછું ન હોય કે તેને બીજા શરૂઆતના શ્લોકને આગળના શ્લોક જેમ કે સરખા તાલ અને વર્ણાનુપ્રાસમાં લખવાની ફરજ પડે. જેમાં પહેલો શ્લોક સહજ સરવાણી જેવો અને બીજો વિદ્વતાના ભારથી લદાયેલો છે. બીજા અશ્વાસના ૯૯ માં શ્લોકમાં વળી પ્રથમ અશ્વાસના ૨૯માં શ્લોકના વિચારને જ એક ઉદાહરણ આપીને વિસ્તાર્યો છે. ફકત સાહિત્યિક પુરાવાને આધારે જ કોઈનું હદબારનું મૂલ્યાંકન ન થઈ શકે. આપણે ઘણા એવા કવિઓથી પરચિત છીએ, જેઓએ થોડી ઉમદા કૃતિઓનું સર્જન કર્યું છે. સાથે સાથે તેઓએ સામાન્ય કહી શકાય એવું સર્જન પણ કરેલું છે. તેથી એ જરૂરી છે કે આપણે આપણી શોધખોળ ને સભાનપણે આગળ ધપાવવી જોઈએ.

દક્ષિણ ભારતમાંથી જે ત્રણ આશ્વાસો મળ્યા છે તેઓને શતક તરીકે પણ ઓળખાવી શકાય કારણ કે બધા જ આશ્વાસો સો ઉપર શ્લોક ધરાવે છે. આ ત્રણ શતકના ઘણા શ્લોકો, ભકિત રસથી સભર કાવ્યોના સંપાદનમાં જોવા મળે છે. ડૉ. રાજાએ ત્રણ જુદાં જદાં નામ ધરાવતાં ત્રણ સ્તોત્રો ઉપર કામ કર્યું છે –બિલ્વમંગલ સ્તોત્ર, કૃષ્ણ બાલચરિત અને બાલગોપાલ સ્તુતિ. આ ત્રણ સ્તોત્રોમાંની બાલગોપાલ સ્તુતિ ઓ.સી. ગાંગુલી દ્વારા ૧૫મી સદીમાં શોધાયેલી હતી જે ટુકડા સ્વરૂપે હતી અને તેમાં કૃષ્ણમકર્ણામૃતમ્ના ત્રણેય અશ્વાસોના શ્લોકોનો સમાવેશ હતો. બિલ્વમંગલની બિકાનેર હસ્તપ્રત કે જેમાં કુલ ૩૬૦ શ્લોકો છે. તેમાંના ૧૨ શ્લોકો 'કર્ણામૃતમ્'માંથી લીધેલા છે જે ૧૨ શ્લોકોમાંના ચાર શ્લોકો'બાલગોપાલસ્તુતિ'માં પણ આવેલા છે. 'કૃષ્ણબાલચરિત'માં ૨૮૫ શ્લોકો છે તેને ડૉ. રાજા બિલ્વમંગલ સ્તોત્રનું બીજું રૂપ છે. એમ કહે છે. આ સ્તોત્ર પણ કર્ણામૃતમ્ના ૧૨ શ્લોકો ધરાવે છે. જો કે બંને સ્તોત્રમાં અપાયેલ શ્લોકનાં ક્રમમાં ઘણો તફાવત છે.

પ્રસ્તુત હકીકતો પરથી એવો કયાસ નીકળશે કે ૩૦૦ થી વધુ શ્લોકો બિલ્વમંગલ નામક કવિ સાથે જોડાયેલા છે, જેણે દેશના જૂદા જૂદા પ્રદેશોમાં સારી એવી ખ્યાતિ પ્રાપ્ત કરી હતી. 'કર્ણામૃતમ્'ની

કેરળની એક આવૃત્તિમાં છેલ્લા અશ્વાસનાં અંતિમ શ્લોકમાં આ કાવ્યમાં શ્લોકોની સંખ્યા ૩૦૩ છે એવું ચોકકસ રીતે વ્યકત થાય છે. આ બાબત સમજી શકાય તેવી છે કારણ કે 'શતક'માં સામાન્ય રીતે શરૂઆતની પ્રાર્થના કે અંતે પૂર્ણાહુતિ વ્યકત કરતો કે બંને વ્યકત કરતા વધારાના શ્લોકો હોય છે. આપણે અગાઉ જોયું તેમ 'કૃષ્ણકર્ણામૃતમ્' બંને પ્રકારનાં શ્લોકો ધરાવે છે ફકત એ જ શકય નથી કે અમુક શ્લોકો કાવ્યમાં ખોટી રીતે ઉમેરાયા હોય પરંતુ એ પણ શકય છે કે એ જ કાવ્યનાં અમુક શ્લોકો વિવેચક વાચકનાં ધ્યાનમાં ન પણ આવ્યા હોય.

જો ૧૫મી સદીથી કર્ણામૃતમ્નાં ત્રણેય આશ્વાસો દેશના  જુદા જુદા ભાગોમાં લોકપ્રિય થયા હોય તો એવું માની શકાય કે કર્ણામૃતમ્ના ત્રણેય આશ્વાસો ઘણા સમયથી અસ્તિત્વમાં હશે. અને તેઓને વિલ્વમંગલ કે બિલ્વમંગલ નામના સંત કવિની રચના હોવાનું મનાય છે. એવું પણ માનવામાં આવે છે કે એકલા કેરળમાં જ બે કે ત્રણ સંત વિદ્વાનો હતા. તેથી બિલ્વમંગલે 'કર્ણામૃતમ્'ની રચના કરી હશે કે કેમ એ બાબત શંકા ઉપજાવે તેવી છે, કારણ કે ત્રણેય આશ્વાસો માનદેવ– બિલ્વમંગલ–નારાયણ ભટપાદ યુગની પહેલાં જાણીતા થયા હતા અને સંપાદિત થયા હતા. પ્રશ્ન એ ઉપસ્થિત થઈ શકે કે બીજો અને ત્રીજા આશ્વાસ બીજા બિલ્વમંગલ, કે જે લીલાશુક (જેનો ઉલ્લેખ પ્રથમ આશ્વાસની પૂર્ણાહુતિમાં થયો છે) પછી અમુક સદી કે અમુક સમયે અસ્તિત્વ ધરાવતા હતા.

આંધ્રપ્રદેશ અને બંગાળ સહિત જુદા જુદા  પ્રદેશોએ કવિ જે ને પોતાના હોવાની વાતો રજુ કરી છે. દેખીતી રીતે જ 'કર્ણામૃતમ્' મદ્રાસ (ચેન્નઈ)માં ઉત્તર ભાગમાં ખૂબજ પ્રચલિત હતું. જો એમ ન હોત તો ચૈતન્ય મહાપ્રભુએ કૃષ્ણા નદીને કિનારે આવેલા પંઢરપુરમાંથી તેની પ્રત મેળવી ન હોત. આપણે જાણીયે છીએ કે તેઓ એક જ આશ્વાસના સંપર્કમાં આવેલા. એમાં કશું આશ્ચર્ય નથી જો તે પ્રદેશના લોકો એવા તારણ પર આવે કે આવું સુંદર કાવ્ય જે તેઓમાં ખૂબ જ ખ્યાતિ પામ્યું છે તેના રચયિતા પોતાના જ પ્રદેશના હોય. મહાપ્રભુએ ભારપૂર્વક જણાવ્યું છે કે તેઓ કાવ્યની પ્રત દક્ષિણ ભારતમાંથી બંગાળમાં લઈ ગયા હતા. આ પરથી કવિ બંગાળી કે ઓરિસ્સા પ્રદેશના હોવાની વાત નકારી શકાય પરંતુ બંગાળ અને ઓરિસ્સામાં સંત બિલ્વમંગલ વિશેની ઘણી દંતકથાઓ પ્રચલિત છે. Dr. K.P.A. Memon કહે છે, "ત્યાંની સ્થાનિક ભાષામાં તેઓ બિલ્વમંગલ ઠાકુર તરીકે જાણીતા છે. ગ્રામ્ય બંગાળમાં જુદી જુદી વાર્તાઓ આવા સંત વિશે સાંભળી છે. રાત્રે નદી પાર કરી સામા કાંઠે

રહેલી વેશ્યાને ઘેર પહોંચવું એ વિશે તો હું પણ પરિચિત હતો. જ્યારે હું ૧૯૭૯માં પુરીનાં મંદિરમાં ગયો ત્યારે પૂર્વ ભારતનાં બિલ્વમંગલ વિશે જુદી માહિતી મેળવી જ્યારે હું પુરી મંદિરમાં ગયો ત્યાં મારો સંપર્ક રથ (Rath) નામનાં વિદ્વાન સાથે થયો. તેની વિદ્વત્તા અને ઊંડી ભકિતથી હું પ્રભાવિત થયો અને એ પણ કર્ણામૃતમ્ વિશેની જાણકારી હું ધરાવું છું એ જાણી આનંદિત થયા. એ મારા કાર્યથી પરિચિત હતા અને તેઓ પૂર્વ ભારતનાં બિલ્વમંગલ વિશે કંઈક જાણતા હતા. એક લોકવાયકા મુજબ આ બિલ્વમંગલ ભગવાન જગન્નાથના દઢ ભકત હતા અને કલાકો સુધી ધ્યાનમાં બેસી ચિંતન કરતા આવા જ એક ચિંતન દરમ્યાન તેઓને અષ્ટભુજા સ્વરૂપ વિષ્ણુના દર્શન થયા હતા. ભગવાનનું પરંપરાગત ચર્તુભુજ સ્વરૂપ જેમાં ચાર હાથમાં શંખ, પદ્મ, ગદા અને ચક્ર હોય છે તેમ વધારાના બીજા ચાર હાથોમાંના બે હાથમાં વાંસળી અને બીજા હાથોમાં ધનુષ અને બાણ રહેલા છે જે ભગવાન રામનું પ્રતીક છે. ભગવાનનું આવું સ્વરૂપ રામ તેમજ કૃષ્ણનું સંયુકત સ્વરૂપ હતું. બિલ્વમંગલ ઠાકુર ભાવાવેશની પરાકાષ્ઠાએ પહોંચ્યા અને તેમણે પોતાના શિષ્યો સમક્ષ આ સ્વરૂપનું વર્ણન કર્યું. અંતે તેમણે એવી તીવ્ર લાગણી સાથે આંખોના દીવા બુઝાવી નાખ્યા કે ઈશ્વરનાં આ દર્શન પછી બાહ્ય જગતનું દર્શન પોતે હવે નહીં કરે.એવું પણ માનવામાં આવે છે કે સમુદ્રના મોજાની અંદર ચાલતા ચાલતા તેઓએ સમાધિ લીધી. વિષ્ણુ ભગવાનનું અષ્ટભુજા સ્વરૂપ તેઓએ 'ચિંતામણિ' તરીકે ઓળખાવ્યું અને એ જ સ્વરૂપને થોડા સમય પછી મંદિરની દિવાલમાં કોતરવામાં આવ્યું અને કોતરણી એટલી નાની (સૂક્ષ્મ) છે કે સામાન્ય રીતે પ્રદક્ષિણા કરતા ભકતોનાં ધ્યાનમાં ન આવે શ્રી રથ પોતે મને તે જગ્યાએ લઈ ગયા અને મને તે સ્વરૂપ બતાવ્યું.

લીલાશુક બિલ્વમંગલે મસ્તક પર મોરપીંછ શોભાવતા ભગવાનને ચિંતામણિ તરીકે વર્ણવ્યા હતા. એ કેવું કે પુરીના બિલ્વમંગલ સંતે તેને થયેલા દર્શન સ્વરૂપને પણ ચિંતામણિ તરીકે વર્ણવ્યું ? તેના પર ચિંતન કર્યા બાદ મને લાગ્યું કે મેં જવાબ મેળવી લીધો અને તેની ચર્ચા વિદ્વાન મિત્ર સાથે કરી. શ્રીચૈતન્ય 'કર્ણામૃતમ્'ને પૂર્વ ભારતમાં લઈ ગયા હતા. તેણે તે કાવ્યનો પ્રથમ આશ્વાસ કે જે તે પ્રદેશના વૈષ્ણવ મંદિરોમાં પ્રસિદ્ધ હતો તેનું બંગાળી ભાષાંતર કર્યું. મહાપ્રભુ પોતે રોજ તેનો જપ કરતા. બિલ્વમંગલ ઠાકુર પણ 'કર્ણામૃતમ્' માં ગળાડુબ હશે. તે ભગવાન ચિંતામણિના ચરણ કમળ

વિશે જ ચિંતન કરતા. અને તેનાથી વિશેષ સ્વાભાવિક શું હોઈ શકે કે જ્યારે તેમને દર્શન થાય અને તે સ્વરૂપને ચિંતામણિ તરીકે વર્ણવે ? મારા મત મુજબ આ બાબત બિલ્વમંગલ કવિનું જન્મ સ્થળ બંગાળ કે ઓરિસ્સા તે મતભેદનું પણ સમાધાન કરે છે. પૂર્વ ભારતમાં કોઈ બિલ્વમંગલ કે જે બંગાળમાં બિલ્વમંગલ ઠાકુર કહેવાતા તે પણ ગળાડુબ ભકત હતા અને વિદ્વાન પણ હોઈ શકે તેઓ પણ કર્ણામૃતમ્‌ના રસામૃતમાં ગળાડૂબ હતા જે રીતે મહાપ્રભુ પોતે હતા."

## (૬) ચિંતામણિનો સંદર્ભ :-

જુદી જુદી દંતકથા મુજબ એવું પણ મનાય છે કે શુભેચ્છા પંકિતઓની શરૂઆતમાં આવતો 'ચિંતામણી' શબ્દ એક ગણિકાનો સંદર્ભ વ્યકત કરે છે કે જેણે કવિને મોક્ષના રસ્તે ચાલવા માટે પ્રેરિત કર્યા. આ સંદર્ભમાં તે લીલાશુકની સાચી ગુરુ ગણી શકાય અને કવિએ આ રીતે તેને ગૌરવભર્યું સ્થાન શરૂઆતમાં જ તેના નામનો ઉલ્લેખ કરીને આપ્યું.

દંતકથા મુજબ ઇન્દ્રીયગમનમાં ગળાડૂબ રહેતા લીલાશુક નદીને સામે પાર રહેતી ગણિકાને ત્યાં અવાનરનવાર જતા. તેને મળવાની ઉત્તેજના એટલી હતી કે તે એક રાત્રિ પણ તેને મળ્યા વગર રહી શકતા ન હતા. એક મોડી સાંજે નદીમાં પૂર આવ્યું હતું પ્રવાહ ખૂબ તીવ્ર હતો પણ તે પોતાના નિર્ણયને બદલી શકયા નહી. સામેકાંઠે પહોંચવા તેણે પૂરમાં ઝંપલાવ્યું. અધવચ્ચે પ્રવાહ એટલો તીવ્ર હતો પરંતુ તેઓ કોઈ વસ્તુને ઝકડી રહ્યા જે વાસ્તવમાં એક મૃતદેહ હતો. સામેપાર પણ ચાલી શકાય તેમ ન હતું છતાં તેઓ ગણિકાના શયનખંડ સુધી લટકતા દોરડા પર ચડીને પહોંચી શકયા. પોતાના આ સાહસ વિશે તેણે ગણિકાને ખૂબ જ ઉત્સાહપૂર્વક જણાવ્યું. આ બાબત જાણીને ચિંતામણિને ખૂબ જ આશ્ચર્ય થયું કારણ કે બારીમાં કોઈ દોરડું લટકતું ન હતું. પાછળથી સત્ય સમજાયું કે એ દોરડું નહી પણ સાપ હતો. નમ્રગણિકા ખેદ પૂર્વક કહે છે, "મારા જેવી સામાન્ય સ્ત્રી માટે તમે આટલી તકલીફ ઉઠાવી ! આજ ઉત્કટતાને તમે જો ઈશ્વર તરફ વાળી હોત તો તમને મોક્ષ મળ્યો હોત.

પછી તેમને સાચી વાતનું ભાન થાય છે. ગણિકાની સલાહ માનીને બાકીનું જીવન ઈશ્વરની આરાધનામાં ગાળવાનું નકકી કરે છે. પોતાની કારકીર્દિની શરૂઆતમાં 'કર્ણામૃતમ્'ની રચના કરી પોતાના ઇન્દ્રીયગમન સ્વભાવે તેને છોડયા નહી પણ હવે એ સ્વભાવ ઈશ્વર પ્રત્યેનો હતો. ડૉ. એસ.કે.ડે મુજબ કર્ણામૃતમ્ કૃષ્ણની લીલાઓનું વર્ણન નથી પણ પ્રિય ઈશ્વરની લાગણીસભર પ્રશસ્તિ છે, જે પ્રેમ નશામાં

સમર્પિત રીતે મધુર શબ્દો અને કલ્પનાઓથી વ્યકત થયો છે.

વિખ્યાત વ્યકિતઓ વિશે આવી ઘણીવાતો થતી હોય છે પરંતુ તેને ગંભીરતાથી કે ઇતિહાસ તરીકે સ્વીકારી લેવાની જરૂર નથી. એક દંતકથા મુજબ કવિ કાલિદાસ એટલી હદે મૂર્ખ હતા કે જે ડાળ પર તે બેઠા હતા તેને જ કાપતા હતા. તેનામાં પરિવર્તન 'કાલી' દેવીના આશીર્વાદ પછી આવ્યું . વિરોધાભાસ દ્વારા કોઈ વ્યકિતને પ્રસિદ્ધિની પરાકાષ્ટાએ પહોંચાડવો એ લોકોની ટેવ છે. તેથી એમ પણ કહી શકાય કે એક જ દંતકથા ઉત્તર કે દક્ષિણના બીજા સંતોને પણ લાગુ પાડી શકાય. બિલ્વમંગલ સંબંધિત કથાઓ પ્રદેશ અનુસાર જુદી જુદી છે.

'ભકતમાલા'માં રહેલી કથા મુજબ ચિંતામણિ બિલ્વમંગલની ઉપપત્ની હતી. બંને કૃષ્ણાવેલી નદીના વિરુદ્ધ કાંઠે રહેતા હતા. કમને બિલ્વમંગલે સામા કાંઠે તેના પિતાજીની અંતિમ ક્રિયામાં જવાની ફરજ પડી. પ્રેમાસકત એવા તેણે અનિચ્છાએ નદી પાર કરવાનું વિચાર્યું પરિવર્તન બાદ બિલ્વમંગલ પ્રવાસી બન્યા તેમણે ઘણા મંદિરોની મુલાકાત લીધી અને અંતે વૃંદાવન આવ્યા. ચિંતામણિ કે જેણે તપસ્વી જીવન સ્વીકારી લીધું હતું. બંને એ સાથે રહી વૃંદાવનમાં જ મોક્ષ મેળવ્યો.

કેરળની દંતકથા ચિંતામણિને નાયર સ્ત્રી તરીકે ઓળખાવે છે. જ્યારે યુવાન કામી બ્રાહ્મણ તેની પ્રેમિકાના ઓરડામાં જાય છે તો તેણીને તે અશુદ્ધ પામે છે. બન્ને નિરાશ થાય છે. જેટલી તકલીફો ઉઠાવી હતી એ બધી જ વ્યર્થ ગઈ. પોતાની આવી ભક્તિ ઈશ્વર તરફ વાળી હોત તો ! આવા ચિંતામણિના વિધાને તેને પોતાના જીવન વિશે વિચારવા પ્રેર્યા કે ઈશ્વરે આપેલી ભેટનો તેણે કેવો ઉપયોગ કર્યો હતો. આ વિચારે તેનું પરિવર્તન આણ્યું.

કેરળમાં બિલ્વમંગલ વિશેની વિવેચનાઓમાંની એકમાં વિવેચકે બિલ્વમંગલના ગણિકા સાથેના સંબંધનો ચોકકસ સંદર્ભ આપ્યો છે.

शोऽहं मोहनविल्वमङ्गलक विर्वेश्यानुरक्तस्तस्यावज्ञातोडननुरुपकार्यवशतो निर्विद्य वैराग्यभाक् ।

चक्रे सोमगिरीश्शुकाह्वयमुनिः श्रीकृष्णकर्णामृतस्तोत्रं भक्तिरसायनाख्यमिहतद्वाख्यानमाख्याते ।।

## (૭) કૃષ્ણ લીલાશુક – વ્યાકરણશાસ્ત્રી :-

કૃષ્ણલીલાશુકના જીવન અને સમય વિશે હજુ ચોક્કસ વધુ માહિતી છે કે તેઓ દૈવવાર્તિક પુરુષકરના કર્તા છે. રચનાનું શીર્ષક તેના મત મુજબ યથાર્થ જ છે કારણ કે ઈશ્વરની ભેટમાંથી ઉત્કૃષ્ટ પ્રાપ્તિ પોતે જ કરી શકે આ રચનાની પુષ્પિકામાં લેખકને કૃષ્ણના ભકત કહ્યા છે, જેનું નામ કૃષ્ણ લીલાશુક છે.

उक्तानुक्तद्विरुक्तानि स्थाने स्थाने विवृण्वता ।
कृष्णलीलाशुकेनैवं कीर्तितं दैववार्त्तिकम् ।।
कृष्णलीलाशुकस्येयम् कृतिः कृतिमनोहर ।
पुष्णाति कृष्णसम्प्रीतम् भुवनान्यनुपुष्यतु ।।

શરૂઆતની મંગળ પંક્તિઓ પણ કૃષ્ણની પ્રશસ્તિ કરે છે. 'શૃંગારપ્રકાશ' ના કર્તા ભોજદેવ, વ્યાકરણશાસ્ત્રી હેમચંદ્ર અને બોપદેવ કે જે ૧૩ મી સદીના ઉતરાર્ધમાં થયા તેઓના ખેડાણને પણ લેખક માન્યતા આપે છે. ૧૪ મી સદીના ઉત્તરાર્ધમાં થયેલા "ધાતુવૃત્તિ"ના કર્તા સાયણાચાર્ય પણ 'પુરુષકર' ને માન્યતા આપે છે. તેથી જ ચોક્કસ રીતે કહી શકાય કે ૧૩ મી સદીના ઉતરાર્ધ તેમજ ૧૪ મી સદીની શરૂઆત કૃષ્ણલીલાશુકનો સમયગાળો કહી શકાય.

બાર આશ્વાસમાં રહેલી બીજી એક વ્યાકરણ રચના કે જે વરરુચિના 'પ્રાકૃતસૂત્રો' સાથે સંબંધિત છે તેના વિશે પણ ઘણી માહિતી મળે છે. દરેક આશ્વાસની અંતિમ પંક્તિમા 'શ્રી' (Sri)શબ્દ આવે છે. તેને કારણે આ રચનાનું શીર્ષક શ્રીચિહ્ન એવું રાખવામાં આવ્યું છે. તેને 'ગોવિંદાભિષેક' નામનું ઉપશીર્ષક પણ છે. પ્રથમ આઠ આસ્વાસ વિલ્વમંગલે લખ્યા છે અને છેલ્લા ચાર તેના શિષ્ય દુર્ગાપ્રસાદયતિ દ્વારા ઉમેરવામાં આવ્યા છે. 'શ્રી ચિહ્ન' બિલ્વમંગલની અંતિમ કૃતિ હતી. તેના મૃત્યુ બાદ તેમના શિષ્યે રચના પૂર્ણ કરી હતી.

આ શિષ્ય પાસેથી ઘણી રસપ્રદ બાબતો મળે છે. 'શ્રી ચિહ્ન'ના કર્તા શ્રીકૃષ્ણલીલાશુક બીજા બે ઉપનામોથી પણ ઓળખાય છે. – કોદન્ડમંગલ અને કપામંગલ તેઓ મલયાલમ શબ્દ 'વીલ્લુ' (નમસ્કાર) ના સમાનાર્થી છે. મહાન કવિ ઉલ્લુરે 'કેરલ સાહિત્ય કરીત્રમ'માં તેમજ કેરળ

સાહિત્યે બ્રાહ્મણનું ઘર ઓળખવા પ્રયત્ન કર્યો છે જ્યાં લીલાશુક જન્મ્યા હતા. આ કુટુંબનું મૂળ વરાહા અથવા પન્નીપુર ગામમાં હતું. આ કુટુંબની એક શાખા ઉત્તરીય ટ્રાવણકોરમાં આવેલા પરાવુરમાં સ્થળાંતરિત થઈ જમીન અને મિલ્કત ઉભી કરી 'વેલ્લા' કુટુંબની આ શાખા 'વેલ્લુમંગલમ' તરીકે જાણીતી થઈ. વિદ્વાનો સંસ્કૃત સિવાયના મલયાલમ શબ્દોનો લખાણમાં તેમજ વાતચીતમાં ઉપયોગ ટાળે છે. તેથી 'પૂચા', 'બીલાડી', 'નાયા' (કૂતરો) જેવા શબ્દો સામાન્ય રીતે વિદ્વાન બ્રાહ્મણો દ્વારા વપરાતા નથી તેને બદલે તેઓ 'મર્જારા' અથવા 'સુનાકા' જેવા શબ્દો વાપરે છે તેથી બિલ્વમંગલમ્ કે જે કૃષ્ણલીલાશુકાનું કૌટુંબિક નામ હતું તે બદલાઈને 'કોદન્ડમંગલમ્' કે 'ક્રપામંગલમ્' થયું. પરંતુ આગળ ઉપર વિલ્વમંગલ કે બિલ્વમંગલ બોલવું જ સરળ બન્યું કે જે નામ પવિત્ર એવા બિલ્વવૃક્ષનું સ્મરણ કરાવે છે.

આ હકીકતો દ્વારા એવી દલીલ અને માન્યતાનો અસ્વીકાર થાય છે કે બિલ્વમંગલ નામ બિલ્વ વૃક્ષ કે તે સંતના ઘર આંગણે હતું, તે પરથી પડયું છે. છતાં તે બાબતને પાયાવિહોણી ન ગણી શકાય.

કર્ણામૃતમ્‌ના બીજા આશ્વાસમાં એવું ભારપૂર્વક કહેવાયું છે કે રચયિતા અને તેના ઘરના સભ્યો પરંપરાગત રીતે શિવ ભક્તો હતા પણ પોતે પોતાની જાતને કૃષ્ણભક્તિમાં ગળાડૂબ થતાં ન રોકી શકયા.

शैवा वयं न खलु तत्र विचारणीयम् पञ्चाक्षरीजपपरा नितरां तथाऽपि ।

चेतो मदीयमतसीकु सुमावभासं स्मेराननं स्मरति गोपवधू किशोरम् ।।

તેનાથી બીજું શું સ્વાભાવિક હોય કે બિલ્વવૃક્ષ કાયમ માટે તેના ઘર આંગણે સ્થાન પામે ? કોઈપણ સંજોગોમાં એમ જ લાગે છે કે કોદન્ડમંગલમનું રૂપાંતરણ સરળ એવા વિલ્વમંગલ કે બિલ્વમંગલમાં થયું છે. આ બાબત તેના જન્મ સ્થળ વિશેના વિવાદનું પણ સમાધાન કરે છે. કૃષ્ણલીલાશુક કે જે બિલ્વમંગલ તરીકે પ્રખ્યાત છે તેના પરનો કેરળનો અધિકાર નકારી શકાય નહી. આ બાબતને સમર્થન આપતા વધુ પુરાવા પણ છે.

'શ્રીચિહ્ન' નાં પ્રથમ આશ્વાસમાં કર્ણામૃતમના રચયિતાને પદ્મપાદના શિષ્ય તરીકે ઓળખાવ્યા છે.

श्रीपद्मपादमुनिवर्यविनेयवर्गश्रीभूषणं मुनिरसौ कविसार्वभौमः ।

श्रीकृष्णरूप्रपरमामृतपानशीलके तदीयचरितं बहुधा हिताय ।।

**પદ્મપાદ એ આદિશંકરના શિષ્ય અને સમકાલીન છે કે જે થ્રૈસુર મઠ સાથે સંકળાયેલા છે. કૃષ્ણલીલાશુક પ્રખ્યાત પદ્‌મપાદના શિષ્ય ન હોઈ શકે કારણ કે આપણે સ્વીકાર્યું છે કે પુરુષકરના રચયિતા (કૃષ્ણલીલાશુક)નો સમયગાળો ૧૨૮૦-૧૩૨૦ છે. થ્રૈસુર મઠના અધિપતિઓને પદ્મપાદ તરીકે જ ઓળખાય છે. તેનું કારણ અસલ પદ્મપાદની પવિત્ર યાદને કાયમ રાખવા માટે છે. કેરળ પ્રણાલિકા મુજબ લીલાશુક સંન્યાસ લઈ થ્રૈસુર મઠ સાથે સંકળાયેલા તપસ્વી બન્યા.**

**નવમાં આશ્વાસમાં દુર્ગાપ્રસાદયતિ ઉલ્લેખ કરે છે કે પોતાના ગુરુએ શરૂ કરેલ અને અધૂરું છોડેલ પવિત્ર કાર્યને પૂર્ણ કરવાની જવાબદારી પોતે લીધી.**

श्रीकृष्णलीलाशुकबद्धकाव्यं वितृत्य लोकस्य हिताय पूर्व ।

तच्छेषपूर्ति पुनर्विधाय विवृण्महे डथोत्तरभागमेतम् ।।

मुक्तिस्थलालयशिवापदभक्तिलेशाद् दुर्गाप्रसादयतिरित्यभिधां दधानः ।

कर्ता खयं सुकृतमात्रफलान्यभीप्सुः कृष्णेडर्पयाम्यथ विशुद्धिकरा महान्तः ।।

**મૂક્તસ્થલી કે જે અત્યારે માલપુરમમાં આવેલું છે અને મૂકોલા કે મૂકુતલા તરીકે જાણીતું છે. ત્યાં આવેલા શિવમંદિરના ભકત દુર્ગાપ્રસાદયતિ હોય એવું લાગે છે. મૂક્કલા (મૂકોલા) ના ઘણા મંદિરો આદિશંકરે પવિત્ર બનાવ્યા કે જેણે મુકતસ્થલીમાં થોડો સમય ઊંડા ચિંતનમાં ગાળ્યો. દુર્ગાપ્રસાદયતિ પોતે બિલ્વમંગલના ખૂબ નિકટતમ વ્યકિત હતા અને આદિશંકરના શિષ્ય સાથેના તેઓના સંપર્કને કારણેએ સ્વાભાવિક છે કે તેઓ જગદ્‌ગુરુ દ્વારા પવિત્ર કરાયેલા મંદિર સાથે સંપર્ક રાખે. મુકતસ્થલી કે જે સૂકુપુરગ્રામમાં આવેલું છે, ત્યાંથી થોડે જ અંતરે પન્નીપુરગામ કે જે ઉલ્લુરના સંશોધન મુજબ બિલ્વમંગલ કુટુંબનું સાચું ઘર છે. તેથી એ ખોટી ધારણા નહીં બને કે લીલાશુકના પૂર્વજો કેરળના નામપુતીરી બ્રાહ્મણો હતા, જે પન્નીયાર (દક્ષિણ મલબાર) માં આવી વસ્યા અને મોડેથી સ્થળાંતર કરી ઉત્તરીય ટ્રાવનકોર ગયા અને થ્રૈસુર મઠના સંપર્કમાં આવ્યા. એ પણ શકય છે કે આ કુટુંબે ઘણાં સંતોને જન્મ આપ્યો હોય અને તેમાના અમુક કદાચ બિલ્વમંગલ અને લીલાશુક તરીકે જાણીતા થયા હોય. એ અજુગતું નથી કે એક અથવા બન્ને નામો એક જ પેઢીમાં ઉત્તરોત્તર એક કરતાં વધારે**

વ્યક્તિઓના રખાયાં હોય. રાજા ઝામોરીને હંમેશા માનવિક્રમ નામ જ રાખ્યું છે અને સેરા રાજવીઓ હંમેશા કુલશેખર તરીકે જાણીતા છે.

## (૮) બિલ્વમંગલ સ્વામીયાર અને અનંતપુર (થીરૂવંતપૂરમ્) દંતકથા :-

કેરળના ભક્તોમાં બિલ્વમંગલ સ્વામીયાર નામ પ્રખ્યાત છે. કેરળના જુદા જુદા ભાગોમાં ઘણાં દેવતાઓ અને ઘણા મંદિરો છે, જે સંત બિલ્વમંગલ કે મલયાલમમાં વિલ્વમંગલ સ્વામીયાર દ્વારા પવિત્ર બનાવાયા હોય. અનંતપુર સિવાયનાં બધાં જ મંદિરો કેરળની મધ્યમાં આવેલાં છે. અનંતપુરમાં રહેલું શ્રીપદ્મનાભ મંદિર ઈ.સ. ૯ મી સદીથી છે અને જો પૂર્વ બિલ્વમંગલ ૯ મી સદીથી મોડા ન થયા હોય તો કદાચ તે મંદિર સાથે કશુંક જોડાણ હોઈ શકે, એ મંદિર ઈ.સ. ૮૨૭ માં બંધાયું હોવાનું મનાય છે. એવું પણ લખાણ છે કે આ મંદિરના સંસ્થાપક એક તુલુ બ્રાહ્મણ હતા જેનું નામ દિવાકર હતું. એવી પણ દલીલો છે કે આ મંદિર ઈ.સ. ૯ મી સદી પહેલા પણ હતું. પરંતુ આ બાબત બિલ્વમંગલના આ મંદિર સાથેના સંપર્કની દંતકથાને અસંગત બનાવતી નથી કારણ કે બિલ્વમંગલે નવું મંદિર નથી સ્થાપ્યું પણ પેટે ચાલતા સર્પ સ્વરૂપ વિષ્ણુ અનંત પદ્મનાભનું જૂનુ મંદિર જ ફરી શોધ્યું છે. જો કોઈ એવા બિલ્વમંગલ હોય તો તે ઈ.સ. ૯ મી સદી આસપાસ જ થયા હોવા જોઈએ જે પુરુષકરના રચયિતા કૃષ્ણલીલાશુકથી અલગ છે.

જો આવી ધારણા સાથે આગળ વધીએ તો કૃષ્ણલીલાશુક બિલ્વમંગલ એ બિલ્વમંગલ સ્વામીયાર ન હોઈ શકે કે જેનું નામ ગાઢ રીતે દેવો અને દેવીઓના મંદિરો સાથે સંકળાયેલું છે. તેમજ પહેલા બિલ્વમંગલ કે પછીના બિલ્વમંગલ માનદેવના સમકાલીન તરીકે ન ઓળખાવી શકાય. ૧૭ મી સદી સુધીમાં બિલ્વમંગલ સ્વામીયારનું નામ જે મંદિરો સાથે સંકળાયેલું છે તેઓ અસ્તિત્ત્વમાં હતા જ અને અમુક પેઢીના લોકોને જાણીતા પણ હતા. અગાઉ કહ્યા મુજબ કર્ણામૃતમના એક પણ આશ્વાસના રચયિતા તે ન હતા તેથી આપણે યોગ્ય ન્યાયપૂર્ણ રીતે કહી શકીયે કે બિલ્વમંગલ નામ ધરાવતા ઓછામાં ઓછા ત્રણ સંતો કેરળમાં હતા અને તેમના એક પ્રથમ આશ્વાસના કર્તા હતા અને એ શકય છે કે બીજા આશ્વાસોના કર્તા કોઈ બીજા જ હોય, કદાચ બંને કે જેઓ બિલ્વમંગલ નામ ધરાવતા હતા. જો બીજો અને ત્રીજો આશ્વાસ કોઈ બે જુદા જુદા સંત કવિ દ્વારા લખાયા હોય તો આપણી પાસે વિલ્વમંગલોની એક શૃંખલા ઉભી થશે જેમાં ચાર કરતા ઓછા બિલ્વમંગલો નથી અને

બધા કેરળના જ છે. તે આ ઉપરાંત એક અથવા વધારે આવા સંતો ભારતના બીજા ભાગમાંથી પણ છે. આપણે એવું પણ શોધ્યું છે કે એક સંત કે જે ભગવાન જગન્નાથ (પુરી)ના ભકત હતા તે પણ બિલ્વમંગલ તરીકે જાણીતા હતા. સંસ્કૃત નામ બિલ્વમંગલનું સ્થાનિક સ્વરૂપ બિલ્વમંગલ છે તે બીજા કેટલાક લોકો દ્વારા પોતાનું નામ ઉજ્જવળ બનાવવાના આશયથી ધારણ કરાયું હોવાની શકયતા પણ છે. માત્ર એક જ આશ્વાસ સહિતના બંગાળી કર્ણામૃતમની ૧૯૫૭માં શોધ થયા પછી ત્રણ આશ્વાસોની આ કૃતિને (જે કેરળમાં મલયાલમ લખાણમાં છે)ડૉ. એસ.કે. ડે. મુજબ લીલાશુકની કર્ણામૃતમ્ કૃતિ ઉત્તરીય અને દક્ષિણીય લખાણ કૃતિનુ ખૂબ જ વિસ્તૃત લખાણ પુરુ પાડે છે, જેના ત્રણ આશ્વાસોમા દરેકમાં ૧૦૦ થી વધારે શ્લોકો છે. જ્યારે ખૂબ જ આશ્ચર્ય રીતે બંગાળી પુનઃસંશોધિત પાઠ આ દક્ષિણ ભારતીય પુસ્તકને પ્રથમ એક જ આશ્વાસને ખૂબ જ વફાદારીપૂર્વક જાળવ્યો હોય એવું લાગે છે કે જેમાં ૧૧૨ શ્લોકો છે. પ્રથમ આશ્વાસના અંતિમ શ્લોકોમાં કવિ પોતાના માતા-પિતાનો (દામોદર-નીલી) અને ગુરુ ઈશાનદેવનો સન્માન પૂર્વક ઉલ્લેખ કરે છે જ્યારે શરૂઆતના શ્લોકમાં સોમગિરિને પોતાના આધ્યાત્મિક ગુરુ તરીકે ઓળખાવે છે. કવિ પોતાને લીલાશુક તરીકે જ ઓળખાવે છે. બિલ્વમંગલ નામનો ઉલ્લેખ કર્યા વગર અને તે પોતાનું પુરુંનામ કૃષ્ણલીલાશુક પણ આપતા નથી આ હકીકત મહત્ત્વની છે, કારણ કે એક કરતાં વધારે બિલ્વમંગલ અને કૃષ્ણલીલાશુક કે જે મુખ્યત્વે વ્યાકરણશાસ્ત્રી તરીકે જાણીતા છે, હોવાની શકયતા છે. આ બે નામોને લીલાશુકના સંદર્ભમાં તપાસવા માટે આ ઉપરાંત સમય અને રચયિતાના ઇતિહાસ વિશે કશી વિશ્વસનીય માહિતી ઉપલબ્ધ નથી. દક્ષિણ ભારતના ઘણા પ્રદેશો અને મઠો લીલાસૂકા પોતાના પ્રદેશ કે મઠ સાથે સંબંધિત હોવાની વાતો રજૂ કરે છે અને તેના સમર્થનમાં સ્થાનિક દંતકથાઓ પણ રજૂ કરે છે અને એક કે બીજી દંતકથાઓ પરની શ્રદ્ધા વ્યકિતને તેનો સમયગાળો ૯ મી સદીથી ૧૫ મી સદી વચ્ચેનો હોવાનું માનવા પ્રેરે છે. એ પાયા વિહોણી વાત નથી કે ડૉ. એસ. કે. ડે. જેવા વિદ્વાન દક્ષિણ ભારતીય અને પશ્ચિમ ભારતીય પુનઃ મુદ્રિત પાઠો કદાચ એક કરતાં વધારે વ્યકિતઓ દ્વારા લખાયા હોય તેની ધારણા કે એક કરતા વધારે બિલ્વમંગલ હોઈ શકે તે એકદમ સત્ય છે. એવું પણ ધારવામાં આવે છે કે વ્યાકરણશાસ્ત્રી કૃષ્ણલીલાશુક કે જે કેરળમાં લગભગ ઈ.સ. ૧૩૦૦ આસપાસ થઈ ગયા તે કોઈ કૃષ્ણકર્ણામૃતના સર્જક હોઈ શકે જે આપણી ચર્ચાનો વિષય હોઈ શકે.

સાહિત્યિક પુરાવાઓ એવું માને છે કે પ્રથમ આશ્વાસ બીજા અને ત્રીજા આશ્વાસના રચયિતા કરતાં કોઈ જૂદા જ  રચયિતા ની રચના હોય. જુદી જુદી કવિતાઓની સંપૂર્ણપણે લાગણી સભર રીતે એક સૂત્રતામાં ગૂંથેલી અને પોતાના પ્રિય ઈશ્વરના દર્શનની ઝંખનાની પરાકાષ્ટા બીજા આશ્વાસોમાં એ કક્ષા સુધીની જોઈ શકતી નથી. ભલે ભકત કવિએ ભગવાનની મૂર્તિ સમક્ષ બેઠા બેઠા કરી હોય કે પોતાની વૃંદાવન તરફની યાત્રા દરમ્યાન પરંતુ તેની એકાગ્રતા એક ક્ષણ માટે પણ ભંગ નથી થઈ. પ્રથમ આશ્વાસમાં અને આગળ ઉપર ભકત હૃદય ઈશ્વરના ગુણગાનમાં જ રચ્યું પચ્યું રહે છે અને ઘણી બધી વાતો રજૂ કરે છે. (તેમાં ઈશ્વરના પૂર્વ અવતારો અને તેની વાતો રજૂ થઈ છે) અમુક પરિસ્થિતિમાં કવિ પોતે જ વાતોમાં ભાગ લઈ સાક્ષી બને છે.

બીજા આશ્વાસના પ્રાર્થના વ્યકત કરતા અમુક શ્લોકોમાંના એકમાં પોતાના કૌશલ્યને તુચ્છ વસ્તુ પ્રાપ્તિ અર્થ વાપરવા બદલ દેવી સરસ્વતી પાસે માફી ઝંખે છે.

मार्तनातः परमनुचितं यत् खलानां पुरस्तादस्ताशङ्कं जठरपिठरीपूर्तये नर्त्तितासि ।

तपक्षन्तव्यं सहजसरले ! वत्सले वाणि ! कुर्या प्रायत्तिं गुणगणनया गोपवेषस्य विष्णोः ।।

કવિ કઈ રીતે અને શું પ્રાપ્ત કરવા ઇચ્છે છે ? શું એ દલીલ ન થઈ શકે કે તે પોતાની એકદમ બૌદ્ધિક વ્યાકરણ રચનાનો સંદર્ભ વ્યકત કરી રહ્યા છે ? પોતાના દ્વારા થયેલા આ પાપમાંથી ઈશ્વરના ગુણગાન દ્વારા મુકિત મેળવવા કવિ કૃતનિશ્ચયી છે. જો તેણે પ્રથમ આશ્વાસ પહેલા પૂર્ણ કરી લીધો હતો તો શું એ કહેવું જરૂરી હતું કે હવેથી હું આમ કરીશ ? અગાઉથી શરૂ થયેલા કાર્ય પ્રત્યે પાછું સમર્પણ વ્યકત સારી રીતે આમ વ્યકત કરી શકે કે હવે હું આનાથી વિમુખ નહી થાઉં, મારી પાસે બીજો કાંઈ વિકલ્પ નથી સિવાય કે એવું માનવા કે પ્રથમ આશ્વાસ કે જે લીલાશુક (વ્યાકરણ શાસ્ત્રી અને સંત કવિ) ની રચના છે. તે કવિ એ કૃષ્ણલીલાશુક કરતાં ઘણા સમય પહેલાં તેની રચના કરી હતી. બીજો આશ્વાસ કૃષ્ણલીલાશુકની રચના હોઈ શકે અને ત્રીજો આશ્વાસ કેરળનાં કોઈ ત્રીજા બિલ્વમંગલની રચના કદાચ હોઈ શકે કે જે સંત બિલ્વમંગલથી થોડો સમય પહેલાં થયા હતા અને જે માનદેવ અને નારાયણભટ્ટનાં સમકાલીન હતા. તેનાં શિષ્ય પાસેથી કૃષ્ણલીલાશુક કે જે વ્યાકરણશાસ્ત્રી, સંત અને કવિ હતા, તેમના વિશે આધારભૂત વ્યકિતગત માહિતી મળે છે, જેમાં ગરુ ઈશાનદેવ અથવા સોમગિરિનો  ઉલ્લેખ નથી, આ બાબત રામ પીશારોત્તીની માન્યતાને સમર્થન આપે છે કે

કૃષ્ણકર્ણામૃતમ્‌ના રચયિતા પ્રથમ બિલ્વમંગલ ૯મી સદીમાં રહેલા પદ્‌મનાભ મંદિર સાથે સંકળાયેલા હતા. જો કે તેમના આ તર્ક સાથે સહમત થવાય તેમ નથી. એક કરતાં વારે ત્રણેય આશ્વાસો રચ્યા જણાય છે.

(૧) લીલાશુક કે જે દામોદર અને નિલીના પુત્ર હતા તે જ પ્રથમ આશ્વાસના રચયિતા હોવા જોઈએ. તે સોમગિરિ ઈશાનદેવના શિષ્ય હતા જેના વિશે આપણને કશી વ્યકિતગત વિશેષ માહિતી નથી. અહીં એક જ વ્યકિતને જુદા જુદા નામથી ઓળખવાનો સંદર્ભ હોઈ શકે, આ સંત કવિ ૯ મી સદીમાં કદાચ કેરળમાં થયા હોય અને ભારતના ઘણા ભાગોમાં ભ્રમણ કર્યું હશે. પશ્ચિમભારત અને આંધ્ર સહિત ઘણા પ્રદેશોમાં તેની કૃતિઓ પ્રખ્યાત બની હતી.

(૨) વિખ્યાત વ્યાકરણશાસ્ત્રી (વૈયાકરણી) અને 'પુરુષકર', 'શ્રીચિહ્‌ન' વગેરેના સર્જક કૃષ્ણલીલાશુક 'કર્ણામૃતમ્‌' ના સંભવિત રીતે બીજા આશ્વાસના જ માત્ર સર્જક હતા. તેઓ બિલ્વમંગલ તરીકે પણ જાણીતા હતા પણ એ બિલ્વમંગલ નહી કે જે પદ્મનાભ મંદિર સાથે સંકળાયેલા હતા. ગમે તેમ તો પણ એ શકય છે કે બીજાં ઘણાં મંદિરો સાથે સંકળાયેલી દંતકથામાં પણ તે મુખ્ય છે.

(૩) ત્રીજા ઉત્કૃષ્ટ કવિ બિલ્વમંગલ ત્રીજો આશ્વાસ ઉમેરે છે કે જેનું નામ આગલા બે આશ્વાસોના સર્જક સાથે મળતું આવે છે. ત્રણેય કવિઓ કૌટુંબિક નામ બિલ્વમંગલ ધરાવતા અને ત્રણેય લીલાશુક તરીકે ઓળખાયા છે.

(૪) ચોથા પણ બિલ્વમંગલ છે જે 'કૃષ્ણગીતિ'ના રચયિતા માનદેવના સમકાલીન હતા પણ કવિ તરીકે તેના વિશે આપણે કશુ જાણતા નથી અને નિઃશંકપણે કહી શકાય કે તેમને 'કૃષ્ણકર્ણામૃતમ' સાથે કશી જ લેવા દેવા નથી કારણ કે ૧૬ મી સદી સુધીમાં ત્રણે ત્રણ આશ્વાસો અસ્તિત્વમાં હતા.

### (૯) રચનાકાળ :-

ઉપરોકત ધારણાઓના આધારે 'કૃષ્ણકર્ણામૃતમ્‌' નો રચના સમય નકકી કરવા પ્રયત્ન કરીએ. ગંગાદેવી 'કર્ણામૃતમના સર્જકને યાદ કરે છે.

मन्दारमञ्जरीस्यन्दकरसोर्मयः ।
क स्य नाह्लदनायालं कर्णामृतकवेर्गिरः ।।

ગંગાદેવી ઐતિહાસિક વ્યકિત છે જે વિજયનગર રાજ્યના રાજા વિરકંપનના રાણી હતા. તેમણે રંગનાથની મૂર્તિને તેની અસલ જગ્યાએ ફરીથી સ્થાપિત કરવામાં (ઈ.સ.૧૩૭૧)

મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

દેખીતી રીતે કર્ણામૃતમ્ ૧૪ મી સદી સુધીમાં ખૂબ જ પ્રખ્યાત બન્યું હતુ. આપણે અગાઉ જાણ્યું છે તેમ કૃષ્ણલીલાશુક કે જે પુરુષકરના સર્જક છે, તે ૧૩ મી સદીના અંતિમ દસકા કરતાં પહેલા અસ્તિત્વમાં  નહીં હોય. તેથી કૃષ્ણલીલાશુક દ્વારા લખાયેલ કર્ણામૃતમનો ભાગ ઈ.સ. ૧૩૦૦ આસપાસ લખાયો હશે. જો પ્રથમ આશ્વાસ કોઈ અગાઉના લીલાશુક,બિલ્વમંગલ દ્વારા  રચાયો હોય તો તેનો રચના સમય નક્કી કરવા હજુ વધારે તપાસની જરૂર છે. પ્રાચેતસ(વાલ્મીકિ)ના પુત્રને  જે કવિતાની શરૂઆત કરનાર અને મહાભારત (?) ના સર્જકને નમન કરી ગંગાદેવી પછી કાલિદાસને ઊંચી શ્રદ્ધાંજલી અર્પે છે. ત્યારબાદ 'કર્ણામૃતમ્'ના સર્જક વિશે કહેતા પહેલાં (જેમાં તેના નામનો ઉલ્લેખ થયો નથી) ગંગાદેવી, બાણભટ્ટ, ભારવિ, દંડી અને ભવભૂતિને શ્રદ્ધાંજલી અર્પે છે. આ પરથી એ શકયતા પર વિચારી શકાય કે 'કર્ણામૃતમ્' ના સર્જક દંડી અને ભવભૂતિની આસપાસના સમયગાળામાં થયા હોઈ શકે. શું એ શકય નથી કે લીલાશુક બિલ્વમંગલ કદાચ ઈ.સ.ની ૯ મી સદીમાં થયા હોય અને જેની સાથે તીરૂવંતપુરમ્માં રહેલા અનંતપદ્મનાભ મંદિરના પુનઃ સંશોધનની દંતકથા સંકળાયેલી છે ? ઉપરોકત શ્લોકમાં એવું નથી લાગતું કે એ શ્લોકના રચયિતા ગંગાદેવી કોઈ સમકાલીન કવિને વિશે વાત કરતા હોય.

તેથી એ શકય છે કે ૯ મી સદીના પૂર્વાધમાં લીલાશુક કે જે સોમગિરિ અને ઈશાનદેવના શિષ્ય છે તેણે પહેલા 'કૃષ્ણકર્ણામૃત'ની રચના કરી હોય તે બિલ્વમંગલ તરીકે જાણીતા હતા અને કદાચ થેકે મઠ  સાથે સંબંધિત હોય કે જેની સાથે પદ્મપાદ સંકળાયેલા હતા.

૧૨-૧૩ મી સદીના કૃષ્ણલીલાશુકએ પણ એ જ પવિત્ર નામ ધારણ કર્યું અને બીજો વધારાનો એક આશ્વાસ પ્રથમ આશ્વાસમાં ઉમેર્યો છે કે જે તે સમય દરમ્યાન ખૂબજ પ્રખ્યાત બન્યો. તે ઉત્તર,પશ્ચિમ અને આંધ્રદેશમાં ફેલાયો અને તે લોકોએ તેના પર અને તેના રચયિતા પર પોતાનો અધિકાર વ્યકત કર્યો. ગંગાદેવી અને બીજા દક્ષિણ ભારતના વિદ્વાનોને એ આનંદપ્રદ કાવ્યે જ ખૂબ જ પ્રભાવિત કર્યા. બિલ્વમંગલ એક મહાન દંતકથા બની ગયા. બીજો આશ્વાસ   ચોકકસ રીતે કૃષ્ણલીલાશુક બિલ્વમંગલને નામે જાય છે અને ત્રીજો આશ્વાસ કોઈ ત્રીજા બિલ્વમંગલે ૧૪ મી  સદી કે ૧૫ મી સદીની શરૂઆતમાં  લખ્યો હશે. ત્રણેય આશ્વાસોના શ્લોકો ૧૫ મી સદી પછીના વિવિધ સંપાદનોમાં સમાવિષ્ટ થયા છે અને ત્યારથી તે વિલ્વમંગલ કે બિલ્વમંગલના ભકિતયુકત કાવ્ય તરીકે

જાણીતા થયા. ડૉ. ડે. ના મંતવ્ય મુજબ દ.ભારતીય પુનઃ મુદ્રિત પાઠના બીજા અને ત્રીજા આશ્વાસના કેન્દ્રસ્થ ભાગ એવા આ ભકિત ગીતો તાર્કિક પરીક્ષણમાં ખરા +ઊતરી શકયા નથી. ડૉ. રાજાએ આ મતનો પોતાના નિબંધમાં સખત દલીલો સાથે વિરોધ કર્યો છે. પરિસ્થિતિ આખી ઊલ્ટી છે. ત્રણે ત્રણ આશ્વાસો બિલ્વમંગલના કાર્ય તરીકે જાણીતા થયા હતા. તેઓના સ્તોત્રનું ઘણું સંપાદન થયું છે જે બધા ત્રણેય આશ્વાસોમાંથી લેવામાં આવ્યા છે. પશ્ચિમ ભારત 'બાલગોપાલસ્તુતિ'નું લખાણ પુરું પાડે છે જે ૧૫મી સદીનો સમય બતાવે છે. તેમાં ડૉ. રાજાના મત મુજબ બધા જ આશ્વાસોના શ્લોકો રહેલા છે. બિલ્વમંગલ સ્તોત્રની બિકાનેર આવૃતિ કે જેમા ૩૬૦ શ્લોકો છે તે ઓ.સી. ગાંગુલી દ્વારા સંશોધિત બાલગોપાલસ્તુતિ કે જેમાં માત્ર થોડાજ શ્લોકો છે તે ડૉ. રાજા મુજબ તેનું બીજુ રૂપાંતરણ છે. ભાંડારકર સંસ્થામાં રહેલ છે. 'કૃષ્ણબાલચરિત' લખાણ પણ ત્રીજા રૂપાંતરણ તરીકે ઓળખાય છે. નિઃશંકપણે ૧૪મી અને ૧૫મી સદી દરમ્યાન ત્રણેય આશ્વાસો ખૂબજ પ્રખ્યાત હતા. બિલ્વમંગલ ખૂબજ પ્રખ્યાત બન્યા હતા, કારણ કે તેણે રચેલા સ્તોત્રોનું ખૂબજ સંપાદન થયું હતું. આ પક્રિયામાં કેટલાક ભકતો દ્વારા અમુક શ્લોકોનું ઉમેરણ થયું હોય કે જેના રચયિતા વિશે તેઓ અજાણ ન હતા. બિલ્વમંગલ સ્તોત્રના બિકાનેર લખાણમાં ભાગવતના શ્લોકો જોવા મળે છે. એક શ્લોક કેરળનાં 'મુકુંદમાલા' નામના પુરાણનો છે બીજા એક 'મુકુંદમાલા'ના શ્લોકનો સંદર્ભ બિકાનેર લખાણમાં જોવા મળે છે. તેથી કહી શકાય કે સંપાદનોમાં સામાન્ય રીતે ગેરમાર્ગે દોરનાર શ્લોકોનું ઉમેરણ જોવા મળતું હોય છે. એક તરફ કેરળના 'કર્ણામૃતમ્'માં ૩૦૩ શ્લોકો હોવાનું કહેવાય છે અને બીજી તરફ અત્યારે જે આવૃતિ છે તેમાં ૩૨૮ શ્લોકો સમાવિષ્ટ છે. તેમાંનાં ઓછામાં ઓછા બે પ્રથમ આશ્વાસની (વાર્તા)સાથે સુસંગત નથી,બીજા અને ત્રીજા આશ્વાસમાં પણ અમુક શ્લોકો ઉમેરણ તરીકે બહાર આવ્યા છે.

## (૧૦) કર્ણામૃતમ્‌ની કથાવસ્તુ :-

યુવાન વેણુગોપાલની પ્રશંસા અથવા તો બાલકૃષ્ણના તોફાનો કર્ણામૃતમ્‌નું કથાવસ્તુ છે. ભગવાનના કર્ણોને આનંદ આપવા આ શ્લોકોની રચના થઈ છે. આ ધ્યેયને સાર્થક કરવામાં કવિને ખરી સફળતા મળી છે. એક દંતકથા અનુસાર કવિ ઈશ્વરની મૂર્તિ સમક્ષ બેસી એક શ્લોક પછી બીજો રચતા જ રહે છે. કવિએ પોતાના શિષ્યને ઈશ્વર દ્વારા પોતાનું મસ્તક હલાવીને માન્યતા આપેલા શ્લોકો જ

લખવા અને જાળવવા કહ્યું અને બાકી શ્લોકોને નકારે છે. બીજા અને ત્રીજા આશ્વાસના એક જ કથાવસ્તુને વિવિધ હળવી બાબતો અને અંકો દ્વારા વિવિધતા આપી છે. પ્રથમ આશ્વાસથી આ એકદમ જુદા જ છે. કવિની દર્શન માટેની ઝંખના, દર્શન ન થઈ શકવાની પીડા, દર્શન પછી ઈશ્વર અદશ્ય થયાની નિરાશા અને પોતાનો ધ્યેય સિદ્ધ થયાનો પરમ આનંદ પ્રથમ અશ્વાસમાં વ્યકત થયો છે, ડૉ. એસ.કે. ડે.ના મતાનુસાર 'કૃષ્ણાકર્ણામૃત' એક એવો કાવ્ય પંકિતઓનો સમૂહ છે જેમાં કૃષ્ણની પ્રશંસા અને પ્રાર્થના કવિનો મુખ્ય ધ્યેય છે. એ માત્ર કૃષ્ણલીલા વ્યકત કરતું વર્ણનાત્મક કાવ્ય નથી પણ જુસ્સાથી ભરેલી પોતાના પ્રિયતમ ઈશ્વરની પ્રશંસા જે પ્રેમાસકિતમાં ડૂબેલાં કવિની શૃંગારીક શબ્દો અને કલ્પના સભર રજૂઆત છે. તેમાનું એક સોલોમન ગીત ચળકતી ઇન્દ્રિયો, લાગણીસભર સમર્પણ અને શૃંગારિક તેજસ્વી કલ્પનાઓની પાર્શ્વભૂમિકામાં કૃષ્ણ રહેલા છે. જુદા જુદા શ્લોકમાં લખાયેલ હોવા છતાં આપણા ભકતકવિની પોતાના શ્યામસુંદરના દર્શનની આદર્શ ઝંખના, ભકિત ભરેલી અપૂર્ણ આશાનું દુઃખ અને વિશ્વાસ અને આશા પૂર્ણ થતા આનંદની પરાકાષ્ઠા એક આંતરિક ઐકેય અર્પે છે જે તેમને જુસ્સાદાર સંપૂર્ણતામાં ગૂંથે છે.

આવી આંતરિક એકતા બીજા અને ત્રીજા આશ્વાસ કરતાં પ્રથમ આશ્વાસમાં ઊતરતી કક્ષાની છે. આપણે જાણીયે છીએ કે ડૉ. ડે. માત્ર પ્રથમ આશ્વાસનો જ સંદર્ભ આપે છે કેમ કે બીજા બે અસલ નથી તેવું તેઓ સ્વીકારે છે. તેઓ વધુમાં ઉમેરે છે. "લાગણીથી સ્પષ્ટ હોવા છતાં કવિતા ચોકકસ ધ્યેય સાથેની કૃતિના ઉમદા લક્ષણો ધરાવે છે. અદ્ભુત સુંદરતા, શબ્દ સંગીત અને ખૂબજ પ્રમાણિક લાગણીની પરાકાષ્ટા દ્વારા ઉપસાવાયેલ શૃંગારિક ચિત્રાત્મક અસર–આ બધું તેને કાવ્ય કલ્પનાનુ સંપૂર્ણ સર્જન બનાવે છે. વ્યવસ્થિત ધાર્મિક વિચારોની રજૂઆત નહીં પણ ભકિતસભર અને નોંધપાત્ર કાવ્યમય અભિવ્યકિતમાં તેના મિશ્રણની સંપૂર્ણતા કે જે આ આધ્યાત્મિક મિશ્રણોને ખૂબ જ આકર્ષક બનાવે છે. તેથી આ કૃતિ માત્ર નોંધપાત્ર રીતે આકર્ષણ ધરાવતુ કાવ્યમય સર્જન નથી પરંતુ ધાર્મિક શિસ્ત અને ભક્તિનો એક અગત્યનો દસ્તાવેજ છે જે અંતે શૃંગારિક વિષય વસ્તુનો ઉપયોગ ધર્મની સેવામાં દર્શાવે છે અને યોગ્ય રીતે જ મધ્યકાલીન સ્તોત્ર સાહિત્યમાં ઉચ્ચ સ્થાન ધરાવે છે "

બીજો આસ્વાસ પ્રાર્થનાથી શરૂ થાય છે અને ત્યાર પછીના બે વધારે શ્લોકો યુવાન કૃષ્ણનુ શૃંગારિક વર્ણન રજૂ કરે છે, ત્યાર પછી કવિ ઈશ્વરની સ્તુતિ જેવા પવિત્ર કાર્યમાંથી દુન્યવી

જરૂરિયાતો ખાતર ચલિત થવા બદલ માફી માગી રહ્યા છે. ત્યારબાદ તે ઈશ્વરની પ્રશસ્તિમાં આગળ વધે છે. એક સમયે તે કબૂલે છે કે તે શિવપંથી છે, પરંતુ પોતાની જાતને યશોદાનંદન ગોવાળ કૃષ્ણના ચિંતનમાંથી રોકી શકતા નથી. ત્યાર પછી જુદાજુદા અંકોનું નિરૂપણ આવે છે. તેમાંના અમુક પુરાણોમાંથી લીધેલા છે, જ્યારે બીજા કવિની ફળદ્રુપ કલ્પનાનું પરિણામ છે. આરોહ–અવરોહ સાથેનું રાસક્રીડાનું આઠ શ્લોકોમાં એટલું રમણીય વર્ણન છે કે તે નૃત્યનાટિકા માટે એકદમ બંધબેસતું છે. કવિ પોતાની ઓળખ ભૂલી અને આનંદપ્રદ નૃત્યમાં  રત થઈ જાય છે. આઠ શ્લોકોમાંનો છેલ્લો સ્પષ્ટ રીતે ઉમેરણ તરીકે વર્તાય છે. તેમાંનો એક શ્લોક નૃત્ય શિક્ષકના આનંદ માટે રચાયો છે, કારણ કે તે આઠ જુદા જુદા ભાવો, જ્યારે ભગવાને ટચલી આંગળીએ ગોવર્ધન પર્વત ઉઠાવ્યો તેમને જોનાર લોકોના ચહેરાઓ પર ઉપસ્યા તેનું વર્ણન કરે છે. અને ભગવાનના ચહેરા પર કયા ભાવો હોઈ શકે ?

કેટલાક શ્લોકોમાં કૃષ્ણ પોતાનું વર્તમાન અસ્તિત્વ ભૂલી જાય છે અને પોતાના આગલા અવતાર રૂપમાં ચાલ્યા જાય છે અથવા તો સ્વર્ગમાં શ્રી ક્ષીરસાગરમાં ચાલ્યા જાય છે. ઘણા ખરા શ્લોકોમાં કવિ હળવી પરિસ્થિતિનું સર્જન પણ કરી રહ્યા છે. પછી તે બાળકૃષ્ણની લીલા (તોફાનો) હોય કે પછી કૃષ્ણ અને પોતાની પ્રેમિકા વચ્ચેની અંગત વાતો હોય. અંતે કવિ પોતાની દઢ માન્યતા રજૂ કરે છે કે કર્મકાંડનુ કશું  મૂલ્ય નથી, ભકિત જ સર્વસ્વ છે. ત્યાર પછીના ત્રણ શ્લોકોમાં કવિ પોતાની શરણાગતિ ઈશ્વરના ચરણકમળ પાસે સ્વીકારે છે અને તેના ગુણગાન ગાય છે. પુષ્પિકામાં કવિ પોતાના ગુરુના નામનો ઉલ્લેખ કર્યા વગર તેનું ઋણ સ્વીકાર કરે છે.

ત્રીજો આશ્વાસ પ્રાર્થના શ્લોકથી શરૂ થાય છે જે સ્પષ્ટ રીતે પ્રથમ આશ્વાસના બીજા શ્લોકની નકલ છે અને તેમા કાવ્યતત્ત્વ પણ ઓછું છે. આ બાબત એવું માનવા પ્રેરી શકે કે આ રચના લીલાશુકની ન હોઈ શકે. ભાષા આડંબરનો સ્પર્શ આ તેમજ બીજા શ્લોકોમાં પણ વર્તાય છે. ૯મો શ્લોક પ્રથમ અશ્વાસના ૮૩માં શ્લોકની નકલ જેવો લાગે છે અને ચારેય પંકિતઓનો પ્રાસ પણ સરખો જ છે. ૨૦ મો શ્લોક એકદમ ૬૯માં શ્લોકને મળતો આવે છે જો કે તેમાં છંદનો તફાવત છે.

ત્રીજા આશ્વાસની કથાવસ્તુ પણ ઈશ્વર શરણે રહેલા ભકત દ્વારા ઈશ્વરની સ્તુતિ કે પ્રશંસા જ છે. અહીં પણ ઈશ્વરની બાળ તેમજ યુવા અવસ્થાનું વર્ણન છે પરંતુ અહીં બીજા આશ્વાસ જેવો હળવો સ્પર્શ નથી અને અંકોમાં વિભાજન પણ નથી. કેરળમાં પ્રખ્યાત સંસ્કરણમાં તેમાંના બે

શ્લોકો કે જે અંતના શ્લોકો પહેલાં આવે છે તેમાં બે હળવા પ્રસંગોનું નિરૂપણ થયું છે. પરંતુ તે બાહ્ય ઉમેરણ લાગે છે. તેથી ત્રીજા આશ્વાસના પુષ્પિકા સહિતના ૧૦૬ શ્લોકોમાં આ બે શ્લોકોને પ્રક્ષેપ તરીકે ગણવામાં આવે છે. કથાવસ્તુની રજૂઆતમાં વિવિધતા અને ત્રણેય આશ્વાસના અલગ અલગ લક્ષણો કર્ણામૃતમ્‌ના ત્રણ રચયિતા હોઈ શકે એવા સિદ્ધાંતને દલીલ તરીકે સ્વીકારી શકાય તેમ છે.

## (૧૧) લીલાશુક અથવા બિલ્વમંગલની બીજી કૃતિઓ :-

'પુરુષકર' અને શ્રીચિહ્નના રચયિતા કૃષ્ણલીલાશુક છે એવું આપણે અગાઉ કહ્યું છે. ઘણા સ્તોત્ર અને ઘણાં સંપાદનો જેમાં ત્રણેય આશ્વાસો કે અમુક આશ્વાસોના શ્લોકો રહેલા છે તે બિલ્વમંગલના છે તેવું પ્રતિપાદન થયું છે. આ ઉપરાંત 'બાલગોપાલસ્તુતિ', ' વિષ્ણુસ્તુતિ', 'કૃષ્ણસ્તોત્ર', 'કૃષ્ણબાલચરિત', 'બાલકૃષ્ણક્રીડા', 'કાવ્યગોવિંદસ્તોત્ર' , 'બાલકૃષ્ણસ્તોત્ર'અને કૃષ્ણલીલાવિનોદનો સમાવેશ થાય છે. ' કૃષ્ણકર્ણામૃત' પરથી એવું લાગે છે કે રચયિતા માત્ર કૃષ્ણના જ ભકત છે પણ એવું નથી. બીજા ભગવાનના સ્તોત્ર જેવા કે 'દુર્ગાસ્તુતિ', 'ગણપતિસ્તુતિ', ' કર્કોટક સ્તુતિ' પણ લખાયાં છે. 'દુર્ગાસ્તુતિ', અરીયન્નર(કેરળ)માં આવેલા મંદિરના દેવીની પ્રસંશામાં રચાયેલી છે.

ભકિત કાવ્યમાં લીલાશુકની બીજી કૃતિ 'અભિનવકૌસ્તુભમાલા' અથવા 'સ્તોત્રરત્નસહોદર' સુકપુર સ્થિત મંદિરના દેવીની સ્તુતિ છે અને 'દક્ષિણામૂર્તિસ્તોત્ર' વિષ્ણુની સ્તુતિ છે જે દક્ષિણામૂર્તિ ગામ સાથે સંકળાયેલા છે.

'વૃંદાવનસ્તુતિ'માં વૃંદાવન કે જે કૃષ્ણભૂમિ છે તેનું સુંદર વર્ણન ૬૦ શ્લોકો દ્વારા કર્યું છે. બીજૂ કાવ્ય' કાળવધ' માર્કંડયની વાર્તા છે જેઓને ભગવાન શિવે યમરાજથી બચાવ્યા હતા. આ પૌરાણિક અંક બે પ્રખ્યાત મંદિરો સાથે સંકળાયેલ છે. તીરૂનાવેય જ્યાં વિષ્ણુનું અને તુપ્રાણગોટ જ્યાં શિવનું મંદિર છે, પરંતુ અહીં કવિ ૧૪ મી સદી પહેલાં જે દંતકથા પ્રચલિત હતી તેને વફાદાર રહેતા નથી. 'કોકસંદેશ', જેની રચના એ અરસામાં થઈ હતી. તે તુપ્રણગોટ મંદિરમાં રહેલા શિવ ભગવાનનો સંદર્ભ આપે છે કે જેનું ભાલું (હથિયાર) યમરાજની છાતી ચીરી ઝરણાની જેમ લોહી વહેવડાવે છે. 'કાલવધ' કાવ્યમાં યુવાન ભકત માર્કંડેય આશ્રય માટે કૈલાસ પર્વત પર દોડે છે અને યમરાજ તેનો પીછો કરે છે. શિવ અને યમના સૈનિકો વચ્ચે યુદ્ધ થાય છે અને શિવ યમને હણે છે. આ ઘટના બને છે ત્યારે વિષ્ણુ પણ કૈલાસ પર હાજર હોય છે ભગવાનની સ્તુતિ કરતા માર્કંડેય શિવ અને વિષ્ણુને સંયુકત રીતે નિહાળે છે. વેલુથત નારાયણન નામપુતરી(કાળવધ કાવ્યના પ્રકાશક) ના મત મુજબ જે વિસ્તારમાં આ બે મંદિરો છે, કૃષ્ણલીલાશુક ત્યાંના રહેવાસી હતા.

'પુરુષકર'ના કર્તા 'કેનોપનિષદ' જે 'શંકરહૃદયગમ' તરીકે ઓળખાય છે. તેના કર્તા પણ તે જ હોવાનું મનાય છે. આ કૃતિ ઉપનિષદના બે ભાષ્યમાં રહેલા વિરોધાભાસનું સમાધાન કરવા પ્રયાસ કરે છે. બંને ભાષ્ય આદિશંકરાચાર્યના છે. બીજી કૃતિઓ જેવી કે 'સુબંતસામ્રાજ્ય' 'તિઙ્ન્તસામ્રાજ્ય અને 'કૃષ્ણલીલાવિનોદ' પણ 'પુરુષકર'ના રચયીતાની જ હોવાનું મનાય છે. તેની અંતિમ કૃતિ ભોજના 'સરસ્વતીકંઠાભરણમ' પરની વિવેચના છે, 'ક્રમદીપિકા' આગમ પરની કૃતિ છે જે બિલ્વમંગલની છે.

બિલ્વમંગલની કહેવાતી ઘણી કૃતિઓને પ્રક્ષેપ તરીકે ઓળખાય છે. સ્વીકૃત રીતે બિલ્વમંગલોમાંના છેલ્લા 'માનદેવ' અને નારાયણભટ્ટપાદ ના સમકાલીન હતા. તેની કૃતિઓમાંની એકમાં ૧૯ મી સદીમાં રહેલી ત્રાવણકોરની રાણીનો સંદર્ભ છે. શું એવું શકય છે કે આ વિખ્યાત નામ આગળ ઉપરની સદીઓમાં પણ રખાયું હોય અને વપરાતું રહ્યું હોય ? આ બધી બાબતો એવી છે, જેના પ્રત્યે ઇતિહાસવિદો અને ભવિષ્યના સાહિત્ય વિદોએ ધ્યાન આપવું જોઈએ.

**પ્રથમ આવાસની પુષ્પિકામાં નીચે પ્રમાણેની વિગતો મળે છે.**

સોમગિરિ મારા ગુરુ કે જે ચિંતામણિ છે તેનો જય થાઓ. મોરપીંછના મુગટ ધારણ કરેલા ભગવાન શિક્ષા ગુરુનો જય થાઓ. તે ભકતો ઘણા ભાગ્યશાળી છે જે ઈશ્વરના ચરણોમાં મસ્તક નમાવે છે કારણ કે તેના ચરણોમાં જ વિજયનો આનંદ રહેલો છે.

કાવ્ય સાહિત્ય ક્ષેત્રે પ્રવેશતા કવિ પોતાના ગુરુના આશીર્વાદ અને ભગવાન કૃષ્ણ જેના ગુણગાન આ કાવ્યનું વિષયવસ્તુ છે તેઓના આશીર્વાદ ઝંખે છે. લીલાશુક કે જે 'કૃષ્ણકર્ણામૃતમ્'ના રચયિતા લેખાય છે તેઓના ગુરુ સોમગિરિ હોવાનું મનાય છે. આપણી પાસે સોમગિરિ જેવા મહાન સંત વિશે કોઈ વિશેષ માહિતી નથી. આ પ્રકરણના અંતે પુષ્પિકાના શ્લોકમાં કવિ પોતાનું નામ લીલાશુક કહે છે અને ઈશાનદેવના શિષ્ય તરીકે ઓળખાવે છે. ચોકકસ રીતે ન કહી શકાય ગુરુનો સંદર્ભ એક જ વ્યકિત પ્રત્યેનો છે કે જુદાજુદા 'કર્ણામૃતમ્'ના એક વિવેચક કૃષ્ણદાસ કવિરાજે સોમગિરિ અને ઈશાનદેવને એક જ કહ્યા છે. જે હોય તે પણ કવિ પોતાના ગુરુ પ્રત્યે ખૂબ જ આદર ધરાવે છે, જેની પાસેથી તેમ પ્રકાશ અને મનવાંછિત વસ્તુઓ પ્રાપ્ત થઈ છે. એટલે જ તે તેના ગુરુને ચિંતામણિ કહે છે. તે સંદર્ભમાં તેના ગુરુ તેનું સર્વસ્વ છે.

## પ્રકરણ-૪

**● પાદટીપ :-**

(૧) આ પ્રકરણમાં આપેલી વિગતો માટે કૃષ્ણકર્ણામૃત, સંસ્કરણ પ્રથમ, પ્રકાશક : નાગ પબ્લિશર્સ, આવૃત્તિ વર્ષ ૧૯૯૪નો આધાર લીધો છે. પૃ.૧ થી ૩૭.

# પ્રકરણ–૫

## કૃષ્ણકર્ણામૃતમાં ભક્તિતત્ત્વ

(૧) પ્રસ્તાવના

(૨) ભકિતનું સ્વરૂપ અને પ્રકારો

(अ) ભકિતનું સ્વરૂપ

(ब) ભક્તિના પ્રકારો

(૩) ભકિતનો ઉદ્‌ભવ અને વિકાસ

(अ) વૈદિક સાહિત્યમાં ભકિત

(ब) બ્રાહ્મણ – ઉપનિષદ્‌માં ભકિત

(क) રામાયણ–મહાભારતમાં ભકિત

(ड) વૈષ્ણવધર્મ, પાંચરાત્ર, સંતો અને આચાર્યોનો ભકિતમાર્ગ

(इ) પૌરાણિક ભકિત

(ई) ચૈતન્ય સંપ્રદાય અને ભકિત

(૪) કૃષ્ણકર્ણામૃતમાં ભકિત

## પ્રકરણ-૫

## કૃષ્ણકર્ણામૃતમાં ભક્તિતત્ત્વ

### (૧) પ્રસ્તાવના :-

પશુપ્રાણી સૃષ્ટિમાં બધાથી શ્રેષ્ઠ એવા માનવને નિર્માણ કરવા પાછળ આ સૃષ્ટિના સર્જકનો ચોક્કસ કોઈ આશય અને કલ્પના હોવા જ જોઈએ. આમ, જોઈએ તો પશુપક્ષી પાસે જે અદ્‌ભુત શક્તિઓ છે, તે માણસ પાસે નથી જ. ગાયને કેવું સરસ વાગોળતા આવડે છે ! માછલીને જન્મતાંની સાથે જ તરતાં આવડે છે. ગાયનું વાછરડું જન્મતાંની સાથે જ ચાર પગે ટટ્ટાર ઉભુ રહે છે. વનસ્પતિશાસ્ત્ર શીખ્યાં વગર ઢોરઢાંખર પાસે એવી કોઈ શક્તિ છે કે જેનાથી ચોમાસામાં ઉગેલી ઝેરી વનસ્પતિને ઓળખીને, તે ન ખાતાં તેનાથી દૂર રહે છે. ચકલી ઈજનેર થયા વિના જ માળો બાંધી શકે છે. આ બધુ ખરું છતાં માણસની પાસે એવી બે અદ્‌ભુત શક્તિ ભગવાને આપી છે કે જેના વડે તે પોતાનો જીવનવિકાસ સાધી શકે છે. માનવજીવન આપનાર આ સૃષ્ટિના સર્જકને ઓળખી શકે છે, એટલું જ નહિ પણ સૃષ્ટિના સર્જકનો લાડલો બનીને તેના ખોળામાં બેસી શકે છે. માણસને મળેલી આ બે અદ્‌ભુત શક્તિઓ એટલે મન અને બુદ્ધિ. આ બે શક્તિઓના આધારે માણસ કેવળ ભગવાનનો જ નહિ, ખુદ ભગવાન બની શકે છે. "મારામાં કંકરમાંથી શંકર, નરમાંથી નારાયણ અને જીવમાંથી શિવ થવાની શક્તિ રહેલી છે." આવો વિચાર ફકત માણસને જ આવી શકે છે. અનંત જન્મારાઓની સાધના પછી મળેલા ચિંતામણિ જેવા આ માનવ દેહને અજવાળવો અને પ્રભુના ચરણે ધરવો એ શ્રેષ્ઠ ભક્તિ છે. ભગવાને જ ખીલવેલાં પુષ્પોથી જ ભગવાનની પૂજા કરવી એમાં કાઇ વિશિષ્ટતા નથી. આપણે આપણું જીવનપુષ્પ ખીલવીને, સુંદર સુવાસિત અને કોમળ બનાવીને પ્રભુને ચરણે ધરવું જોઈએ. આપણું હૃદય કોમળ બનાવવું જોઈએ, બુદ્ધિ સુંદર બનાવવી જોઈએ અને મન સુગંધિત બનાવવું જોઈએ. તો જ જીવનપુષ્પ ખીલી ઊઠે અને પ્રભુના ચરણે ધરવા યોગ્ય બને, આ માટેનો એકમેવ ઉપાય છે ભક્તિ.

સ્વાર્થની અગનઝાળ ઓકતા-ભાવ શૂન્ય થયેલા માનવ સમાજના સૂકા રણમાંથી નીકળવાનો-બચવાનો કોઈ ઇલાજ ખરો કે નહીં ? કોઈપણ જાગરુક બુદ્ધિશાળીને એ પ્રશ્ન અકળાવે તેવો છે. તેનો સુંદર, ઉત્કૃષ્ટ ઉપાય આપણા ઋષિઓએ દેખાડયો છે અને તે છે ભક્તિનો ઉપાય. પ્રગત થયેલા વિજ્ઞાનના કાળમાં ત્રસ્ત થયેલાને સાચો માનવ બનાવવો હશે તો તે ભક્તિ દ્વારા

જ શકય છે. સાચી શાસ્ત્રોકત ભકિત અપનાવવામાં આવે તો સંકીર્ણ થતો માનવી મન વિશાળ થશે, સ્વાર્થ સંતોષવાની તેની વૃત્તિ ધીમે ધીમે ઓગળતી જશે.

મનના વિકારોનું ઉદાત્તીકરણ કરવા માટે, વૃત્તિનું વિશુદ્ધીકરણ કરવા માટે ભકિત આવશ્યક છે એ ભૂલાઈ ગયું છે. ભકિત એ કેવળ કૃતિ નથી, પણ જીવનની વૃત્તિ છે એ વાતનું જ વિસ્મરણ થયું છે.

પ્રભુ પાસે ચિત્તએકાગ્ર કરવા બેસવું એ ભાવભકિત છે અને પ્રભુના વિચારો–ગીતાના વિચારો, વેદોએ અને ઋષિઓએ કહેલાં વિચારો–પ્રત્યેક માનવ સુધી પહોંચાડવા અને તે દ્વારા પ્રભુનું કાર્ય કરવું એ કૃતિભકિત છે. અને આ ભાવભકિત અને કૃતિભકિત બંનેનો સમન્વય એટલે જ સાચી ભકિત–શાસ્ત્રોક્ત ભકિત. ભાવભકિત અને કૃતિભકિત એ રથના બે ચક્રો જેવી છે. બંનેની આવશ્યકતા છે. બંને પાંખ હોય તો જ પક્ષી ઉડ્ડયન અને નિશ્ચિત ગતિ સંભાળી શકે. તે જ રીતે જીવન વિકાસ માટે, સમાજની ઉન્નતિમાટે ભકિતની બંને પાંખોની આવશ્યકતા છે.

## (૨) ભકિતનું સ્વરૂપ અને પ્રકારો :-

### (અ) ભકિતનું સ્વરૂપ :-

'ભકિત' શબ્દને વિવિધ રીતે સમજાવવામાં આવે છે. વિવિધ ભકિત સૂત્રોના આધારે ભકિત વિશેની વિભાવના અલગ અલગ તારવવામાં આવી છે. **'ભકિત'શબ્દ** भज् सेवायाम् **ધાતુમાં**'क्तिन्' **પ્રત્યય લગાવીને થયો છે.** क्तिन् **અર્થ થાય છે; 'ભગવાનની સેવાનો પ્રકાર** 'भज् सेवायाम (भ्वा उभयपदी) **ધાતુમાંથી પાણિનિના સૂત્ર**'स्त्रियां क्तिन्' (अष्टाध्यायी - ३.३.९४) **અનુસાર** 'क्तिन्' (ति) **પ્રત્યયથી** (भज् + ति = भक्ति )भक्ति **શબ્દનો ઉદ્‌ભવ થાય છે. આ સિવાય**'भज्जो आमर्दते' (रूधादिगण = ૭ મો ગણ) આ સપ્તગણીય ધાતુ ઉપરથી ભકિત શબ્દ સિદ્ધ થાય છે અને જે તત્ત્વ દ્વારા વ્યાવહારિક આકર્ષણો વગેરેનું આમદન(ભંજન) થાય તેને ભકિત કહે છે.

ભગવત્સેવાની ઉત્કંઠાથી પરતત્ત્વ કે એના સ્વરૂપભૂત અન્ય દૈવી તત્ત્વ પ્રતિ ભકતના દિલમાં શ્રદ્ધાસમન્વિત રાગમયી–રસમયી આસકિતનાં પ્રાદુર્ભાવમાંથી સહજ વાસ્તવિક ભકિત જન્મે છે. અવ્યકત ચિરંતન સત્તાને વ્યકત સ્વરૂપે કલ્પી તેની સાથે જીવંત રાગાત્મક સંબંધ સ્થાપવો એ જ ભકિત છે. આથી જ ભકિત અંગે દેવર્ષિ નારદે ભકિતસૂત્રમાં કહ્યું છે કે– 'सा त्वस्मिन् परमप्रेमरूपा ।।'[૧]

ભગવાનમાં અનન્ય પ્રેમ થઈ જવો એ જ ભકિત છે. જ્ઞાન, કર્મ સાધનોના આશ્રય રહિત અને સર્વ રીતે સ્પૃહારહિત થઈને ચિત્તવૃત્તિ અનન્યભાવથી કેવળ ભગવાનમાં જ લાગી જાય છે. જગતના સમસ્ત પદાર્થોથી તથા પરલોકની સમસ્ત સુખ-સામગ્રીઓથી, તે ત્યાં સુધી કે મોક્ષ સુખથી પણ ચિત્ત હઠાવીને એક માત્ર પરમ-પ્રેમાસ્પદ ભગવાનમાં જ લાગી રહે છે. બધી મમતા અને આસકિત સર્વ પદાર્થોમાંથી સર્વથા કાઢી લઈને એકમાત્ર પ્રિયતમ ભગવાન તરફ થઈ જાય છે. ત્યારે એ સ્થિતિને 'અનન્ય પ્રેમ' કહે છે. વળી, તે 'अमृतस्वरूपा च ।।'[२] 'અમૃતસ્વરૂપા પણ છે.' ભગવાનનો અનન્ય પ્રેમ જ વાસ્તવિક રીતે અમૃત છે. તે સર્વથી અધિક મધુર છે. ભાગવતમાં જણાવ્યું છે કે 'નિષ્કામભાવે સ્વભાવની પ્રવૃતિ સત્યસ્વરૂપ ભગવાનમાં વિલીન થઈ જાય તેને ભકિત કહે છે.'[૩] મહર્ષિ શાંડિલ્યે પણ કહ્યું છે કે 'सा परानुरक्तिरीश्वरे ा ' 'ઈશ્વર પ્રતિ પરમાસકિત' 'तदर्पिताखिलाचारता तद्विस्मरणे परम व्याकुलतेति ।' પોતાનાં સર્વ કર્મો પરમાત્માને અર્પણ કરી તેમના સ્મરણમાં વ્રજગોપીઓની જેમ વ્યાકુળ થવું તે જ ભકિત છે. આવી વ્યાકુળતાનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં ભાગવતકાર જણાવે છે. જ્યારે કોઈક ગૃહગ્રસ્તની જેમ કયારેક હસે, કયારેક રુદન કરે, ધ્યાન કરે, કયારેક પ્રલાપ કરે અને વારંવાર દીર્ઘ નિઃશ્વાસ નાખી, નિઃસંકોચ આત્મબુદ્ધિથી હે હરે ! હે જગત્પતે ! હે નારાયણ ! કહે, ત્યારે ભકિતનો ઉદ્રેક જાણવો. નારદપંચરાત્રમાં જણાવવામાં આવ્યું છે કે. 'સર્વ ઉપાધિઓથી મુકત તત્પરતાપૂર્વક વિશુદ્ધ ઇન્દ્રિયો વડે ભગવાનની વિશુદ્ધ સેવા એ જ ભકિત છે –

सर्वोपाधि विनिर्मुक्तं तत्परत्वेन निर्मलम् ।
हषीकेण द्वीषीकेश सेवनं-भक्तिरूच्यते ।।[७]

મનમાં ભગવદ્પ્રેમ સિવાય કોઈ અભિલાષા ન હોય એવી અનુકૂળતાપૂર્વક કૃષ્ણની સેવા કરવી તે ઉત્તમ ભકિત છે –

अन्याभिलाषिता शून्यं ज्ञानकर्माद्यनावृतम् ।
आनुकूल्येन कृष्णानुशीलनं भक्तिरुत्तमा ।।[८]

રૂપ ગોસ્વામી કહે છે. આરાધ્ય પ્રતિ અસીમ પ્રેમ અને દાસ્યથી સંપન્ન એકાંતિક ભકિત શ્રેષ્ઠ છે. ઇષ્ટદેવતા પ્રતિ સ્વાભાવિક પ્રેમ, પૂર્ણ આવશે અને તન્મયતાથી યુકત ભકિત જ રાગાત્મિકા ભકિત છે. –

इष्टि स्वारसिको रागः परमाविष्टता भवेत् ।

तन्मयी या भवेद् भक्तिः सांडत्र रागात्मिकोदिता ।।[९]

**શ્રી શંકરાચાર્ય ભકિતની વ્યાખ્યા આ પ્રમાણે આપે છે. મોક્ષની કારણ સામગ્રીમાં ભકિત જ સર્વશ્રેષ્ઠ છે, પોતાના સ્વરૂપનું અનુસંધાન જ ભકિત છે –**

मोक्षकारणसामग्रयां भक्तिरेव गरीयसी ।

स्वस्वरूपानुसंधानं भक्तिरित्यभिधीयते ।।[१०]

**જીવાત્મા અને પરમાત્માનાં અનુસંધાનને આચાર્ય ભકિત કહે છે –**

स्वात्मत्तत्वानुसंधान भक्तिरित्यपरे जगुः ।[११] **મહર્ષિ પારાશર્ય જણાવે છે કે 'ભગવાનની પૂજા આદિમાં અનુરાગ હોવો એ ભકિત છે'–** पूजादिष्वनुराग इति पाराशर्यः ।[१२] **શાંડિલ્ય ૠષિના મત પ્રમાણે આત્મરતિના અવિરોધી વિષયોમાં અનુરાગ થવો એ જ ભકિત છે–**आत्मरत्यविरोधेनति शाण्डिल्यः ।[१३] **મધુસૂદન સરસ્વતી અનુસાર 'ભગવાનના ગુણ-લીલાદિના શ્રવણથી દ્રવિત થયેલાં ચિત્તની ભગવાનની તરફ (થયેલી) અવિરત વૃત્તિને ભકિત કહે છે.'** द्रुतस्य भगवद्धर्माद्धारावाहिकतां गता ।

सर्वेशे मनसोवृत्तिर्भक्तिरित्यभिधीयते ।।[१४]

**રૂપ ગોસ્વામી કૃત ભકિતરસામૃતસિંધુમાં જણાવ્યા અનુસાર 'આરાધ્ય પ્રત્યે અસીમ પ્રેમ તેમ જ દાસ્યથી યુકત એકાંતિક ભકિત શ્રેષ્ઠ છે. ભગવાન પ્રત્યે સ્વાભાવિક પ્રેમ-પૂર્ણ આવેશ અને તન્મયતાથી યુકત ભકિત જ રાગાત્મિકા ભકિત કહેવાય છે–**

इष्टि स्वारसिको रागः परमाविष्टता भवेत् ।

तन्मयी या भवेद्र भक्तिः साऽत्र रागात्मिकोदिता ।।[१६]

**નિશ્ચલ અનન્ય પ્રેમ ભકિતનો પ્રાણ છે. તે ભકતના પ્રેમસભર હૃદયમાં આરાધ્ય પ્રતિ મમત્વ જન્માવે છે અને સ્નેહના વિવિધ સંબંધોમાં વ્યકત થાય છે.– હે હરે ! તમે જ જગતના પિતા, માતા, પ્રિયપુત્ર, પ્યારા મિત્ર, ગુરુ અને ગતિ છો. હું તમારો જ સંબંધી, તમારો જ દાસ, તમારો જ પરિચારક, તમને જ એક માત્ર ગતિરૂપ માનનાર અને તમારો શરણાગત છું. આ રીતે હવે તમારા પર મારો બધો ભાર છે. વલ્લભાચાર્યના મતાનુસાર ભગવાનના મહિમાના જ્ઞાનપૂર્વક તેમના પ્રત્યે અચળ અને સર્વાધિક પ્રેમ તે ભકિત. આ પ્રકારની ભકિત દ્વારા જ જીવની મુકિત થાય છેઃ બીજી કોઈ રીતે નહીં –**

माहात्म्ज्ञानपूर्वस्तु सुद्दढ सर्वतोऽधिकः ।

स्नेहो भकितरिति प्रोक्तस्तया मुक्तिर्न चान्यथा ।।[૧૮]

ભકિત અને જ્ઞાનના સંબંધ પરત્વે કેટલાકે ભકિતને જ્ઞાનનું સાધન માન્યું; જ્યારે કેટલાક બંનેને પરસ્પર આશ્રિત માને છે. પરંતુ મહર્ષિ નારદ ભકિતને કર્મ, જ્ઞાન અને યોગથી પણ શ્રેષ્ઠતર કહે છે.[૧૯] છાંદોગ્ય ઉપનિષદ્માં પરમાત્મા ભકિતને સર્વોત્કૃષ્ટ રસ કહે છે. એ એવો રસ છે જે પોતાના માધુર્યથી મનરૂપી ચાતકને મસ્ત કરી દે છે.–स एष रसानां रसतमः परमः पराघ्र्या ।[૨૦]

ચૈતન્યસંપ્રદાયના રૂપ ગોસ્વામીએ 'ભકિતરસામૃતસિન્ધુ' અને 'ઉજ્જવલનીલમણિ' નામના ગ્રંથો લખીને ભકિતની રસ તરીકે સ્થાપના કરી છે, તે ખરેખર એક આશ્ચર્યકારક ઘટના છે. આમાં ભકિતની વિવેચના આલંકારિક સ્વરૂપે કરવામાં આવી છે. ઉપાસના એ ભકિતની અભિવ્યકિતનો મુખ્ય માર્ગ છે. ઉપાસનાનો સામાન્ય અર્થ 'પાસે જઈને બેસવું 'એવો થાય છે. उपगम्य आसनं इति उपासना । 'મન, કર્મ અને વચનથી હંમેશાં સર્વ સ્થિતિઓમાં આરાધ્ય દેવની સમીપ રહીને સેવા કરવી તેને ઉપાસના કહેવાય'[૨૧] રામાનુચાર્યના મતે ઉપાસનાનાં પાંચ અંગો છે.: અભિગમન, ઉપાદાન, ઇજ્યા, સ્વાધ્યાય અને યોગ. આ પાંચ અંગોના સહયોગથી પરમાત્માનું દર્શન થાય છે. अनन्येनैव योगेन मां ध्यायन्त उपासतो[૨૨]. ગીતાકારે ध्यायन्त અને उपासते આ બે શબ્દો વાપર્યા છે. પૂ. દાદાજી (પાંડુરંગશાસ્ત્રી આઠવલે) સમજાવતા કહે છે. उपास्यते अनया सा उपासना ભગવાન પાસે જવું. उप + आस् , उप એટલે પાસે, आस्-બેસવું . ઉપાસના એટલે ભગવાન પાસે બેસવાની લાયકાત નિર્માણ કરવી. તેથી પહેલું પગથિયું ઉપાસના અને બીજું પગથિયું ભકિત/ઉપાસનામાં સાધના આવી ગઈ, પૂજાનાં સાધનો કયાં હોવાં જોઈએ ? સાધનસામગ્રીનાં પાંચ સાધનો – વિવેક, વિમોક, કલ્યાણ, અનવસાદ અને ગુરુ. (૧) વિવેકઃ–કોના હાથમાં રહેવું, વાસના કે વાસુદેવના ? વિવેકથી માણસ થોડા આગળ જાય માણસનું રૂપાંતર થતું જાય અને ભકિતમાં પ્રવેશ કરે. (૨) વિમોક :– એટલે ઇંદ્રિયોના વિષયો તરફના ખેંચાણને તાબામાં લેવું અને તેને દૈવી વલણ આપવું. (૩)કલ્યાણ :–માણસની પ્રત્યેક કૃતિ પવિત્ર થવી જોઈએ. પ્રભુ પાસે લઈ જનાર વિચાર બુદ્ધિમાં રાખનાર, પ્રભુનો સ્પર્શ જેના જીવનને થયો છે તે પવિત્ર. જે કૃતિથી અને જે સાધનોથી ભગવાન પાસે બેસવાની યોગ્યતા ધરાવતાં થાઓ તે ઉપાસના કલ્યાણકારી – પવિત્ર થઈ જાય.

(૪) અનવસાદ એટલે શકિતબળ, શારીરિક, માનસિક, બૌદ્ધિક અને આત્મિક શકિત ખીલવવી જોઈએ. રોજિંદા વ્યવહારમાં આવતા રહેલા પ્રવાહો જોડે ટક્કર ઝીલીને પથચ્યુત, ધ્યેયચ્યુત ન બનતાં જીવન જીવવાનું. આપણો પવિત્ર અને વિશુદ્ધ થતો રહેલો 'સ્વ' બહારના કોઈપણ પ્રવાહથી મેલો ન થાય તેવી કાળજી રાખવા માટે જે હિંમત જોઈએ તે જ ખરું બળ છે.

ગુરુ:- આપણાં મનમાં અનંત વિકારો અને વિચારો વધે તેનાં જાળામાંથી બચવા બધુ ઓકી નાખવાની જગ્યા એટલે ગુરુ થયેલું પાપ ગુરુને કહ્યા પછી તેના મનમાંથી આપણે ઉતરી ન જઈએ. માર્ગદર્શન માટે અને આપણે કઈ ભૂમિકાએ છીએ તે સમજવા માટે, ગુરુ અતિ આવશ્યક છે[૨૩]

પરમતત્ત્વનાં મુખ્ય બે સ્વરૂપો છે. (૧) સગુણ અને (૨) નિર્ગુણ. તેથી ઉપાસનાના પણ બે પ્રકાર થઈ શકે (क)સગુણોપાસના (ख) નિર્ગુણોપાસના (क)સગુણોપાસના બે પ્રકારની છે .(૧) પ્રભુનાં નામ, રૂપ, લીલા અને ધામના મહિમાનું ધ્યાનપૂર્વક વર્ણન અને (૨) પ્રભુ સાથે સંબંધ જોડવો. આ પ્રકારના સંબંધના પાંચ પ્રકાર છે. (૧) શાંતભાવ (શમ-દમપૂર્વક દેવત્વની ઉપાસના કરવી)(૨) દાસ્યભાવ(પ્રભુના સેવક બની તેમની સેવા કરવી,(૩) સખ્યભાવ (પ્રભુ સાથે મિત્રભાવ રાખવો) (૪) વાત્સલ્યભાવ (પ્રભુ પ્રત્યે પુત્ર કે શિષ્યવત્ સ્નેહ) અને (૫) શૃંગારભાવ (ગોપીઓની જેમ આરાધ્યને પતિ કે પ્રિયતમ માનવા). આ સિવાય ઉપાસનાના બીજા ચાર અંગો છે.: (अ)અર્ચના (ब)સ્તુતિ ( क)જપ (ड)ધ્યાન. અર્ચનનો સામાન્ય અર્થ પૂજા થાય છે. તે માટે મૂર્તિની જરૂર પડે છે. અને તેવી મૂર્તિ મનોકલ્પિત હોય તો પણ ચાલે. 'स्तु' ધાતુમાંથી 'स्तुति' શબ્દ નિષ્પન્ન થયો છે તેનો અર્થ થાય છે 'આરાધ્યના ગુણોની પ્રસંશા કરવી' કોઈપણ પદાર્થ, વ્યકિત કે પરમતત્ત્વના વિદ્યમાન ગુણોનું યથોચિત વર્ણન કરવું તે 'स्तुति'. स्तुति ના પણ ચાર પ્રકાર છે. વૈદિકી, પૌરાણિકી, તાંત્રિકી અને લૌકિકી જપ મંત્રાત્મક હોય છે. સામાન્યતઃ જપમંત્રના આરંભે ૐ અને અંતે નમઃ પદ મૂકાય છે. જેમ કે 'ॐ सरस्वत्यै नमः ।' ભકિતનું એક બીજું મહત્વનું અંગ પરમાત્મા કે દેવતાની પૂજા છે. 'पूज्' ધાતુમાંથી બનેલ 'पूजा' શબ્દ પુષ્પાદિ દ્વારા અર્ચના, ગંધ,માળા,વસ્ત્ર પાનાદિ દ્વારા સત્કાર, પુષ્પ, ફળ, આહાર તથા વસ્ત્રાદિ દ્વારા ઉપચાર વગેરે ક્રિયાઓ કરવાના અર્થમાં વપરાયો છે.[૨૪] પૂજાના લગભગ ૧૬, ૧૮ કે ૬૪ જેટલા ઉપચારો બતાવવામાં આવ્યા છે. વૈષ્ણવ સંપ્રદાયમાં અર્ચાવતારમાં આવાહ્ન, આસન, પાદ્ય, અર્ધ્ય, આચમન સ્નાન, વસ્ત્ર, યજ્ઞોપવીત, ગંધ, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, તામ્બૂલ, પ્રદક્ષિણા

અને વિસર્જન એ મુખ્ય ૧૬ ઉપચારો છે. ઇષ્ટમંત્રો દ્વારા પરમાત્માને આ ઉપચારો કરાય છે. ભક્તિમાર્ગમાં વળેલો ભકત કોમળ હૃદયનો હોય છે. તે ભગવાનની લીલા, દયાળુતા, ઉદારતા આદિનું વર્ણન સાંભળીને દ્રવિત થઈ જાય છે. તે રડવા લાગે છે, તેનું ગળું રૂંધાઈ જાય છે અને શરીર રોમાંચિત થઈ જાય છે. આવા કોમળ હૃદયના જીવમાં ભકિતના ફળસ્વરૂપે આલોક અને પરલોકના સુખની પ્રાપ્તિ થાય છે.

**(ब) ભક્તિના પ્રકારો :-**

ભકિત સાથે જોડાયેલ સાહિત્યમાં ભકિતના વિવિધ પ્રકારો જોવા મળે છે. ભકિતના પ્રમુખ બે પ્રકાર છે. (अ)સાધનરૂપ ભકિત અને (ब)સાધ્યરૂપ ભકિત. સાધનરૂપ ભકિતને વૈધી અને નવધાના નામથી ઓળખવામાં આવે છે, જ્યારે સાધ્યરૂપ ભકિત પ્રેમા-પ્રેમલક્ષણા કહેવાય છે. નવધા સાધનરૂપ છે અને પ્રેમ સાધ્યરૂપ. હવે આપણને પ્રશ્ન થાય કે વૈધી ભકિત કોને કહી શકાય ? 'પરમાત્મા જેનાથી સંતુષ્ટ થાય; તેવા પ્રકારના ભાવથી ભાવુક થઈને તેમની આજ્ઞાનુસાર આચરણ કરવું તે વૈધી-ભકિત છે.' સાહિત્યમાં તેના અનેક પ્રકારના લક્ષણો બતાવ્યાં છે. શ્રીમદ્ભગવદ્ગીતાના બારમાં અધ્યાયમાં ભકિતના ચાર રસ્તા બતાવ્યા છે.

मय्येव मन आधत्स्व मयि बुद्धिं निवेशय ।
निवसिष्यसि मय्येव अत ऊर्ध्वं न संशयः ।। (गीता.१२/८)

પહેલા રસ્તામાં ભગવાન મન અને બુધ્ધિ માગે છે. મન આપવું એટલે ભગવાનને સંકલ્પકર્તા બનાવી દેવા બુદ્ધિ એટલે નિર્ણય. તેથી બુદ્ધિ આપવી એટલે તે જ નિર્ણયકર્તા છે હું નહિ આ સ્થિતિ લાવવી. આમ મનબુદ્ધિ શાંત કરી, ચિત્તએકાગ્રતા વધારતાં વધારતાં આગળ જાય તો એક વખત ચિત્ત મૂર્તિમાં તલ્લીન થઈ જાય અને તલ્લીન થયા પછી મૂર્તિ આપ મેળે હટી જાય અને ત્યારે પૂર્ણતાની અનુભૂતિ સુધી માણસ જઈ શકે.

अथ चित्तं समाधातुं न शक्नोषि मयि स्थिरम् ।
अभ्यासयोगेन ततो मामिच्छाप्तुं धनंजय ।। (अ.१२/९)

અભ્યાસ એટલે વૃત્તિ બદલવી, અતીન્દ્રિય જોડે આપણો સંબંધ થતો નથી, આપણામાં ભાવાવેશ આવતો નથી, પ્રેમાવેશ છલકાતો નથી, ભકિતનો નશો ચડતો નથી, આવી સ્થિતિમાં શું કરવું ? ત્યારે ગીતાકાર કહે છે કે વૃત્તિ બદલ, બુદ્ધિ બદલ, દૈવી જીવન કર, ઈશ્વરનિષ્ઠ જે જે લોકો છે તેની સાથે મૈત્રી કર. આ

**અભ્યાસના રસ્તાઓ છે, સાધનો છે. કેવળ ચિત્તએકાગ્રતાનો અભ્યાસ અહીં પૂરતો નથી. બૌદ્ધિક વિકાસ અને અંતર્મુખતા હોવી એ જો આપણે માટે શકય ન હોય તો ભગવાન કહે છે કે–**

अभ्यासे प्यसमर्थोऽसि मत्कर्मपरमो भव ।
मदर्थमयि कर्माणि कुर्वन्सिद्धिमवाप्स्यसि ।। (अ.१२/१०)

**ત્રીજો રસ્તો બતાવતા કહે છે કે ભગવાનના કામ કરવા. જે લોકો ભગવાનના કામો કરે, ચિંતનશીલ બને, સ્થિર બુદ્ધિ અને અટલ શ્રદ્ધાથી સમાજને વિચારો આપતા જાય તેવા લોકોના ત્રણ પ્રકાર આપણા શાસ્ત્રમાં કહ્યા છેઃ (૧) બ્રહ્મર્ષિ (૨) રાજર્ષિ (૩) દેવર્ષિ. આ કરવું પણ શકય ન લાગતું હોય તો ભગવાન ચોથો રસ્તો બતાવતા કહે છે –**

अथैतप्यशक्तोऽसि कर्तुं मद्योगमाश्रितः ।
सर्वकर्मफलत्यागं ततः कुरु यतात्मवान् ।। (गीता १२/२२)

**ભગવાન કહે છે.** ' Give me Love and work - if you can.' **સર્વકર્મફળ નો ત્યાગ કર એટલે કે હવનશીલ બનવાનું – નિઃસંગતા કેળવવાની.**

**આમ, ભગવાન ચાર માર્ગ બતાવે છે.**

**(૧) પહેલા માર્ગમાં ભોકતૃત્વ અને કર્તૃત્વનો ત્યાગ છે.** मय्येव मन--

**(૨) બીજા માર્ગમાં ઈશ્વર પરાયણતા છે.** अभ्यासयोगेन **..... કર્તૃત્વ, ચિંતા, ઇચ્છા, વિકાર બધું જ ઈશ્વર પરાયણ કરવા–**

**(૩) ત્રીજો રસ્તો શકિત અર્પણનો છે.** मत्कर्मपरमो भव ---

**(૪) ચોથો રસ્તો નિઃસંગતતા છે.** सर्वकर्मफल त्याग --- **આ ચારેય રસ્તાઓ ભગવાન પાસે લઈ જનારા છે.** [૨૫] **શ્રીમદ્‌ભાગવતના સાતમા સ્કંધમાં પ્રહ્‌લાદે ભગવાન વિષ્ણુની ભકિતના નવ પ્રકારો બતાવ્યા છે. જે નીચે પ્રમાણે છે :**

**૧. શ્રવણ : પરમાત્માના ગુણ, લીલા અને નામાદિનું શ્રવણ કરવું તે.**

**૨. કીર્તન : પરમાત્માના ગુણ, લીલા અને નામાદિનું કીર્તન કરવું તે.**

**૩. સ્મરણ : પરમાત્માના ગુણ, લીલા અને નામાદિનું સ્મરણ કરવું તે.**

**૪. પાદસેવન : પરમાત્માના ચરણોની સેવામાં ઉપસ્થિત થવું તે.**

**૫. અર્ચનઃ પરમાત્માના મૂર્તિની પૂજા કરવી.**

૬. વંદન : પરમાત્માને વંદન કરવા

૭. દાસ્ય : દાસભાવે પરમાત્માની ભક્તિ.

૮. સખ્ય : સખાભાવે પરમાત્માની ભક્તિ.

૯. આત્મ નિવેદન : આત્મદોષનાં એકરારપૂર્વક પરમાત્માની શરણાગતિ સ્વીકારવી.

श्रवणं कीतनं विष्णोः स्मरणं पादसेवनम् ।

अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम् ।।

इति पुंसार्पिता विष्णौ भक्तिन्नवलक्षणा ।[२६]

આ નવ પ્રકારની ભક્તિને નવધા ભક્તિ કહે છે.આને જ વૈધી, સાધનભક્તિ અથવા મર્યાદાભક્તિ એવા નામે ઓળખવામાં આવે છે. આ પ્રકારથી ભકતની કર્મગ્રંથિ છિન્ન થઈ જાય છે. અશુભ વાસનાઓ નષ્ટ થઈ જાય છે. રજોગુણ અને તમોગુણના ભાવો નાશ પામે છે અને સત્ત્વગુણ પ્રગટ થાય છે. આરાધ્યના સ્વરૂપ અને આરાધકના ભાવને આધારે નવધા ભક્તિનું વિશ્લેષણ નીચે પ્રમાણે કરવામાં આવ્યું છે.

(अ) શ્રવણ, કીર્તન અને સ્મરણનો સંબંધ પરમાત્માના નામ સાથે હોય છે, એટલે કે શ્રવણ, કીર્તન, અને સ્મરણ પરમાત્માના નામનું જ કરવામાં આવે છે.

(ब) પાદસેવન, અર્ચન અને વંદનનો સંબંધ પરમાત્માની સુંદરતા (રૂપ) સાથે થયેલો છે. કારણ કે અહીં ભકતની સામે રહેલા પરમાત્માના સ્વરૂપને તેમની મૂર્તિને ઉદ્દેશીને જ તેનું ચરણપૂજન,અર્ચન અને વંદન કરવામાં આવે છે. ભકતની સાથે પરમાત્માનું કોઈ સ્વરૂપ જ ન હોય તો આ ત્રણે અંગો ચરણપૂજન, અર્ચન અને વંદનનું કોઈ સાર્થકય રહેતું નથી. એ તો સ્વાભાવિક જ છે કે માનવમાત્ર સુંદરતાના સ્વરૂપ સાથે સંકળાયેલો છે. તેથી તેના આલંબન રૂપે જે તત્ત્વ છે તે પણ નામરૂપધારી જ હોવું જોઈએ. આથી આ ત્રણેનો સંબંધ પરમાત્માની સુંદરતા (રૂપ) સાથે છે.

(क) દાસ્ય, સખ્ય તથા આત્મનિવેદનનો સંબંધ ભકતના હૃદયગત ભાવોની સાથે રહેલો છે. ઉપરના છ પ્રકારોથી આ ત્રણ પ્રકારો અલગ તરી આવે છે. આ ત્રણે ભાવો કોઈ ભાવાત્મક જગતનાં તત્ત્વો સાથે સંબંધ ધરાવતા હોવાથી તેના દાસ્યભાવ, સખ્યભાવ અને આત્મનિવેદનભાવ એવાં નામ આપવામાં આવ્યા છે.

પરમાત્માના નામની સાથે સંબંધ ધરાવતા સાધનો (શ્રવણ, કીર્તન, સ્મણ)

શ્રદ્ધા અને વિશ્વાસની વૃદ્ધિ સહાયક થાય છે, તો પ્રભુની સુંદરતાની સાથે સંબંધ ધરાવતા સાધન (પાદસેવન, અર્ચન, વંદન) વૈધી ભકિતનાં વિશિષ્ટ અંગ બને છે અને ભકતના મનોભાવો સાથે સંબંધ ધરાવનાર સાધન (દાસ્ય, સખ્ય, આત્મ નિવેદન) અનુરાગાત્મિકા ભકિત સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે. નવધા ભકિત સાધકની દષ્ટિથી ત્રણ વર્ગોમાં વિભકત થઈ શકે.

૧. કાયિક – શ્રવણ, પાદસેવન, અર્ચન, અને વંદન એ કાયિક છે.

૨. વાચિક – કીર્તન વાચિક છે.

૩. માનસિક – સ્મરણ, સખ્ય, દાસ્ય તથા આત્મનિવેદન માનસિક છે.

ભકિતના આ નવે પ્રકારોમાંથી ભકત કોઈપણ એક પ્રકારથી પણ પરમાત્માનું શરણ સ્વીકારે તો તેનો ઉદ્ધાર અવશ્ય થાય છે. હવે આ નવ પ્રકારોને વિસ્તૃત સમજીએ.

**૧. શ્રવણ :-**

ભગવાનના પ્રેમી ભકતો દ્વારા કહેવામાં આવેલા ભગવાનના નામ, રૂપ, ગુણ, પ્રભાવ, લીલા, તત્ત્વ અને રહસ્યમયી અમૃતરૂપી કથાઓનું શ્રદ્ધા અને પ્રેમપૂર્વક શ્રવણ કરવું તેને શ્રવણ ભકિત કહે છે. શ્રદ્ધા અને પ્રેમપૂર્વક મહાપુરુષોને સાષ્ટાંગ પ્રણામ, તેમની સેવા તથા તેમના બતાવેલા માર્ગ અનુસાર આચરણ કરવામાં તત્પર રહેવું–આ શ્રવણ ભકિતને પ્રાપ્ત કરવાની વિધિ છે.

શ્રવણભકિતમાં અમુક પ્રકારના ચોકસાઈપૂર્વકના નિયમોનું આચરણ કરવાનું હોય છે. ભાગવતમાહાત્મ્ય અનુસાર કથાશ્રવણના વ્રતવાળાએ બ્રહ્મચર્યનું પાલન કરવું, નીચે સૂવું, નિત્ય કથાશ્રવણ કર્યા પછી વૃક્ષના પાનમાંથી બનાવેલ પત્રાવલિમાં ભોજન કરવું, ચોખા, મધ, તેલ, ભારે અન્ન, દુષ્ટવૃત્તિથી જોવાયેલું અને વાસી અન્ન, કામ, ક્રોધ, મદ, માનમત્સર, લોભ, દંભ, મોહ અને દ્વેષનો ત્યાગ કરવો. વેદોની,વૈષ્ણવોની, ગુરુઓની, ગાયોની, વ્રતધારીઓની, સ્ત્રીઓની, રાજાઓની તથા મહાત્માઓની નિંદા કરવી નહી. તેમજ રજસ્વલા, ચાંડાલ, મ્લેચ્છા, પતિત, અસંસ્કારી, બ્રાહ્મણ દ્વેષી, અને વેદબાહ્ય (નગ્ન) મનુષ્યો સાથે વ્યવહાર રાખવો નહીં. સત્ય, પવિત્રતા, દયા, મૌન, સરળતા, વિનય–વિવેક તેમજ મનની ઉદારતા રાખવી[૨૭]. આ પ્રકારનાં નિયમો શ્રવણ ભકિતમાં આચરવાનાં હોય છે.

મનુષ્ય જેવો-જેવો સંગ કરે છે, તેવા સંગ અનુસાર જ તેના પર એવો જ પ્રભાવ પડે છે અને શ્રવણ ભકિત પણ સત્સંગને જ મળે છે, કેમ કે સત્સંગ જ શ્રવણ ભકિતનો મુખ્ય હેતુ છે. સત્પુરુષોનું દર્શન, ભાષણ, સ્પર્શ, ચિંતન અને તેમના સંગથી પાપી મનુષ્ય પણ પરમ મિત્ર બની જાય છે. મહાપુરુષોની કૃપા સિવાય કોઈપણ મનુષ્ય પરમપદને પ્રાપ્ત કરી શકતો નથી. મહાપુરુષોનો સંગ દુર્લભ, અગમ્ય અને અમોઘ છે, એટલા માટે ભગવત્પ્રાપ્તિની ઇચ્છાવાળા ભકતએ આવા સત્પુરુષનો સંગ અવશ્ય કરવો જોઈએ. દેવર્ષિ નારદ પણ કહે છે महत्सङ्गस्तु दुर्लभोऽगम्योऽमोघ । [૨૮] 'મહાપુરુષોનો સંગ દુર્લભ, અગમ્ય અને અમોઘ છે,' અને तदेव साध्यताम् तदेव सा ताम् । તે સત્સંગથી જ સાધના કરો – સત્સંગની સાધના કરો. અર્થાત્ સંત – મહાપુરુષોનો સંગ, સેવા અને આજ્ઞાનું પાલન કરો, મંદબુદ્ધિ ભકતો પોતે ન જાણતા તત્ત્વને બીજા જાણનારા પુરુષો પાસેથી સાંભળી ઉપાસના કરે છે, તેવા શ્રવણપરાયણ ભકત પણ આ મૃત્યુરૂપ સંસાર-સાગરને નિઃસંદેહ તરી જાય છે. નારદ ભાગવતમહાત્મ્યમાં સનકાદિ મુનિઓને કહે છે કે –

श्रवणं सर्वधर्मभ्यो वरं मन्ये तपोधनाः ।
ध्य
वैकुण्ठस्थो यतः कृष्णः श्रवणाद् यस्य लभ्यते ।[૨૯]

હે તપોધનો ! હું ભગવાનના ગુણાનુવાદના શ્રવણને સર્વ ધર્મોથી શ્રેષ્ઠ માનું છુ, કેમ કે ભગવાનના ગુણાનુવાદ સાંભળવાથી વૈકુંઠમાં રહેલાં ભગવાનની પ્રાપ્તિ થાપ છે કેવળ શ્રવણભકિત કરવાથી પણ ભગવાનની પ્રાપ્તિ થાય છે. તેવા શાસ્ત્રોમાં ઘણા પ્રમાણ મળે છે. ઇતિહાસ અને પુરાણોમાં આવાં અનેક ઉદાહરણો મળે છે. રાજા પરીક્ષિત ભાગવતને સાંભળીને જ પરમપદને પામ્યા હતા. શ્રીમદ્ભાગવતમાહાત્મ્યમાં લખ્યું છે કે –

असारे संसारे विषयविषसङ्गाकुलधिपः ।

क्षणार्द्धं क्षेमार्थं पिबत शुकगाथातुलसुधाम् ।।

किमर्थं व्यर्थंभो व्रजत कुपथे कुत्सितकथे ।

परीक्षित्साक्षी यच्छ्रवणगतमक्त्युक्तिकथने ।।[૩૦]

" વિષયરૂપ વિષયનાં સંસર્ગથી વ્યાકુળબુદ્ધિવાળા પુરુષો ! શા માટે ખરાબ કાર્યોરૂપી કુમાર્ગે વ્યર્થ ઘુમી રહ્યા છો ? આ અસાર સંસારના કલ્યાણ માટે શુકદેવજીના મુખમાંથી નીકળેલી

**કથારૂપી અમૃતનું અડધી ક્ષણ માટે પણ પાન કરો. તેના શ્રવણથી મુક્તિ મળે છે. – આ કથનનું પરીક્ષિત પ્રમાણ છે' શૌનકાદિ ઘણા ઋષિઓ પુરાણ અને ઇતિહાસનું શ્રવણ કરવામાં જ પોતાના સમયને વ્યતીત કરતા. આ મનુષ્યજીવન માટે બીજો કોઈ પણ વિષય આનાથી વધારે આનંદદાયક શ્રવણીય વિષય નથી અને તે મહાપુરુષોના સંગથી જ પ્રાપ્ત થાય છે. એટલા માટે મહાપુરુષોના સંગ સિવાય આનંદદાયક, લાભપ્રદ આ સંસારમાં કોઈપણ પદાર્થ મનુષ્યો માટે નથી. શ્રવણ ભક્તિનું ફળ ચિત્તશુદ્ધિ છે. ભાગવતમાહાત્મ્યમાં જણાવ્યાનુસાર – 'યમદેવ પોતાના પાશધારી સેવકોને તેમના કાનમાં કહે છે કે– 'ભગવાનના ચરિત્રોમાં મસ્ત રહેનારા પુરુષોનો ત્યાગ કરજો, તેમને અહીં લાવશો નહિ, કેમ કે હું બીજા મનુષ્યોનો સ્વામી છું, વૈષ્ણવોનો નહિ' –** स्वपु षमपि वीक्ष्य पाशहस्तं वदति यमः किल तस्य कर्णमूले । परिहर भगवत्कथामत्तान् प्रभुरहमन्यनृणां न वैष्णवानाम् ।।[30] **ભાગવત ઉપરની ભાવાર્થદીપિકાપ્રકાશ નામની ટીકામાં કહયું છે કે ગુણ–શ્રવણ નહિ કરનાર પુરુષ અવજ્ઞાનું પાત્ર બની કૂતરા સમાન બને છે. પાપ અને વિષયોમાં આસકત હોવાથી ભૂંડ જેવો છે, કાંટા સમાન વિષયોમાં પ્રેમ રાખતો હોવાથી ઊંટ જેવો છે. અને સંસારનો વૃથાભાર ઉપાડનારો હોઈ ગધેડા જેવો છે –** सः अवज्ञास्पदत्वाच्छुवाभिः कश्मल विषया सक्तत्वा द्विड्वराहै ग्राम सूकरै कंटकवद् दुःखद– विषयासक्त्वा दुष्ट्रेर्भार वाहित्वात् खरैस्तुल्य इत्यर्थः ।[31] **શ્રી જીવગોસ્વામી અને વંશીધર શ્રવણ ભક્તિ માટે કહે છે કે શ્રવણ અંતઃકરણની શુદ્ધિ માટે આવશ્યક છે. અંતઃકરણ શુદ્ધ થતાં પરમાત્માના રૂપની ઝાંખી થાય છે અને ભવ્યતા વગેરેનું શ્રવણ થતાં (પરમાત્માના) રૂપનાં આવિર્ભાવની યોગ્યતાવાળો ભકત બને છે. ત્યાર પછી રૂપનો ઉદય થતાં પરમાત્માના સંનિધાનમાં એક મુખ્ય સ્વરૂપની સાથે રહેલાં અન્ય સ્વરૂપોની વિશિષ્ટતાને લીધે તેના મુખ્ય સ્વરૂપમાં વૈશિષ્ટય આવે છે, પછી નામ, રૂપ, ગુણ અને પરિકર જ્યારે સારી રીતે સ્ફૂરણા પામી ગયા હોય છે, ત્યારે ભગવાનની લીલાઓનું રુચિજનક સુંદર રીતે સ્ફુરણ થાય છે. આ અભિપ્રાય મનમાં રાખીને સાધનાક્રમ (રૂપશ્રવણ, ગુણશ્રવણ, લીલાશ્રવણ) જણાવવામાં આવ્યો છે –** श्रवणमन्तःकरणशुद्धयर्थमपेक्ष्यं शुद्धे चान्तःकरणे रुपश्रवणेन तदुदययोग्यता भवति सम्यनुदिते च रुपे गुणानां स्कुरणं सम्पद्येत सम्पन्न च गुणानां स्फुरणे परिकरवैशिष्टयैन तद्वैशिष्टयं सम्पद्यते ततस्तेषु नामरुपगुण परिकरेषुं सम्यक्स्फुरितेषु लीलानां स्फुरणं सृष्ठु भवतीत्यभिप्रेत्य साधनक्रमो लिखितः ।[32] **ભકતે પોતાનું સર્વસ્વ મહાપુરુષોના સંગમાં રહેતાં પરમાત્માના નામ,રૂપ,ગુણ અને પ્રેમ, પ્રભાવ,**

લીલા, ધામ, રહસ્ય અને તત્ત્વની અમૃતસમાન કથાઓનું નિરંતર શ્રવણ કરવામાં લગાડવું જોઈએ.

૨. કીર્તન :- પરમાત્માનાં નામ, રૂપ, ગુણ, પ્રભાવ, લીલા અને રહસ્યનું શ્રદ્ધા અને પ્રેમપૂર્વક ઉચ્ચારણ કરતાં-કરતાં શરીરમાં રોમાંચ, કંઠાવરોધ, અશ્રુપાત, હૃદયની પ્રફુલ્લતા, મુગ્ધતા વગેરેનું હોવું તે કીર્તન ભકિતનું સ્વરૂપ છે. કથા-વ્યાખ્યાનાદિ દ્વારા ભકતોની સામે ભગવાનના પ્રેમ-ભાવનું કથન કરવું, એકાંતમાં અથવા સમૂહમાં તેમનાં નામના જપ અને ઊંચા સ્વરમાં કીર્તન કરવું, પરમાત્માના ગુણ, પ્રભાવ અને ચરિત્ર આદિથી શ્રદ્ધા અને પ્રેમપૂર્વક ધીરે-ધીરે અથવા ઊંચા સ્વરથી, ઊભા-ઊભા અથવા બેસીને વાદ્ય-નૃત્ય સહિત દિવ્ય સ્તોત્ર તથા પદો દ્વારા પરમાત્માની સ્તુતિ-પ્રાર્થના કરવી. આ કીર્તન ભકિતને પ્રાપ્ત કરવાનો ઉપાય છે.

ભાગવત પરની વીર રાઘવ વ્યાખ્યા અને બાલપ્રબોધિની ટીકામાં કહ્યું છેઃ કીર્તન, ભકિત એટલે પરમાત્માના નામ, રૂપ, ગુણ અને લીલાનું કીર્તન –कीर्तनं नामोच्चारणाधात्मकम् । विष्णुमाहात्म्यस्यकीर्तनम् ।[૩૩] મનુષ્ય તપ, યોગ કે સમાધિથી જે ફળ મેળવતો નથી, તે ફળ કળિયુગમાં શ્રીકૃષ્ણ કીર્તનથી મેળવે છે – यत्फलं नास्ति तपसा न योगेन समाधिना । तत्फलं लभते सम्यक्कलौ केशवकीर्तनात् ।।[૩૪] પરમાત્માના ભકતો દ્વારા તેમના પ્રેમ, પ્રભાવ, તત્ત્વ અને રહસ્યને સાંભળવાથી અને તેનું અધ્યયન કરવાથી પરમાત્મામાં શ્રદ્ધા પેદા થાય છે, ત્યારે મનુષ્ય ઉપર્યુકત કીર્તન-ભકિતને પ્રાપ્ત કરી શકે છે. કેવળ કીર્તન-ભકિતથી પણ મનુષ્ય પરમાત્માની દયાથી તેમને અનન્ય પ્રેમ કરી તેને પામી શકે છે. ગીતામાં ભગવાન જણાવે છે કે –

अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक् ।
साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितो हि सः ।।
क्षिप्रं भवति धर्मात्मा शश्वच्छान्तिं निगच्छति ।
कौन्तेय प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति ।।[૩૫]

"કોઈ અતિશય દુરાચારી પણ અનન્ય ભાવથી મારો ભકત બની મને ભજે છે, તો તે સાધુ જ મનાય છે, કેમ કે તે યથાર્થ નિશ્ચય વાળો છે, અર્થાત્ તેણે નિશ્ચય કરી જ લીધો હોય છે કે પરમાત્માનું ભજન કરવા સમાન બીજું કાંઈ પણ નથી. એટલે તે તરત જ ધર્માત્મા બની જાય છે. અને સદા રહેનારી પરમશાંતિને પ્રાપ્ત થાય છે. હે અર્જુન! તું નિશ્ચયપૂર્વક સત્ય જાણ કે મારો ભકત

**કદી નષ્ટ થતો નથી". મહર્ષિ પતંજલિ પાતંજલયોગમાં કીર્તનરૂપ ભકિતની સમજ આપતાં જણાવે છે કે– 'तस्य वाचकः प्रणवः।'[૩૭] 'તે પરમાત્માનું નામ ૐકાર છે,'** तज्जपस्तदर्थभावनम्।[૩૭] **તે પરમાત્માના નામનો જય અને તેમના અર્થની ભાવના અર્થાત્ તેમના સ્વરૂપનું ચિંતન કરવું.** ततः प्रत्यक्चेतनाधिगमोऽप्यन्तरामाभाव ।[૩૮] **ઉપર્યુકત સાધનથી સંપૂર્ણ વિઘ્નોના નાશ અને પરમાત્માની પ્રાપ્તિ પણ થાય છે. કીર્તન ભકિતથી પૂર્વકાળમાં ઘણા ભકતો પરમપદને પામ્યા હતા ઇતિહાસ અને પુરાણોમાં તથા રામાયણમાં આના ઘણાં ઉદાહરણ પ્રાપ્ત થાય છે. ભગવાનના નામ અને ગુણરૂપ કીર્તનના પ્રતાપથી પૂર્વકાળમાં નારદ, વાલ્મીકિ, શુકદેવ આદિ અનેક ભકતો પરમપદને પામ્યા હતા તથા તેમના જીવનનો ઇતિહાસ વિખ્યાત છે. પરમ ભકત તો ભગવાનને પામે જ છે, પરંતુ જે મહાપાપી હોય તે પણ ભગવાનમાં પ્રેમ થવાથી પરમપદને પામે છે.**

**આમ, પરમાત્માના નામ અને ગુણોનું કીર્તન કરવામાં નિત્ય-નિરંતર તત્પર રહેવું જોઈએ.**

**૩. સ્મરણ :-**

**સ્મરણ ભકિતમાં પરમાત્માના નામ, રૂપ, લીલા, આદિનું મનથી અનુસંધાન કરવું આવું જ મંતવ્ય ભાગવતના ટીકાકારો નું પણ છે.** स्मरणं यत्किञ्चिन्मसाऽनुसन्धानम् ।[૩૮] स्मरणं स्वरुपादिविषयकमेव ।[૩૯] विष्णोः स्मरणं तस्य तल्लीलाविशिष्टस्वरुपस्मरणम् ।[૪૦] **સ્મરણ ભકિતમાં શ્રદ્ધા અને પ્રેમપૂર્વક શ્રવણ અને પઠન કરવામાં આવે છે અને આ પ્રમાણે મનન કરતા – કરતા ભગવાનના સ્વરૂપમાં ધ્રુવની માફક તલ્લીન થઈ જવું તે સ્મરણ ભકિતનું સ્વરૂપ છે.**

**સ્મરણ ભકિત માટે એકાન્ત અને પવિત્ર સ્થાનમાં સુખપૂર્વક સ્થિર, સરળ, આસન ઉપર બેસી ઇન્દ્રિયોને વિષય રહિત કરી, કામના અને સંકલ્પનો ત્યાગ કરી, પ્રશાંત અને વૈરાગ્યયુકત મનથી સ્વાભાવિક શુદ્ધ અને સરલભાવથી ભગવાનના સગુણનિર્ગુણ, સાકાર-નિરાકાર આદિ તત્ત્વોને જાણીને ગુણ અને પ્રભાવ સહિત ભગવાનના સ્વરૂપનું ચિંતન કરવું. ભગવાનના નામનું મનથી સ્મરણ કરવું. ભગવાનની લીલાઓનું સ્મરણ કરી મુગ્ધ થવું, દિવ્ય સ્તોત્ર અને પદોથી મન દ્વારા સ્તુતિ અને પ્રાર્થના કરવી. આ પ્રમાણે સ્મરણના અનેક પ્રકાર બતાવવામાં આવ્યા છે. પ્રેમી ભકતો દ્વારા ભગવદ્‌વિષયક ધાર્મિક સાહિત્યનું પઠન કરવું. ભગવાનના નામનો જપ અને કીર્તન કરવું. પરમાત્મામાં**

ધ્યાનસ્થ બની કરુણાભાવથી સ્તુતિ-પ્રાર્થના કરવી. આ સર્વ બાબતો સ્મરણ ભકિતને પ્રાપ્ત કરવા માટે છે. સ્મરણ ભકિતથી સર્વ પાપ, વિઘ્ન, અવગુણ અને દુઃખોનો અત્યંત અભાવ જોવા મળે છે. ભગવત્-સ્મરણથી મનુષ્ય જે કંઈ પણ ચાહે તે પ્રાપ્ત કરી શકે છે. ભગવત્ પ્રાપ્તિરૂપ પરમશાંતિની પ્રાપ્તિ પણ અતિ શીઘ્ર અને સહજતાથી થાય છે. શ્રુતિ, સ્મૃતિ, ઇતિહાસ, પુરાણ, સંત અને મહાત્માઓએ ભગવત્ સ્મરણ (ધ્યાન) નો સુંદર મહિમા બતાવ્યો છે. કઠોપનિષદ્‌માં કહ્યું છે કે –

एतद्ध्येवाक्षरं ब्रह्म एतद्ध्येवाक्षरं परम् ।

एतद्ध्येवाक्षरं ज्ञात्वा यो यदिच्छति तस्य तत् ।।[४२]

"આ ૐકાર અક્ષર જ બ્રહ્મ છે, તે જ પરબ્રહ્મ છે, આ જ ૐકારરૂપ અક્ષરને જાણીને જે મનુષ્ય જે વસ્તુને ચાહે છે, તેને તે મળે છે," શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં ભગવાને કહ્યું છે કે – જે પુરુષ સંપૂર્ણ ભૂતોમાં સર્વના આત્મારૂપ મને વાસુદેવને જ વ્યાપક રીતે જુએ છે અને સંપૂર્ણ ભૂતોને મારા અંતર્ગત જુએ છે, તેના માટે હું અદશ્ય થતો નથી અને તે મારા માટે અદશ્ય થતો નથી.

यो मां पश्यति सर्वत्र सर्व च मयि पश्यति ।

तस्याहं न प्रणश्यामि स च मे न प्रणश्यति ।।[४३]

સ્મરણ કરનારા ભકતોના શાસ્ત્રોમાં ઘણાં નામો આવે છે. સનકાદિ, ધ્રુવ, ભીષ્મ, કુન્તી વગેરે સ્મરણ-ભકિતથી પરમપદને પામ્યા હતા. આ જ પ્રમાણે જટાયુ નામના પક્ષીને પણ ભગવત્ સ્મરણથી જ પરમગતિ પ્રાપ્ત થઈ હતી. ગુણ, પ્રભાવ અને પ્રેમસહિત ભગવાનના સ્વરૂપના ધ્યાન જેવું આ સંસારમાં શીઘ્ર ઉદ્ધાર કરનાર બીજુ કોઈ સાધન નથી. પ્રાયઃ સર્વ સાધનોનું ફળ પરમાત્માનું સ્મરણ કરવું તે છે. માટે ભકતે પોતાનું સમગ્ર જીવન ઉપર્યુકત પ્રકારથી ભગવત્ ચિંતનમાં વીતાવવું જોઈએ. પરમાત્માની પ્રાપ્તિની ઇચ્છાવાળા સાધકે સર્વ કાર્યો કરતાં ગાય જેમ વાછરડાને, કામી સ્ત્રીનું, લોભી ધનનું, નટી પોતાના ચરણોનું ધ્યાન રાખે છે, તેવી રીતે પરમાત્માનું ધ્યાન રાખવું જોઈએ. વંશીધર જણાવે છે કે આ નામાદિનાં સંબંધને લીધે આ સ્મરણ બહુ પ્રકારનું હોય છે, તેના પાંચ પ્રકાર છે.

૧. કીર્તન દ્વારા પરમાત્માના સ્વરૂપનું અનુસંધાન.

૨. સ્મરણ.

૩. સર્વ બાજુએથી ચિત્તને ખેંચીને સામાન્ય રૂપે પરમાત્મ-તત્ત્વમાં મનની ધારણા.

૪. વિશેષ ધારણા થતાં તે-તે વિશેષ રૂપનું ચિંતન.

૫. ધ્યાન.

આ રીતે સ્મરણના પાંચ પ્રકાર બતાવ્યા છે. " અમૃતધારાની માફક સતત પ્રવાહિત એવું સ્મરણ એને જ નિશ્ચલ અનુસ્મરણ કહે છે. તે ધ્યેયનું સ્ફુરણ છે, અન્યનું નહિ, કેમકે સ્મરણ જ સમાધિ છે." तदेव नामादिसम्बन्धित्वेन बहुविधं भवति । तच्चपञ्चविधंयुक्तिं चिदनुसन्धानं स्मरणं सर्वत त्तिमाकृष्यं सामान्याकारे मनोधारणं धारणाविशेषतो रुपादिचिन्तनं घ्यानम् । अमृत धारावदवच्छिन्नं तत् ध्रुवानुस्मृतिः घ्येयमात्रस्फुरणं समाधिरिति ।[૪૪]

સ્મરણભકિત વિશે શ્રીમદ્ભાગવતમાં કહ્યું છે કે –

"तस्मात् सर्वात्मना राजन् हृदिस्थं कुरु केशवम् ।

म्रियमाणो ह्वहितः ततो यासि परां गतिम् ।।"[૪૫]

હે રાજન્ ! સર્વ પ્રકારે ભગવાનનું સ્મરણ કરો. તેનાથી મરતે સમય સાવધાન બનશો અને પરાગતિને પામશો. આ રીતે સ્મરણ ભકિતની મીમાંસા વિવિધ શાસ્ત્રગ્રંથોમાં મળી આવે છે.

૪. પાદસેવન :- શ્રી ભગવાનના દિવ્ય મંગલમય સ્વરૂપની ધાતુ વગેરેની મૂર્તિ, ચિત્ર અથવા માનસ મૂર્તિના મનોહર ચરણોનું શ્રદ્ધાપૂર્વક દર્શન, ચિંતન, પૂજન અને સેવન કરતાં કરતાં ભગવત્પ્રેમમાં તન્મય બની જવું તેને પાદ-સેવન કહે છે. વારંવાર અતૃપ્ત નયનોથી ભગવાનના ચરણાવિન્દનું દર્શન કરવું, બંને હાથોથી પરમાત્માના ચરણોનું પૂજન અને સેવન કરવું તથા ચરણામૃત લેવું. મનથી ભગવદ્ચરણોનું ચિંતન, પૂજન, સેવન કરવું, ભગવાનની ચરણ-પાદુકાઓ, ચરણરજને મસ્તક પર ધારણ કરવી, જે વસ્તુને ભગવાનનો ચરણસ્પર્શ થયો હોય, તે વસ્તુનો હૃદયથી આદર કરવો અને તેને મસ્તક પર ધારણ કરવી.

પાદસેવનભકિત વિશે શ્રીમદ્ભાગવતમાં કહ્યું છે કે – ' હે રાજન્ આ પ્રકારે પુનઃ પુનઃ ભગવાનના પાદપદ્મોની સેવા કરવાથી ભગવદ્ભકતોને વૈરાગ્ય, ભગવત્‌જ્ઞાન તથા ભકિત પદાર્થ પ્રાપ્ત થાય છે. ત્યારબાદ ભગવદ્ભકતને મોક્ષ પ્રાપ્ત થાય છે.'

"इत्यच्युताङधि भजतोऽनुवृत्या भक्तिर्विरक्तिर्भगवत्प्रबोधः ।

भवन्ति वै भागवतस्य राजन् ततः परां शान्तिमुपैति साक्षात् ।।"[૪૬]

ગંગાજીના જળને ભગવાનનું ચરણોદકમાંની પ્રણામ-પૂજન, સ્નાન-પાનાદિ દ્વારા તેનું સેવન કરવું વગેરે પાદસેવન ભકિતના જ વિભિન્ન પ્રકાર છે. શ્રીધર અને વંશીધર નામના ટીકાકારો જણાવે છે કે - 'પાદસેવન એટલે હરિના સ્વરૂપની ચરણ સેવા,'[૪૭] देशकालाद्युचितपरिचर्या ।[૪૮] જ્યારે વીર રાઘવનો મત એમ છે કે- 'પાદસેવન એટલે અર્ચન માટે અભિપ્રેત સ્વરૂપના ચરણોની ભકિતપૂર્વક આરાધના'. 'આરાધના' એ પદસંવાહન શબ્દથી વિવક્ષિત છે. પાદસેવન બે ચરણોનું સંવાહન, તે અર્ચાવિગ્રહ અને તેના બે ચરણોનું એમ સમજવું જોઈએ, કારણ કે પર, વ્યૂહ, વિભવ વગેરે ઇન્દ્રિયોથી પર હોવાથી તેમના ચરણોના સેવનનો અસંભવ છે. पादयोः संवाहनं तच्चार्चाविग्रहतदीयपादयोति वेदितव्यं परव्यूहविभवादेरतीन्द्रियत्वेन तत्पादसेवनासम्भवात् ।[૪૯] ।[૪૮] મમતા, અહંકાર અને અભિમાન આદિનાશ પામી પ્રભુના ચરણોમાં અનન્ય પ્રેમની પ્રાપ્તિ થવાના ઉદ્દેશ્યથી પાદસેવન ભગવાનના ચરણોની સેવા કરવામાં આવે છે. ભગવાન શ્રીરામના ચરણચિહ્ન, ચરણરજ અને ચરણપાદુકાના દર્શન તથા સેવનથી ભરતને કેટલો આનંદ પ્રાપ્ત થાય છે. અને તેમની કેવી પ્રેમતન્મય દશા થઈ જાય છે! ત્યાં તેમણે સર્વ બાજુએ શ્રીરામચંદ્રજીના વજ, અંકુશ, કમળ અને ધ્વજા આદિના ચિહ્નોથી સુશોભિત તથા પૃથ્વી  માટે અત્યંત મંગલમય ચરણ ચિહ્નો જોયા. તેમને જોઈ શત્રુધ્નની સાથે તેઓ આ ચરણરજ જોવા લાગ્યા અને મનોમન કહેવા લાગ્યા-'અહો ! હું પરમ ધન્ય છું, જે આજે ભગવાન શ્રીરામના ચરણાવિંદના ચિહ્નોથી વિભૂષિત થયેલી ભૂમિને જોઈ રહ્યો છું, જેની ચરણરજને દેવતા અને શ્રુતિઓ પણ સદા શોધતી રહે છે.-

स तत्र वज्रांङ्कुशवारिजाञ्चित ध्वजादिचिहनानि पदानि सर्वतः ।

ददर्श रामस्य भुवोऽतिमङ्गलान्यचेष्टयत्पादरजःसु सानुजः ।।

अहो सुधन्योऽहममूनि रामापादारविन्दांङ्कितभूतलानि ।

पश्यामि य पादरजो विमृग्यं ब्रह्मादिदेवैः श्रृतिमि नित्यम् ।। [૫૦]

પરમાત્માના અનન્ય ભકતોનો સંગ કરવાથી પરમાત્માની ચરણસેવાનું તત્ત્વ, પ્રભાવ સાંભળવા મળે છે તથા તેમાં શ્રદ્ધા રાખવાથી ભકિત પ્રાપ્ત થાય છે. પરમાત્માના કેવળ ચરણરજની સેવા કરવાથી અનન્ય પ્રેમને પ્રાપ્ત કરનારા અનેક ભકતોનું વર્ણન પુરાણ-શાસ્ત્રોમાં જોવા મળે છે. તેથી પરમાત્માના પવિત્ર ચરણોનું  શ્રદ્ધાપૂર્વક મન લગાવી તેમનું નિત્ય સેવન કરવું જોઈએ.

૫. અર્ચન :-

પરમાત્માના ભકતો પાસેથી સાંભળેલ, શાસ્ત્રોમાંથી પઠન કરેલા ધાતુ આદિની મૂર્તિના રૂપમાં જોયેલા એવા પોતાના મનને રુચે તેવા કોઈપણ પરમાત્માના સ્વરૂપનું બાહ્ય સામગ્રીઓથી શ્રદ્ધાભકિતપૂર્વક તેમની સેવા-પૂજા કરવી અને તેમના પ્રભાવને સમજી પ્રેમમાં મુગ્ધ થવું તે અર્ચન ભકિત છે. ભગવાને સ્વયં ગીતામાં કહ્યું છે કે- 'હે અર્જુન ! જે કોઈ ભકત મારા માટે પત્ર, પુષ્પ, ફળ, જળ વગેરે પ્રેમથી અર્પણ કરે છે, તે શુદ્ધબુદ્ધિ નિષ્કામ પ્રેમી ભકતની પ્રેમપૂર્વક અર્પણ કરેલ પત્ર, પુષ્પાદિનું સગુણરૂપથી પ્રકટ થઈ પ્રીતિસહિત સ્વીકારું છું'-

पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति ।

तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः ।।[५१]

અર્ચનભકિત વિશે શ્રીમદ્‌ભાગવત્‌માં ભગવાને સ્વયં કહ્યું છે કે -

"एवं क्रियायोगपथः पुमान् वैदिकतान्त्रिकैः ।

अर्चन्नुभवतः सिद्धिं मत्तौ विन्दत्यभीप्सिताम् ।। "

"આ પ્રકારે વૈદિક તાંત્રિક પૂજાવિધિઓથી અર્ચન કરતાં મનુષ્ય આ લોક તથા પરલોકની ઈચ્છિત સિદ્ધિઓ મારાથી પ્રાપ્ત કરે છે."[૫૨]

આ સર્વ સામગ્રીથી પરમાત્માની પ્રતિમાનું શ્રદ્ધાપૂર્વક પૂજન કરવું, ભગવાનની પ્રીતિ માટે શાસ્ત્રોકત યજ્ઞાદિ ક્રિયા કરવી, દુઃખી અને અનાથોની યથાશકિત શ્રદ્ધા અને સત્કારપૂર્વક સર્વને ભગવત્સ્વરૂપ સમજી, પરમાત્માપ્રાપ્તિ માટે સેવા આદિ બાહ્ય પૂજાના પ્રકાર છે. ગીતામાં ભગવાને પોતપોતાના કર્મો દ્વારા પરમાત્માની પૂજાથી ભગવત્પ્રાપ્તિ થાય છે તે જણાવ્યું છે, 'જે પરમેશ્વરથી સંપૂર્ણ પ્રાણિઓની ઉત્પત્તિ થઈ છે અને જેનાથી આ સર્વ જગત વ્યાપ્ત છે, તે પરમેશ્વરની પોતાના સ્વાભાવિક કર્મો દ્વારા પૂજા કરી મનુષ્ય પરમસિદ્ધિને પ્રાપ્ત કરે છે.'-

यतः प्रवृत्तिर्भूतानां येन सर्वमिदं ततम् ।

स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विन्दति मानवः ।।[५३]

શ્રીધર, વંશીધર, જીવગોસ્વામી જેવા ટીકાકારો પણ આવો જ મત ધરાવે છે. જ્યારે ભગવત્ પ્રસાદાચાર્ય જણાવે છે કે (પ્રભુના અર્ચન માટે) એકત્ર કરેલી વિવિધ સામગ્રી (પત્ર, પુષ્પ, પુષ્પમાલા, નૈવેદ્ય આદિ

ઉપચારો) વડે ભગવાનનું આરાધન (પૂજન) કરવું તે અર્ચનભક્તિમાં આવે છે. मिलितोपचारैः पूजाविधानं ।[५४] અર્ચનમાં ભગવાનની મૂર્તિ, સદ્‌ગુરુ તથા ભકિતજન એ ત્રણેને ભગવાનનું સ્વરૂપ સમજીશ્રદ્ધા, ભકિત સાથે પોતાનું સર્વસ્વ અર્પણ કરવું પડે છે. ષોડશ ઉપચાર (હિન્દુ પૂજાપદ્ધતિમાં ષોડશ ઉપચારથી પૂજન કરવાની પદ્ધતિ પ્રચલિત છે.) તો અર્ચનનું બાહ્ય રૂપ છે. પરંતુ માનસિક અર્ચનમાં તે ઉપચારોની આવશ્યકતા રહેતી નથી. ભગવાનનું ધ્યાન અને આત્મ સમર્પણ જ તેનાં ઉપચાર છે.અર્ચન ભકિત શ્રદ્ધા પ્રમાણે ફળ આપે છે. પરમાત્માનું પૂજન શ્રદ્ધાને યોગ્ય ફળ આપવામાં મુખ્ય કારણભૂત હોવાથી નિષ્ફળ જતું નથી. વૈષ્ણવ સંપ્રદાયોમાં ખાસ કરીને વલ્લભસંપ્રદાયમાં અર્ચના ભકિતનું મહત્વ વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. વલ્લભાચાર્યના પુષ્ટિમાર્ગમાં "यशोदोत्संगलालित बालस्वरुप" મુકુન્દને પ્રાધાન્ય આપવામાં આવેલું છે. શ્રીકૃષ્ણની દિવસના આઠ પ્રહરોમાં, દરેક ઉત્સવોમાં વિવિધ ઋતુઓમાં ભિન્ન ભિન્ન કપડાં, ભોગ સામગ્રી, ફૂલ, ફૂલડોળ, શણગાર તથા વિવિધ પ્રકારની સામગ્રીથી ભકત દ્વારા તેમનું અર્ચન થાય છે. રાજા પૃથુ, અમ્બરીષ આદિએ વિધિપૂર્વક વિવિધ ઉપચારોથી અને મન, ઇન્દ્રિયોથી પરમાત્માની પૂજા કરીને અનાયાસે જ પરમેશ્વરને પ્રાપ્ત કર્યા હતા.

આમ, ભગવાનના પ્રેમમાં વિહ્વળ થઈ શ્રદ્ધાપૂર્વક પોતપોતાની રુચિ અને ભાવના અનુસાર પરમેશ્વરની અર્ચના કરવી જોઈએ, એમ ભાગવતાદિ પુરાણો કહે છે.

૬ વંદન :-

પરમાત્માની મૂર્તિ, શાસ્ત્રવર્ણિત સ્વરૂપ કે ભગવાનના નામ આદિને મનમાં ધારણ કરી શ્રદ્ધાપૂર્વક સાષ્ટાંગ પ્રણામ કરવા અથવા સમસ્ત ચરાચર ભૂતોને પરમાત્માનું સ્વરૂપ માની શ્રદ્ધાપૂર્વક શરીર તથા મનથી પ્રણામ કરી મુગ્ધ થવું તે વંદન ભકિત છે. પિતામહ ભીષ્મ ભગવાનની સ્તુતિ કરતાં જણાવે છે કે-'ભગવાન શ્રીકૃષ્ણને કરવામાં આવેલ એક પણ પ્રણામ દસ અશ્વમેધયજ્ઞોની સમાન છે અને દસ અશ્વમેઘ કરનારને તો પાછો જન્મ લેવો પડે છે, પરંતુ ભગવાન શ્રીકૃષ્ણને પ્રણામ કરનારને ફરીથી જન્મ લેવો પડતો નથી'-

एकोऽपि कृष्णस्य कृतः प्रणामो दशाश्वमेधावभृथेन तुल्यः ।

दशाश्वमेधी पुनरेति जन्म कृष्णप्रणामी न पुनर्भवाय ।।[५५]

દેવમંદિરોમાં જઈને પોતાના ઘરોમાં પરમેશ્વરની પ્રતિમાને ભગવાનનું સ્વરૂપ સમજી, હૃદયમાં ચિંતન

કરી, વિનયપૂર્વક શ્રદ્ધાભકિતથી ગદ્ગદભાવથી પ્રભુને પ્રણામ કરવામાં આવે છે. આને વંદન ભકિત કહે છે. વંદન ભકિતનો લગભગ બધા જ ટીકાકારો 'નમસ્કાર' એવો અર્થ કરે છે, જ્યારે શ્રી ગિરિધરલાલ જણાવે છે કે વંદન એટલે વાણીથી પરમાત્માનું નામ લઈ 'તેને નમસ્કાર હો', એ રીતનું ઉચ્ચારણ અને શરીરથી દંડવત્ પ્રણામ કરવા તેને વંદન કહે છે. विष्णोर्वन्दनं वाचा नामसहितनमस्कारोच्चारणं कायेन दण्डवत्प्रमाण ।[૫૬] વંદન ભકિતમાં ભગવાનના વિનય, અનુનય, સ્તોત્ર-પાઠ, પ્રાર્થના આદિનો સમાવેશ થાય છે. પિતામહ ભીષ્મ ગદ્ગદ થઈ ભગવાનને નમસ્કાર કરે છે, ત્યારે ભગવાન તેમને ઉપર બાલપ્રબોધિની પોતાનું દિવ્યજ્ઞાન આપે છે. જેનુ મન ભગવાનમાં તન્મય થઈ ગયું છે, એવા ભીષ્મે અનેક પ્રકારથી ભગવાનની સ્તુતિ કર્યા પછી 'नमः कृष्णाय'એટલું કહી ભગવાનને પ્રણામ કર્યા, ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે યોગશકિત દ્વારા ભીષ્મની ભકિતને જાણીને ત્રિલોકીને પ્રત્યક્ષ જોઈ શક તેવું દિવ્ય જ્ઞાન આપ્યું -

एतावदुक्त्वा वचनं भीष्मस्तज्ञोतमानसः ।
नम इत्येव कृष्णाय प्रणाममकरोत्तदा ।।
अभिगम्य तु योगेन भक्तिं भीष्मस्य माधवः ।
त्रैलोक्यदर्शनं ज्ञानं दिव्यं दत्त्वा ययो हरिः ।।[૫૭]

વન્દનભકિતના વિષયમાં શ્રીમદ્ભાગવતમાં બ્રહ્માજીનું કથન છે -

'ततोऽनुकम्पां सुसमीक्षमाणो
भुञ्जान एवात्मकृतं विपाकम् ।
हृद्वान्वपुर्भिविदधन् नमस्ते
जीवेत यो मुक्तिपादे स दायभाक् ।।'

હે ભગવાન ! જે મનુષ્ય સ્વકૃત કર્મના ફળને ભોગવતા અને તમારી દયાની પ્રતીક્ષા કરતાં હૃદય, વાણી અને શરીરથી તમને નમસ્કાર કરતાં પોતાનું જીવન વીતાવે છે, તે મુકિતપદના અધિકારી છે.[૫૮]

આમ, પરમાત્માના પ્રેમમાં વિભોર બની ઉપર્યુકત પ્રકારથી પરમાત્માની વંદના-ભકિત કરનાર ભકત પરમપદને પામે છે, એવું પુરાણાદિનું કથન છે.

૭. દાસ્ય :-

પરમાત્માનાં ગુણ, તત્વ, રહસ્ય અને પ્રભાવને જાણી પ્રેમપૂર્વક તેમની સેવામાં દાસભાવે ઉપસ્થિત થવું તથા તેમની આજ્ઞાનું પાલન કરવું તેને દાસ્યભકિત કહેવામાં આવે છે. મંદિર આદિની સફાઈ કરવી, મનથી પ્રભુના સ્વરૂપનું ધ્યાન કરવું, તેમની સેવા કરવી, ગીતા આદિ શાસ્ત્રો અનુસાર આચરણ કરવું અને જે કર્મ ભગવાનની રુચિ, પ્રસન્નતા અને ઇચ્છાથી અનુકૂળ હોય તેવાં કર્મો કરવા, તે દાસ્ય ભકિતનાં પ્રકારો છે.

દાસ્યભકિત વિશે દુર્વાસા ઋષિ કહે છે કે –

" यन्नामश्रुतिमात्रेण पुमान् भवति निर्मलः ।

तस्य तीर्थपदः किं वा दासानामवशिष्यते ।।

જે ભગવાનનું નામ સાંભળવાથી પુરુષ નિર્મલ-પાપરહિત-પવિત્ર થઈ જાય છે, અને ભગવાનના ચરણકમલોમાં સર્વતીર્થોનો વાસ છે, તે ભગવાનના ભકત-દાસને શું અલબ્ધ રહે ? અર્થાત્ તેમને મુકિત પર્યન્ત સર્વ પદાર્થ મળે છે.[૫૯] પરમાત્માના રહસ્યને જાણનાર પ્રેમી ભકતોના સંગ અને સેવનથી દાસ્ય-ભકિતની પ્રાપ્તિ થાય છે. શ્રીલક્ષ્મણ, હનુમાન, અંગદ આદિ આ દાસ્ય-ભકિતના આદર્શ ઉદાહરણ છે. હનુમાનજી એ તો પોતાનું સમગ્ર જીવન શ્રીરામની સેવામાં સમર્પિત કર્યું હતું. આ સર્વેએ પરમાત્માના અનન્ય પ્રેમની પ્રાપ્તિ અને નિત્ય-નિરંતર સેવા માટે ભગવાનના સાનિધ્યમાં રહેવાના ઉદ્દેશ્યથી દાસ્ય ભકિત સ્વીકારી છે. કેવળ આ દાસ્ય ભકિત કરવાથી પણ મનુષ્ય સહજ રીતે ભગવાનની પ્રાપ્તિ કરે છે. દાસ્ય ભકિત માનસિક છે. 'હું દાસ છું' એવી ગૌરવપૂર્ણ જે ભકિત છે તે દાસ્યભકિત. એમ વંશીધર જણાવે છે – तद दासोऽस्मीत्यभिमानः ।[૬૦] તો શ્રીધર એમ જણાવે છે કે, જે કંઈ કર્મ કરવામાં આવે તે પરમેશ્વરને અર્પણ થાય તે દાસ્ય ભકિત – कर्मार्पणम् ।[૬૧] જ્યારે ગિરિધરલાલ ઉપર્યુકત મત ઉપરાંત 'પ્રભુને અનુકૂળ એવું આચરણ' એને પણ દાસ્યભકિત કહે છે – स्वस्मिंस्तद्दासत्वभावनया तदनुकूलाचरणं कृतस्य कर्मणस्तस्मिन्नर्पणं च ।[૬૨]

આમ, પરમાત્મામાં પ્રેમ વિહ્વળ થઈ તન-મન-ધન સર્વ અર્પણ કરી ભગવાનની દાસ્ય-ભકિત સ્વીકારવી જોઈએ.

૮ સખ્ય :-

પરમાત્માની સાથે, વિશ્વાસપૂર્વક, મિત્રભાવથી તેમની રુચિ અનુસાર બની જવું, તેમને અનન્ય પ્રેમ કરવો અને તેમના ગુણ, રૂપ પર મુગ્ધ બની નિત્ય-નિરંતર પ્રસન્ન રહેવું તે સખ્યભાવ છે. પોતાનું અત્યંત આવશ્યક કાર્ય છોડીને પણ પ્રભુના કાર્યમાં તત્પર રહેવું. પોતાના જીવન, ધન અને દેહાદિ પોતાના પ્યારા પ્રભુના કાર્યમાં લગાવવાં તે સખ્ય ભાવ છે. પ્રભુની સાથે નિરંતર રહેવાની ઇચ્છા, તેમનાં દર્શન, ચિંતન અને સ્પર્શથી તેમના પ્રેમમાં મગ્ન બની જવું, તેમના નામ, રૂપ, ગુણ ચરિત્રોને સાંભળી, કહી અને યાદ કરી અત્યંત પ્રસન્ન થવું, મિત્રતાનો સંદેશ પામી અત્યંત પ્રસન્ન થવું અને તેના વિયોગમાં વ્યાકુળ થવું તથા પ્રતિક્ષણ તેને મળવાની આશા અને પ્રતિક્ષા કરતાં રહેવું તે સખ્યભાવના પ્રકાર છે.

સખ્યભકિતના વિષયમાં શ્રીમદ્‌ભાગવતમાં કહે છે કે-

" एवं मनः कर्मवशं प्रयुक्ते अविद्ययाऽऽत्मन्युपधीयमाने ।

प्रीतिन यावन्मयि वासुदेवे न मुच्यते देहयोगेन तावत् ।। "

"જ્યાં સુધી અવિદ્યાથી આત્મા આચ્છાદિત રહે છે ત્યાં સુધી મન પુષ્પને કર્મવશ કરે છે. આથી જ્યાં સુધી મનુષ્યને સર્વેશ્વર વાસુદેવમાં પ્રેમ ન થાય ત્યાં સુધી દેહ સંબંધથી છૂટતા નથી અર્થાત્ મુકિત નથી મળતી"[૬૩]

પ્યારા પ્રેમીને પરમ સુખ થાય. તેનામાં પોતાનો સખ્યપ્રેમ ખૂબ જ વધી જાય, તેનાથી કદી વિયોગ ન થાય તે ઉદ્દેશ્યથી સખ્ય ભકિત કરવામાં આવે છે. સખ્ય ભકિતની સિદ્ધિ અર્જુન અને શ્રીકૃષ્ણની મિત્રતામાં જોવા મળે છે. અર્જુન અને શ્રીકૃષ્ણની મિત્રતાનો ગાઢ સંબંધ અહીં પ્રસ્થાપિત થયેલો જોવા મળે છે-અશ્વત્થામાં જ્યારે ઉત્તરાના ગર્ભસ્થ બાળક પરીક્ષિતને મારે છે, ત્યારે શ્રીકૃષ્ણ કહે છે-"આ સત્ય હોય, કે હું પોતે જાણતો હોવા છતાં અર્જુન સાથે કયારેય પણ પોતાની મિત્રતામાં વિધ્ન ન આવવા દીધું હોય, તો આ મૃત્યુ પામેલ બાળક સજીવ થાઓ"-

यथाहं नाभिजानामि विजयेन कदाचन ।

विरोधं तेन सत्येन मृतो जीवत्वयं शिशुः ।।[૬૪]

આ ઉપરાંત આવી સખ્યભકિતના અનેક ઉદાહરણ પ્રાપ્ત થાય છે. જેમ કે

વિભીષણ, સુગ્રીવ, ઉદ્ધવ, અર્જુન, સુદામા,શ્રીદામા આદિ ગોપબાળો શ્રીકૃષ્ણના પરમ મિત્ર છે, અર્જુનના સખ્યભાવની ગીતામાં ભગવાન સ્વયં ઘોષણા કરે છે–'તુ મારો ભકત અને મિત્ર છે'' भक्तोऽसि मे सखा चेति ।[૬૫] 'તુ મારો અત્યંત પ્રિય છે'इष्टोऽसि मे दृढमिति ।[૬૬] આમ,બંને વચ્ચેનો મિત્રભાવ તરી આવે છે. સખ્યભકિત વિષયક મતો જુદા જુદા વિદ્વાનો અને ટીકાકારોએ પોત પોતાની રીતે આપવાનો પ્રયત્ન કરેલો છે. શ્રીધરના મતાનુસાર – 'પ્રભુ પર વિશ્વાસ' तद्विश्वासादि ।[૬૭] એમ અર્થ થાય છે, જ્યારે વંશીધર જણાવે છે કે– 'બંધુભાવ રાખી પરમેશ્વરના હિતનું જ નિરૂપણ કરવું'–बन्धुभावेन तदीयहिताशंसनम् ।[૬૮] ગિરિધરલાલ એવો મત પ્રસ્થાપિત કરે છે કે 'મિત્રતાની ભાવના રાખીને તેના ઉપર દઢ વિશ્વાસ રાખવો'– मित्रत्वभावनयादृढविश्वासादि ।[૬૮] એવો કરે છે. પરમેશ્વરના પરમ પવિત્ર ભકતો અને ભગવાનના પ્રેમી સખાઓનું સેવન, તેમનો સંગ, તેમના જીવનચરિત્રોનું અધ્યયન કરવું જોઈએ. કેવળ સખ્ય ભકિતથી પણ મનુષ્યના દુઃખ અને દોષોનો નાશ થાય છે અને પરમેશ્વરની પ્રાપ્તિ તથા તેમના પ્રત્યે પરમ પ્રેમ થઈ જાય છે અને આ પ્રેમથી પરમેશ્વર ભકતને અધીન બની જાય છે, ત્યારે ભકતના આનંદ અને શાંતિનો પાર રહેતો નથી.

આ સખ્યભકિત ભકતના મનના ભાવો સાથે જોડાયેલી હોવાથી માનસિક છે.

૯. આત્મનિવેદન :-

પરમાત્માના તત્ત્વ, રહસ્ય, પ્રભાવ અને મહિમાને સમજી મમતા અને અહંકાર રહિત થઈ પોતાનું સર્વસ્વ તથા કર્મો, શ્રદ્ધા અને પરમ પ્રેમપૂર્વક પરમાત્માને સમર્પણ કરી દેવા તે આત્મનિવેદન ભકિત છે. આત્મનિવેદનભકિતના વિષયમાં શ્રીમદ્‌ભાગવતમાં ભગવાનનું કથન છે કે–

मर्त्यो यदा त्यक्तसमस्तकर्मा निवेदितात्मा विचिकीर्षितो मे ।

तदामृतत्वं प्रतिपद्यमानो मयाऽऽत्मभूयाय च कल्पते वै ।।

ભગવાન કહે છે કે–''જ્યારે મનુષ્ય સર્વકર્મોનો ત્યાગ કરીને વિશેષ કરવાની ઈચ્છાથી સ્વાત્માને મને સમર્પણ કરે છે, ત્યારે મોક્ષને પ્રાપ્ત કરીને મારા સમાન ઐશ્વર્યયુકત બને છે. ''[૬૮] 'વિષ્ણુસહસ્ર' અનુસાર'– 'જે મનુષ્યે ભગવાન વાસુદેવનો આશ્રય લીધો છે અને જે તેમના પરાયણ છે, તેમનું અંતઃકરણ સર્વથા શુદ્ધ બની જાય છે અને તે સનાતન બ્રહ્મને પ્રાપ્ત થઈ જાય છે'–

वासुदेवाश्रयो मर्त्यो वासुदेवपरायणः ।

सर्वपापविशुद्धात्मा याति ब्रह्म सनातम् ।।[६९]

**લાભ-હાનિ, જય-પરાજય, યશ-અપયશ, માન-અપમાન, સુખ-દુઃખ આદિની પ્રાપ્તિમાં ભગવાને મોકલેલ પુરસ્કાર માની પ્રસન્ન રહેવું, ઇન્દ્રિય, મન,બુદ્ધિ આદિ સર્વ પર એકમાત્ર પરમેશ્વરનો જ અધિકાર સમજવો, ભગવાનની જ વસ્તુ ભગવાનને અર્પણ કરવામાં આવી છે, તેવો ભાવ હોવો, કોઈપણ પ્રકારે ભગવાનની સેવા થાય તેમ કરતાં રહેવું, સર્વ પ્રભુને અર્પણ કરવાથી સ્વાદ, શોક, વિલાસ, આરામ, ભોગ આદિ ઈચ્છાનો અત્યંત અભાવ થઈ જાય છે, સર્વત્ર, સર્વદા અને સર્વથા એક ભગવાનનો જ અનુભવ કરવો, ભગવાનની ઈચ્છા વિરૂદ્ધ કોઈ પણ ઈચ્છા ન રાખવી,ભગવાનના ભરોસા પર સદા નિર્ભય, નિશ્ચિન્ત અને પ્રસન્ન રહેવુ, ભગવાનની ભકિતને છોડીને મુકિતની ઈચ્છા પણ ન કરવી. આ સર્વ આત્મનિવેદન-ભકિતના પ્રકાર છે. ભગવાને સ્વયં આ આત્મનિવેદન રૂપા શરણ-ભકિતનું મહત્ત્વ પ્રકટ કરતાં ગીતામાં કહ્યું છે- "ગુણમયી એવી મારી આ દૈવી માયાને પાર કરવી મુશ્કેલ છે, જેઓ મારા શરણે આવે છે, તે જ આ માયાને તરી જાય છે '-**

दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।

मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ।।[७०]

**વધુમાં ભગવાન જણાવે છે કે- 'સર્વ ધર્મોનો ત્યાગ કરીને મારા એકને શરણે જા. હું તને પાપમાંથી મુકત કરીશ, તું શોક ન કર'-**

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।

अहं त्वां सर्व पापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ।।[७१]

**આમ પરમેશ્વરમય બનેલો ભકત સંસારમાં પરમ પ્રેમમય અને પરમ આનંદમય લાગે છે. તે જે માર્ગે જાય છે તે માર્ગમાં શ્રદ્ધા, પ્રેમ, ભકિત, આનંદ, સમતા અને શાંતિનો પ્રવાહ વહેવા લાગે છે. આવા ભકતને ધારણ કરી ધરતી ધન્ય બની જાય છે, પિતૃગણ આનંદિત (પરમ આનંદમય)થઈ જાય છે અને દેવતા નાચવા લાગે છે.-** मोदन्ते पितरो नृत्यन्ति देवताः सनाथा चेयं भूर्भवति ।[७२] **અધ્યાત્મ શાસ્ત્રમાં જેને જ્ઞાનકર્મસમુચ્ચય અથવા બ્રહ્માર્પણપૂર્વક કર્મ કહેવામાં આવે છે, તેને જ ભકિતમાર્ગમાં પરમાત્માર્પણ કહેવામાં આવે છે. ભાગવતના ટીકાકર શ્રીધર આત્મનિવેદનનો**

**અર્થ 'સ્વશરીર સમર્પણ કરે છે. તેઓ જણાવે છે કે એકવાર ગાય અને અશ્વને વેચી દેવામાં આવ્યા પછી તેમના ભરણપોષણની ચિંતા કરવામાં આવતી નથી, તેમ પરમાત્માને દેહ સમર્પિત કર્યા પછી તે દેહની ચિંતા કરવામાં આવતી નથી'–**

स्वशरीर समर्पणम् यथा विक्रीतस्य गवादेर्भरणपालनादि चिन्ता

न क्रियते तथा देहं तस्मै समर्प्यं तच्चिन्तावर्जनमित्यर्थः ।[૭૩]

**ટીકાકાર વંશીધર જણાવે છે કે શ્રીવિષ્ણુની શ્રવણ (ભકિત)માં પરીક્ષિત, કીર્તનમાં શુકદેવ, સ્મરણમાં પ્રહલાદ, પાદસેવનમાં લક્ષ્મી, અર્ચનમાં પૃથુરાજા, વંદનમાં અક્રૂરજી, દાસ્યભકિતમાં હનુમાન, સખ્યમાં અર્જુન, આત્મનિવેદનમાં બલિરાજા મુખ્યત્વે થઈ ગયા –**

श्री विष्णोः श्रवणे परीक्षितदभवद् वैयासकिः कीर्तने ।

प्रहलादः स्मरणे तदङ्घ्रिभजने लक्ष्मीः पृथुः पूजने ।।

अक्रूरस्त्वभिवन्दने कपिपतिर्दास्येऽथ सख्येऽर्जुनः ।

सर्वस्वात्मनिवेदने बलिरभूत कृष्णाप्तिरेकैकतः ।।[૭૪]

**એ જ રીતે જીવ ગોસ્વામી જણાવે છે કે – ' દેહ વગેરેથી પરમાત્મામાં અર્પણ' –** देहादिशुद्धात्मपर्यन्तस्य सर्वतोभावेनतस्मिन्नेवार्पणम् ।[૭૫] **આ જ આત્મનિવેદનને બીજી રીતે પ્રપત્તિ (**प्र + पद् **( આશ્રય લેવો, ૪થો ગણ)+** ति**) પણ કહે છે. આત્મનિવેદન ભકિતમાં ગોપીઓ, રાજા બલિ આદિ પરમ ભકતો છે.**

**આ નવધા ભકિતની વિસ્તૃત છણાવટ ટીકાઓ સહિત આ રીતે કરવામાં આવી છે. મનુષ્ય પરમાત્માનો પરમ ભકત બની આ નવે પ્રકારોમાંથી કોઈપણ એક પ્રકારથી પરમેશ્વરની ભકિત કરે તો તે આ ભાવબંધનમાંથી છૂટી પરમેશ્વરના પરમપદને પ્રાપ્ત કરે છે. શાસ્ત્રોમાં જણાવ્યાનુસાર આ રીતે ભકિત કરી અનેક ભકતો પરમાત્માને પામ્યાનાં ઉદાહરણો આપણે ઉપર્યુકત ચર્ચામાં જોયાં. ભકિતમાર્ગમાં ભકિત જ ઉત્તમ પુરુષાર્થ છે, માટે મોક્ષની પ્રાપ્તિની ઈચ્છાવાળાએ પણ ભકિતમાર્ગ જ અપનાવવો જોઈએ. ભકિત એ અદ્વૈતતત્ત્વને પામવાનું સાધન પણ છે. આમ આ નવધા ભકિતનો માર્ગ અપનાવી મનુષ્ય એક ઉત્તમ ભકત બની શકે છે અને હંમેશાં પરમાત્મામય બની પરમપદને પામે છે.**

## ૩ ભકિતનો ઉદ્ભવ અને વિકાસ :-

### (अ) વૈદિક સાહિત્યમાં ભકિત :-

ભારતીય સંસ્કૃતિમાં ભકિતનો ઉદ્ભવ કયારે અને કયાં થયો તે શોધવું મુશ્કેલ છે. પરંતુ ભકિતના બીજ આપણને વૈદિક સાહિત્યમાંથી પ્રાપ્ત થઈ શકે તેમ છે. વિશ્વનું પ્રાચીન સાહિત્ય હોવાથી વેદોમાંથી જ ભકિતનો ઉદ્ભવ થયો હોવો જોઈએ. વૈદિક સાહિત્યનાં અનુશીલનથી એ સ્પષ્ટ થાય છે કે કર્મ તથા જ્ઞાનનું આદિ ઉદયસ્થળ ઋગ્વેદ છે, તે જ રીતે ભકિતનું ઉદ્ગમસ્થાન પણ ઋગ્વેદ છે.

ભારતીય પરંપરા અંતર્ગત એવી માન્યતા છે કે – वेदोऽखिलो धर्ममूलम् । વેદ એ કર્મ, જ્ઞાન તથા ભકિતનું ઉદ્ગમ સ્થાન છે. વેદમાં ભકિતનો સિદ્ધાંત પૂર્ણરૂપે ભલે ન વિકસ્યો હોય, પરંતુ વેદના સૂકતોમાં ભકિતની છાંટ જરૂર જણાય છે. કેટલાક વિદ્વાનો એ વૈદિક સંહિતાઓમાં 'ભકિત' શબ્દ શોધી કાઢયો છે. 'અર્થવવેદ' નાં એક મંત્રમાં પ્રયોજાયેલ 'ભકિત' શબ્દ સ્નેહ કે પ્રીતિસૂચક છે. – तस्य ते भक्तिवांसः स्याम ।[૭૬] ઋગ્વેદની ઋચાઓમાં અમુક વિશિષ્ટ દેવોની સ્તુતિ કરવામાં આવી છે. આ સ્તુતિઓમાં ભકિતની માર્મિકતાનો અનુરાગ વ્યકત થયા વગર રહેતો નથી. દેવોની સ્તુતિ કરતી વખતે ઋષિ તેમની સાથે માતા-પિતા, બંધુ વગેરેના મનોરમ અને હૃદયગમ સંબંધની સ્થાપના કરે છે. આવા કેટલાક ઉલ્લેખો ઋગ્વેદમાં પ્રાપ્ત થાય છે. વૈદિક ઋષિ ઇન્દ્ર, અગ્નિ, વરુણ, ઉષા, સવિતા આદિ પ્રાકૃતિક તત્ત્વોને દેવતાપદે કલ્પીને તેમના પ્રત્યે પોતાની હૃદયગત ભાવનાઓ વ્યકત કરે છે. આ પ્રકારની હાર્દિક ભાવનાઓમાં ભકિતનાં સ્વરૂપની ઝાંખી થાય છે. વૈદિક ઋષિ અગ્નિને માતા-પિતા અને પોતાને પુત્ર સમજે છે.

त्वां वर्धन्ति क्षितवः पृथिव्यां त्वां राय उभयासो जनानाम् ।
त्वं त्राता तरणे चेत्यो भूः पिता माता सदमिन्मानुषाणाम् ।।[૭૭]

આ જ રીતે સામવેદમાં પ્રતિપાદિત થયું છે કે ભકિતપૂર્વક પરમાત્માનો આશ્રય લેવાથી મનુષ્ય સર્વ બંધનોને કાપી મુકત થાય છે – उपास्यतां श्रिवयव्यक्तसंज्ञा भक्त्या मर्त्यो मुच्यते सर्व बन्धनः ।[૭૮] આમાંથી માલુમ પડે છે કે ભકિતનું બીજ વૈદિક સંહિતાઓમાં રહેલું છે. વૈદિક કવિ ઉષાને માતા માનીને તેની પાસે પુત્રવત્ સ્નેહની યાચના કરે છે – तस्यास्ते रत्नभाज इमहे वयं स्याम मातुर्न सूनवः।[૭૯] પોતાના અપરાધથી ક્રોધાયમાન થયા વિના પોતાની સાથે સખ્ય સ્થાપવા માટે

**ઋષિ મરુત દેવને વિનવે છે –**

मूळतो मरुते मा वधिष्टनाऽस्म्यभ्यं शर्म बहुलं वि यंतन ।

अधि स्तोत्रस्य सख्यस्य गातन शुभं यातामनुरथाअवृत्सता ।।[૮૦]

**વૈષ્ણવ ભકિતનો અતિપ્રસિદ્ધ સખ્યભાવ છેક વેદયુગમાં પણ અનુભવી શકાય છે. ઋષિઓએ ઇન્દ્રની સાથે બહુ જ અંતરંગ પ્રેમાળ સંબંધ બાંધેલો જણાઈ આવે છે, કેમ કે ઇન્દ્રને પિતાની સાથે માતા પણ કહ્યો છે. –** त्वं हि नः पिता वसो त्वं माता शतक्रतो बभुर्वथ ।[૮૧] **આ ઉપરાંત તેને પિતૃઓમાં સર્વશ્રેષ્ઠ કહ્યો છે –**

त्राता नो बोध ददृशान आपिरभिख्याता मर्डिता सोम्यानाम् ।

सखा पिता पितृतमः पितृणां कर्तेमु लोकमुशते वयोधाः ।।[૮૨]

**ખાસ કરીને વરુણના સૂકતોમાં ભકિતભાવ ખૂબજ સારા પ્રમાણમાં વિકાસ પામેલો જોવા મળે છે. તેમાં સ્તુતિ કરતાં ઋષિનું હ્રદય અપરાધની ભાવનાથી દ્રવિત થઈ જાય છે અને પોતે કરેલા અપરાધોની ક્ષમા આપવાનું કહે છે –**

अव दुग्धानि पित्र्यो सृजा नोऽव या वयं चक्रमा तनूभिः ।

अव राजन्यशुतृपं न तापुं सृजा वत्सं न दाम्नो वसिष्ठम् ।।[૮૩]

**અજ્ઞાનના કારણે દેવકાર્યમાં રહી ગયેલ ક્ષતિ અને દેવોના જાણે–અજાણે થઈ ગયેલા અપરાધોને માફ કરી પોતાની હિંસા ન કરવા ઋષિ વરુણને પ્રાર્થના કરે છે –**

यत्किं चेद वरुण दैव्ये जनेऽभिद्रोहं मनुष्या इश्वरामसि ।

अचिती यत्तव धर्मो युयोपिम मा नस्तस्मादेनसो देवरीरिषः ।।[૮૪]

**આ પ્રકાશના મંત્રોમાં ઉત્તરવર્તી ભકિત સાહિત્યમાં જોવા મળતી અપરાધોની ક્ષમાયાચનાનો ધ્વનિ સંભળાય છે. ઋગ્વેદના કેટલાંક સૂકતોમાં તો આ ભકિતસંબંધ દેવ સાથેના પ્રેમ સુધી પહોંચી ગયો છે. ઋગ્વેદની એક ઋચામાં ઋષિ કહે છે કે, જેમ જાયા પતિને આલિંગન કરે તેમ અમારી જાતિ ઇન્દ્રનું આલિંગન કરે છે –**

अच्छा न इन्द्रं मतयः स्वर्विदः सध्रीचीर्विश्वा उशतीरनूषत ।

परि ष्वजन्ते जनयो यथा पतिं मर्यं न शुन्ध्युं मघवानमूतये ।।[૮૫]

**બીજી એક ઋચામાં કાક્ષીવતી ઘોષા અશ્વિનીકુમારોને પૂછી રહી છે કે,–અશ્વિનૌ ! તમે બંને રાત્રે કયાં નિવાસ કરો છો ? જેવી રીતે વિધવા પોતાની તરફ એના દિયરને આકર્ષે એવી રીતે તમને કોઈ પોતાના પ્રેમમાં બાંધી રાખે છે ?**

कुह स्विदोषा कुह वस्तोरश्विना कुहोभिपित्वं करतःकुहोषतुः ।

को वां शपुत्रा विधवेव देवरं मर्यं न योषा कृणुते सधस्थआ ।।[८६]

**આ સર્વ ઉદ્દગારોમાં સ્તુતિ કરનારા ઋષિના હૃદયનો ભકિતભાવ બહાર ઉપસી આવ્યા વગર રહેતો નથી. આમ, ઇન્દ્ર, અગ્નિ અને અશ્વિનીકુમારો તરફના ભકિતપૂર્ણ ઉદ્દગારો જોવા મળે છે. વૈદિક ઋષિ ઇન્દ્ર પાસે ધન–ધાન્ય વિજય આદિ પ્રાપ્ત કરવા વ્યાકુળ બને છે, ઋષિ આર્તનાદ કરે છે–**

कदा भुवन्नथक्षयाणि ब्रह्म कदा स्तोत्रे सहस्रपोष्यं दाः ।

कदा स्तोमं वासपोऽस्य रामा कदा धियः करसि वाजरत्नाः ।।[८७]

**આમ, વૈદિક ઋષિનું કવિ અને ભકત એમ બંને સ્વરૂપ દષ્ટિગોચર થાય છે. ઋષિ આગળ જણાવે છે કે, હે વરુણ ! મારાથી એવો કયો અપરાધ થયો છે કે જેના કારણે તમે મારા મિત્ર સ્તુતિકર્તાનો વધ કરવા ચાહો છો. મને તે બતાવો જેથી હું શુભકર્મોવાળો બની આપને નમસ્કાર કરતો તમારી પાસે પહોંચુ –**

किमाग आस वरुण यत्स्तोतारं जिघ्रांससि सखायम् ।

प्रतन्मे वोचो दूळम स्वद्यावोऽव त्वानेना नमसा तुर इयाम् ।। [८८]

**ભકતની ભાવનાઓ આ મંત્રમાં રજૂ થયેલી છે. વૈદિકઋષિઓ વરુણનું નામ–સંકીર્તન ઝંખે છે–**

प्र तते अध शिपिविष्ट नामार्यः शंसामि वपुनानि विद्वान ।

त्वं त्वा गृणाभि तवसमतव्याक्षन्क्षयन्तमस्य रजसः पराके ।।[८९]

**આ પ્રકારના વૈદિક સૂકતોમાં કીર્તન–ભકિતનું સ્વરૂપ વ્યકત થયેલું જોવા મળે છે. મરુતદેવની પૂજા–આરાધના કરવા કે તેમના વીરત્વનું કીર્તન કરવા કોણ સમર્થ બને છે. આ પ્રકારના નિરૂપણમાં ભકત ઋષિનો દૈન્યભાવ કાવ્યાત્મક રીતે પ્રગટ થયેલો છે.**

को वो महान्ति महतमुदश्नवत्कस्याव्यो मरुतः को ह पौंस्या ।

धूपं ह भूमिं किरणं न रेजथ प्रयद् भरध्वे सुविताय दावने ।। [९०]

ઋગ્વેદમાં ઇન્દ્રનું માતા-પિતાના સ્વરૂપમાં વર્ણન થયેલું જોવા મળે છે.[૯૧] વૈદિક ઋષિઓમાં આ રીતે અગ્નિ અને ઇન્દ્રનું માતા-પિતાના સ્વરૂપમાં વર્ણન કરવું તે જ જણાવે છે કે તેમનામાં સ્વાભાવિક રીતે જ ભક્તિ-ભાવ તરી આવે છે. શાંડિલ્ય ભક્તિસૂત્ર-भक्तिः प्रमेया श्रुतिभ्यः ।[९२] માં પણ ભક્તિનું વૈદિક તત્ત્વ જોવા મળે છે. આ ભક્તિસૂત્રની વ્યાખ્યા ટીકાકાર નારાયણતીર્થે ભાગવતમાં પ્રતિપાદિત થયેલા શ્રવણાદિ ભક્તિના પ્રકારોનું સમર્થન કરતા મંત્રો ઉદ્ધૃત કર્યા છે. આથી સ્પષ્ટ થાય છે કે વેદમાં ભક્તિના શ્રવણાદિ પ્રકારોનો નિર્દેશ થયેલો છે. આ જ પ્રમાણે ઋગ્વેદમાં ૭/૧૦૦/૪ મંત્રમાં સ્મરણ અને કીર્તન ભક્તિનું પ્રતિપાદન થયું છે. વૈદિક ઋષિ સરસ્વતીને સર્વશ્રેષ્ઠ આશ્રયસ્થાન માને છે અને તેનો આશ્રય પ્રાપ્ત કરવા તે તત્પર છે- तव शर्मन्प्रियतमे दधाना उपस्येयाम शरणं न वृक्षम् ।[९३] એ જ રીતે ખૂબ જ પરિશ્રમ કરી થાકેલો મનુષ્ય જેમ છાયાનો આશ્રય લે છે, તેમ વૈદિક ઋષિ અગ્નિનો આશ્રય ઝંખે છે.-उप च्छायामिव धृणेरगन्मशर्म ते वयम् अग्ने हिरण्य सन्दृशः ।[९४]

ભક્તિનો મૂળ સ્રોત વૈદિક ઋચાઓ છે. આ વૈદિક ઋચાઓમાં ભક્તિનું પ્રારંભિક સ્વરૂપ જોવા મળે છે. વૈદિક યુગ પછી ભક્તિભાવનાનો ખૂબ જ વિકાસ થયેલો જોવા મળે છે. વૈદિક ભક્તિ કર્મકાંડ પ્રકારની હોવાથી તેમાં સરલતા, મધુરતા અને સહજતા જોવા મળતી નથી, પરંતુ ત્યારબાદ ઇતિહાસ-પુરાણકાળમાં કર્મકાંડ પ્રત્યેની ઉપેક્ષાવૃત્તિને લીધે વિશુદ્ધ ભક્તિનો ઉદ્‌ભવ થયો. આમ, વૈદિકયુગમાં ભક્તિોનો ઉદ્‌ભવ અને તેનાં બીજ રોપાયેલાં જોવા મળે છે.

**(બ) બ્રાહ્મણ - ઉપનિષદ્‌માં ભક્તિ :-**

બ્રાહ્મણયુગ યજ્ઞપ્રધાન હોવાના કારણે તેમાં ભક્તિતત્ત્વ અને ઉપાસનાની ભાવના દઢ સ્વરૂપે જોવા મળે છે. ઉપનિષદ્‌માં જ્ઞાન અને તત્ત્વજ્ઞાનનું પ્રાધાન્ય હોવા છતાં, ભક્તિનો નિર્દેશ વારંવાર થયેલો જોવા મળે છે. કઠોપનિષદ્‌માં પ્રાપ્ત થતાં 'वरण' અને 'प्रसाद' આ બંને શબ્દો ભક્તિના સંદર્ભમાં ખૂબ જ મહત્ત્વના છે. તેમાં જણાવ્યું છે કે, 'આ આત્મા શાસ્ત્રાધ્યયન વડે પામવો યોગ્ય નથી, ગ્રંથના અર્થને ધારણ કરવાની શક્તિ વડે નહિ, બહુ જ શ્રવણ વડે નહિ પણ પરમાત્મા જેનું વરણ કરે છે તે જ સાધકની સામે આ પરમાત્મા પોતાના સ્વરૂપનું દર્શન કરાવે છે.-

नायमात्मा प्रवचनेन लभ्योते न मेधया न बहुना श्रुतेन ।
यमेवैष वृणते तेन लभ्यस्तस्यैष आत्मा विवृणुते तनूं स्वाम् ।।[९५]

મુંડકોપનિષદ્‌માં એક ઠેકાણે કહ્યું છે કે, પ્રણવ એ ધનુષ્ય છે, આત્મા બાણ છે, બ્રહ્મ એ લક્ષ્યસ્થાન (વેદ) છે. આથી સાધકે પ્રમાદ રહિત થઈને જેમ શર લક્ષ્યમાં ઓતપ્રોત અનુસ્યૂત થાય છે, તેવી રીતે સાધકે પોતાના શરસ્થાનીય આત્માને બ્રહ્મ સાથે અનુસ્યૂત કરવો જોઈએ –

प्रणवो धनुः शरो ह्यात्मा ब्रह्म ताल्लक्ष्यमुच्यते ।

अप्रमत्तेन वेदितव्यं शरवत्तन्मयो भवेत् ।।[९६]

આ જ બાબતનો વિસ્તાર કરતાં આગળ કહ્યું છે કે, "આત્મારૂપી બાણને ઉપાસનાની શિલા પર તીક્ષ્ણ બનાવીને આ બ્રહ્મીભવનમાં એકરૂપતા સાધવી જોઈએ." અહીં 'उपासा' શબ્દ ભકિતની ખૂબ જ નજીક છે, જે ભકિત સ્વરૂપ જ છે–

धनुर्गृहीत्वौपनिपदं महास्त्रं शरं ह्युपासानिशितं सन्धयीत ।

आयम्य तद्भावगतेन चेतसा लक्ष्यं तदेवाक्षरं सोम्यविद्धि ।।[९७]

શ્વેતાશ્વતર ઉપનિષદમાં તો 'ભકિત' શબ્દનો સ્પષ્ટ નિર્દેશ થયેલો જોવા મળે છે અને તેમાં ભકિતની ખૂબ જ સારા પ્રમાણમાં મહત્તા બતાવેલી જોવા મળે છે. 'જે પુરુષને દેવમાં ઉત્કૃષ્ટ ભકિત હોય છે, તથા દેવની જેમ ગુરુમાં પણ ભકિત હોય છે તે મહાત્માની આગળ આ સર્વઅર્થો સ્વયં પ્રગટ થાય છે' –

यस्य देवे पराभक्तिर्यथा देवे तथा गुरौ ।

तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः प्रकाशन्ते महात्मनः।।[९८]

બ્રાહ્મણ અને ઉપનિષદ્ સાહિત્યમાં ઉપયુકત ઉદાહરણો પરથી જણાય છે કે ભકિતનો ઉદ્‌ભવ વેદમાં થયો, પરંતુ તેના વિકાસની કડી અહીંથી શરૂ થયેલી જોવામાં આવે છે. આ સાહિત્યમાં બુદ્ધિ અને જ્ઞાનની સાથે-સાથે ભકિતનો પણ વિકાસ થતો રહ્યો છે.

## (क) રામાયણ-મહાભારતમાં ભકિત :-

રામાયણ અને મહાભારતમાં ભકિતનું સર્વશ્રેષ્ઠ પ્રતિપાદન કરવામાં આવ્યું છે. આ બંને મહાકાવ્યોમાં 'ભકિત' તત્ત્વ ખૂબ જ સારા પ્રમાણમાં જોવા મળે છે. રામાયણમાં રામ સાક્ષાત્ પરમેશ્વરનાં સ્વરૂપે પ્રતિપાદિત થયેલા જોવા મળે છે રામ પૂર્ણ બ્રહ્મ પરમેશ્વર હોવા છતા તે માતા-પિતા, ગુરૂ, મિત્ર, સેવક આદિની સાથે મર્યાદા જાળવીને વર્તે છે. મર્યાદાપૂર્ણ વ્યવહારના કારણે

જ તેઓ મર્યાદાપુરુષોત્તમ કહેવાયા, વૈષ્ણવાચાર્યો રામાયણને મુખ્યત્વે રામભક્તિ-પ્રતિપાદક શાસ્ત્ર સ્વરૂપે સ્વીકારે છે. રામાયણમાં શરણાગતિ વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. તેથી ભક્તિનું ઉત્તમ ઉદાહરણ આમાં પ્રકટ થયેલું જોઈ શકાય છે –

सकृदेव प्रपन्नाय तवास्मीति च याचते ।

अभयं सर्वभूतेभ्यो ददाम्येतद् व्रतं मम ।।[१००]

આ શ્લોક વૈષ્ણવ સંપ્રદાયમાં મોક્ષના સાધનરૂપ ભક્તિના સ્વરૂપ તરીકે સ્વીકારવામાં આવ્યો છે. આ ઉપરાંત અન્ય રામાયણોમાં પણ ભક્તિનું પ્રતિપાદન થયેલું જોવા મળે છે. અધ્યાત્મરામાયણમાં કાંકભૂશુંડિએ ગરુડને કહ્યું છે કે 'જે મનુષ્યો યથાયોગ્ય રીતે હરિનું ભજન કરે છે, તે આ દુષ્કર સંસાર સાગરને સરળતાથી તરી જાય છે –

विनिश्चितं वदामि तेन अन्यथा वचांसि मे ।

हरिं नरा भजन्ति मेऽतिदुस्तरं तरन्ति ते ।।[१०१]

આ જ પ્રમાણે ભગવાન લક્ષ્મણને ઉદ્દેશીને કહે છે –"મારા પ્રત્યે ભક્તિથી જોડાયેલા ભકતો માત્ર જ્ઞાન, વિજ્ઞાન કે વૈરાગ્ય જ પ્રાપ્ત નથી કરતા, પરંતુ અનાયાસે જ મુક્તિ મેળવે છે.

अतो मद्भक्तस्य ज्ञान विज्ञानमेव च ।

वैराग्यं च भवेच्छीध्रं ततो मुक्तिमवाप्नुयात् ।।

भक्तौ संजातमात्रायां मत्तत्वानुभवस्तदा ।

मम तु भवसिद्धस्य मुक्तिस्तत्रैव जन्मनि ।।[१०२]

રામાયણમાં આગળ જણાવવામાં આવ્યું છે કે સર્વવ્યાપક અને શરણાગત-પ્રિય એવા શ્રીરામને જ ભજવા જોઈએ –

विष्णोर्हि भक्तिः सुविशोधनं धियस्ततो भवेज्ज्ञानमतीव निर्मलम्

विशुद्धतत्वानुभवो भक्तेतः सम्यग् विदित्वा परमं व्रजेत् ।।

अतो भजस्याद्य हरि रमापतिं रामं पुराणं प्रकृतेः परं विभुम ।

विसृज्य मौरव्यं हृदि शत्रुभावनां भजस्व रामं शरणागतप्रियम् ।।[१०३]

વળી, રામાયણની બ્રહ્મસ્તુતિમાં પ્રતિપાદિત થયું છે કે જે ભકતો સર્વતોભાવે શ્રીપુરુષોત્તમ રામને ભજે

છે, તે આલોક અને પરલોકની સર્વકામનાઓને પૂર્ણ કરે છે–

ये त्वां ध्रुवं भक्ताः पुराणं पुरुषोतमम् ।

प्राप्नुवन्ति तथा कामानिह लोके परत्र च ।।[१०४]

રામાયણમાં ઉદ્ભવેલી ભકિતનું બીજ ઉપર્યુકત રીતે જોવા મળે છે. એમાં ભકિતનો સર્વશ્રેષ્ઠ રીતે ઉદય થયેલો જોવા મળે છે.

મહાભારત તો ભારતીય સંસ્કૃતિનો રત્નભંડાર છે, મહાકોશ છે. ભકિત-સિદ્ધાંતનું પ્રતિપાદક મુખ્યશાસ્ત્ર પાંચરાત્ર છે, પરંતુ એ પાંચરાત્રનું મૂળ મહાભારત છે. મહાભારતના અનુશાસનમપર્વમાં કહ્યું છે કે જે ભકતો અનન્ય ભકિતથી મહેશ્વર, લોકાધ્યક્ષ અને પરમપુરુષોત્તમને સતત ભજે છે, તે દૈહિક, દૈવિક અને ભૌતિક એમ ત્રિવિધ દુઃખોમાંથી મુકત થઈ જાય છે–

तमेव चार्चयन्नित्यं भक्त्या पुरूषमव्ययम्

घ्यायन् स्तुवन्नमस्यं यजमानस्तमेव च ।।

अनादिनिधनं विष्णुं सर्वलोकमहेश्वरम् ।

लोकाघ्यक्षं स्तुवन्नित्यं सर्वदुःखातिगो भवेत् ।।[१०५]

જે ભકતો જગતના કર્તા, હર્તા અને ભર્તા એવા પરમેશ્વરને ભજે છે, તે આ સંસાર સાગરમાં પડતા નથી –

विश्वेश्वरमजं देवं जगतः प्रभवाप्ययम् ।

भजन्ति ये पुष्कराक्षं न ते यान्ति पराभवम् ।।[१०६]

મહાભારત એક ભાગરૂપ તથા સર્વ મનુષ્યોનાં હૃદયરૂપ ભગવદ્ગીતામાં જણાવવામાં આવ્યું છે કે 'સમગ્ર બ્રહ્માંડના અધિપતિ ભકિતપ્રિય પરમાત્મા માત્ર ભકિત કરવાથી જ શીઘ્ર પ્રાપ્ત થાય છે'–

पुरुषः स परः पार्थ भक्त्या लभ्यस्त्वनन्यया ।

यस्यान्तः स्थानि भूतानि येन सर्वमिद ततम् ।।[१०७]

ભગવદ્ગીતા સગુણોપાસનાને ઉચ્ચતર ગણે છે. ગીતાના બારમાં અધ્યાયમાં ભકિતની કક્ષાઓ તથા તથા ભકત જે પ્રકારથી પરમાત્માની ભકિત કરતો હોય તે પ્રકારે ન કરી શકે ત્યારે અન્ય વિકલ્પો સૂચવવામાં આવ્યા છે.

(ड) **વૈષ્ણવધર્મ, પાંચરાત્ર, સંતો અને આચાર્યોનો ભકિતમાર્ગ :-**

વૈષ્ણવધર્મમાં ભકિતનો વિકાસ ખૂબ જ સારા પ્રમાણમાં થયેલો જોવામાં આવે છે. આ વૈષ્ણવધર્મમાં રામાનુજ, મધ્વ, નિમ્બાર્ક, વલ્લભ વગેરે આચાર્યોએ ભકિતનો ખૂબ જ મહિમા બતાવ્યો છે. વૈષ્ણવભકતોમાં પણ ભકિતનું પ્રમાણ તથા પ્રસાર સારા પ્રમાણમાં જોવા મળે છે. અને સાથે સાથે શરણાગતિનું પણ ગૌરવ અધિક માનવામાં આવેલું છે. શરણાગતિમાં ભગવાન જ સાધ્ય હોય છે અને તે જ સાધન હોય છે. ભકતને તો કેવળ તેના શરણે જવાની આવશ્યકતા રહે છે. મંત્રબ્રાહ્મણાત્પક વેદના જ્ઞાન-કર્મ અને ભકિતસ્વરૂપ ત્રણ કાંડમાં જે ઉપાસના ભકિત જોવા મળી છે, તેનો પૂર્ણરૂપે વિકાસ આગમગ્રંથો (પાંચરાત્ર સંહિતાઓ)માં પ્રાપ્ત થાય છે. આવા આગમગ્રંથો વૈષ્ણવાચાર્યોનાં મત પ્રમાણે અસંખ્ય છે. આ પ્રકારનાં ગ્રંથોમાં ખાસ કરીને વૈખાનસ સંહિતા અને પાંચરાત્ર સંહિતામાં વૈષ્ણવી ઉપાસનાનું પ્રતિપાદન થયું છે. પાંચરાત્ર સંહિતાની અંતર્ગત નારદ-પાંચરાત્રમાં શ્રીકૃષ્ણની વાત્સલ્ય, સંખ્ય અને મધુર ભકિત વિશદ રીતે જોવા મળે છે. વાત્સલ્ય અને સંખ્યના બે ઉદાહરણ દષ્ટવ્ય છેઃ

योधयन्तं कचिद्गोपान् व्यहरन्तं गवां गणम् ।
दण्डयाशोधत्तकैर्गोपालैरुपशोभितम् ।
व्रजगोपालिका चेतो मोहयन्तं पुनः पुनः ।
वल्लभीवदनाम्भोजमधुपानमधुव्रतम् ।। [१०८]
क्षोभयन्तं मनस्तासां सस्मेरापान्न वीक्षणैः ।
यौवनोद्भिन्नदेहाभिः संसृक्ताभिः परस्परम् ।
विचित्राम्बर भूषणाभिर्गोपनारीभिरावृतम् ।।[१०९]

આ સંહિતામાં શ્રીકૃષ્ણની પરમપ્રેયસી રાધાના પ્રેમનું ઉત્તમ નિરૂપણ થયેલું છે. માહેશ્વરતંત્રમાં સગુણ અને નિર્ગુણ બ્રહ્મ અને તેની લીલાનું ભકિતરસ રૂપે વર્ણન થયેલું છે. સગુણ

નિર્ગુણ બ્રહ્મની લીલાના વર્ણનમાં આ તંત્ર મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. પાંચરાત્ર સંહિતાઓમાં મુખ્યત્વે શરણાગતિ (પ્રપત્તિ) ભકિતનું વર્ણન જોવા મળે છે. શરણાગતિની વ્યાખ્યા આ પ્રમાણે આપી છેઃ 'હું અપરાધોનું સ્થાન છું, અકિંચન અને આશ્રયહીન છું, આવી સ્થિતિમાં તમે જ માત્ર મારા ઉપાયરૂપ બનો '-

अहमस्म्यपराधानामालयोऽकिंचनोऽगतिः

त्वमेवोपायभूतो मे भवेति प्रार्थनायतिःशरणागतिरित्युक्ता ।।[११०]

આમ, પરમેશ્વરની આવી નિષ્કપટ પ્રાર્થનાએ જ શરણાગતિ (પ્રપત્તિ) છે. પ્રપત્તિપ્રધાન ભકિતના છ પ્રકારો બતાવવામાં આવ્યા છે.

૧. પરમાત્માને અનુકૂળ થાય તે રીતે પોતાની જાતનું પરિવર્તન કરી ભકિતનો દઢ સંકલ્પ કરવો.

૨. પરમાત્માને અનુકૂળ ન હોય તેવા દુર્ગુણો અને કુકર્મોનો ત્યાગ કરી ભકિતનો સ્વીકાર કરવો.

૩ ભકત જેનું આરાધન કરે તેવા આરાધ્ય દેવ પાસેથી પોતાની રક્ષા પ્રાપ્ત કરવાનો વિશ્વાસ.

૪ પરમેશ્વરનો ભકત દ્વારા રક્ષક તરીકે સ્વીકાર.

૫. પરમાત્મા પ્રત્યે અનંત દૈન્યભાવ પ્રકટ કરવો.

૬. આત્મનિક્ષેપઃ આત્મનિવેદન - પૂર્ણ આત્મ સમર્પણ, પરમાત્માને અધીન થવું-

आनुकूलस्य संकल्पः प्रतिकूलस्य वर्जनम् ।

रक्षिष्यतीति विश्वासो गोप्तृत्ववरणं तथा ।।

आत्मनिक्षेपकार्पण्ये षड्विद्या शरणागतिः ।।[१११]

પ્રપત્તિનું મહત્ત્વ બતાવતાં કહેવામાં આવ્યું છે કે સાંખ્ય, યોગ કે ભકિત જેવાં અન્ય સાધનોથી જે પરમપદની પ્રાપ્તિ થતી નથી તે પ્રપત્તિથી સાધી શકાય છે. તપ,યજ્ઞ,તીર્થ આદિ કરતાં ન્યાસ (પ્રપત્તિ) સ્વરૂપ તપ ઉત્કૃષ્ટ છે. [૧૧૨]

દક્ષિણભારતીય શઠકોપાદિ જેવા આલવાર સંતોની ભકિત આત્મસમર્પણ યુકત અને પ્રેમમયી છે. આ સંતોનો સમય નિશ્ચિત નથી. તેમણે તામિલભાષામાં એવાં કેટલાંક પદ્યોની રચનાઓ કરી છે, જે કારુણ્ય અને ભકિતરસથી સભર થયેલાં જોવા મળે છે. તેથી જ તે ગ્રંથોને પવિત્ર વૈષ્ણવ વેદ તરીકે ઓળખવામાં આવે છે.[૧૧૩] આલવાર સંતોની ભકિત અને પ્રપત્તિભાવનાના

ઉદાહરણ તરીકે આલવાર સંત કુલશેખરની 'મુકુન્દમાલા' કૃતિ ઉત્તમ નમૂનારૂપ સાબિત થયેલી છે.આમાં કુલશેખરની દષ્ટિએ કર્મ અને જ્ઞાન કરતાં ભકિત ઉચ્ચકોટિની છે. વિષ્ણુના ચરણ કમળની ભકિત વિના વેદાધ્યયન કરવું તે અરણ્યમાં રુદન કરવા બરાબર છે. વ્રતો, પૂર્તની ક્રિયાઓ. અને તીર્થસ્થાનએ અનુક્રમે મેદને કાપવા સમાન, ભસ્મમાં હોમ કરવા સમાન અને ગજસ્નાન સમાન નિરર્થક છે.[૧૧૪]

એક માન્યતા એવી પ્રવર્તે છે કે વૈષ્ણવી ભકતનો સ્રોત ભગવદ્ગીતામાંથી ઉદ્ભવ્યો હોવો જોઈએ, કારણ કે આ સ્રોત આલવાર સંતોના ગીતામાં પ્રવાહિત થયેલો જોઈ શકાય છે. ત્યારબાદ રામાનુજ–સિદ્ધાંતમાં પૂર્ણ કક્ષાએ પહોંચીને પાછળથી સંપૂર્ણ ભારતમાં તેનો વિકાસ થયો.[૧૧૫] આલવાર સંતોના પ્રેમમય ભકિતપ્રધાન ગીતો ભગવદ્ગીતા અને દાક્ષિણાત્મ વિશિષ્ટાદ્વૈતી આચાર્યોની વચ્ચે એક કડી સ્વરૂપ છે. આલવાર સંતોની ભકિત ભાવના તત્ત્વજ્ઞાનના પ્રકાશમાં વિશિષ્ટાદ્વૈતી રામાનુજાચાર્ય, વેદાન્ત–દેશિક અને યામુનાચાર્યના સ્તોત્રોમાં નિરૂપિત થયેલી જોઈ શકાય છે [૧૧૬] આ આચાર્યોમાં મુખ્ય છે–રામાનુજ. આઠમી સદીના શંકરાચાર્યે આપેલ પૂર્ણ બ્રહ્મના તત્વજ્ઞાનમાં ધર્મ અને ભકિતનો સમન્વય જોઈએ તેવો સધાયો નથી. આનાથી વિરુદ્ધ રામાનુજાચાર્યના વિશિષ્ટાદ્વૈતમાં તત્ત્વજ્ઞાન અદ્વૈત સિદ્ધાંતમાથી પ્રેરણા લે છે, જ્યારે તેમનો ધાર્મિક સિદ્ધાંત આલવારોના ઈશ્વરજ્ઞાનથી પ્રેરિત થયો છે. વિશિષ્ટાદ્વૈતી આચાર્યોના સર્વગ્રંથોમાં મુખ્યત્વે પ્રપતિભકિતના સર્વ અંગોનું કાવ્યાત્મક નિરૂપણ થયું છે. રામાનુજ અનુયાયીઓના બે વર્ગ છે. : વડઘલે (ઉતરી શાખા)અને તેંગલે (દાક્ષિણાત્ય શાખા). આલવાર સંતોની પરંપરાનું અનુસરણ કરનાર તેંગલે શાખાના મતે પ્રપતિ મુકિતનો એકમાત્ર ઉપાય છે. ભકિતની નિષ્ક્રિયતા પણ તેમાં બાધક બનતી નથી. પરમેશ્વરની સંપૂર્ણ શરણાગતિ સ્વીકારવાની પરમેશ્વર સ્વયં ભકતનો ઉદ્ધાર કરે છે.[૧૧૭] તેંગલે પોતાનો સિદ્ધાંત માર્જર–ન્યાયથી સ્પષ્ટ કરે છે. જેમ બિલાડી સ્વયં પોતાના બચ્ચાને પકડીને રક્ષા કરે છે અને તેમાં જેમ બચ્ચાને કોઈ પ્રયાસ કરવો પડતો નથી તેમ પ્રપત્તિમાં પણ ભકતના પ્રયાસ સિવાય જ ભગવાન સ્વયં તેને રક્ષે છે, તેને સ્વીકારી લે છે. પરંતુ આ માટે પૂર્વે ઈશ્વર સમક્ષ આત્મસમર્પણ આવશ્યક છે.[૧૧૮]

આનાથી વિપરીત વડઘલે શાખાનો એવો મત છે કે મોક્ષપ્રાપ્તિ માટે ભકતનો સ્વપ્રયાસ પણ જરૂરી હોય છે. આ મત તેઓ મર્કન્ટન્યાય દ્વારા સ્પષ્ટ કરે છે. જેમ વાંદરીના

બચ્ચાને સ્વયં પ્રયાસ કરી પોતાની માતાના પેટને ચીપકી રહેવું પડે છે અને તો જ તેની રક્ષા થાય છે, તેમ પ્રપત્તિમાં પણ આધ્યાત્મિક સાધકને સ્વપ્રયત્ન કરવો પડે છે, તેને સક્રિય રહેવું પડે છે. તો જ ઈશ્વર દ્વારા તેની રક્ષા થાય છે. મુકિતનો આરંભ સ્વયં ભકિતથી થવો જોઈએ.[૧૧૯] વાસ્તવમાં આ બંને મતોમાં તાત્ત્વિકભેદ નથી. ઈશ્વર જ સર્વ કંઈ છે એવુ માનનાર પવિત્ર ભકત જ્યારે અકિંચન્ય અનુભવે છે, ત્યારે ભગવાન સ્વયં તેવા ભકત પ્રતિ અસીમ કૃપા દાખવે છે. ભગવદ્‌ગીતાનો પણ આ જ સિદ્ધાંત છે. સ્વવ્યકિતતત્ત્વ નિઃશેષ કરી દિવ્યસત્તામાં ખોવાઈ જવું એ પ્રપતિ ભકિતની ઊંચામાં ઊંચી અવસ્થા છે. તેથી જ ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણે પણ આ જ વાત કરી છે.– सर्वाधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।

(इ) **પૌરાણિક ભકિતઃ–**

'इतिहासपुराणाभ्यां वेदं समुपबृंह्मेत्' **ન્યાયે વેદમાં બીજ સ્વરૂપે નિષ્પન્ન થયેલ** ભકિત પુરાણ ગ્રંથોમાં વિકસિત થયેલી જોવા મળે છે, અનેક શાખા-પ્રશાખાઓમાં વિસ્તરે છે. સ્કંદપુરાણમાં ભકિતના ત્રણ પ્રકારો દર્શાવવામાં આવ્યા છેઃ લૌકિક, વૈદિક અને આધ્યાત્મિક. વળી, લૌકિક ભકિતના મન, વાણી અને કાયાના આધારે પાછા ત્રણ પ્રકારો પાડયા છે. એમાં ધ્યાન,ધારણા, વેદાર્થસ્મરણ દ્વારા સર્જાતી બ્રહ્મપ્રીતિભરી ભકિત માનસિક ભકિત કહેવાય છે. શ્રદ્ધા, ચિંતન, જપ અને સ્તુતિ દ્વારા કરાતી ભગવદ્‌પ્રીતિ તે વાચિકી ભકિત તેમ જ આત્મેન્દ્રિયના નિરોધપૂર્વક ચાંદ્રાયણાદિ વ્રત-ઉપવાસ ઇત્યાદિ નિયમોથી કરાતી બ્રહ્મપ્રીતિ એ કાયિક ભકિત કહેવાય છે. વેદાધ્યયન વગેરેથી તેમ જ યજ્ઞયાગાદિ ક્રિયાઓથી કરવામાં આવતી ભકિત તે વૈદિક ભકિત. સાંખ્ય અને યોગ એવા ભેદથી આધ્યાત્મિક ભકિત બે પ્રકારની છે, વળી તે સાત્વિક, રાજસી અને તામસી એમ ત્રણ પ્રકારની પણ થાય છે. બહ્મવૈવર્તપુરાણમાં નવધા ભકિતનું વર્ણન થયેલું જોઈ શકાય છે.[૧૨૦] તે જ પ્રમાણે ગરુડપુરાણમાં આ ભકિત આઠ પ્રકારની દર્શાવવામાં આવી છે–भक्तिरष्टाविद्या........स च पण्डितः ।।[१२१] નારદપુરાણમાં ભકિતને સર્વ પ્રકારની સિદ્ધિઓના પરમકારણ તરીકે બતાવવામાં આવી છે. નારદપુરાણના ચોથા અધ્યાયમાં જણાવવામાં આવ્યું છે કે 'જેમ પ્રકાશને પ્રાણીઓનું કાર્ય કરવાના કારણ તરીકે માનવામાં આવે છે તે જ પ્રકારે સર્વ પ્રકારની સિદ્ધિઓનું પરમકારણ ભકિત જ છે. અર્થાત્ જેવી રીતે પ્રકાશ દ્વારા મનુષ્યો પોતાના કાર્યોમાં લાગી જાય છે, તે જ પ્રકારે ભકિત દ્વારા મનુષ્ય પોતાના કાર્યોમાં સફળ થઈ જાય છે. જે પ્રમાણે સર્વપ્રાણીઓનું જીવન જળ છે, તે જ પ્રમાણે સર્વ

**સિદ્ધિઓનું જીવન પણ ભકિત જ છે.-**

यथाऽऽलोको हि जन्तूनां चेष्टाकारणतां गतिः ।
तथैव सर्व सिद्धिनां भक्तिः परमकारणम् ।
यथा समस्तलोकानां जीवनं सलिलं स्मृतम् ।
तथा समस्तसिद्धिनां जीवनं भक्तिरिष्यते ।।[१२२]

**વિષ્ણુપુરાણમાં પણ ભકિતનું સાર્થક્ય જોવા મળે છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે-'જે નિર્મળ બુદ્ધિવાળાનું ચિત્ત આ કજિયા-કંકાસથી મલિન નથી બનતું અને જેણે પોતાના હ્રદયમાં શ્રી જનાર્દનને વસાવ્યા છે તે મનુષ્યને ભગવાનનો અત્યંત પ્રિય ભકત માનવો'-**

कलिकलुषमलेन यस्य नात्मा विमलमतेर्मलिनीकृतस्तमेनम् ।
मनसि कृतजनार्दनं मनुष्यं सततमवेहि हरेरतीवभक्तम् ।।[१२३]

**વિષ્ણુભકિતની જેમ પુરાણોમાં શિવભકિતનું પણ પ્રચુરમાત્રામાં આલેખન થયું છે. શિવભકિતનું પ્રતિપાદન થયું હોવાથી જ વાયુપુરાણ એ શિવપુરાણ પણ કહેવાય છે-**शिवभक्तिसमायोगात् शैवतत्वापराख्यता ।।[१२४] **લિંગપુરાણમાં કહ્યું છે કે ભગવાન શિવની ભકિત કરવાથી જ સંસાર-સાગરમાં બંધાયેલા જીવો મુકત થઈ શકે છે. શિવવચન પ્રમાણે તે જ ભકિતથી બંધનમુકત થયેલા જીવો શિવની પ્રાપ્તિ કરે છે-**भक्तिगम्यस्तवहम् । [१२५] **આ રીતની શૈવભકિત ત્રણ પ્રકારની છે. કાયિક, વાચિક અને માનસિક. કાયિક, વાચિક અને માનસિક એવા ઉપાયોથી ભકિત સાધ્ય છે. શિવપુરાણમાં ભકિતને સેવાનું સ્વરૂપ કહેવામાં આવે છે.[૧૨૬] ભકિતથી જ સંસારનું બંધન નષ્ટ પામે છે.[૧૨૮] શિવપુરાણમાં આ ભકિત કયારેક સગુણ-નિર્ગુણના ભેદ સ્વરૂપે, તો કયારેક વૈધી સ્વાભાવિક-ભેદે, કયારેક નૈષ્ઠિકી-અનૈષ્ઠિકી ભેદે અને કયારેક સાંગ-નિરંગ ભેદે વિભકત કરી છે.[૧૨૯] ભાગવતમાં તો મુખ્ય પ્રતિપાદ્ય વિષય જ ભગવદ્ ભકિત છે. ભાગવતનો અર્થ જ ભગવદ્ભકિતયુકત ભકતજન અથવા ભગવદ્ભકિતમય એવા થાય છે. ભગવદ્ભકિતનું પ્રતિપાદન કરનાર ભાગવતમાં વર્ણિત નવધાભકિતના આધારસ્વરૂપ ભગવત્કથા છે. ભકતો ભગવત્કથા દ્વારા સમાધિસુખ અનુભવે છે. ભાગવતમાં તો કહ્યું છે કે સંસારના કલેશોથી ત્રસ્ત માનવો માટે ભગવાન પુરુષોતમના લીલાકથારસ ના સેવન વિના સંસાર-સાગર તરવાનો કોઈ અન્ય માર્ગ નથી[૧૩૦] ભકિત સાક્ષાત્ રસરૂપ છે, એમ**

ભાગવતમાં અનેક સ્થળે કહેવાયું છે. એ જ પ્રમાણે બ્રહ્મવૈવર્તપુરાણમાં પણ 'विष्णुभक्तिरसपरम्' [૧૩૧] વગેરેથી ભગવદ્‌ભકિતરસની સર્વોત્કૃષ્ટતા પ્રતિપાદિત કરી છે.

ભાગવતાદિ પુરાણ ગ્રંથોમાં નિરૂપિત ભકિતના આધારે જ ચૈતન્ય સંપ્રદાયના જીવગોસ્વામી, રૂપગોસ્વામી વગેરેએ ભકિતરસની કાવ્યશાસ્ત્રીય પદ્ધતિથી સ્થાપના કરેલી છે. આમાં ખાસ કરીને રૂપગોસ્વામીએ 'ભકિતરસામૃતસિંધુ' અને ઉજ્જવલ-નીલમણિએ બે ગ્રંથો દ્વારા ભરતરસસૂત્રની શૈલીમાં અને ભરતે બતાવેલાં રસતત્ત્વોના ઉપલક્રમમાં ભકિતરસ અને તેનાં સર્વતત્ત્વોનું તાત્ત્વિક વિવેચન કર્યું છે. આ રીતે ચૈતન્ય સંપ્રદાયે ભકિતને શાસ્ત્રીય શાસ્ત્રીયરૂપ પ્રદાન કરવામાં મહત્ત્વપૂર્ણ ફાળો આપ્યો છે. રામાનુજ સંપ્રદાયે પ્રપત્તિ ભકિતની સ્થાપના કરી, તો વલ્લભાચાર્યે પોતાના ષોડષગ્રંથોમાં પુષ્ટિભકિતનું નિરૂપણ કરેલું છે. ભકિતના ઉદ્‌ભવ અને વિકાસનું પરિશીલન કરતાં સ્પષ્ટ જણાય છે કે બીજ સ્વરૂપે વૈદિક-વ્યકિત ભગવદ્‌ગીતામાં સર્વાંગ સંપૂર્ણ તાત્ત્વિક સ્વરૂપમાં વિકસી ઇતિહાસ-પુરાણગ્રંથોમાં કથાઓના માધ્યમથી વિશદ રીતે વિસ્તાર પામી અને ભિન્ન-ભિન્ન દાર્શનિક આચાર્યોના દર્શનગ્રંથોમાં તે તત્ત્વજ્ઞાનના પ્રકાશમાં ઉજ્જવળતા અને તાત્ત્વિકતાથી સંયુકત બને છે.

## (ई) ચૈતન્ય સંપ્રદાય અને ભકિત :-

ભાગવતના આધારે ચૈતન્ય સંપ્રદાયના વિવિધ આચાર્યોએ ભકિતને (ભકિતરસને)તેની પૂર્ણકક્ષાએ પહોંચાડી છે. આ પ્રકારના આચાર્યોમાં મુખ્ય છેઃ ૧. રૂપગોસ્વામી અને ૨. મધુસુદન સરસ્વતી. રૂપગોસ્વામીએ ભકતના હૃદયમાં શ્રીકૃષ્ણ પ્રત્યે પ્રીતિના આધારે ભકિતના મુખ્ય પાંચ પ્રકાર આપ્યા છે.: શાંત, દાસ્ય, સખ્ય, વાત્સલ્ય અને મધુર. આ બધામાંથી મધુરભકિતને પ્રેમભકિત તરીકે ઓળખવામાં આવે છે, જે સર્વશ્રેષ્ઠ ગણાય છે. જ્યારે રૂપગોસ્વામીએ ભકિતના સામાન્ય અને ઉત્તમ એવા બે ભેદ આપ્યા છે. એમાં ઉત્તમભકિતનું લક્ષણ આપતાં કહ્યું છે કે અન્ય સર્વ કામનાઓથી રહિત તેમ જ જ્ઞાન અને કર્મો આદિથી અનાચ્છાદિત, અનુકૂળ ભાવનાથી, કૃષ્ણનું સેવન કરવું તે ઉત્તમાભકિત છે,[૧૩૨] ઉત્તમભકિતના ત્રણ પ્રકાર બતાવવામાં આવ્યા છેઃ સાધનભકિત, ભાવભકિત અને પ્રેમભકિત. ઉત્તમાભકિત ભોગોપાસના અને મોક્ષ ભાવનાથી રહિત હોય છે, તેમ જ જ્ઞાન તથા કર્મથી મુકત હોય છે-

अन्याभिलाषिताशून्यं ज्ञानकर्माद्यनावृतम् ।

आनुकूल्येन कृष्णानुशीलनं भक्तिरुत्तमा ।।[१३३]

**સાધનભકિત ભકિતની પ્રાથમિક અવસ્થા છે અને ભાવભકિત સાધનભકિત દ્વારા વિકસિત થાય છે. આ ભાવભકિત આંતરિક ભાવના ફળસ્વરૂપ હોય છે. ભાવભકિત પ્રેમમયી નથી,પરંતુ પ્રેમ ભકિત ઉત્પન્ન કરનારી છે. ભાવભકિતનું લક્ષણ આપતાં રૂપગોસ્વામી કહે છે કે પ્રેમરૂપ સૂર્યના કિરણોની સમાન ઉજ્જવળ, પોતાની કૃષ્ણ-પ્રાપ્તિની અભિલાષા-સ્વરૂપ કાન્તિ દ્વારા થતા ચિત્તના દ્રવીભાવને ઉત્પન્ન કરનારને ભાવભકિત કહેવામાં આવે છે-**

शुद्धसत्त्वविशेषात्मा प्रेमसूर्य्याशसाम्यभाक् ।[१३४]

रुचिभित्तिमासृण्यकृदसौ भाव उच्यते ।।

**પ્રેમભકિતનું લક્ષણ આપતાં કહેવાયું છે કે અંતઃકરણને અત્યંત દ્રવીભૂત કરી દેનાર અને અત્યંધિક મમતાથી યુકત પ્રગાઢ ભાવને જ વિદ્વાનો પ્રેમાભકિત કહે છે-**

सम्यक्मसृणित स्वान्तो ममत्वातिशयाडिकतः ।

भावः स एव सान्द्रात्मा बुद्धैः प्रेमा निगद्यते ।।[१०५]

**સ્તોત્રોમાં સર્વત્ર આવી મધુરભક્તિનું દર્શન થાય છે.**

## (૪) કૃષ્ણકર્ણામૃતમાં ભકિત :-

**પ્રેમ દ્વારા મનુષ્યને ઈશ્વરની સાથે જોડનાર વિજ્ઞાનને ભકિત કહેવાય છે. માનવમનને ઈશ્વર તરફ સન્નમુખ કરનાર સર્વાધિક સુગમ અને સરળમાર્ગ ભકિત છે. જીવ અને શિવનું (૪)ન અલૌકિક છે. જીવ અને શિવનાં આ પ્રેમ ને સમજવા માટે પતિ-પત્નિના પ્રેમની ઉપમાથી સમજી શકાય. વાસ્તવમાં ભગવાનના પ્રેમની તુલના થઈ શકે નહીં.**

**કૃષ્ણકર્ણામૃતમાં આ અલૌકિક અને ગહન સંબંધને બિલ્વમંગલ ગોપીભાવ દ્વારા સમજાવે છે. તે ગોપીઓની પ્રેમાનુભૂતિનું પરમ ધ્યેય છે. દિવ્યોન્માદમાં ભાવવિભોર ભકત ગોપીઓની લીલાનું શ્રવણ, વર્ણન અને મનનથી દિવ્ય આનંદ પ્રાપ્ત કરે છે.**

પરમાત્મા જેનાથી સંતુષ્ટ થાય તેવા, પ્રકારના ભાવથી ભાવુક થઈને તેમની આજ્ઞાનુસાર આચરણ કરવું આ પ્રકારના કર્મથી ભકતની કર્મગ્રંથી છિન્ન થઈ જાય છે, અશુભ વાસનાઓ નષ્ટ થઈ જાય છે. રજોગુણ અને તમોગુણના ભાવો નાશ પામે છે અને સત્ત્વગુણ પ્રગટ થાય છે. કૃષ્ણકર્ણામૃતનાં શરૂઆતના શ્લોકમાં જ ભકતની કામવાસનાનો નાશ અને ભાગ્યોદય બનાવે છે.

स्रस्तस्रस्तनिरुद्धनीविविलसद्गोपीसहस्रावृतम् ।

हस्तन्यस्तनतापवर्गमखिलोदारं किशोराकृति ।। [१३६]

રાસવિહારી ગોપીવલ્લભ ગોપકન્યાઓનાં વશમાં રહે છે. અર્થાત્ ભગવાન દાન, ધ્યાન, તપથી વશ ન થતાં પ્રેમથી વશ થાય છે.

જે જીવનાં સત્ત્વગુણ પ્રગટ થયેલ છે તેવાં જીવનમાં ભાવભકિત નિર્માણ થાય છે. અર્થાત્ ગોપીઓની લીલાના શ્રવણ, કીર્તન, મનનથી ચિત્ત દ્રવીભૂત થાય છે. ભકતકવિ આ લીલાનું પાન કરાવે છે. આરાધ્યદેવ શ્યામસુંદર કેવાં છે ? જે ચતુરતાની અંતિમ સીમા છે, ગોપી વલ્લભ મુગ્ધ છે, નયનારવિંદનું લાવણ્ય અમૃત સાગરની તરંગોથી સુશોભિત છે.[૧૩૭] જે મોરપીંછના મુગટ સુશોભિત છે. મુરલીના સ્વરોથી અમૃતવર્ષા કરે છે, અનેક વ્રજ યુવતીઓથી ઘેરાયેલ છે.[૧૩૮] ભાવ મનમાં સ્થિર રહે તે માટે ભકત કવિ કહે છે –

विषयविषामिषग्रसनगृध्नुनि चेतसि मे

विपुलविलोचनं किमपि धाम चकास्तु चिरम् ।[१३९]

અનેક વિષયોમાં ભટકતા મનમાં ભાવ–કૃષ્ણભકિત સ્થિર થાય તેવી કામના વ્યકત કરે છે. સર્વસમર્થ સર્વ વ્યાપી સકલ સૌંદર્યનિધિના સ્વામીનું મુખારવિંદ મનમાં વિશેષરૂપથી સ્થિર થાય તેવી ઇચ્છા વ્યકત કરે છે.

ભકત પોતાના મનમાં ભાવ જાગૃત થાય તે માટે સૌંદર્યમૂર્તિનું દર્શન કરે છે. સૌંદર્યથી તેમના તરફ આકર્ષણ જન્મે છે, અને તેથી ભાવ જન્મે છે. ભાવ ઉપર સ્થિર રહે તેથી સહજ કીર્તનભકિત શરૂ થાય છે.

विजयतां मम वाङमयजीवितम् ।[१४१]

ભગવાનની લીલાઓ–કથાઓ સાંભળ્યા બાદ તેમનું ગાન વાણી દ્વારા થવા લાગે છે.

**વાણીથી વ્યકતભાવ ઘૂંટાયને હ્દયમાં અવતરિત્ થાય છે –**

हृदये मय हृद्यविभ्रमाणां हृदयं हर्षविशाललोलनेत्रम् ।

तरुणं व्रजबालसुन्दरीणां तरलं किंचन धाम संनिधत्ताम् ।।[१४२]

**હ્દયંગમ વિલાસોના આશ્રય એવા રાસવિહારી હ્દયમાં અવતરિત થાય તેવી કામના કરે છે.**

प्रवहतु हृदये नः प्राणनाथः किशोरः ।

**જે લીલાઓનું ગોપબાળાઓ આસ્વાદન કરે છે – અનુભવ કરે છે તે લીલાઓ હ્દયમાં સ્થિર થાઓ. મુરલીના મધુર ધ્વનિથી ત્રિભુવનને આનંદની અમૃતધારામાં ભીંજવે છે, તે તેજ–અરુણ ચરણાવિંદ હ્દયમાં નિરંતર ક્રીડા કરે.**

**પરમ મહાનુભાવ ભકિતભાવિત મનમાં રાસક્રીડાના આવિર્ભાવની અભિલાષા વ્યકત કરે છે.[૧૪૩] રાસલીલામાં ચારેબાજુથી ઘેરાયેલ કૃષ્ણનું સ્મરણ કરે છે –**

आमुग्धमर्धनयनाम्बुजचुम्ब्यमान हर्षाकुलब्रजवधूमधुराननेन्दोः ।

आरब्धवेणुरवामातकिशोरमूर्तेराविर्भवन्तु मम चेतसि केऽपि भावाः ।।[१४४]

**ગુણ, પ્રભાવ અને પ્રેમ સહિત ભગવાનના સ્વરૂપના ધ્યાનથી વિશેષનું રૂપનું ચિંતન થાય છે.**

**મમતા, અહંકાર, અભિમાન આદિ નાશ પામી પ્રભુના ચરણોમાં અનન્યપ્રેમની પ્રાપ્તિ થવાના ઉદ્દેશ પાદસેવન ભગવાનના ચરણોની સેવા કરવામાં આવે છે. ભકત કવિ કહે છે –**

निखिलभुवनलक्ष्मीनित्यलीलास्पदाभ्यां-

कमलविपिन वीथीगर्वसर्वं कषाभ्याम् ।

प्रणमदभयदान प्रौढि गाढादृताभ्यां

किमपि वहतु चेतः कृष्णपादाम्बुजाभ्याम् ।।[१४५]

**શ્રીકૃષ્ણના ચરણ સમસ્ત જગતની શોભા તથા શરણાગતને અભય આપનાર છે. આવા ચરણોના આશરો લે છે. જે ચરણોની પાદરજથી વૃંદાવન ધન્ય બન્યું છે, જે મણિજડિત નુપૂરની ધ્વનિ ગોપીઓને આનંદિત કરે છે તે ચરણોને વંદન કરે છે.[૧૪૬]**

ભગવાન કહે છે પત્ર, પુષ્પ, ફળ જે કંઈ વસ્તુ પ્રેમથી મને આપે છે તેનો હું સ્વીકાર કરું છું. આ તો થયુ બાહ્ય અર્ચન. પરંતુ માનસિક અર્ચનમાં આ બાહ્યોપચારની આવશ્યકતા રહેતી નથી. તેમાં સમર્પણની આવશ્યકતા છે. ભકત કવિ મનનું સમર્પણ કરે છે –

लग्नं मुहुर्मनसि लम्पट सम्प्रदाय लेखावलेहिनि रसज्ञमनोज्ञ वेषम् ।

रज्यन्मृदुस्मितमृदूल्लसिताधरांशुराकेन्दु लालितमुखेन्दु मुकुन्दबाल्यम् ।।[१४७]

ભકતના મનમાં ચિત્તચોરની સફળતા દઢ થઈ ગઈ છે.

निखिलभुवनलक्ष्मीनित्यलीलास्पदाभ्यांकमलविपिन वीथीगर्वसर्वं कषाभ्याम् ।

प्रणमदभयदानप्रौढि गाढादृताभ्यांकिमपि वहतु चेतः कृष्णपादाम्बुजाभ्याम् ।।[१४५]

શ્રીકૃષ્ણના ચરણ સમસ્ત જગતની શોભા તથા શરણાગતને અભય આપનાર છે. આવા ચરણોના આશરો લે છે. જે ચરણોની પાદરજથી વૃંદાવન ધન્ય બન્યું છે, જે મણિજડિત નુપૂરની ધ્વનિ ગોપીઓને આનંદિત કરે છે તે ચરણોને વંદન કરે છે.[१४६]

ભગવાનની નિત્ય કૃપા ભકતને આત્મવિભોર બનાવે છે. પોતાને ભાગ્યશાળી સમજીને ધન્યતાનો અનુભવ કરે છે –

तेजसेऽस्तु नमो धेनुपालिने लोकपालिने ।

राधापयोधरोत्सङ्गशायिने शेषशायिने ।।[१४८]

વ્રજબાળાઓનાં ભાગ્યોત્કર્ષના વર્ણનની સાથે ભકત બ્રહ્મરાશિરૂપ મહાન તેજને નમસ્કાર કરે છે. તેમજ વંશીધ્વનિની ગમક આદિ ગતિઓના સૃષ્ટા મુરલીધરને નમસ્કાર કરે છે –

धेनुपालदयितास्तनस्थली धन्यकुऽकुमसनाथ कान्तये ।

वेणुगीतगतिमूल वेधसे ब्रह्मराशिमहसे नमो नमः ।।[१४९]

શ્રીકૃષ્ણ વ્રજભૂષણ જ નથી, ત્રિભુવનનું અદ્વિતીય ભૂષણ છે. રાસમંડલ શૃંખલામાં મરકત મહામણિ સમાન શોભિત છે.[૧૫૦]

ભકત ભગવાનનો પ્રેમ પામવા માટે પોતાનું સર્વસ્વ અર્પણ કરે છે. તેની શરણાગતિ સ્વીકારે છે.

शृङ्गाररससर्वस्वं शिखिपिच्छविभूषणम् ।

अङ्गीकृतनराकारमाश्रये भूवनाश्रयम् ।।[१५१]

**જેણે પોતાની ઇચ્છાથી મનુષ્યદેહ અંગીકાર કરેલ છે તે નરાવતાર પ્રભુની શરણાગતિ સ્વીકારે છે. જેનો કોઈ નાથ નથી તેના નાથ ભગવાન છે –**

अशरणशरणाभ्यामद्भुताभ्यां यदाभ्या

मयमयनुकूजद्वेणुरायाति देवः ।।[१५२]

**ભકતની આર્ત પુકાર સાંભળીને ભગવાન દોડીને વહારે આવે છે.**

**પોતાનું જીવનધન પ્રભુને સમર્પિત કરવું પ્રભુની સાથે નિરંતર રહેવાની ઇચ્છા, તેમના દર્શન, ચિંતન અને સ્પર્શથી તેમના પ્રેમમાં મગ્ન બની જવું, તેમનાં રૂપ, ગુણ, ચરિત્રોને સાંભળી, યાદ કરી પ્રસન્ન થવું આ મિત્રભાવ છે. આ ભાવ કૃષ્ણકર્ણામૃતમાં જોવા મળે છે. ભકત ભગવાનની સાથે મધુરાલાપ કરે છે. –**

शुश्रूषसे श्रृणु यदि प्रणिधानपूर्वं पूवैरपूर्वकविभिर्न कटाक्षितं यत् ।

नीराजनक्रममधुरां भवदाननेन्दो र्निव्याजमर्हति चिराय शशिप्रदीपः।।[१५३]

**ચંદ્રમાં રૂપી પ્રદીપ અનંતકાળથી ભગવાનના મુખકમળની આરતી દૂરથી જ ઉતારે છે. શ્રીકૃષ્ણ તો પરમ મહાઆનંદરસના આદિસ્રોત છે. તેમના મંદહાસ્યથી પરમ આનંદની એક અખંડ રસધારા પ્રવાહિત થાય છે. આ અખંડ સુધારસના પ્રવાહમાં બીજા રસ ખંડિત થઈ જાય છે –**

जयन्ति शीतानि तव स्मितानि ।[१५४]

**ભગવાનનું સ્મિત શીતળ છે. અર્થાત્ તેનાથી સાંસારિક તાપની નિવૃત્તિ થાય છે. ભકત કવિ કહે છે– "આપ સર્વવ્યાપક હોવા છતાં ગોપાલ કૃષ્ણના રૂપમાં મધુરાતિમધુર છો"–**

भवनं भुवनं विलासिनी श्रीस्तनयस्तामरसाननःस्मर ।

परिचारपरम्पराः सुरेन्द्रास्तदपि त्वच्चरितं विभो ! विचित्रम् ।[१५५]

**અનન્ય પ્રેમભકિતમાં વિશુદ્ધ–પૂર્ણમધુર રસમય શ્રીકૃષ્ણની તરફ પોતાની નિષ્ઠા બતાવે છે.**

**પોતાનું સર્વસ્વ પ્રેમપૂર્વક પરમાત્માને સમર્પણ કરવું તે આત્મનિવેદનમ્ ભકત કહે છે –**

जगत्त्रय मनोहरं जयति मामकं जीवितम् ।[१५६]

**ત્રિલોકના મનને હરનાર વિશ્વમોહન મારું જીવન છે. એક અન્ય પદ્યમાં ભક્ત કહે છે –**

त्वपि प्रसन्नै किमिहापरैर्नःस्त्वय्यप्रसन्ने किमिहापरैर्नः।[१५७]

**અનન્ય નિષ્ઠાથી નિવેદન કરે છે કે પ્રભુ આપની કૃપા જ સર્વસ્વ છે, આપની કૃપા વગર બધુ જ નકામુ. અનન્ય પ્રેમભકિતથી ભકત કહે છે –**

प्रेमदं च मे कामदं च मे वेदनं च मे वैभव च मे ।

जीवनं च मे जीवितं च मे दैवत च मे देव नापरम् ।।[१५८]

**મારા જીવનનું માધુર્ય, આનંદ, જ્ઞાન-સંપતિ, વૈભવ, જીવન અને જીવનનો હેતુ-બધુ જ આપ છો. અન્ય કોઈ જ નહીં.**

**ભકત કવિ પોતાનું સર્વસ્વ પ્રભુને અર્પણ કરે છે. જીવન પ્રભુએ આપેલ છે. તેનું આપેલ જીવન તેને જ અર્પણ કરવામાં જીવનની કૃતાર્થતા છે, ધન્યતા છે.**

**કૃષ્ણકર્ણામૃતમ્‌માં ભકત કવિ ભાગવતની ભકિત ગાય છે. ગુણ-ગાન કરી ભકત અનેક જીવને પ્રભુમય બનાવે છે. કીર્તન દ્વારા રાસક્રીડા પ્રત્યક્ષ શરૂ થઈ છે તેવું જીવ અનુભવે છે, તેમાં તલ્લીન બને છે અને સાચા માર્ગે જવાનો પ્રયત્ન શરૂ કરે છે. લીલાશુકમાંથી છૂટા પડેલાં જીવને ફરીથી 'મા' સુધી પહોંચાડવાનો પ્રયત્ન કરે છે. મેળામાં 'મા'થી છૂટું પડી ગયેલ બાળક રડે છે અને 'મા'નો છેડો મળતા જ ખુશ થાય છે તેમ જગતના મેળાવડામાં ભૂલા પડેલાં અનેક જીવો રડે છે. સુખ-દુઃખ, જય-પરાજય, હાનિ-લાભ, યશ-અપયશ મળતાં રડતાં રહેલા દેખાય છે. ત્યારે રસ્તો ભૂલેલાં આ જીવને ભકત આંગળી પકડીને 'મા' સુધી પહોંચાડવાનું કામ કરે છે.**

**પ્રકરણ-૫**

## ● પાદટીપ

૧. નારદભક્તિસૂત્ર-૨

૨. નારદભક્તિસૂત્ર-૨

૩. શ્રીમદ્ભાગવતપુરાણ - ૩.૨૫. ૩૨-૩૩

૪. શાંડિલ્યભક્તિસૂત્ર - ૧/૧/૨.

૫. નારદભક્તિસૂત્ર - ૧૯

૬. શ્રીમદ્ભાગવતપુરાણ - ૭/૭/૩૫

૭. નારદપંચરાત્ર

૮. ભક્તિરસામૃત સિન્ધુ - ૧.૧૧.

૯ રૂપ ગોસ્વામી,

૧૦ વિવેક ચૂડામણિ -૩૨

૧૧ વિવેક ચૂડામણિ -૩૩

૧૨ નારદભક્તિસૂત્ર- ૧૬

૧૩ નારદભક્તિસૂત્ર-૧૭

૧૪ નારદભક્તિસૂત્ર- ૧૮

૧૫ ભક્તિરસાયન -૧૦૩

૧૬ રૂપ ગોસ્વામી - ભક્તિરસામૃત-૧.૨.૨૭૨.

૧૭ યામુનાચાર્ય, આલવંદારસ્તોત્ર-૬૩

૧૮ તત્ત્વદીપ નિબંધ, શાસ્ત્રાર્થપ્રકરણ શ્લોક-૪૬

૧૯ નારદભક્તિસૂત્ર -૨૫,૨૮,૨૯

૨૦ છન્દોગ્યોપનિષદ્ - ૧.૩

૨૧ કુલાર્ણવતંત્ર -૧૭.૬૭

૨૨ શ્રીમદ્ભગવદ્ગીતા - અ-૧૨

૨૩ સાંસ્કૃતિક વિચારધારા- પાના નં. ૮૬-૮૭

૨૪ અભિધાન રાજેન્દ્રકોશ, ભાગ-૫. પૃ.૧૦૭૩

૨૫. ગીતામૃતમ્ - અ.૧૨ શ્લોક ૮ થી ૧૨

૨૬. શ્રીમદ્ભાગવતપુરાણ-૭.૫. ૨૩-૨૪

૨૭. ભાગવતમાહાત્મ્ય - ૬.૪૫ થી ૫૦

૨૮. નારદભકિતસૂત્ર - ૩૯

૨૯. ભાગવતમાહાત્મ્ય - ૬.૭૬

૩૦ ભાગવતમાહાત્મ્ય - ૬.૯૯

૩૧ શ્રીમદ્ભાગવત ઉપર ભાવાર્થ દીપિકા -૨.૩.૧૯

૩૨. શ્રીમદ્ભાગવત ઉપર ક્રમસંદર્ભ અને ભાવાર્થદીપિકા પ્રકાશ - ૭.૫.૨૩

૩૩. વીરરાઘવ વ્યાખ્યા, બાલપ્રબોધિની ટીકા, ભાગવત - ૭.૫.૨૩

૩૪. ભાગવતમાહાત્મ્ય - ૧.૬૮

૩૫ શ્રીમદ્ભગવદ્ગીતા - ૯.૩૦.૩૧

૩૬ પાતંજલયોગ - ૧.૨૭

૩૭ પાતંજલયોગ - ૧.૨૮

૩૮ પાતંજલયોગ - ૧.૨૯

૩૯ ભાવાર્થદીપિકાપ્રકાશ

૪૦ વીરરાઘવ વ્યાખ્યા

૪૧ બાલપ્રબોધિની

૪૨. કઠોપનિષદ - ૧.૨-૧૬

૪૩. શ્રીમદ્ભગવદ્ગીતા - ૬.૩૦

૪૪. ભાગવત - ૭.૫.૨૩ ઉપરની ભાવાર્થદીપિકા પ્રકાશ.

૪૫. શ્રીમદ્ભાગવતપુરાણ - ૧૨/૩/૮

૪૬ શ્રીમદ્ભાગવતપુરાણ- ૧૧-૨-૪૨

૪૭ પરિચર્યા - શ્રીધર

૪૮ ભાગવત - ૭-૫-૨૩ ઉપર વંશીધરી ટીકા

૪૯ શ્રીમદ્ભાગવતપુરાણ - ૭.૫.૨૩

૫૦ અધ્યાત્મ રામાયણ - ૨.૯-૨-૩

૫૧ શ્રીમદ્ભગવદ્ગીતા - ૯.૨૬

૫૨ શ્રીમદ્ભાગવતપુરાણ - ૧૧-૨૭-૪૮

૫૩ શ્રીમદ્ભગવદ્ગીતા-૧૮-૪૬

૫૪ ભાગવત - ૭-૫.૨૭ ઉપર ભકતમનોરંજની

૫૫ ભીસ્મસ્તવરાજ -૯૧

૫૬ શ્રીમદ્ભાગવતપુરાણ -૭.૫ ૨૩

૫૭. ભીષ્મસ્તવરાજ - ૧૦૦,૧૦૧

૫૮. શ્રીમદ્ભાગવતપુરાણ૧૦-૧૮.૮

૫૯ શ્રીમદ્ભાગવતપુરાણ -૯.૫.૧૬

૬૦ ભાવાર્થદીપિકા પ્રકાશ

૬૧ ભાવાર્થ દીપિકા

૬૨ બાલ પ્રબોધિની

૬૩ શ્રીમદ્ભાગવતપુરાણ- ૫- ૫- ૬

૬૪ મહાભારત - અશ્વમેધપર્વ - ૬૯.૨૧

૬૫ શ્રીમદ્ભગવદ્ગીતા - ૪.૩

૬૬ શ્રીમદ્ભગવદ્ગીતા - ૧૮.૬૪

૬૭ ભાગવત - ૭.૫ -૨૩ ઉપર ભાવાર્થ દીપિકા

૬૮ શ્રીમદ્ભાગવતપુરાણ-૧૧-૨૯-૩૪

૬૯ શ્રીમદ્ભગવદ્ગીતા -૭.૧૪

૭૦ શ્રીમદ્‌ભગવદ્‌ગીતા - ૭-૧૪

૭૧ શ્રીમદ્‌ભગવદ્‌ગીતા -૧૮-૬૬

૭૨ નારદભક્તિસૂત્ર -૭૧

૭૩ શ્રીમદ્‌ભાગવત- ૭.૫.૨૩ ઉપર ભાવાર્થ દીપિકા

૭૪ શ્રીમદ્‌ભાગવત – ૭.૫.૨૩ ઉપર ભાવાર્થ દીપિકા પ્રકાશ.

૭૫ શ્રીમદ્‌ભાગવત – ૭.૫.૨૩ ઉપર ક્રમસંદર્ભ.

૭૬ અથર્વવેદ – ૬.૭૯.૩

૭૭ ઋગ્વેદ – ૬.૧.૫

૭૮ સામવેદ, અગ્નિવશ્ય શાખા – પૃ-૧૩૧

૭૯ ઋગ્વેદ -૭.૮૧-૪

૮૦ ઋગ્વેદ -૫.૬૫-૯

૮૧ ઋગ્વેદ -૮-૯૮-૧૧

૮૨ ઋગ્વેદ -૪-૧૭-૧૭

૮૩ ઋગ્વેદ -૬.૮૬-૫

૮૪ ઋગ્વેદ -૭.૮૯-૫

૮૫ ઋગ્વેદ -૧૦-૪૩-૧

૮૬ ઋગ્વેદ – ૧૦-૪૦.૨

૮૭ ઋગ્વેદ – ૬-૩૫.૧

૮૮ ઋગ્વેદ – ૭-૮૬.૪

૮૯ ઋગ્વેદ – ૭-૧૦૦.૫

૯૦ ઋગ્વેદ – ૫.૫૯.૪

૯૧ ઋગ્વેદ – ૬.૪૪.૧૦-૧૧

૯૨ શાંડિલ્યભક્તિસૂત્ર -૧.૨-૯

૯૩ ઋગ્વેદ – ૭.૮૫.૫

૯૪ ઋગ્વેદ – ૬.૧૬.૩૮

૯૫ ઋગ્વેદ – ૧૦.૪૩.૧

૯૬ મુડકોપનિષદ – ૨.૨–૪

૯૭ મુડકોપનિષદ– ૨.૨.૩

૯૮ શ્વેતાશ્વતર ઉપનિષદ –૬.૨.૩

૯૯ વાલ્મિકી રામાયણ –યુદ્ધકાંડ– ૧૧૯.૧૩

૧૦૦ વાલ્મિકી રામાયણ – ૧૮.૩૩

૧૦૧ અધ્યાત્મ રામાયણ – ૨.૩૬

૧૦૨ અધ્યાત્મ રામાયણ – અ.૨, ૪/૫, ૧૦/૨૯

૧૦૩ વાલ્મીકિ રામાયણ– સું.–૪ ૨૨–૨૩

૧૦૪ વાલ્મીકિ રામાયણ–સું.૧૭–૩૧

૧૦૫ મહાભારત, અનુ.૧૪૬–૫–૬

૧૦૬ મહાભારત–અનું–૧૪૬.૧૪૨

૧૦૭ શ્રીમદ્‌ભગવદ્‌ગીતા –૮.૨૨

૧૦૮ નારદ પંચરાત્ર –૪.૬.૮

૧૦૯ નારદ પંચરાત્ર – ૪.૬.૫

૧૧૧ અહિર્બુદન્ય સંહિતા – ૩૭.૨૮.૨૯

૧૧૨ અહિર્બુદન્ય સંહિતા – ૩૭.૨૪–૨૫,૩૬.૩૭

૧૧૩ આર.જી.ભંડારકર, વૈષ્ણવ, શૈવ અને અન્ય ધાર્મિક મત–પૃ.૫૮

૧૧૪ મુકુન્દમાલા–૨૦

૧૧૫ Amina Sengupta, critical study of the - Philosophy 08
Ramanuja - p-xx ૫૨ ડૉ. એસ. શર્માનું અવતરણ :

૧૧૬ ડૉ. મણિભાઈ ઈ. પ્રજાપતિ, સંસ્કૃત સ્તોત્રકાવ્યઃઉદ્‌ભવ, વિકાસ અને સ્વરૂપ. પૃ.૫૫.૫૭

૧૧૭ ડૉ. રાધાકૃષ્ણન્, ભારતીય દર્શન ભાગ–૨, પૃ. ૭૦૭

૧૧૮ આર.જી ભંડારકર, વૈષ્ણવ, શૈવ અને અન્ય ધાર્મિક મત-પૃ. ૬૪

૧૧૯ સ્કંદપુરાણ, પ્રથમખંડ- ૭.૨.૧૬

૧૨૦ બ્રહ્મવૈવર્તપુરાણ - પ્રકૃતિખંડ-૬૩.૧૯-૨૦

૧૨૧ ગરુડપુરાણ.

૧૨૨ નારદપુરાણ - ૧.૪.૩-૪

૧૨૩ વિષ્ણુપુરાણ - ૩.૭.૨૧

૧૨૪ સ્કંદપુરાણ - રેવાખંડ -૧.૩૩

૧૨૫ સૌરપુરાણ - ૧૧-૨૩

૧૨૬ લિંગપુરાણ - ૨.૯.૨૨

૧૨૭ શિવપુરાણ - ૭.૨.૭

૧૨૮ શિવપુરાણ-૪.૪૧-૨

૧૨૯ શિવપુરાણ - ૨.૨.૧૩, ૨.૪.૪૧, ૮.૨.૩૪

૧૩૦ શ્રીમદ્ભાગવતપુરાણ -૧૨.૪.૪૦

૧૩૧ બ્રહ્મવૈવર્તપુરાણ - કૃષ્ણજન્મ ખંડ-૫૯.૬૪

૧૩૨ ભકિતરસામૃતસિંધુ-૧.૧૧

૧૩૩ ભકિતરસામૃતસિંધુ-૫.૧-૯

૧૩૪ ભકિતરસામૃતસિંધુ-ભાવલહરી, કારિકા-૧

૧૩૫ ભકિતરસામૃતસિંધુ-પ્રેમભકિતલહરી-૧

૧૩૬ કૃષ્ણકર્ણામૃત-આ. ૧ / ૨

૧૩૭ કૃષ્ણકર્ણામૃત-આ. ૧ / ૩

૧૩૮ કૃષ્ણકર્ણામૃત-આ. ૧ /૪

૧૩૯ કૃષ્ણકર્ણામૃત-આ. ૧ / ૫

૧૪૦ કૃષ્ણકર્ણામૃત-આ. ૧ / ૬

૧૪૧ કૃષ્ણકર્ણામૃત-આ. ૧ / ૮

૧૪૨ કૃષ્ણકર્ણામૃત–આ. ૧ / ૧૧

૧૪૩ કૃષ્ણકર્ણામૃત–આ. ૧ /૧૮

૧૪૪ કૃષ્ણકર્ણામૃત–આ. ૧ / ૧૯

૧૪૫ કૃષ્ણકર્ણામૃત–આ. ૧ /૧૨

૧૪૬ કૃષ્ણકર્ણામૃત–આ. ૧ /૧૬

૧૪૭ કૃષ્ણકર્ણામૃત–આ. ૧ /૫૦

૧૪૮ કૃષ્ણકર્ણામૃત–આ. ૧ /૭૬

૧૪૯ કૃષ્ણકર્ણામૃત–આ. ૧ /૭૭

૧૫૦ કૃષ્ણકર્ણામૃત–આ. ૧ /૯૦

૧૫૧ કૃષ્ણકર્ણામૃત–આ. ૧ /૯૩

૧૫૨ કૃષ્ણકર્ણામૃત–આ. ૧ /૮૧

૧૫૩ કૃષ્ણકર્ણામૃત–આ. ૧ /૯૮

૧૫૪ કૃષ્ણકર્ણામૃત–આ. ૧ / ૯૯

૧૫૫ કૃષ્ણકર્ણામૃત–આ. ૧ /૧૦૨

૧૫૬ કૃષ્ણકર્ણામૃત–આ. ૧ / ૮૮

૧૫૭ કૃષ્ણકર્ણામૃત–આ. ૧ / ૨૯

૧૫૮ કૃષ્ણકર્ણામૃત–આ. ૧ / ૧૦૪

# પ્રકરણ–૬

## કૃષ્ણકર્ણામૃતમાં દાર્શનિકતત્ત્વ

(૧) પ્રસ્તાવનાઃ-

(૨) દર્શન' શબ્દનો અર્થ

(૩) દર્શનનું લક્ષ્ય

(૪) ભારતીય દર્શનની વિશેષતાઓ

(૫) સ્તોત્રોમાં સગુણ-નિર્ગુણ બ્રહ્મની વિચારણા

(अ) વૈદિકસાહિત્યમાં સગુણ-નિર્ગુણ બ્રહ્મની વિચારણા

(ब) વૈષ્ણવધર્મ તેમ જ દર્શનમાં દેવતાતત્ત્વ

(क) વૈષ્ણવ પુરાણોનાં સ્તોત્રોમાં સગુણ-નિર્ગુણ બ્રહ્મનું નિરૂપણ

(ड) ત્રિમૂર્તિ (બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ)ની એકતા

(૬) કર્ણકર્ણામૃતમાં દાર્શનિક્તા

## પ્રકરણ-૬

# કૃષ્ણકર્ણામૃતમાં દાર્શનિકતત્ત્વ

## (૧) પ્રસ્તાવનાઃ-

દર્શનવિદ્યાનું પ્રભવ સ્થાન માનવ છે.[૧]

મનુષ્યને સ્વભાવથી જ જિજ્ઞાસા અને તેને સંતોષવાની પુરુષાર્થ શકિત એટલી બધી અપરિમિત વરેલી છે કે તેની સાથે જ્યારે કોઈ નવો વિષય ઉપસ્થિત થાય છે ત્યારે, પછી તે ગમે તેવો અણખેડાયેલો હોય, ગમે તેટલો સૂક્ષ્મ કે ગૂઢ હોય તો પણ, તે જીવન અને સુખ સગવડની પરવા કર્યા વિના તેની શોધ અને ઊંડી સમજની પાછળ પડે છે અને છેવટે તે પોતાની એકધારી અડગ ધૂન દ્વારા માણસજાતને કાંઈ સનાતન મૂલ્યવાળું તત્ત્વચિંતન આપી જાય છે. ભારત ભૂમિને ખોળે જન્મ લેનારને ગળથૂંથીમાંથી જ એવો કોઈ સંસ્કાર મળે છે કે તેને લીધે તેના માનસ્કિ ઘડતરમાં આધ્યાત્મિક ગણતા વિષયોની જિજ્ઞાસાનાં બીજ અનાયાસે વિશેષ પ્રમાણમાં રોપાય જાય છે.

## (૨) દર્શન' શબ્દનો અર્થઃ-

પ્રારંભમાં સંસ્કૃત વાઙમયમાં 'દર્શન' શબ્દના પ્રયોગને બદલે 'મીમાંસા' શબ્દનો પ્રયોગ થતો. મીમાંસા એટલે મનન, જ્ઞાન પ્રાપ્તિની ઇચ્છા કોઈ તાત્વિક વિષયની પરીક્ષા, Investgation : critical and constructive. આજે પ્રાયઃ 'દર્શન' શબ્દ યોજાય છે. 'દર્શન- શબ્દના મૂળમાં 'દૃશ्' ધાતુ છે,તેનો અર્થ થાય છે, 'જોવું'. દર્શન એટલે  જોવું તે- તત્વજ્ઞાનની એક પદ્ધતિ, સત્યને નિરખવાનો, સમજવાનો એક પુરુષાર્થ. આ જોવાનું શકય બને છે સીધા અનુભવ દ્વારા, અનુમાનના આધારે કે આત્માનુભૂતિ દ્વારા. 'દર્શન' એટલે તત્વનો સાક્ષાત્કાર એવો પણ એક અર્થ કરવામાં આવે છે. તે અર્થ યોગીઓ અને તત્ત્વદષ્ટાઓની નૈસર્ગિક પ્રજ્ઞા(Intuition)પ્રતિ સંકેત કરે છે. પ્રત્યેક દર્શન સત્યને પોતાના એક વિશિષ્ટ 6દષ્ટિકોણથી સમજવા પ્રયત્ન કરે છે. 'જોવું' બે પ્રકારનું હોય છે. કોઈપણ વસ્તુને  દેશ, કાળ, પરિસ્થિતિ વગેરે સંદર્ભો સહિત જ્યારે આપણે જોઈએ છીએ, ત્યારે તે સત્ય હોવા છતાં પણ વ્યાવહારિક સત્ય છે. ઋષિ તેને પણ સત્ય તો કહે છે, પરંતુ તે જ વસ્તુને કોઈપણ સંદર્ભ વિના, નિરપેક્ષ ભાવે જોવાય અને તે જેવી દેખાય તેને  'ઋત' કહેવાય[૨]  વ્યવહારિક સત્યનું દર્શન તો ઘણા લોકો કરી શકે છે, પણ પારમાર્થિક સત્યનું દર્શન બહુ થોડા જ કરી શકે છે. ઉપનિષદની

ઉકિત –"એક તત્ત્વ જેને જાણવાથી આ બધુ સારી રીતે જાણી શકાય છે" તે એ શાશ્વત અનંત સત્યને અનુલક્ષે છે.એ જાણવું ' એ જ્ઞાન એટલે બુદ્ધિ વડે એનો ખ્યાલ સ્વીકારવો યા તે પુસ્તકના વાચનને પરિણામે એની સત્-તાનો સ્વીકાર કરવો એવો અર્થ થતો નથી. આપણા દર્શનોમાં 'જાણવું' અર્થાત્ જ્ઞાન એટલે એકતા કરવી, તન્મય થવું, એક બનીને અનુભવવું, ચેતના દ્વારા એકતા કરવી, શાશ્વત કાલાતીત, એક અનંત જોડે એકતા કરવાથી એના આવિર્ભાવરૂપ આ જગતનું જ્ઞાન પણ થાય છે. સાંસારિક તથા પારમાર્થિક એમ બંને પ્રકારના સુખોને પ્રાપ્ત કરવાનો માર્ગ બતાવે તે દર્શન.

અંગ્રેજી શબ્દPHILOSOPHY (PHILO-LOVE અને SOPHIA[3] = WISDOM) નો અર્થ પણ જ્ઞાન માટેનો પ્રેમ એમ સૂચવે છે.Philosophy= વિદ્યા માટેનો પ્રેમ(અનુરાગ) અને Philosopher= વિદ્યાનુરાગી, જ્ઞાનાનુરાગી, જ્ઞાનપ્રાપ્તિ માટે પ્રયત્નશીલ.

**(૩) દર્શનનું લક્ષ્ય :-**

કયારેક આપણે 'દર્શનશાસ્ત્ર' એવો શબ્દ પ્રયોગ કરી છીએ. તેમાં રહેલા 'શાસ્ત્ર' શબ્દનો અર્થ જોઈએ. ગ્રીકોની એવી સંકલ્પના હતી કે 'શાસ્ત્ર એટલે અનુભવ તથા વિચાર. એ બે સાધનથી એકાદ વિશિષ્ટ વિષયનું પ્રાપ્ત થયેલું વ્યવસ્થિત અને સંકલિત જ્ઞાન. 'શાસ્ત્ર' શબ્દની મીમાંસા કરતા શ્રી અરવિંદ લખે છે કે[૪] શાસ્ત્ર એટલે તમોગુણી માણસના રોજિંદા કર્મોના અભ્યાસને વશ એવા માનસે બુદ્ધિનો ઉપયોગ કર્યા સિવાય અનુસરવાનો કેટલીક સારી અને કેટલીક ખરાબ એવી રૂઢિઓનો ઢગલો એમ સમજવાનું નથી, શાસ્ત્ર એટલે સહજ જ્ઞાન, અનુભવ અને પ્રજ્ઞા વડે સુનિશ્ચિત થયેલું જ્ઞાન અને ઉપદેશ, જીવન જીવી જાણવાની વિદ્યા, કલા અને નીતિ, પ્રજા સમગ્રની આગળ મૂકાયેલું ઉત્તમોતમ ધોરણ–સામાન્ય દષ્ટિએ જોતાં શાસ્ત્રમાં આધ્યાત્મિક ધર્મ મૂર્ત થયેલો હોતો નથી. જો કે એ કહેવું જોઈએ કે જ્યારે શાસ્ત્ર સૌથી ઉચ્ચ પરાકાષ્ટાએ પહોંચે છે, જ્યારે તે આધ્યાત્મિક જીવનની વિદ્યા અને કલા એટલે કે અધ્યાત્મશાસ્ત્ર બને છે ત્યારે સાત્વિક પ્રકૃતિથી પર થવાના નિયમને તે ઘડી આપે છે. તથા આધ્યાત્મિક રૂપાંતર પ્રત્યે લઈ જનાર સાધનાના માર્ગનો વિકાસ પણ તે કરે છે.

દર્શનશાસ્ત્ર એ માણસને પોતાનું સ્વરૂપ વિચારવા અને તેને અનુભવવા પ્રેરે છે. આ પ્રેરણા મનુષ્યના વિશ્વ સાથેના તેમજ ઇતર પ્રાણીજગત સાથેના તેનાં સંબંધ વિશે વિચાર કરવામાં મદદરૂપ બને છે, પરિણામે માનવ જીવન સ્થૂળલક્ષી મટી સૂક્ષ્મલક્ષી અને સર્વલક્ષી થવાની દિશામાં વળે છે. સર્વમાં આત્મૌપમ્યની અર્થાત્ અભેદની દષ્ટિ કેળવાય છે.

જીવ, જગત અને ઈશ્વર, અથવા કહો કે મન, માયા અને મહેશ્વર આ ત્રણના સ્વરૂપનું અને પરસ્પર સંબંધનું નિરૂપણ અને પરીક્ષણ એ દર્શનશાસ્ત્રનું પ્રધાન કર્તવ્ય છે. આ સંસાર શું છે ? એ સત્ય છે કે છલના ? એનો કર્તા અને નિયામક પણ કોઈ છે કે કેમ ? એનો સ્વભાવ (સ્વરૂપ) કેવો છે ? એની સાથે માનવીનો સંબંધ શો છે ? જીવન મરણના ચક્રમાંથી મુકિત મેળવવાનો કોઈ ઉપાય છે ? કોઈ પરિપૂર્ણ સત્તા હશે ખરી ? જો હોય તો તેનું રહસ્ય શું ? માનવ સાંસારિક બંધનોમાં શી રીતે પડે છે ? એની વાસ્તવિક પ્રકૃતિ કેવી છે ? માનવ એ પૂર્ણ પરમેશ્વરનો અંશ છે કે એનાથી અભિન્ન છે ? વ્યષ્ટિ અને સમષ્ટિમાં ફેર શો ? આ સંસારનું મૂળ કયાં ? શું આ જગત રચાયું છે કે તે અનાદિ અનંત છે ? પ્રકૃતિ, મન, જીવાત્મા વગેરે શું છે ? જીવનનો ઉદ્દેશ્ય શો ? આ બધા દાર્શનિક પ્રશ્નો માનવના મનમાં ઊઠતા હોય છે. આ બધા પ્રશ્નોનો તોડ વેદકાળથી શરૂ કરી આજ પર્યન્તના જ્ઞાનીઓએ અને મુમુક્ષુઓએ સાધના, ચિંતન, મનન અને ધ્યાન વડે આપેલ છે અને તેને આપણે તત્વજ્ઞાન એવું નામ આપીએ છીએ. આ તત્ત્વજ્ઞાન એટલે સૂક્ષ્મબુદ્ધિજનોની શાબ્દિક કસરત સમજવાની નથી. તત્વજ્ઞાન કાંઈ નિરર્થક વાગ્જાળ નથી. તે જલતાડનાદિવત નિષ્ફળ નથી. તેમાં શુષ્ક માથાકૂટ નથી પણ તેમાં કયો મત અધિક સુસંગત, સુફળદાયક અને અધિક મૂલ્યવાન છે એ અતિ મહત્ત્વનો અને ઉપયોગી પ્રશ્નનો વિચાર હોય છે. તત્ત્વ જિજ્ઞાસુએ શબ્દ છળ કરવાને બદલે તેનું હિતાહિત શામાં છે, સન્માર્ગ કર્યો, નિઃશ્રેયસ સુખ અને અભ્યુદય કેવી રીતે પ્રાપ્ત થાય વગેરે મહત્ત્વના અને સ્ફૂર્તિદાયક પ્રશ્નોનો વિચાર કરવાનો છે.

તત્ત્વજ્ઞાન એટલે માનવી વડે થયેલ જીવન સત્યનું દર્શન. કોઈ અમુક એક વ્યકિતનું એ તત્ત્વજ્ઞાન નથી. પણ અનેક વિભિન્ન વિચારધારાઓમાં વહીને વિદ્વાન પુરુષો ચિંતકો જ્ઞાનીઓ અને દ્દષ્ટા મહર્ષિઓએ જીવનના પરમ તત્વોની જે ઝાંખી કરી છે તેનું જ્ઞાન એ તત્ત્વજ્ઞાન છે. ભારતીય વિચારકોએ સત્યનિષ્ઠા જાળવીને અને સત્યનાં સાક્ષાત્કાર માટે મનનમાં તાલાવેલી રાખીને જીવનના સર્વોચ્ચ કક્ષાના પ્રશ્નો ઉકેલવા પ્રયત્નો કરેલા છે. મહાન તત્ત્વચિંતકો પ્રત્યેક યુગમાં જન્મે છે. લોકોને તેઓ ઉન્નત બનાવી સન્માર્ગે દોરે છે. આધ્યાત્મિકતામાં મંગળાચરણ કરનારા સમાજમાં માનવીની સર્વ પ્રવૃત્તિઓનું ધ્યેય આત્માનુભવ અને તેનો સમસ્ત જીવન દ્વારા આવિર્ભાવ એ જ હોવું ઘટે અને ભારતીય દર્શનોના પ્રણેતાઓએ તે મૂર્ત કરી બતાવ્યું છે. શ્રી કેદારનાથજી લખે છે કે,–"તે મૂળ

દાર્શનિકો વિશે વિચાર કરતાં તેમની સત્યજ્ઞાન વિશેની જિજ્ઞાસા, ઉત્કંઠા અને વ્યાકુળતા, તેને માટે તેમને લેવો પડેલો શ્રમ, તેમની સૂક્ષ્મ, કુશાગ્ર, મર્મસ્પર્શી પણ વ્યાપક બુદ્ધિમત્તા, વિષયને આરપાર ભેદીને તેની પેલે પાર છેક સત્ય સુધી જઈ પહોંચનારી તેમની દીર્ઘ, ભેદક અને પવિત્ર દષ્ટિ વગેરે વિશે મનમાં વિચાર આવતાં તેમને વિશે પરમ આદર થયા વિના રહેતો નથી" [૫]

માનવ બુદ્ધિને સંતોષ આપવો એ ફિલસૂફીનું ધ્યેય છે એમ ઘણીવાર ભૂલથી માનવામાં આવે છે. પરંતુ તત્ત્વજ્ઞાનએ કેવળ બૌદ્ધિક વિલાસનો વિષય નથી, એને આધારે જીવન રચવાનું છે. કેવળ બુદ્ધિ કસવાના અખાડા તરીકે જ જો તત્ત્વજ્ઞાનની ચર્ચા થતી હોય તો તે ઇચ્છનીય નથી. માત્ર ખંડનમંડનની પ્રવૃત્તિએ દર્શનનો હેતું નથી. તત્ત્વજ્ઞાનનું જીવનસિદ્ધિમાં પર્યવસાન થવું જોઈએ. ભારતના પ્રાચીન ઋષિમુનિઓ માટે ધર્મ કે તત્ત્વજ્ઞાન કયારેય પણ વ્યાસંગ(Hobby) કે બૌદ્ધિક વિલાસનું માત્ર સાધન ન હતું પણ તત્ત્વજ્ઞાન એ એમને મન આત્મસાક્ષાત્કાર પામેલી વિચારધારા હતી. ડૉ. રાધાકૃષ્ણન્ કહે છે કે, "ફિલસૂફ અથવા તત્ત્વચિંતક સર્વ કાળનો અને સમગ્ર જગતનો પ્રેક્ષક હોઈ, તે સમગ્ર જગતનું એકરૂપ અને એકધારું એવું વર્ણન આપવાનું ધ્યેય રાખે છે. શાસ્ત્રોમાં કહેલા પદાર્થોની આપણે બુદ્ધિ દ્વારા સમજ મેળવવી તે જ સાચુ જ્ઞાન છે. શબ્દોમાં રહેલો ભાવ પકડવો, તેનું તાત્પર્ય ગ્રહણ કરવું અને અંધશ્રદ્ધાને તિલાંજલિ આપવી જરૂરી છે. ફિલસૂફીમાં ટીકાને અવકાશ છે, ટીકા એ તો તેનો શ્વાસ અને પ્રાણ છે. ખોટો મતાગ્રહ એ સત્ય અને જ્ઞાનનો શત્રુ છે. કેવળ તર્ક આપણને જ્ઞાનપ્રાપ્તિ કરાવવામાં અસમર્થ નીવડે છે. આત્માની મુકિત એ ધર્મનું ધ્યેય છે. બુદ્ધિના ટેકા વિનાની શ્રદ્ધા એ બુદ્ધિનો આપઘાત છે. વિચારની સ્વતંત્રતા એ ફિલસૂફીનો પ્રાણ છે"

## (૪) ભારતીય દર્શનની વિશેષતાઓ :-

શાશ્વત સત્ય દેશકાળના બંધનોથી પર હોય છે. તો પણ તેની છાપ તેમના પર સ્પષ્ટ જણાય છે. દેશ, કાળ અને સંસ્કૃતિની પૃષ્ઠભૂમિમાં શાશ્વત તત્ત્વોનો સાક્ષાત્કાર એ જ દર્શન છે; અને આ દર્શન જ કોઈપણ દેશ યા રાષ્ટ્રની સંસ્કૃતિનું મૂળ છે.

ભારતીય વિચારકો કેવળ 'નીતિધર્મ' કે સદાચાર આગળ અટકી ન જતાં તેથી આગળ જવાનું ધ્યેય રાખે છે. માણસ ઈશ્વરનો અંશ છે અને તે અંશ પૂર્ણ બનવાની ઝંખના રાખે છે. આમ, ભારતીય તત્ત્વજ્ઞાનમાં સારભૂત વસ્તુએ તેનો અધ્યાત્મવાદ છે, જેનો અર્ક (Essence) આપણને ઉપનિષદોમાં જોવા મળે છે. સમગ્ર જગત એ પરમાત્માનો આવિર્ભાવ છે. ડૉ. રાધાકૃષ્ણન્ કહે છે

કે,'નિસર્ગની એકરૂપતા, બ્રહ્માંડની સુવ્યવસ્થા, વિકાસનો સતત અને ઊર્ધ્વગતિ કરતો પ્રવાહ એ બધા જડ યંત્રના અચેતન ધબકારા નથી, પણ એક સર્વજ્ઞ જગન્નિયંતાનું ચિદ્દ્ધન–ચેતનમય સ્વરૂપ છે.' આત્માના અસ્તિત્વમાં દૃઢ વિશ્વાસ ને તેના મૂળ સ્વરૂપને જાણવાની ઇચ્છા એ જ માનવ જિજ્ઞાસાનું લક્ષ્ય છે. આ આધ્યાત્મિક લક્ષ્ય ભારતીય દર્શનોને તેના નીતિશાસ્ત્ર અને ધર્મના ક્ષેત્રથી ઉપર ઉઠાવે છે.

જીવનથી અલગ એવાં દર્શનની કલ્પના જ અસ્થાને છે. દા.ત. ગીતા, ઉપનિષદો વગેરે જન સાધારણથી દૂર નથી. ભારતીય દર્શ એ જન–જીવનનું દર્શન છે. આથી તો એમ કહેવાય છે કે પ્રત્યેક ભારતીય જન્મજાત દાર્શનિક છે. ભારતીય દર્શન એ માત્ર કલ્પનાસભર ગગનગામી ઉડ્ડયન નથી, તેમાં માનવજીવનનાં ધબકારા વ્યકત થાય છે. ' ફિલસૂફી એ કેવળ એક વિચારધારા નથી, પણ એક જીવનપથ છે !

આ સંસાર એ જ અંતિમ સત્ય છે અને જીવનનો ઉપભોગ કરવો એ જ જીવનનું અંતિમ ધ્યેય છે, તેમ ભારતીય વિચારકોએ કદી માન્યુ નથી. 'તમસમાંથી જ્યોતિ તરફ, મૃત્યુમાંથી અમૃત તરફ લઈ જવાની ઉપનિષદોની સુવિખ્યાત પ્રાર્થનાઓ એ કાંઈ જીવનની ક્ષુલ્લક ચીજોની પ્રાપ્તિ માટે નહિ પણ નિઃશ્રેયસની પ્રાપ્તિ માટે કરવામાં આવી છે. ત્યાગ, વૈરાગ્ય, નિઃસ્વાર્થ અને સંન્યાસની ભાવના તો ભારતીય વિચારકોની નસેનસમાં વહેતી જોવા મળે છે. જીવનનાં આકર્ષણો તેમને ખેંચી શકતા નહિ. તેમની દષ્ટિ પ્રથમ બહિર્ પછી અન્તઃ પરંતુ છેવટે તો ઊર્ધ્વ હતી. મુકિતનો માર્ગ હંમેશા આત્મવિકાસનો માર્ગ મનાયો છે અને મોક્ષને અંતિમ આદર્શ માની તેની પ્રાપ્તિ માટેનો પુરુષાર્થ કરવા માટે ભારતીય તત્ત્વજ્ઞાન આપણને શીખ આપે છે. પ્રો. હિરિયણ્ણા લખે છે કે ભારતીય તત્ત્વજ્ઞાનનાં સર્વદર્શનોમાં આ બે તત્ત્વો સમાન છે.[૬]

૧. મોક્ષને અંતિમ આદર્શ માની તેની પ્રાપ્તિ માટેનો પુરુષાર્થ.

૨. તેની સિદ્ધિ માટે બતાવેલી સાધનામાં રહેલી ત્યાગ અને સંન્યાસની ભાવના.

વ્યકિતની પ્રતીક્ષા ઉચ્ચતર પરમાનંદની પ્રાપ્તિની છે. – અહીં માત્ર – 'વિદ્યા એને જ કહેવાય કે જે મુકિત અપાવે'[૭] એ જીવનમંત્ર છે.

ભારતીય વિચારકો એકી અવાજે કહે છે કે અવિદ્યા અથવા અજ્ઞાન આપણા સર્વ દુઃખોનું મૂળ છે. વિદ્યા અથવા જ્ઞાન આપણને તેમાંથી મુકિત અપાવે છે. સર્વ અનિષ્ટોનું મૂળ એ

અજ્ઞાન છે અને આ અજ્ઞાન જ માનવીને સંસારપાશમાં બંધનકર્તા છે. એ અજ્ઞાન દૂર કરી સમ્યક્ દર્શન કરવાનો ભારતીય તત્વજ્ઞાનનો આદર્શ છે. જ્ઞાનપ્રાપ્તિ બાદ જગત પ્રત્યે જોવાની માણસની દષ્ટિ જ બદલાઈ જાય છે. ઈશોપનિષદ્ કહે છે, જે માણસ ભૂતમાત્રને પોતાના આત્મામાં અને ભૂતમાત્રમાં પોતાના આત્માને જૂએ છે તે ત્યાર પછી ઢાંકયો રહેતો નથી.' ગીતા કહે છે "વિદ્વાન ને વિનયી, બ્રાહ્મણ, ગાય, હાથી, કૂતરો તથા કૂતરાને ખાનાર ચાંડાળ એ સર્વને વિષે તે સમદષ્ટિ રાખતો થાય છે."

મોક્ષ પ્રાપ્તિ માટેનો સાધનમાર્ગ અભ્યાસ અને વૈરાગ્ય મોક્ષ પ્રાપ્તિ માટેનો માર્ગ કઠિન છે, પણ અશકય નથી. એ સાધનામાર્ગમાં ત્યાગ અને વીતરાગ તથા સંન્યાસની ભાવના પાયારૂપે રહેલાં છે. ત્યાગ એટલે કર્મત્યાગ નહિ. અને વૈરાગ્ય એટલે નરી નિષ્ક્રિયતા નહિ, ત્યાગનો સાચો અર્થ છે કર્મફળ ત્યાગ અને વૈરાગ્યનું સાચુ લક્ષણ છે ઇન્દ્રિયોનો નિગ્રહ અને એ દ્વારા મનની શાંતિ. ગીતામાં અર્જુનને પણ અભ્યાસ અને વૈરાગ્યની શીખ આપવામાં આવી છે. પાંતજલ યોગનો અષ્ટાંગ માર્ગ પણ કૈવલ્ય પ્રાપ્તિ માટેની સાધના છે. જ્ઞાન પ્રાપ્તિ દ્વારા જીવનનું રૂપાંતર એ સાધનાનો વિષય છે. જ્ઞાનપ્રાપ્તિમાં શરીર, મન, બુદ્ધિ વગેરે સર્વ અંગોને કેળવવાની જરૂર પર ભાર મૂકયો છે.

ઉપનિષદ્ યુગ જેવા પ્રાચીનકાળમાં પણ મનોવિજ્ઞાનને લગતી ચર્ચાઓ થતી હતી. ઇન્દ્રિયો, મન, ચેતના તેમનો પારસ્પરિક સંબંધ વગેરેની ચર્ચા વિશદપણે થયેલી છે. દા.ત. માંડૂકય ઉપનિષદ્‌માં આત્માની ચાર અવસ્થાઓ-જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિ અને અપરોક્ષ અનુભવવાળી તુરીય અવસ્થાઓ-અને તે દરેકમાં મનની સ્થિતિ વગેરેનું નિરૂપણ જોવા મળે છે. તુરીય અવસ્થાનો ઊંડો અભ્યાસ આજે પાશ્ચાત્ય માનસશાસ્ત્રીઓ માટે રસનો વિષય બનેલ છે. ગૌતમબુદ્ધ, પતંજલિ, શંકરાચાર્ય, રામાનુજાચાર્ય વગેરેએ દર્શનની મનોવૈજ્ઞાનિક બાજુને વિસ્તારપૂર્વક ચર્ચી છે. શારીરિક તથા માનસિક વ્યાધિઓ દૂર કરવા માટે આ યુગમાં પણ યોગાભ્યાસ પર ભાર મૂકવામાં આવે છે.

પરમતત્વનો સાક્ષાત્ અનુભવ કરવો હોય તો ધર્મનું અનુશીલન અને તત્ત્વનું પરિશીલન સાથે સાથે ચાલવા જોઈએ.धारयति इति धर्म । જીવન ધારણ કરવાની તાકાત જેનામાં છે તે ધર્મ. ધર્મ અધોગતિમાંથી બચાવે છે. જીવનની રક્ષા કરે છે. જીવનની રહસ્યમય ઊંડી સમસ્યાઓનાં એ સ્પષ્ટ ઉકેલો આપે છે.

આધ્યાત્મિક અનુભવ પર વિશેષ ભાર મૂકવા છતાં બૌદ્ધિક કસોટીમાં પાર ઊતરે એવાં અનેક સત્યોનુ ભારતીય દર્શન નિરૂપણ કરે છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ નહિ, પણ સમગ્ર સમાજની આધ્યાત્મિક ઉન્નતિની વાત કરવામાં આવી છે. દા.ત. ગીતાનો લોકસંગ્રહનો ખ્યાલ.

આધ્યાત્મિક વારસામાં દરેક ભારતવાસીને અસીમ શ્રદ્ધા છે. શ્રુતિ પ્રામાણ્ય એ માત્ર આપ્ત વચન કે શબ્દ પ્રમાણ પૂરતું નહિ રહેતા આત્માનુભૂતિ માટેનું પ્રમાણ છે. તે અંધ વિશ્વાસ નહિ પણ તર્કનો આશ્રય લઈને પ્રગતિ કરી રહ્યું છે. 'ઉપનિષદોના પાયા ઉપર જ ભારતના પાછળના દર્શનો અને ધર્મોની ઇમારત ચણાઈ છે.' તત્વજ્ઞાન તો ભારતના સંતાનોની ગળથૂથીમાં રહેલું છે.

વેદોમાં 'ઋત' એટલે અવિચળ નિયમ છે, અને વરુણ દેવને ઋતનો સ્વામી માનેલ છે. 'ઋત'શબ્દનો મૂળ અર્થ છે નિસર્ગની એકરૂપતા અથવા વિશ્વતંત્રનો સુવ્યવસ્થિત ક્રમ.

અન્તઃકરણની શુદ્ધિ અને પરમપુરુષાર્થ પ્રાપ્તિના સાધનરૂપ એવા કર્મના નિયમમાં વિશ્વાસએ ભારતીય દર્શનનું અગત્યનું લક્ષણ છે .કર્મના સિદ્ધાંત જોડે જ પુનર્જન્મનો સિદ્ધાંત જોડાયેલ છે. પાપપુણ્યનો ઉપભોગ અનિવાર્ય છે. કર્મબંધનના લીધે વારંવાર જન્મ ધારણ કરવો પડે છે. કઠોપનિષદમાં કહ્યું છે કે, અન્નની જેમ જ માનવનો નાશ થાય છે અને અન્નની જેમ જ તેનો પુનર્જન્મ થાય છે. સંસારએ જન્મ-મૃત્યુની શૃંખલા છે. ગીતા પણ આત્માની અમરતાની તેમજ તેના અન્ય દેહધારણની વાત કરે છે.

ભારતીય ઋષિઓની વિશાળ અને સર્વતોમુખી જીવનદષ્ટિએ ભારતીય તત્ત્વજ્ઞાનને એકાંગી થતું બચાવ્યું છે અને એને સર્વદેશીયતા બક્ષી છે.

### (૫) સ્તોત્રોમાં સગુણ-નિર્ગુણ બ્રહ્મની વિચારણા :-

### (અ) વૈદિકસાહિત્યમાં સગુણ-નિર્ગુણ બ્રહ્મની વિચારણા :-

દેવનો ખ્યાલ અત્યંત પ્રાચીન કાળમાં ઉદ્ભવે છે. વૈદિક સંહિતાઓમાં અગ્નિ, સૂર્ય, પૃથ્વી, જળ, નદી, વનસ્પતિ, મુદ્ર ઇત્યાદિ ભવ્ય તેમજ તેજસ્વી અને માનવજાતને ઉપકારક એવાં પ્રાકૃતિક તત્ત્વોમાં દેવત્વ નિહાળીને વૈદિક ઋષિઓએ એમના પ્રતિ ભકિતભાવભર્યા ઉદ્ગાર સૂકતોના માધ્યમથી રજૂ કર્યા. વૈદિક સંહિતાઓમાં આવા અસંખ્ય દૈવી સ્વરૂપો જોવા મળે છે. તેથી કહી

શકાય કે આરંભિક વૈદિક સંહિતાઓમાં અનેક દેવવાદ પ્રવર્તે છે. કેટલાક ઉત્તરવર્તી વૈદિક સૂકતોમાં અનેક દેવવાદને સ્થાને એક દેવવાદનો ખ્યાલ ઉદય પામતો હોય એવું અનુભવાય છે. ખાસ કરીને ઋગ્વેદના ત્રીજા મંડળમાં रूपं रूपं मधवा बोभबीर्ति एकं सद्विप्रा बहुधा वदन्ति,[९] यो देवानां नामधा एक एव[१०] જેવાં વિધાનો પ્રાપ્ત થાય છે, જે અતિ પ્રસિદ્ધ છે. આવા વિધાનોમાંથી વૈદિક ઋષિઓનો જાણે એકેશ્વરવાદ પ્રગટ થાય છે. આમ, બહુદેવવાદમાંથી એક-દેવવાદ તરફ જવાની ઋષિઓની વૃત્તિ-પ્રવૃત્તિના દર્શન થાય છે. નિરુકતકાર યાસ્ક પણ વૈદિક દેવવાદની ચર્ચા-વિચારણા કરીને અંતે સ્પષ્ટ કરે છે કે વેદમાં એક જ દેવતાની, એક જ આત્માની વિવિધ રૂપે સ્તુતિ કરવામાં આવે છે.[૧૧] વૈદિક સંહિતાઓમાં રુદ્રની સ્તુતિ કરતાં કેટલાંક સૂકતો પ્રાપ્ત થાય છે. આ વૈદિક રુદ્રદેવ પુરાણકાળમાં શિવ સ્વરૂપે પરિણમે છે એવો સામાન્ય મત નિર્ધારિત થાય છે.

વૈદિક સંહિતાઓમાં ઋષિ, ઇન્દ્ર, અગ્નિ, સૂર્ય ઇત્યાદિનો માનવ-આકાર કલ્પીને તેમને વર્ણવે છે. તેથી આવા વૈદિક દેવ સ્વરૂપે મુખ્યત્વે સગુણ કહી શકાય. જો કે પ્રાચીન વૈદિક સંહિતાઓ તેમ જ પ્રાચીન સૂકતોમાં હજી સગુણ-નિર્ગુણ બ્રહ્મનો ખ્યાલ ઉદય પામ્યો હોય તેવું જણાતું નથી, પરંતુ પ્રાચીનતમ ઋગ્વેદ-સંહિતાના ઉત્તરવર્તી ગણાતા ૧૦માં મંડળમાં 'પુરુષસૂકત', 'નાસદીયસૂકત', 'હિરણ્યગર્ભસૂકત', વગેરેમાં બ્રહ્મનો ખ્યાલ રજૂ થયો છે. એમાં પ્રયુકત પુરુષ, હિરણ્યગર્ભ, અસુર ઇત્યાદિ શબ્દો એક જ પરમ તત્ત્વ કે એક જ બ્રહ્મના વાચક છે. દશમાં મંડળના પુરુષસૂકતમાં વિરાટ પુરુષની કલ્પના રજૂ થઈ છે. સમગ્ર વિશ્વ જેમાંથી સર્જાયું છે એ પરમતત્ત્વ જડ નહીં પણ, सहस्रशीर्षा पुरुषः सहस्राक्षः सहस्रपात् હજાર મસ્તક, નયન અને ચરણવાળો વિરાટ ચેતન પુરુષ છે. તે સમસ્ત વિશ્વમાં વ્યાપીને પણ દશ આંગળ ઉંચો રહે છે. પુરુષ જ બધુ છે. તે જ ભૂત, વર્તમાન અને ભાવિનો નિયામક છે, સર્વનો સ્વામી છે, શાસક છે.[૧૫] વૈદિક ઋષિઓનો પાછળથી અનેક દેવવાદને બદલે બધુ જ ઈશ્વરમય છે, એવા સર્વેશ્વરવાદનો ખ્યાલ બંધાયો હતો. તેનું નિદર્શન આ પુરુષ સૂકત છે. સાંખ્યદર્શન, ભગવદ્ગીતા વગેરેમાં પણ 'પુરુષ'નો વિચાર રજૂ થયો છે. આ વૈદિક 'પુરુષ' ઉત્તરવર્તી વેદાંત-દર્શનમાં 'બ્રહ્મ' તરીકે ઓળખાયો. ઋગ્વેદનાં ૧૦માં મંડળના ૧૨૧માં 'હિરણ્યગર્ભ સૂકત'માં એ પરમતત્ત્વ પુરુષને कः એટલે 'પ્રજાપતિ' કે 'હિરણ્યગર્ભ' રૂપે ઓળખાવીને એનું મહિમાગાન થયું છે. હિરણ્યગર્ભ એટલે સુવર્ણ અંડમાં રહેલું સર્જક તત્વ હિરણ્યગર્ભ સૂકતમાં પ્રજાપતિ કે હિરણ્યગર્ભ

નામે સર્વ-ઐશ્વર્ય સંપન્ન એક સર્વોચ્ચ દેવની કલ્પના રજૂ થઈ છે. ઋગ્વેદના અન્ય સૂકતોમાં સવિતા, સોમ વગેરે દેવોના વિશેષણ તરીકે 'પ્રજાપતિ' શબ્દ પ્રયોજાયો છે, પરંતુ સ્વતંત્ર મહાન દેવ તરીકે 'પ્રજાપતિ'ની માન્યતા સર્વપ્રથમ આ હિરણ્યગર્ભ સૂકતમાં બંધાય છે. પુરાણકાળમાં આ 'પ્રજાપતિ'ને સ્થાને બ્રહ્મા આવે છે. ઋગ્વેદનાં પહેલા મંડળ अस्यवामीयसूक्त ના આરંભિક મંત્રોમાં વિશ્વના રહસ્યાત્મક પ્રશ્નનો ઉત્તર મેળવવા માટે જ્ઞાની ઋષિ દીર્ઘતમસ્‌ની મથામણ પ્રતીકાત્મક શૈલીમાં રજૂ થઈ છે. એક જ પરમ તત્ત્વને વિદ્વાનો વિવિધરૂપે વર્ણવે છે. એવો આ સૂકતનો કેન્દ્રવર્તી વિચાર છે.[૧૩]

નિષ્કર્ષ રૂપે કહી શકાય કે વૈદિક સંહિતાઓમાં સ્પષ્ટ રૂપે સગુણ-નિર્ગુણ બ્રહ્મનો ખ્યાલ નિરુપિત થયો નથી, પરંતુ અન્ય દેવો એક જ પરમ દેવના વિવિધ સ્વરૂપો છે. એવા ખ્યાલમાંથી ઉત્તરવર્તી સાહિત્યમાં સગુણ-નિર્ગુણનો ખ્યાલ પ્રસ્થાપિત થાય છે.

વૈદિક સાહિત્યમાં અંતભાગમાં રચાયેલ ઉપનિષદોમાં મુખ્યત્વે નિર્ગુણ બ્રહ્મનું સ્વરૂપ સવિસ્તર સદષ્ટાંત પ્રસ્તુત થયું છે. વિભિન્ન ઉપનિષદોમાં બ્રહ્મ માટે અસ્થૂલ, અશબ્દ, અસ્પર્શ, અરૂપ, અવ્યય,અદીર્ઘ ઈત્યાદિ વિશેષણો પ્રયોજાયાં છે આમાંથી બ્રહ્મનું અચિંત્ય નિર્ગુણ સ્વરૂપ સ્પષ્ટ થાય છે. કઠોપનિષદમાં યમરાજ નચિકેતાને નિર્ગુણ બ્રહ્મનું સ્વરૂપ સમજાવે છેઃ नेह नानास्ति किंचन । અહીં જગતમાં જુદું જુદું કશું જ નથી, બધું જ એક બ્રહ્મરૂપ છે. બ્રહ્મ તો નિરંજન નિરાકાર છે. તેથી જ તેની ઓળખ કે પ્રાપ્તિ કેવળ તર્ક, બુદ્ધિ કે પ્રવચનથી શકય નથી. नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन । બ્રહ્મ તો अणोरणीयान्महतो महीयान् છે. સમગ્ર વિશ્વમાં એક જ પરમ તત્ત્વ વિલસી રહ્યું છે. વિશ્વમાં દેખાતું નામરૂપાત્મક વૈવિધ્ય વાસ્તવમાં એક જ પરમ ચૈતન્ય કે પરબ્રહ્મનાં વિવિધ સ્ફૂરણો છે. સર્વ ઉપનિષદોનો આવો મુખ્ય સિદ્ધાંત છે. આ સિદ્ધાંતમાંથી સ્પષ્ટ થાય છે કે બ્રહ્મ મૂલતઃ નિર્ગુણ છે, પરંતુ એ નિર્ગુણ બ્રહ્મ તો જગતના વિવિધ પદાર્થો રૂપે સગુણ સ્વરૂપ પામે છે. આ વાતને સ્પષ્ટ કરતાં કઠોપનિષદ્‌કાર કહે છે કે જેમ એક જ અગ્નિ જુદાં-જુદાં રૂપ પ્રગટાવે છે, જેમ એક જ વાયુ ભિન્ન-ભિન્ન રૂપ ધારણ કરે છે, તેમ બધાં પ્રાણીઓમાં રહેલો આત્મા ભિન્ન-ભિન્ન રૂપ ધારણ કરે છે. બધાં પ્રાણીઓમાં રહેલો આત્મા એક જ હોવા છતાં જુદાં-જુદાં રૂપે દેખાય છે. एको वशी सर्वभूतान्तरात्मा एकं रूपं बहुधा यः करोति બ્રહ્મ સર્વવ્યાપી અને સર્વરૂપ છે. તે જગતનું મૂળ કારણ છે. તેમાંથી જ સૃષ્ટિની ઉત્પતિ, સ્થિતિ અને લય થાય છે. આવા આત્માસ્વરૂપ બ્રહ્મને સમજાવવા કઠોપનિષદ્‌કાર અશ્વત્વવૃક્ષનું

રૂપક પ્રયોજે છે. ઉપનિષદોના આવા વિચારોમાંથી પુરાણકાળમાં ઉત્પત્તિ સ્થિતિ અને લય કરનાર બ્રહ્મા,વિષ્ણુ અને મહેશ એ ત્રિદેવોનો ખ્યાલ પ્રસ્થાપિત થાય છે.

તૈત્તિરીયઉપનિષદ્‌માં આત્મા-બ્રહ્મની એકતાનો અદ્વૈત સિદ્ધાંત રજૂ થયો છે. : स यायं प रुषे यासावादित्ये स एकः । અર્થાત્ તેજ આ પુરુષમાં છે અને જે આદિત્યમાં છે તે એક જ છે. આત્મા તો પંચકોશથી અતીત છે, નિર્મળ બ્રહ્મ સ્વરૂપ છે. પંચકોશ વિકારી છે, પરંતુ આત્મા (બ્રહ્મ) વિકાર રહિત છે. મુંડકોપનિષદમાં કહ્યું છે કે અક્ષય બ્રહ્મ વિશ્વનું આદિ કારણ છે. તેમાંથી જ સમગ્ર જડ ચેતન સૃષ્ટિનું સર્જન થાય છે. બ્રહ્મ અખિલ વિશ્વની બહાર અને અંદર સર્વત્ર છે. આ પરમાત્માના જ સર્વભૂતોનો અંતરાત્મા છે. એક જ આત્મા સર્વભૂતોના આત્મા સ્વરૂપ છે. આવા ઉપનિષદ્ વિધાનોમાં નિર્ગુણ-સગુણ બ્રહ્મની એકતા વર્ણવી છે. સૃષ્ટિના અણુએ અણુમાં ધબકતું એ સચ્ચિદાનંદ સ્વરૂપ બ્રહ્મતત્ત્વ અને માનવમાં રહેલ આત્મતત્ત્વ વસ્તુતઃ એક જ છે.- सर्व हि एतद् ब्रह्म, अयमात्मा ब्रह्म [૧૫] કયારેક સગુણ અને કયારેક નિર્ગુણ સ્વરૂપ ધારણ કરનાર બ્રહ્મ-તત્ત્વની ઓળખ કરવી એ અતિ મુશ્કેલ કામ છે, તેથી જ બ્રહ્મતત્ત્વને સમજવા-સમજાવવા માટે ઉપનિષદોના ઋષિઓને અવળવાણી પ્રયોજવી પડે છે.- नेति नेति આ પણ નહીં કે તે પણ નહીં, એમ પણ નહીં, કે તેમ પણ નહીં આવું પણ નહીં તેવું પણ નહીં. બ્રહ્મતત્ત્વ તો સચરાચર વ્યાપી હોઈ અસીમ અને અનંત છે, નિરંજન, નિરાકાર છે. સાકાર વસ્તુ હંમેશ સીમિત અને મર્યાદિત હોય. સીમિત પદાર્થ ઇન્દ્રિયો દ્વારા ગ્રાહ્ય કેવી રીતે બનાવી શકાય? આવું છે કે તેવું છે એમ બ્રહ્મ વિશે કહી શકાય નહીં. તેથી ઉપનિષદ્‌કારોએ એને नेति नेति જેવી નકારાત્મક ભાષાનો પ્રયોગ કરીને સમજાવવાનો પ્રયત્ન કર્યો. બ્રહ્મના સ્વરૂપનું ચોકકસ વર્ણન પૂછવામાં આવતા ઉપનિષદના એક ઋષિ મૌન બેસી રહ્યા. જ્યારે આગ્રહ કરીને પૂછવામાં આવ્યું ત્યારે ટૂંકોને ટચ ઉત્તર આપ્યો કે પરમાત્મા તો મૌન સ્વરૂપ છે. शान्तोऽयं आत्मा । આમ ઉપનિષદ્‌ોનું બ્રહ્મતત્ત્વ મુખ્યત્વે નિર્ગુણ-નિરંજન છે, જેને વર્ણવી શકાય નહીં.

### (ब) વૈષ્ણવધર્મ તેમ જ દર્શનમાં દેવતાતત્ત્વ :-

વૈષ્ણવ ધર્મ તેમ જ ઉત્તરવર્તી દર્શનોનાં દેવતાતત્ત્વનું મૂળ સ્વરૂપ વેદોપનિષદ્‌ો છે. ખાસ કરીને ઉપનિષદોમાં પ્રતિપાદિત નિર્ગુણ-સગુણ બ્રહ્મ સ્વરૂપના આધારે વૈષ્ણવધર્મ-દર્શનનો વિકાસ થયો છે. એના વિભિન્ન સ્વરૂપો અસ્તિત્વમાં આવ્યાં છે.

વૈષ્ણવધર્મ -દર્શનમાં પ્રમુખ દૈવી તત્ત્વો છેઃ વિષ્ણુ, વાસુદેવ, નારાયણ, ગોપાલ-કૃષ્ણ વગેરે. આ સર્વ તત્ત્વોનો ઉદ્ભવ-વિકાસ દર્શનીય છે, કેમ કે આવાં દૈવી તત્ત્વોનું સવિસ્તર નિરૂપણ 'ભાગવતાદિપુરાણો'માં થયું છે.

વેદોત્તરકાળમાં અગ્નિ, સૂર્ય, ચંદ્ર ઈત્યાદિ દેવતાઓને સ્થાને વાસુદેવની ઉપાસના પ્રબળ બનતી ગઈ એવું જણાય છે. વાસુદેવ પૂજા પાણિનિકાલીન છે. પાણિનિ (૪/૩/૯૮) પરના ભાષ્યમાં પતંજલિ સ્પષ્ટ કરે છે કે એ સૂત્રમાં નિર્દિષ્ટ વાસુદેવ પૂજાપાત્ર છે, અર્થાત્ તે ઈશ્વરનું નામ છે. ઈ.સ. પૂર્વેના પ્રાપ્ત કેટલાક અભિલેખોમા સંકર્ષણ અને વાસુદેવનું નામ મળે છે. આ વાસુદેવ વૃષ્ણિવંશી હતાં. તે પૂજ્ય-દિવ્ય વ્યકિત મનાયા છે. આના આધારે કહી શકાય કે ઈ.સ.પૂ. ત્રીજી-ચોથી શતાબ્દિમાં એક એવા ધર્મનો ઉદય થઈ રહ્યો હતો કે જેના કેન્દ્રમાં વાસુદેવ હતા અને એના અનુયાયીઓ ભાગવત કહેવાતા.

ભાગવતધર્મ (વૈષ્ણવ ધર્મ)ની વિચારણામાં મહાભારતના શાંતિપર્વનો નારાયણીય ખંડ નોંધપાત્ર છે, નારદને નર તેમજ નારાયણના દર્શન માટે બદરિકાશ્રમમાં જતા દર્શાવ્યા છે. એમાં નારદ પરમપુરુષની સ્તુતિ કરે છે. પ્રસન્ન થયેલ પરમપુરુષ નારદને વાસુદેવ-ધર્મનો ઉપદેશ આપે છે. વાસુદેવ પરમાત્મા તેમજ સર્વ પ્રાણીઓનો આત્મા છે, તે જ સર્જક છે. સંકર્ષણ વાસુદેવનું એક રૂપ છે. સંકર્ષણથી પ્રદ્યુમ્ન અને પ્રદ્યુમ્નથી અનિરુદ્ધ ઉત્પન્ન થયા છે. આપ, નારાયણ સ્વયં નારદ સમક્ષ પ્રગટ થઈને વાસુદેવ તેમ જ તેમના ત્રણ વ્યૂહોનો ઉપદેશ આપે છે. વાસુદેવનાં ભાવિ અવતારોનો પણ ત્યાં ઉલ્લેખ છે. એમાં વાસુદેવ કૃષ્ણનો પણ નિર્દેશ થયો છે. નારાયણ પોતાને ચાર વ્યૂહોવાળા વાસુદેવથી અભિન્ન પણ બતાવે છે. અંતે ત્યાં સ્પષ્ટ કર્યું છે કે આ ધર્મ સાત્ત્વતોનો છે. આમ, આ સંપ્રદાય સાત્ત્વતોની જાતિ સાથે સંબંધ થયો છે. સાત્વત વૃષ્ણિ જાતિનું બીજુ નામ છે. આ સાત્ત્વતો પરપુરુષ રૂપે વાસુદેવની પૂજા કરતા હતા. ભગવદ્ગીતા(૧૦૩૭)માં ભગવાન સ્વયં કહે છે કે તે વૃષ્ણિઓમાં વાસુદેવ છે.

ઋગ્વેદ(૧૦.૮૨.૫૬)માં જળને ધારણ કરનાર ગર્ભનો નિર્દેશ છે. આમાંથી નારાયણનો ખ્યાલ ઉદય પામે છે. ઉત્તરકાલીન બ્રાહ્મણ તેમ જ આરણ્યક ગ્રંથોમાં એ ખ્યાલ વિકસે છે. તથા ઉત્તર બ્રાહ્મણકાળમાં પરમ પુરુષરૂપે વિકસિત નારાયણ વસ્તુતઃ વાસુદેવના પૂર્વવર્તી હતા તથા મહાકાવ્યકાળમાં જ્યારે વાસુદેવની પૂજાનો ઉદય થયો ત્યારે નારાયણની સાથે વાસુદેવનું તાદાત્મ્ય

કરાયું.[૧૬] નારાયણ તેમ જ વાસુદેવનું આ તાદાત્મ્ય છે, જે નારાયણીય ખંડનો સાર છે. નારાયણીયના પ્રથમ અધ્યાયમાં કહ્યુ છે કે વિશ્વાત્મા નારાયણ ચાર મૂર્તિઓ સાથે ધર્મના આત્મ જ થયા. ચાર મૂર્તિઓ કે ચાર-પુત્ર નર, નારાયણ, હરિ તેમજ કૃષ્ણ છે. મહાભારતના રચના સમયે આમાંથી નર અને નારાયણ અધિક પ્રસિદ્ધ હતા. નર અને નારાયણનું અર્જુન તેમ જ વાસુદેવ સાથે તાદાત્મ્ય કરાયું છે.[૧૭]

ઉત્તરવર્તીકાળમાં વિષ્ણુ સાથે વાસુદેવનું તાદાત્મ્ય સધાય છે. વિષ્ણુ વૈદિક દેવ છે. ઋગ્વેદ ૧.૧૫૫, ૧.૨૨ વગેરે કેટલાંક સૂક્તોમાં વિષ્ણુની સ્તુતિ મળે છે. ઋગ્વેદમાં વિષ્ણુનું સ્થાન ગૌણ છે, પરંતુ બ્રાહ્મણયુગમાં તેમણે સર્વોચ્ચ દેવનું સ્થાન પ્રાપ્ત કર્યું છે.[૧૮] શતપથ બ્રાહ્મણ(૧૪.૧.૧)ની કથામાં વિષ્ણુને દેવોમાં શ્રેષ્ઠ માન્યા છે. પૌરાણિક યુગમાં તો આ દેવ વિષ્ણુ સર્વોચ્ચ પરમાત્માની કક્ષાએ પહોંચ્યા અને તેમની સાથે વાસુદેવનું તાદાત્મ્ય સ્થાપવામાં આવ્યું. મહાભારત વિષ્ણુપર્વના અ.૬૫ અને અ.૬૬માં પણ પરમાત્માને નારાયણ તેમજ વિષ્ણુ કહ્યા છે તેમ જ વાસુદેવ સાથે તેમનું એકત્વ સિદ્ધ કરવામાં આવ્યું છે.

પૌરાણિક કાળમાં વાસુદેવ મત પ્રબળ ન રહ્યો. એ કાળમાં ધાર્મિક ચિંતનની ત્રણ ધારાઓ પરસ્પર મળીને એક થઈ ગઈ. પહેલી તેનાં મૂળમાં વૈદિક વિષ્ણુ હતા. બીજી-વિરાટ નારાયણથી નીકળી તથા ત્રીજી-જે ઐતિહાસિક દેવ વાસુદેવથી ઉદ્ભવ્યો. આ રીતે ઉત્તરકાલીન વૈષ્ણવમતનું નિર્માણ થયું. આ સિવાયની એક ચોથી ધારા ગોપાલકૃષ્ણની છે, જેણે ઉત્તરકાલીન વૈષ્ણવ સંપ્રદાયમાં પ્રધાનતા પ્રાપ્ત કરી લીધી.[૧૯]

વાયુપુરાણ(અ.૯૮), ભાગવતપુરાણ(૨.૭) વગેરે પુરાણોમાં ગોકુળના રાક્ષસો તેમ જ કંસના નાશ માટે કૃષ્ણના અવતારનું વર્ણન છે. આ પુરાણો જ્યારે લખાયા હતાં ત્યાં સુધી ગોકુલના કૃષ્ણની કથા પ્રચલિત થઈ ગઈ હશે. તથા વાસુદેવ સાથે કૃષ્ણનું તાદાત્મ્ય થયું હશે.[૨૦] ગોવિંદ એવું નામ ગીતા, મહાભારત વગેરેમાં મળે છે. મહાભારત વગેરેમાં ગોવિંદ શબ્દની વ્યુત્પત્તિઓ પ્રાપ્ત થાય છે. કૃષ્ણ એટલા માટે ગોવિંદ કહેવાયા કે તેમણે વરાહરૂપે પૃથ્વીને (गाम्)જળમાં મેળવી હતી (विन्दति) 'ગાયનું પાલન કરનાર' એવો અર્થ પણ ગોવિંદનો થાય છે. હરિવંશમાં ગોપાલક જાતિનો ઉલ્લેખ છે. આ ગોપાલકોની વચ્ચે બળદેવ અને કૃષ્ણ રહેતા હતા.

ઈ.સ. પૂર્વે ૩જી સદીની આસપાસ પાંચરાત્ર કે ભાગવતમતનો વિકાસ થયો. રામાનુજાચાર્ય તેમ જ માધ્વાચાર્યના અર્વાચીન વૈષ્ણવ મતોએ પ્રાચીન ભાગવતના સિદ્ધાંતોને માન્યતા આપી. ભાગવતમતના આધારગ્રંથ પાંચરાત્ર સંહિતાઓ છે. સાત્વત સંહિતામાં નારાયણને પરમાત્મા કહ્યા છે. પાંચરાત્ર સંહિતાઓમાં વિષ્ણુના ચાર વ્યૂહ દર્શાવ્યા છે, વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ, પાંચરાત્રમાં ચતુર્મૂર્તિ પરમેશ્વર વાસુદેવની પૂજાની પાંચ પદ્ધતિઓ છે. ૧. અભિગમન મન, વચન અને શરીરને ભગવાન પર કેન્દ્રિત કરીને મંદિરમાં જવું ૨. ઉપાદાન- પૂજા સામગ્રી એકત્રિત કરવી ૩. ઈજ્યા- પૂજા ૪. સ્વાધ્યાયમંત્રોનો જાપ કરવો તથા ૫. યોગ-સમાધિ. નારદ પાંચરાત્ર ગ્રંથમાં કૃષ્ણનું યશોગાન, કૃષ્ણની પૂજાવિધિ, કૃષ્ણનો બાલ્યકાળ તથા ગોકુળમાં તેમના દ્વારા કરાયેલી વિભિન્ન લીલાઓ, કૃષ્ણ દ્વારા ગોપી-વસ્ત્રાહરણ વગેરેનું નિરૂપણ થયું છે. એમાં વિષ્ણુભકિતના છ પ્રકાર બતાવ્યા છે. સ્મરણ, કીર્તન, પ્રણામ, ચરણસેવન, પૂજન, અને આત્મનિવેદન. એમાં કૃષ્ણ-પ્રેમિકા રાધાનું સર્વોત્તમ નારી રૂપે વર્ણન છે. ઈશ્વર બે રૂપે વિભકત થયો. એમનું એક સ્વરૂપ રાધા થયું એવો ઉલ્લેખ પણ નારદ પાંચરાત્ર (૨/૩/૨૪)માં થયો છે. આ રીતે રાધાની સર્વોચ્ચ દેવીશકિતરૂપે પ્રસ્થાપના આ સંહિતામાં થઈ છે. રામાનુજ તેમજ માધ્વાચાર્યના સંપ્રદાયોમાં ખાસ કરીને પાંચરાત્ર કે ભાગવત મતનો વિસ્તાર થયો છે.

રામને વિષ્ણુના અવતાર મનવામાં આવ્યા રામનુ અવતારી સ્વરૂપ કયારે પ્રતિષ્ઠિત થયું એનો નિર્ણય થઈ શકતો નથી. પુરાણોમાં રામાવતારની કથાઓ પ્રાપ્ત થાય છે. પુરાણકથાઓ વગેરેને આધારે સમજાય છે કે વિષ્ણુના અવતાર રામની ઉપાસના લગભગ ૧૧મી સદીની આસપાસ અસ્તિત્ત્વમાં આવી હશે. હેમાદ્રિ વગેરેએ પોતાના ગ્રંથોમાં કામપૂજનની વિધિઓ દર્શાવી છે. એનાથી સમજાય છે કે અવતાર રૂપે રામની પૂજા લાંબાકાળથી પ્રચલિત રહી હશે. અધ્યાત્મ રામાયણમાં આરંભથી અંત સુધી રામના દેવત્ત્વનું પ્રતિપાદન છે.

દક્ષિણભારતમાં વાસુદેવ ઉપાસના કે વૈષ્ણવધર્મના સર્વપ્રથમ પ્રચારકો બાર-આલવાર સંતો છે. તેમણે તામિલભાષામાં પ્રબંધ રચના કરીને વૈષ્ણવધર્મને લોકપ્રિય બનાવ્યો. આલવાર સંતોને અનુસરીને રામાનુજે ખાસ કરીને બ્રહ્મસૂત્ર તેમ જ ભગવદ્‌ગીતા પર ભાષ્યો રચીને વૈષ્ણવધર્મનો ભકિત-સિદ્ધાંત દઢ કર્યો. તેમણે વિષ્ણુસ્વરૂપ પરબ્રહ્મને કેન્દ્રમાં રાખીને પ્રમુખ ત્રણ

દાર્શનિક તત્ત્વોનું પ્રતિપાદન કર્યું. ચિત્ (જીવ કે જીવાત્મા), અચિત્ (જડ,જગત) તથા ઈશ્વર (પરમાત્મા), ઈશ્વરના પાંચ સ્વરૂપો છેઃ પર, વ્યૂહ, વિભવ, અંતર્યામી અને અર્ચા. રામાનુજ સંપ્રદાયે લક્ષ્મી અને વિષ્ણુની અભિન્નતા દર્શાવીને યુગલોપાસાના પણ પ્રવર્તિત કરી.

૧૧મી સદી પછીના વૈષ્ણવ આચાર્યોનું પ્રમુખ લક્ષ્ય માયાવાદ કે જગતના મિથ્યાત્વનું ખંડન કરીને ભકિત-સિદ્ધાંત પ્રતિષ્ઠિત કરવાનો હતો. રામાનુજે પોતાના વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત દ્વારા આ પ્રતિપાદિત કર્યું. રામાનુજની જેમ મધ્વાચાર્યે પણ બ્રહ્મસૂત્રનું ભાષ્ય લખીને કેટલાંક વૈષ્ણવ સિદ્ધાંતો પોતાની રીતે સમજાવ્યા. રામાનુજ અને મધ્વાચાર્યનાં સિદ્ધાંતોમાં ખાસ ભેદ નથી. પ્રમુખ ભેદ એ છે કે રામાનુજે વિશિષ્ટાદ્વૈત પ્રવર્તિત કર્યો અને મધ્વાચાર્યે દ્વૈતવાદ ૧૧મી સદી ૧૩મી સદીનાં મધ્યભાગ સુધી દક્ષિણ ભારતમાં આ રીતે રામાનુજ તેમ જ મધ્વાચાર્યે વૈષ્ણવધર્મનું ઉત્તરવર્તી દાર્શનિક સ્વરૂપ પ્રતિષ્ઠિત કર્યું. ભકિતની આ દઢ ભાવના તેમજ માયાવાદનાં ખંડનનો પ્રભાવ ઉત્તરભારતમાં પ્રસર્યો. ઉત્તરભારતમાં ખાસ કરીને નિમ્બાર્કાચાર્ય, ચૈતન્ય વગેરે આચાર્યો એ વૈષ્ણવધર્મનો પ્રચાર કર્યો.

નિમ્બાર્કે ખાસ કરીને કૃષ્ણ તથા તેમની પ્રિયા રાધાને પ્રધાનતા આપી, જ્યારે ચૈતન્યે કૃષ્ણ કીર્તન ભકિતનો પ્રચાર કર્યો. વલ્લભાચાર્યે પણ ગોકુળના કૃષ્ણને કેન્દ્રમાં રાખીને શ્રીકૃષ્ણની પરબ્રહ્મ રૂપે સ્થાપના કરી, પૃષ્ટિમાર્ગનો પ્રચાર કર્યો.

### (क) વૈષ્ણવ પુરાણોનાં સ્તોત્રોમાં સગુણ-નિર્ગુણ બ્રહ્મનું નિરૂપણઃ-

વૈષ્ણવ પુરાણોના સ્તોત્રોના પૂર્વવર્તી વાસુદેવ મત કે વૈષ્ણવ સંપ્રદાયોની સર્વ પ્રકારની વિચારધારાઓનો જાણે સમન્વય થાય છે. પરિણામે આવાં સ્તુતિ-સ્તોત્રોમાં પણ વિષ્ણુ, નારાયણ, વાસુદેવ, ગોપાલ-કૃષ્ણ વગેરે નામે દેવતા-તત્ત્વનું સ્તવન થયું છે.

### (ड) ત્રિમૂર્તિ (બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ)ની એકતા :-

પૌરાણિક યુગમાં વૈદિક દેવતાઓને સ્થાને ત્રિદેવ (બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ) પ્રતિષ્ઠિત થાય છે. આ ત્રણ દેવોને કેન્દ્રમાં રાખીને વિભિન્ન પુરાણોની રચના થઈ. મોટાભાગના પુરાણોમાં આ ત્રણમાંથી કોઈ એક દેવનું પ્રાધાન્ય રજૂ થવા છતાં પુરાણકાર ત્રણેય દેવો એક જ પરબ્રહ્મનાં સ્વરૂપો છે એવી સ્પષ્ટતા સાથે ત્રણેય દેવોનું એકત્વ સિદ્ધ કરે છે. વૈષ્ણવ પુરાણકારો પણ ત્રિમૂર્તિની

એકરૂપતા પોતાનાં સ્તુતિ-સ્તોત્રોમાં અનેક સ્થળે દર્શાવે છે.

પદ્મપુરાણના ભૂમિખંડ, અ.૭૧માં શિવ-વિષ્ણુમાં અભેદનું પ્રતિપાદન થયું છે. શિવનું હૃદય વિષ્ણુ છે અને વિષ્ણુનું હૃદય શિવ છે. બ્રહ્મા, વિષ્ણુ અને શિવ એ ત્રણે એક સ્વરૂપ જ છે.[૨૧] શિવપુરાણની રુદ્રસંહિતાના સૃષ્ટિખંડમાં વિવિધ દૃષ્ટાન્તો દ્વારા, શિવ, વિષ્ણુ અને બ્રહ્માની એકતાનું નિરૂપણ થયું છે. કૂર્મપુરાણની ઈશ્વરગીતાના અધ્યાય-૧૧માં શિવ અને નારાયણની એકતા દર્શાવી છે. એમાં કહ્યું છે કે નારાયણ અને શિવ એક જ છે, એમનામાં કોઈ અંતર નથી નારદીયપુરાણ (૧.૬.૪૪-૫૧)માં કહ્યું છે કે જે મનુષ્ય હરિ-શંકર અને બ્રહ્મમાં ભેદ રાખે છે તે ઘોરનરકને પામે છે. વરાહપુરાણ (૭૦/૪૦-૪૭)માં પણ જણાવ્યું છે કે બ્રહ્મા, શિવ અને મહેશ એ ત્રિદેવ એક જ ભગવાનની ત્રણ વિભૂતિઓ છે. કોઈ એકની ઉપાસના ત્રણે ભાવોની ઉપાસના થઈ જાય છે. આમ, પુરાણકારોનો ધાર્મિક સહિષ્ણુતા અને ઉદારતાનો દૃષ્ટિકોણ સ્પષ્ટ થાય છે.

વિષ્ણુપુરાણની કૃષ્ણકૃત શંકરસ્તુતિમાં કૃષ્ણ શંકરને કહે છે. આપ સારી રીતે સમજી લો કે જે હું છુ તે આપ છો. જે લોકોનું ચિત્ત અવિદ્યાથી મોહિત છે તે ભિન્નદર્શી પુરુષ જ આપણા બંનેમાં ભેદ જૂએ છે અને બતાવે છે.[૨૨] વસ્તુતઃ શિવ-વિષ્ણુમાં પારમાર્થિક 6દષ્ટિએ કોઈ ભેદ નથી. પરંતુ અવિદ્યાના કારણે જીવાત્મામાં આવી ભેદ-દૃષ્ટિ ઉભી થાય છે.

'નારદપુરાણ'નું પણ એક આકર્ષક તત્ત્વ શિવ અને વિષ્ણુના અભેદ તત્ત્વ પ્રતિષ્ઠાનું છે. શિવ અને વિષ્ણુમાં જે અભેદ બુદ્ધિ રાખે તે જ સાચો ભાગવત કે વૈષ્ણવ છે, અન્ય નહીં.[૨૩] વળી કહ્યુ છે કે તે જ, એક જ ભગવાન, શિવભકતો માટે 'શિવ' અને વિષ્ણુ ભકતો માટે 'વિષ્ણુ' છે.[૨૪]

### (इ) ભાગવત'નાં સ્તોત્રોમાં સગુણ-નિર્ગુણ બ્રહ્મ :-

પ્રત્યેક પુરાણમાં મોટે ભાગે ઉપનિષદોને આધારે બ્રહ્મનું કે તેમની ત્રિમૂર્તિઓ પૈકી પ્રત્યેક મૂર્તિનું સગુણ-નિર્ગુણ સ્વરૂપ વર્ણવ્યું છે. ભાગવતના સર્વ સ્તોત્રોમાં સાંખ્ય, યોગ વગેરે દર્શનોનો અદ્વૈતવાદમાં અપૂર્વ સમન્વય સાધી મુખ્યત્ત્વે યશોદાનંદ શ્રીકૃષ્ણની પરબ્રહ્મ તરીકે પ્રતિષ્ઠા થઈ છે. જીવ-જગત-જગદીશ આ તત્ત્વત્રિતયના યથાર્થ સ્વરૂપને ઓળખવા માટે ઉપનિષદો, બ્રહ્મસૂત્ર અને ભગવદ્‌ગીતા એ ત્રણ પ્રસ્થાનો ગણાય છે. શ્રી વલ્લભાચાર્યે શ્રીમદ્‌ભાગવતને વેદવ્યાસની

સમાધિભાષા તરીકે ઓળખાવી એની પ્રસ્થાન તરીકે પ્રતિષ્ઠા કરી છે.[૨૫]

ભાગવતના સર્વ સ્તોત્રોમાં આરાધ્ય દેવ વિષ્ણુ તેમજ તેમના કૃષ્ણાદિ અવતારોના માધ્યમથી પરબ્રહ્મ-પરમાત્માનુ ઉપનિષદશૈલીમાં નિરૂપણ થયું છે. સર્વ સ્તુતિઓનો એકમાત્ર પ્રતિપાદ્ય વિષય અનન્ત, સચ્ચિદાનંદ સ્વરૂપ, નિર્વિકાર અને નિરંજન પરબ્રહ્મ છે. સામાન્યતઃ પ્રત્યેક સ્તુતિમાં પરબ્રહ્મના બંને સ્વરૂપો સગુણ અને નિર્ગુણ પ્રતિપાદન થયું છે. નિર્ગુણ બ્રહ્મ જ સગુણ સ્વરૂપે સ્તોત્રકાર સમક્ષ જાણે ઉપસ્થિત થાય છે.

ભાગવતમાં વર્ણિત આશ્રય તત્ત્વ જ બ્રહ્મ છે. એમાં શ્રીકૃષ્ણ કે વિષ્ણુ વગેરે આરાધ્ય દેવો અને બ્રહ્મમાં એકતા સિદ્ધ કરાઈ છે. નિર્ગુણ બ્રહ્મતત્વને જ નારાયણ, વાસુદેવ, કૃષ્ણ વગેરે નામો અપાયા છે.[૨૬] પરમાત્મા જગતનું ઉપાદાન અને નિમિત કારણ બંને છે. તે સર્વવ્યાપક અને વાણી-મનથી અગોચર-અગમ્ય છે. તે સર્વનું કારણ વિકારહીન, વિશેષણરહિત, અનિર્વચનીય જ્યોતિ સ્વરૂપ છે. વ્યકત અને અવ્યકત સંપૂર્ણ જગત વિષ્ણુરુપી પરબ્રહ્મનું સ્વરૂપ છે.[૨૭] તેઓ સર્વ શકિતમાન, સર્વવ્યાપક, અવિનાશી અને સર્વના સાક્ષી છે, એમ શુકકૃત સ્તુતિમાં કહ્યું છે.[૨૮] જ્વર ભગવાન કૃષ્ણને શ્રુતિપ્રતિપાદિત બ્રહ્મ કહે છે.[૨૯] જેમ એક જ અગ્નિ સર્વ લાકડામાં વ્યાપ્ત રહે છે તે જ રીતે વિષ્ણુ-કૃષ્ણ જ સર્વ પ્રાણીઓના આત્મા છે. તે સૌનું અધિષ્ઠાન છે, પરંતુ સ્વયં અધિષ્ઠારહિત છે. તેઓ વિશુદ્ધ વિજ્ઞાનઘન, પરમાનંદ  સ્વરૂપ, અખંડ, એકરસ અને સચ્ચિદાનંદ સ્વરૂપ છે એમ નારદજી પોતાની સ્તુતિમાં કહે છે.[૩૦]

કુન્તી પોતાની સ્તુતિમાં ભગવાનને ઇન્દ્રિયો અને પ્રકૃત્તિથી પર આદિપુરુષ બતાવે છે.[૩૧] તેની દષ્ટિએ પરમાત્મા તો અનાદિ, અનંત, સર્વવ્યાપક, નિયન્તા અને કાલરૂપ છે.[૩૨]

ગજેન્દ્ર પોતાની સ્તુતિમાં કહે છે ! ભગવાનમાં  આ સંસાર સ્થિત છે, તેમની સત્તાથી સંસાર પ્રતીત થાય છે, તે જ એમાં વ્યાપ્ત છે. આ બધુ હોવા છતાં તેઓ આ સંસાર અને તેના કારણ પ્રકૃતિથી સર્વથા પર છે.[૩૩] વળી, અહી ઉપનિષદોના नेति नेति ની જેમ કહેવાયું છે કે જે કાંઈ બચે છે, તે પરમાત્માનું સ્વરૂપ છે.[૩૪] વળી, આ સ્તુતિમાં કહ્યું છે કે પરમાત્મા જ સર્વસાક્ષી અને પુરુષ તેમજ પ્રકૃતિ પણ સ્વયં છે[૩૫] અને સાંખ્યોના પુરુષ-પ્રકૃતિનો અદ્વૈતભાવ દર્શાવ્યો છે. પરમાત્મા અનોખું કારણ છે. તેઓ સર્વના મૂળ કારણ છે, તેમનું કોઈ કારણ નથી તથા કારણ હોવા છતાં પણ તેમનામાં વિકાર કે પરિણામ થતા નથી[૩૬] ભાગવતકાર અહીં અવિકૃત-પરિણામવાદ નિર્દેશે છે.

બ્રહ્માની સ્તુતિમાં વિગતે સ્પષ્ટ કરવામાં આવ્યું કે આ ચરાચર જગતના સર્વ પદાર્થો પરમાત્માના અંગોપાંગોમાંથી ઉત્પન્ન થયા છે. પરમાત્મા તો વિરાટપુરુષ છે. એમના મુખમાંથી બ્રાહ્મણ અને વેદ, ભૂજામાંથી ક્ષત્રિય અને બળ, જંઘાઓમાંથી વૈશ્ય અને તેમની વૃત્તિ તથા ચરણથી વેદબાહ્ય શૂદ્ર અને તેમની સેવાવૃત્તિ પ્રગટ થયાં છે.[૩૭] વેદના 'પરુષસૂકત'નો અહીં પ્રભાવ વર્તાય છે. પરમાત્મા તો ત્રણેય કાળથી પર એકરસ છે, જેમની લીલાઓનું રહસ્ય તર્ક-વિતર્કથી પર છે, જે સ્વયં ગુણોથી પર રહેવા છતાં સર્વ ગુણોના સ્વામી છે [૩૮] અહીં નિર્ગુણ-સગુણનો સમન્વય થયો છે.

શંકર પણ શ્રીકૃષ્ણને પરમજ્યોતિ સ્વરૂપ પરબ્રહ્મ માને છે.[૩૯] શંકર પોતાની સ્તુતિમાં શ્રીકૃષ્ણને સજાતીય-વિજાતીય-સ્વગતાદિ ભેદરહિત અદ્વૈત બ્રહ્મ પ્રતિપાદિત કરે છે. તે સ્વયંપ્રકાશ છે.[૪૦] આમ, છતાં તે માયાથી વિવિધ રૂપો ધારણ કરે છે. અહીં નિર્ગુણ પણ સગુણ સ્વરૂપ ધારણ કરે છે એ સ્પષ્ટ કરાયું છે. શ્રુતદેવની સ્તુતિમાં પણ સ્પષ્ટ કરાયું છે કે કૃષ્ણ તો વ્યકત-અવ્યકતરૂપ પ્રકૃતિ અને જીવોથી પર પુરુષોતમ છે. વેદસ્તુતિમાં પણ નેતિ નેતિ દ્વારા શ્રીકૃષ્ણનો જ બોધ થાય છે એવું પ્રતિપાદન કરાયું છે.[૪૧] શ્રીકૃષ્ણ તો જ્ઞાન સ્વરૂપ છે, એમનામાં કોઈ ભેદભાવ નથી.

દેવોની ભગવત્સ્તુતિમાં કહ્યું છેઃ પ્રભુ તો જગતની ઉત્પતિ, સ્થિતિ અને પ્રલયનું પરમ કારણ છે તેઓ પ્રકૃતિ, પુરુષ અને મહતતત્ત્વનું નિયંત્રણ કરનાર કાળ છે. તેમની ગતિ અબાધ અને ગંભીર છે. તે સ્વયં પુરુષોત્તમ છે.[૪૨]

ઉદ્ધવની સ્તુતિમાં પણ કહેવાયું છે 'શ્રીકૃષ્ણ તો સ્વયં પરબ્રહ્મ છે. તે આદિ-અંત-રહિત છે તે આવરણ-રહિત અદ્વિતીય તત્ત્વ છે. ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયનું કારણ પણ તે જ છે.'[૪૩] આમ, 'ભાગવત'ની અનેક સ્તુતિઓમાં નિર્ગુણ બ્રહ્મનું સ્વરૂપ ખાસ કરીને ઉપનિષદોનો આધાર લઈ સ્પષ્ટ કરાયું છે,

ભાગવતકારની દષ્ટિએ નિર્ગુણ બ્રહ્મ સગુણ-સાકાર સ્વરૂપે ધરતીલોક પર અવતરણ કરે છે.

કુન્તી પોતાની સ્તુતિમાં સ્પષ્ટ કરે છે કે પરમાત્મા મૂલતઃ નિર્ગુણ હોવા છતાં જીવન્મુકત પરમહંસોના હ્દયમાં પ્રેમમયી ભકિતનું સૃજન કરવા અવતીર્ણ થાય છે.[૪૪] શ્રીકૃષ્ણનું સગુણ સ્વરૂપ ધારણ કરી તે વિવિધ બાળલીલાઓ કરે છે અને વિભિન્ન શત્રુઓથી કુન્તી જેવા ભકતોની તે રક્ષા કરે છે.[૪૫]

ભીષ્મની કૃષ્ણ-સ્તુતિમાં કહેવાયુ છે કે પરમાત્મા સદૈવ પોતાના આનંદમય

સ્વરૂપમાં સ્થિત હોવા છતાં વિહારલીલા કરવા સ્વેચ્છાએ પ્રકૃતિને સ્વીકારે છે.[૪૬] શરીર, પીતામ્બર, કેશ, મુખ ઇત્યાદિ અંગો વસ્ત્રાભૂષણોનું વર્ણન કરીને ભીષ્મ શ્રીકૃષ્ણનું સગુણ સ્વરૂપ આલેખે છે.[૪૭] સગુણ સ્વરૂપે કુરુક્ષેત્રના મેદાનમાં પરબ્રહ્મ છે. શ્રીકૃષ્ણ પાંડવોની સહાય કરે છે.[૪૮] ભીષ્મની દૃષ્ટિએ શ્રીકૃષ્ણ તો એક જ પરબ્રહ્મ છે, પરંતુ જેમ એક જ સૂર્ય અનેક આંખોથી અનેક રૂપોમાં દેખાય છે. તે જ રીતે અજન્મા ભગવાન શ્રીકૃષ્ણ પોતાના જ દ્વારા રચિત અનેક શરીરધારીઓના હૃદયમાં અનેક રૂપે દેખાય છે. વસ્તુત તો તેઓ એક જ છે.[૪૯] સત્પુરુષો પર કૃપા કરવા પરમાત્મા અનેક સેંકડો અવતારો રૂપે પ્રગટ થાય છે, એમ બ્રહ્મ કહે છે.[૫૦]

શુકદેવજી પોતાની સ્તુતિમાં કહે છે કે શ્રીકૃષ્ણ રૂપી પરબ્રહ્મ સંસારની ઉત્પત્તિ, સ્થિતિ અને લીલા કરવા માટે, ત્રિગુણ સ્વીકારીને બ્રહ્મા, વિષ્ણુ અને શંકરનું રૂપ ધારણ કરે છે. આમ છતાં તેઓ સર્વના હૃદયમાં અન્તર્યામી રૂપે રહે છે.[૫૧]

પ્રજાપતિ દક્ષકૃત 'હંસગ્રહ્યસ્તોત્રં' (૬.૪-૨૩-૩૪)માં ભગવાન વિષ્ણુના નિર્ગુણ-સગુણ રૂપની એકતા પ્રતિપાદિત કરવામાં આવી છે. તેમાં કહ્યું છે કે પરમાત્માનું ન કોઈ પ્રાકૃત નામ કે રૂપ છે, પણ ભકતો પર અનુગ્રહ કરવા તે અનેક રૂપો ધારણ કરી લીલાઓ કરે છે.[૫૨]

વિશ્વરૂપના 'નારાયણકવચ' (૬.૮.૧૨-૪૦)માં સશંખચક્રધારી ભગવાન વિષ્ણુનું સાકાર રૂપ વર્ણવાયું છે. એમાં વિષ્ણુના વિભિન્ન અવતારી સ્વરૂપો પાસે રક્ષા-યાચના કરાઈ છે. વિષ્ણુએ ધારણ કરેલ વિભિન્ન શસ્ત્રોની શકિતમત્તાનું પણ એમાં નિરૂપણ થયું છે.

અક્રૂરની સ્તુતિમાં વિરાટ પરમાત્મ સ્વરૂપ શ્રીકૃષ્ણનું ભવ્ય રૂપક પ્રગટ થયું છે. પૃથ્વી, સૂર્ય, ચંદ્ર, આકાશ, દિશાઓ, સ્વર્ગ, સમુદ્ર, વાયુ, વૃક્ષ, પર્વત ઇત્યાદિ સર્વ પદાર્થો પરમાત્માના અંગોપાંગો છે[૫૩] શ્રીકૃષ્ણ પોતાની લીલાથી અનેક રૂપ ધારણ કરે છે.[૫૪]

એક જ બ્રહ્મ વિભિન્ન સગુણ સ્વરૂપે પ્રગટ થાય છે. બ્રહ્મ નિર્ગુણ હોવાથી સગુણ બને છે. પ્રહ્‌લાદ સ્તુતિમાં કહ્યું છે કે- ભગવાન તેમની માયાથી ગુણોના પરિણામ સ્વરૂપ આ જગતની સૃષ્ટિ કરીને તેમાં પહેલેથી જ હોવા છતાં પણ પ્રવેશની લીલા કરે છે, અને તે ગુણોથી યુકત થઈ અનેક માલુમ પડે છે.

આમ, 'ભાગવત'માં પરબ્રહ્મના સગુણ-નિર્ગુણ બંને સ્વરૂપોના વર્ણન સાથે, બંનેનું અદ્વૈત સિદ્ધ કરવામાં આવ્યું છે.

ભાગવતકારની દષ્ટિએ સગુણ-નિર્ગુણમાં વસ્તુતઃ કોઈ ભેદ નથી. તેથી જ બ્રહ્મા પોતાની સ્તુતિમાં નિરૂપે છે, કોઈપણ રૂપ પરમાત્માના આનંદમાત્ર, ભેદરહિત, અખંડ તેજોમય સ્વરૂપથી ભિન્ન નથી. તે તો વિશ્વાતીત હોવા છતાં પણ વિશ્વની રચના કરવા રૂપ ધારણ કરે છે.[૫૬] દક્ષસ્તુતિમાં પણ કહ્યું છે કે પરમાત્મા તો જીવ-જગતના ભેદ અને સ્વગતભેદથી સર્વથા રહિત, એક જ અદ્વિતીય છે[૫૭] દક્ષ સાકાર-નિરાકાર બ્રહ્મની એકતા સિદ્ધ કરે છે. ઉપાસકો કહે છે કે પરમાત્મા હસ્ત-પાદાદિથી યુક્ત સાકાર વિગ્રહ છે અને સાંખ્યવાદી કહે છે કે ભગવાન હસ્ત-પાદાદિ વિગ્રહથી રહિત નિરાકાર છે. આમ, છતાં બંને મતોમાં કોઈ વિરોધ નથી, કેમ કે બંને એક જ પરમવસ્તુમાં સ્થિત છે. આધાર વિના હાથ-પગ વગેરેનો સંભવ નથી અને નિષેધની પણ કોઈને કોઈ અવધિ છે. પરમાત્મા જ આધાર અને નિષેધની અવધિ છે. તેથી તેઓ સાકાર-નિરાકાર બંને અવિરૂદ્ધ સમ છે.[૫૮]

ભૂમિ પોતાની સ્તુતિમાં કહે છે કે ભગવાન વિષ્ણુ સર્વવ્યાપક હોવા છતાં વસુનંદન રૂપે પ્રગટે છે.[૫૯] નારદ કૃષ્ણની સ્તુતિમાં કહે છે કે તે સ્વયં પરબ્રહ્મ છે, તો પણ મનુષ્યોની જેમ લીલા નાટક કરે છે.[૬૦] શ્રુતિઓ સ્તુતિમાં કહે છે : જ્યારે શ્રીકૃષ્ણ પોતાની માયા દ્વારા જગતની રચના કરીને સગુણ થઈ જાય છે અથવા એનો નિષેધ કરીને સ્વરૂપ સ્થિતિની લીલા કરે છે અથવા પોતાનો સચ્ચિદાનંદ સ્વરૂપ શ્રી વિગ્રહ પ્રગટ કરીને ક્રીડા કરે છે, ત્યારે અમે અમારું વર્ણન કરી શકીએ છીએ.[૬૧] વિચારક ભક્તો જેવું વિચારે તેવું સ્વરૂપ પરમાત્મા ધારણ કરે છે.[૬૨]

આમ, 'ભાગવત'માં સગુણ-નિર્ગુણની એકતા સિદ્ધ કરીને 'અદ્વૈત'ની પ્રતિષ્ઠા કરવામાં આવી છે.

## (૬) કૃષ્ણકર્ણામૃતમાં દાર્શનિકતા :-

ચિંતામણિ વેશ્યાએ રાધા-કૃષ્ણનાં રાસ-વિલાસનાં ગીત ગાઈને બિલ્વમંગલનાં હૃદયમાં દિવ્યોન્માદ સ્ફૂરિત કર્યો, તેવી જ રીતે બિલ્વમંગલ ભગવાનના રૂપ, ગુણ અને લીલાઓનું વર્ણન કરીને ભગવાનની પ્રેમાભક્તિને સ્ફૂરણ કરે છે. સચ્ચિદાનંદ ભગવાનની દિવ્ય મધુર રસમયી લીલાઓનું રહસ્ય જાણવાનું સૌભાગ્ય વિરલ ભક્તોને પ્રાપ્ત થાય છે. ભગવાન ચિન્મય છે તેમ તેની લીલાઓ ચિન્મય હોય છે. સચ્ચિદાનંદ-રસમય સામ્રાજ્યના પરમોન્નત સ્તર પર લીલાઓ થાય છે. તેનો યથાર્થ પ્રકાશ તો ભગવાનની સ્વરૂપભૂતા આહ્લાદિની શક્તિ નિત્યનિકુંજેશ્વરી

**શ્રીરાધાજી અને તેના અંગભૂતા પ્રેમમયી ગોપીઓના હૃદયમાં જ થાય છે. દિવ્યોન્માદમાં ભાવવિભોર ભકત આ લીલાઓનું શ્રવણ, વર્ણન અને મનનથી દિવ્ય આનંદ પ્રાપ્ત કરે છે.**

**ભગવાનના ચિન્મય સંકલ્પની ચિન્મય લીલાઓ માનવીય રૂપમાં પ્રગટ કરે છે તે સાંભળીને મનુષ્ય ભગવત્પરાયણ બને છે. જે ધીર પુરુષ વ્રજયુવતિઓ સાથે ભગવાન શ્રીકૃષ્ણના ચિન્મય રાસલીલાનું શ્રદ્ધા સાથે વારંવાર શ્રવણ અને વર્ણન કરે છે તેને ભગવાનના ચરણોમાં પરાભકિતની પ્રાપ્તિ થાય છે. અને ટૂંકા ગાળામાં જ પોતાના હૃદયરોગ-કામવિકારથી છૂટકારો પ્રાપ્ત કરે છે.**

**ભકત કવિ વર્ણન કરે છે કે બંસીની સ્વરલહરી ગોપીઓનાં કાનમાં પહોંચતાં જ તે સુધ-બુધ ભૂલી જાય છે -**

अस्ति स्वस्तरुणीकराग्र विगलत्कल्पप्रसूनाप्लुतं
वस्तु प्रस्तुतवेणुनादलहरी निर्वाण निर्व्याकुलम् ।
स्रस्तस्रस्तनिरुद्धनीविविलसद्गोपीसहस्रावृतम्
हस्तन्यस्ततापवर्गमखिलोदारं किशोराकृति ।। [૬૩]

**મધુર મુરલીવાદનથી સંમોહિત કરનાર નવલકિશોર રાસવિહારીની લીલાઓનો ભાવ ચિત્તમાં પ્રકાશિત થવાની કામના કરે છે -**

तरुणारुणकरुणामर्याविपुलायतनयनं कमलाकुचकलशीभर विपुलीकृतपुलकम् ।
मुरलीरवतरलीकृतमुनिमानसनलिनं मम खेलतु मदचेतसि मधुराधरममृतम् ।।[૬૪]

**મધુર બંસીનો અવાજ કાનમાં પડતા જ ચિત્ત સાંસારિક વિષય-વાસનાઓથી મુકત થઈ જાય છે. અનન્ય ચિત્તથી જે કેવળ શ્રી હરિનું ચિંતન કરે છે. તેનાં સમસ્ત વિઘ્નોને દૂર કરવાનો સંકલ્ય પ્રભુએ લીધેલ છે -**

विश्वोपप्लवशमनैकवद्धदीक्षं विश्वासस्तवकितचेतसां जनानाम् ।
पश्यामप्रतिनवकान्तिकन्दलार्द पश्यामः पथि पथि शैशवं मुरारेः ।।[૬૫]

**ગીતામાં પણ ભગવાન કહે છે -**

अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ।। **(ગી. અ. ૯/૨૨) આદિદેવ**

**પુરુષોત્તમના દર્શન કેવળ સૌભાગ્યશાળી પુણ્યાત્મા જ કરી શકે છે. તે બધાના આકર્ષણનું સ્થાન છે -**

आर्द्रावलोकितधुरा परिणद्धनेत्रमाविष्कृतस्मित सुधामधुराधरोष्ठम् ।

आद्यं पुमासमवतंसितबर्हिबर्हमालोकयन्ति कृतिनः कृतपुण्यपुञ्जाः ।।[66]

**નિઃશ્રેયસની પ્રાપ્તિ ભારતીય તત્ત્વજ્ઞાનનું લક્ષ્ય છે.**

मारः स्वयं नु मधुरद्युतिमण्डलं नु माधुर्यमेव नु मनोनयनामृतं नु ।

वेणीमृजो नु मम जीवितवल्लभो नु बालोऽयमभ्युदयते मम लोचनाय ।।[67]

**જે અતિશય આકર્ષક ગોપવેશ ધારણ કરી નેત્રોને ધન્ય બનાવે છે.[68] દિવ્યોન્માદમાં સૂક્ષ્મ નિરીક્ષણ અને અનુભૂતિ ઉપર આધારિત એક સુંદર પદ્ય છે. મહાભાવમાં ભકત કવિને એક દૂર કાંતિપૂંજ દેખાય છે. સમજાતુ નથી આ કોણ છે ? પછી મધુર સ્વર લહરી સંભળાય છે. દર્શન થાય છે. પ્રેમધારા રસાકત કરે છે. ત્રણેય લોકમાં મનોહર રૂપરાશિનાં દર્શન થાય છે, જે દેવતાઓને પણ દુર્લભ છે –**

तदिदममरवीथीदुर्लभंवल्लभं न स्त्रिभुवनकमनीयं दैवतं जीवितं च ।।[69]

**તે અમૃતમાં જીવનમુકત પરમભકત જ રસનિમગ્ન રહે છે. ત્રિભુવન જ જીવનધારા છે. અનેકાનેક ગોપીઓની સાથે રાસવિહારી યોગેશ્વર રાસ રમે છે, ત્યારે પ્રત્યેક ગોપી સમજે છે કે ભગવાન પોતાની સાથે જ નૃત્ય કરે છે. જે નીલ તેજ પુંજ–સ્વરૂપ ઘનશ્યામ ચપલતાની સીમા છે. વજાઙ્ગનાઓની પ્રેમાનુભૂતિનું પરમ ધ્યેય છે. –**

चापल्यसीम चपलानुभवैकसीमचातुर्यसीम चतुराननशिल्पसीम

सौरभ्यसीम सकलाद्भुतकेलिसीमसौभाग्यसीम तदिदं व्रजभाग्यसीम ।।[70]

**ભકત કવિ ભગવત કૃપા થતાં જ વેણુપથથી દ્રવિત અમૃત ધારામાં અવગાહન કરે છે. તે આનંદના દિવ્યોન્માદમાં પ્રભુની અનન્યભકિતના ફળનો રસાસ્વાદ માણે છે. શ્રીકૃષ્ણની નિત્ય કૃપા અને સૌભાગ્યનો અનુભવ તેમને આત્મવિભોર કરે છે. અદ્‌ભુત તેજપૂંજને નમસ્કાર જે લોકપાલ છતાં ગોપાલન કરે છે. ક્ષીરસાગરમાં શેષશાયી હોવા છતાં વ્રજમાં રાધાના પયોધર પર વિહાર કરે છે –**

तेजसेऽस्तु नमो धेनुपालिने लोकपालिने

राधापयोधरोत्सङ्गशायिने शेषशायिने ।।[71]

**કિશોર–શિરોમણિ સહજ સ્મિતથી સુશોભિત દંતપંકિતવાળા દેવ પોતાની વેણુ વડે મુખથી હૃદયંગમ સ્વરલહરી પ્રસારિત કરે છે.–**

आरादुपैति हृदयङ्गम वेणुनादवेणीमुखेन दशनांशुभरेण देवः ।।[७२]

**સુબોધિની ટીકાનુસાર** '' तत्र दन्तकटाक्षाधरांशुधारा गङ्गायमुनासरस्वत्यो ज्ञेयाः । ''

**જેમનો કોઈ જ આશ્રય નથી તેના આશ્રય સ્થાન એવા શ્રીકૃષ્ણ પગપાળા જ આવે છે–**

अशरणशरणाभ्यामदभुताभ्यां पदाभ्यामयमयमनुकूजद्वेणुरायाति देवः ।[७३]

**જે ગજેન્દ્રની પુકાર સાંભળીને આવ્યા હતા તેમ પધારે છે. તેણે મુનીશ્વરોના મનના તાપનું હરણ કર્યું છે. ગોપીઓના વસ્ત્રહરણ કરીને ચીરલીલા કરી, દેવેન્દ્રના દુઃખનું દમન કરેલ છે, તેમણે જ મારા હૃદયકમળનું હરણ કર્યું છે.[૭૪] પરમ જ્યોતિ સર્વજ્ઞતા અને મનોહરતામાં સર્વશ્રેષ્ઠ છે.–**

सर्वज्ञत्वे च मौग्ध्ये च सार्वभौममिदं महः ।

निर्विशन्नयनं हन्त निर्वाणपदमश्नुते ।[७५]

**ભગવાનની આ સહજ વત્સલતાને ભકત પોતાનું સૌભાગ્ય માને છે. તેમની સર્વજ્ઞતા એવી છે કે ભકતની મનોવાંચ્છા જાણીને તેને અનુરૂપ લીલા કરે છે. ભોળાપણ એટલું છે કે તેમને પરમૈશ્વર્યનું ધ્યાન જ નથી. તે એવી લીલાઓ કરે છે કે અલ્પજ્ઞ લોક તેમનાથી ભ્રમિત થઈ જાય છે.**

अनुग्रहाय भक्तानां मानुषं देहमास्थितः ।

भजते तादृशीः क्रीडा याः श्रुत्वा तत्परो भवेत् ।।

(भा. १०.३३.३६)

**કૃષ્ણચંદ્રની રૂપમાધુરી પ્રતિક્ષણ અધિક દર્શનની ઇચ્છા થાય છે–**

तुष्णाम्बुराशिं द्विगुणीकरोतिकृष्णाह्वयं किन जीवितं मे ।।[७६]

**વસ્તુગત વિલક્ષણતા અને ભાગવત વિલક્ષણતા–રૂપ માધુર્યનું ક્ષણ–ક્ષણ નવીન રૂપ અને રૂપ–તુષ્ણાનો પ્રતિક્ષણ વિસ્તાર બંનેથી ભકિતનો મહાભાવ ઉત્પન્ન થાય છે.**

तदेतदाताम्रविलोचन श्री संभाविताशेषविनम्रगर्वम् ।[७७]

**અહીં 'ગર્વ'નો અર્થ લૌકિક અભિમાન નથી. પરંતુ 'સ્વરૂપાભિમાન' છે. દેહ સંબંધી અહં અભિમાન કહેવાય. ભકત અને ભગવાનના સ્વરૂપ સંબંધ અભિમાન 'સ્વરૂપાભિમાન' કહેવાય છે. સાંસારિક આસકિતઓ પર આધારિત લૌકિક અભિમાન જેટલું નષ્ટ થાય તેટલો મનુષ્ય દ્વન્દ્વાતીત બને. જ્યારે ભગવાનની કૃપા થાય છે તો તે આશ્રિત ભકતના સ્વરૂપ જ્ઞાન અને સ્વરૂપાભિમાનની વૃદ્ધિ કરે છે.**

દેહાધ્યાસથી બંધન અને સ્વરૂપાભિમાનથી મોક્ષ ! પ્રભુભકિતમાં વિનીત પરંતુ સ્વરૂપાભિમાનમાં અભિમાની સાકાર રૂપમાં જે શૃંગાર સર્વસ્વ છે, મોરપીંછનો મુકુટ ધારણ કરેલ છે, પ્રાકૃત-અપ્રાકૃત ભુવનોના પરમ આશ્રય પરબ્રહ્મ જે પોતાની ઈચ્છાથી મનુષ્યદેહ અંગીકાર કર્યો છે તે નરાવતાર પ્રભુનું હું શરણ લઉં છું.[૭૮]

ગીતામાં અર્જુનને ભગવાને વિશ્વરૂપ દર્શન સમયે દિવ્ય દષ્ટિ આપી હતી તેમ ભકત કહે છે કે મારા પ્રયત્નનું ફળ નથી, આપની કૃપાનું ફળ છે. જ્ઞાન દષ્ટિવાળા હજારો ઉપનિષદ્ આજ સુધી કેવળ એક વાર ઉદાહરણ આપવા માટે પણ નથી જોઈ શકયા તેવાં અવર્ણનીય આપ મારા નેત્રો સામે ચિરકાળથી ઊભા છો –

नाद्यापि पश्यति कदापि निदर्शनाय

चिते तथोपनिषदां सुदृशां सहस्रम् ।

स त्वं चिरानयनयोरनयोः पदव्यां

स्वामिन्कया नु कृपया मम सन्निधत्से ।।[૭૯]

ગીતામાં ભગવાનના ઐશ્વર્યને જોઈને અર્જુન આશ્ચર્યચકિત થઈ જાય છે તેમ ભકત ભગવાનનું રૂપ-સૌંદર્ય જોઈને આશ્ચર્યચકિત થાય છે.-

केयं कान्तिः केशव त्वन्मुखेन्दोः कोऽयं वेषः कापि वाचामभूमिः ।

सोऽयं सोऽयं स्वादतामज्जलिस्ते भूयो भूयो भूयशस्त्वां नमामि ।।[૮૦]

કવિ શ્રીકૃષ્ણના સાક્ષાત્કાર, તેમજ સ્વરૂપને મન અને વાણી દ્વારા અગોચર કહે છે–

तव कारुण्य विजृम्भितं कियत् ।[૮૧]

શ્રીકૃષ્ણ તો પરમ મહાઆનંદ રસના આદિસ્રોત છે. તેમના મંદ હાસ્યથી પરમ આનંદની એક અખંડ રસધારા પ્રવાહિત થાય છે. અખંડ અમૃતધારાથી બીજા રસ વિખંડિત થઈ જાય છે.

–अखण्ड निर्वाण रसप्रवाहैर्विखाण्डताशेषरसान्तराणि ।

अयन्त्रितोद्वान्तसुधार्णवानि जयन्ति शीतानि तव स्मितानि ।।[૮૨]

આપનો આશ્રય પામીને અત્યંત ચપળ, સુંદર, મૃદુલ,વાત્સલ્યમયી સ્વલ્પઆયુ ગોપબાળાઓ ચંચળ જીવનને ધન્ય બનાવે છે.-

त्वपि स्थाने याते दधति चपलं जन्म सफलम् ।।[८३]

**ભકત કવિ અનુભવસિંદ્ધ સત્ય કહે છે.-**

यत्सत्यं रमणीयतापरिणतिस्त्वच्चेव पारं गता ।[८४]

**નીલ જ્યોતિપૂંજ ભગવાન શ્રીકૃષ્ણ જ કિશોરાકૃતિ માધુર્યમૂર્તિ છે. તે ગોકુલ-વૃન્દાવનના ભૂષણ છે, ભકતવત્સલ છે.**

तुभ्यं निर्भरहर्षवर्षविवशावेशस्फुटाविभेवद्

भूयøापलभूषितेषु सुकृतां भावेषु निर्भासिने ।

श्रीमद्गोकुलमण्डनाय मनसां वाचां च दूरे स्फूरन्-

माधुर्यैकमहार्णवाय महसे कस्मैचिदस्मै नमः ।।[८५]

**આમ, 'કૃષ્ણકર્ણામૃતમ્'માં ભકત કવિ આત્માનુભૂતિ દ્વારા તત્ત્વનો સાક્ષાત્કાર કરી સનાતન મૂલ્યવાળું તત્ત્વચિંતન આપી જાય છે.**

## પ્રકરણ-૬

**● પાદટીપ :**

૧ न हि मनुष्यात् श्रेष्ठतरम् किञ्चित् । **મહાભારત શાંતિપર્વ**

૨ **જુઓ : યોગસૂત્રઃ ઋતંભરા તત્ર પ્રજ્ઞા**

૩ SOPHIA =**સોફિયા=દિવ્ય પ્રજ્ઞાશકિત, ભગવાનના આશ્રયોને પ્રકટ કરનારી ગ્રીક દેવી.**

૪ **જુઓ : ગીતા નિબંધો : અનુ. અંબુભાઈ પુરાણી.**

૫. **જુઓ : વિવેક અને સાધના, પૃ. ૬૪**

૬ **ભારતીય તત્વજ્ઞાનની રૂપરેખા, પૃ-૨૮**

૭ सा विद्या या विमुक्तये ।

૮ ऋग्वेद ३. ६३-८

૯ ऋग्वेद १. १६४.४६

**૧૦** ऋग्वेद १०. ८२-३

**૧૧** महाभाग्यात् देवताया एक एव आत्मा बहुधा स्तूयते । निरुक्त ४.८-९

**૧૨** पुरूष एवेदं सर्व यद् भूतं यच्च भव्यम् ।

उतामृतत्व स्पेशानो यदन्नेनाति रोहति **ઋ. ૧૦.૯૦.૨**

**૧૩** इदं मित्रं वरुणमग्निमाहुर् अर्थो दिव्यः स सुपर्णो गरुत्मान् ।

एकं सद् विप्रा बहुधा वदन्ति अग्नि यमं मातरिश्वानम् आहुः ।। **ઋ-૧. ૧૬૪.૪૬**

**૧૪** कठोपनिषद् २.३.१

**૧૫** माण्डुक्य. १/२

**૧૬** आर. जी. भाण्डारकरः वैष्णव, शैव और अन्य धार्मिक मत, पृ.३७

**૧૭** आर. जी. भाण्डारकरः वैष्णव, शैव और अन्य धार्मिक मत, पृ.३८

**૧૮** आर. जी. भाण्डारकरः वैष्णव, शैव और अन्य धार्मिक मत, पृ.३८

**૧૯** आर. जी. भाण्डारकरः वैष्णव, शैव और अन्य धार्मिक मत, पृ.४०

२० आर. जी. भाण्डारकरः वैष्णव, शैव और अन्य धार्मिक मत, पृ.५०

२१ शिवस्य हृदयं विष्णुर्विष्णोश्व हृदयं शिवः ।

एकमूर्तिस्त्रयो देवा ब्रह्मविष्णुमहेश्वराः ।। पद्म पु-**२.७१.२१**

२२ अविद्यामोहितात्मानः पुरुषा भिन्नदर्शिनः ।

वदन्ति भेदं पश्यन्ति चावयोरन्तरं हर ।। विष्णुपुराण ५-३३-४९

२३ शिवे च परमेशे च विष्णौ च परमात्मनि ।

समबुद्ध्या प्रवर्तन्ते ते वै भागवताः स्मृताः।। नारदपुराण

२४ शिव स्वरूपी शिवभक्तिभाजां यो विष्णुरुपी हरिभावितानाम् । नारदपुराण ५-१-२५

२५ तत्वार्थदीपनिबन्ध-(श.-प्र.) १-७

२६ भागवद् १.८-२१,२२,२३

२७ भागवद् १.१.१, १२-१३.१४

२८ व्यक्ताव्यक्तमिदं विश्वं रूपं ते ब्राह्मण विदुः । भाग. १०-१०-२९

त्वमेकः सर्वभूतानां देहास्वात्मेन्द्रियेश्वरः।

त्वमेकः कालो भगवान् विष्णुरव्यय ईश्वरः ।। भाग. १०-१०.३०

२९ नमामि त्वानन्तशक्तिं परेशंसर्वात्मानं केवलं ज्ञाप्तिमात्रम् ।

विश्वोत्पत्ति स्थाननिरोध हेतुं यत्तद् ब्रह्म ब्रह्मलिङ्गं प्रशान्तम् ।। भाग. १०-६३-२४

३० त्वमात्मा सर्वभूतानामेको ज्योतिरवैधसाम् ।

गूढो गुहाशयः साक्षी महापुरुष ईश्वरः ।। भाग.-१०-३७-१२

३१ मन्ये त्वां कालमीशानमनादिनिधनं विभूम् ।

समं चरन्तं सर्वत्र भूतानां यन्मिथः कलिः ।। भाग.-१-८-२८

३२ भागवद् -१-८-२८

३३ यस्मिन्निदं यतेदं येनेदं य इदं स्वयम् ।

योऽस्मात् परस्माच्च परस्तं प्रपद्ये स्वयम्भुवम् ।। भाग.८.३.३

३४ भागवद् ८.३.२४

३५ भागवद् ८.३.१३

३६ नमो नमस्तेऽखिलकारणाय निष्कारणायाद्भुतकारणाय ।

सर्वागमाम्नायमहार्जवाय नमोऽपवर्गाय परायणाय ।। भाग.८.३-१४

३७ भागवद् ८.५-४१

३८ नमस्तुभ्यमनन्ताय दुर्वितर्क्यात्यकर्मणे ।

निर्गुणाय गुणेशाय सत्वस्थाय च साम्प्रतम् ।। भाग.८.५-५०

३९ भागवद् १०-६३-३४

४० त्वमेक आद्यः पुरुषोऽद्वितीय स्तूर्यः स्वदृग्धेतुरहेतुरीशः ।

प्रतीयसेऽथापि यथाविकारं स्वमायया सर्वगुणप्रसिद्धयै ।। भाग. १०-६३-३८

४१ भागवद् २०-८७-१७

४२ भागवद् ११-६-१४

४३ भागवद् ११-१६-१

४४ तथा परमहंसानां मुनीनाममलात्मनाम् ।

भक्तियोगविधानार्थं कथं पश्येम हि स्त्रियः ।। भाग.- १-८-२०

४५ भागवद् -१,८,२३,२४,३०,३१

४६ इति मतिरुपकल्पिता वितृष्णा भगवति सात्वतपुङ्गवे विभूम्नि ।

स्वसुखमुपगते क्वचिद्विहर्तुं प्रकृतिमुपेयुषि यद्भवप्रवाहः ।। भाग.-१-९-३२

४७ भागवद् १-९-३३-३४

४८ भागवद् १-९-२०

४९ तमिममहमजं शरीरभाजां हृदि हृदि धिष्ठतमात्मकल्पितानाम् ।

प्रतिदृशमिव नैकधार्कमेकं समधिगतोडस्मि विधृतभेदमोहः ।। भाग. १-९-४२

५० मायागुणव्यतिकराद्यदुरुर्विभासि । भाग.-३-९-१

५१ नमः परस्मै पुरुषाय भूयसे सदुद्भवस्थान निरोध-लीलया ।

गृहीत शक्तित्रितयाय देहिना मन्तर्भवायानुंपलक्ष्यवर्त्मने ।। भाग-२-४-१२

૫૨ योऽनुग्रहार्थं भजतां पादमूलमनामरुपो भगवाननन्तः ।

नामानि रूपाणि च जन्मकर्मभिर्भेजे स मह्यं परमः प्रसीदतु ।। भाग-६-४-३३

૫૩ भागवद् - १०.४-१३,१४

૫૪ भागवद् - १०, ६३ - २७

૫૫ भागवद्- १० . १४- २२

૫૬ नातः परं परंम यद् भवतः स्वरूपमान्दमात्रमविकल्पमविद्यवर्चः ।

पश्यामि विश्वसृजमेकम विश्वमात्मन् भूतेन्द्रियात्मकमदस्त उपाश्रितोऽस्मि ।। भाग-३-९-३

૫૭ भागवद्- ६-४-३०

૫૮ अस्तीति नास्तीति व वस्तुनिष्ठयोरकस्थयोर्भिन्नविरुद्धधर्मयोः ।

अवेक्षितं किञ्चन योगसांख्ययोः समं परं ह्यनुकूलं बृहत्तत ।। भाग-६-४-३२

૫૯ भागवद् २० - ४९ - २७

૬૦ भागवद् १० - ७० - ४०

૬૧ भागवद् १० - ८७ - १४

૬૨ भागवद् ११ - ८ - ४९

૬૩ **કૃષ્ણકર્ણામૃત- આ. ૧ / ૨**

૬૪ **કૃષ્ણકર્ણામૃત- આ. ૧ / ૧૮**

૬૫ **કૃષ્ણકર્ણામૃત- આ. ૧ / ૫૬**

૬૬ **કૃષ્ણકર્ણામૃત- આ. ૧ / ૬૭**

૬૭ **કૃષ્ણકર્ણામૃત- આ. ૧ / ૬૮**

૬૮ बालोऽयमालोलविलोचनेन वक्त्रेण चित्रीकृतदिङ् मुखेन ।

वेषेन घोषोचितभूषणेन मुग्धेन दुग्धे नयनोत्सवं नः ।। **કૃ.૬૯**

૬૯ **કૃષ્ણકર્ણામૃત- આ. ૧ / ૭૨**

૭૦ **કૃષ્ણકર્ણામૃત- આ. ૧ / ૭૪**

૭૧ **કૃષ્ણકર્ણામૃત- આ. ૧ / ૭૬**

૭૨ **કૃષ્ણકર્ણામૃત- આ. ૧ / ૮૦**

૭૩ **કૃષ્ણકર્ણામૃત- આ. ૧ / ૮૧**

૭૪ **કૃષ્ણકર્ણામૃત- આ. ૧ / ૮૨**

૭૫ **કૃષ્ણકર્ણામૃત- આ. ૧ / ૮૩**

૭૬ **કૃષ્ણકર્ણામૃત- આ. ૧ / ૮૪**

૭૭ **કૃષ્ણકર્ણામૃત- આ. ૧ / ૮૫**

૭૮ शृङ्गाररससर्वस्वं शिखिपिच्छाविभूषणम् ।

अङ्गीकृतनराकारमाश्रये भुवनाश्रयम् ।। कृ. आ-१/९३

૭૯ **કૃષ્ણકર્ણામૃત- આ. ૧ / ૯૪**

૮૦ **કૃષ્ણકર્ણામૃત- આ. ૧ / ૯૫**

૮૧ **કૃષ્ણકર્ણામૃત- આ. ૧ / ૯૬**

૮૨ **કૃષ્ણકર્ણામૃત- આ. ૧ / ૯૯**

૮૩ **કૃષ્ણકર્ણામૃત- આ. ૧ / ૧૦૧**

૮૪ **કૃષ્ણકર્ણામૃત- આ. ૧ / ૨૨**

૮૫ **કૃષ્ણકર્ણામૃત- આ. ૧ / ૧૦૯**

# પ્રકરણ-૭

## કૃષ્ણકર્ણામૃતમાં કાવ્ય સ્વરૂપ

(૧) ભાષાત્મકરૂપ :- ગુણ, વૃત્તિ, રીતિ

(अ) ભૂમિકા

- વાઙ્મય અને સાહિત્ય
- સાહિત્ય અને કાવ્ય
- કાવ્ય-ગુણ
- વૃત્તિ
- રીતિ

(ब) 'કૃષ્ણકર્ણામૃતમ્' માં કાવ્ય ગુણ,વૃત્તિ અને રીતિ

- પ્રસાદ અને માધુર્યનું મિશ્રણ

(૨) અલંકાર - નિરૂપણ

(अ) કૃષ્ણકર્ણામૃતમાં અર્થાલંકાર

(ब) કૃષ્ણકર્ણામૃતમ્માં શબ્દાલંકાર

(૩) 'કૃષ્ણકર્ણામૃતમ્'માં રસ-ભાવની અભિવ્યકિત

(૪) 'કૃષ્ણકર્ણામૃતમ્'માં ધ્વનિ અને તેના પ્રકાર

(૫) 'કૃષ્ણકર્ણામૃતમ્'માં છંદોવિધાન

## પ્રકરણ - ૭

## કૃષ્ણકર્ણામૃતમાં કાવ્ય સ્વરૂપ

### (૧) ભાષાત્મકરૂપ :- ગુણ, વૃત્તિ, રીતિ

### (અ) ભૂમિકા :-

**● વાઙ્મય અને સાહિત્ય :-**

વાણીનો સમસ્ત વ્યાપાર વાઙ્મય કહેવાય. વ્યાવહારિક રૂપ જોતાં કથિત વ્યાપારને પૃથક્ કરવો પડે છે. સમસ્ત લિપિબદ્ધ માનવ ચેષ્ટા વાઙ્મય છે, જેને અંગ્રેજીમાં લિટરેચર કહે છે. વાઙ્મય શબ્દ સાહિત્યથી અધિક વ્યાપક છે.

રાજશેખરના મતે વાઙ્મયના બે પ્રકાર છેઃ શાસ્ત્ર અને કાવ્ય. ચૌદ વિદ્યાસ્થાન શાસ્ત્ર છે, પંદરમું વિદ્યાસ્થાન કાવ્ય છે. આ કવિનું ગદ્યપદ્યમય સર્જન છે, જે હિતોપદેશક પણ છે. તે શાસ્ત્રોના જ્ઞાન પર આધારિત છે. ચાર વિદ્યાઓ છેઃ આન્વીક્ષિકી, ત્રયી, વાર્તા અને દંડનીતિ. પાંચમી વિદ્યા, જેમાં આ ચારેયનો સાર છે, સાહિત્ય વિદ્યા છે.[૧]

સરસ્વતી-પુત્ર કાવ્યપુરુષે પોતાનો પરિચય આપીને માતાને જે વંદના કરી એમાં કાવ્યનું સ્વરૂપ પ્રગટ થાય છે.[૨] આ રીતે સમસ્ત સાર્થક વાઙ્મય કાવ્ય છે. કાવ્યપુરુષને વશીભૂત કરવા ગૌરીએ એને સાહિત્યવિદ્યા નામની વધૂ પ્રદાન કરી.[૩] આ પ્રમાણે સાહિત્યવિદ્યામાં શબ્દ અને અર્થ અને અર્થનો સમુચિત માત્રામાં સહભાવ રહે છે.

**● સાહિત્ય અને કાવ્ય :-**

રાજશેખર માને છે કે कवृवर्णे ધાતુમાંથી 'કવિ' શબ્દ નિષ્પન્ન થાય છે. કવિનું કર્મ તે કાવ્ય.[૪] ભામહની દષ્ટિએ શબ્દ અને અર્થ સહિત કાવ્ય હોય છે.[૫] 'સહિત' શબ્દમાંથી જ ભાવવાચક શબ્દ 'સાહિત્ય' બન્યો, ભર્તૃહરિએ કાવ્યના અર્થમાં જ સાહિત્ય શબ્દનો પ્રયોગ કર્યો.[૬] આચાર્ય કુન્તક અને ભોજરાજ પણ આવું જ કહે છે.[૭] આમ, અતિ પ્રાચીન સમયથી શબ્દ અને અર્થનો સહભાવ, સાહચર્ય 'સાહિત્ય' શબ્દમાં નિહિત છે.

આ સાર્થક ગદ્યમયી, પદ્યમયી અથવા ગદ્યપદ્યમયી સર્જના સાહિત્ય છે. શાસ્ત્ર અને કાવ્ય બંને સાહિત્ય છે. શાસ્ત્ર આજે ઉપયોગી સાહિત્ય કહેવાય છે, જે વર્ણનાત્મક, વિવરણાત્મક, વિવેચનાત્મક, વૈજ્ઞાનિક, તર્કસંમત, બુદ્ધિપ્રધાન અને તથ્યાત્મક હોય છે.

લલિત-સાહિત્યને કાવ્ય કહે છે. તે ભાવમય, કલ્પનાત્મક, લાલિત્યપૂર્ણ, અલંકૃત, સરસ અને હૃદયથી નિર્ગત હોય છે. એમાં ઈશ-તત્ત્વનું પોષણ અને સુરાતત્ત્વની માદકતાનું આનુપાતિક મિશ્રણ હોય છે. એમાં કાન્તા-સંમિત ઉપદેશ નિહિત રહે છે અને 'સદ્યઃ પરનિર્વૃતિ' જ એનું મુખ્ય પ્રયોજન છે. પં. જગન્નાથ પણ એવું જ કહે છે.[૮]

જીવનની કોઈ વિશિષ્ટ ક્ષણોમાં તત્ત્વ ઉદ્દીપન બનીને કવિના અંતઃકરણમાં રસોદ્રેક કરે છે. ત્યારે તે સમુચિત પદાવલી અને રસાનુકૂળ ભાષામાં કાવ્ય-સર્જન કરીને પાઠક કે શ્રોતાની ભાવભૂમિમાં તે જ રસ કે ભાવધારાને સંક્રાન્ત કરી દે છે. આ ક્ષમતા એ જ કવિકર્મ છે. અલંકારોની ચારુતાથી સંપન્ન રસમયી કાવ્ય. રાગિણી રસિક-મનને નચાવી દે છે.

કાવ્યમાં નિર્દોષ શબ્દ અને નિર્દોષ અર્થ તથા માધુર્ય, ઓજસ્, પ્રસાદમાંથી કોઈ ગુણ અવશ્ય રહે છે. કવિતામાં અલંકાર કવચિત સ્ફુટ અને કવચિત અસ્ફુટ રહે છે.[૯]

- **કાવ્ય-ગુણ :-**

કાવ્યનું અંતિમ સ્વીકૃત પ્રાણતત્ત્વ ધ્વનિ કે રસ છે. તેના ધર્મો જ ગુણ કહેવાય છે. તે રસનો ઉત્કર્ષ કરે છે અને કાવ્યમાં નિત્ય રહે છે.[૧૦] માધુર્ય ગુણ શાંતરસ, વિયોગ-શૃંગાર, કરુણ અને સંભોગ શૃંગાર રસનો ઉત્કર્ષકારક હોય છે. ઓજ બીભત્સ, રૌદ્ર અને વીર રસોનો પોષક છે. પ્રસાદ ગુણ સર્વ રસોની સત્વર નિષ્પત્તિમાં સહાયક છે.[૧૧]

- **વૃત્તિ :-**

ધનંજય અનુસાર ચાર વૃત્તિઓ છે : કૌશિકી શૃંગાર રસમાં, સાત્વતી વીર રસમાં, આરભટી રૌદ્ર અને બીભત્સમાં તથા ભારતી સર્વ રસોમાં રહે છે.[૧૨]

- **રીતિ :-**

વિશિષ્ટ પદરચના તે રીતિ. વામને એને કાવ્યનો આત્મા માન્યો છે. રીતિનો સંબંધ ગુણ સાથે હોય છે. વૈદર્ભીનો પ્રસાદ ગુણ સાથે, પાંચાલીનો માધુર્ય સાથે અને ગૌડીનો ઓજ ગુણ સાથે મુખ્યરૂપે સંબંધ છે. ગૌણ રૂપે વૈદર્ભી સમાસરહિત અથવા અલ્પસમાસા સંઘટના છે. તેથી તે અન્ય ગુણોની સાથે પણ રહે છે.[૧૩]

ગૌડીમાં આડંબર-યુકત પદ-ગુંફન હોય છે અને તેમાં લાંબા-દીર્ઘ સમાસ રહે છે.[૧૪]

પંચાલીમાં મધુર-સુકુમાર પદાવલી રહે છે. પાંચ-છ પદો સુધીનું સમાસ-ગુંફન કરી શકાય છે. આ અલ્પ-સમાસ અથવા મધ્યમ-સમાસ રચના છે.[૧૫]

## (બ) 'કૃષ્ણકર્ણામૃતમ્' માં કાવ્ય ગુણ,વૃત્તિ અને રીતિ :-

'કષ્ણકર્ણામૃતમ્' માં યુવાન કૃષ્ણની વ્રજવનિતાઓ સાથેની શૃંગારી ક્રીડાઓનાં અનેક મનોહર ચિત્રો કવિ ભકિતના આવેશમાં આલેખે છે. આ કૃતિમાં શૃંગાર અને ભકિતનો સમુચિત સમન્વય થયો છે. એમાં કવિ હૃદયના ભાવ સર્વ મધુર-સુકુમાર ભાષા અને કોમલ-કાન્ત પદાવલીઓમાં તરંગિત થાય છે. પરિણામે દશ્ય 'ચિત્રણમાં મુખ્યત્વે માધુર્ય ગુણ નિષ્પન્ન થયો છે. સમાસ રહિત અને અલ્પ-સમાસા રચનાઓનો પણ સન્નિવેશ  થયો છે, પરંતુ મધ્યમ-સમાસા સંઘટનાનો પ્રયોગ અધિક છે. પાંચ-છ પદો સુધીની સમસ્ત પદાવલીનો પ્રચુર પ્રયોગ થયો છે. સાથે સાથે પાંચાલી રીતિ અને શૃંગાર સાન્વિત કૌશિકી વૃત્તિ સંપૂર્ણ કાવ્યમાં નિરૂપિત થઈ છે. કેટલાંક ઉદાહરણ દષ્ટવ્ય છે.[૧૬]

- **પ્રસાદ અને માધુર્યનું મિશ્રણ:-**

સમાસરહિત પદબંધોની સાથે સાથે સામાસિક ગુંફનની મિશ્રિત શૈલી પર્યાપ્ત માત્રામાં દષ્ટિગોચર થાય છે. આ શૈલી આખા કાવ્યમાં વ્યાપ્ત છે. લલિત પદાવલીનો યોગ સર્વત્ર છે, જેમાં ગીતાત્મક્તા અનુરણિત છે. પદ દષ્ટવ્ય છે.[૧૭]

## (૨) અલંકાર - નિરૂપણ :-

વામન ગુણ અને અલંકાર વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરતાં જણાવે છે કે કાવ્ય શોભા કરનાર શબ્દ અને અર્થના ધર્મો ગુણ છે અને તે કાવ્ય શોભામાં અભિવૃદ્ધિ કરનાર અલંકાર છે.[૧૮]

આનંદવર્ધનનો મત છે કે કાવ્યમાં અંગી(આત્મા) ધ્વનિ છે, તેનો આશ્રય લેનાર ગુણ છે. કાવ્યનાં અંગો (શબ્દ અને અર્થ) પર આશ્રિત અલંકાર છે, જે કટકાદિ આભૂષણો સમાન છે.[૧૯]

મમ્મટ ઉપર્યુકત બંને મતોનો સમન્વય કરતા કહે છે કે ગુણ કાવ્યના અંગી રસના નિત્ય ધર્મો શૌર્ય આદિ છે. તેમ તે કાવ્યનો ઉત્કર્ષ કરે છે. અલંકાર અનુપ્રાસ આદિ(શબ્દાલંકાર) અને ઉપમા આદિ (અર્થાલંકાર) કાવ્યનાં અંગો (શબ્દ અને અર્થ)ના માધ્યમથી રસમય કાવ્યનો ઉપકાર કરે છે અને કયાંક કેવળ ચમત્કાર ઉત્પન્ન કરે છે.[૨૦]

## (અ) કૃષ્ણકર્ણામૃતમાં અર્થાલંકાર :-

- **વ્યતિરેક :-**

ઉપમાનથી અન્ય (ઉપમેય) જે ઉત્કર્ષ બતાવવામાં આવે એ વ્યતિરેક અલંકાર જ કહેવાય છે. અન્યનો એટલે ઉપમેયનો, વ્યતિરેક એટલે અધિકતા(ઉત્કર્ષ)

ભકત કવિને પરમ રસમય દિવ્ય માધુર્યનું દર્શન કરવાની ઉત્કંઠા છે. કિશોરરૂપનું દર્શન કરવા નેત્ર ચંચલ બન્યા છે. चन्दारविन्दविजयोद्यत वक्त्रबिम्बे ।[૨૧] આપનું મુખમયંક ચંદ્રમા અને કમલ બંનેને તિરસ્કૃત કરે છે. અહીં वक्त्रबिम्ब ઉપમેય છે અને चन्द्रारविन्द- ઉપમાન છે. ઉપમાનથી ઉપમેયનો ઉત્કર્ષ છે.

કિશોર કાંતિપુંજ કેવા છે ? पादौ वादविनिर्जिताम्बुवनौपद्मलयालम्बितौ ।[૨૨] -જેના શ્રીચરણોએ કમલકુંજોને પરાસ્ત કરેલ છે. તેથી જ લક્ષ્મીએ ચરણ કમળને આશ્રય સ્થાન બનાવ્યું છે. અહીં पादौ-ઉપમેય અને अम्बुजवनौ- ઉપમાન છે. અહીં ઉપલક્ષ્મીનું આશ્રયસ્થાન કમળ નહીં, શ્રીચરણ છે. એક અન્ય ઉદાહરણ દષ્ટવ્ય છે.

करौ शरदिजाम्बुजक्रमविलासशिक्षागुरु

पादौ विवृधपादपप्रथमपल्लवोल्लङ्घिनौ ।[૨૩]

જેમનાં કર-કમલ શરદકાલીન કમળોને શિક્ષા આપે છે. ચરણ-કમળ કલ્પવૃક્ષનાં નૂતન પલ્લવોની સુકુમારતાનું ઉલ્લંઘન કરે છે. અહીં કર અને ચરણ ઉપમેય અને કમળ અને પલ્લવ ઉપમાન છે. જે વ્યતિરેક બતાવે છે.

तत्वन्मुखं कथमिवाम्बुजतुल्यकक्षं वाचामवाचि ननु पर्वणि पर्वणीन्दोः ।

तत्किं ब्रुवे किमपरं भुवनैककान्तवेणु त्वदाननमनेन समं नु यत्स्यात् ।।[૨૪]

ત્રણેય લોકને મોહિત કરનાર મુરલીગાન કરનાર મુખની બરાબરી કોણ કરી શકે ? બહુધા મુખની ઉપમા કમળ અને ચંદ્રમાની અપાય છે. પરંતુ અહીં તે બંને તેની સમકક્ષ નથી. કમળ રાત્રિના સમયે કરમાઇ જાય છે અને ચંદ્રમામાં કલંક છે. વંશીધારીનું મુખ તો સદા પ્રસન્ન અને કલંકરહિત છે. અહી વ્યતિરેક છે.

नीराजनक्रमधुरां भवदाननेन्दोनिव्याजमर्हति चिराय शशिप्रदीपः ।[૨૫]

ચંદ્રમાં કર્પૂરદીપક બનીને મુખચંદ્રની આરતી નિષ્કપટ ભાવથી દૂરથી આરતી ઉતારે છે. અહીં ચંદ્રમા સમાનતા નો અધિકારી નથી. અહીં વ્યતિરેક અલંકાર બને છે.

- **પરિકર :-**

જ્યાં અભિપ્રાયવાળા વિશેષણો દ્વારા વિશેષ્ય વિશે કહેવામાં આવે તે પરિકર અલંકાર કહેવાય. ભકત કવિ વેણુમાધવના દર્શનની ઝંખના કરે છે. મધુર આકૃતિઓ દ્વારા મૂર્ધાભિષિકત,

માધુર્યગુણોથી સંપન્ન, અચેતનને ચેતન બનાવનાર મુરલીહન સાથે બાલકૃષ્ણનું દર્શન કયારે થશે ?[૨૬] મુરલીધારી બાલકૃષ્ણ વિશેષ્યનું સાર્થક વિશેષણો દ્વારા વર્ણન કરવામાં આવેલ છે. હે નાથ! આપની ચંચલ ચિત્તવન, સરસ મધુર વાર્તાલાપ, વિલાસપૂર્ણ ગંભીર મન્થર ચાલ, પ્રગાઢ આલિંગન મંજુલ-માદક સ્મિતને કેવળ ગોપિકાઓ જ જાણે છે.[૨૭] આ પદ્યમાં ગોપીવલ્લભ શ્રીકૃષ્ણની મોહક વિશેષતાઓનું વર્ણન છે. પ્રત્યેક વિશેષણ એકથી એક અધિક ઉન્માદજનક છે. અન્ય એક પદ્યમાં હૃદયથી નીકળેલી યાચના છે. હે દ્યુતિમાન, હે પરમ પ્રિયા ! હે અનન્ય ત્રિલોક હિતકારી, હે સચ્ચિદાનંદ કૃષ્ણ, હે ચપલ, હે નયનાનંદ, મારા નેત્ર સન્નમુખ કયારે પ્રગટ થશો ?[૨૮] આ પ્રથમ ત્રણ પંકિતમાં સાર્થક વર્ણાનાત્મક વિશેષણ છે.

હે દેવ ! પ્રેમ-સ્નિગ્ધ મુખકમળવાળા, અત્યંત ચંચલ ચિતવાળા, વંશીના છિદ્રોમાંથી નીકળેલ સ્વર-લહરી દ્વારા મધુર હાસ-પરિહાસ કરનાર, નયનાભિરામ, અત્યંત ઉદાર અને પ્રિય એવા આપનાં દર્શન કયારે થશે ?[૨૯] અહીં પરિકર અલંકાર છે.

- **ઉપમા :-**

ઉપમાનથી તથા ઉપમેય વચ્ચે ભેદ હોવા છતાં તેમની વચ્ચેના સાધર્મ્યને ઉપમા કહે છે તેનાં પૂર્ણા અને લુપ્તા બે મુખ્ય ભેદ છે.[૩૦] 'કૃષ્ણકર્ણામૃતમ્'માં કવિ ઉપમાના માધ્યમથી અર્થસૌંદર્યાભિવ્યકિત કરે છે. કૃતિની શરૂઆતમાં કવિ ગુરુવંદના કરે છે.

यत्पादकल्पतरुपल्लवशेखरेषु लीलास्वयंवररसं लभते जयश्रीः।[૩૧]

અહીં ગુરુચરણને કલ્પવૃક્ષ સાથે સરખાવે છે. ચરણ ઉપમેય છે અને કલ્પતરુ ઉપમાન છે. लभते સાધારણ ધર્મ છે.

હે મુરલીધર ! યમુનાનાં નીલકમલ સમાન સ્નિગ્ધ શ્યામ તથા અનુપમ અનુકંપાથી આપ્લાવિત આપની કૃપાદષ્ટિ કયારે થશે ? કામદેવના મદમર્દન કરનાર શિવની જટામાં સુશોભિત ચન્દ્રમા સમાન શીતલ મધુર મુરલીનાદ કયારે અંતઃકરણને સંતુષ્ટ કરશે ?[૩૨] આ પદ્યમાં કરુણાકટાક્ષની ઉપમા યમુનાના નીલકમલ સાથે અને મુરલીનિનાદની શીતલતાની ઉપમા ત્રિવિધ તાપહારી શિવજીની જટામાં રહેલ ચંદ્રકિરણો સાથે કરી છે.

मुखाम्बुजं चुम्बति मानसं मे । શ્રીકૃષ્ણના સુંદર અધરવાળા મુખારવિંદનું વારંવાર ભકત કવિ સ્મરણ કરે છે.[૩૩] અહીં मुख – ઉપમેય અને अम्बुज ઉપમાન છે.

- **સ્વભાવોક્તિ :-**

પોતાની ક્રિયાઓનું કે રૂપનું વર્ણન કરવામાં આવે તે સ્વભાવોકિત અલંકાર કહેવાય. પોતાની એટલે કે એક માત્ર તેના પોતાનામાં આશ્રિત રૂપ એટલે રંગ અને અંગ-પ્રત્યંગની અવસ્થા.

અહીં નેત્રને આનંદ આપનાર કિશોરવેશનું વર્ણન કરે છે. જેને દિશાઓને રંગબેરંગી બનાવી છે-(એટલે કે વાળનો શ્યામ રંગ) લોચનની અરુણિમા, સ્મિતસુધાની ધવલતાં, કુંડળની સ્વર્ણિમા, અધરોની લાલાશ, ચણોઠી માલા અને ધાતુરાગ પલ્લવોનાં વિચિત્ર રંગ, આભીરોને સુંદર આભૂષણ ધારણ કરનાર-(મોર-મુકુટ, ગુંજાની માલા, વંશી આદિથી સુશોભિત) ચંચળનેત્રથી ચારે તરફ ક્રાન્તિની કિરણો ફેલાવતાં મુખથી ધન્ય બનાવે છે.[૩૪] આ ઉપરાંત અન્ય પદ્યમાં પણ સ્વભાવોકિત જોવા મળે છે.

- **પ્રતીપ[૩૫] :-**

ઉપમાનનો આક્ષેપ(તે વ્યર્થ છે એવું પ્રતિપાદન) કરવામાં આવે અથવા તો ઉપમાનનો તિરસ્કાર કરવાને માટે જો તેને (ઉપમાનને) ઉપમેય બનાવી દેવામાં આવે તો તે પ્રતીપ અલંકાર કહેવાય છે.

वदनेन्दुविनिर्जितः शशी दशधा देव पदं प्रपद्यते ।[३६]

દિવ્ય સ્વરૂપ કૃષ્ણનાં મુખચંદ્રથી પરાસ્ત થઈને ચંદ્રમાં ચરણોનાં દસ નખ ચંદ્રમાં વિભાજિત થઈને અધિક શોભા પ્રાપ્ત કરે છે. અહીં, ઉપમાનને 'વ્યર્થ છે' એવું બતાવવામાં આવ્યું છે. ઉદિત પૂર્ણચંદ્રને કૃષ્ણચંદ્રની ક્રાંતિથી પરાજિત બતાવે છે. અહીં ચન્દ્રને કૃષ્ણચંદ્રના પગના દસ નખોમાં રહીને શોભા પ્રાપ્ત કરતો બતાવે છે.

- **ભાવિક[૩૭] :-**

જ્યાં થયેલા અને થનારા પદાર્થોનું (ભાવાવેશમાં આવીને કવિ) પ્રત્યક્ષ હોય તેમ (વર્ણન) કરે તેને ભાવિક અલંકાર કહેવામાં આવે છે.

અહીં ભાવિક અલંકારનું એક ઉદાહરણ દષ્ટવ્ય છે. ભકત કવિને કરુણાસાગર ધીરે ધીરે પ્રકટ થતા દેખાય છે જે ગોપીઓની ચંચલ ચિત્તવનની કેલીધારા કરુણાનિધિના ચરણકમળના અગ્રભાગની પૂજા કરે છે. પછી વંશી ધ્વનિ સંભળાય છે. ત્યારબાદ મણિનૂપર ઝણકાર સંભળાય છે.[૩૮]

- **ઉત્પ્રેક્ષા[૩૯] :-**

પ્રસ્તુત (વર્ણનીય વસ્તુ)ની સંભાવના સમાન (વસ્તુ એટલે કે ઉપમાન) દ્વારા કરવામાં આવે તેને ઉત્પ્રેક્ષા કહેવામાં આવે છે.

ભકત કવિ એકાએક સાક્ષાત્કારને સમજી શકતા નથી અને ભિન્ન ઉત્પ્રેક્ષા કરે છે શું સ્વયં કુસુમાયુધ કામદેવ તો નથી ને ? અથવા દિવ્ય માધુરીપ્રભા મંડલ છે? કે મન અને નયનોનું અમૃત સ્વરૂપ મૂતિમાન માધુર્ય છે ? કે શ્રીરાધાની વેણીને અલંકૃત કરનાર પ્રાણ વલ્લભ છે ? કોણ કિશોર નેત્રોને આનંદ આપવા પ્રગટ થાય છે ?[૪૦] ભકત કવિ કહે છે કે આ અનિર્વચનીય રૂપ તો કામદેવનું હોય પણ કામદેવ તો અનંગ છે. પરંતુ આ તો પ્રત્યક્ષ જોઈ શકાય છે. તેથી કામદેવ નથી. કદાચ ચંદ્રમાં તો કલંક છે. પરંતુ આ તો દિવ્યકાંતિ પુંજ માત્ર છે, ચંદ્ર પણ નથી. કદાચ માધુર્ય સ્વયં ઘનીભૂત થઈ પ્રકટ થયું હશે ! પરંતુ રૂપમાધુરી તો ફકત નેત્રનો જ વિષય છે. પરંતુ આ દિવ્યમૂર્તિ નેત્ર અને મન બંનેને માટે અમૃતવર્ષા કરે છે. એ તો પ્રાણવલ્લભ છે,

- **વિરોધ[૪૧] :-**

(ખરેખર) વિરોધ ન હોવા છતાં વિરુદ્ધ હોય તેવાં જે વચન (કહેવામાં આવે) તે વિરોધ અલંકાર કહેવાય.

આ ઉજ્જવલ સર્વજ્ઞતા અને અલ્પજ્ઞતામાં સર્વશ્રેષ્ઠ છે. નયનની અંદર રહીને પણ મધુરાનન્દ સામ્રાજ્યમાં વ્યાપ્ત છે- ઉપભોગ કરે છે.[૪૨] અહીં સર્વજ્ઞત અને અલ્પજ્ઞતામાં વિરોધ બતાવે છે. તે આંખનો વિષય નથી છતાં આંખમાં રહીને આનંદ સામ્રાજ્ય લૂંટે છે.

**(ब) કૃષ્ણકર્ણામૃતમ્માં શબ્દાલંકાર :-**

(૧) અનુપ્રાસ :- સ્વર જુદા હોય તો પણ વ્યંજન સમાન હોય તે વર્ણસામ્ય કહેવાય. રસને અનુસરતો પ્રકૃષ્ટ ન્યાસ-ઉત્તમ ગોઠવણી તે અનુપ્રાસ. અનુપ્રાસના બે પ્રકાર છે. (૧) છેકાનુપ્રાસ (૨) વૃત્ત્યનુપ્રાસ[૪૩]

(ક) છેકાનુપ્રાસ :- કૃષ્ણકર્ણામૃતમ્માં લય, તાલ અને ગીતાત્મકતાને અનુરૂપ શબ્દાવલીનો પ્રયોગ થવાથી પ્રાયઃ સંપૂર્ણ રચનામાં અનુપ્રાસની ચારુતા છવાઈ છે. આમાં છેકની અપેક્ષાએ વૃત્તિનું જ પ્રાચુર્ય છે. ઉદાહરણ દર્શનીય છે. गण्डमण्डलं....[૪૪] । અહીં 'ण्ड' વ્યંજનની આવૃત્તિ થયેલ છે. शिखण्डि-शिखण्ड....[૪૫] । , पाटल-पाटली....[૪૬] । युगल विगल,...., मृद्गा मृदुना....[૪૭] ।

આ અને આવાં અનેક છેકાનુપ્રાસનાં ઉદાહરણો છે. એક શ્લોક દષ્ટવ્ય છે.[૪૮] અનેક સ્થળોએ તે વૃત્ત્યનુપ્રાસની સાથે દષ્ટવ્ય છે.[૪૯]

(ખ) વૃત્ત્યનુપ્રાસ :- એક વર્ણન અનેકવાર સાદશ્ય આવે તો તે વૃત્ત્યનુપ્રાસ કહેવાય. નીચે ઉદાહરણ પ્રસ્તુત છે.[૫૦] અહીં 'ક', વર્ણની આવૃત્તિ છે. બીજા પણ કેટલાક ઉદાહરણ દષ્ટવ્ય છે.[૫૧]

(ગ) લાટાનુપ્રાસ :- તાત્પર્ય માત્રનો ભેદ હોય તો શબ્દાનુપ્રાસ 'લાટાનુપ્રાસ' કહેવાય છે.[૫૨] આનાં કેટલાંક ઉદાહરણ નીચે ઉદ્ધૃત કર્યાં છે. પ્રથમ દાહરણમાં 'ચિત્ર' પદની આવૃત્તિ થઈ છે.[૫૩] પ્રત્યેક સમયે અર્થ એ જ છે. કિન્તુ અન્ય પદોની સાથે અન્વિત થઈને તે ભિન્ન ભિન્ન તાત્પર્યોનો બોધક થઈ જાય છે. સમાસમાં અને અસમાસમાં એક જ પદની આવૃત્તિ થઈ છે.

એ રીતે ચાપલ્યસીમ, ચપલાનુભવૈકસીમ, ચાતુર્યસીમ, ચતુરાનનશિલ્પસીમ, સૌરભ્યસીમ, સકલાદ્ભૂતકેલિસીમ, સૌભાગ્યસીમ, વ્રજભાગ્યસીમ વગેરે માં 'સીમ'નો અર્થ એક જ છે, પરંતુ સાથેના પદોથી અન્વિત થઈને ભિન્ન ભિન્ન આકૃત્તિઓનું તાત્પર્ય પ્રગટ કરે છે. તેથી 'સીમ'[૫૪] પદની આવૃત્તિથી લાટાનુપ્રાસ અલંકાર છે.

અન્ય એક ઉદાહરણ જોઈએ.[૫૫] અહીં 'ચિત્ર' અને 'અરવિંદ' પદની આવૃત્તિ થયેલ છે, અન્ય પદો સાથે અન્વિત થઈને પૃથક્ ભાવ ઉત્પન્ન કરે છે. અહીં 'ચિત્ર' અને 'અરવિંદ' પદોને કારણે લાટાનુપ્રાસ છે.

લાટાનુપ્રાસ અને વૃત્યનુપ્રાસનું એક સંયુક્ત ઉદાહરણ પણ નોંધપાત્ર છે.[૫૬] અહીં 'કાપિ'ની આવૃત્તિમાં લાટાનુપ્રાસ અને 'ક' અને 'મ'ની આવૃત્તિમાં વૃત્યાનુપ્રાસ છે.

● **યમક[૫૭] :-**

વર્ણસમૂહનું સવ્યવધાન કે વ્યવધાનરહિત પુનઃ પુનઃ ઉચ્ચારણ યમક કહેવાય છે. યમક પાદના આદિ, મધ્ય અને અંતમાં રહે છે. એકપાદ યમક, દ્વિપાદ યમક તેમજ ચતુષ્પાદ યમક અને આ બધાના પાછા આદિ, મધ્ય, અન્ત યમક તેમજ સજાતીય-વિજાતીય અસંખ્ય ભેદ થઈ શકે છે.

અહીં યમકના ઉદાહરણ જોઈએ. મુરલીની સ્વર લહરીઓમાં મૃગ્ધ મનમોહન વિભ્રમમાં વારંવાર ખુલતી અને બાંધતી વસ્ત્રોની ગ્રંથીઓને પકડતી અનેક ગોપીઓથી ઘેરાયેલ છે.[૫૮] અહીં स्रस्त શબ્દની દ્વિરુકિત થઈ. અને स्त ની વારંવાર પુનરુકિત દ્વારા સુંદર યમક નિર્માણ થયેલ છે.

જો રાસ – વિલાસના વિભ્રમોના એકમાત્ર આશ્રય છે, આનંદાતિરેકમાં જેમના વિશાળ નેત્ર વધારે વિશાળ થઈ રહ્યા છે, જે વ્રજબાલાઓના નવલકિશોર છે, તે તરલ જ્યોતિ સ્વરૂપ મદન–મોહન મારા હૃદયમાં બિરાજમાન છે.[૫૯] અહીં हृदय શબ્દની દ્વિરુકિત તથા तरुण–तरल શબ્દ દ્વારા યમક સર્જે છે.

પ્રાણેશ્વર અતિશય શોભાનું પરમ વિશ્રામસ્થળ છે, જે પ્રતિપાલ મધુર અને નિત્યનવીન છે. જે ક્ષણ–ક્ષણ પ્રફૂલ્લિત અને પ્રસન્ન છે. એવા રુપકિશોર મારાં હૃદયમાં બિરાજમાન થાઓ.[૬૦] અહીં प्र ઉપસર્ગ નાં વારંવાર પ્રયોગ દ્વારા તથા भ्याम् प्रत्यय દ્વારા સુંદર યમક રચે છે.

વ્રજબાલાઓનાં કર્ણપ્રિય મધુર વાર્તાલાપને કપટનિંદાનાં અભિનય દ્વારા સાંભળવાની વિનોદ લીલાનું વર્ણન છે.[૬૧] જેમાં કહીએ स्तोक શબ્દની દ્વિરુકિત અને श्रोत श्रोत्रम् અર્થભિન્નતા દ્વારા યમક સર્જેલ છે.

મધુરાતિમધુર સ્મિતયુકત આકૃતિવાળા મન અને નયનોને આનંદ આપનાર શ્રીકૃષ્ણ દર્શનની દુર્નિવાર તૃષ્ણા ચિરકાલથી વ્યાપ્ત પ્રતિપળ નિરંતર વધતી જાય છે.[૬૨] આ પદ્યમાં કવિ कृतं–कृतम् मधु–मधुर, कृपण–कृपण શબ્દનો ઉપયોગ કરીને ચમત્કૃતિ સર્જે છે.

મનનશીલ મુનિના માર્ગોમાં અતિ દૂર વિચારણીય, પરંતુ વ્રજઙ્નાઓના નેત્રો સામે રહેતા, નિરંતર ત્રણેય લોકોના ચિત્તચોરનાર મનોહર મુખવાળા નિરંતર પ્રકાશમાન છે પરંતુ વેદો માટે અગમ્ય છે. તેવા નીલ કમલ–કાન્તિયુકત દેવનું દર્શન કયારે થશે ?[૬૩] આ પદ્યમાં કવિ परामृश्यं–अनामृश्यं, दशा–दश्यं–दरीदृश्ये, पथि पथि શબ્દોનો પ્રયોગ કરી યમક સર્જે છે.

### (૩) 'કૃષ્ણકર્ણામૃતમ્'માં રસ–ભાવની અભિવ્યકિત :-

'કૃષ્ણકર્ણામૃતમ્માં કૃષ્ણ નાયક છે, વ્રજવધૂ નાયિકા છે. બંને એકબીજા માટે આલંબન છે. તેઓ દિવ્ય હોવા છતાં માનવની જેમ પરસ્પર આસકત છે. તેમનાં નૃત્ય, ગીત રાસક્રીડા આ બધા માનવપ્રેમી અને પ્રેમિકાની ચેષ્ટાઓ અને ભાવોથી પૂર્ણ છે.

વ્રજવધૂઓ નાયિકાઓ છે. દિવ્યતાની દષ્ટિએ કૃષ્ણ પરમ–પરતમ છે. વ્રજવધૂઓ પ્રાપ્ત ભકતજન છે. રસનિષ્પત્તિ પર વિચાર કરતી વખતે વ્રજયુવતિના પૂર્વરૂપ જીવ અથવા ભકત સ્વરૂપને માનવામાં આવતું નથી. રસ તો પ્રત્યક્ષ વિભાવો પર અવલંબિત છે. તે અતીત નથી, વર્તમાન છે. આથી સર્વ વ્રજયુવતીઓ નવલલનાગણ છે અને કૃષ્ણ માટે અવલંબન છે. તે રીતે કૃષ્ણ પણ સખીઓ

માટે અવલંબન છે. તેમનાં સર્વ અનુભવ શૃંગાર-ચેષ્ટાઓ છે. જે સ્થાયીભાવ કૃષ્ણ અને વ્રજયુવતીઓનાં મનમાં અભિવ્યકત હોય છે. તે ભકિત નથી પરંતુ રતિભાવ છે. તેથી આ ગ્રંથના સંદર્ભમાં પ્રમુખ રસ શૃંગાર છે. રસનો બોધ થતો હોવા છતાં પણ તેનું સાધારણીકરણ ભાવકોના સંદર્ભમાં થતું નથી. આથી ભાવક માટે માધુર્ય અથવા ઉજ્જવલ રસની નિષ્પત્તિ માનવી ઉચિત ગણાશે. કૃષ્ણ ગોપીઓ માટે જે શૃંગાર રસ છે, તે જ પાઠકો માટે માધુર્યરસ છે. કવિ બંનેને એક જ તત્ત્વ માને છે.

**(૪) 'કૃષ્ણકર્ણામૃતમ્'માં ધ્વનિ અને તેના પ્રકાર :-**

આનંદવર્ધને પોતાના તે પૂર્વવર્તી આચાર્યોનો ઉલ્લેખ કર્યો છે. જેઓએ ધ્વનિને કાવ્યનો આત્મા કહ્યો છે પરંતુ ધ્વનિ સંપ્રદાયના પ્રમુખ આચાર્ય સ્વયં આનંદવર્ધન માનવામાં આવે છે. તેમના મતના વિસ્તારક અભિનવગુપ્ત અને મમ્મટ પણ રસસંપ્રદાયના પ્રબળ સ્તંભ છે. આનંદવર્ધન 'ધ્વન્યાલોક' માં કહે છે. જ્યારે અર્થ અથવા સાર્થક શબ્દ પોતાના અર્થને ગૌણ બનાવીએ સમર્પિત કરી દે છે અને મુખ્ય રૂપે અન્ય (પ્રતીયપાન) અર્થને ધ્વનિત કરે ત્યારે આવા શબ્દ કે અર્થની પ્રયુકિત વ્યંગ્ય કાવ્યનું સર્જન કરે છે. આ પ્રતીયપાન ધ્વન્યાર્થ વ્યાખ્યાતા નથી, અનુભવગમ્ય કંઈક જુદો જ છે. આ ધ્વનિ વ્યંગ્યાર્થ વિલક્ષણ રૂપે મહાકવિઓની વાણીમાં રહે છે જે શબ્દ અને અર્થની પૃથક્ ચમત્કાર સર્જે છે. જેમ કે અંગનાઓના શરીરમાં કપોલાદિ પ્રસિદ્ધ અવયવોથી ભિન્ન લાવણ્ય અલગ જ પ્રતીત થાય છે.[૬૪]

'ધ્વનિ' શબ્દ અનેકાર્થક છે. ધ્વનિનું એક રૂપ તે વ્યંજક શબ્દ છે, જે વ્યંજના-વ્યાપારમાં અભિધા અને લક્ષણાથી ભિન્ન વ્યંજનાનો આશ્રય બને છે. બીજું રૂપ તે અર્થ છે જે વ્યંગ્યાર્થને ધ્વનિત કરે છે. જે રસ અથવા વસ્તુ અથવા અલંકારની વ્યંજના થાય છે તે ધ્વનિનું ત્રીજું રૂપ છે શબ્દશકિત રૂપે પ્રાપ્ત વ્યંજના-વ્યાપાર ધ્વનિનું ચોથું રૂપ છે, જે વ્યંગ્ય-કાવ્ય અથવા ધ્વનિકાવ્યમાં રસ, વસ્તુ અથવા અલંકાર ધ્વનિત થાય છે તે પાંચમું રૂપ છે. વાસ્તવમાં ધ્વનિથી એક જ બોધ થાય છે. પ્રતીમાયમન અર્થનો તે જ વ્યંજક શબ્દ, વ્યંજક અર્થ, વ્યંજના-વ્યાપાર અથવા ધ્વનિત રસ, વસ્તુ કે અલંકાર અથવા ધ્વનિકાવ્યમાં વ્યાપ્ત હોવાથી આ બધાને ધ્વનિ નામ અપાય છે.[૬૫]

ધ્વનિના મુખ્ય બે પ્રકાર છે. લક્ષણામૂલા અને અભિધામૂલા. કૃષ્ણકર્ણામૃતમાં ખાસ કરીને અભિધામૂલા ધ્વનિના ઉદાહરણ પ્રાપ્ત થાય છે. અભિધામૂલા ધ્વનિના બે પ્રકારો છે. અસંલક્ષ્યક્રમવ્યંગ્ય અને સંલક્ષ્યક્રમવ્યંગ્ય. આમાં સંલક્ષ્યક્રમ-વ્યંગ્ય-ધ્વનિમાં અભિધા દ્વારા વાચ્યાર્થનો સ્પષ્ટ બોધ થતાં ક્રમપૂર્વક વ્યંગાર્થ લક્ષિત થાય છે. આવા ધ્વનિમાં વસ્તુ અને અલંકાર ધ્વનિ આવે છે. તેમાં ત્રણભેદો છે,

૧. શબ્દશકિતમૂલા, ૨. અર્થશકિતમૂલા, ૩ શબ્દાર્થ ઉભય શકિતમૂલા. વાચ્યાર્થનો બોધ થયા પછી વ્યંગ્યાર્થનો બોધ કોઈ વિશેષ શબ્દ દ્વારા થાય તો શબ્દશકિતમૂલા સંલક્ષ્યક્રમ થાય. એના પદગત વસ્તુધ્વનિ, વાકયગતવસ્તુ ધ્વનિ, પદ્‌ગત અલંકાર ધ્વનિ અને વાકયગત અલંકાર ધ્વનિ એવા ચાર ભેદ થાય છે.

અભિધામૂલા ધ્વનિમાં અર્થશકિતમૂલા ધ્વનિના મુખ્ય ત્રણ ભેદ છે. સ્વતઃસંભવી, કવિપ્રૌઢોકિતમાત્રસિદ્ધ અને કવિનિબંદ્ધમાત્ર-પ્રૌઢોકિતમાત્રસિદ્ધ. આમાં કવિની કલ્પના માત્રથી સિદ્ધ ધ્વનિ એટલે કવિનિબદ્ધ પ્રૌઢોકિતમાત્ર સિદ્ધ ધ્વનિ

'કૃષ્ણકર્ણામૃતમાં ધ્વનિના અનેક પ્રકારો પ્રાપ્ત થાય છે. કેટલાંક પ્રકારોના ઉદાહરણ દર્શનીય છે. ધ્વનિના મુખ્ય ચાર પ્રકાર છે. (ક) વસ્તુમાંથી વસ્તુ વ્યંગ્ય (ખ) વસ્તુથી અલંકાર વ્યંગ્ય (ગ) અલંકારથી વસ્તુ વ્યંગ્ય અને (ઘ) અલંકારથી અલંકાર વ્યંગ્ય.

**(ક) વસ્તુમાંથી વસ્તુ વ્યંગ્ય :-**

શ્લોક ૬૬ માં ભકત કવિ કહે છે કે મદનમોહન મારા હ્રદયમાં બિરાજમાન છે. અર્થાત્ વ્રજયુવતિઓના હ્રદયમાં જે ભાવ છે તે જ ભાવ જાગૃત થાઓ. રાસક્રીડા વિષયક પ્રેમ જ વૈશિષ્ટ્ય છે. આ જ અભીષ્ટ દેનાર છે. किंचनधाम પદના મુખ્ય અર્થની શકિતથી આ વસ્તુ ધ્વનિત છે. આ ધ્વનિમાંથી બીજી વસ્તુ ધ્વનિત છે કે કાવ્યમાં તે જ ગુણ જાગૃત થાય આ પ્રાર્થનીય છે.

**(ખ) વસ્તુથી અલંકાર વ્યંગ્ય :-**

ભગવાન પ્રગટ થાય છે.[૬૭] રાસવિહારી શ્રીકૃષ્ણ એકાએક સામે પ્રકટ થાય છે એકાએક સાક્ષાત્કાર સમજી ન શકતા કહે છે-કામદેવ છે કે ઘનીભૂત માધુર્ય ? કે પછી પ્રાણ વલ્લભ ? આમ, અહીં વસ્તુધ્વનિથી ઉત્પ્રેક્ષાલંકાર ધ્વનિત થાય છે.

**(ગ) અલંકારથી અલંકાર વ્યંગ્ય :-**

શ્રીકૃષ્ણના મુખની શોભાનું વર્ણન છે.[૬૮] એમનું મુખ મંજુલ છે. કમળ તથા ચંદ્રમા સમકક્ષ નથી. અહીં ઉપમાન આક્ષિપ્ત હોવાથી પ્રતીમાલંકાર વ્યંજિત છે. આ મુખકમલ હંમેશા વિકાસયુકત છે. કમળ રાત્રિના સમયમાં ચંદ્રના પ્રકાશમાં કરમાઈ જાય છે. મુખકમલ નિષ્કલંક છે. ચંદ્રમાં કલંક છે. કમળ અને ચંદ્રમા મુખકમલ સમાન શોભનીય નથી આથી પ્રતીપાલંકારથી પ્રતીપાલંકાર વ્યંગ્ય છે.

**(ઘ) અલંકારથી વસ્તુ વ્યંગ્ય :-**

કામદેવનું મદમર્દન કરનાર શિવની જટાઓમાં સુશોભિત ચંદ્રમા સમાન શીતળ મધુર મુરલીનાદ અંતઃકરણને કયારે સંતુષ્ટ કરશે ?[૬૯] અહીં ઉપમા ધ્વનિ છે. મુરલીનિનાદની શીતળતાની ઉપમા ત્રિવિધ તાપહારી શિવજીની જટામાં સ્થિત ચંદ્રમાના કિરણોની આપી છે. શિવજી માટે આપેલ વિશેષણ 'કન્દર્પપ્રતિભટ્ટ' પદથી વ્યંજિત થાય છે કે મુરલીધ્વનિથી કામવાસનાનો નાશ થાય છે. આથી ઉપમાલંકારથી વસ્તુ ધ્વનિત છે.

**(૫) 'કૃષ્ણકર્ણામૃતમ્'માં છંદોવિધાન :-**

કવિ લીલાશુકે 'કૃષ્ણકર્ણામૃતમ્માં અનેક છંદોનો પ્રયોગ કરીને પોતાનું છંદોનૈપુણ્ય પ્રગટ કર્યું છે. જેમાં અનુષ્ટુપ, શાર્દૂલવિક્રીડિત, વસંતતિલકા, શિખરિણી, વંશસ્થ, સ્રગ્ધરા, પ્રહર્ષિણી વગેરે.

'કૃષ્ણકર્ણામૃતમ્' માધુર્ય-ભકિત-સંપન્ન ગીતાત્મક કાવ્ય હોઈ એને અનુરૂપ કોમળ ભાવોની અભિવ્યકિત માટે સક્ષમ, આર્યા ઇત્યાદિ છંદોનો પણ પ્રયોગ કરેલ છે. કવિએ પ્રયોગ કરેલાં છંદો નીચે પ્રમાણે છે.

- વસંતતિલકા – ૨૯ પદ્ય
- શાદુર્લવિક્રીડિત – ૧૪ પદ્ય
- માલિની – ૬ પદ્ય
- અનુષ્ટુપ – ૬ પદ્ય
- ઉપેન્દ્રવજ્રા – ૮ પદ્ય
- ઇન્દ્રવજ્રી – ૫ પદ્ય
- કોકિલક – ૧ પદ્ય
- મંજુભાષિણી – ૨ પદ્ય
- ઔપછન્દસિક – ૩ પદ્ય
- દ્રુતવિલબિંત – ૧ પદ્ય
- ચર્ચરી – ૧ પદ્ય
- લલિત – ૧ પદ્ય
- પૃથ્વી – ૩ પદ્ય

- વૈતાલીય – ૩ પદ્ય
- શિખરિણી – ૩ પદ્ય
- વંશસ્થ – ૨ પદ્ય
- પ્રહર્ષિણી – ૩ પદ્ય
- હરિણી – ૨ પદ્ય
- આર્યા – ૩ પદ્ય
- શાલિની – ૨ પદ્ય
- તોટક – ૨ પદ્ય
- પુષ્પિતાગ્રા – ૨ પદ્ય
- મંદાક્રાન્તા – ૧ પદ્ય
- ઉદ્ધતા – ૧ પદ્ય
- રુચિરા – ૧ પદ્ય
- ઉપજાતિ – ૧ પદ્ય

## પ્રકરણ -૭

### પાદટીપઃ-

૧ काव्यमीमांसा. अ.२, पृ.प-१०

२ यदेतद् वाङ्मयं विश्वमर्थं-मृत्या विवर्तते ।

૩ सोऽस्मि काव्यपुमानम्ब पादौ वन्देय तावकौ ।। का.मी., अ.२, पृ. १५

४ काव्यमीमांसा. अ.३, पृ. १७

૫ काव्या. प. १/२६

૬ साहित्य-संगीत-कलाविहीनः । नीतिशतक १२

૭ सहितयोः भावः साहित्यम् । अनयोः शब्दार्थयोः । -वक्रोक्तिजीवित,१-१७

८ रमणीयार्थ-प्रतिपादकः शब्दः काव्यम् ।- रसगंगाधर, प्र.आनन,१

૯ तददोषौ शब्दार्थो सगुणावनलंकृती पुनः क्वापि ।

यत् सर्वत्र सालंकारौ । क्वचितु स्फुटालंकारविरहेपि न काव्यत्वहानिः । - का.प्र.प्र. उल्लास

૧૦ ये रसस्याङ्गिनो धर्माः शौर्यादय इवात्मनः ।

उत्कर्षहेतवस्ते स्युरचल-स्थितयो गुणाः ।। का.प्र. ८/६६

૧૧ मम्मट, काव्यप्रकाश. ८/सूत्र-९३

૧૨ शृंगारे कौशिकी, वीरे सात्वत्यारभटी पुनः ।

रसे-रोद्रे च बीभत्से, वृत्तिः सर्वत्र भारती ।।दशरुपक, द्वि.प्रकाश,६२

૧૩ विश्वनाथ, साहित्यदर्पण, परि. ९/२-३

૧૪ विश्वनाथ, साहित्यदर्पण, परि ९/३-४

૫ विश्वनाथ, साहित्यदर्पण, परि. ९/३-४

૧૬ (१) मदशिखण्डिशिखण्डविभूषणं मदनमन्थरमुग्धमुखाम्बुजम् ।

व्रजवधूनयनाञ्जनरञ्जितं विजयतां मम वाङ्मयजीवितम् ।। **કૃષ્ણકર્ણામૃત. ૧/૮**

(२) अपाङ्गरेखाभिरङ्गुराभिरनङ्गरेखारसरञ्जिताभिः ।

अनुक्षणं वल्लवसुन्दरीभिरभ्यस्यमानं विभुमाश्रयामः ।। **કૃષ્ણકર્ણામૃત. ૧૦**

૧૭ मधुरमधरबिम्बे मञ्जुलं मन्दहासे शिशिरममृतनादे शीतलं दृष्टिपाते ।

विपुलमरुणनेत्रेविश्रुतं वेणुवादे मरकतमणिनीलं बालमालोकये नु ।। **કૃષ્ણકર્ણામૃત. ૧/૬૪**

૧૮ काव्यालंकारसूत्रवृत्ति, ३/१/१-२

૧૯ ध्वन्यालोक, १

૨૦ काव्यप्रकाश ३.८/१-२

૨૧ **કૃષ્ણકર્ણામૃત આ.૧ / ૩૧**

૨૨ **કૃષ્ણકર્ણામૃત આ.૧ /૫૮**

૨૩ **કૃષ્ણકર્ણામૃત આ.૧ /૬**

૨૪ **કૃષ્ણકર્ણામૃત આ.૧ /૯૭**

૨૫ **કૃષ્ણકર્ણામૃત આ.૧ /૯૮**

૨૬ **કૃષ્ણકર્ણામૃત આ.૧ /૨૩**

૨૭ **કૃષ્ણકર્ણામૃત આ.૧ /૨૭**

૨૮ **કૃષ્ણકર્ણામૃત આ.૧ /૪૦**

૨૯ **કૃષ્ણકર્ણામૃત આ.૧ /૪૯**

૩૦ साधर्म्यमुपमा भेदे पूर्णा लुप्ता च । का प्र. ३.१०-१२५-१२६

૩૧ **કૃષ્ણકર્ણામૃત આ.૧ /૨**

૩૨ **કૃષ્ણકર્ણામૃત આ.૧ /૨૬**

૩૩ **કૃષ્ણકર્ણામૃત આ.૧ /૮૫**

૩૪ **કૃષ્ણકર્ણામૃત આ.૧ /૬૯**

૩૫ आक्षेप उपमानस्य प्रतीपमुपमेयता

तस्यैव यदि वा कल्प्या तिरस्कारनिबन्धनम् ।। का.प्र.१०/१३३

૩૬ **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૯૬**

૩૭ प्रत्यक्षा इव यद्भावा क्रियन्ते भूतभाविनः । तद्भाविकम् का.प्र.१/१७२

૩૮ **કૃષ્ણકર્ણામૃત આ.૧ /૩૯**

૩૯ स्भावनमथोत्प्रेक्षा प्रकृतस्य समेन यत् । का. प्र.१०/१३६

**૪૦ કૃષ્ણકર્ણામૃત આ.૧ /૬૮**

૪૧ विरोधः सोऽविरोधेपि विरुद्धत्वेन यद्वचः । का. प्र.१०/१६५

**૪૨ કૃષ્ણકર્ણામૃત આ.૧ /૨૫**

૪૩ वर्णसाम्यमनुप्रासः छेकवृत्तिगतो द्विधा ।

न सोऽनेकस्य सकृत्पूर्वः एकस्याप्यसकृत्परः ।।

૪૪ मुकुरायमाणमृदुगण्डमण्डलं - कृष्णकर्णामृत-१-६

૪૫ मदशिखण्डिशिखण्ड विभूषणं ।। कृष्णकर्णामृत-१-८

૪૬ फुल्लपाटलपाटली परिवादिपादसरोरुहम् । कृ.१.९

૪૭ युगलं विगलन्मधुद्रव कृष्णकर्णामृत.१.२४

૪૮ किमिह कृणुमः कस्य ब्रूमः कृतं कृतमाशाया कथयत कथामन्यां धन्यामहो हृदयेशयः ।

मधुरमधुरस्मेराकरे मनोनयनोत्सवे कृपण कृपणा कृष्णं तृष्णाचिरं बत लम्बते । कृ. १-४२

૪૯ कृष्णकर्णामृत-१-४६,५६,६४,६५,६६,७३,८५,८८

૫૦ कदा वा कालिन्दी कुवलयदलश्यामतरलाः

कटाक्षा लक्ष्यन्ते किमपि करुणा वीचिनिचिताः ।

कदा वा कन्दर्प प्रतिभटजटाचन्द्रशिशिराः कृ.१-२६

૫૧ कमप्यन्तस्तोषं दधति मुरलीकेलिनिनदाः ।। १.६,७,८,२०,४६,५७

૫૨ शाब्दस्तु लाटानुप्रासो भेदे तात्पर्यमात्रतः ।। का.प्र.९/८१

૫૩ चित्रं चित्रमहो विचित्रमहहो चित्रं विचित्रं महः । कृष्णकर्णामृत.१.५९

૫૪ चापल्यसीम चपलानुभवैकसीम चातुर्यसीम चतुराननशिल्पसीम ।

सौरभ्यसीम सफलाद्भूतकेलिसीम सौभाग्यसीम तदिदं व्रजभाग्यसीम । कृ. १. ७१

૫૫ चित्रं तदेतच्चरणारविन्दं चित्र तदेतन्नयनारविन्दम् ।

चित्रं तदेतद्वदनारविन्दं चित्रं तदेतद्वपुरस्य चित्रम् ।। कृष्णकर्णामृतम्-१/८९

૫૬ कमनीयकिशोरमुग्धमूर्तेः कलवेणुक्वणितादृताननेन्दोः ।

मम वाचि विजृम्भतं मुरारेर्मधुरिम्णः कणिकापि कापि कापि ।। कृष्णकर्णामृत १/७

૫૭ अर्थे सत्यर्थभिन्नानां वर्णानां सा पुनः श्रुतिः ।। यमकम् का.प्र.९/११६

૫૮ **કૃષ્ણકર્ણામૃત – આ. ૧/ ૨**

૫૯ **કૃષ્ણકર્ણામૃત – આ. ૧/૧૧**

૬૦ **કૃષ્ણકર્ણામૃત – આ. ૧/૬૮**

૬૧ **કૃષ્ણકર્ણામૃત – આ. ૧/૨૧**

૬૨ **કૃષ્ણકર્ણામૃત – આ. ૧/૪૨**

૬૩ **કૃષ્ણકર્ણામૃત – આ. ૧/૪૮**

૬૪ प्रतीयमानं पुनरन्यदेव वस्त्वस्ति वाणीषु महाकवीनाम् ।

यत्तत्प्रसिद्धावयवातिरिक्तं विभाति लावण्यमिवाङ्गनासु ।। ध्व.१/४

૬૫ हिन्दी साहित्य कोश. पृ.३८९-३९०

૬૬ **કૃષ્ણકર્ણામૃત – આ. ૧/૧૧**

૬૭ **કૃષ્ણકર્ણામૃત – આ. ૧/૧૩**

૬૮ **કૃષ્ણકર્ણામૃત – આ. ૧/૯૭**

૬૯ **કૃષ્ણકર્ણામૃત – આ. ૧/૨૬**

# પ્રકરણ-૮

## કૃષ્ણકર્ણામૃતનું સાહિત્યિક સ્વરૂપ

(૧) ભાષાત્મકરૂપ :- ગુણ, વૃત્તિ, રીતિ

(अ) ભૂમિકા

- વાઙ્મય અને સાહિત્ય
- સાહિત્ય અને કાવ્ય
- કાવ્ય-ગુણ
- વૃત્તિ
- રીતિ

(ब) 'કૃષ્ણકર્ણામૃતમ્' માં કાવ્ય ગુણ,વૃત્તિ અને રીતિ

- પ્રસાદ અને માધુર્યનું મિશ્રણ

## પ્રકરણ-૮

# કૃષ્ણકર્ણામૃતનું સાહિત્યિક સ્વરૂપ

### (૧) કાવ્ય પ્રકાર :-

કાવ્યનું વ્યકિતત્વ 'વસ્તુ' અને 'આકૃતિ'માં રહેલું છે. વસ્તુ એટલે કવિનો અનુભૂતિ-સંભાર અને આકૃતિ એટલે અભિવ્યકિતની વિશિષ્ટ પદ્ધતિથી સર્જાતું કાવ્યરૂપ. કવિ અનુસાર અભિવ્યકિતનાં અનેક રૂપો સર્જાય છે. તેના પરિણામે કાવ્યના વિભિન્ન પ્રકાર અસ્તિત્વમાં આવ્યા.

ભારતીય મીમાંસકો કાવ્યને મુખ્યત્વે બે વિભાગોમાં વિભકત કરે છે. : દશ્ય અને શ્રવ્ય.[૧] દશ્યકાવ્યની સાર્થકતા એની દર્શનીયતામાં છે, જ્યારે શ્રવ્ય કાવ્યની શ્રવણીયતામાં દશ્ય કાવ્યના પણ બે ભેદ છે. : રૂપક અને ઉપરૂપક. વસ્તુ, નેતા અને રસની વિભિન્નતાને આધારે રૂપકના દશ અને ઉપરૂપકના અઢાર ભેદ કર્યા છે[૨]. નાટ્યદર્પણકારો રામચન્દ્ર અને ગુણચન્દ્ર રૂપકના બાર પ્રકાર આપે છે[૩]. હેમચંદ્રાચાર્ય રૂપક અને ઉપરૂપકના પ્રકારોને એકત્ર કરી 'પાઠય' તથા 'ગેય' માં વિભાજિત કરે છે[૪]. પાઠયના તેમણે નાટક, પ્રકરણ વગેરે તથા ગેયના ડોમ્બિકા, ભાણ, પ્રસ્થાન વગેરે ભેદ પાડયા છે[૫]. ભામહ સ્વરૂપ વિધાનના આધારે કાવ્યના પાંચ પ્રકાર પાડી રૂપકને અભિનેયાર્થ કહે છે અને દશ્યકાવ્યના નાટક, દ્વિપદી, શમ્યા, રાસકરાસકસ્કંધક જેવા પ્રકાર બતાવે છે[૬]. દંડી કાવ્યના ત્રણ પ્રકાર પાડે છે. : (૧) પદ્ય (૨) ગદ્ય અને (૩) મિશ્ર.[૭] અને નાટક વગેરેને મિશ્રકાવ્યમાં મૂકે છે.

શ્રવ્યકાવ્યમાં મહાકાવ્ય, ખંડકાવ્ય, કથા, આખ્યાયિકા, ચમ્પૂ (ગદ્યપદ્યાત્મક) વગેરેનો સમાવેશ થાય છે. દંડી પદ્યને ચતુષ્પદી કહે છે, પરંતુ વસ્તુતઃ પદ્યના ચરણોની સંખ્યા નિયત નથી. તેમના મતાનુસાર પદ્યના બે પ્રકાર છેઃ વૃત્ત તેમજ જાતિ. અક્ષર સંખ્યા પર આધારિત ચરણને વૃત્ત તથા માત્રા સંખ્યા પર આધારિત ચરણને જાતિ કહે છે. જેમ કે સ્રગ્દ્ધરા વગેરે વૃત્ત છે અને આર્યા વગેરે જાતિ છે. વૃત્તોના પણ સમ, અર્ધસમ અને વિષમ વગેરે ભેદ કર્યા છે. સમવૃત્ત જેમ કે સ્રગ્ધારા, અર્ધસમ-પુષ્પિતાગ્રા, વિષમવૃત્ત-ઉદ્ગતા વગેરે.[૮] વળી દંડી પદ્યના મુકતક, કુલક, કોષ, સંઘાત વગેરે પ્રકારો પણ બતાવે છે, પરંતુ આ બધા પ્રકારો મહાકાવ્યના અંગભૂત હોવાના કારણે તેમની સવિસ્તર ચર્ચા દંડીએ કરી નથી.

'કાવ્યાલંકાર'ના રચયિતા ભામહે કાવ્યના સ્વરૂપ, વિધાન, ભાષા, વિષય, છંદ વગેરેની દષ્ટિએ પ્રકાર પાડયા છે.[૯] છંદના સદ્ભાવ અને અભાવના આધારે ગદ્ય અને પદ્ય ભાષાના આધારે સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ, વિષયના આધારે ખ્યાતવૃત્ત, કલ્પિતવસ્તુ, કલાશ્રિત અને શાસ્ત્રાશ્રિત, સ્વરૂપ વિધાન અથવા શૈલીની દષ્ટિએ મહાકાવ્ય, રૂપક, આખ્યાયિકા, કથા અને મુકતક આટલા ભેદ દંડી ગણાવે છે.

અન્ય કેટલાક આચાર્યો પણ ભાષાના આધારે કાવ્યનું વર્ગીકરણ કરે છે.[૧૦] વસ્તુતઃ આ પ્રકારનું વર્ગીકરણ સ્થૂળ કહી શકાય. બહુસંખ્યક આચાર્યો શૈલીના આધારે કાવ્યના ત્રણ ભેદ બતાવે છે. પદ્ય, ગદ્ય અને મિશ્રકાવ્ય.[૧૧] છંદોબદ્ધ પદ પદ્ય અને છંદ વિહીન પદ ગદ્ય કહેવાય છે.[૧૨]

વામને વિષયની દષ્ટિએ ગદ્યપદ્યમય કાવ્યના બે પ્રકાર પાડયા છે; અનિબદ્ધ અને નિબદ્ધ. અનિબદ્ધ મુકતકનો યથાર્થ છે.નિબદ્ધ માટે કાવ્યશાસ્ત્રમાં પ્રબંધ શબ્દ પ્રચલિત છે. વામને એને સંદર્ભ-કાવ્ય પણ કહ્યું છે. પ્રબંધમાં અવિચ્છિન્ન કથાપ્રવાહ હોય છે, જ્યારે મુકતકમાં પ્રત્યેક પદ સ્વતંત્ર હોય છે, પૂર્વાપર સંબંધ રહિત હોય છે.

ધ્વનિકાર આનંદવર્ધન મુકતક કાવ્યના વિભિન્ન પ્રકારો આપે છે. (૧) મુકતક, જેમ કે ગાથાસપ્તશતી, આર્યાસપ્તશતી, અમરુશતક વગેરે. (૨) સન્દાનિતક-બે શ્લોકોમાં જેને અન્વય થાય તે યુગ્મ, (૩) વિશેષક-ત્રણ શ્લોકોમાં એકી સાથે અન્વિત થનાર શ્લોકસમૂહ. (૪) કલાપક- પાંચ અથવા અધિક શ્લોકોનો એકી સાથે અન્વય થનાર શ્લોક.

પ્રબંધ કાવ્યના બે ભેદ છે : મહાકાવ્ય અને ખંડકાવ્ય. આ બંનેનો પરસ્પર ભેદ વિષયની વ્યાપકતાને આધારે છે, જે જીવનના એક ભાગનું નિરૂપણ કરે છે તે ખંડકાવ્ય કહેવાય છે[૧૩]. મહાકાવ્ય એક વ્યકિત અથવા વંશાદિના સમસ્ત જીવનચિત્રને પ્રસ્તુત કરનાર, શાસ્ત્રીય મર્યાદા પ્રમાણે વિભિન્ન પદ્યોમાં નિર્મિત, ઓછામાં ઓછા આઠ સર્ગોથી અધિકસર્ગ, શૃંગાર, વીર, અથવા શાન્ત રસોમાંથી કોઈ એક રસની પ્રધાનતા, સંધ્યા, સૂર્ય, રાત્રિ, પ્રભાત, ચંદ્ર, અરણ્ય વગેરે પ્રકૃતિ વર્ણનોમાંથી યુકત કાવ્ય મહાકાવ્ય કહેવાય છે[૧૪]. રાજશેખરે પ્રબંધ કાવ્યના ભેદોમાં શુદ્ધ, ચિત્ર, કથોત્થ, સંવિધિકાનકભૂ તેમજ આખ્યાનકવાન પણ માન્યા છે. કોઈ પદ્યમાં ઇતિવૃત્તાત્મક સંકેતના સદ્ભાવ અને અભાવના આધારે ભેદ પાડયા છે.

આ ઉપરાંત વ્યંગ્યની ઉપસ્થિતિના આધારે આનંદવર્ધનાચાર્યે કાવ્યના ત્રણ પ્રકાર પાડયા છે. જે કાવ્યમાં રમણીયતા વ્યંગ્યાર્થમાં તેને સમાન ઉત્તમ અથવા ધ્વનિકાવ્ય કહે છે જ્યાં વ્યંગ્યાર્થ અને વાચ્યાર્થમાં હોય, નહિ કે વાચ્યાર્થમાં સમાન ચમત્કાર હોય તે મધ્યમ કાવ્ય અને જ્યાં માત્ર વાચ્યાર્થમાં જ ચમત્કાર હોય અને વ્યંગ્યાર્થ ન હોય તે અવર કાવ્ય કહેવાય છે. મમ્મટ વ્યંગ્ય રહિત કાવ્યને અધમકાવ્ય કહે છે[૧૫]. વળી, જયદેવ તો વ્યંગ્યરહિત કાવ્યને કાવ્ય જ માનતા નથી[૧૬].

## (૨) મુક્તક કાવ્ય અને કૃષ્ણકર્ણામૃત :-

ભારતીય કાવ્યશાસ્ત્ર પ્રમાણે 'સહૃદયને ચમત્કાર લાગે એવો એક જ શ્લોક તે મુકતક[૧૭]. મુકતક એટલે પાણીદાર મોતી જે નાનકડું, કાવ્યરસ, વેગ, ચોટ અને ચમત્કારથી રસિકને પાણીદાર લાગે તે મુકતક, 'મુકત'શબ્દમાં 'કન્' પ્રત્યયના યોગથી મુકતક શબ્દ બન્યો છે, જેનો અર્થ સ્વ-સંપૂર્ણ અથવા નિરપેક્ષવસ્તુ થાય છે[૧૮]. 'ધ્વન્યાલોક' અનુસાર જે કાવ્યમાં પૂર્વાપર - પ્રસંગ - નિરપેક્ષ રસ- ચર્વણાનું સામર્થ્ય હોય છે, તે જ મુકતક કહેવાય છે[૧૯]. આમ મુકતકમાં કથાત્મક પ્રબંધ અથવા વિષયગત લાંબા નિબંધની યોજના નથી હોતી. હેમચંદ્રાચાર્યે માત્ર 'મુકતક' શબ્દનો પ્રયોગ ન કરતાં 'મુકતકાદિ' શબ્દ પ્રયોજ્યો છે અને એનું સામાન્ય લક્ષણ એ બતાવ્યું છે જે અનિબદ્ધ હોય તે મુકતકાદિ છે[૨૦]. આથી આ પરિભાષા અનુસાર પ્રબંધહીન અથવા સ્ફૂટ બધી પદ્યબદ્ધ રચનાઓ મુકતક કાવ્યની અંતર્ગત આવી શકે.

આચાર્ય દંડી સર્ગબદ્ધ અથવા પ્રબંધકાવ્યનાં બધાં સ્વરૂપો, મહાકાવ્ય, ખંડકાવ્ય વગેરેને એક શ્રેણીનું કાવ્ય અને અનિબદ્ધ કે સર્ગબદ્ધ કાવ્યના અંશ રૂપે પ્રતીત થનાર અન્ય બધા સ્વરૂપોને અન્યશ્રેણીનું કાવ્ય માને છે, જો કે તેમણે તે બધાનું એક નામ મુકતકકાવ્ય નથી બતાવ્યું[૨૧].

વાસ્તવમાં સ્વયં-સંપૂર્ણ, અન્યનિરપેક્ષ એક છંદવાળી રચનાને જ બધા આચાર્યોએ મુકતક માન્યું છે, પરંતુ અન્યનિરપેક્ષ એકાધિક છંદોવાળી રચનાઓ પણ અનિબદ્ધ અથવા કથારહિત હોય છે. આથી તે બધી રચનાઓને મુકતકાદિ કહીને પ્રબંધ કાવ્યની જેમ મુકતક કાવ્યને પણ એક સામાન્ય કાવ્યરૂપ માની લેવામાં આવ્યું છે.

પ્રાચીન ગ્રીક સાહિત્યમાં છંદોબદ્ધ શ્રવ્ય કાવ્યના બે પ્રકાર હતા. મહાકાવ્ય (એપિક) અને ગીતિકાવ્ય (લિરિક). તેવી જ રીતે પ્રાચીન ભારતીય સાહિત્યમાં પણ છદોબદ્ધ શ્રવ્ય કાવ્યના બે

ભેદ માન્ય થયા; પ્રબંધકાવ્ય અને મુકતક કાવ્ય.

વામને પ્રબંધ કાવ્યની અપેક્ષાએ અનિબદ્ધ (મુકતક) કાવ્યને હીન કોટિનું કાવ્ય માન્યું છે. તેમનો મત એવો છે કે જેમ અગ્નિનો એક કણ ચમકતો નથી તેમ મુકતક પણ એકલું શોભાયમાન થતું નથી[૨૨]. આનાથી વિરૂદ્ધ ધ્વનિવાદી આનંદવર્ધન મુકતકમાં પણ પ્રબંધની માફક રસોદ્‌બોધની ક્ષમતા સ્વીકારે છે [૨૩]. અભિનવગુપ્ત પણ આનંદવર્ધનનું જ સમર્થન કરે છે.

વસ્તુતઃ મુકતકમાં રસોદ્‌બોધની યોગ્યતા નથી હોતી એમ આપણે કહી શકીએ નહિ. હા, એટલું અવશ્ય કહી શકાય કે મુકતક દ્વારા રસ-સંચાર કરાવવાનો વ્યાપાર અધિક કઠિન છે, કેમ કે પ્રબંધમાં વિભાવાદિનું સંયોજન જેટલું સરળ છે, તેટલું મુકતકમાં નથી.

અભિનવગુપ્તે એક પ્રશ્ન ઉપસ્થિત કર્યો કે સ્વતંત્ર રૂપે વિરચિત, પરસ્પર નિરપેક્ષ છંદને જ મુકતક કહીશું કે પ્રબંધમાં પણ તેની ઉપસ્થિતિ માનીશું ? તેમનું કથન છે કે પ્રબંધમાં પણ જો આવો છંદ આવે કે જે અર્થની દષ્ટિએ સ્વયં-સંપૂર્ણ અને પૂર્વાપર-નિરપેક્ષ હોય તો તેને પણ મુકતક કહીશું[૨૪]. આમ મુકતકની કસોટી એક જ છે અને તે એ કે પ્રકરણજ્ઞાન વિના પણ જેનાથી આનંદાનુભૂતિ થાય.

સંસ્કૃત આચાર્યોએ મુકતક કાવ્યના ઘણા ભેદ બતાવ્યા છે. આનંદવર્ધનાચાર્યે મુકતક, સન્દાનિતક(યુગ્મક), વિશેષક, કલાપક, ફલક અને પર્યાયબંધ - આ છ નામ ગણાવ્યા છે[૨૫]. 'અગ્નિપુરાણ' આમાના પ્રથમ પાંચ ભેદ માને છે અને સન્દાનિતકને સ્થાને યુગ્મક નામ આપે છે. હેમચંદ્રાચાર્યે મુકતકાદિ અર્થાત્ મુકતક કાવ્યના મુકતક, સન્દાનિતક, વિશેષક, કલાપક, કુલક, કોશ, પઘટ્ટક, વિકર્ણક અને સંઘાત જેવા ભેદો પાડયા છે[૨૬]. વિશ્વનાથ કવિરાજ અનુસાર મુકતક, યુગ્મક, સન્દાનિતક, કલાપક, કુલક, કોશ અને વ્રજ્યા અનિબદ્ધ કાવ્ય છે[૨૭]. મુકતકોના આ ભેદ શ્લોક સંખ્યા, રચનાકાર અથવા વિષયાનુસાર કરવામાં આવ્યાં છે. આ બધા મુકતક-પ્રકારોનું સામાન્ય સ્વરૂપ નીચે પ્રમાણે છે.

(૧) મુકતક : - સહૃદયોને - સજ્જનોને ચમત્કૃત કરનારો, સ્વયં-સંપૂર્ણ એક શ્લોક તે મુકતક.[૨૮]

(૨) યુગ્મ અથવા સન્દાનિતક :- બે શ્લોકોમાં અર્થપૂર્ણ કરનાર અથવા ક્રિયા સમાપ્ત થાય તેવી રચના. હેમચંદ્ર એને સન્દાનિતક કહે છે, જ્યારે વિશ્વનાથે બે શ્લોકોના જોડાને અને ત્રણના ઝૂમખાને સન્દાનિતક કહે છે.

(૩) વિશેષક : ત્રણ શ્લોકોનો સમૂહ.

(૪) કલાપક : ચાર શ્લોકોના સમૂહવાળી રચના.

(૫) ફલક–પાંચ શ્લોકોવાળી રચના, પરંતુ કેટલાક આચાર્યો આમાં શ્લોક–સંખ્યા અધિક માને છે. હેમચંદ્ર અનુસાર આમા પાંચથી ચૌદ શ્લોક આવે છે.[૩૦] 'અગ્નિપુરાણ' અનુસાર પાંચથી અધિક શ્લોકોવાળી રચના જેનો અન્વય એકમાં થાય, કુલક છે. વાગ્ભટ્ટે ફલકના શ્લોકોની સંખ્યા પાંચથી બાર જેટલી માની છે.[૩૧]

(૬) કોશ– પરસ્પર અસંબદ્ધ એવા શ્લોકોનો સંગ્રહ.[૩૨] હેમચંદ્રાચાર્ય અનુસાર કોઈ એક કવિ અથવા અનેક કવિઓની સૂક્તિઓ (મુકતકો)ના સમુચ્ચયને કોશ કહે છે.

(૭) પ્રઘટ્ટક– એક કવિ દ્વારા રચિત શ્લોકસમૂહ અથવા મુકતક સમુચ્ચય (કોશ)નું નામ પ્રઘટ્ટક છે[૩૪].

(૮) વિકર્ણક– અનેક કવિઓ દ્વારા વિરચિત મુકતકોનો સંગ્રહને વિકર્ણક કહેવાય છે. આ પણ કોશનો જ એક પ્રકાર છે.

(૯) સંઘાત અથવા પર્યાયબન્ધ– એક કવિ દ્વારા એક છંદમાં એક વિષય ઉપર રચિત શ્લોકોને સંઘાત કહે છે[૩૫]. આનંદવર્ધને 'ધ્વન્યાલોક' (કારિકાઃ૩ઃ૭) માં આને પર્યાયબંધ કહ્યો છે. અભિનવગુપ્ત અનુસાર વચ્ચે વાકય સમાપ્તિ થઈ જવા છતાં પણ જો વસંતાદિ એક વિષય વર્ણન હોય તો તે પર્યાયબંધ કહેવાય છે[૩૬].

(૧૦) કર હાટક– કેટલાક આચાર્યોએ છ છંદોમાં વાકય–સમાપ્તિમાં કરહાટક નામક પ્રભેદની કલ્પના કહી છે. षड्भिस्तु करहाटकः ।

રાજશેખરે સર્વપ્રથમ સ્પષ્ટ શબ્દોમાં કાવ્યના વિષયાનુસાર બે ભેદ કર્યાઃ પ્રબંધ કાવ્ય અને મુકતક કાવ્ય[૩૭]. તેમણે તેમાં પ્રત્યેકના વિષયગત ભેદ અનુસાર પાંચ પ્રભેદ કર્યા છે; (૧) શુદ્ધ (૨) ચિત્ર (૩) કથોત્થ (૪) સંવિધાનક અને (૫) આખ્યાનકવાન.

વિષયની દષ્ટિએ વિભાજન કરવામાં આવે તો મુકતકના અનંત ભેદ થઈ શકે. છંદ સંખ્યાને આધારે કરેલું વર્ગીકરણ પણ વૈજ્ઞાનિક નથી, કેમ કે તેમ કરવા જતાં પણ અસંખ્ય પ્રભેદો થઈ શકે. વાસ્તવમાં સંખ્યા, વિષય, છંદ કે રાગના આધારે જેટલા પણ આવા કાવ્યરુપો પ્રચલિત થયા હોય તેમને મુકતક કાવ્યની કોટિમાં આપણે ગણી શકીએ. તેથી તેમના પ્રભેદોની સંખ્યા નિયત થઈ શકે નહિ. સમાજ અને સાહિત્યના વિકાસની સાથે સાથે કાવ્યરૂપોમાં પણ પરિવર્તન અને વિકાસ થાય છે. પરિણામે

દેશ-કાલાનુસાર આવા પ્રકારના સર્વ કાવ્યરૂપો 'મુકતક' કોટિમાં ગણાવા જોઈએ.

પ્રાચીન ભારતીય સાહિત્ય-સ્વામીઓએ મુકતક-કાવ્ય તો માન્યું છે, પણ ગીતિકાવ્યનો એમણે ઉલ્લેખ કર્યો નથી. જો કે વિશ્વનાથ કવિરાજની પૂર્વે જયદેવે 'ગીતગોવિંદ'ની રચના કરી હતી. મધ્યુગમાં પ્રાંતીય ભાષાઓના પદ્યસાહિત્યની રચના ખૂબ થઈ, જે ગીતિકાવ્યનું એક સ્વરૂપ છે. આધુનિક યુગમાં ઉર્દૂ અને ફારસીના ઘણાં કાવ્યરૂપો જેવાં કે ગઝલ, રુબાઈ કે ચતુષ્પદી તથા અંગ્રેજી સાહિત્યના પ્રભાવથી પાશ્ચાત્ય ગીતિકાવ્યના વિવિધ રૂપ જેવાં કે સંબોધનગીત, શોકગીત, ધાર્મિકગીત, સોનેટ વગેરેને મુકતક કાવ્યની અન્તર્ગત જ માનવામાં આવે છે. સ્તોત્રકાવ્યને પણ આપણે મુકતક ગીતિકાવ્યની કોટિમાં મૂકી શકીએ.

મુકતક-કાવ્ય જીવનના પ્રાયઃ સર્વ વિષયોને આવરી લે છે. જીવનના હર્ષ, શોક, આશા-નિરાશા, સુખ-દુઃખ, સજ્જન પ્રસંશા, દુર્જનનિંદા, પુરુષાર્થ-માહાત્મ્ય, દેવનિંદા, લક્ષ્મીની ચંચળતા, ઉદારતા, પરોપરકાર, પરિશ્રમ, મહિમા, હાસ,પરિહાસ, ઉપાલંભ, કટાક્ષ, અન્યોક્તિ વગેરે પ્રકારના વિચારો મુકતકોમાં અભિવ્યકત થાય છે. વળી માનવીની પામરતા, ઈશ્વરની સર્વશકિતમત્તા સમર્પણની ભાવના, માનસપૂજા, ભકતહૃદયનો આર્તનાદ અને આધ્યાત્મિક તેમજ ફિલસુફીયુક્ત અનુભૂતિઓ વ્યકત કરવાનું માધ્યમ પણ મુકતક બને છે. આમ હોવાના કારણે અને કાવ્યના સ્વરૂપ-વિધાનમાં કાળ ક્રમાનુસાર પરિવર્તન થયું હોવાના કારણે પ્રાચીન આચાર્યોએ પાડેલા મુકતકોના પ્રકારોથી ભિન્ન પ્રકારના પ્રભેદો પણ પાડી શકાય. આ દષ્ટિએ મુકતક-કાવ્યને નિમ્નલિખિત રીતે વિભાજિત કરી શકાય.

૧) નીતિપ્રધાન મુકતક કાવ્ય.

૨) અન્યોક્તિપ્રધાન મુકતક કાવ્ય.

૩) સ્તવનપ્રધાન સ્તોત્ર મુકતક કાવ્ય.

૪) પ્રકીર્ણ મુકતક કાવ્ય.

● **કૃષ્ણકર્ણામૃત-મુકતકાવ્ય :-**

'કૃષ્ણકર્ણામૃતમ્'માં ઇષ્ટ દેવતાનાં જીવનવૃત્ત સંબંધી ઘટનાઓનાં નિર્દેશ દ્વારા કથાત્મકતાનો અંશ અનુભૂત થતો હોવા છતાં કૃતિ મહદંશે 'મુકતક-કાવ્ય'નું સ્વરૂપ નિષ્પન્ન કરે છે. મુકત કાવ્યના સ્વરૂપ અને પ્રકારોનું દર્શન 'કૃષ્ણકર્ણામૃતમ્'માં થાય છે.'કૃષ્ણકર્ણામૃતમ્'માં ઘણાં ખરાં

પદ મુકતક પ્રકારના છે. પ્રણય-શૃંગાર અથવા મધુર-રસ સાથે સંબંધિત તમામ પદ સ્વયં-સંપૂર્ણ અને પૂર્વાપર પ્રસંગ-નિરપેક્ષ બની રહે છે. તેથી સમગ્ર કાવ્ય જાણે મુકતક-સંગ્રહ હોય એવું કહી શકાય છે. રૂપ-સૌંદર્યના અનેક શબ્દચિત્રોમાં પ્રત્યેક વર્ણનમાંથી દરેક શ્લોક મુકતકની આભા પ્રસારે છે. મુકતકના વિવિધ પ્રકારોનું દર્શન કૃતિમાં થાય છે, જેનું વર્ગીકરણ નીચે આપ્યું છે.

(૧) યુગ્મક અથવા સન્દાનિતક : (બે શ્લોકોનું યુગ્મ)

(૧) આશ્વાસ-૧, શ્લોક- ૨-૩,

(૨) આશ્વાસ-૧, શ્લોક- ૯-૧૦,

(૩) આશ્વાસ-૧, શ્લોક- ૧૨-૧૩,

(૨) વિશેષક : (ત્રણે શ્લોકોનો સમુચ્ચય)

(૧) આશ્વાસ-૧, શ્લોક- ૪ થી ૬,

(૨) આશ્વાસ-૧, શ્લોક- ૧૫ થી ૧૭,

(૩) આશ્વાસ-૧, શ્લોક- ૪૦ થી ૪૨,

(૩) કલાપક : (ચાર શ્લોકોનો સમુચ્ચય)

(૧) આશ્વાસ-૧, શ્લોક- ૧૯ થી ૨૨.

(૨) આશ્વાસ-૧, શ્લોક- ૨૩ થી ૨૬.

(૩) આશ્વાસ-૧, શ્લોક- ૫૧ થી ૫૩.

(૪) આશ્વાસ-૧, શ્લોક-૭૮ થી ૮૧.

(૪) કુલક : પાંચથી ચૌદ સમાવતી રચનાને આચાર્યોએ 'કુલક' નામ આપ્યું. કુલક પ્રકારની કહી શકાય તેવી કેટલીક રચનાઓ આ પ્રમાણે છે.

(૧) આશ્વાસ-૧, શ્લોક- ૬૧ થી ૬૭

(૨) આશ્વાસ-૧, શ્લોક- ૪૩ થી ૫૦

(૩) આશ્વાસ-૧, શ્લોક- ૬૯ થી ૭૬

'કૃષ્ણકર્ણામૃતમ્'માં પ્રબંધાત્મકતાનો નિર્દેશ થયો હોવા છતાં, તેમાના ઘણાં પદ અર્થદષ્ટિએ સ્વયં-સંપૂર્ણ અને પૂર્વાપર - નિરપેક્ષ રહી શકતાં હોઈ આ પદો 'કોશ' પ્રકારના મુકતક સંગ્રહનું સ્વરૂપ ઉપસાવે છે.

## (૩) ખંડકાવ્ય અને કૃષ્ણકર્ણામૃતઃ-

સંસ્કૃતના આરંભિક કાવ્ય શાસ્ત્રીઓએ પ્રબંધ કાવ્યને સર્ગબદ્ધ કહ્યું છે. ભામહ અને દંડીની દષ્ટિએ સર્ગબદ્ધ કાવ્ય એટલે મહાકાવ્ય. તેમણે ખંડકાવ્યનો પ્રકાર દર્શાવ્યો નથી. રુદટે પ્રબંધ કાવ્યને 'મહત્' અને 'લઘુ' જેવાં બે પ્રકારોમાં વિભકત કર્યું છે. આનંદવર્ધન, વિશ્વનાથ વગેરેએ પણ ખંડકાવ્ય જેવો પ્રકાર બતાવ્યો નથી. સર્વ પ્રથમ સાહિત્યદર્પણકાર વિશ્વનાથે મહાકાવ્યની ચર્ચા કર્યા પછી 'ખંડકાવ્ય' નો પ્રકાર દર્શાવ્યો. ખંડકાવ્યની પરિભાષા આપતાં તેમણે કહ્યું : કોઈ ભાષા કે ઉપભાષામાં સર્ગબદ્ધ તેમજ એક કથાનો નિરૂપક પદ્યગ્રંથ કે જેમાં સર્વ સંધિઓ ન હોય તે કાવ્ય કહેવાય છે અને કાવ્યના એક અંશનું અનુકરણ કરનાર ખંડકાવ્ય કહેવાય છે[૩૮]. સામાન્યતઃ સંસ્કૃત કાવ્યશાસ્ત્રીઓએ ખંડકાવ્ય કહી શકાય તેવા કાવ્યોને ગીતિકાવ્યમાં સમાવિષ્ટ કરી દીધાં છે.

ખાસ કરીને સાહિત્યદર્પણકાર વિશ્વનાથને અનુસરીને ઉત્તરવર્તી ભારતીય વિવેચકોએ પ્રબંધકાવ્યના મુખ્ય બે પ્રકાર પાડયા છે. મહાકાવ્ય અને ખંડકાવ્ય. બન્નેમાં પ્રબંધાત્મકતાનો નિર્વાહ આવશ્યક મનાયો છે. બંનેમાં નામાનુસાર વિસ્તાર કે વ્યાપનું જ મુખ્ય અંતર છે. મહાકાવ્ય સમગ્ર જીવનવ્યાપી છે, તો ખંડકાવ્ય જીવનના કોઈ એક ભાગ પૂરતું હોય છે. મહાકાવ્યમાં જીવન કે નાયક સાથે સંબંધ પ્રાયઃ સર્વ પ્રસંગો કે વૃત્તાંતો સવિસ્તર નિરૂપાય છે, જ્યારે ખંડકાવ્ય એકદેશીય હોઈ જીવન કે નાયકના કોઈક એક ઉજ્જવળ અંશને સંક્ષેપમાં પણ પ્રભાવક શૈલીમાં નિરૂપે છે.

મહાકાવ્યની જેમ ખંડકાવ્યમાં પ્રસંગ વૈવિધ્ય, વર્ણન બાહુલ્ય, ગૌણ કથાંશો તેમજ વિભિન્ન વિચાર-રસ ભાવાદિના નિરૂપણને અવકાશ નથી. વિશ્વનાથ કહે છે તેમ ખંડકાવ્યમાં તો કોઈ એક જ ઘટના, એક જ રસ અને એક જ ભાવની પ્રધાનતા હોય છે.[૩૯] આમ, મહાકાવ્ય જીવનના વિશાળ ફલક પર વિસ્તરે છે, જ્યારે ખંડકાવ્ય જીવનના કોઈક એક પ્રભાવશાળી પક્ષને સ્વીકારીને સીમિત ફલક પર સંચરણ કરી સર્વથા સઘનતા, સંક્ષિપ્તતા, સચોટતા અને સંવિધાનાત્મક સુષ્ઠુ કલાના દર્શન કરાવે છે. સંક્ષેપમાં વિચાર, ભાવ કે કથાંશને રજૂ કરવાનો હોઈ ખંડકાવ્યના કવિને નિર્વહણમાં ભાવની ઉત્કટતા-પ્રબળતા અને પ્રભાવની એકતા જાળવવા સવિશેષ સતર્ક રહેવું પડે છે. મહાકાવ્યમાં કવચિત, કયાંક શૈથિલ્ય સહ્ય છે, પરંતુ ખંડકાવ્યમાં સર્વત્ર ગાઢ બંધતા અનિવાર્ય બની રહે છે. ગાઢ બંધતાની જાળવણીમાં જ ખંડકાવ્ય વાસ્તવિક કાવ્ય સૌંદર્યને પ્રગટાવે છે. આવી સઘનતા કે ગાઢબંધતાના અભાવમાં ખંડકાવ્ય રસાત્મકતા ગુમાવી બેસે છે.

બીજા શબ્દોમાં કહીએ તો મહાકાવ્ય વિશાળ ફૂલવાડી છે, જેમાં અનેક જાતના વિચારો અને વૈવિધ્યમયી ભાવનાઓ રૂપી અનેકરંગી પુષ્પો અને ભિન્ન ભિન્ન કથાંશો રૂપી છોડવાઓનો સમુચ્ચય સર્જાય છે. આનાથી વિપરીત ખંડકાવ્ય તો એક કથાંશ રૂપી છોડ પર સુગ્રથિત પુષ્પગુચ્છ છે. સુગ્રથિત પુષ્પગુચ્છની જેમ ખંડકાવ્યમાં ભાવસૌરભની ગહનતા, ચારૂતા અને કથાતંતુની સુગ્રથિતતા અપેક્ષિત છે.

- **કૃષ્ણકર્ણામૃત ખંડકાવ્ય :-**

લીલાશુક મધુરાભકિતના અધિપતિ છે. આ કક્ષા પર પહોંચ્યા પછી સ્તોત્ર ગાય છે. લીલાશુકના જીવનની અને ભકિતની ઉચ્ચ સ્થિતિ છે. ચિત્તએકાગ્રતામાં વિલાસ શરૂ થાય છે. તે સ્થિતિમાં ભગવાન અને ભકતનું જે આલિંગન છે તે અશરીરી આલિંગન છે. તેમનો પ્રેમ અશરીરી પ્રેમ છે. તેને જ અંગ્રેજીમાં Occult Love કહે છે. આ અશરીરી પ્રેમની સ્થિતિમાં છે તેઓ કાન્તાસકિત સુધી પહોંચ્યા છે. માનસિક ચિત્ત એકાગ્ર થયું છે. પૂર્ણતાની અનુભૂતિ આલેખે છે. જીવનના એક પ્રભાવશાળી અંશને પ્રભાવોત્પાદક શૈલીમાં અભિવ્યકત કરે છે.

કૃષ્ણકર્ણામૃત સ્તોત્રનો વર્ણ્ય વિષય 'ભાગવત'ના તરુણકૃષ્ણની ગોપીઓ સાથેની શૃંગારી ક્રીડાઓ છે. મધુરરસરૂપ શ્રીકૃષ્ણ કવિના આરાધ્ય દેવ છે. યુવાન કૃષ્ણની વ્રજવનિતાઓ સાથે શૃંગારી ક્રીડાઓના અનેક મનોહર ચિત્રો કવિ ભકતના આવેશમાં આલેખે છે. જેવા કે શિથિલનીવી બંધયુકત ગોપીસહસ્રથી આવૃત કૃષ્ણની કિશોરાકૃતિ(શ્લોક૧/૨) વ્રજાંગનાઓ દ્વારા ચુંબન કરાતી મધુર કિશોરમૂર્તિ (શ્લોક૧/૧૧), કૃષ્ણ ગોપીઓથી વનક્રીડા(શ્લોક૧/૨૧), કેલિક્રિડામાં કૃષ્ણનાં નર્મવચનો (શ્લોક૧/૩૨), કૃષ્ણ-રાધાની પ્રણયકેલિ(શ્લોક-૧/૯૧) વગેરે.

આ કૃતિમાં શૃંગાર અને ભકિતનો સમુચિત સમન્વય થયો છે. એમાં કવિહૃદયના ભાવ કોમળકાન્ત પદાવલીઓમાં તરંગિત થાય છે. એક જ ભાવ ઈશ્વર ભકિત એનાં કેન્દ્રમાં છે. સ્તુત્યાત્મક પદોના માધ્યમથી અર્ધશૃંગારી કલ્પનાઓના પરિવેશમાં ભકત કવિએ કૃષ્ણ પ્રત્યેની આસકિતપ્રધાન પ્રેમલક્ષણા ભકિતની અભિવ્યકિત કરી છે. કૃષ્ણ અને ગોપ કિશોરીની સંભોગલીલાના ચિત્રણમાં ઉન્મુકત શૃંગારી વૃત્તિનાં દર્શન થાય છે. વ્રજબાલાઓનાં કુચકુંભ પર લાગેલા કુમ-કુમથી અંકિત છે તે પ્રભુ(શ્લોક-૧/૯), કામકેલિ (૧/૨૦), દિન-પ્રતિદિન નિત્ય નવીન વિલાસ રીતિઓ

(૧/૮૭), ત્રિભુવનનું અદ્વિતીય ભૂષણ (૧/૯૦), શ્રી રાધાની સાથે રતિકલહનું વર્ણન(૧/૯૧) કૃષ્ણ દેવમાં તલ્લીન મન (૧/૫૩) વગેરે.

ઇષ્ટ દેવતાના જીવનવૃત્ત સંબંધી ઘટનાઓના વિસ્તૃત ચિત્રણનો અભાવ છે, માત્ર નિર્દેશ દ્વારા જ પ્રબંધાત્મકતા સર્જાય છે. ભકતકવિની રસમયી કલ્પના કૃષ્ણના રૂપ-સૌંદર્યનાં અનેક સુંદર શબ્દચિત્રો આલેખે છે. મથુરાવિથિમાં પ્રવેશતાં કૃષ્ણની આકર્ષક મૂર્તિનું ચિત્ર (૧/૫૭), પળ-પળ નિત્ય નવીન નયન સૌંદર્ય (૧/૧૩), રાસ વિહારી શ્રીકૃષ્ણના અનિર્વચનીય સૌંદર્ય (૧/૨૮), શૈશવ-મિશ્રિત કિશોરરૂપ (૧/૩૧), મુખમંડલના એક એક અંગની સુંદરતા (૧/૪૬), મધુરિમામાં નિમગ્ન મન(૧/૫૧), મુરલીમનોહર દેવમાં લીન (૧/૫૨), કિશોર કાન્તિપુંજનું વર્ણન (૧/૫૮), અનંગ માધુર્ય સાગરમાં નિમગ્ન(૧/૮૬) વગેરે.

ભકિતભાવભર્યા આત્મનિવેદન દ્વારા પરમતત્ત્વની કૃપા યાચવી એ એનું લક્ષ્ય છે. એમાં ભાવની ઉત્કટતા અને પ્રભાવની એકતા જળવાય છે. આ સ્તોત્રમાં સર્વત્ર કૃષ્ણના રૂપદર્શનની ઉત્કટ અભિલાષા-આતુરતા ભાવાનુરૂપ શબ્દોમાં રજૂ થઈ છે. કવચિત્ કવિ કૃષ્ણકરુણાથી દષ્ટિની શીતળતા ઝંખે છે. (૧/૨૪) તો કવચિત્ વ્રજની વનિતાઓથી આલિંગિત કૃષ્ણરુપના દર્શનની પ્રબળ ઈચ્છા વ્યકત કરે છે. (૧/૨૭). ઘડીમાં તેઓ કૃષ્ણના નુપૂરનો મધુરરવ સાંભળવાની કામના વ્યકત કરે છે. (૧/૩૯) તો ઘડીમાં કૃષ્ણના મધુરમુખનું પાન ઝંખે છે. (૧/૬૧) કૃષ્ણના લલિત મુખને કવિનું માનસ ચૂમે છે. (૧/૮૫) મનુષ્યની કામવૃત્તિને ભગવદ્ભિમુખ કરી અને પરિશુદ્ધ કરવાનો પ્રયાસ આવા સ્તોત્રોમાં પરિલક્ષિત થાય છે. લીલામુરલીનું નાદામૃત મારો વ્યાધિ કયારે દૂર કરશે (૧/૩૪) એવા નિરૂપણમાં ભક્તકવિની દીનતાનો આર્તનાદ ધ્વનિત થાય છે.

આમ, ' કૃષ્ણકર્ણામૃતમ્ 'માં ભક્ત કવિના જીવનના એક અંશનું નિરૂપણ થયેલ છે. જીવનનો એક ઉજ્જવળ અંશને એક પ્રભાવક શૈલીમાં વ્યકત કરે છે.

## (૪) ગીતિકાવ્ય અને કૃષ્ણકર્ણામૃતમ્ઃ-

વૈદિક યુગથી ગીતિકાવ્યોનો પ્રયોગ થયો હોવા છતાં પ્રાત્પઃ પ્રાચીન ભારતીય વિવેચકોએ ગીતિકાવ્યના સ્વરૂપની ચર્ચા કરી નથી. વસ્તુ-સ્થિતિ આમ હોવાના કારણે ગીતિકાવ્ય પાશ્ચાત્ય સાહિત્યના પ્રભાવનું ફળ માનવામાં આવે છે. વસ્તુતઃ આધુનિક પાશ્ચાત્ય વિવેચકોએ

નિર્ધારિત કરેલ ગીતિકાવ્યના ઘણાંખરાં લક્ષણો વૈદિક ઋચાઓમાં પ્રાપ્ત થાય છે. તેથી આપણે કહી શકીએ કે ગીતિ-રચના એ માત્ર પાશ્ચાત્ય પ્રભાવનું ફળ નથી, પણ ભારતીય સાહિત્યમાં આ પ્રકારની રચનાઓ વિપુલ પરિમાણમાં સર્જાઈ હોવા છતાં તેમનું નામાભિધાન થયું નહોતું. ગીતિ-કાવ્યની સંજ્ઞા એમને મળી નહોતી.

પ્રાચીન ભારતીય સાહિત્યમાં ગીત અને ગીતિના સ્વરૂપ સંબંધે કેટલાક ઉલ્લેખો તો પ્રાપ્ત થાય છે જ, જે નોંધપાત્ર છે. ભરત-નાટ્યશાસ્ત્રમાં 'ગીત' શબ્દનો પ્રયોગ દષ્ટિગત થાય છે. અમરકોશ અને હેમચંદ્રના કેટલાક સંકેતો[૪૦] ભારતીય ગીતિ-કાવ્યોની પરંપરા પરત્વે ધ્યાન ખેંચે છે. ગીત અને ગીતિકાવ્યનો વિકાસ લોકગીતોમાંથી થયો એમ પણ કહેવાય છે. પણ આ લોકગીતો શોધવા ઉત્તરવર્તી સાહિત્યમાં જ દષ્ટિપાત કરવાની જરૂર નથી. વેદના ગીતો પણ લોકગીતો જેવાં હતાં. આનાથી સ્પષ્ટ થાય છે કે ગીતિકાવ્યનો સૂત્રપાત વૈદિક યુગમાં થયો અને તત્પશ્ચાત્ આ પ્રકારની કાવ્યશૈલી નિરંતર વિકસતી રહી કે આજે આપણને પૂર્ણ ગીતિકાવ્યના સ્વરૂપે મળે છે. ભલે ગીતિકાવ્યનાં નિર્ધારિત લક્ષણો કદાચ વૈદિક ગીતોમાં પ્રાપ્ત ન પણ થાય, છતાં એ સ્વીકારવું જ પડે છે કે વૈદિક મંત્ર ગીતિકાવ્યનું પ્રારંભિક રૂપ છે. પરિણામે દેશ-કાલાનુસાર એનાં લક્ષણોમાં પરિવર્તન થયા જ કરવાનું.

પશ્ચિમનાં ગીતિકાવ્યની સંજ્ઞા ' લિરિક ' (Lyric) છે. લિરિકનો સંબસંધ વીણા જેવા વાદ્ય ' લાયર ' (Lyre)સાથે છે. આ તંતુવાદ્યની સાથે ગાવા માટે રચેલા ગીતને ગ્રીસમાં લિરિક કહેવાતું.

પાશ્ચાત્ય અને ભારતીય પ્રાચીન ગીતિ-કાવ્યના સર્જક પરિબળો સમાન છે. આ સંબંધી એક અભ્યાસી નોંધે છે. 'પાશ્ચાત્ય પ્રાચીન 'લિરિક' વાદ્ય સાથે ગવાતું. જ્યારે ભારતીય પ્રાચીન 'ઋચા' સસ્વર ગવાતી, એટલો જ બંનેના ભેદ છે. વૈદિક ઋચાઓ કે સ્તોત્રોમાં પ્રાચીન લિરિકની જેમ ગેયતાનુ તત્ત્વ પણ છે. વળી, એ ગીતોનો હેતુ પણ ધાર્મિક હતો. આથી કહી શકાય કે પ્રાચીન સમયમાં ગ્રીસમાં જેમ ધાર્મિક ઉદ્દેશ માટે ગેય કવિતાનો સૂત્રપાત થયો તેમ પ્રાચીન સમયમાં ભારતવર્ષમાં પણ ધાર્મિક ઉદ્દેશથી ગેય કવિતા ઋચાનો જન્મ થયો. 'લાયર' માંથી ગીતિકાવ્ય નિષ્પન્ન થઈ પલ્લવિત થયું. તો ઋચામાંથી ગીતિકાવ્યની પરંપરા સર્જાઈ.[૪૧]

વિવેચકો તેમજ અભ્યાસીઓએ ગીતિકાવ્યનાં લક્ષણો તારવ્યાં છે. તેમને અનુલક્ષીને ગીતિકાવ્યની પરિભાષા કંઈક આ પ્રમાણે આપી શકાય. ' જે સંગીતાત્મક, ગેય, છંદોબદ્ધ, ભાવપૂર્ણ, ભાવસાન્દ્ર, સંક્ષિપ્ત, અને વૈયકિતકતા તેમજ મધુર પદાવલિથી યુકત હોય તે ગીતિકાવ્ય કહેવાય.'

વિષય વસ્તુ, આકૃતિ, ઉદ્દેશ ઇત્યાદિ દષ્ટિએ ગીતિકાવ્યના અનેક-ભેદ-પ્રભેદ થઈ શકે. વિવેચકો અને અભ્યાસીઓએ ગીતિ-કાવ્યના પ્રમુખ ત્રણ પ્રકાર આપ્યા છે. (૧) ભકિતકાવ્ય (સ્તોત્રકાવ્ય, ધાર્મિકકાવ્ય) (૨) શૃંગારકાવ્ય (સંદેશકાવ્ય) (૩) ઉપદેશાત્મક કાવ્ય.[૪૨]

### ❋ કૃષ્ણકર્ણામૃત-ગીતિકાવ્ય :-

લીલાશુકનું 'કૃષ્ણાકર્ણામૃતમ્' એક ભકિતકાવ્ય છે. તેમાં ગીતિકાવ્યનાં લક્ષણો આ પ્રમાણે જોવા મળે છે.

- **સંક્ષિપ્તતા :-**

સંક્ષિપ્તતા એ ગીતિકાવ્યનું આગવું લક્ષણ છે. ભકત કવિ થોડા શબ્દનો પ્રયોગ કરીને ઉન્નત વિચાર વ્યકત કરી દે છે. જેમ કે नीलं बालं आराघ्नुमः[૪૩] અહીં ' बालं ' શબ્દ દ્વારા ભકત કવિ શ્રીકૃષ્ણમાં સંભવિત કામુકતાઓનો નાશ કરી દે છે. કૃષ્ણ તરુણ છે પણ મન શિશુ જેવું નિર્મળ છે. प्रणमदभयदानप्रौढि[૪૪] અભય આપનાર. ભગવાનની ઉદારતાનું એક જ શબ્દ દ્વારા વ્યકત કરી દે છે. ગીતામાં ભગવાન કહે છે. न मे भक्तः प्रणश्यति [૪૫](ગીતા-અ.૯) प्रत्यहं नूतनाभ्याम् [૪૬] પળે પળે નિત્ય-નવીન છે નાવીન્યપૂર્ણ છે. ભકિતમાર્ગ સ્વીકારનાર પ્રત્યેકને-ભકતને વિકાસની પ્રગતિ પર લઈ જનાર છે. ये यथा मां प्रपद्यन्ते तां तथैव भजाम्यहम् ।[૪૭] अमृतायमानैः[૪૮] ચેતન કરનાર પ્રત્યેક વ્યકિતમાં ચેતનાનો સંચાર કરીને ગતિ આપે છે. જડતામાં ચેતન પૂરનાર છે. कन्दर्पप्रतिभट्ट [૪૯] કામદેવને પરાસ્ત કરનાર પ્રત્યેક કામના પર વિજય પ્રાપ્ત કરી કલ્યાણકારી બને છે.

- **સંગીતાત્મકતા :-**

શબ્દોની આવૃત્તિ અને શબ્દોના નાદ દ્વારા એક ચમત્કાર સર્જાય છે. બંને બિંબોનો સમન્વય કાવ્યને નવીન ઉતેજના આપે છે. કૃષ્ણકર્ણામૃતના પદમાં સંગીતાત્મકતા દષ્ટવ્ય છે.

आलोललोचनविलोकित केलिधारा नीराजिताग्रचरणैः करुणाम्बुराशेः ।
आर्द्राणि वेणुनिनदैः प्रतिनादपूरैराकर्णयामि मणिनूपुरशिञ्जतानि ।।[૫૦]

**આ પદ્ય સંગીતમય છે. ચરણોથી નૃત્ય થાય છે, ઝાંઝરથી વાદ્ય અને મુરલીનું સંગીત ધ્વનિત થાય છે.** गीतं वाद्यं तथा नृत्यं त्रयं सङ्गीतमुच्यते ।' **અન્ય એક પદમાં** आन्दोलिताग्रभुजमाकुलनेत्र...[૫૧] **માં** નટવર નાગરના નૃત્યની કલ્પના કરે છે.

આમ, ગીતિમાં છંદના લયની સાથે સાથે રાગ અને સંગીતપક્ષ પર પણ ભાર મુકવામાં આવે છે.

- **ભાવસાન્દ્રતા :-**

ગોપીઓ પરમમધુર લીલા સ્વરૂપના દર્શનની આકાંક્ષા કરે છે. રાસવિહારમાં ગોપીઓને આકર્ષિત કરવા વેણુમાધવ બંસી બજાવે છે. બંસીની ધ્વનિ સાંભળતા જ ચિત્ત સાંસારિક વિષય - વાસનાઓથી મુકત થઈ જાય છે. ગોપીઓ બેશુદ્ધ બનીને રાસમંડલ તરફ દોડે છે. ભગવાન આપના દિવ્ય - ચિન્મય શ્રીવિગ્રહ મનુષ્યરૂપમાં પ્રકટ કરી લીલા કરે છે જે સાંભળીને જીવ ભગવદ્ પરાયણ બની જાય ભકત કવિ શારીરિક કામક્રીડાઓના માધ્યમથી આધ્યાત્મિક ઈશ્વર પ્રેમની ઝાંખી પ્રસ્તુત કરે છે. વંશી ધ્વનિથી આકર્ષાયેલ ગોપીઓ રાસલીલામાં માધુર્ય સિંધુમાં અવગાહન કરે છે. ભકત કવિ આ રૂપમાધુરીનીની હૃદયમાં કલ્પના કરે છે. રાસવિહારીની લીલાઓના ભાવ મારા ચિત્તમાં પ્રકાશિત થાઓ:[૫૨]

કામોદ્દીપક શબ્દચિત્રના માધ્યમથી રાધા-માધવની કામકેલિના રૂપક દ્વારા, ઇન્દ્રયાતીત પ્રેમનું વર્ણન કરે છે.[૫૩]હે મારા આત્મામાં રમણ કરનારા પ્રાણાધાર ! આપ કયારે દર્શન આપશો?[૫૪] ભકતકવિ વિરહ વ્યથા પ્રકટ કરે છે. હે કરુણાસિન્ધુઃ આપના દર્શન વિના આ વિરહ-વેદનાની કાળી રાતો કેવી રીતે પસાર કરું ? કોની સહાયતા માગું ?[૫૫] ભકતકવિ કહે છે પ્રભુ પ્રાપ્તિ કેવી રીતે થાય ? શ્રીકૃષ્ણના દર્શન મુનિઓ અને બ્રહ્મજ્ઞાનીઓને દુર્લભ છે. પરંતુ વ્રજાઙ્ગનાઓની સામે પ્રભુ રહે છે. અર્થાત્ પ્રભુ કૃપાનો આધાર ભકિત છે.[૫૬] ભકત કવિ ઘનિષ્ટ પ્રેમભાવને વ્યકત કરે છે. વ્રજબાલાઓની સાથે રતિક્રીડામાં પ્રાપ્ત વિજયથી મુદિત મન છે અને મુખ પર મધુરિમાની આભા છે તેમાં મન નિમગ્ન થાય છે.[૫૭]ભકત કવિ મંદસ્મિત યુકત અધરો થી રસધારા નિરંતર વહે છે તે બંસીના સુધારસરૂપી સમુદ્રમાં અવગાહન કરવાની ઇચ્છા કરે છે.[૫૮] પ્રેમરસમાં મત્ત ગોપીઓના આલિંગનથી શ્રીકૃષ્ણનું વક્ષઃસ્થળ કેસર કુમકુમથી અંકિત છે.[૫૯]

કૃષ્ણકર્ણામૃતમાં કવિહૃદયનો ભાવ ઘૂંટાઇને વ્યકત થયેલ જોઈ શકાય છે.

- **ભાવાત્મક આત્માભિવ્યક્તિ / વૈયક્તિકતા :-**

ગોપીઓ મુરલીનો અવાજ સાંભળીને સુધ-બુધ ભૂલી જાય છે અને તેમના વસ્ત્રોની ગ્રંથિઓ ઢીલી પડી જાય છે, તેને બાંધે છે. પ્રણત ભકતોના હાથમાં મોક્ષ પ્રદાન કરે છે.[૬૦] શૃંગાર રસથી પરિપૂર્ણ, માધુર્યના મહાસાગર અને અમૃતસિંધુ છે. આ માધુર્ય સરોવરમાં જે આનંદના તરંગો ઊઠે છે તે પ્રવાહ મને અનુપ્લાવિત કરે છે.[૬૧] કપટનિંદના અભિનય દ્વારા સાંભળવાની વિનોદલીલાનું કવિના હૃદયમાં સ્ફૂરણ થાય છે, તેની અનુભૂતિ કવિ રજૂ કરે છે.[૬૨] જો આપની કૃપા થશે તો બીજાનું શું પ્રયોજન અને જો આપ જ પ્રસન્ન ન હો તો અન્યના સહારાથી શું થાય ? ભગવદ્દ્કૃપાની અભિવ્યકિત કરે છે.[૬૩] કવિ આત્માલોચના કરે છે. – મારું એવું સૌભાગ્ય કયાં ? મેં એવા કર્મો કયાં કર્યા છે.[૬૪] રાસવિહારી મદનમોહનના દર્શનની અભિલાષા અને તેમની વેણુસ્વરલહરી સાંભળવાની લાલસામાં વિરહવ્યથાનો અનુભવ કરે છે. [૬૫] કવિની આકાંક્ષા છે કે મૃત્યુ આવે તે પહેલા વંશીધરનું દર્શન થાય.[૬૬] સંસારની મધુરિમાનો પરિપાક – પરમ પૂર્ણતમ માધુર્ય ને કેવી રીતે – કયાં ઉપાયથી પામી શકાય તે વિચારે છે.[૬૭] શ્રીકૃષ્ણમાં અતૂટ વિશ્વાસ રાખનાર અનન્ય ચિત્તથી ફકત મુરારિનું જ ચિંતન કરે છે.[૬૮] ભકત અને ભગવાનનો સંબંધ બતાવે છે.[૬૯] આર્ત બાંધવ કહીને પોકારે છે. ભકત કવિ પ્રભુ તરફ આશાવાન છે કે ભગવાન વિપત્તિમાં મદદ કરશે જ[૭૦].

મન્મથજનક મદનમોહનની અનિર્વચનીય કિશોરાવસ્થા ભકતકવિના ચિત્તનું હરણ કરે છે.[૭૧]

- **માધુર્ય- સૌંદર્ય :-**

ભકત કવિ પોતાના વિચારને કાવ્યમાં વ્યકત કરે છે, સુંદર ચિત્ર ઉભુ કરીને પાઠકના હૃદયચક્ષુ સમક્ષ ઉપસ્થિત કરવાનો પ્રયત્ન કરે છે. તેનામાં રાગ-આસકિત નિર્માણ થાય તે માટે ભગવાનના સૌંદર્યનું આબેહૂબ વર્ણન કરે છે. 'કૃષ્ણકર્ણામૃતમ્'માં ભકત કવિ અનેક માધુર્ય-સૌંદર્ય સંપન્ન પદાવલીઓ પાઠક સમક્ષ રજૂ કરી છે. જેમ કે –

> मधुरमधरबिम्बे मञ्जुलं मन्दहासे शिशिरममृतनादे शीतलं दृष्टिपाते ।
> विपुलमरुणनेत्रे विश्रुतं वेणुवादे मरकतमणिनीलं बालमालोकये नु ॥[૭૨]

આ પદાવલીમાં સ્થાયીભાવ માધુર્ય છે.

'કૃષ્ણકર્ણામૃતમ્'માં ગીતિના માધ્યમથી કવિનો આત્મપક્ષ ધ્વનિત થાય છે. પ્રત્યેક પદ સ્વયં પૂર્ણ અને મુકતક છે. તેમાં સૂક્ષ્મ ગહન અનુભૂતિ અને આવેગ ગુંફિત છે. કેન્દ્ર બિંદુ મર્મ સ્પર્શી છે અને સંગીતાત્મકતા પણ સ્ફૂટ થાય છે. કોઈ નિશ્ચિત સંપ્રદાયનો સિદ્ધાન્ત નિરૂપણની શુષ્કતામાંથી આ કૃતિ મુકત રહી શકી છે, એ ઉલ્લેખનીય છે. ભાવ અને આકર્ષક કવિત્વથી સંપન્ન પ્રસ્તુત ગીતિકાવ્ય ખરે જ ભાવોર્મિથી તરંગિત કવિતા-કામિનીનું મનોહર સ્વરૂપ પ્રગટાવે છે. સ્તોત્રકાવ્યોમાં ગીતિકાવ્યનો સર્વોત્કૃષ્ટ નમૂનો તે 'કૃષ્ણકર્ણામૃત' છે એમ નિઃશંક કહી શકાય. જયદેવ, ચૈતન્ય અને રૂપ ગોસ્વામી જેવા અનેક ઉત્તરવર્તી વૈષ્ણવ કવિઓએ 'કૃષ્ણકર્ણામૃત'થી પ્રભાવિત થઈ સંગીતાત્મક પદાવલીઓથી સંપન્ન સ્તોત્રો અને શૃંગારી ગીતિકાવ્યોનું સર્જન કર્યું છે.

## (૫) કૃષ્ણકર્ણામૃત-સ્તોત્ર કાવ્ય :-

કૃષ્ણકર્ણામૃતના કવિ બિલ્વમંગલના આરાધ્ય શૃંગારરસસર્વસ્વ, મધુરરસરૂપ શ્રીકૃષ્ણ છે. યુવાન કૃષ્ણની વ્રજ વનિતાઓ સાથેની શૃંગારી ક્રીડાઓના અનેક મનભર ચિત્રો કવિ ભકિતના આવેશમાં આલેખે છે. કલ્પનાઓના પરિવેશમાં ભકતકવિએ કૃષ્ણ પ્રત્યેની આસકિત પ્રધાન પ્રેમલક્ષણા ભકિતની અભિવ્યકિત કરી છે. જે ભકિતરસ કાનના અમૃત સમાન છે.

આમ, કવિએ શીર્ષકમાં પોતાના ઇષ્ટદેવતાને કેન્દ્રમાં રાખીને સ્તોત્રનું નામાભિધાન કરેલ છે.

સ્તોત્રના મંગલાચરણમાં મુખ્ય ચાર બાબતો હોય છેઃ- દેવ નમસ્કાર, ચરણ નમસ્કાર, યાચના અને ગુરુ નમસ્કાર.

'કૃષ્ણકર્ણામૃતમ્' નાં મંગલચરણમાં ભકત પોતાના ઇષ્ટદેવ અને ગરુની વંદના કરે છે. ઇષ્ટદેવ શ્રીકૃષ્ણને 'भगवान्' અને 'शिखिपिच्छमौलिः' બે વિશેષણથી અલંકૃત કરે છ. 'भगवान्'શબ્દથી ઐશ્વર્ય અને 'शिखिपिच्छमौलिः' શબ્દથી માધુર્ય ધ્વનિત થાય છે. સ્થાન સ્થાન પર કૃષ્ણની લીલાઓના રૂપ-ગુણ વર્ણનમાં ઐશ્વર્ય અને માધુર્યનું દર્શન કરાવે છે. 'चिन्तामणि' અને 'कल्पतरु', 'लीलास्वयं वर', અને 'जयश्रीः' સાર્થક શબ્દ છે. મંગલાચરણમાં આ શબ્દ પ્રયોગો ખુબ જ મહત્વનું સ્થાન ધરાવે છે. આમ, સ્તોત્રના મંગલાચરણમાં દેવ નમસ્કાર, ગુરુ નમસ્કાર કરે છે.

સંસ્કૃત સાહિત્યમાં લઘુ અને બૃહત બંને પ્રકારના સ્તોત્રો વિપુલ સંખ્યામાં લખાયાં છે, પરંતુ બૃહત્સ્તોત્રની સંખ્યા લઘુસ્તોસ્ત્ર કરતાં ઓછી છે. 'કૃષ્ણકર્ણામૃતમ્' નું બાહ્યરૂપ બૃહત્ છે.

'કૃષ્ણકર્ણામૃતમ્' નાં દક્ષિણ ભારતીય સંસ્કરણમાં ૩૨૭ પદ્યોના ત્રણ આશ્વાસ છે. બંગાળી સંસ્કરણમાં ૧૧૨-પદ્યોનો એક આશ્વાસ છે.

**● આત્મસમર્પણ :-**

ભકત કવિ લીલાશુક પોતાના આરાધ્ય દેવનાં ચરણોમાં સર્વસ્વ સમર્પણ કરતા કહે છેઃ

बालं नीलममी वयं मधुरिमस्वराज्यमाराध्नुमः ।[૭૩]

ભકત રાધાકૃષ્ણના ચરણચિન્હોથી સુશોભિત વૃંદાવનમાં અનન્ય નિષ્ઠા વ્યકત કરે છે :

विचित्रपत्राङ्कुरशालि बालास्तनान्तरं याम वनान्तरं वा ।

अपास्य वृन्दावनपादलास्यमुपास्यमन्यं न विलोकयाम ॥[૭૪]

જીવ શિવથી અલગ થાય છે. દેહધારી બને છે. દેહને સ્થળ, કાળનાં નિયમો તો સ્પર્શ કરવાના जातस्य हि ध्रुवो मृत्युः । તેથી આ જન્મમાં જ ભકત પ્રભુ સ્પર્શ પામવાની ઝંખના કરે છે.

यावन्न मे नरदशा दशमी कुतोऽपि

रन्ध्रादुपैति तिमिरीकृतसर्वभावा ।

लावण्यकेलिसदनं तव तावदेव

लक्ष्यासमुत्क्वणितवेणु मुखेन्दुबिम्बम् ॥[૭૫]

સર્વસ્વ સમર્પણ કરેલ ભકત અનન્ય પ્રેમાભકિતમાં ખૂબ જ સુંદર ઉદ્ગારો કરે છે. -"त्वमेव सर्वं मम देव देवः ।" મારા જીવનનું માધુર્ય, આનંદ, જ્ઞાન સંપતિ, વૈભવ, જીવન અને જીવનનું સર્વસ્વ- જીવનનો હેતુ પ્રભુ આપ જ છો-

प्रेमदं च में कामदं च मे वेदनं च मे वैभव च मे ।

जीवनं च मे जीवितं च मे दैवतं च मे देव नापरम् ॥[૭૬]

ભકત કવિને મન તો વ્રજ સુંદરીઓની શુદ્ધ કામકેલિથી રંજિત રસિક શેખર- ભગવાન શ્રીકૃષ્ણ જ પરમ આરાધ્ય છે.[૭૭]

**● આત્માભિવ્યકિતઃ-**

ભક્તિ કવિ ભગવાન પ્રત્યેની વિશેષ ભકિતથી પોતાનું સર્વસ્વ પ્રભુને સમર્પિત કરે છે અને પરમાત્મા પાસે પોતાની આત્માભિવ્યકિત કરે છે. પ્રભુ મારી વાણી સદા તારું ગુણનું કીર્તન

**કરતી રહે –**મધુરિમ્ણઃ કણિકાપિ કાપિ કાપિ ।[૭૮] **તેનાં રૂપ, ગુણનું કીર્તન જ જીવનનો આધાર છે[૭૯] ભકત કવિ ઉજજવલ ભાવાવિષ્ટ બનીને ગોપીભાવ પામવાની ઝંખના કરે છે.**

पल्लवारुणपाणिपङ्कजसङ्गिवेणुरवाकुलं

फुल्लपाटलपाटली परिवादिपादसरोरुहम् ।

उल्लसन्मधुराधरद्युतिमञ्जरी सरसाननं

वल्लवीकुचकुम्भकुङ्कुमपङ्किलं प्रभुमाश्रये ॥[૮૦]

**ભક્તો પર અનુગ્રહ કરવા ભગવાન પોતે વિવિધ રૂપ ધારણ કરે છે. પરંતુ ભકત કવિ તો ગોપીવલ્લભની કામના કરે છે.**

अपाङ्गरुखाभिरभङ्गुराभिरनङ्गरेखारसरञ्जिताभिः ॥

अनुक्षणं वल्लवसुन्दरीभिरभ्यस्यमानं विभुमाश्रयामः ॥[૮૧]

**રાસ લીલાના એક માત્ર આશ્રય સ્થાન, વ્રજનારીના નવલકિશોર, હૃદયના સમસ્ત હૃદયોના જ્ઞાતા છે. તે કૃષ્ણરૂપિણી જ્યોતિ અનિર્વચનીય છે [૮૨] તેની કામના કરે છે. ભકતકવિ હૃદયોદ્‌ગારથી આરાધ્ય દેવ પાસે પોતાના ઉદ્ધારની યાચના કરે છે.–**

माधुर्यवारिधिमदाम्बुतरङ्गभङ्गी शृंगारसंकुलितशीतकिशोरवेषम् ।

आमन्दहासललिताननचन्द्रबिम्बमानन्दसंप्लवमनु प्लवतां मनो मे ॥[૮૩]

**ભકત કવિ કહે છે કે– મારા એવા પુણ્ય કયાં છે કે આપ સ્વયં મને દર્શન આપો ! મારા પ્રયત્નોથી આપના દર્શન શકય નથી "પ્રભુ ! એક જ આશા છે. આપ સ્વયં દર્શન આપો."**

शिशरीकुरुते कदा नु नःशिखिपिच्छाभरणः शिशुर्दृशोः ।

युगलं विगलन्मधुद्रवस्मितमुद्रामृदुना मुखेन्दुना ॥[૮૪]

## ● ઇષ્ટદેવ સાથેનો સંબંધઃ-

**ભક્તિ કવિ કૃષ્ણવિષયિણી રતિમાં વિભોર છે. રાસલીલાના એક માત્ર આશ્રય સ્થાન ગોપી વલ્લભ શ્રીકૃષ્ણની કામના કરે છે.–**

प्रणयपरिणताभ्यां श्रीभरालम्बनाभ्यांप्रतिपदललिताभ्यां प्रत्यहं नूतनाभ्याम् ।

प्रतिमुहुरधिकाभ्यां प्रस्फुरल्लोचनाभ्यां प्रवहतु हदये नः प्राणनाथः किशोरः ॥[૮૫]

**શ્રી રાધારમણ કિશોર મૂર્તિની મધુરાતિમધુર લીલાઓથી ભકત કવિ મનને દિવ્ય મહાભાવોથી પૂર્ણ કરવાની અભિલાષા વ્યકત કરે છે. રાસલીલામાં ગોપીઓથી ઘેરાયેલા કૃષ્ણની કલ્પના કરે છે–**

आमुग्धमर्धनयनाम्बुजचुम्व्यमान हर्षाकुलब्रजवधूमधुराननेन्दोः ।

आरब्धवेणुरवमात्तकिशोरमूर्तेराविर्भवन्तु मम चेतसि केऽपि भावाः ॥[८६]

**ભકત પ્રિયા-પ્રિયત્તમની કામ-કેલિનું ચિંતન કરે છે. આ પ્રેમાભકિતમાં અન્તર્વપુની રચના થાય છે અને ભકત કવિ આ કામકેલિની માધુર્યની રસાનુભૂતિ કરે છે. ભકતના શબ્દ-ચિત્રમાં લીલાઓ સજીવ બની જાય છે–**

कलक्वणितकङ्कणं करनिरुद्धपीताम्बरं क्लमप्रसृतकुन्तलं गलितवर्हभूषं विभोः ।

पुनः प्रकृतिचापलं प्रणयिनी भुजायन्त्रितंमम स्फुरतु मानसे मदनकेलिशय्योत्थितम् ॥[८७]

**શારીરિક કામક્રીડાઓના માધ્યમથી આધ્યાત્મિક ઇશ્વરીય પ્રેમની ઝાંખી થાય છે. ઇન્દ્રિયાતીત પ્રેમનું વર્ણન કરે છે. 'રતિકલહ અને** 'कुसुमशरशरसमर कुपितमदगोपी'**, તેમજ** 'कुचकलशधुसृणुरसत्य सदुरसि' **પદ દ્વારા ઇન્દ્રિયાતીત પ્રેમનું વર્ણન કરે છે. પ્રિયા-પ્રિયતમ દ્વારા ભગવાન-ભકતના ભકિત સંબંધની પ્રગાઢતાનું વર્ણન કરે છે.**

- **સહજ અંતઃ પ્રેરણા :-**

**ભકત કવિ પોતાના આરાધ્યને પ્રાપ્ત કરવાની તીવ્રતમ ઇચ્છા વ્યકત કરે છે. ગોપીઓને પોતાનાં સત્કર્મોથી રાસવિહારીની રાસલીલાનો દિવ્ય આનંદ પ્રાપ્ત થાય છે. તેમ ભકત કવિનાં હ્રદયમાં આત્મસ્ફુરણા થાય છે–**

निखलभुवनलक्ष्मीनित्यलीलास्पदाभ्यांकमलविपिन वीथीगर्वसर्वं कषाभ्याम् ।

प्रणमदभयदानप्रौढिगाढादृताभ्यांकिमपि वहतु चेतः कृष्णपदाम्बुजाभ्याम् ॥[८८]

**ભકતઆરાધ્યના ચરણકમલ, નયનકમલના રૂપ સૌંદર્યની મનમાં વિરાજમાન કરવાની લાલસા કરે છે તેમ શ્રીકૃષ્ણચન્દ્રના અમૃતસિઘુના આનંદ તરંગોમાં અવગાહન કરવાની અભિલાષા વ્યકત કરે છે. – તેમજ વેણુનાદ સાંભળવાની ઇચ્છા કરે છે –**

अव्याजमञ्जुलमुखाम्बुजमुग्ध भावैरास्वाद्यमाननिजवेणुविनोदनादम् ।

आक्रीडतामरुणपादसरोरूहाभ्यामार्द्रेमदीयहृदये भुवनार्द्रमोजः ॥[८९]

ભકતકવિને માત્ર પદચિન્હ જ નહીં પરંતુ તે ચરણોમાં પહેરેલ મણિનુપુરની મધુર ઝણકાર પણ પરમાનંદ પ્રદાન કરે છે. –[૯૦] ભગવાનની માધુરીના અનેક રૂપો છે. તેમનું ઐશ્વર્ય માધુર્યના આવરણમા છુપાયેલ છે. ભગવાનનું માધુર્ય કયાંક વાણીમાં, મનમાં, નેત્રોમાં તથા કાનોમાં છુપાયેલ છે. આ પદ્યમાં ભકત પોતાના કાનથી ગોપીનાથ શ્રીકૃષ્ણના માધુર્યનું આસ્વાદન કરવાની અભિલાષા વ્યકત કરે છે.–

मम चेतसि स्फुरतु वल्लवीविभोर्मणिनूपुरप्रणयि मञ्जु शिञ्जितम् ।

कमलावनेचरकलिन्दकन्यकाकलहंसकण्ठकलकूजितादृतम् ॥[९१]

ભકત કવિ આવી સહજ અંતઃ પ્રેરણા દ્વારા પ્રેરિત થઈ આરાધ્યના અનેક લીલા ગુણોમાં લીન બની જાય છે.

## ● આરાધ્ય દેવ જ પૂર્ણ લક્ષ્ય :–

ભકતનુ પરમ લક્ષ્ય પોતાના આરાધ્ય દેવ કૃષ્ણ શિરોમણિ જ છે. તેના વગર સંસારની પ્રત્યે વસ્તુ તુચ્છ લાગે છે. તેની પ્રસન્નતા જ ભકત કવિને મન શ્રેષ્ઠ છે. –

मयि प्रसादं मधुरैःकटाक्षैर्वंशीनिनादानुचरैर्विधेहि ।

त्वयि प्रसन्ने किमिहापरैर्नरत्वय्यप्रसन्ने किमिहापरैर्नः ॥[९२]

ભકત પ્રભુ પ્રત્યે અનન્ય નિષ્ઠા વ્યકત કરે છે. આમ જ સમસ્ત પુરુષાર્થ પ્રદાતા છો. બધાની મનોકામના પૂર્ણ કરનાર છો.[૯૩] ભકત કવિ પોતાના આરાધ્યને જ લક્ષ્યમાં રાખીને સ્તુતિ કરે છે. પોતાના ભાવોને આરાધ્યની આગળ રજૂ કરે છે. –

यावन्न मे नरदशा दशमी कुतोऽपिरन्ध्रादुपैति तिमिरीकृतसर्वभावा ।

लावण्यकेलिसदनं तव तावदेवलक्ष्यासमुत्क्वणितवेणु मुखेन्दुबिम्ब् ॥[९४]

ભકત રસિકશેખર મદનમોહનના અનન્ય ભકત છે. તેમનાં જીવનનો ઉદ્દેશ્ય જ રાસલીલાનું કીર્તન છે. રાસલીલાનું ચિંતન જ પર્યાપ્ત છે.[૯૫] ભકત કવિ પોતાના હૃદયમાં ચાર પ્રકારની લીલાઓનો અવિછિન્ન પ્રવાહ માગે છે –

यानि त्वच्चरितामृतानि रसनालेह्यानि धन्यात्मनां

ये वा शैशवचापलव्यतिकरा राधावरोधोन्मुखाः ।

या वा भावितवेणुगीतगतयो लीलामुखाम्भोरूहे

धारावाहिकया वहन्तु हृदये तान्येव तान्येव मे ॥[९६]

**ભકત ભગવદ્દભકિતને પાંચમો – અને શ્રેષ્ઠ પુરુષાર્થ માને છે. હૃદયમાં દઢતમ ભકિતની અપેક્ષા કરે છે.**

भक्तिस्त्वयि स्थिरतरा भगवन्यदि स्याद्दैवेन नः फलति दिव्यकिशोरमूर्त्तिः ।

मुक्तिः स्वयं मुकुलिताञ्जलि सेवतेऽस्मान्धमार्थकामगतयः समयप्रतीक्षाः ॥[९७]

**આમ, ભકત કવિને મન પોતાના આરાધ્ય દેવ જ અંતિમ લક્ષ્ય હોય છે. તે જ સર્વસ્વ છે.**

- **એકાગ્રતા :-**

**ભકત કવિ પોતાના આરાધ્યમાં લીન બને છે. પરિણામે અંતઃકરણ તેમાં તલ્લીન બને છે એકાત્મકતા થતાં તેના રૂપ-ગુણના હૃદયોદ્દગાર સરવા માંડે છે.-**

बहलचिकुरभारं बद्धपिच्छावतंसं चपलचपलनेत्रं चारुबिम्बाधरोष्ठम् ।

मधुरमृदुलहासं मन्दरोदारलीलं मृगयति नयनं मे मुग्धवेषं मुरारेः ॥[९८]

**ભકત કવિ પોતાની અપરિમિત આકાંક્ષાઓનું ધ્યાન કરે છે. પૂર્ણતમ માધુર્યનું દર્શન કેવી રીતે સંભવ છે ?-**

बहलजलदच्छायाचौरं विलासभरालसं मदशिखिशिखालीलोत्तंसं मनोज्ञमुखाम्बुजम् ।

कमपि कमलापाङ्गोदग्रप्रसङ्गजडं जगन्मधुरिमपरीपाकोद्रेकं वयं मृगयामहे ॥[९९]

**ભકત અદ્દભુત પૂર્ણતમ માધુર્યનું વર્ણન કરે છે. શ્રીકૃષ્ણના દર્શનની કૃપા ભકતોને સુલભ છે. જેમના પર ભગવાનની કૃપા થાય છે, તે કૃપાનો આધાર ભકિત છે, તે જ ભગવાનના દર્શન કરી શકે છે.**

परामृश्यं दूरे पथि पथि मुनीनां ब्रजवधूदृशा दृश्यं शश्वत् त्रिभुवनमनोहारिवदनम् ।

अनामृश्यं वाचामनिशमुदयानामपि कदा दरीदृश्ये देवं दरदलितनीलोत्पलरुचिम् ॥[१००]

**ભકત ભગવાનના ઐશ્વર્ય અને માધુર્યનું વર્ણન કરે છે. દેવ,દયાળુ નયનાભિરામ છે, જે તેના ઐશ્વર્યનું વર્ણન કરે છે. તેમજ કૌતુકલીલા સાથે વંશી વાદન કરતા સ્મરણ કરે છે જે તેમના માધુર્યનું વર્ણન છે.[૧૦૧] ભકત કવિનું મન બાલમુકુંદના સૌદર્યમાં આસકત થઈ જાય છે.[૧૦૨]વંશીના સુધારસરૂપી સમૃદ્ધિમાં અવગાહન કરતા કવિ કહે છે.**

करकमलदलकलितललिततरवंशीकलनिनदगलदमृतघनसरसि देवे

सहजरसभरभरितदरहसितवीथीसततवहदधरमणिमधुरिमणि लीये ॥(કૃ-કૃ./૫૨)

આમ, ભકત કવિ પોતાના હૃદયના ભાવને ખુલ્લા મનથી વ્યકત કરે છે.

- **ભાવસાન્દ્રતા :-**

ભકત કવિ પોતાની રાગાત્મક અનુભૂતિ દ્વારા ભાવસાન્દ્ર બને છે. ભાવવિભોર બનીને આત્માનુભૂતિ કરે છે. કૃષ્ણભાવનાથી અભિભૂત થઈને કવિ ભગવાન શ્રીકૃષ્ણના અંગપ્રત્યંગની અનુપમ રૂપ –માધુરીનું દર્શન કરે છે.

एतन्नाम बिभूषणं बहुमतं वेषाय शेषैरलं

वक्त्रं द्वित्रिविशेषकान्तिलहरीविन्यासधन्याधरम्

शिल्पैरल्पधियामगम्यविभवैः शृङ्गारभङ्गीमयं

चित्रं चित्रमहो विचित्रमहहो चित्रं विचित्रं महः ॥[१०३]

ભકત કવિ ભાવાવેશમાં અનુભૂતિ કરે છે. પ્રભુપ્રાપ્તિની તીવ્રતમ ઝંખના છે. તેઓ ભાવાનુભવ કરે છે. પરંતુ ભાવાનુભવ – તત્સ્વરૂપમાં પરિણમે છે. ભકત કહે છે.-

चिकुरं बहलं विरलं भ्रमरं मृदुलं वचनं विपुलं नयनम् ।

अधरं मधुरं वदनं मधुरं चपलं चरितं च कदा नु विभोः ॥[१०४]

આ લીલાઓનો કયારે અનુભવ કરીશ. કૃપા પ્રસાદ માટે ભકત ક્રન્દન કરે છે. દર્શનની અભિલાષામાં અત્યંત દુઃખી છે. ભકત વિરહમાં આતુર અનેક ઉત્પ્રેક્ષાઓ કરે છે. સંભવતઃ તે મુરલીવાદનમાં નિમગ્ન હશે. મારા તરફ ધ્યાન નહીં ગયુ હોય પરંતુ તે તો કરુણાસાગર છે.[૧૦૫]

આમ ભકત કવિ ભાવસાન્દ્ર બનીને વિવિધ સ્વરૂપે સ્તુતિ કરે છે.

- **સરળતા અને નૈસર્ગિક્તા :-**

ભકતના જીવનમાં ભાવનુ પ્રાધાન્ય જોવા મળે છે.તેનું હૃદય એકદમ નિષ્પાપ અને વિશુદ્ધ બનેલ હોય છે. તેથી સરળતા અને નૈસર્ગિકતા સહજ ગુણ બને છે. પરિણામે પોતાના આરાધ્ય પ્રત્યેનો ભાવ હૃદયના સહજ ઉદ્‌ગારોથી જ વ્યકત કરે છે.-

अमून्यधन्यानि दिनान्तराणि हरे त्वदालोकनमन्तरेण ।

अनाथबन्धो करूणैकसिन्धो हा हन्त हा हन्त कथं नमामि ॥[१०६]

**ભકત કહે છે આપના દર્શન વિના ભાગ્યવિહીન નિરર્થક જીવન છે. આ વિરહવેદનાની કાળી રાતો કેમ પસાર કરું ?**

चित्रं तदेतच्चरणारविन्दं चित्रं तदेतन्नयनारविन्दम् ।

चित्रं तदेतद्वदनारविन्दं चित्रं तदेतद्वपुरस्य चित्रम् ॥[१०७]

**ભકત કવિનુ પરમ સૌભાગ્ય છેકે તે દર્શન કરે છે. ધ્યાનમાં સાક્ષાત્કારથી કવિ આશ્ચર્યચકિત થઈ પોતાના ભાવને સરળતા અને સહજતાથી વ્યકત કરે છે. ભકત આરાધ્યને વ્રજભૂષણ નહીં પરંતુ ત્રિભુવનનું અદ્વિતીય ભૂષણ કહે છે.–'**अखिलभुवनैकभूषणमधिभूषित**' રાસમંડલની શૃંખલામાં તે મરકતમણી સમાન સુશોભિત છે.નરાકૃતિ પરબ્રહ્મની સ્તુતિ કરે છે.–**

शृङ्गाररससर्वस्वं शिखिपिच्छविभूषणम् ।

अङ्गीकृतनराकारमाश्रये भुवनाश्रयम् ॥[१०८]

**ભકત ભગવાનની સહજ વત્સલતા પોતાનુ પરમ સૌભાગ્ય માને છે.**

सर्वज्ञत्वे च मौग्ध्ये च सार्वभौममिदं महः।

निर्विशन्नयनं हन्त निर्वाणपदमश्नुते ॥[१०९]

**આમ, ભકતકવિ સહજતાથી આરાધ્યની સ્તુતિ કરવા લાગે છે જેમાં સહજતા અને સરળતા જોવા મળે છે.**

- **સંગીતાત્મકતા :-**

**ભકત એક ચિત્ત થઈને પ્રભુની લીલાઓનું ધ્યાન કરે છે, તેના ગાનમાં સ્વતઃ સંગીતમય શબ્દો સ્ફૂરે છે. ભકત કવિ પોતાને દર્શન આપવા માટે આર્ત પુકાર કરે છે. આ પ્રકાર સાંભળીને જાણે ભગવાન સ્વયં પ્રગટ થાય છે તેમ અનુભવે છે.**

आलोललोचनविलोकितकेलिधारानीराजिताग्रचरणैः करूणाम्बुराशेः ।

आर्द्राणि वेणुनिनदैः प्रतिनादपूरैराकर्णयामि मणिनूपुरशिञ्जितानि ॥[११०]

**ભકત કૃષ્ણદર્શનની અનુભૂતિ પ્રકટ કરે છે. '**रस ईयत अनुभूयते अनेन इति रसायनम् । **ભકત કલ્પના કરે છે કે નટવર નાગર નૃત્ય કરતા –કરતા આવે છે.**

आन्दोलिताग्रभुजमाकुलनेत्र मार्द्रस्मितार्द्रवदनाम्बुजचन्द्रबिम्बम् ।

शिञ्जानभूषणचितं शिखिपिच्छमौलि शीतं विलोचनरसायनमभ्युपैति ॥[१११]

રાસલીલામાં રાસવિહારી ગોપીઓની સાથે એવી રીતે નૃત્ય કરે છે કે પ્રત્યેકને ભગવાન પોતાની સાથે રાસ રમે છે. તેની અનુભૂતિ થાય છે. ભકત કવિ ગોપીઓના 'મહાભાવ'ની પ્રેમાનુભૂતિ કરે છે.

चापल्यसीम चपलानुभवैकसीम चातुर्यसीम चतुरानन शिल्पसीम ।

सौरभ्यसीम सकलाद्भुतकेलिसीम सौभाग्यसीम तदिदं व्रजभाग्यसीम ॥[११२]

' चापल्यसीम ' **નું તાત્પર્ય છે કે રાસલીલામાં** 'द्रुतगति' **નૃત્યલાઘવથી છે.**

मृदृक्वेणन्नूपरमन्थरेण'**ઝંકૃત નૂપુરમાં મન્થરગતિ છે, જે વેણુવાદનું અનુસરણ કરે છે. આમ, ભકત કવિના હૃદયમાંથી સહજ સંગીતાત્મકતા સ્ફૂરે છે.**

- **શરણાગતિ :-**

ભક્ત કવિ વ્રજયુવતિઓની સાથે ભગવાન શ્રીકૃષ્ણની સાથેની રાસલીલાનું વારંવાર શ્રવણ-વર્ણન થતાં તે રાસવિહારીનું શરણ સ્વીકારે છે. આરાધ્યના ચિંતનમાં તલ્લીન બને છે.

तेजसेऽस्तु नमो धेनुपालिने लोकपालिने

राधापयोधरोत्सङ्गशायिने शेषशायिने ॥[११४]

ભકત ભગવાનના તેજરૂપને નમસ્કાર કરે છે. નિરાકાર બ્રહ્મજ્યોતિ લોકપાલ તેમજ ધેનુપાલ છે. વ્રજબાળા ઓનાં ભાગ્યોત્કર્ષનું વર્ણન કરતા કવિ બ્રહ્મરાશિરુપ મહસ્તેજને વારંવાર નમસ્કાર કરે છે.

धेनुपालदयितास्तनस्थलीधन्यकुङ्कमसनाथकान्तये ।

वेणुगीतगतिमूलंवेधसे ब्रह्मराशिमहसे नमो नमः ॥[११५]

મુનીશ્વરો અને પતીશ્વરો પ્રભુની ઘોર સાધના કરીને પણ દર્શન નથી કરી શકતા, પરંતુ ગોપબાલ તેનું દર્શન કરી શકે છે. ભકત કહે છે 'મેં એવા પુણ્યકર્મ તો નથી કર્યાં કે પ્રભુદર્શન થાય ભગવાનનો કૃપાપ્રસાદ થાય. શ્રીકૃષ્ણના અનિર્વચનીય રૂપ-સૌંદર્યથી આશ્ચર્યચકિત થઈને કવિ વારંવાર નમસ્કાર કરે છે.

सोडयं सोडयं स्वादतामञ्जलिस्ते भूयो भयो भूयशस्त्वां नमामि ॥[११६]

આમ, ભકત કવિના માટે પરમેશ્વર જ એકમાત્ર શરણ બની રહે છે.

- **યાચનાભાવ :-**

ભકત કવિ આરાધ્ય દેવ પાસે વિવિધ યાચનાઓ કરે છે. આ યાચનામાં ભકતહૃદયનુ કરુણ ક્રંદન કે કવચિત્ કાકલૂદીની પણ અનુભૂતિ થાય છે. ઇષ્ટ દેવતાનું સ્વરૂપ તો અંચિત્ય છે. તેથી ભકત કવિ તેમની પાસે માત્ર કૃપા યાચે છેઃ 'હે ભગવાન ! આપ કૃપા કટાક્ષ અને વંશીની મધુર ધ્વનિથી

કૃતાર્થ કરો. હે કૃપાના મહાસાગર ! આપના દર્શન અને મુરલીસ્વામૃતથી મારા અંતઃકરણમાં દુઃખને કયારે હટાવશો?

ભકત કવિ કૃપાસાગરના મુખમયંકનું દર્શન અને લીલાપ્રધાન મુરલીવાદનના અમૃત માટે યાચના કરે છે. ભકિત યાચના કરતા ભકત કહે છેઃ

माधुर्येण विवर्धन्तां वाचो नस्तव वैभवे ।

चापल्येन विवर्धन्तां चिन्ता नस्तव शैशवे ।।[११७]

સુદઢ ભકિતની યાચના કરતા કહે છેઃ भक्तिस्त्वपि स्थिस्तरा भगवन्यदि स्यात् ।

## ● ઉપાસના દર્શનેચ્છા :-

ભક્ત કવિ મનોજગતમાં દિવ્ય મૂર્તિનો આકાર ધારણ કરે છે ત્યારબાદ તેના તીવ્રતમ દર્શનની અભિલાષા પ્રગટ કરે છે. અહીં ભકત તીવ્રતમ દર્શનેચ્છા વ્યકત કરે છે.-

कारूण्यकर्बुरकटाक्षनिरीक्षणेनतारूण्यसंवलितशैशव वैभवेन ।

आपुष्णता भुवनमद्भुतविभ्रमेण श्रीकृष्णचन्द्र शिशिरीकुरू लोचनं मे ।।[११८]

પરમ રસમય દિવ્ય માધુર્યના દર્શનની ઉત્કંઠા વ્યકત કરે છે.

पिच्छावतंसरचनोचितकेशपाशे पीनस्तनीनयनपङ्कजपूजनीये ।

चन्द्रारविन्दविजयोद्यत वक्त्रबिम्बे चापल्यमेति नयनं तव शैशवे नः ।।[११९]

સંસારની મધુરિમાના પરિપાક – પરમપૂર્ણતય માધુર્યને કયા ઉપાયથી જોઈ શકાશે?[૧૨૦] દર્શનાભિલાષા તીવ્રતમ બને છે.

## ● દેવતાના સ્વરૂપનું નિરૂપણ :-

ભક્ત દેવતાના સ્વરૂપનું વર્ણન કરે છે. આ વર્ણનનો મુખ્ય હેતુ રૂપ-સૌંદર્યના ચિત્રણનો છે. દેવતાના રૂપનું વર્ણન કરતા ભકત થાકતો નથી. કવચિત અતિશયોકિત અને કલ્પનાનો સહયોગ લે છે. ભકત કવિની દષ્ટિએ ઇષ્ટદેવતા સૌંદર્યનિધિ છે. તેના જેવું સૌંદર્ય કયાંય નથી નિત્યકિશોર શ્રીકૃષ્ણના સૌંદર્યનું મનોહર વર્ણન ભકત કરે છે.

अस्ति स्वस्तरूणीकराग्रविगलत्कल्पप्रसूनाप्लुतं

वस्तु प्रस्तुतवेणुनादलहरी निर्वाणनिर्व्याकुलम् ।

स्रस्तस्रस्त निरूद्धनीविविलसद्गोपीसहस्रावृतम्

हस्तन्यस्तनतापवर्गमखिलोदारं किशोराकृति ।।[१२१]

**મનો મનોહર ભાવોની સાથે વંશીની માદક ધ્વનિનું આસ્વાદન કરતા ત્રિભૂવનને આનંદની અમૃતધારાથી અનુપ્લાવિત કરે છે. વ્રજ કિશોરની વિશ્વમોહક રૂપમાધુરીનું વર્ણન કરે છે.**

आनम्रामसितभ्रुवोरूपचितामक्षीणपक्ष्माङ्कुरे -

ष्वालोलामनुरागिणोर्नयनयोराद्रा मृदौ जल्पिते ।

आताम्रामधरामृते मदकलामम्लानवंशीस्वने-

ष्वाशास्ते मम लोचनं ब्रजशिशोमूर्ति जगन्मोहिनीम् ।।[१२२]

**કૃષ્ણભાવનાથી અભિભૂત કવિ ભગવાન શ્રીકૃષ્ણના અંગપ્રત્યંગની રૂપમાધુરીનું વર્ણન કરે છે.**

पादौ वादविनिर्जिताम्बुजवनौ पद्मालयालम्बितौ

पाणी वेणुविनोदनप्रणयिणौ पर्याप्तशिल्पश्रियौ ।

वाहू दोहदभाजनं मृगदृशां माधुर्यधाराकिरौ

वक्त्रं वाग्विषयातिलंघनमहो ! बालं किमतेन्महः ।।[१२३]

**શ્રીકૃષ્ણના તારુણ્યનું વર્ણન કરતાં કવિ કહે છે -'માધુર્યથી પણ અધિક મધુર, ચપલતાથી પણ ચપલ છે આપ, ભકત કવિ પોતાના આરાધ્ય દેવનું ક્ષણે -ક્ષણે નવીન રૂપમાધુરીનું વર્ણન કરે છે.**

## પ્રકરણ-૮

### ● પાદટીપઃ

(१) दृश्यश्रव्यत्वभेदेन पुनः काव्यं द्विधा मतम् ।

दृश्यं तत्राभिनेयं तदुपारोपात्तु रुपकम् ।। ना. शा. ३२,३८५

(२) दशरुपक १,११, साहित्यदर्पण ६/१-६

(३) नाटकं प्रकरणं च नाटिका प्रकरण्यथ

व्यायोगः समवकारो भाणः प्रहसनं डिमः ।।

अङ्कःइहामृगो-वीथी चत्वारः सर्ववृत्तयः । नाट्यदर्पण १/३-४

(४) काव्यं प्रेक्ष्यं श्रव्यं च । काव्यानु. ८/१

पेंक्ष्यं पाठयं गेयं च काव्यानु. ८/२

(५) पाठयं नाटक- प्रकरण-नाटिका-सटट्कादिः । काव्यानु. ८/३

(६) नाटकं द्विपदीशम्यारासकस्कन्धकादि यत् । काव्यालङ्कार १/२४

(७) गद्यं पद्यं च मिश्रं च तत् त्रिधैव व्यवस्थितम् । का द. १/११

(८) सममर्धसमं वृत्तं विषमज्ज त्रिधा मतम् ।

**('કાવ્યાલંકાર સુત્રવૃત્તિ' ના ટીકાકાર ગોપેન્દ્ર ત્રિપુર હરભૂપાલ દ્વારા ભામહના નામે ઉદ્દ્ધૃત)**

(९) काव्यालङ्कार १

(१०) दण्डी, का.द.१/३२, भोज, सरस्वतीकण्ठाभरण, अग्निपुराण ३३७/८

(११) अग्निपुराण, ३३७/८

(१२) अपादः पादसन्तानो गद्यमाख्यायिका कथा । का. द. १/२३

(१३) साहित्यदर्पण. ३/१३९

(१४) का. द. १/१४-१९-२३ : सा. द. ६/३१५-३२९

(१५) शब्दचित्रं वाच्यचित्रमव्यंग्यं त्ववरं स्मृतम् । काव्यप्रकाश १/५

(१६) सव्यंग्यमेव काव्यं न व्यंग्यरहितम् । चन्द्रालोक ५/१

(१७) मुक्तकं श्लोक एवैकचमत्कारक्षमः सताम् । अग्निपुराण, ३३७/३६

(१८) मुक्तकमन्येनालिंगितं तस्य संज्ञायां कन् । ध्वन्यालोक, लोचनटीका, ३/७

(१९) पूर्वनिरपेक्षणापि हि येन रसचर्वणा क्रियते तन्मुकतकम् । ध्वन्यालोक पृ. १७५

(२०) अनिबन्द्धं मुक्तादि । काव्यानुशासन अ.८

(२१) मुक्तकं कुलकं कोशः संधात इति तादशः ।

(२२) नानिबद्धं चकास्ति एकतेजः परमाणुवत् । का. सु. १/३/१९

(२३) मुक्तकेषु हि प्रष्धेष्वि रसबन्धाभिनिवेशिनः कवयो द्दृश्यन्ते । यथा हि
अमरुकस्य कर्वेमुक्तकाः शुंगाररससस्यन्दिनः प्रबन्धायमानाः प्रसिद्धा एव ।
-ध्वन्यालोक तृ. उ. पृ. १८२

(२४) ध्वन्यालोक. तृ. उ.

(२५) ध्वन्यालोक तृ. उ.

(२६) काव्यानुशासन ८/१०

(२७) साहित्यदर्पण ६/३२९-३०

(२८) काव्यानुशासन ८/१०

(२९) काव्यानुशासन ५,११, साहित्यदर्पण. ६/३१४-१५

(३०) काव्यानुशासन ८/१२

(३१) काव्यानुशासन, प्र. अघ्याय ।

(३२) साहित्यदर्पण. ६/३२९

(३३) काव्यानुशासन अ. ८

(३४) काव्यानुशासन अ. ८

(३५) काव्यादर्श, १/१३ : प्रकाश-व्याख्या ।

(३६) ध्वन्यालोक पृ. १७८

(३७) स पुनर्द्विधा मुक्तकप्रबन्धविषयत्वेन । काव्यमीमांसा ९

(३८) भाषाविभाषानियमात्काव्यं सर्गसमुत्थितम् ।
एकार्थप्रवणैः पद्यैः सन्धिसामग्र्यवर्जितम् ।
खंडकाव्यं भवेत्काव्यस्यैकदेशानुसारि च ।। साहित्यदर्पण-६/३२८-३२९

(३९) खंडकाव्यं भवेत्काव्यस्यैकदेशानुसारि च ।। साहित्यदर्पण-६/३२९

(४०) गेयं डोम्बिका-भाण-प्रस्थान-शिंगक-भाणिका-प्रेरण-रमाकीड-हल्लीसकः
रासक-गोष्ठि-श्रीगदित-राग-काव्यादिः । काव्यानुशासन-८/४

(४१) **डॉ. मणिभाई ई. प्रजापति, संस्कृत स्तोत्रकाव्य, उद्‌भव, विकास अने स्वरुप, पृ.१३०**

(४२) V.Varadachari, A History of the Sanskrit-Literature Chep. XIV

(૪૩) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૩**

(૪૪) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૧૨**

(૪૫) **શ્રીમદ્‌ભગવદ્‌ગીતા- અ-૯/૩૧**

(૪૬) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૧૩**

(૪૭) **શ્રીમદ્‌ભગવદ્‌ગીતા- અ-૪/૧૧**

(૪૮) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૨૬**

(૪૯) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૩૯**

(૫૦) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૩૯**

(૫૧) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૭૦**

(૫૨) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૧૯**

(૫૩) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૨૦**

(૫૪) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૪૦**

(૫૫) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૪૧**

(૫૬) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૪૮**

(૫૭) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૫૧**

(૫૮) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૫૨**

(૫૯) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૫૩**

(૬૦) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/ ૨**

(૬૧) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૧૪**

(૬૨) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૨૧**

(૬૩) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૨૯**

(૬૪) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૩૩**

(૬૫) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૩૬**

(૬૬) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૩૮**

(૬૭) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૪૭**

(૬૮) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૫૬**

(૬૯) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૬૨**

(૭૦) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૬૩**

(૭૧) **કૃષ્ણકર્ણામૃત આ. ૧//૬૫**

(૭૨) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૬૪**

(૭૩) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૩**

(૭૪) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૨૨**

(૭૫) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૩૮**

(૭૬) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૧૦૪**

(७७) देवस्त्रिलोकीसौभाग्यकस्तुरीमकराङ्कुरः ।

जीयाद् व्रजाङ्गनानङ्गकेलिलालितविभ्रमः ।। कृ.१/१०३

(૭૮) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૭**

(७९) विजयतां मम वाङ्मयजीवितम् । कृ.१/८

(૮૦) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૯**

(૮૧) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૧૦**

(૮૨) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૧૧**

(૮૩) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૧૪**

(૮૪) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૨૪**

(૮૫) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૧૩**

(૮૬) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૧૯**

(૮૭) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૨૦**

(૮૮) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૧૨**

(૮૯) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૧૫**

(९०) मणिनूपुरवाचालं वन्दे तच्चरतं विभोः । कृ.१/१६

(૯૧) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૧૭**

(૯૨) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૨૯**

(૯૩) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૩૦**

(૯૪) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૩૮**

(૯૫) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૧૦૫**

(૯૬) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૧૦૬**

(૯૭) **કૃષ્ણકર્ણામૃત આ. ૧/૧૦૭**

(૯૮) કૃષ્ણકર્ણામૃત આ. ૧/૪૬

(૯૯) કૃષ્ણકર્ણામૃત આ. ૧/૪૭

(૧૦૦) કૃષ્ણકર્ણામૃત આ. ૧/૪૮

(૧૦૧) કૃષ્ણકર્ણામૃત આ. ૧/૪૯

(૧૦૨) કૃષ્ણકર્ણામૃત આ. ૧/૫૦

(૧૦૩) કૃષ્ણકર્ણામૃત આ. ૧/૫૯

(૧૦૪) કૃષ્ણકર્ણામૃત આ. ૧/૬૧

(૧૦૫) કૃષ્ણકર્ણામૃત આ. ૧/૬૩

(૧૦૬) કૃષ્ણકર્ણામૃત આ. ૧/૪૧

(૧૦૭) કૃષ્ણકર્ણામૃત આ. ૧/૮૯

(૧૦૮) કૃષ્ણકર્ણામૃત આ. ૧/૯૩

(૧૦૯) કૃષ્ણકર્ણામૃત આ. ૧/૮૩

(૧૧૦) કૃષ્ણકર્ણામૃત આ. ૧/૩૮

(૧૧૧) કૃષ્ણકર્ણામૃત આ. ૧/૭૦

(૧૧૨) કૃષ્ણકર્ણામૃત આ. ૧/૭૪

(૧૧૩) કૃષ્ણકર્ણામૃત આ. ૧/૭૭

(૧૧૪) કૃષ્ણકર્ણામૃત આ. ૧/૭૬

(૧૧૫) કૃષ્ણકર્ણામૃત આ. ૧/૭૭

(૧૧૬) કૃષ્ણકર્ણામૃત આ. ૧/૯૫

(૧૧૭) કૃષ્ણકર્ણામૃત આ. ૧/૧૦૫

(૧૧૮) કૃષ્ણકર્ણામૃત આ. ૧/૨૫

(૧૧૯) કૃષ્ણકર્ણામૃત આ. ૧/૩૧

(૧૨૦) કૃષ્ણકર્ણામૃત આ. ૧/૪૭

(૧૨૧) કૃષ્ણકર્ણામૃત આ. ૧/૨

(૧૨૨) કૃષ્ણકર્ણામૃત આ. ૧/૫૪

(૧૨૩) કૃષ્ણકર્ણામૃત આ. ૧/૫૮

# પ્રકરણ-૯

## સ્તોત્રમાં મનોવિજ્ઞાન

(૧) પ્રસ્તાવના

(૨) જીવન વિકાસ માટે સગુણોપાસના

(૩) ભક્તિના પ્રકાર

(૪) કૃષ્ણકર્ણામૃતમાં મનોવિજ્ઞાન

## પ્રકરણ-૯

# સ્તોત્રમાં મનોવિજ્ઞાન

### (૧) પ્રસ્તાવના :-

સ્તોત્ર એટલે આદિમ શકિતને કરેલા કાલાવાલા. કાલાવાલા તો કોઈ પણ કરે પરંતુ, ભકત, આચાર્ય જેવી એક મહાન વ્યકિત કાલાવાલા કરે તેમાં વૈશિષ્ટય છે. તેજસ્વી ભકિત જેમના જીવનમાં સાકારિત થઈ છે તે ભકત સ્તોત્ર ગાય છે તે વિશેષ છે.

આજે શરીર દૂબળું થાય તો માણસ તરત એ, બી વગેરે વિટામીનો લેવા લાગે છે. માણસનું શરીર તરફ વિશેષ ધ્યાન છે, પણ મન દૂબળું બની જાય છે તે તરફ તેનું ધ્યાન નથી. શરીરની પુષ્ટિ થવી જોઈએ તેમ જીવ સાથે જન્માંતર સુધી આવવાવાળા મનને પણ પુષ્ટિ આપવી જોઈએ, કારણ मनःएव मनुष्याणां कारणं बन्धमोक्षयोः-[૧] મન જ મનુષ્યની સર્વપ્રવૃત્તિનું મૂળભૂત કારણ છે. જીવન વિકાસ કરવા માટે મન ઉપર પરિણામ થવું જરૂરી છે.

આપણા ઋષિમુનિઓએ અને આચાર્યોએ मोक्षकारण सामग्र्यां भक्तिरेव गरीयसी- કહી જીવનવિકાસ માટે ભકિતનું મહાત્મ્ય સમજાવ્યું છે. ભકિતમાં બે પાસા છે. ભાવભકિત અને કૃતિભકિત.[૧] ભાવભકિત એટલે ચિત્તએકાગ્રતા. ચિત્તએકાગ્રતા ભૌતિક નથી માનસિક છે, કારણ ચિત્ત જેમાં એકાગ્ર કરવાનું છે, તેનો જ આકાર 'મને-ચિત્તે' લેવાનો છે. બીજા શબ્દમાં કહીએ તો, મન જ આકાર ઊભો કરે છે. તેથી મન જો સર્વગુણસંપન્ન એવી મૂર્તિનો આકાર લે, તો જ મનમાં મૂર્તિના ગુણો સંક્રાન્ત થાય.

ઘણાં લોકોનું માનવું છે કે મનુષ્યાકારમાં ચિત્ત એકાગ્ર કરીએ એના કરતાં સીધા જ કોઈ તત્ત્વના આધાર વિના શા માટે ધ્યાન ન ધરી શકીએ ? પરંતુ આ પ્રક્રિયા સામાન્ય જનોથી માંડી સૌ કોઈને માટે સમજવી કઠિન છે. ગીતામાં ભગવાન કહે છે-

क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम् ।
अव्यक्ता हि गतिर्दुःखं देहवद्भिरवाप्यते ॥[२]

આ પ્રક્રિયા માણસના મનથી વિસંગત છે. કોઈપણ આધાર વિના ચિત્ત સ્થિર થઈ શકતું જ નથી. આ દષ્ટિએ ભગવાનની મનુષ્ય આકારની મૂર્તિ જ માનવને માટે સહજસાધ્ય છે. કેટલાકનું

કહેવું છે કે મૂર્તિનો આકાર તો કાલ્પનિક છે. આવું સાંભળી આપણામાં ગેરસમજ ન થાય તે માટે 'કલ્પના' સમજીએ કલ્પનામાં પુનરુત્પાદક કલ્પના અને રચનાત્મક કલ્પના એવા બે ભાગ છે. રચનાત્મક કલ્પનાના પાછા બે વિભાગ છે. સર્જનાત્મક કલ્પના અને અનુકરણાત્મક કલ્પના. સર્જનાત્મક કલ્પનાના પાછા ત્રણ વિભાગ છે. વ્યાવહારિક કલ્પના, સ્વૈરકલ્પના અને સૌંદર્યનિષ્ઠ કલ્પના. પુનરુત્પાદક કલ્પના એટલે ગત અનુભવનું સ્મરણ અને તે સ્મૃતિ મુજબ નવું ચિત્ર તૈયાર કરવું. એ કલ્પના તે જ પુનરુત્પાદક કલ્પના છે.

ઋષિને સાક્ષાત્કાર થયો. તેની તેને સ્મૃતિ થઈ અને એ સ્મરણ મુજબ એણે નવું શાબ્દિક ચિત્ર ઊભું કર્યું અને તે મુજબ શિલ્પકારે મૂર્તિ ઉભી કરી. આ જે ચિત્ર છે તેનું નામ કલ્પના. આવી રીતે કોઈ શાસ્ત્રીય દષ્ટિથી 'કાલ્પનિક' શબ્દ મૂર્તિ માટે વાપરતો હશે તો તે ખોટો નથી. ભકતોને ચિત્તએકાગ્ર કર્યા પછી જે રૂપમાં ભગવાન જોવા મળ્યા તે રૂપ પૂર્ણતાનું છે.

ઋષિઓએ આ મૂર્તિ ઉભી કરી. તેમણે તે જોઈ, અનુભવી, એટલું જ નહી જેની હિંમત હોય તે અનુભવી શકે, આટલી આ ખુલ્લી વાત છે. તેથી મૂર્તિપૂજા આ એક અવિનાશી અને અટલ સત્ય છે. આમ, સગુણોપાસનાથી કરેલી ભકિત એક શાસ્ત્ર છે.[3] વેદોમાં અનેક ઠેકાણે મૂર્તિનો સ્પષ્ટ ઉલ્લેખ જોવા મળે છે – रूद्रविषये-कृष्णयजुर्वेदे –

या ते रूद्र शिवा तनूरघोरापापकाशिनी

तया न स्तनुवा शंतमया गिरिशंताभिचाकशीही ॥[4]

"હે શંકર, તારી જે મૂર્તિ અમારા પર આનુગ્રહ કરવાવાળી, મંગલમય તેમ જ હિંસાદિ અનિષ્ટ ન કરવાવાળી છે, કૈલાસ પર્વત પર રહીને સુખદાયી તેમજ કલ્યાણમય દેહથી તું અમારી સામે પ્રગટ થા. અર્થાત્ આવી તારી મૂર્તિને પ્રગટ કરીને અમને સુખી બનાવ."

મનુસ્મૃતિમાં પણ દેવમંદિર તેમજ મૂર્તિનો ઉલ્લેખ સ્પષ્ટરૂપે જોવા મળે છે.

कोष्ठागारायुधागारदेवतागारभेदकान् ।

हस्त्यश्वरथहर्तृश्च हन्यादेवाविचारयन् ॥[5]

રાજાના ધાન્યાગારને એટલે કોઠારને, શસ્ત્રશાળાને તથા દેવમંદિરોને તોડી નાખનારાને તથા હાથી, ઘોડા કે રથ ચોરનારાઓને રાજાએ વિચાર કર્યા વગર જ મારી નાખવા.

'યોગદર્શનશાસ્ત્ર'માં પણ કહ્યું છે કે એક ઠેકાણે આકાર બાંધી રાખો, જેથી મન તેમાં એકાગ્ર થાય. 'દેશબંધ' અભ્યાસ માટે જરૂર છે.

देशबन्धश्चित्तस्य धारणा ।[६]

વેદ, મનુસ્મૃતિ અને યોગદર્શનના આધાર ઉપરાંત માનસશાસ્ત્રીય દષ્ટિએ પણ મૂર્તિપૂજા અત્યંત આવશ્યક છે.

ભગવાન આકાર લે તે માન્ય કરીએ તો તે માણસનો આકાર શા માટે લે છે ? આવો પ્રશ્ન બુદ્ધિમાન માણસને ઊભો થવા સંભવ છે. માનવી મનને સુસંગત, અનુકૂળ આકાર હોય તો તે મનુષ્યાકાર જ છે. ભગવાનનો મનુષ્યાકાર આ માનવી મનની ભૂખ છે. એમ કહી શકાય. Whitehead જેવાં તત્ત્વજ્ઞાની કહે છે –'Human form of God is the most intimate form for me' માનવની કેટલીક માનસિક જરૂરિયાતો છે, જેની પૂર્તિ કરવાને માટે યોગદર્શનકારે કીધેલો पुरूषविशेषः ईश्वरः જરૂરી છે. માનવી મનની કેટલીક જરૂરિયાતો હોય છે. તે મનુષ્યાકાર પ્રભુ જ પૂરી પાડી શકે. આપણા શાસ્ત્રકારોએ પોષણેચ્છા, સંરક્ષણેચ્છા, કાર્યેચ્છા, કામેચ્છા, વાત્સલ્યેચ્છા, વિશ્રામેચ્છા, પ્રભુત્વેચ્છા, અનુસરણેચ્છા અને ઉત્સર્જનેચ્છાનો પણ ઊંડો વિચાર કર્યો છે. ભકિતમાં આ બધી ઇચ્છાઓ ભગવાન પાસેથી સંતોષાય છે.[૭]

ઉપરોકત માનસશાસ્ત્રીય વિચારધારાને ઝઊંડાણથી સમજવાનો પ્રત્યાન કરીએ તો સાકાર ભગવાન અને તેના માનવીય રૂપનું મહત્વ ધ્યાનમાં આવશે.

## (૨) જીવન વિકાસ માટે સગુણોપાસના :-

સગુણોપાસના જીવન વિકાસ માટે કઈ રીતે આવશ્યક છે ? આ માટે જીવનવિકાસનો આધાર કોના પર છે એ સમજવું જરૂરી છે.

જીવનમાં મન ઘણું મહત્વનું છે. મન હશે તો સાંભળવાનું છે, મન હશે તો બોલવાનું છે. બધી ઇન્દ્રિયો સાથે મન હોવું જોઈએ. જીવનની દરેક ક્રિયામાં મન જરૂરી છે. ભોગાર્થ પણ મન છે. અને મુકિત માટે પણ મન છે. ગીતામાં પણ ભગવાને કહ્યું છે – मन्मना भव – મારામાં મન રાખ. જીવન વિકાસ માટે મનનું શુદ્ધિકરણ અત્યંત આવશ્યક છે.

મનને સમર્થ-શકિતશાળી, પ્રગમનશીલ અને સંવેદનશીલ બનાવવું પડશે. મનને આવું

બનાવવા તેનો રંગ બદલાવવો પડશે. મનનો રંગ બદલે કેવી રીતે ? જેમ કોલસાનો રંગ બદલવાનો એક જ રસ્તો છે કે તે જ્યાંથી ઉત્પન્ન થયો છે તે અગ્નિમાં તેને નાખી બે મિનિટમાં તેનો રંગ બદલાઈ જશે. આવી રીતે મન પણ જ્યાંથી આવ્યું છે, ત્યાં એટલે કે ભગવાનમાં મૂકી દેવાથી તેનો રંગ બદલાઈ જશે.

મનના બે ભાગ છે (૧) 'જ્ઞ' મન અને (૨) 'અજ્ઞ' મન. ફ્રોઈડનો મનોવિશ્લેષણવાદ કહે છે કે મનનો ૩/૪ ભાગ આપણને અજ્ઞાત છે. મનનો ફકત ૧/૪ ભાગ આપણને ખબર પડે છે. અતિશય વિવેકપૂર્ણ બુદ્ધિથી આપણે અંતર્મુખ થઈને જો સમર્પિત કરી શકશું તો ફકત ૧/૪ મનનો ભાગ જ તો બાકીનું મન કેવી રીતે શુદ્ધ થાય ? મનના ૩/૪ ભાગના શુદ્ધિકરણ માટે શાસ્ત્રકારોએ ચિત્તએકાગ્રતા કરવાનું કહ્યું છે. ચિત્તશુદ્ધિ થતાં જ મન સમર્થ બનશે.

માણસને સુખ અને વિકાસ એ વાતોની અપેક્ષા હંમેશા હોય છે. વસ્તુનિષ્ઠ સુખ અને આત્મનિષ્ઠ સુખ, આ બે પ્રકારનાં સુખ છે. વસ્તુનિષ્ઠ સુખનો આધાર વ્યકિત કે વસ્તુ પર છે. જ્યારે સમગ્ર વિશ્વના વિષયો છોડી ચિત્તએકાગ્ર કરવાથી માણસ આત્મનિષ્ઠ સુખ મેળવે છે અને સાથે સાથે મનને ભગવાનમાં એકાગ્ર કરવાથી, તેનું મન ભગવાનનાં ગુણો ઉપાડી, શકિતશાળી, પ્રગમનશીલ અને સંવેદનક્ષમ બને છે, સંસ્કારી બને છે, નિર્ભય બને છે, પરિણામે જીવનનો સર્વાંગી વિકાસ થાય છે.

હવે પ્રશ્ન થાય કે જો ચિત્ત એકાગ્ર જ કરવાનું હોય તો મનને અન્યત્ર એકાગ્ર કરી તો ? માનસશાસ્ત્ર કહે છે કે મન ગ્રહણક્ષમ છે. મન જેમાં જાય તેનાં જેવું થાય. સતત પૈસાનું ચિંતન કરવાવાળા જડ બને, સ્ત્રીનું ચિંતન કરનાર સ્રૈણ બને. વેદાન્તનો કીટ-ભ્રમર ન્યાય કહે છે-

कीटो भ्रमरसंयोगे भ्रमरो भवति ध्रुवम् ।
मानवः शिवयोगेन शिवो भवति नितिम् ॥

તેથી अमृतोऽस्मि એમ કહીને અમૃતનું ચિંતન કરનાર અમૃતવૃત્તિના બને છે. શિવ જોડેના સહવાસથી મનુષ્ય શિવ બની જાય છે. ભગવદ્ સ્વરૂપમાં મન સ્થિર કરનાર મનુષ્ય દિવ્ય બને.

ધ્યાન માટે માનવ આકારની મૂર્તિ માની એટલે પ્રથમ તનુ પૂજાથી શરૂઆત થાય. ભગવાનની મૂર્તિ માનવ આકારે સુંદર, આકર્ષક, આત્મીય લાગે છે. તેથી તેના ગુણો આપણા જીવનમાં માર્ગદર્શક, ભાવપોષક અને કૃતિપ્રેરક બને છે. ભગવાન દયાળુ, કૃપાળુ, પ્રેમાળ અને ઉષ્માદાયક લાગે છે. તેથી તનુપૂજાની સાથે ગુણપૂજા આવી. છેલ્લે મૂર્તિમાં રહેલું જે નિર્ગુણ નિરાકાર તત્ત્વ છે તેનો

**અનુભવ થાય. તનુપૂજા, ગુણપૂજા અને તત્ત્વપૂજા- પૂજાના આ શ્રેષ્ઠત્તમ પગથિયાં છે.[૮]**

**ભગવાને સગુણસાકાર ભકિતનું મહત્ત્વ ગીતાના બારમા અધ્યાયમાં ખૂબ જ સુંદર રીતે સમજાવ્યું છે-**

मय्यावेश्य मनो ये मां नित्ययुक्ता उपासते ।

श्रद्धया परयोपेतास्ते मे युक्ततमा मताः ।।[९]

**ઉપરોક્ત શ્લોકમાં ભક્તિની કરોડરજ્જુ બતાવેલી છે. મૂર્તિ સર્વગુણસંપન્ન, મંગલ, કર્તૃત્વવાન, ભાવપ્રધાન, આકર્ષક, શ્રેષ્ઠ વિકાસ તરફ દોરી જનાર સર્વશક્તિમાન-**कर्तुम्, अकर्तुम्, अन्यथाकर्तुम् समर्थ - **હોવી જોઈએ. આ દષ્ટિએ જોતા જે મૂર્તિને પરંપરાનું પીઠબળ પ્રાપ્ત થયું છે એવી આરાધ્ય દેવની મૂર્તિમાં જ ચિત્ત એકાગ્ર સહેલાઈથી થઈ શકે છે. ભકિત એ ભગવાનની ખુશામત નહિ, પરંતુ આપણી મનઃશુદ્ધિનું સાધન છે. મનનું શુદ્ધિકરણ અવ્યકતથી થશે કે કેમ એ પ્રશ્ન છે. આજના કાળમાં તો મનોવિશ્લેષણવાદે મૂર્તિપૂજાને શાસ્ત્રીય ઠરાવવામાં અનાયાસે ખૂબ જ મોટો ફાળો આપ્યો છે. તે શાસ્ત્રનું કહેવું છે કે, આપણા મનનો બહુ મોટો ભાગ અજ્ઞાત છે. જ્ઞાત એવો મનનો નાનકડો હિસ્સો પણ આપણે કાબુમાં રાખી શકતા નથી, તો વિશાળ એવા અજ્ઞાત મનને શી રીતે રાખી શકીએ ? મનોનિગ્રહ કેટલો કઠણ છે એ વાત ગીતામાં અર્જુને પણ ભગવાન સમક્ષ મૂકી છે -**

चंचलं हि मनः कृष्ण प्रमाथि बलवद् द ढम् ।

तस्याहं निग्रहं मन्ये वायोरिव सुदुष्करम् ।।[१०]

**(હે કૃષ્ણ ! મન બળવાન, ચંચળ, જુસ્સાવાળું છે અને સહેલાઈથી વશ કરી શકાય તેવું નથી આથી મનને નિયમમાં રાખવું તે વાયુને રોકવા બરાબર છે.) અર્જુનના એ પ્રશ્નનો જવાબ આપતાં ભગવાન કહે છે.-**

असंशयं महाबाहो मनो दुर्निग्रहं चलम् ।

अभ्यासेन तुं कौन्तेय वैराग्येण च गृह्यते ।।[११]

**(હે મહાબાહુ અર્જુન ! ખરેખર મન ચલ અને ન રોકી શકાય એવું છે, તથાપિ સદાકાળના અભ્યાસથી અને વૈરાગ્યથી હે કુંતીપુત્ર ! તેને વશ કરી શકાય છે.)**

**યોગદર્શનકારે આવા પ્રકારના દઢ અભ્યાસને ખૂબ જ મહત્ત્વ આપ્યું છે.** तत्र स्थितो यत्नोऽभ्यासः । स तु दीर्घकालनैरन्तर्य सत्कारासेवितो द्दढभूमिः । **મનને વિશુદ્ધ કરવાનો આ અભ્યાસ**

સતત, દીર્ઘકાલ સુધી તેમજ સદ્ભાવપૂર્વક ચાલવો જોઈએ. આ અભ્યાસયોગમાં પાંચ વાતો અપેક્ષિત છે.

**(૧) <u>આદર બુદ્ધિ :-</u>** પ્રભુ માટે આત્યંતિક પ્રેમ હોવો જોઈએ. તે જ રીતે ચિત્તૈકાગ્રતાના સાધનમાર્ગ પર પણ સાચો ભાવ હોવો જોઈએ. સાધનામાં યાંત્રિકતા ન આવવી જોઈએ.

**(૨) <u>દઢતા :-</u>** દઢ મનોબળ તેમ જ નિશ્ચય પણ અભ્યાસયોગના સહાયક તત્ત્વો છે. ગમે તેટલાં પ્રલોભનો વચ્ચે પણ અભ્યાસ ચાલુ રાખવો એ મહત્ત્વની વાત છે.

**(૩) <u>સાતત્ય :-</u>** અભ્યાસનું સાતત્ય જળવાવું જોઈએ જલ્દી સફળતા મળતી નથી. તેથી કંટાળીને સાતત્ય તોડવું ન જોઈએ , કરેલી મહેનત કદી ફોગટ જતી નથી- स्वल्पमय्यस्य धर्मस्य त्रायते महतो भयात्- એ ગીતાવાકય પર દઢ શ્રદ્ધા હોવી જોઈએ.

**(૪) <u>એકાકી ભાવ :-</u>** એકલા બેસવાની ટેવ પાડવી જોઈએ. ભૂતકાળ તેમ જ ભવિષ્યકાળ છોડીને બેસતાં આવડવું જોઈએ.

**(૫) <u>આશારહિતતા :-</u>** ભાવિ સ્વપ્નોમાં રાચવું એ મનનો સ્વભાવ છે. તેથી આશારહિત થવા માટે કર્મો કર્યા પછી તેના ફળ ભગવાનને સોંપી દેવા.[૧૨]

આ બધી વાતો ગીતકારે સંક્ષેપમાં સમજાવી છે,

योगी युञ्जीत सततं आत्मानं रहसि स्थितः ।

एकाकी यतचित्तात्मा निरशीरपरिग्रहः ।।[१३]

(યોગીએ એકાંતમાં સ્થિર બેસીને, એકલા રહેવું, અને મન, ઇન્દ્રિયો તથા શરીરને નિયમમાં રાખીને સર્વ તૃષ્ણાઓથી રહિત થઈને, તેમ જ સંગ્રહવૃત્તિ ન રાખતા આત્માને નિરંતર પરમાત્મામાં સાવધાનતાથી એકાગ્ર કરવો) અર્થાત્ પરમાત્માની સાથે પોતાની એકતા સાધવાનો પ્રયત્ન કરવો, આવો દઢ અભ્યાસ થાય, તો જ મન શુદ્ધ થઈ શકે. તેમાં સંશય રાખવાની પણ ગીતાકાર સ્પષ્ટ ના કહે છે.

मय्येव मन आधत्स्व मयि बुद्धि निवेशय ।

निवसिष्यसि मय्येव अत उर्ध्वं न संशयः ।।[१४]

જ્યાં સુધી મન નબળું હોય, ત્યાં સુધી ભુકિત, ભકિત અને મુકિત પણ શકય નથી. મનને સ્વસ્થ, સમર્થ બનાવવાનો, શુદ્ધ બનાવવાનો, વિકારોનું ઉદાત્તીકરણ કરવાનો એક જ રસ્તો છે. –

શાસ્ત્રીય મૂર્તિપૂજા !

મનમાં બે પ્રકારની શકિતઓ રહેલી છે.

(૧) આત્મનિરીક્ષણ (૨) અનુનિરીક્ષણ

અનુનિરીક્ષણ એટલે આંખ બંધ કરી જોયેલી વસ્તુ ઉભી કરવી. આ પ્રકારની મનની અદ્‌ભુત શકિત ઓળખવી જરૂરી છે.

માણસના વ્યવહારુ જીવનમાં અનેક પ્રકારના સંઘર્ષો તેમજ સમસ્યાઓ ઉભા થાય છે. અને તે મનને સતત હેરાન કર્યા કરે છે. સંઘર્ષ અને સમસ્યાનું બીજું નામ જ છે જીવન ! આ સંઘર્ષો સામે લડવાનું શિક્ષણ જો ન મળેતો માનસિક સ્વાસ્થ્ય બગડે. મન સંઘર્ષોથી નબળું પડે છે. તો તેને હૂંફ કયાંથી મળશે ? જીવનમાં વૈફલ્ય આવ્યા પછી માણસ પોતાની સંરક્ષણયંત્રણા ઊભી કરે છે, પણ તે કામચલાઉ અને નિષેધાત્મક છે. તેનાથી તાણ ઓછી થઈ એમ લાગે છે,પરંતુ, મન પર તેનો જબરો આઘાત થાય છે. જ્યારે ભકતના જીવનમાં વૈફલ્ય આવ્યા બાદ તેના મનને વિધાયક દષ્ટિ સંભાળે છે. ભકિતથી અને વિધાયક દષ્ટિથી મનને હૂંફ મળે છે, કારણ કે (૧) ભકત આત્મતૃપ્ત હોય છે. – મનને સંભાળવાવાળ ો, મારા તરફ ધ્યાન આપવાવાળો ભગવાન કર્તૃત્વવાન છે. આ વિશ્વાસ હોય છે. (૨) ભકત ભાવપૂર્ણ હોય છે. તેનો ભગવાન પરનો ભાવ વધેલો હોય છે. (૩) ભકત આશાવાદી હોય છે. સતત આશાવાદી હોય છે નિરાશ થતો નથી. (૪) ભકત નિર્ભય હોય છે. સમર્થનો સાથ હોવાથી નિર્ભય બને છે.

આ વાતો ભકતના જીવનમાં ટકેલી હોય છે કેમ કે તે સેવા, સ્વાધ્યાય, સંયમ, સત્ય અને સાધનાને વરેલા હોય છે.

યોગદર્શનકારે ચિત્તના અંતરાયો સમજાવ્યા છે. व्याधिस्त्यानसंशय प्रमादालस्याविरति भ्रान्तिदर्शनालब्धभूमिकत्वानवस्थितत्वानि चित्तविक्षेपास्तेऽन्तरायाः । આ ચિત્તના વિક્ષેપો કાઢવા પડે. ચિત્તમાં ઊભા થતા અંતરાયો જો દૂર થાય તો ચિત્ત એકાગ્ર થવા માટે પ્રવૃત થઈ શકે. ચિત્ત ઉત્તેજિત – stimulate થાય તે માટે ચિત્તની વિચારવાની મૂળભૂત શકિત વધારવી જોઈએ. આંતરિક જીવનમાં ચિત્તની ક્રાંતિની અપેક્ષા છે. હું મામૂલી નથી – હું પ્રતિસૃષ્ટિ નિર્માણ કરી શકું છું.

'નાનો ખૂબ છતાં હું તારો તવ શકિત અભિમાન' આવી ભકિત જ મનની સમતુલા સાધી શકે. ભકિત જીવનની એક વૃતિ છે. ભકત એટલે નિત્યયુકત. નિત્યયુકતતામાં સમર્પણ અપેક્ષિત છે. તે

સમર્પણમાં કૃત્રિમતા ન હોવી જોઈએ. ભગવાન આપણી સંપૂર્ણ જવાબદારી ઉપાડવા તૈયાર છે.[૧૫] તેથી કૃત્રિમતારહિત પરમભાવથી મનનું તેમજ જીવનનું સમર્પણ કરવું જોઈએ.

## (૩) ભક્તિના પ્રકાર :-

ભગવાનની ભક્તિ બે પ્રકારે કરવી જોઈએ. (૧) આંતર્ભક્તિ અને (૨) બહિર્ભક્તિ. આંતર્ભક્તિ એટલે ભગવાનમાં ચિત્તએકાગ્રતા અને બહિર્ભક્તિ એટલે જે ભગવાન પર પ્રેમ છે તેનું કામ કરવું. આપણી અંદર સુષુપ્ત રહેલાં ભક્તિરસને જો આ બધા પૂજાના બાહ્ય ઉપચારથી આલંબન અને ઉદ્દીપકતા મળે, તો જ આપણામાં ભક્તિરસની ઉત્પત્તિ થાય છે, આપણામાં શાંત, હાસ્ય, વીર, શૃંગાર વગેરે બધા જ રસો રહેલા હોય છે. જ્યારે જે રસને આલંબન અને ઉદ્દીપકતા મળે, ત્યારે તે રસ ઉત્પન્ન થાય છે. કોઈક દુઃખદ દશ્ય નિહાળતાં જ આપણામાં કારુણ્ય પ્રગટે. અવ્યક્ત (સુષુપ્ત) રહેલા રસને વ્યક્ત (જાગૃત) કરવાનો હોય છે. ભક્તિરસને જાગૃત કરવા માટે કેટલીક બાહ્ય કૃતિઓ જરૂરી હોય છે.

મૂર્તિને ચંદન લગાડેલું હોય, એક બાજુથી અગરબત્તીની સુગંધ આવતી હોય, બીજી બાજુ દીવીનો મંદ-મંદ પ્રકાશ મૂર્તિના મનોહારી સ્વરૂપ પર પથરાતો હોય. એવા વખતે એક વાતાવરણ તૈયાર થાય છે. આવા વાતાવારણમાં મન ભગવાનમાં કેન્દ્રિત થવા સંભવ છે. આ તો થઈ ભક્તિની પૂર્વભૂમિકા ! પરંતુ મોટા ભાગના લોકો વાતાવરણ તૈયાર કરનારી આ બાહ્ય કૃતિને જ પૂર્ણ ભક્તિ સમજીને જિંદગીભર ભક્તિ કર્યાના મિથ્યા સંતોષમાં રાચે છે અને સાચી ભક્તિથી વંચિત રહે છે.

મૂર્તિમાં એકાગ્ર થવા માટે ચિત્ત દ્રવિત થવાની જરૂર હોય છે. ચિત્તને દ્રવિત કરવા માટે જેનામાં ચિત્ત સ્થિર કરવાનું છે તેનું ગુણવર્ણન સાંભળી, તેના પર પ્રેમ બેસે તો તેનામાં ચિત્ત એકાગ્ર થાય. સ્તોત્રગાન પણ એ જ હેતુ પૂરો પાડે છે.

પ્રભુ પર પ્રેમ નિર્માણ થાય માટે ભાવનાત્મક વિચારો કરવા જોઈએ. ભગવાને આપણાં જીવનમાં મદદ કરી હોય તેવા પ્રસંગો વાગોળવાથી ચિત્ત દ્રવિત થાય છે. દ્રવિત થયેલા ચિત્તમાં મૂર્તિનો સિક્કો તરત બેસી જાય છે. જેમ લાખ પીગળે એટલે તેના પર તરત સિકકો મારી શકાય, તેમ જ દ્રવિત થયેલા ચિત્તમાં મન જે મૂર્તિનો આકાર લે છે, તે સ્થિર થાય છે. મધુસૂદન સરસ્વતીએ કહ્યું છે. द्रुते चित्ते प्रविष्टा या गोविन्दाकारता स्थिरा ।

મૂર્તિમાં લાંબા સમય સુધી મનને સ્થિર રાખવાની સાધના એ મનુષ્યનો પ્રયત્ન અને ત્યાર પછી એકાએક મૂર્તિનું ચાલ્યા જવું અને પૂર્ણતાની અનુભૂતિ થવી એ ઈશ્વરની કૃપા. આ બંનેનુ મિલન જ્યાં સધાય તેજ મનુષ્યજીવનની પરમોચ્ચ અવસ્થાનું દર્શન ! એ જ પૂર્ણતાની અનુભૂતિ છે.

## (૪) કૃષ્ણકર્ણામૃતમાં મનોવિજ્ઞાન :-

ભકતજીવનમાં જીવનની અને વૃત્તિની એક વિશિષ્ટ ઊંચાઈ આવી ગયા બાદ તલ્લીનતા આવે છે. ચિત્ત એકાગ્ર થાય છે અને તે વખતે ભકત અને ભગવાન બે જ હોય છે. તેમનું જુદુ જ વિશ્વ હોય છે. ભકત મધુરાભકિતની સ્થિતિ ઉપર પહોંચે છે. દ્વૈતની આ અંતિમ સ્થિતિ છે. આગળની અદ્વૈતની સ્થિતિ છે. જ્યાં સુધી દ્વૈત છે તે સ્થિતિમાં મધુરાભકિત ઊંચામાં ઊંચી સ્થિતિ છે. ત્યાર પછી ભગવાન ભકતને ખેંચી શકે છે, ભકત ભગવાનમાં ભળી જાય છે, તે અદ્વૈત છે. દ્વૈતમાં ભકતના અંતઃકરણમાં ભગવાન માટે મધુરતા પ્રગટ થાય છે અને ભગવાનનાં અંતઃકરણમાં ભકત માટે ખેંચાણ થાય છે. ભકતે જન્મારાઓ સુધી મુસીબતો વેઠી છે, પ્રલોભનો અને વિપત્તિઓને પાર કરીને તેણે પોતાની ભકિત અને વૃત્તિ ટકાવી છે. આવા ભકતને જોઈને ભગવાનને પણ કેટલો પ્રેમ નિર્માણ થતો હશે. ભગવાન અને ભકત બંનેની મિલનની આતુરતા છે. તે વખતે ભકતને જે અનુભવ થાય છે તે અનુભવ લખવાની કે કહેવાની આવશ્યકતા હોતી નથી કેમ કે પોતાનો અનુભવ કોને કહેવાનો ? પરંતુ, તે અનુભવ ભકત વાગોળે છે. બિલ્વમંગલ પણ પોતાનો અનુભવ વાગોળતા હશે અને તે જ કૃષ્ણકર્ણામૃતમ્.

ભકત કવિ સગુણ બ્રહ્મની ઉપાસના કરે છે, માનસશાસ્ત્રી દષ્ટિએ પણ સગુણતા એ બહુ મોટી વાત છે, કારણ નિર્ગુણમાં કેવળ સ્થિતિ (હોવું) છે, જ્યારે સગુણમાં હોવું અને રમવું બંને છે. કોઈને નમસ્કાર કયારે થાય ? તે સગુણ સ્થિતિમાં હોય ત્યારે, કોઈ પણ માનાર્હ વ્યકિતને ઘરે ગયા પછી જો તે વ્યકિત સૂતી હોય તો આપણે બેસી રહીશું અને જાગે ત્યારે જ નમસ્કાર કરીશું. ઊંઘમાં પણ તે વ્યકિતનું અસ્તિત્ત્વ તો છે જ, પરંતુ કેવળ અસ્તિત્ત્વ હોય ત્યારે નમસ્કાર કરવામાં મજા નથી. ઉઠયા પછી રમવું શરૂ થાય ત્યારે જ નમસ્કાર કરવાથી સંતોષ થાય. એ જ રીતે ભગવનમાં પણ અસ્તિત્ત્વ અને રમવું. બંને જ્યારે હોય ત્યારે જ નમસ્કાર કરવામાં આનંદ છે. આ દષ્ટિએ જોતાં ઉપાસના માટે ભગવાન સગુણ જ જોઈએ.ભકત કવિ કહે છે–

चातुर्यैकनिदानसीमचपलापाङ्गच्छटामन्थरं

लावण्यामृतवीचिलोलितदृशं लक्ष्मीकटाक्षादृतम् ।

कालिन्दी पुलिनाङ्गनप्रणयिनं कामावताराङ्कुरं

बालं नीलममी वयं मधुरिमस्वाराज्यमाराध्नुमः ॥[१६]

**શૃંગાર રસસર્વસ્વ શ્યામસુંદરની આરાધના કરે છે. મોરમુકુટ યુકત મુરલીધર શ્રીકૃષ્ણના મધુર સ્વરૂપનું વર્ણન કરે છે.**

बर्होत्तंसविलासकुन्तलभरं माधुर्यमग्नाननं

प्रोन्मीलन्नवयौवनं प्रविलसद्वेणुप्रणादामृतम् ।

आपीनस्तनकुड्मलाभिरभितो गोपीभिराराधितं

ज्योतिश्चेतसि नश्चकास्तु जगतामेकाभिरामाद्भुधुतम् ॥[१७]

**મનોવૈજ્ઞાનિક દષ્ટિએ જોઈએ તો સામાન્ય રીતે સુંદર વસ્તુ-વ્યકિત તરફ માણસનું મન જલ્દીથી આકર્ષાય છે. સારી વસ્તુમાં જલ્દી મન ખેંચાણ અનુભવતું હોવાથી મૂર્તિ પણ લાવણ્યયુકત હોવી જોઈએ.**

मुकुलायमाननयनाम्बुजं विभोर्मुरलीनिनादमकरन्दनिर्भरम् ।

मुकुरायमाणमृदुगण्डमण्डलं मुखपङ्कजं मनसि मे विजृम्भताम् ॥[१८]

**મુખારવિંદની શોભા કમળ જેવા નયનોથી વધારે સુંદર બની છે. કમલનયન આનંદરસથી અધખુલ્લે છે. ગાલ દર્પણ સમાન સ્નિગ્ધ અને નિર્મળ છે. શ્રીકૃષ્ણની રૂપ માધુરીથી અભિભૂત બની કવિ કહે છે.**

मदशिखण्डिशिखण्डविभूषणं मदनमन्थरमुग्धमुखाम्बुजम् ।

ब्रजवधूनयनाञ्जनरञ्जितं विजयतां मम वाङ्मयजीवितम् ॥[१९]

**બાહ્ય સૌંદર્યથી આકર્ષાયેલ જીવ નજીક આવતાં ધીમે-ધીમે તેના ગુણોની ઝાંખી થાય છે. ગુણાસકિત જન્મે છે. ભકત કવિ કહે છે.**

अपाङ्गरेखाभिराभङ्गुरभिरनङ्गरेखारसरञ्जिताभिः ।

अनुक्षणं वल्लवसुन्दरीभिरभ्यस्यमानं विभुमाश्रयामः ॥[२०]

**ત્યારબાદ ગોપીભાવની ઝંખના જાગે છે. રાસલીલાથી ગોપીને પ્રાપ્ત થયેલ સાંનિધ્યની કામના કરે છે. ગુણાસકિતથી પ્રભુના ઐશ્વર્ય, માધુર્યનું ભાન થાય છે.ભકત કવિ કહે છે.**

माधुर्यवारिधिमदाम्बुतरङ्गभङ्गी शृगारसंकुलितशीतकिशोरवेषम् ।

आमन्दहासललिताननचन्द्रबिम्बमानन्द संप्लवमनु प्लवतां मनो मे ॥ **કૃ.૧/૧૪**

**શ્રીકૃષ્ણરૂપી અમૃતસિન્ધુના આનંદતરંગોમાં અવગાહન કરવાની અભિલાષા કરે છે.**

**બંધનમાં જ વિકાસ છે. વૃક્ષ જમીનનાં બંધનને સ્વીકારે છે તો ફૂલે ફાલે છે. વિસ્તાર પામે છે. નદી, વગેરે પ્રકૃતિના પ્રત્યેક તત્ત્વ બંધન સ્વીકારે અને વિકાસ કરે છે. જીવ પણ આ વાત સમજીને બંધન સ્વીકારે છે. શ્રેષ્ઠનાં બંધનથી જ વિકાસ શકય છે તેથી ભકત કવિ કહે છે.**

अव्याजमञ्जुलमुखाम्बुजमुग्धभावैरास्वाद्यमाननिजवेणुविनोदनादम् ।

आक्रीडतामरूणपादसरोरूहाभ्यामार्द्रे मदीयहृदये भुवनार्द्रमोजः ॥[२१]

**જે ત્રિભુવનને આનંદની અમૃતધારાથી ભીંજવે છે, તે તરલ તેજ અરુણ ચરણાવિંદથી મારા હ્દયમાં નિરંતર ક્રીડા કરે.**

मणिनूपुरवाचालं वन्दे तच्चरणं विभो : ।

ललतानि यदीयानि लक्ष्माणि व्रजबीथिथिषु ॥[२२]

**વૃંદાવન જે ચરણથી ધન્ય છે તેનું શરણ સ્વીકારે છે.**

आविर्भवन्तु मम चेतसि केडपि भावा : ॥[२३]

**કૃષ્ણના મુરલીવાદનથી સાંસારિક કામનાનો નાશ થાય છે. કામના નાશ થતાં જ ઈશ્વરીય પ્રેમની ઝાંખી થાય છે.**

**ભકત કવિ કહે છે.**

कलक्वणितकङ्कणं करनिरूद्धपीताम्बरं क्लमप्रसृतकुन्तलं गलितबर्हभूषं विभोः ।

पुनः प्रकृतिचापलं प्रणयिनीभुजायन्त्रितं मम स्फुरतु मानसे मदनकेलिशय्योत्थितम् ॥[२५]

**કામોદ્દીપક શબ્દચિત્ર દ્વારા રાધા-કૃષ્ણની કામ-કેલિનાં રૂપક દ્વારા ઇન્દ્રિયાતીત પ્રેમનું વર્ણન કરે છે. અનન્ય પ્રેમની ઝાંખી થતાં જ શ્રદ્ધા દઢ બને છે.**

अपास्य वृन्दावनपादलास्यमुपास्यमन्यं न विलोकयाम ।[२५]

**સાંસારિક આસકિતઓથી મુકત થયેલ જીવ પ્રભુ ભકિતમાં લીન બને છે. પ્રભુમાં લીન બનેલ ભકત**

**પ્રભુનું કર્તૃત્વ અને શ્રેષ્ઠત્વને નિહાળે છે. ત્યારે પોતાનું અલ્પત્વ સમજાય છે. હીન ભાવ અનુભવે છે. ભકત કહે છે.**

सार्धं समृद्धैरमृतायमानैरातायमानैर्मुरलीनिनादैः ।

मूर्धाभिषिक्तं मधुराकृतीनांबालं कदा नाम विलोकयिष्ये ॥[२६]

**અચેતનને ચેતન કરનાર મુરલીધ્વનિ યુકત બાલકૃષ્ણનું દર્શન કયારે થશે ?**

**ગોપીભાવ પામવાની ઝંખના કરતાં રહે છે.**

दृश्यासं त्रिभुवनसुन्दरं महस्ते ॥[२७]

**શિવથી અલિપ્ત જીવની એક જ આ પ્રાર્થના છે કે પ્રભુ આપ જ સમર્થ છો. આપના વગર બધુ જ નકામુ છે.:**

त्वयि प्रसन्नं किमिहापरैर्न

स्त्वय्यप्रसन्ने किमिहापरैर्नः ॥[२८]

**આપની કૃપાથી જ બધા મનોરથ પૂર્ણ થાય છે.**

**સાંસારિક આસકિતઓ પૂર્ણ પણે છૂટી ગયેલી છે અને હજુ પ્રભુ સ્પર્શ પામી શકયો નથી. તેવો જીવ વ્યથા પામે છે કે આ વ્યથા કોને કહું કેવી રીતે દિવસો પસાર કરું ?**

अमून्यधन्यानि दिनान्तराणि

हरे त्वदालोकनमन्तरेण ।

अनाथबन्धो करूणैकसिन्धो

हा हन्त हा हन्त कथं नयामि ॥[२९]

**જીવને પોતાનું અસામર્થ્ય સમજાય છે. વિવશતા, હતાશા અનુભવ છે, છતાં મનમાં આશા છે.  તેથી કૃષ્ણની ખોજ કરે છે. પૂર્ણતમ માધુર્યની ઝંખના કરે છે.**

मधुरिमपरीपाकोद्रेकं वयं मृगयामहे ॥[३०]

**ભકત કવિ કહે છે પ્રભુ દર્શન ભકિતથી જ પ્રાપ્ત થાય છે.**

परामृश्यं दूरे पथि पथि मुनीनां ब्रजवधू-दृशा दृश्यं शश्वत् त्रिभुवनमनोहारिवदनम् ।

अनामृश्यं वाचामनिशमुदयानामपि कदा दरीदृश्ये देवं दरदलितनीलोत्पलरूचिम् ॥[३१]

**પ્રભુદર્શન ચિંતનશીલ મુનિ અને બ્રહ્મજ્ઞાનીઓને દુર્લભ છે, પરંતુ ભકતોને સુલભ છે.**

**ભકત પોતાના મન અને બુદ્ધિ સંપૂર્ણપણે ભગવાનને સોંપી દે છે. ધાતુ જેમ અગ્નિમાં તપવાથી શુદ્ધ બને છે તેમ મન પ્રભુવિરહનાં અગ્નિમાં તપ્ત થઈને અત્યંત વિશુદ્ધ બને છે. વિશુદ્ધ બનેલ જીવ પ્રભુ દર્શન કરવા સમર્થ બને છે. ભકત કહે છે.**

तदिदमुपनतं तमालनीलंतरलविलोचनतारकाभिरामम् ।

मुदितमुदितवक्त्रचन्द्रबिम्बंमुखरितवेणुविलासि जीवितं मे ॥[३२]

**પ્રભુ દર્શનથી ભકતનું હૃદય ભરાય અવે છે. પ્રભુ દર્શનમાં લીન બને છે. શ્યામસુંદર નીલતમાલ વર્ણ છે. નેત્ર ચંચળ છે. અને અતિશય સુંદર છે. મુખ પ્રસન્ન છે. મુખરિત વેણુયુકત મારા પ્રાણ વલ્લભ છે.**

त्रिभुवनसरसाभ्यां दिव्यलीलाकुलाभ्यां दिशि दिशि तरलाभ्यां दृप्तभूषादराभ्याम् ।

अशरणशरणाभ्यामद्भूताभ्यां पदाभ्यामयमयमनुकूद्वेणुरायाति देवः ॥[३३]

**ત્રણેય લોકને આનંદિત કરનાર, દિવ્ય મુખરિત અલંકારોથી વિભૂષિત, દિવ્ય લીલા કરનાર, મુરલી વગાડતા અદ્ભુત ગતિથી આવે છે. માત્ર ભકતને જ પ્રભુનું આકર્ષણ નથી, ભગવાન પણ ભકત પાસેથી આનંદ લૂટે છે. ઉભયનિષ્ઠ ભકિતનું ઉદાહરણ જોઈએ.**

सर्वज्ञत्वे च मौग्ध्ये च सार्वभौममिदं महः

निर्विशन्नयनं हन्त निर्वाणपदमश्नुते ॥[३४]

**સ્વયં ભગવાનમાધુર્યનું પાન કરે છે. સર્વજ્ઞ હોવા છતાં અલ્પજ્ઞ બની અનેક લીલાઓ કરે છે. ભકતની મનોવાંચ્છના જાણીને તેને અનુરૂપ લીલા કરે છે. તેની લીલાઓથી અલ્પજ્ઞ લોકો ભ્રમિત થાય છે. આમ, ભકત અને ભગવાન બંને ને એકબીજાનું આકર્ષણ રહે છે.**

**અંતે જીવ અને શિવની રાસલીલા થાય છે. જીવ શિવને જ પોતાનું સર્વસ્વ માને છે.**

प्रेमदं च मे कामदं च मे वेदनं च मे वैभवं च मे ।

जीवनं च मे जीवितं च मे दैवतं च मे देव नापरम् ॥[३५]

**પ્રભુ આપ જ કામનાઓ પૂર્ણ કરનાર, જ્ઞાન, વૈભવ અને જીવન અને જીવનનો આધાર છો. આપનાં સિવાય મારું કોઈ નથી.**

**આમ, ભકત કવિ કહે છે કે ભકિત જ શ્રેષ્ઠ છે.**

भक्तिस्त्वयि स्थिरतरा भगवन्यदि स्याद्दैवेन नः फलति दिव्यकिशोरमूर्तिः ।

मुक्तिः स्वयं मुकुलिताञ्जलि सेवतेऽस्मान्धमर्थिकामगतयः समयप्रतीक्षाः ॥[३६]

**ભગવદ્ ભકત ભકિતને પાંચમો અને સૌથી શ્રેષ્ઠ પુરુષાર્થ માને છે. જો હૃદયમાં દઢ ભકિત સ્થાપિત થઈ જાય તો દિવ્ય કિશોરમૂર્તિ સ્વયં હૃદયમાં સ્થાન લેશે. અન્ય કોઈ જ ઇચ્છા રહેલી નથી.**

**ભકત કહે છે :**

न नाकपृष्ठं न च पारमेष्ठयं न सार्वभौमं न रसाधिपत्यम् ।

न योगसिद्धिरपुनर्भवं वा समग्जस त्वा विरहय्य काङ्क्षे ॥[३७]

**રાસક્રીડા શરૂ થાય છે, તે સ્થિતિમાં ભગવાન અને ભકતનું જે આલિંગન છે તે અશરીરી આલિંગન છે. તેમનો પ્રેમ પણ અશરીરી પ્રેમ છે. તેને જ અંગ્રેજીમાં** occul love **કહે છે. ભકત કવિ આ સ્થિતિએ પહોંચ્યા છે. તેઓ કાન્તાસકિત સુધી પહોંચ્યા છે. તે પોતાના અનુભવ વાગોળે છે અને અનેક જીવોને ઉન્નતિના શિખર સુધી લઈ જાય છે.**

**સ્તોત્રમાં આપણે જોયું કે જીવ વિષયાસકત છે. આસકિતયુકત જીવ પોતાના મનને પોતાના સ્વરૂપ ભગવાનમાં–મનુષ્યાકારમાં સ્થિર કરવાનો પ્રયત્ન કરે છે. પ્રથમ બાહ્યાકર્ષણ અને ત્યાર બાદ ગુણાકર્ષણ જન્મે છે. ગુણાકર્ષણથી પ્રભુ પ્રત્યેની આદરબુધ્ધિ–પ્રેમ નિર્માણ થાય છે. મન દઢ બને છે અને સાતત્યપૂર્ણ કૃતિ કરવા લાગે છે. મનને એકલા બેસવાની ટેવ પડે છે. ભવિષ્ય અને ભૂતકાળ માં ફરતા મનને સ્થિર થવાની ટેવ પડતાં જ શકિત નિર્માણ થાય છે. ચિત્ત એકાગ્ર બને છે. અનેક આશા–નિરાશમાં અવગાહન કરતાં મનમાં પ્રભુ પ્રત્યે પ્રેમ દઢ બનતાં જ** 'त्वमेव सर्वं मम देवदेवम्' **લાગે છે. જગત તુચ્છ લાગે છે. આમ, જીવ સ્તોત્ર ગાન કરતાં કરતાં શિવ બનવા સમર્થ બને છે.**

**આમ, ઋષિમુનિઓએ અને ભકતોએ ગાયેલાં સ્તોત્રો જીવને શિવ બનાવવાની તાકાત આપતા રહેલાં છે.**

## પ્રકરણ-૯

● **પાદટીપ :-**

૧. મૂર્તિપૂજા-પે.નં-૧૫

૨. શ્રીમદ્‌ભગવદ્‌ગીતા-અ-૧૨,શ્લોક-૫

૩. સાંસ્કૃતિક વિચારધારા – પે.નં. ૫૩-૫૪

૪. कृष्णयजुर्वेद कांडे, प्रपाठकं - ५

૫. મનુસ્મૃતિ-અ-૯/શ્લોક-૨૮૦

૬. યોગસૂત્ર ૩-૧

૭. મૂર્તિપૂજા- પે.નં. ૨૨-૨૩

૮ મૂર્તિપૂજા – પે.નં.૨૮

૯ શ્રીમદ્‌ભગવદ્‌ગીતા ૧૨ / ૨

૧૦ શ્રીમદ્‌ભગવદ્‌ગીતા ૬ /૩૪

૧૧ શ્રીમદ્‌ભગવદ્‌ગીતા ૬/ ૩૫

૧૨. મૂર્તિપૂજા. પે.નં- ૩

૧૩. શ્રીમદ્‌ભગવદ્‌ગીતા ૬/૧૦

૧૪. શ્રીમદ્‌ભગવદ્‌ગીતા ૧૨ / ૮

૧૫. સાંસ્કૃતિક વિચારધારા – પે.નં- ૮૨

૧૬. કૃષ્ણકર્ણામૃત આ.૧ / ૩

૧૭. કૃષ્ણકર્ણામૃત આ.૧ / ૪

૧૮. કૃષ્ણકર્ણામૃત આ.૧/ ૬

૧૯. કૃષ્ણકર્ણામૃત આ.૧/૮

૨૦. કૃષ્ણકર્ણામૃત આ.૧/ ૧૦

૨૧. કૃષ્ણકર્ણામૃત આ.૧/૧૫

૨૨. કૃષ્ણકર્ણામૃત આ.૧ /૧૬

૨૩. કૃષ્ણકર્ણામૃત આ.૧ /૧૯

૨૪. કૃષ્ણકર્ણામૃત આ.૧ /૨૦

૨૫ કૃષ્ણકર્ણામૃત આ.૧ /૨૨

૨૬. કૃષ્ણકર્ણામૃત આ.૧ /૨૩

૨૭. કૃષ્ણકર્ણામૃત આ.૧ /૨૮

૨૮. કૃષ્ણકર્ણામૃત આ.૧ /૨૯

૨૯. કૃષ્ણકર્ણામૃત આ.૧ /૪૧

૩૦. કૃષ્ણકર્ણામૃત આ.૧ /૪૭

૩૧. કૃષ્ણકર્ણામૃત આ.૧ /૪૮

૩૨. કૃષ્ણકર્ણામૃત આ.૧ /૭૩

૩૩. કૃષ્ણકર્ણામૃત આ.૧ /૮૧

૩૪. કૃષ્ણકર્ણામૃત આ.૧ /૮૩

૩૫. કૃષ્ણકર્ણામૃત આ.૧ /૧૦૪

૩૬. કૃષ્ણકર્ણામૃત આ.૧ /૧૦૭

૩૭. શ્રીમદ્ભાગવતપુરાણ – ૬.૧૧.૨૫

# પ્રકરણ-૧૦

## કૃષ્ણકર્ણામૃત અને ભાગવતપુરાણ

(૧) પ્રસ્તાવના :-

(૨) ભાગવતની કથાવસ્તુ

(૩) કૃષ્ણકર્ણામૃત્તમ્ કથાવસ્તુ

(૪) શ્રીમદ્ ભાગવતનો રચનાકાળ

(૫) ભાગવત-કૃષ્ણકર્ણામૃતમ્નું માધુર્ય

(૬) કૃષ્ણકર્ણામૃતમ્ અને ભાગવત પુરાણ-સામ્ય

## પ્રકરણ-૧૦

## કૃષ્ણકર્ણામૃત અને ભાગવતપુરાણ

### (૧) પ્રસ્તાવના :-

શ્રીમદ્‌ભાગવતપુરાણ સાહિત્યનો મુકુટમણિ છે. ભક્તિશાસ્ત્રનું સર્વસ્વ છે. તે રસમય શૈલીમાં રસેશ્વર શ્રીકૃષ્ણની લીલાઓનું ગાન ગાતો રસ-પ્રતિપાદ્ય પરમ પ્રેમરૂપ ભક્તિના સ્વરૂપનો પરિચાયક અદ્વિતીય શાસ્ત્રગ્રંથ છે. આધ્યાત્મિક શ્રેયસ્‌ના વિષયમાં જે સ્વરૂપ ભાગવતમાં જોવા મળે છે તે અદ્વિતીય છે. ભાગવતમાં કેન્દ્રવર્તી વિચાર જ ભક્તિ છે. આદિ, મધ્ય અને અંતમાં ભક્તિનું વૈશિષ્ટ્ય છે. તેમાંય દશમ સ્કંધ તો ભગવાન કૃષ્ણની લીલાઓનો સ્કંધ હોવાથી સાક્ષાત્ ભક્તિનું સ્વરૂપ જ છે અને ભક્તિને જ શ્રેષ્ઠ સાધન માન્યું છે. ભક્તિરસની ઉદ્‌ભાવનામાં ભાગવતમાં પ્રતિપાદિત શ્રીકૃષ્ણ-ગોપી વિષયક અનુરાગજન્મ પ્રેમા કે પ્રેમ લક્ષણા ભક્તિ પ્રમુખ પ્રેરકબળ બની રહે છે.

ભાગવત અને કૃષ્ણકર્ણામૃતનો પ્રતિપાદ્ય વિષય એક જ છે. ભાગવતનો વિષય વેદાન્તવર્ણિત નિરાકાર બ્રહ્મ છે. જ્યારે કૃષ્ણકર્ણામૃતનું વિષયવસ્તુ સૌંદર્ય અને માધુર્યનું સાક્ષાત સ્વરૂપ નંદકિશોર છે. ભાગવતમાં વર્ણિત રાસક્રીડા એ ભક્તિમાં એક અત્યંત ઉચ્ચતમ અને મધુરતમ શ્રેષ્ઠરૂપ છે. પ્રભુપ્રેમની અંતિમ અવસ્થા એટલે રાસલીલા. તે ભક્તિની અંતિમ અવસ્થા છે. રાસક્રીડામાં જે પ્રેમ છે તે અશરીરી પ્રેમ છે. આ પ્રેમને લીલાશુક કૃષ્ણકર્ણામૃતમાં વ્યકત કરે છે. ' नीलं बालम् ' શબ્દ પ્રયોગ દ્વારા રાસપંચાધ્યાયીમાં વર્ણવેલ નિર્મળ શિશુત્વની તરફ ધ્યાન આકર્ષિત કરે છે.

કૃષ્ણકર્ણામૃતમાં ભકત કવિને પ્રભુપ્રાપ્તિની તીવ્રતમ લાલસા છે. તે પોતાનું સર્વસ્વ પ્રભુને અર્પણ સમર્પિત કરે છે એટલે કે મધુરાભક્તિની ટોચ જોવા મળે છે. મધુરાભક્તિમાં શિવ પતિ બને છે અને જીવ પત્ની બને છે અને રમત શરૂ થાય છે. જીવ અગતિકતા, ગ્રાહકતા, શરણાગતિ જેવા ગુણો સ્વીકારે છે. તેથી ભાવરૂપતા આવે છે. પૂર્ણતાની અનુભૂતિની સ્થિતિમાં અશરીરી પ્રેમમાં રમત શરૂ થાય છે. આ અંતિમ જીવન જ મધુરા. મધુરાભક્તિમાં દેવ દેવત્વ ભૂલે છે અને જીવ ક્ષુદ્રતા ભૂલી જાય છે. ત્યારે જ મિલન થાય છે.

આમ, કૃષ્ણકેન્દ્રી માધુર્ય ભક્તિના આદિસ્રોત સમા પ્રમુખ ગ્રંથ શ્રીમદ્‌ભાગવતના

તરુણ કૃષ્ણની ગોપીઓ સાથેની શૃંગારી ક્રીડાઓના વિષયની સ્તોત્રકાવ્યમાં અવતારણા કરવામાં લીલાશુક સંભવતઃ સર્વપ્રથમ છે.

**(૨) ભાગવતની કથાવસ્તુ :-**

ભાગવતમાં કુલ ૧૨ સ્કંધ છે અને તેમાં ૩૬૫ અધ્યાયો છે. વિશ્વની ઉત્પત્તિથી આરંભી એનો ઇતિહાસ આપતા આ ગ્રંથમાં સમાજ વ્યવસ્થા, કુટુંબવ્યવસ્થા, રાજનીતિ, ધર્મનિરૂપણ, આધ્યાત્મિક શ્રેય વગેરે અનેક વિદ્યાઓની તાત્ત્વિક ચર્ચા જોવા મળે છે. ભાગવત શબ્દપ્રધાન વેદની જેમ આજ્ઞા આપે છે, અર્થપ્રધાન પુરાણની જેમ હિતનો ઉપદેશ આપે છે તેમજ રસપ્રધાન કાવ્યની જેમ રસામૃતથી શ્રોતાજનને મુગ્ધ કરી દે છે. વેદો પ્રભુસંમિત, પુરાણ મિત્રસંમિત અને કાવ્ય પ્રિયાના રૂપે ઉપદેશ આપે છે, પરંતુ ભાગવત તો ત્રણેયરૂપે બોધ આપે છે.

ભાગવત વૈષ્ણવ સંપ્રદાયમાં તો સર્વસ્વ ગણાય છે એને ચોથુ પ્રસ્થાન પણ કહ્યું છે.

ભાગવતમાં જાણે કે કેન્દ્રવર્તી વિચાર જ ભકિત છે. ભાગવતમાં આદિ-મધ્ય-અંતમાં ભકિતનું જ વૈશિષ્ટ્ય છે. ભાગવતકાર ભકિતની પરિભાષાથી જ ગ્રંથનો આરંભ કરે છે અને ભકિતની પ્રાર્થના પર જ સમાપ્તિ કરે છે. જેમ કે પ્રથમ સ્કંધના બીજા અધ્યાયમાં ભાગવતકારે સૂતજીના મુખે ભકિતનું સ્વરૂપ બતાવ્યું છે તો બારમાં સ્કંધના અંતમાં સૂતજી શૌનકાદિ ઋષિઓને ભકિતની પ્રાર્થના કરતાં કહે છે કે, દેવતાઓના આરાધ્યદેવ સર્વેશ્વર આપ જ અમારા એકમાત્ર સ્વામી અને સર્વસ્વ છો. આપ એવી કૃપા કરો કે વારંવાર જન્મગ્રહણ કરવા છતાં આપના ચરણકમળોમાં અમારી ભકિત બની રહે. જે ભગવાનના નામોનું સંકીર્તન બધા પાપોને સર્વથા નષ્ટ કરે છે અને જે ભગવાનના ચરણોમાં આત્મસમર્પણ હંમેશને માટે બધા જ પ્રકારના દુઃખોને શાંત કરે છે, તે પરમતત્ત્વરૂપ શ્રી હરિને હું નમસ્કાર કરું છું.

આમ, ભાગવતકારે આ રીતે ગ્રંથનો પ્રારંભ અને અંત ભકિતથી જ કર્યો છે. ભાગવતની મધ્યમા ભકિતનું નિરૂપણ જોતાં કહી શકાય કે ચોથા અને પાંચમા સ્કંધમાં જે સ્તુતિ અને સ્તોત્રો આવેલાં છે, તે એક રીતે ભકિત જ છે. સ્તુતિ કે સ્તોત્ર ભકતના હ્રદયમાંથી નીકળેલું ભાવનું ઝરણું છે. આમ, ચોથા અને પાંચમા સ્કંધમાં ભકિત સ્તુતિ અને સ્તોત્રના રૂપમાં વહેતી જોવા મળે છે. ભાગવતનો છઠ્ઠો સ્કંધ તો ભકિતના કેન્દ્ર રૂપે છે, કારણ કે તેમાં નર, દેવ અને દૈત્ય બધા જ ઉપર ભગવાને અનુકંપા કરી છે. જેમ કે -'ભકતનું હ્રદય ભગવાનના દર્શન માટે એવી રીતે તલસે છે કે જેવી રીતે પાંખો વગરના

પક્ષીઓના બચ્ચાં પોતાની માતા માટે, ભૂખ્યું વાછરડું દૂધ માટે અને પ્રિયાના વિરહમાં વ્યાકુળ સુંદરી પોતાના પ્રિયતમ માટે તલસે છે."

સાતમા સ્કંધમાં તો ભકતશિરોમણિ પ્રહ્લાદના પ્રસંગ દ્વારા ભકિતનું જ મહત્ત્વ પ્રતિપાદિત કર્યું છે. પ્રહ્લાદે ભકિતની ઉપાદેયતાનું વર્ણન સુંદર શબ્દોમાં કર્યું છે કે ભગવાન બહુજ્ઞતા, દાન, તપ વગેરેથી પ્રસન્ન થતા નથી. તે તો નિર્મળ ભકિતથી જ પ્રસન્ન થાય છે. ભકિત સિવાયના અન્ય સાધન તો ઉપહાસમાત્ર છે.

ભાગવતના સાતમા સ્કંધમાં પ્રહ્લાદજીએ ભગવાન વિષ્ણુની ભકિતના નવ પ્રકારો બતાવ્યા છે. આ નવ પ્રકારની ભકિતને 'નવધા ભકિત' કહેવાય છે. નવમા સ્કંધમાં પણ ભગવાન પોતે ભકતોને અધીન છે એવી ઘોષણા કરે છે. ભગવાન કહે છે કે મારા સીધા-સાદા-સરળ ભકતોએ મારા હ્રદયને પોતાને વશ કરી લીધું છે. ભકતજન મને પ્રિય છે અને હું ભકતને પ્રિય છું.

દસમ સ્કંધ તો ભગવાન કૃષ્ણની લીલાઓનો સ્કંધ હોવાથી સાક્ષાત્ ભકિતનું સ્વરૂપ જ છે. જેમ કે શ્રી ભગવાન ઉદ્ધવને કહે છે કે-"મારી ભકિતથી યુકત થયેલાં અને મારામાં જ મનવાળા યોગીને ઘણું કરીને જ્ઞાન કે વૈરાગ્ય, કલ્યાણના સાધન થતાં નથી, પરંતુ ભકિતનુ જ કલ્યાણનું સાધન થાય છે." અગિયારમા સ્કંધમાં જણાવ્યું છે કે "ભગવાન સાંખ્ય, ધર્મ, વેદાધ્યયન, તપ કે ત્યાગથી નથી મળતા, પણ કેવળ ભકિતથી પ્રાપ્ત થાય છે." બારમા સ્કંધમાં તો સ્પષ્ટ કહ્યું છે કે- "ભાગવતમાં જીવનમુકત પરમહંસોના માયારહિત નિર્મળ અદ્વિતીય શ્રેષ્ઠ જ્ઞાનનું જ ગાન છે."

આમ, ભાગવતમાં ભકિત જ્ઞાનની જનયિત્રી છે. ભાગવતકારે ભકિતનો મહિમા ગાયો છે અને તેને જ શ્રેષ્ઠ સાધન માન્યું છે. ભકિતરસની ઉદ્ભાવનામાં ભાગવત પ્રતિપાદિત શ્રીકૃષ્ણ-ગોપિકા-વિષયક અનુરાગજન્ય પ્રેમા કે પ્રેમલક્ષણા ભકિત પ્રમુખ પ્રેરકબળ બની રહે છે.

### (૩) કૃષ્ણકર્ણામૃતમ્ કથાવસ્તુ :-

ભકત કવિ સૌ પ્રથમ કૃતિની શરૂઆતમાં જ પોતાના ગુરુને નમસ્કાર કરે છે. ત્યારબાદ વિષયવસ્તુ વર્ણિત કરે છે. અગણિત ગોપીઓથી ઘેરાયેલા શ્રીકૃષ્ણ પ્રતિપાદ્ય વિષય છે. આ સ્તોત્રનું વિષયવસ્તુ ભગવાન નંદનંદન શ્રીકૃષ્ણ છે અને તેના રૂપમાધુર્ય અને ગુણમાધુર્ય સૌંદર્યનું વર્ણન કરે છે જે પરમ આરાધ્ય છે.

ભકતકવિ સગુણ બ્રહ્મનું વર્ણન કરે છે. મનોમૂર્તિનું વર્ણન કરે છે. એ મનોમૂર્તિ કેવી છે ? મયૂરપંખના મુકુટથી સુશોભિત, અલકાવલિના ભારથી ઢંકાયેલ અને માધુરી મંડિત મુખ

ઉભરતા યૌવનનું પ્રતિનિધિત્વ કરે છે, મુરલીના સ્વરોથી અમૃતવર્ષા કરે છે. ચારે તરફથી ગોપીઓએ ઘેરી લીધા છે તેવી જ્યોતિની ભકત કવિ આરાધના કરે છે.

કવિ પોતાની અયોગ્યતાનો અનુભવ કરે છે કે મારું મન તો વિષયાસકત છે. વિષયાસકત મનથી શું પ્રભુ સાક્ષાત્કાર થાય ? વિષયાસકતમનમાં મૂર્તિ લાવણ્યનું આકર્ષણ જન્મે છે. બે અધ-ખીલેલ કમલ-નયન, સ્નિગ્ધ કપોલ વગેરે અંગ પ્રત્યંગ નીરખે છે અને મુરલીનિનાદથી અલંકૃત મુખચન્દ્રની મધુરિમાના અંગ-પ્રત્યંગના દર્શનથી કણની ઝંખના કરે છે.

ભકત હૃદયમાં ગુણ શકિત જન્મે છે. રાસલીલાનું આકર્ષણ થાય છે અને નિઃસ્વાર્થ-આસકિત રહિત ગોપભાવની ઝંખના કરે છે, કેમ કે ગોપીઓને જ અભયદાન આપનાર ચરણકમળના ઐશ્વર્ય, માધુર્ય અને ઔધર્ય પ્રાપ્ત થયેલ છે. 'કિશોર મૂર્તિ ગુણોનો મહાસાગર છે'ની અનુભૂતિ થતાં આનંદાનુભૂતિ થાય છે. બંસીનાદનું આકર્ષણ અને ચરણારવિંદના સાનિધ્યથી કામના નાશ થાય છે. ભકત કવિને અને મણિમય નૂપુરને ચરણનું બંધન-એટલે કે સુમધુર રવયુકત જીવનને ચરણનું બંધન થાય છે. બંધનનો સ્વીકાર એટલે વિકાસ. દા.ત. વૃક્ષ જમીનનું બંધન સ્વીકારે છે તો વિકાસ ચોક્કસ છે. અહી ભકત કવિ શ્રેષ્ઠનું બંધન સ્વીકારે છે. તેથી ઉન્નતિ નિશ્ચિત છે. રાસલીલામાં ગોપીએ માધુર્યસિન્ધુમાં અવગાહન કરે છે. તે રૂપ માધુરીનું હૃદયમાં લીલાપાન કરે છે. ગોપીઓની સાંસારિક વિષયવાસના ત્યાગ, શારીરિક કામના દ્વારા આધ્યાત્મિક ઈશ્વરીય પ્રેમની- ઇન્દ્રિયાતીત પ્રેમની ઝાંખી કરે છે. વૃંદાવનની વિનોદલીલાનું કવિને સ્ફુરણ થાય છે. અને શ્રીચરણોમાં અનન્યનિષ્ઠા વ્યકત કરે છે. રાસલીલાનું દર્શન કરવાની ઝંખના કરે છે પરંતુ પુણ્ય કયાં ? કવિ કલ્પના કરે છે કે 'મોર મુકટ ધારણ કરેલ અને મંદ મૃદૂસ્મિત યુકત મુખથી મધુરાધર અમૃત વરસાવે છે.'

ભકત કવિ આશા-નિરાશામાં અવગાહન કરે છે. શ્રીકૃષ્ણચંદ્રના ચરણાવિન્દના દર્શન અને મુરલીરવ સાંભળવા કવિ વ્યાકુળ થઈ આશા-નિરાશા ડૂબતા કવિ કહે છે, " કામદેવના મદમર્દન કરનાર શિવની જટામાં સુશોભિત ચંદ્રમાં સમાન શીતલ મધુરમુરલી નાદ કયારે અંતઃકરણને સંતુષ્ટ કરશે ?" [૨૬] આપની ચંચલ ચિતવન, સરસ-મધુર વાર્તાલાપ, વિલાસ પૂર્ણ ગંભીર મન્થર ચાલ, પ્રગાઢ આલિંગન અને મંજુલ માદક મુસ્કાન તો કેવલ ગોપીઓ જ ભણે છે. કવિ રાસલીલામાં ભગવાનના દર્શનની ઇચ્છા કરે છે. એટલે કે ગોપીભાવ પામવાની ઝંખના છે. પ્રભુ આપ જ સર્વસ્વ છો, આપના

વગર બધુ જ નકામું છે. આપનું દર્શન તો પુણ્યાત્માને જ થાય. પુણ્ય કર્મ કયાં ? ખેદયુકત વિવશતા આવે છે અને તીવ્ર વિરહવ્યથા અનુભવે છે. શકિત હીનતાનો અનુભવ કરે છે.

ભગવાન આ દિવસો કોના સહારે પસાર કરું ? કવિને હતાશા-નિરાશામાં આશાળભૂતતા જન્મે છે. પ્રભુ આસકત મનમાં પૂર્ણતમ માધુર્યની ઝંખના તીવ્ર બને છે, જે જ્ઞાન કરતાં ભકિતથી સુલભ છે. ભગવાનમાં રત મન રૂપસૌંદર્યનું આકર્ષણ અનુભવે છે. ગોપી ઘનિષ્ઠ પ્રેમભાવયુકત મનોમૂર્તિનું દર્શન ઝંખે છે, જે દેવતાઓને પણ દુર્લભ છે.

અંતે અનન્ય ચિત્ત-ભકત પ્રભુને નિહાળે છે.-'અરે ! મથુરા તરફ જતા માર્ગ પર મંદ-મંદ ગજગતિથી ચૂપચાપ કોણ આવે છે ? '[૫૭] ભાવાનુભાવનું તત્સ્વરૂપમાં પરિણમે છે પરંતુ એક હાથ દૂર છે. કવિ ભાવાવેશમાં અનુભૂતિ કરે છે. આર્તબંધુના રૂપમાં પાર્થના કરે છે માધુર્યભાવ અને સૌંદર્ય સ્મરણ થતાં પુનઃ દર્શનની તીવ્રતા વ્યકત કરે છે અને અંતે પ્રભુ સનમુખ થાય છે. નૃત્ય કરતાં શ્રીકૃષ્ણ ગોપવેશમાં પ્રગટ થાય છે અને પૂર્ણ સાક્ષાત્કાર કરે છે તે રાસવિહારી પ્રભુની લીલાનું પાન કરે છે. માત્ર ભકત કવિ નહીં ભગવાન પણ રસાપાન કરે છે. શ્લોક નં.૮૩ ઉભયનિષ્ઠ ભકિતનું ઉદાહરણ છે. ભકત કવિ ત્રિભુવન અદ્વિતીય પ્રભુની પ્રતિક્ષણ નૂતન રૂપમાધુરીનું દર્શન કરે છે. નરાકૃતિ પરબ્રહ્મની સ્તુતિ કરે છે. ભકિતથી વશ પ્રભુને પુનઃપુનઃ નમસ્કાર કરે છે. पुन भूयो ऽपि नमो नमः (ગીતા)

રાસલીલાનું દર્શન કરી કવિ ધન્યતા અનુભવે છે. રાસલીલાનું સ્વરૂપ મુખ સમક્ષ રહે એવી કામના કરે છે. કિશોરલીલાનું ગાન વાણીમાં, બાળલીલાનું વર્ણન ચિત્તમાં રહે તેમજ હૃદયમાં આપની લીલાઓ વ્યાપ્ત રહે તેવી પ્રાર્થના કરે છે. આમ, ભગવદ્ ભકિત જ શ્રેષ્ઠ છે. त्वमेव सर्वं मम देवदेवः ।

## (૪) શ્રીમદ્ ભાગવતનો રચનાકાળ :-

શ્રીમદ્ભાગવતનો રચનાકાળ નકકી કરવો એ ઘણું મુશ્કેલ કામ છે કારણ કે રચનાકાળ બાબતે વિદ્વાનોએ અનેક મતો આપ્યા છે. જે આસ્તિક વર્ગ છે તે ભાગવતપુરાણને ઘણું પ્રાચીન માને છે જ્યારે અર્વાચીન વિદ્વાનો તેને બીજા સાથે સરખાવીને પ્રમાણમાં આધુનિક માને છે. આવી સ્થિતિમાં ભાગવતપુરાણના રચનાકાળ વિશે ચોકકસ નિર્ણય કરવોએ લગભગ અશકય છે. છતાં જેટલું શકય રીતે સત્યની નજીક પહોંચી શકાય તેવું અનુમાન કરવાનો અહીં પ્રયાસ છે.

કેટલાક પાશ્ચાત્ય વિદ્વાનો જેવા કે પ્રા. વિલ્સન[૧] પ્રા.બર્નોફ[૨] અને પ્રા. કોર્લબ્રુક[૩] તેમજ ભારતીય વિદ્વાનોમાં સ્વામી દયાનંદ સરસ્વતી[૪] પંડિત બોપદેવને શ્રીભાગવતપુરાણના રચયિતા

ઠરાવવાનો પ્રયત્ન કર્યો છે પરંતુ તેમનો આ કહેવાતો બોપદેવવાદ કેટલો અપ્રમાણિત છે તે નીચેની બાબતથી સમજાશે.

બોપદેવે ભાગવતના વિષયને લગતા ત્રણ ગ્રંથો લખ્યા છે.

(૧) હરીલીલામૃતઃ જે ભાગવતપુરાણની માત્ર અનુક્રમણિકા જ છે.

(૨) મુકતાફલ : જે ભાગવતપુરાણમાંથી ચયન કરેલ નવ રસો સંબંધી શ્લોકોનો સંગ્રહ છે.

(૩) પરમહંસ પ્રિયા :- જે ભાગવતપુરાણ પરની તેમની અપ્રકાશિત ટીકા છે.

તેરમી સદીમાં થઈ ગયેલ બોપદેવ પોતાને વિદ્યાધર ધનેશના શિષ્ય અને વેદાચાર્ય કેશવના પુત્ર ગણાવે છે. તે રામગિરિના યાદવ નરેશનો પ્રધાન હેમાદ્રિના આશ્રયે રહેતો અને તેમની પ્રેરણાથી તેણે ઉપર્યુકત ત્રણેય ગ્રંથોની રચના કરેલી.[૫] આમાંથી તેની ભાગવતાનુક્રમણિ (હરિલીલામૃત) ના આધારે ઉપરના વિદ્વાનોએ બોપદેવવાદ શરૂ કર્યો હોય તેમ લાગે છે. આ વાદનું ખંડન નીચેના પ્રમાણોથી થાય છે.

૧) બોપદેવના આશ્રયદાતા હેમાદ્રિએ પોતાના 'ચતુર્વર્ગ ચિંતામણિ'માં ભાગવતપુરાણના શ્લોકો પ્રમાણ તરીકે લીધા છે. તેથી ભાગવત તેની સમકાલીન રચના સિદ્ધ થતી નથી.

૨) દ્વૈતમતના સ્થાપક મધ્વાચાર્યે ભાગવતતાત્પર્યનિર્ણય નામના ગ્રંથમાં ભાગવતપુરાણના તાત્પર્યનું વિશ્લેષણ કર્યું છે. સ્મૃત્યર્થ સાગરના શ્લોકને આધારે મધ્વનો જન્મ સવંત ૧૨૫૭ (ઈ.સ.૧૨૦૦)માં માનવામાં આવે છે. એટલે મધ્વાચાર્ય બોપદેવ કરતાં લગભગ એકસો વર્ષ પહેલાં થઈ ગયા. આ ઐતિહાસિક સત્ય પૂર્વોકત મતનું સ્પષ્ટ ખંડન કરે છે.

૩) રામાનુજાચાર્યે (ઈ.સ.૧૦૧૭) પોતાના 'વેદાન્તસાર'માં ભાગવતપુરાણની વેદસ્તુતિ અને એકાદશ સ્કંધમાંથી કેટલાક શ્લોકો લીધા છે. તેથી ભાગવતપુરાણને તેમનાથી વધુ પ્રાચીન ઠરાવી શકાય.

૪) ડૉ. આર.એન. વ્યાસ, પ્રા.બલદેવ ઉપાધ્યાય વગેરે અનેક વિદ્વાનો[૬] સ્વીકારે છે કે આદિ શંકરાચાર્યના દાદાગુરુ ગૌડપાદ તેમની ગીતા પરની ટીકામાં 'तदुक्तं भागवते' લખીને ભાગવતપુરાણ દશમ સ્કંધ ના ૧૪ અ. ચોથો શ્લોક નોંધે છે.[૭]' હાલ મહદંશે સ્વીકારાયું છે તે પ્રમાણે આદિ શંકરાચાર્યનો સમય આઠમી સદીનો ઉતરાર્ધ છે. તેથી તેમના દાદા ગુરુ ગૌડપાદનો સમય સાતમી સદીનો ઉતરાર્ધ

થાય. ગૌડપાદે કરેલ ભાગવતનો ઉલ્લેખ સૂચવે છે કે ભાગવતપુરાણ સાતમી સદી પહેલાં રચાયેલો ગ્રંથ હોવો જોઈએ.

આથી સિદ્ધ થાય છે કે તેરમી સદીમાં થયેલા બોપદેવને ભાગવતનો રચયિતા માનવો તે ઐતિહાસિક રીતે અયોગ્ય અને અશકય છે.[૮] હવે ભા. ના રચનાકાળ વિશે પ્રો. શિવશંકર પ્રસાદના અભ્યાસપૂર્ણ લેખને જોઈએ. તેઓ લખે છે કે[૯] પ્રા. દીક્ષિતાર જેવા વિદ્વાનો[૧૦] ભાગવત ત્રીજા સૈકાની રચના હોવાના મતને મક્કમતાથી વળગી રહે છે.

પરંતુ આંતર બાહ્ય પુરાવા પરથી ભાગવતપુરાણ છઠ્ઠી સદીની રચના હોવાનું કહી શકાય. ડૉ. હાઝરા બે મુદ્દાના આધારે છઠ્ઠી સદીમાં મૂકે છે.[૧૧]

૧) શાકત વિચારોથી પ્રભાવિત કૂર્મપુરાણ કરતા ભાગવતપુરાણ પ્રાચીન છે તેમણે કૂર્મપુરાણનો સમય ઈ.સ. ૫૫૦ થી ૬૫૦ વચ્ચેનો ગણ્યો છે.

૨) ભાગવતપુરાણમાં વિષ્ણુપુરાણ અને હરિવંશ કરતાં કૃષ્ણલીલાનું આલેખન વધુ પ્રમાણમાં છે. વિષ્ણુપુરાણ અને હરિવંશનો રચનાકાળ ઈ.સ. ૪૦૦ આસપાસનો હોવાથી ભાગવતપુરાણ ઈ.સ.૫૦૦ પહેલાંનું ન હોઈ શકે.

વળી, હૂણોએ વૈષ્ણવ ધર્મ અંગીકાર કર્યાનો ઉલ્લેખ ભાગવતપુરાણ કરે છે.[૧૨] હૂણો કુમાર ગુપ્તના સમય(ઈ.સ.ની પાંચમી સદી)માં ભારતમાં આવ્યા હતા. તેથી ભાગવતપુરાણ પાંચમી સદી પછીનું સર્જન છે. આનું સમર્થન કરતા ડૉ. એસ. ભટ્ટાચાર્ય પણ કહે છે કે ભાગવતપુરાણ ઈ.સ. ૫૦૦ પહેલાંની નહિ તેવી ગુપ્ત સમયની રચના સાબિત થાય છે[૧૩].

ભાગવતપુરાણમાં વર્ણવેલ સંસ્કૃતિ તેને ગુપ્ત કાળની રચના સાબિત કરે છે. તેથી એવો પ્રશ્ન થાય છે કે તેમાં ગુપ્તોની વંશાવલીનો ઉલ્લેખ કેમ નથી ? પ્રા. બલદેવ ઉપાધ્યાય એમ કહે છે કે "ભાગવતપુરાણને ગુપ્તોનો ઉલ્લેખ કરવાનું યોગ્ય લાગ્યું નથી"[૧૪] પરંતુ આ 6દષ્ટિકોણ બરાબર લાગતો નથી કેટલાક વિદ્વાનોએ[૧૫] ભાગવતપુરાણમાં ગુપ્તોનો સંદર્ભ જોવો છે. તેમના મતે अनुगङ्गामाप्रयागं गुप्तां भोक्ष्यति मेदिनीम् । [१६] માં ગુપ્તોનો ઉલ્લેખ છે. પરંતુ આ અનુમાન સાંધેલું છે,કારણ કે અહીનો 'ગુપ્તાં' શબ્દ 'મેદિની'નું વિશ્લેષણ માત્ર છે જે કોઈપણ રીતે ગુપ્તોનો નિર્દેશ કરતું જ નથી. એમ તો વિરુદ્ધ ધર્મોને આશ્રય આપનાર નંદો અને મૌર્યોનો પણ ભાગવતપુરાણમાં નિર્દેશ

છે.[૧૭] એટલે માત્ર એવો નિર્ણય પ્રતીતિકર બની શકે કે ભાગવતપુરાણની રચના ગુપ્તકાળમાં થઈ હોવી જોઈએ.

પદ્મપુરાણ અંતર્ગત ભાગવતપુરાણ મહાત્મ્યમાં ભિન્ન ભિન્ન ત્રણ પ્રસંગે થયેલ ભાગવતપુરાણના વકતા અને શ્રોતાનું વર્ણન આવે છે.[૧૮]

(૧) ભગવાન શ્રીકૃષ્ણના પરમધામ ગમન પછી કલિયુગના ત્રીસ પછી ભાદ્રપદ માસમાં નવમી તિથિથી શુકદેવે પરીક્ષિતને ભાગવતપુરાણની કથા સંભળાવવાનો પ્રારંભ કર્યો.

(૨) ત્યાર પછી ૨૦૦ વર્ષ પસાર થયા પછી એટલે કે કલિયુગ સંવત ૨૩૦ના અષાઢ મહિનાની શુકલ નવમીથી ગોકર્ણ ધુન્ધુકારીને કથા સંભળાવી હતી.

(૩) તેનાં પછી ત્રીસ વર્ષ પછી અર્થાત્ કલિયુગ સંવત ૨૬૦માં સનત્કુમાર આદિએ નારદજીને આ કથા સંભળાવી હતી. આ પ્રમાણોથી સાબિત થાય છે કે ભગવાન શ્રીકૃષ્ણના પરમધામગમન લીલા પછી ત્રીસ વર્ષની અંદર જ ભગવાન વેદવ્યાસે મહાભારત અને ભા.પુ.ની રચના કરીને પોતાના શિષ્યોને ભણાવ્યાં હતાં.

શ્રી ભાગવતપુરાણની રચનાકાળ વિશે ભિન્ન ભિન્ન વિદ્વાનોના મત નોંધનીય છે જે નીચે પ્રમાણે છે.

| | |
|---|---|
| (૧) ડૉ. દાસગુપ્તા[૧૯] | ઈ.સ.ની ૧૦ મી સદી |
| (૨) ડૉ. વિંટરનિટ્ઝ[૨૦] | ઈ.સ.ની ૧૦ મી સદી |
| (૩) ડૉ. રાધાકૃષ્ણન[૨૧] | ઈ.સ.ની ૯ મી સદી |
| (૪) પ્રા. ફર્કૂહર[૨૨] | ઈ.સ.ની ૯ મી સદી |
| (૫) શ્રી દુર્ગાશંકર શાસ્ત્રી[૨૩] | ઈ.સ.ની ૯ મી સદી |
| (૬) શ્રી એલિઓટ[૨૪] | ઈ.સ.ની ૮ – ૯ મી સદી |
| (૭) ડૉ. હાઝરા[૨૫] | ઈ.સ.ની છઠ્ઠી સદી |
| (૮) શ્રી દીક્ષિતાર[૨૬] | ઈ.સ.ની ત્રીજી સદી |

ડૉ. ભટ્ટાચાર્ય અને મ.મ. હરપ્રસાદશાસ્ત્રી ભાગવતપુરાણના સ્વરૂપ વિકાસના ત્રણ તબક્કાઓનો નિર્દેશ કરે છે.[૨૭] ગુપ્ત સમ્રાટો વરાહપૂજક હતા. અને ભાગવતપુરાણમાં વરાહ અવતાર બાબતે વિસ્તૃત નિર્દેશ મળે છે. તેથી ભાગવતપુરાણનો રચનાકાળ ગુપ્તયુગ હોવાની સંભાવના

સૌથી વિશેષ છે.[૨૮] સંક્ષિપ્તમાં અનેક વિદ્વાનોના અભિપ્રાય હોવા છતાં ગુપ્ત સમય દરમ્યાન ભાગવતપુરાણની રચના થઈ હોય તે મત વધારે યોગ્ય જણાય છે.

## (૫) ભાગવત-કૃષ્ણકર્ણામૃતમ્નું માધુર્ય :-

રાસક્રીડા એ ભકિતમાં એક અત્યંત ઉચ્ચતમ, મધુરતમ, શ્રેષ્ઠરૂપ છે. પ્રભુપ્રેમની અંતિમ અવસ્થા એટલે રાસલીલા. ભકિતની અંતિમ અવસ્થા છે. રાસક્રીડામાં જે પ્રેમ છે તે અશરીરી પ્રેમ છે. પ્રેમમાં પતિ-પત્નિનો જે પ્રેમ છે તે ટોચનો પ્રેમ માનવામાં આવે છે. પરમેશ્વર સાથે આપણે જુદા-જુદા સંબંધો બાંધ્યા છે. જેમ કે સેવક, પુત્ર, મિત્ર વગેરે. સેવકની ભૂમિકામાં સ્વામિનિષ્ઠા નિર્માણ થાય, પુત્રની ભૂમિકામાં તેનામાં કૃતજ્ઞતા અને તત્પરતા વિકસિત થાય, મિત્રની ભૂમિકામાં સલાહ અને મંત્રણા કરવાની શકિત વિકસિત થાય છે. આ બધી જ વાતોનો સરવાળો મધુરાભકિતમાં હોય છે. આ બધા સંબંધો કરતાં ઉપરનો સંબંધ છે, प्रियः प्रियायार्हसि... પ્રિયકર પ્રિયતમાનો સંબંધ. 'પ્રભુ હું તારી સાથે નહિ, હું તારો જ બનીને રહીશ' તેમાં ભકત અને ભગવાન બંનેને એક બીજાનું ખેંચાણ હોય છે. બંનેને એકબીજાને મળવાની આતુરતા હોય છે. વિકાસ સાધતા સાધતા આવેલી સ્થિતિએ પહોંચેલા ભકતના જીવનમાં મધુરાભકિત નિર્માણ થાય છે. આ સ્થિતિમાં સંકોચની ગ્રંથિ છૂટે છે અને પ્રભુ સાથે તેનો નિત્ય સંબંધ થાય છે તેના વિના જીવન અશકય છે તેવી તેને સમજણ આવી જાય છે. વાત્સલ્યાસકિત અને કાંતાસકિત-આ બે આસકિતમાં જ સંકોચની ગ્રંથી છૂટી જાય છે. गुणरहितं कामनारहितं प्रतिक्षण वर्धमानं अविच्छिन्न अनुभवरुपं ।[૨૯] પ્રેમ અને ભકિત બંને ગુણરહિત, કામનારહિત, પ્રત્યેક ક્ષણે વધતા રહેનાર, અવિચ્છિન્ન અને અનુભવરૂપ છે.

सत्यपि भेदापगमे नाथ तवाहं न मामकीनस्त्वम् ।
सामुद्रो हि तरङ्गः क्वचन समुद्रो न तारङ्गः ।।[૩૦]

હે નાથ ! મારા તમારાનો ભેદભાવ ચાલ્યો ગયો છે તે છતાં હું આપનો છું. આપ મારા નહીં, જેમ મોજુ સમુદ્રનું છે પણ સમુદ્ર મોજાનો નથી. ભગવાન સાથેના નિત્યસંબંધની આ સ્થિતિ છે. પાસે આવ્યા પછીનો આ સંબંધ છે એવું નથી. ભગવાન સાથે જોડાઈ ગયા બાદ જ સંબંધ રહે એવી જીવનની આ એક સ્થિતિ છે.

'કૃષ્ણકર્ણામૃત' ભકત કવિને પ્રભુપ્રાપ્તિની તીવ્રતમ લાલસા છે. તે પોતાનું સંપૂર્ણ સર્વસ્વ પ્રભુને સમર્પિત કરે છે એટલે કે મધુરા ભકિતની ટોચ જોવા મળે છે. કાંતાસકિતમાં સંકોચની

બધી જ ગ્રંથિઓ છૂટી જાય છે. શારીરિક વાસના હોતી જ નથી જીવ અને શિવની રમત શરૂ થાય છે. વારંવાર ખુલતી અને બાંધતી નીવિઓને હાથમાં પકડેલી અનેક ગોપીઓથી નવલકિશોર ઘેરાયેલ છે.[૩૧] નીલસ્પર્શ એટલે આવિદ્યાગ્રંથિઓનું છૂટવું . અહીં જીવની અવિદ્યા ગ્રંથિઓ નાશ પામી છે." સાક્ષાત્ કામદેવનાં અવતારના અંકુર છે." અહીં જીવનું જીવન એક ઉન્નત કક્ષાએ પહોંચેલ છે. અશરીરી પ્રેમ (Occul love) છે. તેને 'અનંગવર્ધનમ્' કહે છે, એટલે જેને અનંગ નથી તે.

હવે મધુરાભકિતમાં ભગવાન પતિ બન્યા તો જીવે પત્ની થવાનું છે. પત્ની થવું એટલે સ્ત્રીનું જે એક વિશિષ્ટ માનસ હોય છે તેવું બનવાનું. તેમાં પ્રથમ અગતિકતા લાગવી જોઈએ. પતિ વગર હું અગતિક છું એમ લાગવું જોઈએ. હું પરાવલંબી છું તેમાં આનંદ માણવો. જીવ કહે હે ભગવાન ! હું તારા પર આધારિત રહીશ. હું તારો આશ્રિત છું, આશ્રિત રહેવામાં આનંદ છે. પત્ની થવું એટલે નિર્ધન બનવું પડે. બધા જ ધર્મ પર મારો હકક નહીં બધા કર્મ પણ પ્રભુ તારા.

'કૃષ્ણકર્ણામૃતમ્' માં ભકત કવિ અગતિકતા અનુભવે છે. "વિષયરૂપ વિષયુકત માંસના લોભી મારા મનમાં અદ્ભુત જ્યોતિપૂંજ ચિરકાલ તક પ્રકાશિત રહો.[૩૩] જીવ કહે છે. પ્રભુ આપ કામના રહિત છો. હું કામના યુકત છુ. ભલે સંસારની કામના છૂટી ગઈ છે, પરંતુ તને મળવાની અને તારા બનવાની કામના છૂટતી નથી. આધાર વગર જીવી કેવી રીતે શકીએ ? શ્લોક ૩૩ માં પણ કવિ આત્માલોચના કરે છે. રાસવિહારી કૃષ્ણનો ગોપીઓ સાથેનો વાર્તાલાપ કોઈ પુણ્યત્માના હૃદયમાં જ પ્રવાહિત થાય છે. મારાં એવાં સુકૃત કયાં ?

બીજી વાત છે ગ્રાહકતા. પત્ની તરત ગ્રહણ કરે છે. તેની પાસે જબરદસ્ત ગ્રાહકતા હોય છે. પતિના ગુણો તરત ઝીલે છે. પત્નીનું પતિ સાથેનું માનસિક સાહચર્ય હોય છે, તેમ જીવ અને ભગવાનનું સાહચર્ય હોય છે. તેથી ભગવાનના ગુણો ભકત ઉપાડે છે. સામાન્ય જીવનમાં પણ યુવક–યુવતિના લગ્ન નક્કી કરતી વખતે બંને પક્ષે સમાન ગુણોની અપેક્ષા રાખે છે. અહીં જીવે પણ શિવ સાથે વિલીન થવામાં ગુણો આવશ્યક છે. જીવ પણ શિવના જેવા ગુણો ધારણ કરીને તેનો બનવા પ્રયત્ન કરે છે. માધુર્યના મહાસાગર ભગવાન છે. જીવે પણ જીવનમાં માધુર્ય નિર્માણ કરવાનું છે. સૃષ્ટિ મધુર છે તેમ જીવન પણ મધુર છે. માત્ર સુખમાં નહિ દુઃખમાં પણ જીવન મધુર લાગે છે. દુઃખમાં પણ જીવન મધુર લાગવું એ મનનો વિકાસ છે. દુઃખ અને વ્યથા પણ મધુર લાગે તેમનું જીવન મધુર છે. તેઓ તૃપ્તામા છે, તૃપ્તામા હોય તો જ ચહેરા પર માધુર્ય દેખાય. શૃંગારરસ પરિપૂર્ણ છે. જગતમાં એકબીજાને

આપવુ-લેવુ ચાલે છે. તેમાં આપનાર મોટો અને લેનાર નાનો બને છે. શૃંગારમાં બંનેની શ્રેષ્ઠતા કાયમ છે. 'शृङ्गम् राति इति शृङ्गारः' અને शृङ्गम નો અર્થ થાય છે ઉત્કૃષ્ટતા.[૩૪] જ્યાં આપવામાં બંનેની ઉત્કૃષ્ટતા રહે છે તેને શૃંગાર કહે છે. જે સંબંધમા જે મિલનમાં બંનેની ઉત્કૃષ્ટતા કાયમ રહે છે, જેમાં કોઈ કનિષ્ઠ નથી, કોઈ શ્રેષ્ઠ નથી, તેને શૃંગાર કહે છે. નહિ તો, હંમેશાં આપવાવાળો મોટો અને લેવાવાળો નાનો લાગે છે. ત્રિવિધ તાપથી પર હોય છે ઈશ સાનિધ્યનો વિશ્વાસ છે, આત્મપ્રતીતિ છે.

'કૃષ્ણકર્ણામૃતમ્' માં જીવ કામના કરે છે કે સમસ્ત જગતને પ્રેમરસથી સ્નિગ્ધ કરનાર તેજ મારા હૃદયમાં નિરંતર ક્રીડા કરે છે.[૩૫] શિવ આસકિત રહિત કામના રહિત છે તેમ જીવ પણ પોતે નિઃસ્વાર્થ પ્રેમયુકત જીવન બનાવવાની ઈચ્છા કરે છે. પત્ની જેમ પતિના કુટુંબને સંભાળે છે તેમાં પતિ પરનો આત્યંતિક પ્રેમ વ્યકત થાય છે. તેમ જીવ પણ ભગવાનના આ સંસાર પર નિઃસ્વાર્થ પ્રેમ કરવાનો છે. મધુર મુરલીવાદનથી સંમોહિત કરનાર નવલકિશોરની લીલાઓ મારા ચિત્તમાં પ્રકટ હો.[૩૬]

પ્રભુ, આજ સુધી મને ગર્વ હતો, તે ભૈતિક ગર્વ હતો. તે ભૌતિક આસકિત હતી પરંતુ હવે મને તારી આસકિત છે. આમ, ગ્રાહકતાનો ગુણ નિર્માણ થાય છે.

ત્રીજો ગુણ છે શરણાગતિ. "મારું કંઈ નથી, બધું તારું છે." બુદ્ધિ અને અહમ્ પણ તારા. પરંતુ અહીં શરણાગતિમાં લાચારી નથી. તે મન, બુદ્ધિ અને અહમ્ ભાવથી આપે છે તેને સમર્પણ કહે છે. ભગવાન ! મન, બુદ્ધિ બધું તારું છે અને તું મારો છે. તેથી આખુ વિશ્વ મારું છે. 'મારું કંઈ નથી. આ પહેલી વાત અને તું મારો છે તેથી આખું વિશ્વ મારુ છે.' આ બીજી વાત. ભકતની આવી જે સ્થિતિ છે. તેને આપણે શરણાગતિ કહીએ છીએ. ભકત ગોપીવલ્લભ શ્રીકૃષ્ણ સર્વ સમર્થ પ્રભુનું શરણ સ્વીકારે છે.[૩૭] આ એક શ્રેષ્ઠ માનસિક સ્થિતિ છે. આજ દિન સુધી કોઈની કૃપા સ્વીકારી નથી. પરંતુ, તારી કૃપા સ્વીકારમાં મને આનંદ છે. સાધક અવસ્થામાં કોઈની કૃપા લેવી નથી અને સિદ્ધ અવસ્થામાં પ્રભુની કરુણા સ્વીકારવી છે, કેમ કે કૃપા લેવાની આદત જ નીકળી ગઈ છે. દયાકરુણા માત્ર ભગવાનની જ જોઈએ. શરણાગતોને અભયદાન આપવામાં આદરપૂર્ણ ગૌરવ પ્રાપ્ત કરનારા ચરણકમલમાં મારો અનુરાગ વધતો રહે.[૩૮] સમર્થ વ્યકિતના શરણની જ લાલસા છે.

આ ભકતના જીવનમાં વર્તનચાતુર્ય આવી જાય છે. પત્નીને પતિ ઉપર પ્રેમ છે પણ તેની બીજાને ખબર ન પડવી જોઈએ. પતિને તે પ્રેમ સમજાવો જોઈએ. પ્રેમ કહેવો નહીં, દેખાડવો નહીં છતાં ખબર પડવી જોઈએ તે વર્તનચાતુર્ય. તેવી રીતે જીવનમાં આજ્ઞાંકિતતા આવે છે. મારા પર

કામના, વાસનાની આજ્ઞા નહીં, પરંતુ માત્ર તારી જ આજ્ઞા ચાલશે. બીજા કોઈની સત્તા ચાલશે નહીં. ત્યારે જ ઉપભોગની સ્થિતિ ચાલી જાય છે અને रसो वै सः ની સ્થિતિ આવે છે. આ ભોકતાભોગ્ય વિવર્જિત રસ છે. તે સમયે ' બુદ્ધિ દેહ ' રહે છે અને દેહબુદ્ધિ ખતમ થાય છે. આ ભાવરૂપતા છે. પૂર્ણતાની અનુભૂતિની સ્થિતિમાં, અશરીરી પ્રેમમાં રમત શરૂ થાય છે. આ અંતિમ જીવનને 'મધુરા' કહે છે.

પરંતુ જરૂર છે 'સર્વસ્વ આપવાની', એક ચિત્રકારે બહું જ સુંદર ચિત્ર બનાવ્યું. તે રાજાની પાસે લઈ ગયો. રાજાને તે ચિત્ર બહું જ ગમ્યું અમુક કિંમત આપી ખરીદવાની વાત કરી. ચિત્રકારે ના પાડી ત્યાં જ એક કલાકાર આવ્યો. તેને પણ ચિત્ર ગમ્યું તે ગરીબ હતો. રૂપિયા ન હતા. પરંતુ પોતાનું પહેરણ ઉતારીને આપ્યું. ચિત્રકારે તેને ચિત્ર આપ્યું. ત્યારે રાજાને આશ્ચર્ય થયું કે આમ કેમ ? ચિત્રકારે કહ્યું કે તમારી પાસે લાખો રૂપિયા છે તેમાંથી અમુક જ આપતા હતાં. પરંતુ આ કલાકાર પાસે તો બીજું કંઈ જ નથી, વસ્ત્ર જ તેનું સર્વસ્વ છે. તેણે તેનું સર્વસ્વ મને આપ્યું. આમ, સર્વસ્વ આપે છે તેની કિંમત છે.

મધુરાભકિતમાં ભૂલવાની જે આવશ્યકતા છે તે જ સર્વસ્વ છે. દેવ દેવત્વ ભૂલે છે અને જીવ ક્ષુદ્રતાને ભૂલી જાય છે. ત્યારે જ મિલન થાય છે. મિલનમાં સર્વસ્વ આપ્યા બાદ જ આતુરતા નિર્માણ થાય છે. સ્વત્વ ભૂલ્યા બાદની સ્થિતિમાં જ મિલન થાય છે. 'કૃષ્ણકર્ણામૃતમ્' માં કહે છે કે અદ્‌ભુત તેજને મારા નમસ્કાર, જે લોકપાલ હોવા છતાં ગોપાલન કરે છે. ક્ષીરસાગરમાં શેષશાયી છે છતાં શ્રી રાધાના પયોધર પર વિહાર કરે છે.[૩૯] પરમ જ્યોતિ શ્રીકૃષ્ણ સર્વજ્ઞતા અને મનોહતામાં લીલા રસમયતામાં સર્વશ્રેષ્ઠ છે. તે નયન ગોચર બનીને મધુરાનંદ સામ્રજ્યમાં વ્યાપ્ત બને છે.[૪૦] અહીં સ્વયં ભગવાન માધુર્યનું રસાસ્વાદન કરે છે, જે ઉભયનિષ્ઠ ભકિતનુ ઉદાહરણ છે.

### (૬) કૃષ્ણકર્ણામૃતમ્ અને ભાગવત પુરાણ-સામ્ય :-

કૃષ્ણકર્ણામૃત અને ભાગવતનો પ્રતિપાદ્ય વિષય એક જ છે. કૃષ્ણકર્ણામૃતનું વિષયવસ્તુ સૌંદર્ય અને માધુર્યનું સાક્ષાત સ્વરૂપ નંદકિશોર છે. તેનું સૌંદર્ય મનોહર છે તેનાથી મોહિત સ્વર્ગ સુદરીઓનાં હૃદયમાંથી કલ્પપ્રસૂન સરી પડે છે. વંશીની સ્વર લહરી સાંભળીને સાન-ભાન ભૂલી જાય છે. વસ્ત્રોની ગ્રંથીઓ ઢીલી પડેછે અને વારંવાર બાંધે છે.-

अस्ति स्वस्तरुणीकराग्रविगलत्कल्पप्रसूनाप्लुतं

वस्तु प्रस्तुतवेणुनादलहरीनिर्वाण निर्व्याकुलम् ।

स्रस्तस्रस्तनिरुद्धनीविविलसद्गोपीसहस्रावृतम्

हस्तन्यस्तनतापवर्गमखिलोदारं किशोराकृति ।।[૪૧]

**જ્યારે ભાગવતનો વિષય વેદાન્ત વર્ણિત નિરાકાર બ્રહ્મ છે.**

वेद्य वास्तवमत्र वस्तु शिवदं तापत्रयोत्मूलनाम् ।।[૪૨]

**સ્ત્રીઓને આનંદ આપનાર રૂપ અને શીલવાળા શ્રીકૃષ્ણને જોઈને અને તેમણે વગાડેલી વાંસળીનું અદ્‌ભુત ગીત સાંભળીને વિમાનમાં જતી દેવાંગનાઓ કામાવેશથી ધૈર્યરહિત થઈ મોહિત થાય છે. જેથી તેઓના અંબોડામાંથી પુષ્પો સરકી પડે છે અને તેઓના ચણિયાના બંધન ઢીલાં થાય છે.**

बालं नीलममी वयं मधुरिमस्वाराज्यमाराध्नुमः।।[૪૩]

**શૃંગારરસ સર્વસ્વ ફૂલ્લેન્દીવર કાન્ત-શ્યામ સુંદરીની આરાધના કરે છે. અહીં 'बालम्' નો અર્થ કિશોર છે.'बालम्' શબ્દ પ્રયોગ દ્વારા પાઠકના મનમાં શ્રીકૃષ્ણની સંભાવિત કામુકતાના ભાવને નષ્ટ કરવા ઇચ્છે છે. કૃષ્ણ કિશોર છે. પરંતુ તેમનું મન શિશુસમાન નિર્મળ છે.**

**ભાગવતકાર પણ રાસપંચાધ્યાયીમાં શ્રીકૃષ્ણના નિર્મળ શિશુત્વ તરફ ધ્યાન આકર્ષિત કરતા કહે છે કે :**

रेमे रमेशो व्रजसुन्दरीभिर्यथार्भकः स्वप्रतिविम्बविभ्रमः ।।[૪૪]

**'જાણે બાળક પોતાના પ્રતિબિંબથી રમે છે' લક્ષ્મીપતિ ભગવાન પણ બાળકની જેમ પોતાના પ્રતિબિંબો સાથે રમે, તેમ આલિંગન, હાથનો સ્પર્શ, સ્નેહપૂર્વક ઇક્ષણ, ઉત્તમ વિલાસો તથા હાસ્ય વગેરેથી વ્રજની સુંદરીઓ સાથે જરાપણ મોહ પામ્યા વિના રમતા હતા.**

**અત્યંત વિનમ્રભાવથી બિલ્વમંગલ શ્રીકૃષ્ણની રૂપમાધુરીના એકાદ કણની પ્રાર્થના કરે છે. ત્રિભુવનમાં અદ્વિતીય અદ્‌ભુત, સર્વપ્રકાશક જ્યોતિ ચિત્તમાં પ્રકાશિત થાય એમ ઇચ્છે છે.**

ज्योतितसि नकास्तु जगतामेकाभिरामाद्भूतम् । [૪૫]

**ભાગવતમાં પણ વૃંદાવનમાં વિચરતા શ્રીકૃષ્ણ ભગવાનની જે ક્રીડાઓ હતી. તેનું પરસ્પર વર્ણન કરતી ગોપીઓ શ્રીકૃષ્ણમય થતી હતી (ભા.૧૦-૨૧-૨૦)**

वृन्दारण्यं स्वपदरमणं प्राविशद् गीतकीर्तिः ।[૪૬]

**પરમ ઉજ્જવલ ભાવાવિષ્ટ થઈ ગોપી રમણ રાસવિહારી મદન મોહનના શરણમાં જવાની ઈચ્છા કરે છે. જે રાસવિહારી શ્રીકૃષ્ણ પ્રભુ છે. સમસ્ત કામનાઓ પૂર્ણ કરનાર છે. કૂંપણ જેવા કોમળ કર-કમલોમાં વાંસળી છે. સ્વરમાધુરી વ્રજબાળાઓને વ્યાકુળ કરે છે. રતુંબડા અધરોથી સુશોભિત છે. કુચ કુમકુમથી અનુરંજિત છે.** रु

पल्लवारुणपाणिपङ्कजसङ्गिवेणुरवाकुलं
फुल्लपाटलपाटलीपरिवादिपादसरोरुहम् ।
उल्लसन्मधुराधरद्युतिमञ्जरीसरसाननं
वल्लवीकुचकुम्भकुङ्कुमपङ्किलं प्रभुमाश्रये ।।[४७]

**ગોપીઓ પણ રાસવિહારી મદનમોહનના પ્રેમમાં વિભોર બની દિવ્યોન્માદમાં સુધબુધ ખોઈને રાસમંડળમાં દોડી ગઈ હતી.**

तन्नः प्रसीद वृजिनार्दन तेऽङ्घ्रिमूलं प्राप्ता विसृज्य वसतीस्त्वदुपासनाशाः ।
त्वत्सुन्दरास्मितनिरीक्षणतीव्रकामतप्तात्मनां पुरुषभूषण देहि दास्यम् ।।
वीक्ष्यालकावृतमुखं तव कुण्डलश्रीगण्डस्थलाधरसुधं हसितावलोकम् ।
दत्ताभयं च भुजदण्डयुगं विलोक्य वक्षः श्रियैकरमणं च भवाय दास्यः[४८]

**હે દુઃખભંજન દેવ! અમારા પર પ્રસન્ન થાઓ, અમે ઘરબાર છોડી આપની ઉપાસના કરવાની આશાએ આપના ચરણકમળમાં આવ્યા છીએ, હે પુરુષાલંકાર ! આપના સુંદર હાસ્ય અને દર્શનથી ઉપજેલાં તીવ્ર કામ વડે તપેલાં મનવાળી અમને દાસીપણું આપો.**

हृदये मम हृद्यविभ्रमाणां हृदयं हर्षविशाललोलनेत्रम् ।
तरुणं व्रजबालसुन्दरीणां तरलं किंचन धाम संनिधत्ताम् ।।[४९]

**કૃષ્ણરૂપી જ્યોતિની કામના કરે છે. જે જ્યોતિની રૂપ-માધુરી અનિર્વચનીય છે. ફસાયેલી માછલીની જેમ, જેમ છૂટવા જઈએ તેમ વધારેને વધારે ફસાય છે, તેમ ભૂલવા જતાં વધારેને ખેંચાણ થાય છે.**

**ભ્રમરગીતમાં ગોપીઓનો વ્યંગપૂર્ણ ઠપકો વિરહભક્તિની વેદનાનું સુંદર વર્ણન છે. -**

वयमृतमिव जिह्मव्याहृतं श्रद्धानाः कुलिकरुतमिवाज्ञाः कृष्णवध्वोहरिण्यः
दद्दशुरसकृदेतत्तन्नखस्पर्शतीव्रस्मररुज उपमन्त्रिन् भण्यतामन्यवार्ता ।।[५०]

**જે કાળામૃગની સ્ત્રીઓ ભોળી મૃગલાઓ પારધીના કપટી ગાયનને સત્ય માની બાણોથી ઘાયલ થઈ**

પીડા ભોગવે છે. તેમ અમે ભોળી ગોપીઓ તે કૃષ્ણના કપટી વચનો સત્ય જેવા માની અનેકવાર તેમના નખના સ્પર્શથી તીવ્ર કામપીડા ભોગવીએ છીએ. માટે હે દૂત ! એ કૃષ્ણની વાત તો તું જવા જ દે !

किमपि वहतु चेतः कृष्णपादाम्बुजाभ्याम् ।[૫૧]

ગોપીઓને સત્કાર્યોના ફૂલ સ્વરૂપ રાસવિહારી મનમોહનની રાસલીલાનો દિવ્યાનંદ પ્રાપ્ત થયો છે. ભકતકવિની ઈચ્છા છે કે તેમને પણ શ્રીકૃષ્ણના ચરણાવિંદનું સતત સાનિધ્ય પ્રાપ્ત થાય ભગવાનના ચરણકમલના ઐશ્વર્ય, માધુર્ય અને ઔદાર્યનું વર્ણન છે.

यत्पादपङ्कज रजः शिरसा बिभर्ति श्रीरब्जजः सगिरिशः सहलोकपालैः ।[૫૨]

ભાગવતમાં અનેક સ્થળે શ્રીકૃષ્ણના ચરણકમલના મહિમાનું વર્ણન છે. દાત. યુધિષ્ઠિર કહે છેઃ "આ ચરણકમલની રજ લક્ષ્મી, બ્રહ્મા, મહેશ તથા ઇન્દ્રાદિ લોકપાલ પોતાના મસ્તક પર ધારણ કરીને કૃતાર્થ થયા છે. આ ઉપરાંત ભગવાનના ચરણકમલના માધુર્યનું વર્ણન અનેક પદમાં મળે છે. (ભા. ૨-૧.૯-, ૪-૨૨.૩૯)

अव्याजमञ्जुलमुखाम्बुजमुग्धभावैरास्वाद्यमाननिजवेणुविनोदनादम् ।[૫૩]

ભકતકવિ મનોજ્ઞ મુખારવિંદના મનોહર ભાવોની સાથે વંશીની માદક ધ્વનિનું આસ્વાદન કરતાં ત્રણેય લોકને આનંદની અમૃતધારાથી ભીંજવી રહ્યા છે તે તરલ તેજ રકત ચરણારવિંદથી આર્દ્ર હૃદયમાં નિરંતર ક્રીડા કરે તેવી કામના કરે છે. વંશીની મોહક સ્વર લહરીનું વર્ણન ભાગવતમાં વેણુગીતમાં મળે છે.-

अक्षण्वतां फलमिदं न परं विदामः सख्यः पशूनन्‌ विवेशयतोर्वयस्यैः ।

वक्त्रं व्रजेशसुतयोरनुवेणु जुष्टं यैर्वा निपीतमनुरक्तकटाक्षमोक्षम् ।।[૫૪]

"વ્રજપતિ નંદનાપુત્ર શ્રીકૃષ્ણ તથા બળદેવજીનું વાંસળી વગાડતું અને સ્નેહભર્યા દષ્ટિપાતો વાળું મુખ જેઓએ જોયું છે-સેવ્યુ છે. તે જ નેત્રયુકત પ્રાણીઓના નેત્રોનું ફળ છે. તે સિવાય બીજા નેત્રોનું ફળ અમે જાણતી નથી"

મણિમય નૂપુરોથી મુખર અને વ્રજવીથિઓને પાદાંકિત કરેલ છે એવાં સર્વ સમર્થ પ્રભુના ચરણ કમલને પ્રણામ કરે છે.

मणिनूपुरवाचालं वन्दे तच्चरणं विभोः।

ललतानि यदीयानि लक्ष्माणि व्रजब्रीथिषु ।।[૫૫]

વેણુગીતમાં શુકદેવજી કહે છે–

वृन्दावनं सखि भुवो वितनोति कीर्ति

यद् देवकीसुतपदाम्बुजलब्धलक्ष्मि ।।[૫૬]

સખી ! આ વૃંદાવન પૃથ્વીની કીર્તિને સ્વર્ગની કીર્તિ કરતાં પણ અધિક બનાવે છે. કેમ કે આણે દેવકીપુત્ર શ્રીકૃષ્ણનાં ચરણકમળો વડેશોભા મેળવી છે.

પદચિહ્ન જ નહી, તેનાં ચરણોમાં બાંધેલ મણિનૂપુરની મધુર ધ્વનિઓ ગોપીઓને પરમાનંદ પ્રદાન કરે છે.

यत्पादपांसुर्बहु जन्मकृच्छ्रतो धृतात्माभियोगिभिरप्यलभ्यः।

स एव यद् दिग्विषयः स्वयं स्थितः किं वर्ण्यते दिष्टमतो व्रजौकसाम् ।।[૫૭]

અનેક જન્મોની કષ્ટસાધ્ય તપસ્યા અને ઇન્દ્રિયનિગ્રહ પછી પણ યોગીજન શ્રીકૃષ્ણ ચરણોની રજ પ્રાપ્ત નથી કરી શકતા તે ભગવાન વ્રજવાસી ગોવાળોની સાથે સદા ખેલે છે. આથી મોટુ સદ્ભાગ્ય શું હોય ?

आमुग्धमर्धनयनाम्बुजचुम्ब्यमान हर्षाकुलब्रजवधूमधुराननेन्दोः ।

आरब्धवेणुरवमात्तकिशोरमूर्तेराविर्भवन्तु मम चेतसि केऽपि भावाः ।।[૫૮]

આ પદ્યમાં શ્રીરાધારમણ કિશોર મૂર્તિ મધુરાતિમધુર લીલાઓથી પોતાના મનને દિવ્ય મહાભાવથી પરિપૂર્ણ કરવાની અભિલાષા વ્યકત કરે છે રાસલીલામાં ગોપીઓથી ઘેરાયેલા રસિકશેખરની છબીની કલ્પના કરે છે. રાસલીલામાં ગોપીઓને આકર્ષિત કરવા વેણુમાધવ બંસી બજાવે છે. વાંસળીનો સૂર સાંભળીને ચિત્ત સાંસારિક વિષય વાસનાઓથી મુકત થઈ જાય. ગોપીઓ બેશુદ્ધ બનીને રાસમંડલ તરફ છોડી જાય છે.

कृष्णं निरीक्ष वनितोत्सवरुपशीलं

श्रुत्वा च तत्क्वणितवेणुविचित्रगीतम् ।

देव्यो विमानगतयः स्मरनुन्नसारा

भ्रश्यत्प्रसूनकवरा मुमुहर्विनीव्यः ।।[૫૯]

ગોપીઓ જ નહીં સ્વર્ગની દેવાંગનાઓ પણ મદનમોહનને જૂએ છે. વાંસળીનો ધ્વનિ સાંભળે છે તો વિમાનોમાં મૂર્છિત થઈ જાય છે. કૃષ્ણદર્શનની ઉતાવળમાં ધૈર્ય તૂટી જાય છે. દેહનું ભાન પણ ખોઈ બેસે છે.

कलक्वणितकङ्कणं करनिरुद्धपीताम्बरं

क्लमप्रसृतकुन्तलं गलितवर्हभूषं विभोः ।

पुनःप्रकृतिचापलं प्रणयिनीभुजायन्त्रितं

मम स्फुरतु मानसे मदनकेलिशय्योत्थितम् ।।[૬૦]

**પ્રિયાના કંગનોની મોહક ઝંકાર, પ્રિયતમના હાથથી પીતામ્બર સંભાળવું, રતિશ્રમથી વિખરાયેલ કેશ-કલાપ, સર્વસમર્થ રાસવિહારીના મર્દિત મોરમુકુટ, રસિકશેખરની કામુક ચેષ્ટાઓ, કામકેલિ વગેરે મનમાં સ્ફુરિત થાય તેવી કામના કરે છે. અહીં બિંબનો પ્રયોગ કરીને શારીરિક કામક્રીડાઓના માધ્યમથી આધ્યાત્મિક ઈશ્વરીય પ્રેમની ઝાંખી કરાવે છે, કામોદ્દીપક શબ્દચિત્રના માધ્યમથી રાધામાધવની કામકેલિના રૂપક દ્વારા ઇન્દ્રિયાતીત પ્રેમનું વર્ણન કરવાનો પ્રયત્ન કરે છે.**

**આ માધુર્યરસનું આસ્વાદન કરાવતા ભાગવતકાર કહે છે-**

अनुग्रहाय भूतानां मानुषं देहमास्थितः ।

भजते तादशीः क्रीडा या श्रुत्वा तत्परो भवेत् ।।

विक्रीडितं व्रजवधूमिरिदं च विष्णोः

श्रद्धान्वितोऽनुश्रणुयादथ वर्णयेद् यः

भक्तिं परां भगवति प्रतिलभ्य कामं

हृद्रोगमाश्वपहिनोत्यचिरेण धीरः ।।[૬૧]

**ભગવાન પોતાના દિવ્ય ચિન્મય શ્રી વિગ્રહ મનુષ્યરૂપમાં પ્રકટ કરી લીલા કરે છે. જેને સાંભળી જીવ ભગવદ્ પરાયણ થઈ જાય. આ લીલાઓનું વર્ણન કરવાનો ઉદ્દેશ્ય કામોદ્દીપન નહી, કામવિકાર પર વિજય પ્રાપ્ત કરવાનો છે.**

अधीरमालोकितमार्द्रजल्पितं गतं च गम्भीरविलासमन्थरम् ।

अमन्दमालिङ्गितमाकुलोन्मद स्मितं च ते नाथ विदन्ति गोपिकाः ।।[૬૨]

**આ પદ્યમાં ગોપીવલ્લભ શ્રીકૃષ્ણની અનેક મોહક વિશેષતાઓનું વર્ણન છે. ચંચલ ચિતવન, સરસ મધુર વાર્તાલાપ, મન્થર મદમાતી ચાલ, પ્રગાઢ આલિંગન, વ્યાકુળ બનાવનાર મંદ મુસ્કાન, એક થી એક વધારે ઉન્માદકારી છે.**

ભાગવતમાં ગોપીગીત[૬૩]માં વિરહની ઉન્માદાવસ્થામાં એક-એક મોહિની વિશેષતાનું સ્મરણ કરીને ગોપીઓનેપ્રલાપ કરતી બતાવી છે.

दृश्यासं त्रिभुवनसुन्दरं महस्ते ।[૬૪]

રાસવિહારી શ્રીકૃષ્ણના અનિર્વચનીય સૌંદર્ય-માધુર્યનું રાસલીલામાં દર્શન કરવાની ઈચ્છા કરે છે. ભાગવતમાં વારંવાર साक्षान्मन्मथमन्मथः શ્રીકૃષ્ણનાં સૌંદર્યનું વર્ણન છે. પરંતુ રાસલીલામાં બે-બે ગોપીઓની વચ્ચે કૃષ્ણ-શ્યામસુંદરનું મોહક રૂપ અનિર્વચનીય છે. ઉદ્ધવજી વિદૂરજીને કહે છે-

विस्मापनं स्वस्य च सौभयद्धेः परं पदं भूषणभूषणाङ्गम् ।

कात्स्न्र्येन चाद्येह गतं विधातुरवाक्सृतो कौशलमित्यमन्यत ।।[૬૫]

यस्यानुरागप्लुतहासरास लीलावलोक प्रतिलब्धमानाः ।

व्रजस्त्रियो दृग्भिरनुप्रवृत्तधियोऽवतस्थुः किल कृत्यशेषाः ।।[૬૬]

ભગવાનનો દિવ્ય શ્રીવિગ્રહ એટલો સુંદર હતો કે જગત સાથે સ્વયં મુગ્ધ થઈ જતા હતા. તે રૂપમાં સૌંદર્ય અને સૌભાગ્યની પરાકાષ્ઠા હતી. તેમનું પ્રેમપૂર્ણ હાસ્ય- વિનોદ અને લીલામય ચિતવનથી સન્માનિત ગોપીઓની આંખો તેમના તરફ જ જતી હતી. ચિત્ત એટલું તલ્લીન હતું કે ઘરના કામ કાજ છોડીને પહોંચી જતી હતી. રાસલીલામાં ગોપ સુંદરીઓની વચ્ચે બેઠેલ મદનમોહનનું વર્ણન કરતા શુકદેવજી કહે છે-

चकास गोपीपरिषद्गतोऽर्चित स्त्रैलोक्यलक्ष्मेकपदं वपुर्दधत् ।

ત્રણેય લોકમાં ત્રણેય કાળમાં જેટલું સૌંદર્ય છે તે બધું તો ભગવાનનાં સૌંદર્યનું બિંદુમાત્ર છે.

पर्याचितामृतरसानि पदार्थभङ्गीवल्गूनि वल्गितविशालविलोचनानि ।

बाल्याधिकानि मदवल्लवभाविनीभिर्भावेलुठन्ति सुकृतां तव जल्पतानि ।।

જ્યારે કૃષ્ણ ગોપીઓની સાથે શ્લિષ્ટ ભાષામાં ચંચલ અને વિશાલ નેત્રો નચાવી -નચાવીને વ્યંગ્ય અને વિનોદ ભરેલ સંભાષણમાં નિરંતર અમૃતની વર્ષા થાય છે. આ સુધારસ પુણ્યાત્માઓને જ મળે છે મારું આવું સૌભાગ્ય કયાંથી ?

વ્રજભૂષણ શ્રીકૃષ્ણ અને ગોપીઓના વ્યંગ્ય-વિનોદ શ્લિષ્ટ સંભાષણ અને હાસ્ય પરિહાસના અનેક ઉદાહરણ ભાગવતમાં મળે છે. શ્લિષ્ટ ભાષાનું ઉદાહરણ જોઈએ - રાસલીલામાં ભગવાન કહે છે.

रजन्येषा घोररुपा घोरसत्त्वनिषेविता ।

प्रतियात व्रजं नेह स्थेयं स्त्रीभिः सुमध्यमाः ।।[૬૮]

**બંસી ધ્વનિ સાંભળીને રાત્રે રાસસ્થળ પર આવેલ ગોપીઓને શ્રીકૃષ્ણ કહે છે - " રાત્રિ ભયંકર છે. જંગલી જાનવરોથી સેવાયેલી તમે વ્રજમાં પાછી જાઓ. તમારે અહીં રહેવું યોગ્ય નથી." ગોપીવલ્લભ અને ગોપીઓ વચ્ચે શ્લિષ્ટ હાસ-પરિહાસનું વર્ણન ચીરહરણ લીલામાં મળે છે. વૃક્ષની ડાળી ઉપર બેસીને બોલે છે. 'હે અબળાઓ ! તમે અહીં આવી ઇચ્છાનુસાર પોતપોતાનાં વસ્ત્રો લઈ લો. હું સત્ય કહું છું, મશ્કરી કરતો નથી કારણ કે તમે વ્રતથી કૃશ થઈ છો.(ભા.૧૦.૨૨-૧૦) તેમની એ મશ્કરી જોઈ ગોપકુમારીઓ પ્રેમરસમાં મગ્ન બની તેઓ શરમાઈને એકબીજાને જોઈ હસી પણ જળમાંથી બહાર ન નીકળી.(ભા.૧૦.૨૨-૧૨) તમને નંદરાયજીના પ્રિય પુત્રને આખા વ્રજમાં સૌ વખાણે છે એ અમે જાણીએ છીએ. તમે અમારા વસ્ત્ર આપો. અમે ધ્રૂજીએ છીએ (ભા.૧૦.૨૨-૧૪)**

**ભકત કવિને ભગવાનનાં આલિંગનની તીવ્રતા છે -**

लीलाकिशोरमुपगूहितमुत्सकाः स्मः ।[૬૯]

**ભકત કવિના મનમાં અનિર્વચનિય ઉત્સુકતા ઉત્પન્ન કરે છે. સતુષ્ણ નયનોથી પોતાના હૃદયમાં અવતરવાની કામના કરે છે.**

**ભાગવતમાં ગોપીઓના વિરહગીતમાં આ કામના જોવા મળે છે.-**

सुरतवर्धनं शोकनाशनं स्वरितवेणुना सुष्ठु चुम्बितम् ।

इतररागविस्मारणं नृणां वितर वीर नस्ते धरामृतम् ।।[૭૦]

**"હે વીર! આપનું અધરામૃત સુરતવર્ધન, શોકનો નાશ કરનારુ, સ્વર સંગીત ઉત્પન્ન કરતી વેણુએ તે સારી રીતે ચુંબન કરેલું છે અને કામનોઓ ભૂલાવી દેનારું છે. તે અમને આપો." વિરહવ્યથા વ્યકત કરતી મર્મસ્પર્શી કોમલ-કાન્તપદાવલીમાં આર્ત પ્રાર્થના છે.-**

अमून्यधन्यानि दिनान्तराणि हरे त्वदालोकनमन्तरेण ।

अनाथबन्धो करुणैकसिन्धो हा हन्त हा हन्त कथं नयामि ।।[૭૧]

**ભકત કહે છે આપના દર્શન વિના ભાગ્ય વિહીન અત્યંત દુઃખદાયક દિવસો કેવી રીતે વિતાવું ? ભાગવતમાં પણ ગોપી કહે છે-**

त्रुटियुगायते त्वामपश्यतम् ।।[७२]

"આપ દિવસે વનમાં વિચરો છો ત્યારે આપને ન જોતાં અમારી એક ક્ષણ પણ એક એક યુગ જેવડી જાય છે અને સાયંકાળે વાંકડિયા વાળવાળું આપનું શોભાયમાન મુખ જોઈએ છીએ ત્યારે અમને પાપણો નડે છે."

શ્રીકૃષ્ણ દર્શનની દુર્નિવાર તૃષ્ણા ચિરકાલથી વ્યાપ્ત પ્રતિપળ વધે છે. આ સ્થિતિમાં તૃષ્ણા દમન કરવા શું કરીએ ?

कृपणकृपणा कृष्णे तृष्णा चिरं वत लम्बते ।[७३]

તૃષ્ણામાં એક ગુણ છે. જે સાંસારિક તૃષ્ણાઓને સમાપ્ત કરે છે પણ કયારે? ભાગવતકાર કહે છે –

तावद् रागादयः स्तेनास्तावद् कारागृहं ग्रहम् ।

तावन्मोहोऽऽध्रिनिगडो यावत् कृष्ण न ते जनाः ।।[७४]

"હે કૃષ્ણ! જ્યાં સુધી મનુષ્યો આપના ભકત બનતા નથી ત્યાં સુધી જ તેઓને રાગદ્વેષ વગેરે ચોરરૂપે, ઘર કેદખાનું, અને મોહ પગની બેડી જેવો થાય છે. "

दोलायमाननयनं नयनाभिरामं

देवं कदा नु दयितं व्यतिलोकयिष्ये ।[७५]

ભગવાનના ઐશ્વર્ય અને માધુર્યનું વર્ણન કરે છે. ભાગવતમાં વારંવાર ભગવાનના રૂપની સાથે ભગવત્ સ્વરૂપનું વર્ણન જોવા મળે છે.–

भगवानपि ता रात्रीः शरदोत्फुल्लमल्लिकाः ।

वीक्ष्य रन्तुं मन्नके योगमायामुपाश्रितः ।। [७६]

"શરદઋતુને લીધે મલ્લિકાઓ જેમાં ખીલી હતી તે રાત્રિઓ જોઈ ભગવાને પણ યોગમાયાનો આશ્રય કરી રમવાનો મનમાં વિચાર કર્યો."

ભકત કવિ વ્રજબાળાઓની સાથે રતિક્રીડામાં પ્રાપ્ત આનંદથી મગ્ન, આનંદિત મન છે, તેવા શ્રીકૃષ્ણમાં મન નિમગ્ન રહેવાની કામના કરે છે.[૭૭] રાસપંચાધ્યાયીમાં પણ શ્રૃંગારિક વર્ણન છે,– "બંને ભુજાઓ પહોળી કરીને ભેટવું, હાથ, કેશપાશ, સાથળો તથા સ્તનનો સ્પર્શ કરવો, નખક્ષત કરવા, રમવુ, જોવું અને હસવું વગેરે વ્રજની સુંદરીઓના કામને ઉદ્દીપ્ત કરતા ભગવાને તેઓને રમાડી"[૭૮] પ્રેમભકિત ભારતીય સંસ્કૃતિમાં ચિર–પરિચિત છે. પ્રાકૃતપ્રેમ દ્વારા પરપ્રાકૃત પ્રેમનું વર્ણન છે. કામુક ક્રીડાઓનું વર્ણન કરીને ઘનિષ્ઠ પ્રેમભાવને સમજાવે છે. ભકત અને ભગવાન વચ્ચેનાં

ભક્તિ સંબંધની પ્રગાઢતાનું દર્શન કરાવવાની એક શૈલી છે.

રાધાના ગૌરવર્ણ અને શ્યામસુંદરના નીલવર્ણના સૌંદર્યનું વર્ણન કવિ અનેકવાર કરે છે. ભક્ત કવિ પોતે ખૂબ જ આશ્ચર્યચકિત થઈને સંબોધન કરે છે –

मौलिन्द्रकभूषणो मरकतस्तम्भाभिरामं वपु..................... ।[७९].

"અરે મથુરા તરફ જતાં માર્ગ પર મંદ-મંદ ગજગતિથી ચૂપચાપ કોણ ચાલ્યું જાય છે, જેમની દેહયષ્ટિ મરકતમણિના સ્તંમ્ભ સમાન સુંદર છે ?"

મહાસાગરમાં બે-બે ગોપીઓની વચ્ચે રસિકશેખર નૃત્ય કરે છે, ત્યારે તેની મરકતમણિ જેવી કાન્તિ હતી. "દેવકીપુત્ર ભગવાન તે રાસમંડળમાં સુવર્ણના મણકાઓની વચ્ચે શ્રેષ્ઠ નીલમણિઓની પેઠે ગોપીઓની સાથે રહીને શોભતા હતા"–

तत्रातिशुशुभे ताभिर्भगवान् देवकीसुतः ।

मध्ये मणीनां हेमानां महामरकतो यथा ।।[८०]

ભક્ત કવિ આશ્ચર્યચકિત થઈને કહે છે–

चित्रं चित्रमहो विचित्रमहहो चित्रं विचित्रं महः ।[८१]

" અરે ! કેવી અતિ વિચિત્ર રૂપમાધુરી છે, મદનમોહનનું મુખારવિંદ વિશેષ અલંકાર સ્વરૂપ છે. તેથી અન્ય આભૂષણની શી આવશ્યકતા ? " તેનું સૌંદર્ય જ અલૌકિક હતું કે તેને જોઈને આખા જગતને મોહ થઈ જતો. તેમનું રૂપ સૌભાગ્ય અને સુંદરતાની પરાકાષ્ઠા છે.

विस्मापनं स्वस्य च सौभगर्द्धे परं पदं भूषणभूषणाङ्गम् ।[८२]

સ્વયં બ્રહ્મા કહે છે–

जानन्त एव जानन्तु किं बहूक्त्या न मे प्रभो ।

मनसो वपुषो वाचो वैभवं तव गोचरः।[८३]

" હે પ્રભુ ! વધારે કહેવાથી શું ? હું તો કેવળ એટલું જ જાણું છુ કે આપનું ઐશ્વર્ય મારા મન, શરીર અને વાણીની પહોંચથી બહાર છે." ભક્ત કવિ કહે છે–

आद्यं पुमांसमवतंसितबर्हिबर्हमालोकयन्ति कृतिनः कृतपुण्यपुञ्जाः ।[८४]

"આદ્ય પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શન તો કેવળ સૌભાગ્યશાળી પુણ્યાત્મા જ કરી શકે." મારાં એવા પુણ્ય કયાં છે કે દુર્લભ દર્શન થાય ?

**વ્રજવાસીઓના સૌભાગ્યનું ભાગવતકાર સુંદર વર્ણન કરે છે.-**

इत्थं सतां ब्रह्मसुखानुभूत्या दास्यं गतानां परदैवतेन

मायाश्रितानां नरदारकेण साकं विजह्रुः कृतपुण्यपुञ्जाः ।।

यत्पादपांसुर्बहुजन्मकृच्छतो धृतात्मभिर्योगिभिरप्यलभ्यः ।

स एव यद् दृग्विषयः स्वयं स्थितःकिं वर्ण्यते दिष्टमतो ब्रजौकसाम् ।।[૮૫]

**" પૂર્વજન્મમાં જેઓએ ઘણાં પુણ્ય કર્યાં છે એવા તે ગોપાલ પુત્રો જ્ઞાનીઓને પરબ્રહ્મ સ્વરૂપે, દાસપણું પામેલાં ભકતજનોને પરમેશ્વર સ્વરૂપ, અજ્ઞાનીઓને સામાન્ય બાળક દેખાતાં ભગવાન સાથે રમતા હતા." "અહો ! જેમનાં ચરણની રજ અનેક જન્મોમાં કષ્ટો વેઠી મનને વશ કરનારા યોગીઓને પણ મળતી નથી તે જ ભગવાન પોતે જેમને પ્રત્યક્ષ દર્શન દેતા, તે વ્રજવાસીઓના ભાગ્યનું અમે શું વર્ણન કરીએ ? એકાએક સાક્ષાત્કાર ભકતકવિ સમજી નથી શકતા એટલે અલગ અલગ ઉત્પ્રેક્ષા કરે છેઃ-**

मारः स्वयं नु मधुरद्युतिमण्डलं नु

माधुर्यमेव नु मनोनयनामृतं नु ।।[૮૬]

**"આવું અનિર્વચનીય રૂપ તો કામદેવનું છે. પરંતુ કામદેવ તો અનંગ છે, રૂપમાધુરી તો કેવળ આંખનો વિષય છે, પરંતુ આ દિવ્યમૂતિ તો મારા નેત્ર અને મન બંને માટે અમૃત વર્ષા કરે છે. આ મારા પ્રાણવલ્લભ તો શ્રીરાધાની વેણી ગૂંથીને શૃંગાર કરતાં રસિકશેખર શ્રીકૃષ્ણ છે "**

**રાસલીલામાં અંતર્ધ્યાન થયા બાદ શ્રીકૃષ્ણ ફરી ગોપીઓ સમક્ષ પ્રકટ થાય છેઃ**

तासामाविरभूच्छौरिः स्मयमानमुखाम्बुजः ।

पीताम्बरधरः स्रग्वी साक्षान्मन्मथमन्मधः ।।[૮૭]

**"પીતાંબર પહેરેલ, પુષ્પમાળા યુકત અને સાક્ષાત કામદેવને પણ મોહ ઉપજાવનારા ભગવાન પ્રકટ થયા."**

**પરમભાવની અનુભૂતિમાં કવિ કૃષ્ણ-સાક્ષાત્કારની વાત કરે છે-**

पशुपालबालपरिषद्विभूषणः

शिशुरेष शीतलविलोललोचनः ।

मृदुलस्मितार्दवदनेन्दुसंपदा

मदयन्मदीयहृदयं विगाहते ।।[૮૮]

"આ બાળ છે જે ગોપબાળોની સભાને સુશોભિત કરે છે, સરસ મુખમયંકની લાવણ્ય- માધુર્ય- સુકુમારતા રૂપી શોભાથી મારા હૃદયને વશ કરે છે."

ભાગવતમાં વર્ણન છે કે "જ્યારે રાસલીલામાં રાસવિહારી પુનઃ પ્રકટ થયા ત્યારે ગોપીઓએ અંતર્યામી ભગવાનને સ્તનપરના કેસરથી રંગાયેલી પોતાની ઓઢણીનું આસન કરી આપ્યું, (ભા.૧૦.૩૨-૧૩)

तत्रोपविष्टो भगवान स ईश्वरो योगेश्वरान्तर्हृदि कल्पितासनः ।

चकास गोपीपरिषद्गतोऽर्चित स्त्रैलोक्यलक्ष्म्येक पदं वपुर्दधतः ।।[८९]

યોગીઓનાં હૃદયમાં જેમનું આસન રચાયુ છે એવાં સર્વનાં ઈશ્વર શ્રીકૃષ્ણ ભગવાન તે આસન પર બિરાજ્યા, તે વેળા ગોપીઓની સભામાં બિરાજી ગોપીઓથી સન્માન પામેલા ભગવાન અત્યંત શોભતા હતા.

सौभाग्यसीम तदिदं ब्रजभाग्यसीम ।।[९०]

વ્રજાંગનાઓની પ્રેમાનુભૂતિનું પરમ ધ્યેય છે. તેમાં ચતુરતાની પરાકાષ્ટા છે " અનેકાનેક ગોપીઓની વચ્ચે રાસવિહારી શ્રીકૃષ્ણ એવી રીતે નૃત્ય કરે છે. પ્રત્યેક ગોપી સમજે છે કે રાસવિહારી પોતાની સાથે જ નૃત્ય કરે છે.

योगेश्वरेण कृष्णेन तासां मध्ये द्वयोर्द्वयोः ।।[९१]

વ્રજવાસી ધન્ય છે, અત્યન્ત ભાગ્યશાળી છે કે જેને શ્રીકૃષ્ણનું સાન્ધ્યિ પ્રાપ્ત થયું. ગોપીઓ મહાભાવમાં પ્રેમાનુભૂતિ કરે છે-

अहो भाग्यमहोभाग्य नन्दगोपब्रजैक साम् ।

यन्मित्रं परमानन्दं पूर्णं ब्रह्म सनातनम् ।।[९२]

" અહો ! ગોવાળિયાનું તથા સર્વ વ્રજવાસીઓનું ભાગ્ય ખરેખર ઘણું જ અમાપ છે, કારણ કે પરમ આનંદસ્વરૂપ સનાતન પૂર્ણ બ્રહ્મ તેઓના મિત્ર છે."

ભકત કવિ ભગવાનની સહજ વત્સલતાને પોતાનું પરમ સૌભાગ્ય માને છે. ઉભયનિષ્ઠ ભકિતનું ઉદાહરણ છે.-

सर्वज्ञत्वे च मौग्ध्ये च सार्वभौममिदं महः ।

निर्विशन्नयनं हन्त निर्वाणपदमश्नुते ।।[९३]

ગોપબાલોની સાથે રમતનો આનંદ લે છે, વ્રજમોહન ગોપીઓની સાથે રાસ રમે છે, ભગવાન ભકતોને કેવળ આનંદ આપે છે, એમ નથી પોતે પણ ભકતો પાસેથી આનંદ લે છે. તેમની સર્વજ્ઞતા એવી છે કે ભકતની મનોવાંછના જાણી તેને અનુરૂપ લીલા કરે છે. ભોળાપણું એવું છે કે તેને પોતાનું પરમ ઐશ્વર્ય ધ્યાનમાં જ નથી રહેતું અને એવી લીલા કરે છે કે અલ્પજ્ઞ લોકો તેનાથી ભ્રમિત થાય છે.

अनुग्रहाय भक्तानां मानुषं देहमास्थितः ।

भजते तादृशीः क्रीडा याः श्रुत्वा तत्परो भवेत् ।।[९४]

"મનુષ્ય પર અનુગ્રહ કરવા માટે મનુષ્યદેહ ધારણ કરીને ક્રીડાઓ કરે છે જે સાંભળી મનુષ્ય ભગવત્પરાયણ થાય."

શ્રીકૃષ્ણના દર્શન થતાં આનંદાવેશમાં ઉદ્ગાર છે-

मुखाम्बुजं चुम्बति मानसं मे ।।[९५]

"લલિત વિલોચન શ્યામસુંદર વિનમ્ર ભકતોની આકાંક્ષા પૂરી કરે છે. ગર્વનું સમર્થન કરે છે અને ભકતોના માનની રક્ષા કરે છે તેવા ભગવાનના મુખનું પાન-સ્મરણ કરે છે."

ભગવાન શ્રી કૃષ્ણના પરાક્રમને જોઈને નગરવાસી અત્યંત પ્રસન્ન બન્યા. તેને જોવામાં તૃપ્ત જ થતા ન હોય તેમ-

पिबन्ति इव चक्षुभ्यां लिहन्त इव जिह्वया ।

जिघन्त इव नासाभ्यां, श्लिष्यन्त इव बाहुभिः ।।[९६]

"નેત્રોથી જાણે પીતા હતાં, જીભથી ચાટતા હતા, નાક વડે સુંઘતા હતા અને બાહુઓ વડે આલિંગન આપતા હતાં. "

જડ અને ચેતનના પરમ આશ્રય પરબ્રહ્મ જેમને મનુષ્ય દેહ અંગીકાર કરેલ છે તેવા નરાવતાર પ્રભુના ચરણની કામના કરે છે- अङ्गीकृतनराकारमाश्रये भुवनाश्रयम् ।।[९७]

ભાગવતમાં વર્ણન કરતાં કહે છેઃ

कृष्णमेनमवेहि त्वामात्मानमखिलात्मनाम् ।

जगद्धिताय सो प्यत्र देहीवाभाति मामया ।।[९८]

"આ સમગ્ર પ્રાણીઓનાં આત્મા શ્રીકૃષ્ણ જ છે. એમ તમે જાણો, માત્ર જગતનું હિત કરવા પોતે સર્વના આત્મા છતાં માયાથી જ આ લોકમાં દેહધારી થયા હોય તેવા જણાય છે." "ભગવાન વિકારશૂન્ય બુદ્ધિ

આદિથી અમાપ, નિર્ગુણ અને ગુણોના નિયંતા છે, તો પણ મનુષ્યોના કલ્યાણ માટે જ તેમનો અવતાર હોય છે." (ભા.૧૦.૨૮.૧૪) યોગેશ્વરોના ઈશ્વર અને અજન્મા શ્રીકૃષ્ણ વિશે તમારે વિસ્મય પામવું નહીં કારણ કે શ્રીકૃષ્ણના આશ્રયથી સ્થાવર વગેરે પણ મુક્ત થાય છે. (ભા.૧૦.૨૮-૧૫)

અનન્ય પ્રેમભક્તિમાં વિશુદ્ધ પૂર્ણ-મધુર-રસમય શ્રીકૃષ્ણ તરફ પોતાની નિષ્ઠા વ્યક્ત કરે છે-

परिचारपरम्पराः सुरेन्द्रास्तदपि त्वच्चरितं विभो ! विचित्रम् ।।[९९]

" આપ તો અનંત રૂપોમાં અવતાર લો છો, અનેક ચિત્ર વિચિત્ર ચરિત્ર હશે, પરંતુ મારા માટે તો મધુર ઐશ્વર્ય સ્વરૂપમાં રાસવિહારી શ્રીકૃષ્ણ જ સેવ્ય છે. ભાગવતમાં પણ વર્ણન છે-"જે ગોપીઓએ લક્ષ્મીજીએ પૂજેલું અને પૂર્ણકામના બાળા બ્રહ્માદિ યોગેશ્વરોએ પણ મનમાં ચિંતવેલું શ્રીકૃષ્ણ ભગવાનનું ચરણકમળ રાસમંડળીમાં પોતાના સ્તનો ઉપર મૂકી તેને ભેટી હૃદયનો તાપ તજ્યો. નંદના વ્રજની સ્ત્રીઓની ચરણરજને હું વારંવાર વંદન કરું છું- કે જેઓનું હરિકથાગીત આ ત્રણે જગતને પવિત્ર કરે છે.[૧૦૦]

भक्तिस्त्वयि स्थिरतरा भगवन्यदि स्या-

द्दैवेन नः फलति दिव्यकिशोरमूर्तिः ।

मुक्तिः स्वयं मुकुलिताञ्जलि सेवतेऽस्मा-

न्धर्मार्थकामगतयः समयप्रतीक्षाः।।[१०१]

ભગવદ્ભક્તિ પાંચમો અને બધાથી શ્રેષ્ઠ પુરુષાર્થ છે. હૃદયમાં દઢ ભક્તિ સ્થિર થાય તો તેનાં ફળસ્વરૂપ ભગવાનની દિવ્ય કિશોર મૂર્તિ આપોઆપ હૃદયમાં સ્થાન લે છે. ત્યાર પછી કોઈ કામના રહેતી જ નથી. ભાગવતમાં વૃત્રાસુર કહે છે –

न नाकपृष्ठं न च पारमेष्ठयं

न सार्वभौमं न रसाधिपत्यम् ।

न योगसिद्धिरपुनर्भवं वा

समञ्जस त्वा विरहय्य काङ्क्षे ।।[१०२]

" હું આપને છોડીને સ્વર્ગ, બ્રહ્મલોક, ભૂમંડલનું સામ્રાજ્ય, પૃથ્વીનું એક છત્ર રાજ્ય, યોગની સિદ્ધિ, એટલું જ નહીં મોક્ષની પણ ઇચ્છા નથી."

આમ, કૃષ્ણકેન્દ્રી માધુર્ય ભક્તિના આદિસ્રોત સમા પ્રમુખ ગ્રંથ શ્રીમદ્ભાગવતના તરુણ કૃષ્ણની ગોપીઓ સાથેની શૃંગારી ક્રીડાઓના વિષયની સ્તોત્રકાવ્યમાં અવતારણા કરવામાં લીલાશુક સંભવતઃ સર્વપ્રથમ છે.

## પ્રકરણ-૧૦

● **પાદટીપ :**

૧. Prof. H.H. Wilson, Visnu Purana, p.II.

૨. The Philosophy of the Bhagavata, p 12

૩. Prof. Colebrooke - 'Miscellaneous Essays', vol.II, p.94.

૪. **સ્વામી દયાનંદ સરસ્વતી –'સત્યાર્થ પ્રકાશ' ૧૧ મો ઉલ્લાસ પૃ. ૨૧૪**

૫. **પ્રા. બલદેવ ઉપાધ્યાય – 'પુરાણ વિર્મશ' પૃ. ૧૧૭**

૬ **પ્રા. બલદેવ ઉપાધ્યાય – 'પુરાણ વિર્મશ' પૃ.૧૮ અને**

Dr. R.N. Vyas The syntheticPhilosophy of the Bhagavata p. 29

૭ श्रेयःस्रुतिं भक्तिमुदस्य ते विभो क्लिश्यन्ति ये केवलबोधलब्धये ।

तेषामसौ क्लेशल एव शिष्यते नान्यद् यथा स्थूलतुषावघातिनाम् ।।

૮ **જુઓ પ્રા. બલદેવ ઉપાધ્યાય 'પુરાણ વિમર્શ' પૃ. ૧૧૯**

૯ Purana Bulletin - Vol.1. p.XIV-No. 2 **માંનો પ્રો.શિવશંકર પ્રસાદનો લેખ.**

૧૦ Purana Index- Vol.1. p.XVII-XXX

૧૧ Dr. R.C.Hazra -Punranic Records on Hindu Rites and customs p.55

૧૨ **શ્રીમદ્ભાગવતપુરાણ ૨.૪.૧૮**

૧૩ Dr. S.Bhattacharya - Philosophy of the Srimad

Bhagavata Vol. 1.p. XV.

૧૪ **પ્રા. બલદેવ ઉપાધ્યાય એજન પૃ. ૩૯૬–૩૯૭.**

૧૫ Purana Bulletin - Vol.II. p.265 **શ્રી એસ. એન. રોયનો મત.**

૧૬ **શ્રીમદ્ભાગવતપુરાણ ૧૨.૧.૩૭**

૧૭ **શ્રીમદ્ભાગવતપુરાણ ૧૨.૧.૧૨**

૧૮ **પ.પુ. ભા.મહાત્મયનો અધ્યાય ૬**

૧૯ "A History of India Philosophy" Vol. IV. p.1

૨૦ H.I.L.p. 555-556

૨૧ Indian Philosophy, Vol. II p. 667

૨૨ An outline of Religious Literature of India ; p.233

૨૩ **પુરાણ વિવેચન પૃ. ૨૦૭**

૨૪ The Philosophy of Shrimad Bhagavata p.XIII

૨૫ New Indian Antiquary Vol. I, p.523-524

૨૬ Purana Index Vol. I.p.XXIX

૨૭ (A) Dr. Bhattacharya, Ibid, p. XV

"The Shrimad Bhagavata has three phases of developement its earlist from consisted of very old materials, it was given the shape of Mahapurana, and this is the second phase represents the contribution of the Tamil Saints"

(B) Journal of Bihar Resecarch society.

Patna - Vol. XIV, Part III, 'The Puranas' by M.M.H.P.Sastri

૨૮ Dr. Panikar - " a Survey of India History" p.53 "The Bhagavata, Skanda, Matsya etc. were rewritten in the Gupta Period to serve a national cause".

૨૯ **નારદભકિતસૂત્ર**

૩૦ विष्णुषट् पदी

૩૧ **કૃષ્ણકર્ણામૃત આ. ૧ / ૨**

૩૨ **કૃષ્ણકર્ણામૃત આ. ૧ /૩**

૩૩. **કૃષ્ણકર્ણામૃત આ. ૧ /૩**

૩૪. **વ્યાસવિચાર**

૩૫. **કૃષ્ણકર્ણામૃત આ. ૧ /૬**

૩૬. **કૃષ્ણકર્ણામૃત આ. ૧ /૧૯**

૩૭. કૃષ્ણકર્ણામૃત આ. ૧ / ૧૦

૩૮. કૃષ્ણકર્ણામૃત આ. ૧ / ૧૨.

૩૯. કૃષ્ણકર્ણામૃત આ. ૧ / ૧૩

૪૦. કૃષ્ણકર્ણામૃત આ. ૧ / ૮૩

૪૧ કૃષ્ણકર્ણામૃત આ. ૧ / ૨

૪૨ શ્રીમદ્ભાગવતપુરાણ – ૧.૧.૨

૪૩ કૃષ્ણકર્ણામૃત આ. ૧ /૩

૪૪ શ્રીમદ્ભાગવતપુરાણ –૧૦.૩૩–૧૭

૪૫ કૃષ્ણકર્ણામૃત આ. ૧ / ૪

૪૬ ભાગવત , વેણુગીત, ૧૦–૨૧–૨૦

૪૭ કૃષ્ણકર્ણામૃત આ. ૧ / ૯

૪૮ ભાગવત, વેણુગીત, ૧૦.૨૯.૩૮,૩૯

૪૯ કૃષ્ણકર્ણામૃત આ. ૧ / ૧૧

૫૦. શ્રીમદ્ભાગવતપુરાણ ૧૦.૪૭.૧૯

૫૧. કૃષ્ણકર્ણામૃત આ. ૧ / ૧૨

૫૨. શ્રીમદ્ભાગવતપુરાણ ૧૦.૫૮.૩૭

૫૩. કૃષ્ણકર્ણામૃત આ. ૧ / ૧૫

૫૪. શ્રીમદ્ભાગવતપુરાણ ૧૦.૨૧.૭

૫૫. કૃષ્ણકર્ણામૃત આ. ૧ / ૧૬

૫૬ શ્રીમદ્ભાગવતપુરાણ ૧૦.૨૧.૧૦

૫૭ શ્રીમદ્ભાગવતપુરાણ ૧૦.૧૨.૧૨

૫૮ કૃષ્ણકર્ણામૃત આ. ૧ / ૧૯

૬૧ શ્રીમદ્ભાગવતપુરાણ ૧૦.૩૩.૩૭,૪૦

૬૨ કૃષ્ણકર્ણામૃત આ. ૧ / ૨૭

૬૩ ભાગવત–ગોપીગીત – ૧૦,૩૧

૬૪ કૃષ્ણકર્ણામૃત આ. ૧/ ૨૮

૬૫ શ્રીમદ્‌ભાગવતપુરાણ – ૩.૨.૧૨

૫૯ શ્રીમદ્‌ભાગવતપુરાણ – ૧૦.૨૧.૧૨

૬૦ કૃષ્ણકર્ણામૃત આ. ૧/ ૨૦

૬૧ શ્રીમદ્‌ભાગવતપુરાણ – ૧૦.૩૩.૩૭,૪૦

૬૨ કૃષ્ણકર્ણામૃત આ. ૧/ ૨૭

૬૩ ભાગવત–ગોપીગીત–૧૦,૩૧

૬૪ કકૃષ્ણકર્ણામૃત આ. ૧/ ૨૮

૬૫ શ્રીમદ્‌ભાગવતપુરાણ – ૩.૨.૧૨

૬૬. શ્રીમદ્‌ભાગવતપુરાણ– ૩.૨.૧૩

૬૭. કૃષ્ણકર્ણામૃત આ. ૧/ ૩૩

૬૮. શ્રીમદ્‌ભાગવતપુરાણ– ૧૦.૨૯.૧૯

૬૯. કૃષ્ણકર્ણામૃત આ. ૧/ ૩૫

૭૦. શ્રીમદ્‌ભાગવતપુરાણ – ૧૦.૩૧.૧૪

૭૧ કૃષ્ણકર્ણામૃત આ. ૧/ ૪૧

૭૨ શ્રીમદ્‌ભાગવતપુરાણ– ૧૦.૩૧.૧૫

૭૩ કૃષ્ણકર્ણામૃત આ. ૧/ ૪૨

૭૪ શ્રીમદ્‌ભાગવતપુરાણ– ૧૦.૧૪.૩૬

૭૫ કૃષ્ણકર્ણામૃત આ. ૧/ ૪૯

૭૬ શ્રીમદ્‌ભાગવતપુરાણ – ૧૦.૨૯.૨

૭૭ કૃષ્ણકર્ણામૃત આ. ૧/ ૫૦

૭૮ શ્રીમદ્‌ભાગવતપુરાણ– ૧૦.૨૯.૪૬

૭૯ કૃષ્ણકર્ણામૃત આ. ૧ / ૫૭

૮૦ શ્રીમદ્‌ભાગવતપુરાણ ૧૦.૩૩.૭

૮૧ કૃષ્ણકર્ણામૃત આ. ૧/ ૫૯

૮૨. શ્રીમદ્ભાગવતપુરાણ- ૩.૨.૧૨

૮૩. શ્રીમદ્ભાગવતપુરાણ – ૧૦.૧૪.૩૮

૮૪. કૃષ્ણકર્ણામૃત આ. ૧/ ૬૭

૮૫. શ્રીમદ્ભાગવતપુરાણ- ૧૦.૧૨.૧૧,૧૨

૮૬. કૃષ્ણકર્ણામૃત આ. ૧/ ૬૮

૮૭. શ્રીમદ્ભાગવતપુરાણ – ૧૦.૩૨.૨

૮૮. કૃષ્ણકર્ણામૃત આ. ૧/ ૭૧

૮૯. શ્રીમદ્ભાગવતપુરાણ – ૧૦.૩૨.૧૪

૯૦. કૃષ્ણકર્ણામૃત આ. ૧/ ૭૪

૯૧. શ્રીમદ્ભાગવતપુરાણ –૧૦.૩૩.૩

૯૨. શ્રીમદ્ભાગવતપુરાણ –૧૦.૧૪.૩૨

૯૩. કૃષ્ણકર્ણામૃત આ. ૧/ ૮૩

૯૪. શ્રીમદ્ભાગવતપુરાણ – ૧૦.૩૩.૩૬

૯૫. કૃષ્ણકર્ણામૃત આ. ૧/ ૮૫

૯૬. શ્રીમદ્ભાગવતપુરાણ – ૧૦.૪૩.૨૧

૯૭. કૃષ્ણકર્ણામૃત આ. ૧/ ૯૩

૯૮. શ્રીમદ્ભાગવતપુરાણ – ૧૦.૧૪.૫૫

૯૯. કૃષ્ણકર્ણામૃત આ. ૧/ ૧૦૨

૧૦૦. શ્રીમદ્ભાગવતપુરાણ – ૧૦.૪૭. ૬૨,૬૩

૧૦૧. કૃષ્ણકર્ણામૃત આ. ૧/ ૧૦૭

૧૦૨. શ્રીમદ્ભાગવતપુરાણ – ૬. ૧૧.૨૫

# પ્રકરણ-૧૧

## કૃષ્ણકર્ણામૃત અને ગીતગોવિંદ

(૧) ગીતગોવિંદનું કથા બિંબ

(૨) સમય

(૩) મુખ્ય લક્ષ્ય

(૪) 'ગીતગોવિંદ' નો કાવ્ય પ્રકાર

(૫) કૃષ્ણકર્ણામૃત અને ગીતગોવિંદ

- સંગીતાત્મકતા
- ભક્તિરસ
- આધ્યાત્મિક પૃષ્ઠભૂમિ

## પ્રકરણ – ૧૧

# કૃષ્ણકર્ણામૃત અને ગીતગોવિંદ

કવિ જયદેવ મુખ્યત્વે લીલાશુકના 'કૃષ્ણકર્ણામૃત' થી પ્રભાવિત થઈ, કૃષ્ણની વૃન્દાવન ક્રીડાઓને કેન્દ્રમાં રાખી 'ગીતગોવિંદ' જેવા અમર ગીતકાવ્યનું સર્જન કરે છે. દંતકથા એમ પણ કહે છે કે લીલાશુકનો પુનર્જન્મ જયદેવ રૂપે થયો હતો.

## (૧) ગીતગોવિંદનું કથા બિંબ :-

જયદેવ કૃત 'ગીતગોવિંદ' ગીતાત્મક કાવ્ય ૧૨ સર્ગો અને ૨૪ પ્રબંધોમાં વિભક્ત છે. અહીં પ્રબંધ 'ગીત'ના અર્થમાં છે. આવાં ગીત અષ્ટપદીઓના માધ્યમથી રજૂ થયાં છે.

પ્રથમ સર્ગના પ્રથમ પ્રબંધમાં વિષ્ણુના દશાવતારની સ્તુતિ પ્રસ્તુત કરીને કવિએ દ્વિતીય પ્રબંધમાં કૃષ્ણાવતારની સ્તુતિ કરી છે.

વસંતઋતુમાં સુકુમારી રાધા કામજવરથી પીડિત થઈને વનમાં શ્રીકૃષ્ણને શોધી રહી છે. તેની સખી જણાવે છે કે કૃષ્ણ તો સરસ વસંતઋતુમાં યુવતીઓ સાથે વનવિહાર કરી રહ્યા છે. આગળ જતાં બંને શ્રીકૃષ્ણને નિહાળે છે. ત્યારે સખી પુનઃ રાધાને કહે છે કે ગોપીઓ સાથે શ્રીકૃષ્ણ વિલાસ કરી રહ્યા છે. ગોપીઓ પણ મુગ્ધ ભાવે વિવિધ ક્રીડાઓમાં મગ્ન છે. શ્રીકૃષ્ણના રૂપ-ચિત્રણમાં શૃંગાર રસ મૂર્તિમંત થયો છે. આ જોઈને પ્રેમોન્મત્ત રાધા ગોપીઓ સમક્ષ જ શ્રીકૃષ્ણને પ્રગાઢ આલિંગન કરી લે છે.[૧]

શ્રીકૃષ્ણનો સર્વ ગોપીઓ પર સમાન પ્રેમ જોઈને રિસાયેલી રાધા કોઈ લતા-કુંજમાં છૂપાઈને સખી સાથે વાર્તા કરે છે. ગોપીઓ સાથે વિલાસલીન કૃષ્ણની ક્રિયા-ચેષ્ટાઓ અને ભાવનાઓ રાધાના સ્મૃતિ-પટલ પર તરંગિત થઈ રહી છે. તેને શ્રીકૃષ્ણે પોતાની સાથે કરેલા સમાગમનું સ્મરણ થાય છે. રાધા સખીને કહે છે કે, તે કૃષ્ણ સાથે તેના રમણનો ઉપાય બતાવે.[૨]

રાધા પ્રત્યે આકૃષ્ટ કૃષ્ણે અન્ય સુંદરીઓનો ત્યાગ કર્યો. તેઓ રાધાને ન જોતાં યમુનાતટે બેસીને પશ્ચાતાપ કરવા લાગ્યા, વિરહાકુલ થઈ ગયા. યમુનાતટની નિકુંજમાં અવસ્થિત કૃષ્ણ સમીપ રાધાની સખી પહોંચે છે. તે કૃષ્ણ સમક્ષ વિયોગ-વ્યથિત રાધિકાનું મર્મસ્પર્શી ચિત્રણ કરે છે.
તે કહે છે, 'આપનો સમાગમ ન થવાથી રાધાનું જીવન સંશયમાં છે.' શ્રીકૃષ્ણે કહ્યું ! હું અહીં પ્રતીક્ષા કરી રહ્યો છું, તું રાધાને મારો અનુનય સંભળાવીને અહીં લઈ આવ. ત્યારે સખી રાધા પાસે જઈને

કૃષ્ણની પ્રતીક્ષા અને વિરહાવસ્થાનું વર્ણન કરી જવાનો અનુરોધ કરે છે.

રાધા લતાગૃહમાં ઉપસ્થિત કૃષ્ણની સમીપ જવામાં અસમર્થ છે. સખી કૃષ્ણને રાધાની અસહાય સ્થિતિથી વાકેફ કરે છે. અહીં વાસકસજ્જા અવસ્થાનું ચિત્રણ છે.[૩]

વૃંદાવનમાં ચંદ્રમાની જ્યોત્સ્ના છવાઈ ગઈ. કૃષ્ણના આગમનમાં વિલંબ રાધા માટે અસહ્ય બની ગયો. તે પશ્ચાતાપમાં આક્રંદ કરવા લાગી. "મારુ રૂપ-યૌવન નિષ્ફળ ગયું છે. હું કોને શરણે જાઉં ? હવે મૃત્યુ જ થશે. કોઈ પુણ્યવતી કામિની કૃષ્ણને વિલાસમગ્ન કરી રહી હશે."[૪] સખી કૃષ્ણ વિના પાછી આવી ત્યારે રાધાને નિશ્ચય થઈ ગયો કે કોઈ ચંચલા ગોપી કૃષ્ણની સાથે રમણ કરી રહી છે. રાધાના વિરહોદ્‌ગાર વ્યકત થાય છે.[૫]

રાત્રિ સમાપ્ત થઈ. પ્રભાતે કૃષ્ણ આવીને રાધાને અનુનય કરી રહ્યા છે. માનિની રાધા કટુવચન સંભળાવે છે. અહીં ખંડિત નાયિકા પ્રસ્તુત કરાઈ છે. રાધાની સખી રાધાને પરામર્શ આપતા કહે છે. "વાસંતી વાયુ વાય રહ્યો છે, કૃષ્ણ સ્વયં તમારી પાસે આવ્યા છે. તેમના પ્રતિ માન ન કરો. વિષાદમાં સમય નષ્ટ કરી યૌવનને નિષ્ફળ ન કરો."[૬] આ સમયે કૃષ્ણ કુપિત રાધાનો અનુનય કહે છે. 'હે ચારુશીલા રાધા ! માનનો ત્યાગ કરી મારા પ્રત્યે અનુકૂળ થાઓ. તમે મારું ભૂષણ છો, તમે સર્વસ્વ છો, તમે જ મારું જીવન છો. અંગોને સુસજ્જિત કરો. મૌનનો ત્યાગ કરી મધુર વાણી બોલો."[૭]

ચિરકાલ સુધી અનુનય કરીને કૃષ્ણ રાધાને પ્રસન્ન કરી લે છે. તેઓ કુંજશય્યા પર ચાલ્યા જાય છે. સખી રાધાનો શૃંગાર કરી તેને કૃષ્ણ સમીપ જવાની સલાહ આપે છે. રાધા કૃષ્ણાભિસારિકાનો વેશ ધારણ કરી નિકુંજ-દ્વાર સુધી પહોંચે છે અને કૃષ્ણને જોતાં જ લજ્જિત થઈ જાય છે. તે સમયે સખી તેને પ્રેરણા આપતાં કહે છે કે કૃષ્ણ સાથે કેલિ-વિલાસ માટે કુંજમાં પ્રવેશ કરો.[૮] આનંદસભરા, ચંચલાક્ષી રાધા નૂપુરધ્વનિ કરતી કરતી કેલિકુંજમાં પ્રવેશે છે. શ્રીકૃષ્ણ ચંદ્રદર્શનથી તરંગિત સાગરની જેમ રાધાનું મુખચંદ્ર જોતાં જ હર્ષોન્માદથી સભર થઈ જાય છે. રાધાના નેત્રોમાંથી હર્ષાશ્રુ વહેલા લાગે છે. તેમને શય્યાનો સંકેત કરીને સખીઓ બહાર નીકળી જાય છે.[૯]

સખીઓના ચાલ્યા ગયા પછી કંઈક લજ્જિત, કામ-પીડિત, મંદ હાસ્ય કરતી રસાકુલ રાધા કૃષ્ણને કહે છે ! 'કિસલયની શય્યા પર ચરણ-કમળ રાખો, અનુકૂળ અમૃતમય વચનોથી મને તૃપ્ત કરો.' રાધા શ્રીકૃષ્ણની રતિ યાચનાનો સ્વીકાર કરે છે.[૧૦] અહીં કવિએ સંપૂર્ણ સંભોગ-શૃંગારનું પ્રસ્તુતીકરણ કર્યુ છે.

આનંદમાં નિમગ્ન રાધા અંતે શ્રીકૃષ્ણને નિર્દેશ કરે છે કે તેઓ પોતાના હાથે રાધાના સમસ્ત અંગોનો શૃંગાર કરે. શ્રીકૃષ્ણ તે પ્રમાણે કરે છે.[૧૧]

**(૨) સમય :-**

વીરભૂમિથી લગભગ દસ કોશ દક્ષિણ 'અજયનંદ' ના ઉત્તર હિન્દુબિલ્વ ગામમાં શ્રી જયદેવ કવિનો જન્મ થયો. સંભવ છે કે કનોજથી આવેલ બ્રાહ્મણોમાં શ્રી જયદેવ કવિનો વંશ પણ હોય. તેમના પિતાનું નામ ભોજદેવ અને માતાનું નામ રામાદેવી હતું. તેમને કયારેક પોતાના પાદુર્ભાવથી ભૂમિને વિભૂષિત કરી તેનો આજ સુધી નિર્ણય નથી થયો. સનાતન ગોસ્વામીને લખ્યું છે કે બંગાળના અધિપતિ મહારાજ લક્ષ્મણસેનની સભામાં જયદેવ કવિ બિરાજમાન હતા. અનેક લોકોનો પણ આ મત છે તથા આ મતના પોષણાર્થ લોકો કહે છે કે લક્ષ્મણસેનના દ્વાર પર એક પત્થર હતો. તેની ઉપર આ શ્લોક લખેલ હતો.

'' गोवर्धनए शरणो जयदेव उमापतिः ।

कविराज रत्नानि समितौ लक्ष्मणस्य च ।''

શ્રી સનાતન ગોસ્વામીના આ લેખ પર હવે ત્રણ વાતોનો નિર્ણય કરવો આવશ્યક છે.

(૧) લક્ષ્મણસેનનો સમય કયો છે ?

(૨) આ લક્ષ્મણસેન તે જ છે, જે બંગાળમાં પ્રસિદ્ધ લક્ષ્મણસેન છે કે બીજા છે ?

(૩) જયદેવ કવિ લક્ષ્મણસેનની સભામાં હતા આ વાત વિશ્વસનીય છે કે નહીં ?

પ્રસિદ્ધ ઇતિહાસકાર મિનહાજિઉદીનને 'तबकातेनासिरी'માં લખ્યું છે કે જ્યારે બખતિયાર ખિલજીએ બંગાળ જીત્યું ત્યારે લછમનિયા નામનો રાજા બંગાળમાં રાજ્ય કરતો હતો. તેમના મતે લછનિમયા બંગાળનો છેલ્લો રાજા હતો. પરંતુ બંગાળનો ઇતિહાસ સ્પષ્ટ છે કે લછનિમયા નામનો કોઈ પણ રાજા બંગાળમાં નથી થયો. લોકો અનુમાન કરે છે કે બલ્લાલસેનાનો પુત્ર લક્ષ્મણસેનના માધવસેન તથા કેશવસેન. 'લાક્ષ્મનેય' આ શબ્દનો અપભ્રંશને લછનિમયા લખ્યું છે. રાજાશાહીના જિલામાં મેટકાફ નામના એક સાહેબની એક પત્થર પર ખોદી પ્રશસ્તિ કરી છે. આ પ્રશસ્તિ રાજા વિજયસેનના સમયમાં પ્રદ્યુમ્નેશ્વર મહાદેવના મંદિરના નિર્માણના વર્ણનમાં ઉમાપતિધરની બનાવેલ છે. ડૉ. રાજેન્દ્રપાલ મિત્રના મતે તેમની સંસ્કૃતની રચનાશૈલી નવમી, દશમી, કે અગિયારમી શતાબ્દીની છે. દુઃખની વાત એ છે કે આ પ્રશસ્તિમાં રચનાકાળ-સવંત નથી, નહીં તો

જયદેવકવિના સમય નિરૂપણમાં આટલી મુશ્કેલી ન પડત. તેમાં હેમન્તસેન અને સુમન્તસેન તથા વીરસેન આ ત્રણ નામ વિજયસેનના પૂર્વ પુરુષોના આપેલ છે. તેમાંથી પ્રકટ થાય છે કે વીરસેન જ વંશના સ્થાપનાકર્તા છે. વિજયસેનના વિષયમાં એ લખેલ છે કે તેમને કામરૂપ તથા કુરુમંડલ (મદ્રાસ તથા પુરીની વચ્ચેનો દેશ) જીત્યો હતો તથા પશ્ચિમ વિજય પ્રાપ્ત કરવા માટે નૌકા પર ગંગાના કિનારે સેના મોકલી હતી. તવારીખમાં તે રાજાઓના નામ નથી. "आईने अकबरी" ના સુખસેન (બલ્લાકસેનના પિતા) વિજયસેનના નામાન્તર છે કેમ કે બાકરગંજની પ્રસ્તર લિપિમાં જે ચાર નામ છે તે વિજયસેન, બલ્લાલસેન, લક્ષ્મણસેન, કેશવસેન આ ક્રમમાં છે. બલ્લાલસેન વિદ્વાન હતા તથા દાનસાગર, વેદાર્થસ્મૃતિસંગ્રહ ઇત્યાદિ ગ્રંથ તેમણે લખ્યા છે. કુલીનોની પ્રથા પણ બલ્લાલસેન દ્વારા સ્થાપિત છે. તેમના પુત્ર લક્ષ્મણસેનના સમયમાં પણ સંસ્કૃત ભાષાની ખૂબ ઉન્નતિ હતી. ભટ્ટનારાયણ (વેણીસંહારના કવિ)ના વંશમાં ધનંજયના પુત્ર હલાયુધ પંડિત તેમના દાનાધ્યક્ષ હતા. તેમણે "બ્રાહ્મણ સર્વસ્વ"બનાવ્યા તથા તેમના બીજા મોટા ભાઈ સ્માર્ત આહ્નિકાર હતા. તેમનુ નામ પશુપતિ હતું. કહેવાતું કે ગૌડનું નગર બલ્લાલસેનનું વસાવેલું હતું. પરંતુ લક્ષ્મણસેનના સમયમાં તેમનું નામ લક્ષ્મણવતી (लखनौती) પડયું. લક્ષ્મણસેનના પુત્ર માધવસેન તથા કેશવસેન હતાં રાજાવલીમાં તેમના પછી સુસેન અથવા શૂરસેન વધારે લખેલ છે. તથા મુસ્લિમ લેખકોને નૌજીવ (નવદ્વીપ) નારાયણ, લખમન તથા લખમનિયા આ ચાર નામ લખે છે. અને બીજુ અશોકસેન પણ લખે છે. પરંતુ તેમના બધાની ભાળ નથી મુસ્લિમ લેખકોના મતથી લછમનિયા અંતિમ રાજા છે. તેમને ૮૦ વર્ષ રાજ્ય કર્યુ તથા બખતિયારના સમયમાં તેમને રાજ્ય છોડયું. તે ગર્ભથી જ રાજા હતા. નામના ક્રમથી વીરસેનથી લછમનિયા સુધી એક પ્રકારથી ઠીક ગોઠવાયું. પરંતુ તેમનો સમય નિર્ણય હજુ થયો નથી. કોઈ દાનપત્રમાં સવંત નથી. દાનસાગરનો થયાનો સમય મળતી માહિતી અનુસાર ૧૦૧૯ શકે (૧૦૯૭ ઈ.) છે. તેમનાથી બલ્લાલસેનનું રાજત્વ ૧૧ શતાબ્દીના અંત સુધી અનુમાન છે તથા તે 'आईने अकबरी' સાથે પણ મેળ ખાય છે. બલ્લાલસેને ૧૦૧૬માં રાજ્ય શરૂ કર્યું. હવે સેનવંશનો ક્રમ આ પ્રમાણે લખી શકાય.

વીરસેન-બલ્લાલસેન- હેમન્તસેન-વિજયસેન- સુખસેન-બલ્લાસસેન (૧૦૬૬)-લક્ષ્મણસેન(૧૧૦૧)-માધવસેન (૧૧૨૧)-કેશવસેન (૧૧૨૨)-લછમનિયા (૧૧૨૩)

સમયપ્રકાશ અનુસાર બલ્લાલસેનનો સમય ઈ. ૧૦૬૬ છે. જો તેમને પ્રમાણ ન માનીએ તથા ફારસી લેખકોના મતાનુસાર લછમનિયાની પહેલાં નારાયણ વગેરે રાજાઓને પણ ન

માનીએ તો બલ્લાલસેન વધારે પાછળ જતા રહેશે. તો હવે જયદેવ કવિ લક્ષ્મણસેનની સભામાં હતા કે નહીં તે વિચાર કરવો જોઈએ. વ્યાખ્યાકાર પં. શ્રીકેદારનાથ શર્માના મતાનુસાર ન હતા. તેમની પાસે દઢ પ્રમાણ છે. પ્રથમ તો એ ઉમાપતિધર જેમણે વિજયસેનની પ્રશસ્તિ બનાવી છે. જયદેવ કવિના સમકાલીન હતા. આ જો માની લઈએ કે જયદેવ કવિ, ઉમાપતિ, ગોવર્ધનાદિ બધા સૌ વર્ષથી વધારે જીવિત રહ્યા હતા તો એ નકકી થાય કે વિજયસેન તથા લક્ષ્મણસેન બંનેની સભાઓમાં હતા. બીજા ચન્દકવિ જેમનો જન્મ સન્ ૧૧૫૦ની આસપાસ છે, તેમણે પોતાના રાયસામાં પ્રાચીન કવિઓની ગણનામાં જયદેવ કવિને પણ લીધેલ છે. તો દોઢસો વર્ષ પૂર્વે થયા વગર જયદેવ કવિની કવિતા ચન્દના સમય સુધીમાં સંસારમાં પ્રખ્યાત થવી અસંભવ છે. ગોવર્ધનને પોતાની 'સપ્તસતી'માં "सेनकुलतिलकभूपति" તેટલું લખેલ છે, નામ કંઈ નથી લખ્યું પરંતુ તેમની ટીકામાં 'પ્રવરસેન' નામ લખેલ છે. હવે જો પ્રવરસેન, હેમન્તસેન અથવા વિજયસેનનું નામાન્તર માનવામાં આવે તો તેમજ એમ પણ માની લઈએ કે જયદેવની કવિતા સંસારમાં જલ્દી પ્રસિદ્ધ થઈ ગઈ હતી. આ પ્રમાણે મળતી માહિતી અનુસાર બલ્લાલનો સમય પણ પ્રમાણ માની લઈએ તો એવું અનુમાન થઈ શકે છે કે વિજયસેનના સમયમાં અથવા તેમનાથી પૂર્વ સન્ ૧૦૨૫ થી ૧૦૫૦ સુધીમાં કોઈ વર્ષમાં જયદેવ કવિનું પ્રાકટ્ય છે. આવું માનવામાં અનેક પંડિતોની એકવાકયતા છે. 'જયદેવચરિત' આદિ બંગાળી ગ્રંથોમાં જયદેવ કવિનો સમય ૧૩મી-૧૪મી શતાબ્દીઅપ્રામાણિક થઈને નિશ્ચય થયો છે કે જયદેવ કવિ ૧૧મી શતાબ્દીમાં ઉત્પન્ન થયેલ છે. આ મત કંઈ તર્કયુકત હોય તેમ લાગે છે.

**(૩) મુખ્ય લક્ષ્ય :-**

ગીત ગોવિંદ કાવ્યમાં માનવ કે દેવનાં ચરિતનું એક મધુર અને આકર્ષક પાસું તે દામ્પત્યકેલિ કે સંયત શૃંગાર-ક્રીડા આ કૃતિમાં નાયક-નાયિકા તરીકે છે કૃષ્ણ-રાધા-દૈવી યુગલ ઇષ્ટદેવના એક ભાવપૂર્ણ અંશનું દર્શન કરાવવું એ કૃતિના કર્તાનું મુખ્ય લક્ષ્ય છે. દૈવી યુગલના જીવન સાથે સંબદ્ધ એમની શૃંગાર ક્રીડાનું આલેખન કરીને કવિ કૃતિમાં સાદ્યન્ત એ એક જ મધુરરસ કે માધુર્ય-ભકિતના ચિત્રને કંડારે છે.

ગીતગોવિંદ શ્રીકૃષ્ણ ભગવાનની 'કેવળ રસશૃંગાર'ની લીલા ગાનારું આદિભકિત કાવ્ય છે. શૃંગાર રસ તરુણ જનને સ્વાભાવિક રીતે પ્રિય છે. ભકિત શૃંગાર પ્રગલ્લભને પણ આદરણીય છે અને ભગવદ્‌ભકિતના કીર્તન મુગ્ધ જનના પણ મન હરે છે. શૃંગારનો ઉત્કર્ષ ભકિતથી છે અને ભકિતની માધુરીનું પોષણ સંગીતથી છે.

## (૪) 'ગીતગોવિંદ' નો કાવ્ય પ્રકાર :-

ગીતગોવિંદના કાવ્ય-સ્વરૂપ સંબંધી વિવિધ વિદ્વાનોનો અને અભ્યાસીઓએ ભિન્ન ભિન્ન મત રજૂ કર્યા છે. પિશેલ અને 'સંગીતાત્મક ભાવાત્મક (melo drama) રૂપકની સંજ્ઞા આપે છે. તો લાસેન એને 'સંગીતાત્મક રૂપક (Lyric-drama) તરીકે ઓળખે છે. વિલિયમ જોન્સ એને 'ભરવાડીયા રૂપક' (A little postoral drama) કહે છે. લેવીની દષ્ટિએ તે સંગીત અને નાટ્યનું મધ્યવર્તી સ્વરૂપ છે. તો વાંન શ્રેડર એને 'ગીત-નાટ્યાત્મક-કાવ્ય' (Lyric-dramtic poem) તેમજ પરિષ્કૃત યાત્રા (Refined Yatra) ની કક્ષામાં મૂકે છે. આ સર્વ પ્રકારોમાં ગીત, સંગીત, નૃત્ય અને અભિનેયતા એ ચારેય તત્ત્વોનો સમાવેશ થાય છે. તેથી તાત્ત્વિક દષ્ટિએ આ વિવિધ સંજ્ઞાઓ કે કાવ્યરૂપોમાં વાસ્તવિક કોઈ ભેદ નથી. 'ગીત ગોવિન્દ' ને સંગીતાત્મક ભાવાત્મક રૂપક કહીએ કે ગીતિ-નાટ્યાત્મક કાવ્ય તરીકે ઓળખીએ એમાં કોઈ પાયાનો ભેદ નથી.

મુકતકકાવ્ય, ખંડકાવ્ય અને ગીતિકાવ્ય તાત્ત્વિક દષ્ટિએ એકરૂપ છે. પરિણામે આ કૃતિને મુકતકકાવ્ય, ખંડકાવ્ય અને ગીતિકાવ્ય આ ત્રણમાંથી ગમે તે સંજ્ઞા આપીએ તો કોઈ ફેર પડતો નથી. ઉપરાંત 'ગીતગોવિંદ'માં સંગીતનાં સર્વ પ્રમુખ તત્ત્વો જેવાં કે સ્વર (સપ્તક, ગ્રામ, મૂર્ચ્છના ઇત્યાદિ) વાદ્ય, નૃત્ય, રાગ ઇત્યાદિનું નિરૂપણ પણ થયું છે. તેથી સંગીતકાવ્યની સાર્થ સંજ્ઞા પણ આપી શકાય.

## (૫) કૃષ્ણકર્ણામૃત અને ગીતગોવિંદ :-

કૃષ્ણકર્ણામૃત અને ગીતગોવિંદનો પ્રતિપાદ્ય વિષય કિશોરમૂર્તિ શ્રીકૃષ્ણ છે. ભાગવતનો વિષય વેદાન્ત વર્ણિત નિરાકાર બ્રહ્મ છે. પરંતુ આ બંને કાવ્યનો વિષય સૌંદર્ય અને માધુર્યનું સાક્ષાત સ્વરૂપ નંદ કિશોર છે. કૃષ્ણકર્ણામૃતમ્‌માં રાસલીલાનું વર્ણન કરતા કહે છે.

अस्ति स्वस्तरुणी............. अखिलोदारं किशोराकृति ।।[१२]

નિત્યકિશોર શ્રીકૃષ્ણ અગણિત ગોપીઓથી ઘેરાયેલાં છે. જેનાં દર્શનથી ગોપીઓ શાનભાન ભૂલી જાય છે. ગીતગોવિંદમાં પણ આ જ ભાવ વ્યકત કરતું પદ દષ્ટવ્ય છે-

विश्वेषामनुरञ्जनेन जनयन्नानन्दमिन्दीवरः

श्रेणीश्यामलकोमलैरुपनयन्नङ्गैरनङ्गोत्सवम्

स्वच्छन्दं व्रजसुन्दरीभिरभितः प्रत्यङ्गमालिङ्गितः

शृङ्गारः सखि मूर्तिमिव मधौ मुग्धो हरिः कीडतीः ।।[१३]

**હે સખી ! પ્રેમ તથા અનુરાગવશ સંસારને આનંદિત કરનાર,નીલકમલ સમાન કોમલ અંગોથી કામદેવને ઉત્સાહીત કરનાર વ્રજગોપીઓથી ઘેરાયેલાં મૂર્તિમાન શૃંગાર સમાન શ્રીકૃષ્ણ વસંતમાં ક્રીડા કરે છે. આવા જ ભાવને વ્યકત કરતાં અન્ય પદો કૃષ્ણકર્ણામૃતમાં જોવા મળે છે.** नीलं बालम् । (१-३) श्रृङ्गारभङ्गीमयं । (१-५९), तमालनीलं(१-७३) **(તમાલવૃક્ષ સમાન શ્યામસુંદર,''** श्रृंगारः श्यामवर्णेडयं कथितं कृष्णदैवतः)'' श्रृंङ्गाररस सर्वस्वं(१-९३)

**રાસક્રીડાની માધુરીનું સુંદર વર્ણન કૃષ્ણકર્ણામૃતમાં જોવા મળે છે.**

बर्होत्तंसविलासकुन्तलभरं माधुर्यमग्नाननं

प्रोन्मीलन्नवयौवनं प्रविलसधेणुप्रणादामृतम् ।

आपीनस्तनकुड्मलाभिरभितो गोपीभिराराधितं

ज्योतितसि नकास्तु जगतामेकाभिरामाद्भुतम् ।। [१४]

**ભકત કવિ કહે છે : શ્રીકૃષ્ણની નીલવર્ણનની અદ્ભૂત અભિરામ જ્યોતિ ચારેબાજુથી પ્રકાશિત થઈ રહી છે, ગોપીઓની ચારે તરફ એક શ્વેત પ્રભા-મંડળ ફેલાયેલ છે. આ બંને જ્યોતિપુંજ નીલમણિ અને શ્વેત સ્ફટિક મળીને એક અદ્ભુત છટા ફેલાય છે. આ જ્યોતિપુંજની વચ્ચે રાસવિહારી ગોપીવલ્લભના દર્શન થાય છે. મોરમુકુટધારી મુરલીમનોહરના દર્શન થાય છે.**

**ગીતગોવિંદમાં પણ આ જ માધુર્યભાવ વ્યકત થયેલ જોવા મળે છે.**

तानि स्पर्शसुखानि ते च तरलस्निग्धा दृशोर्विभ्रमा-

स्तद्वक्त्राम्बुजसौरभं स च सुधास्पन्दी गिरां वक्रिमा ।

सा बिम्बाधर माधुरीति विषयासगेऽपि मन्मानसं

तस्यां लग्नसमाधि हन्त विरहव्याधिः कथं वर्तते ।।[१५]

**અહીં ત્વચા, ઘ્રાણ, શ્રવણ અને રસના ઇન્દ્રિયોની રૂપ, ગંધ, સ્પર્શ, શબ્દ અને રસની તૃપ્તિ દ્વારા સુખની સામગ્રી બતાવી છે.**

**કૃષ્ણકર્ણામૃતમાં રાસક્રીડાના આનંદમાં મુરલીના નાદમાં ગોપીઓ મંત્રમુગ્ધ બની છે.**

कमनीयकिशोरमुग्धमूर्तेः कलवेणुक्वणितादृताननेन्दोः ।

मम वाचि विजृम्भतां मुरारेर्मधुरिम्णः कणिकापि कापि कापि ।।[१६]

આ જ ભાવ ગીતગોવિંદમાં વ્યકત થયેલ જોવા મળે છે. રાસક્રીડાના આનંદથી ગોપીઓની સાથે જ પ્રેમ વિહ્વળ રાધા પ્રગાઢ આલિંગન કરીને કહે છે.

साधु त्वद्वदनं सुधामयमिति व्याहृत्य गीतस्तुती-

व्याजादुद्भटचुम्बितः स्मितमनोहारी हरिः पातु वः ।।[१७]

' આપનું સુંદર મુખ અમૃતમય છે ' એમ કહીને કપટથી શ્રીકૃષ્ણના મુખ પર દઢતાથી ચુંબન કરે છે. ચુંબન નિપુણતા પર મંદ મુસ્કાન દ્વારા ચિત્ત ચોરનાર શ્રીકૃષ્ણની કામના કરે છે.

શ્રીકૃષ્ણના રૂપ ગુણોનું કીર્તન જ જીવનાધાર છે એમ ભકત કવિ લીલાશુક કહે છે :

ब्रजवधूनयनाञ्जनरञ्जितं

विजयतां मम वाङ्‌मय जीवितम् ।[१८]

ગોપીઓના નયનોના કાજલથી અનુરંજિત કૃષ્ણની કામના છે. આવું જ પદ ગીતગોવિંદમાં જોવા મળે છે.

कज्जलमलिनविलोचन चुम्बनविरचितनीलिमरूपम् ।[१९]

કૃષ્ણકર્ણામૃતમાં ભકત કવિ કામના કરે છે :

हृदये मम हृद्यविभ्रमाणां हृदयं हर्षविशाललोलनेत्रम् ।

तरुणं ब्रजबालसुन्दरीणां तरलं किंचनं धाम संनीधत्ताम् ।।[२०]

વ્રજબાળાઓના હૃદયને જાણનાર, રાસક્રીડા કરનાર તરલધામની કામના કરે છે.

ગીતગોવિંદમાં એક પદ દષ્ટવ્ય છે. :

श्लिष्यपि कामपि चुम्बति कामपि कामपि रमयति रामाम् ।

पश्यति सस्मितचारुपरामपरामनुगच्छति वामाम् ।।[२१]

કૃષ્ણકર્ણામૃત ભકતકવિ એક સરસ પદમાં બે વાતની પ્રાર્થના કરે છે.

त्वयि प्रसन्ने किमिहापरैर्न

स्त्वय्यप्रसन्ने किमिहापरैर्नः ।।[२२]

સ્વામી ! આપ પ્રસન્ન થાઓ તો બીજાની શી આવશ્યકતા ? અને આપ પ્રસન્ન ન થાઓ તો પણ બીજાથી શું ફાયદો ? ગીતગોવિંદમાં પણ આવું મળતું પદ જોવા મળે છે.

रिपुरिव सखीसंवासोऽयं शिखीव हिमानिलो

विषमिव सुधारश्मिर्यस्मिन् दुनोति मनोगते ।

हृदयमदये तस्मिन्नेव पुनर्वलते बलात्

कुवलयदृशां वामः कामो निकामनिरङ्कुशः ।।[२३]

**હે પ્રિયે ! પ્રિયતમના સ્મરણથી સખીઓ સાથે આલાપ-પ્રલાપ શત્રુવત્ શીતલ પવન અગ્નિવત્, અમૃતરશ્મિ ચંદ્ર વિષવત્ અત્યંત દુઃખદ લાગે છે. છતાં પણ મારું ચિત્ત આ નિર્દય શ્રીકૃષ્ણ તરફ ખેંચાય છે.**

**કૃષ્ણકર્ણામૃતમાં** '**मुरारि**' **વિશેષણ અનેકવાર વપરાયેલ છે. જેમ કે** मृगयति नयनं मे मुग्धवेषं मुरारेः [२४] **જે ગીતગોવિંદમાં પણ વપરાયેલ છે. જેમ કે** 'मुरारिमारादुपदर्शयन्त्यसौ' **(સર્ગ-૧),** मुरारेरूपहितहारे' **(સર્ગ-૫),** मुराररिधुना' **(સર્ગ-૭),**'मुरजिता '**(સર્ગ-૧૧)**

**કૃષ્ણકર્ણામૃતમાંથી ભકતકવિ કૃષ્ણને વ્રજભૂષણ જ નહી, પરંતુ ત્રિભુવનનું અદ્વિતીય ભૂષણ કહે છે.**

अखिलभुवनैक भूषणमधिभूषितजलधिदुहितृकुचकुम्भम् ।

ब्रजयुवतिहारवल्लीमरकतनायकमहामणिं वन्दे ।।[२५]

**આપ જલધિસુતા લક્ષ્મીના કુચ-કલશની** शाला **છે, વ્રજબાળારૂપી હારના મહામરકતમણિમય સુમેરુ છો. આવું સુંદર પદ ગીતગોવિંદમાં પણ જોવા મળે છે.**

राधामुग्धमुखारविन्दमधुपस्त्रैलोक्यमौलिस्थली

नेपथ्योचितनीलरत्नमवनीभारावतारक्षमः ।।[२६]

**રાધાના સુંદર મુખરૂપી કમળના મધુપ, ત્રણેય લોકમાં મુકુટમણિ,વેશ રચનામાં નીલમણિ સમાન, પૃથ્વીના ભારને હલકો કરનાર છો.**

**કૃષ્ણકર્ણામૃતમ્માં શૃંગારિક વર્ણન પણ જોવા મળે છે.**

अहिमकरकर निकर मृदुमुदितलक्ष्मी-

सरसतरसरसिरूहसदृशदशि देवे ।

व्रजयुवतिरति कलहविजय निजलीला-

मदमुदितवदनशशिमधुरिमणि लीये ।।[२७]

**આ ઉપરાંત** कुसुमशर शरसमरकुपित गोपी..... (૧.૫૩)कुचकलशधुसृणरसलसदुरसि **વગેરે પદો જોવા મળે છે. કૃષ્ણકર્ણામૃતમ્‌માં પણ શૃંગારિક વર્ણન છે.**

कोकिलकलरवकूजितया जितमनसिजतन्त्रविचारम् ।

श्लथकुसुमाकुलकुन्तलया नखलिखितघनस्तनभारम्

**હે સખી ! રતિ સમયે કોયલની વાણી સમાન શબ્દ કરનારી, તથા રતિપરિશ્રમથી ઢીલી-ફૂલોથી ગૂંથેલી વાળની સેર, મારી સાથે કામદેવને જીતનાર તથા કઠોર સ્તનો પર નખક્ષત કરનાર શ્રીકૃષ્ણની સાથે રમણ કરાવ. આ ઉપરાંત આવા અનેક પદો જોવા મળે છે.**

- **સંગીતાત્મકતા :-**

**સંગીત અને કવિતાનો ઘનિષ્ઠ સંબંધ છે. પ્રત્યેક કલાને કોઈ આધાર આવશ્યક છે. કવિતાના આશ્રયે સંગીતનાં ત્રણેય તત્ત્વો ગીત, વાદ્ય અને નૃત્ય પોતાના અસલી રૂપ પ્રગટ કરે છે. કવિતાને સંગીતનું રૂપ અપાય તો તે અત્યતં માધુર્ય જન્માવે છે. સંગીત એટલે ગીત, વાદ્ય અને નૃત્ય.[૨૮] આ ત્રણનો પ્રયોગ જેમાં થયો હોય તે સામાન્ય પરિભાષામાં 'સંગીતકાવ્ય' કહેવાય. સંગીતનું માધ્યમ નાદ છે. નાદ-સૌંદર્ય સંગીતનું અનિવાર્ય અંગ છે. પ્રાચીન સંસ્કૃત વાડમયમાં અને સંગીતશાસ્ત્રમાં 'સંગીત'નો વ્યુત્પત્તિગત અર્થ** 'सम्यक गीतम्' **અપાયો છે.**

**સંગીતકાવ્યનો સંબંધ સ્વાભાવિક રીત જ સંગીતશાસ્ત્ર સાથે છે. પરંતુ બંનેમાં સ્વરૂપ અને પ્રયોજનની દષ્ટિએ ભેદ છે. સંગીતશાસ્ત્રમાં શાસ્ત્રીય પદ્ધતિથી સંગીતવિષયક તમામ તત્ત્વો તેમજ રાગોનું પ્રતિપાદન કરાયું હોય છે. એના સર્જનનું મુખ્ય પ્રયોજન સંગીતવિદ્યાના શાસ્ત્રીય રૂપનું પ્રતિપાદન છે.**

**એવી એક પણ કલા નથી કે જેનું નિરૂપણ કાવ્યમાં ન થયું હોય, એવું ભામહનું કથન યથાર્થ છે.[૨૯] સઘળી માનવવિદ્યાઓનો પરિમલ એટલે કાવ્ય. સંગીતમાં ગેયતાનું તત્ત્વ પ્રધાન છે. તેથી ગેય-કાવ્ય કે ગીતિકાવ્ય સ્વાભાવિક રીતે જ સંગીતાત્મક સ્વરૂપ પ્રગટ કરે. ફલતઃ સંસ્કૃત સાહિત્યમાં અતિ પ્રાચીન વેદયુગથી ગીતાત્મક કવિતા જાણે-અજાણે સંગીતવિષયક કેટલાંક તત્ત્વોનું વ્યાવહારિક રૂપ નિષ્પન્ન કરે છે. જે કાવ્યમાં સંગીતને અનુકૂળ લયની યોજના હોય, સંગીતશૈલીનો પ્રયોગ થયો હોય, રાગ-રાગિણીઓ, નૃત્ય સ્વરૂપો તથા તાલાદિનો પ્રયોગ થયો હોય અને સંગીતની પારિભાષિક શબ્દાવલિ પ્રયોજાઈ હોય, તેને 'સંગીતકાવ્ય' કહી શકાય.**

સંગીતશાસ્ત્રનું વ્યાવહારિક રૂપ(Applied Aspects) સંગીતકાવ્યમાં અનુભવી શકાય. સંગીતકાવ્ય-પ્રકારનું પ્રધાન લક્ષ્ય કાવ્યસર્જનનું છે, નહિ કે સંગીતનું. પરિણામે સંગીત અને કાવ્યનો સમન્વય કરવામાં ઔચિત્ય ન જળવાય તો શાસ્ત્રીય પારિભાષિક શબ્દાવલિઓમાં કવિતા અટવાઈ જાય, મુખરિત થઈ શકે નહિ. છંદના બંધનમાં બંધાયેલી કવિતાનો જેમ કવચિત્ સ્વતઃ ઉન્મેષ થઈ શકતો નથી એવું જ સંગીતશાસ્ત્રથી આબદ્ધ કવિતામાં પણ કયારેક પ્રતીત થાય છે. કાવ્યસર્જન અને ભાવનામાં સંગીત કેટલું ઉપકારક બને એ ચિંત્યં છે. તેમ છતાં નાદસૌંદર્ય નિષ્પન્ન કરવાથી સામાન્ય કાવ્ય કરતાં 'ગીતગોવિંદ' જેવાં સંગીતાત્મક કાવ્યો કર્ણપ્રિયતાને પામીને લોકહૈયે કંઠે વસી જાય છે.

આપણી સંસ્કૃતિમાં કોઈપણ શાસ્ત્રની ઉત્પત્તિ દૈવી મનાય છે. 'સંગીતશાસ્ત્ર'નું પણ એવું છે. દેવો, યક્ષો, કિન્નરો, ગંધર્વો, અપ્સરાઓ વગેરેને સંગીતપ્રિય દર્શાવ્યા છે. સંગીતનાં વાદ્યો સાથે દેવી, દેવતાઓને જોડવામાં આવ્યાં છે.

શુદ્ધ શાસ્ત્રીય સંગીતનો ઉદ્ભવ તો પાછળથી થયો, પરંતુ વૈદિક યુગમાં સંગીતશાસ્ત્ર અને સંગીતકાવ્ય બંનેનું આરંભિક સ્વરૂપ પરિલક્ષિત થાય છે. વૈદિક ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત આ ત્રણ સ્વરો શાસ્ત્રીય સંગીતના સ્વરોનું ઉદ્ભવસ્થાન ગણાય છે. વિશ્વ-સંગીતશાસ્ત્રનું મૂળ સામવેદમાં જોઈ શકાય. વેદમંત્રોનું સ્વરમાં પઠન કરવા માટે હાથ-મસ્તક હલાવવામાં આવે છે. તેનું કારણ કદાચ લયની જાળવણી હશે.

એમ કહેવાય છે કે સ્વયં બ્રહ્માએ ભરતાચાર્યને નાટયશાસ્ત્ર અને સંગીતશાસ્ત્રનો ઉપદેશ આપ્યો હતો. તત્પશ્ચાત્ ભરતાચાર્યે નાટય તથા સંગીતશાસ્ત્રના અપૂર્વ ગ્રંથ 'નાટયશાસ્ત્ર' ની રચના કરી.[૩૦] 'સંગીતસોપાન' શંકર ભગવાનને સંગીતવિદ્યાના પ્રથમ આચાર્ય ગણાવે છે.[૩૧] તો 'સંગીત-સમયસાર' અનુસાર બ્રહ્માએ શિવને સંગીતવિદ્યાનો ઉપદેશ આપ્યો હતો.[૩૨]

ભારતીય પરંપરા અનુસાર નટરાજ શિવ નૃત્યકલાના આદિસ્રોત છે તથા ભગવતી સરસ્વતી ગીત તથા વાદ્યકલાની પ્રવર્તિકા છે. ભરતનાટય-શાસ્ત્રમાં સંગીતના ત્રણેય રૂપ નૃત્ય અને વાદનનું વિસ્તૃત અને સૂક્ષ્મ વર્ણન છે.

'ગીતગોવિંદ' કાવ્યમાં દૈવી-યુગલ કૃષ્ણ-રાધાની પ્રણય-ક્રીડા, રાસ, સંગીત, નૃત્ય સાથે માનધારણ-વિમોચનની આછેરી કથા સાથે પ્રસ્તુત કરાઈ છે. જયદેવે સર્વત્ર મધુર-સુકુમાર ભાષા અને કોમલકાન્ત પદાવલિનો પ્રયોગ કર્યો છે. પરિણામે દશ્ય-ચિત્રણમાં તેમજ ગીતોમાં મુખ્યત્વે પ્રસાદ

માધુર્ય ગુણ નિષ્પન્ન થયો છે. સાનુપ્રાસિક અને તુકાન્ત કોમલ પદાવલીઓનો અધિક પ્રયોગ એ કાવ્યની નવતર ભાષા–શૈલી છે. સામાસિક ગુમ્ફનની શૈલીમાં પણ લલિત પદાવલીઓનો યોગ મહદંશે સર્વત્ર થયો છે, જેમાં ગીતાત્મકતા અનુરણિત છે.

हरिपरिरम्भणवलितविकारा ।

कुचकलशोपरि तरलितहारा ।।[३३]

चन्द्रकचारुमयूर शिखण्डकमण्डलवलयितकेशम् ।।[३४]

ગીતગોવિંદમાં લય, તાલ અને ગીતાત્મકતાને અનુરૂપ શબ્દાવલીનો પ્રયોગ થવાથી પ્રાયઃ સર્વત્ર અનુપ્રાસ અને યમક લીલાની ચારુતા છવાઈ ગઈ છે.

ગીત્યાત્મક છંદોથી બદ્ધ પદાવલીઓના ચિત્રાત્મકતા અને નાદસૌંદર્ય ખરે જ સ્તોત્રસાહિત્યમાં અપૂર્વ છે. ચર્ચરી, વૈતાલીય અને તોટક જેવા સંગીતાત્મક છંદોનો સ્તોત્રસાહિત્યમાં સર્વપ્રથમ પ્રયોગ 'કૃષ્ણકર્ણામૃતમ્'માં થયો છે. 'કૃષ્ણકર્ણામૃત'માં તુકાન્ત પદાવલીઓની રચના એ એક નવો પ્રયોગ છે, જે સ્તોત્ર સાહિત્યમાં વિરલ છે. જયદેવના 'ગીતગોવિંદની તુકાન્ત પદાવલીઓ તે લીલાશુકના પ્રભાવનું ફળ છે એમ કહી શકાય. જયદેવ, ચૈતન્ય, રૂપ ગોસ્વામી જેવા અનેક ઉત્તરવર્તી વૈષ્ણવ કવિઓએ 'કૃષ્ણકર્ણામૃત'થી પ્રભાવિત થઈ સંગીતાત્મક પદાવલીઓથી સંપન્ન સ્તોત્રો અને શૃંગારી ગીતિકાવ્યોનું સર્જન કર્યું. તેથી જ લીલાશુકને સ્તોત્રસાહિત્યના ઇતિહાસમાં 'સંગીતાત્મક' અને ઊર્મિપ્રધાન સ્તોત્રકાવ્યના જનકરૂપે બિરદાવી શકાય.

## ● ભકિતરસ :-

ગીતગોવિન્દ શ્રીકૃષ્ણ ભગવાનની 'કેવળ રસ શૃંગાર'ની લીલા ગાનારૂં આદિ ભકિતકાવ્ય છે. શૃંગાર રસ તરુણ જનને સ્વભાવિક રીતે પ્રિય છે. ભકિતશૃંગાર પ્રગલ્ભને પણ આદરણીય છે અને ભગવદ્ભકિતના કીર્તન મુગ્ધ જનના પણ મન હરે છે. શૃંગારનો ઉત્કર્ષ ભકિતથી છે અને ભકિતની માધુરીનું પોષણ સંગીતથી છે.

કવિની કવિત્વશકિતની કસોટી રસનિષ્પત્તિમાં જયદેવના કવિત્વની પ્રતીતિ ગીતગોવિંદના રસોલ્લાસથી થાય છે. સ્થાયી રતિની સંપૂર્ણ જમાવટ માટે તે અલૌકિક રૂપલાવણ્યના પાત્રને આલંબન તરીકે પસંદ કરે છે, વસંતની અદ્ભુત ઉદ્દીપન સામગ્રી વડે નાયિકાની રતિના અંકુરને પલ્લવિત બનાવે છે અને મદનમહોત્સવના ઉન્માદ દશ્ય દ્વારા નાયકની સ્પૃહણીય સૌભાગ્યસમૃદ્ધિના દર્શનથી અને તેની આત્યંતિક પ્રીતિના રસિક અનુભવથી રતિની ભરતીને ઉભરાવે છે. રસિક શિરોમણી

નાયક પણ એવી રસભીની નાયિકાને અર્થે પ્રેમાતુર બને છે. એ રીતે પરસ્પર સમાગમના અધીરાં નાયકનાયિકાનો મેળાપ કરાવવા કવિ સખી દ્વારા સંકેત કરાવે છે. વૃદ્ધિગત રતિ હવે ફલોન્મુખ જણાય છે. તે સમયે સંભોગશૃંગારના ઉત્કર્ષને અર્થે રસમર્મજ્ઞ કવિ બહુવલ્લભ નાયકના દાક્ષિણ્યમાંથી સહજે પ્રગટતો સમયભંગનો પ્રસંગ આવે છે, તેની અસૂયાની કાળી વાદળીની છાયા પડતાં રતિનો નિર્મળ ગંગાપ્રવાહ કલુષિત બની માનવિપ્રલંભના જમુના જળરૂપે વહે છે. એ અસૂયાનો ઘોરંભો કવિ સામાદિ પ્રયોગે દૂર કરે છે.પછી વિરહતાતુર નાયક નાયિકાનો સમાગમ કરાવી સ્થાયી રતિને મસ્ત સંભોગશૃંગારરૂપે બહેલાવી પાત્રને રસના સાગરમાં ઝીલતા મૂકી પડદો પાડી દે છે.

ચૈતન્યમત પ્રમાણે વૃંદાવનના કૃષ્ણ ભગવાન એક રૂપ 'માધુર્ય' છે. આ રૂપમાં માનવદેહધારી ભગવાન શ્રીકૃષ્ણ મનુષ્યની જેમ ક્રીડાઓ-ચેષ્ટાઓ કરે છે. કૃષ્ણના એવા મધુર રૂપની ઉપાસના તે ચૈતન્યની રાગાત્મિકા ભકિત કે મધુર ભકિત. બંગાળની આ વૈષ્ણવ પરંપરા એ ભકિતને સ્વતંત્ર રસ માની મધુરભકિતને જન્મ આપ્યો. આ મતના મુખ્ય કેન્દ્રો વૃંદાવન અને મથુરા બન્યા. આવી પ્રેમલક્ષણા ભકિતમાં ભકત ભગવાનને પ્રિયતમ માની અલૌકિક સૌંદર્યમાં મગ્ન બને છે અને મુકિતનો આનંદ માણે છે. વ્રજની નારીઓમાં તેમજ ભકતોમાં આવી ભકિત દેખાય છે. રાધા પ્રતિ કૃષ્ણના પ્રેમમાં ભગવાનનો પ્રાણ માત્ર પ્રત્યે સ્નેહ વ્યકત થાય છે. રાગાનુગાભકિત જ મોક્ષનો સર્વોત્કૃષ્ટ ઉપાય છે. ચૈતન્ય, રૂપ ગોસ્વામી વગેરેનાં સ્તોત્રમાં આવી મધુરાભકિત અભિવ્યકત થાય છે. લીલાશુકનું 'કૃષ્ણકર્ણામૃતમ્' ચૈતન્યને અત્યંત પ્રિય હતું એમ કહેવાય છે. વૈષ્ણવ સ્તોત્રોના ભકિતરસ અને તેના તત્ત્વોનું પ્રતિપાદન કરવામાં કૃષ્ણકર્ણામૃત અને ગીતગોવિંદ પ્રેરક રહ્યા છે.

- **આધ્યાત્મિક પૃષ્ઠભૂમિ :-**

કૃષ્ણકર્ણામૃતની આધ્યાત્મિક પૃષ્ઠભૂમિ ઉચી છે. તેમાં શ્રીકૃષ્ણની અલૌકિકતા અને ઈશ્વરતા જળવાય છે. જ્યારે 'ગીતગોવિંદ' ના શ્રીકૃષ્ણ-રાધાનું માનવ કક્ષાના શૃંગારી નાયક-નાયિકા નું સ્વરૂપ નિષ્પન્ન થાય છે. ભકિતનો સંસ્પર્શ હોવા છતાં 'ગીતગોવિંદ' મહદંશે શૃંગારી ચેષ્ટાઓ અને સુરત-વ્યાપારોનું કાવ્ય બની રહે છે.

પરંપરાથી ચાલી આવતી ગીતિકાવ્યની શૃંગારિક અને ધાર્મિક બન્ને ધારાઓનો સમન્વય કરીને, તેમજ બંનેના તત્ત્વોને ગીતાત્મક શૈલીમાં કોમલકાન્ત પદાવલીઓમાં પ્રસ્તુત કરવામાં અને આવી નવતર કાવ્યશૈલીનો સૂત્રપાત કરવામાં કવિ જયદેવે સર્વોતમ સ્થાન પ્રાપ્ત કર્યું છે એમ કહી શકાય. 'ગીતગોવિંદની'ની આ શૈલીનું પૂર્વરૂપ લીલાશુકનું સ્તોત્ર 'કૃષ્ણકર્ણામૃત' નિર્ધારિત કરે છે.

## ● પાદટીપ :

૧ रासोल्लासभरेण विभ्रमभृतामाभीरवामभ्रुवा-

मभ्यर्ण परिरभ्य निर्भरमुरः प्रेमान्धया राधया ।

साधु त्वद्वदनं सुधामयमिति व्याहृत्य गीत-स्तुतिर-

व्याजादुद्भट-चुम्बित-स्मितमनोहारी पातु वः ।। गीतगोविंद सर्ग १,प्र.८-२

૨ ગીતગોવિંદ સર્ગ,૨ પ્રબન્ધ-૫-૬

૩ ગીતગોવિંદ સર્ગ-૬ પ્ર-૧૨

૪ ગીતગોવિંદ સર્ગ-૭ શ્લોક-૧-૪

૫ ગીતગોવિંદ સર્ગ-૭ પ્ર-૧૩-૧૬

૬ ગીતગોવિંદ સર્ગ-૯/૧૨

૭ ગીતગોવિંદ સર્ગ-૧૦/૧૯

૮ ગીતગોવિંદ સર્ગ-૧૧/૨૧

૯ ગીતગોવિંદ સર્ગ-૧૧/૨૨

૧૦ ગીતગોવિંદ સર્ગ-૧૨/૨૩

૧૧ ગીતગોવિંદ સર્ગ-૧૨/૨૪

૧૨ કૃષ્ણકર્ણામૃત આ. ૧ / ૨

૧૩ ગીતગોવિંદ સર્ગ, ૧/૪૮

૧૪ કૃષ્ણકર્ણામૃત આ. ૧ /૪

૧૫. ગીતગોવિંદ – સર્ગ ૩/૧૫

૧૬. કૃષ્ણકર્ણામૃત આ. ૧ /૭

૧૭. ગીતગોવિંદ – સર્ગ ૧/૪૯

૧૮. કૃષ્ણકર્ણામૃત આ. ૧ /૮

૧૯. ગીતગોવિંદ- સર્ગ ૮/૩

૨૦. કૃષ્ણકર્ણામૃત આ. ૧ /૧૧

૨૧. ગીતગોવિંદ- સર્ગ-૧/૪૯

૨૨. કૃષ્ણકર્ણામૃત આ. ૧ /૨૯

૨૩. ગીતગોવિંદ- સર્ગ-૭/૪૦

૨૪. કૃષ્ણકર્ણામૃત આ. ૧ /૪૬

૨૫. કૃષ્ણકર્ણામૃત આ. ૧ /૯૦

૨૬. ગીતગોવિંદ- સર્ગ-૫/૨૦

૨૭ સંગીતરત્નાકર વા. ૧,૧.૧.૨૯, સંગીત પારિજાત શ્લોક-૨૦

૨૮ न स शब्दो न तद्वाच्यं.....। (काव्या ५/४)

૨૯ नाट्यशास्त्र अ-१

૩૦ सङ्गीतरत्नाकर वा-१, अ-१

૩૧ सङ्गीतरत्नाकर वा-१, अ-१

૩૨ ગીતગોવિંદ -૭/૨

૩૩. ગીતગોવિંદ- ૭/૧૪

૩૪. ગીતગોવિંદ- ૨/૩

# પ્રકરણ-૧૨

## કૃષ્ણકર્ણામૃતમાં સૌંદર્ય

(૧) ધાર્મિક કાવ્યોમાં સૌંદર્ય વર્ણન

(૨) કૃષ્ણકર્ણામૃતમ્‌માં સૌંદર્ય વર્ણન

(૩) 'કૃષ્ણકર્ણામૃત'માં વિવિધ પદોમાં કવિ-કલ્પનાનું દર્શન

# પ્રકરણ – ૧૨

# કૃષ્ણકર્ણામૃતમાં સૌંદર્ય

## (૧) ધાર્મિક કાવ્યોમાં સૌંદર્ય વર્ણન :-

'કૃષ્ણકર્ણામૃતમ્' જેવા સ્તોત્રાત્મક કાવ્યમાં આરાધ્ય કે ચરિત્ર–નાયક–નાયિકાના રૂપ ગુણનું આલેખન કેન્દ્રસ્થાને રહે છે. રૂપ અને ગુણ પ્રાયઃ સંયુકત રહે છે, વિશેષતઃ ભકત કવિની ભાવુક દષ્ટિમાં.

આરાધ્ય દેવતા શ્રીકૃષ્ણના ગુણાનુવાદમાં દત્તચિત્ત ભકત કવિ બિલ્વમંગલ પણ ઉપાસ્યના અંગ પ્રત્યંગમાં વિલસતા સૌંદર્યથી અસ્પૃષ્ટ કેવી રીતે રહી શકે ? સ્તોત્રાત્મક કે ગીત્યાત્મક ધાર્મિક કૃતિમાં સૌંદર્યના આલંબન તરીકે નિર્ગુણ કે સગુણ પરમતત્ત્વ રહે છે. નિર્ગુણ અરૂપ કે અર્મૂત છે છતાં ભકતકવિની આંતર ચેતનાને તે 'અરૂપ'ની મનોકલ્પિત ભાવમૂર્તિનું રૂપકાત્મક દર્શન કરાવે છે. તે દર્શન કરાવવામાં કવિની સૌંદર્યચેતના તરંગિત થાય છે. સગુણ અવતારધારી રહે છે. અવતારની સાથે જ દેહાકૃતિ કે અર્ચામૂર્તિ રહેલી છે. આલંબન–સ્વરૂપ એ આકૃતિ કે અર્ચામૂર્તિમાં આસકત ભકતકવિને તેમાં અનુપમ વિશેષતાઓ કે ગુણધર્મોનું દર્શન થાય છે. એવું દર્શન  કવિની હૃદયવીણાને ઝંકૃત કરે છે, તેની સૌંદર્ય– ચેતનાને જાગૃત કરી દે છે. આમ, સગુણ અવતારધારી બ્રહ્મતત્ત્વનો ઉદાત્ત દેહ ભકત કવિની સૌંદર્ય ભાવનાને સ્પંદિત કરનાર આલંબન ઉદ્દીપક બની રહે છે. અવતારવાદી સદ્‌ગુણોપાસક કવિઓની મનોભૂમિમાં આલંબન સ્વરૂપ અવતાર કે તેના પ્રતીક તરીકે અર્ચામૂર્તિ સ્પષ્ટ રીતે પોતાના સર્વ રૂપગુણ સહિત સરળતાથી ઉપસ્થિત થાય છે. પરિણામે તેમનાં ધાર્મિક કાવ્યોમાં અંગવર્ણન કે રૂપસૌંદર્ય વર્ણનને અધિક અવકાશ સ્વભાવિક રીતે જ રહે છે. 'કૃષ્ણકર્ણામૃતમ્'માં કૃષ્ણોપાસક ભકત કવિ બિલ્વમંગલ પરબ્રહ્મ સ્વરૂપ સગુણ અવતારી શ્રીકૃષ્ણના સૌંદર્યનું ચિત્રણ કરે છે.

ભકત કવિને મન ઉપાસ્ય એટલે સૌંદર્યનિધિ કે સૌંદર્યની પરાકાષ્ઠા. રૂપવર્ણન આલેખતી પ્રત્યેક ધાર્મિક કૃતિમાં આ સત્યની પ્રતીતિ થાય છે. બિલ્વમંગલ પણ શ્રીકૃષ્ણને 'શૃંગાર સર્વસ્વ' રૂપે સ્થાપે છે.

ધાર્મિક કાવ્યોમાં ઉપાસ્યના સૌંદર્ય વર્ણનની મુખ્ય બે પદ્ધતિઓ છે. (૧) દેહના એક કે એકથી અધિક અંગોનું ક્રમ રહિતનું વર્ણન. (૨) અંગોનું ક્રમસહિત વર્ણન, જેની બે શૈલીઓ છે :

પાદાદિકેશાન્તશૈલી અને કેશાદિપાદાન્તશૈલી. બિલ્વમંગલના કૃષ્ણકર્ણામૃતમાં દેહના એક કે એકથી અધિક અંગનું ક્રમ રહિત વર્ણન પ્રાપ્ત થાય છે. અન્ય પ્રકારના વર્ણનોની પરંપરા સંસ્કૃત સાહિત્યમાં ઉપલબ્ધ થાય છે.

## (૨) કૃષ્ણકર્ણામૃતમ્‌માં સૌંદર્ય વર્ણન :-

બિલ્વમંગલ વર્ણ્ય અંગના સૌંદર્યના વ્યંજક તરીકે ઉપમાનનો સહયોગ લઈ, તે ઉપમાનને કુશળતાપૂર્વક પ્રયોજી પોતાની સૌમ્ય સૌંદર્યચેતનાને કાવ્યરૂપે અવતારે છે. બિલ્વમંગલ દ્વારા ગ્રહણ કરાયેલ ઉપમાનોમાં સાહિત્યિક પરંપરાના રૂઢિગત, સાંસારિક વિષયના, પ્રાકૃતિક ક્ષેત્રના ઉપમાનોનો સમન્વય થાય છે.

મુખ માટે કમળ અને ચંદ્રનું ઉપમાન પરંપરાગત છે. આવું ચિરભુકત ઉપમાન પ્રયોજીને કવિ અપૂર્વ અર્થ નિષ્પન્ન કરે છે : 'શ્રીકૃષ્ણનું મંજુલમુખકમળ સમાન નથી. કૃષ્ણનું મુખ કમળ સમકક્ષ કેમ કહી શકાય ? કમળ તો રાત્રિના સમયમાં કરમાઈ જાય છે. શ્રીકૃષ્ણનું મુખકમલ તો સદા પ્રફુલ્લિત રહે છે. તે અપૂર્વતા અહીં પ્રતીમ અલંકાર દ્વારા ધ્વનિત થાય છે. કૃષ્ણનું મુખ ચંદ્ર સમકક્ષ પણ નથી કેમ કે ચંદ્રમાં તો કલંક છે. શ્રીકૃષ્ણનું મુખ તો નિષ્કલંક છે. કવિ અનેક વાર મુખને કમળની ઉપમા આપે છે. સૌંદર્ય શિરોમણિ શ્રીકૃષ્ણના રૂપનું વર્ણન કરતાં કહે છે : સર્વ સમર્થ સૌંદર્યનિધિ સ્વામીનું મુખારવિન્દ મારા મનમાં વિશેષ રૂપથી પ્રકાશિત થાઓ.[૨] શ્લોક–૮માં પણ मुखाम्बुजम् શબ્દ પ્રયોગ કરે છે.બિલ્વમંગલ મુખને ચંદ્ર સાથે સરખાવતા કહે છેઃ મુખમયંકરૂપ ચંદ્રમંડલ તરફ મારું મન સદા વસે.[૩] અહીં એક રૂપકની સંયોજના કરી છે. કવિ પોતાના મનમાં આનંદની લહેરોમાં વહેવાની કલ્પના કરે છે. સમુદ્રમાં ચંદ્રમાના કિરણોથી ભરતી આવે છેપ, જ્યારે કૃષ્ણચંદ્રનું મંદસ્મિત યુકત સુંદર મુખ આનંદની તરંગોને ઉદ્વેલિત કરે છે. મુખને કમળની ઉપમા આપતાં આગળ કહે છેઃ 'શ્રી કૃષ્ણનું મનોહર મુખકમળ મત્તમયૂરની કલગી સમાન અને પુષ્પોથી ગૂંથેલા શિરોભૂષણથી અલંકૃત છે.'[૪] મુખ માટે 'लीलाननाम्बुजम्'[૫] શબ્દ પ્રયોગ કરે છે. મુખને ચંદ્ર સાથે સરખાવતાં કહે છે– 'મુખમયંક ચંદ્ર કિરણોના લાવણ્યથી મનોહર છે.'[૬] મુખના લાવણ્યમય સૌંદર્યની ઉપમા આપતા કહે છે–'પૂર્ણિમાના પૂર્ણ ચંદ્રની કાન્તિ તેના મૃદુ સ્મિત મંડિત મુખમયંકની સામે ફીકી પડી જાય છે. કૃષ્ણની અનિર્વચનીય સૌંદર્યનિધિનું વર્ણન કરતાં કહે છે–'મનોહર મુખારવિંદ દેવતાઓને માટે પણ દુર્લભ છે.'[૭] ચંદ્ર સાથે સરખાવતા કહે છે : 'મુખમયંકની

જ્યોત્સ્નામાં આકાશના ચંદ્રમાની શોભા મલિન થઈ જાય છે.'[૮] અહીં કૃષ્ણચંદ્ર આકાશના ચંદ્રને વ્યર્થ કહે છે. અહીં વસ્તુગત વિલક્ષતા અને ભાગવત વિલક્ષતા ભકિતનો મહાભાવ ઉત્પન્ન કરે છે. મુખને અરવિંદ સાથે સરખાવતા કહે છેઃ 'मुखाम्बुजं चुम्बति मानसं मैं[૯] चित्रं तदेतद्वदनारविन्द'[૧૦] ચંદ્રમા રૂપી' પ્રદીપ અનંતકાળથી આપના મુખારવિંદની નિશ્ચલ અર્ચના કરે છે.'[૧૧] ચંદ્રમા સમાનતાનો અધિકારી નથી. તે તો માત્ર દૂરથી જ આરતી ઉતારવાની યોગ્યતા ધરાવે છે એમ કહેનાર બિલ્વમંગલ જ છે.

ચરણના સૌંદર્ય વર્ણનમાં બિલ્વમંગલ કલ્પવૃક્ષ અને ચંદ્રના ઉપમાન પ્રયોજે છે, જે પરંપરિત છે.

પ્રત્યેક સંસ્કૃત કવિના નખશિખ-વર્ણનમાં ચરણનું વર્ણન તો હોય જ સામાન્યતઃ સંસ્કૃત કવિઓ ચરણને મોક્ષ-વૈરાગ્ય પ્રદાયક બતાવે છે. જેમ કે મૂક કવિ 'પાદારવિંદશતક'માં વર્ણવે છે કે કામાક્ષીના ચરણ-કમલ સરાગ હોવા છતાં તેને પ્રણામ કરતા માણસોને મોક્ષમાર્ગ બતાવે છે એ ચરણ રજયુકત હોવા છતાં હૃદયમાં રજ-વિહીનતા (રજોગુણ-રહિતતા) વિસ્તારે છે અને અત્યંત રકત હોવા છતાં વિરકત (વૈરાગી) માટે એક માત્ર શરણરુપ છે.[૧૩] કવિ વેંકટાધ્વરિ પણ કહે છે કે લક્ષ્મીના અત્યંગરાગ(રકત) યુકત ચરણ-કમળમાં મુનિજનોનું હૃદય વૈરાગ્ય ધારણ કરે છે એ વિચિત્ર છે.[૧૪] કવિ વિશ્વનાથસિંહ પૂર્વવર્તી કવિઓથી વિરુદ્ધ વર્ણન કરે છે. એમની દષ્ટિએ ચરણ વૈરાગી માટે કે મુનિજનો શરણરૂપ-મોક્ષરૂપ નથી પરંતુ બંધનરૂપ છે. તે કહે છે રામના હસ્ત અને ચરણની ઉત્તમ રેખાઓ કામદેવની લગામસ્વરૂપ છે અર્થાત્ એ રેખાઓમાં ધ્યાનીઓ અને દષ્ટાઓનું મન બંધાઈ જાય છે.[૧૫] જ્યારે બિલ્વમંગલ ચરણને કલ્પવૃક્ષની ઉપમા આપતા કહે છે કે કલ્પવૃક્ષ જેવા ચરણોના નખના અમૃતભાગથી જયશ્રી લીલાસ્વયંવરસ પ્રાપ્ત કરે છે.[૧૬] કલ્પવૃક્ષની ઉપમા આપતા કહે છે કે કલ્પવૃક્ષ -(ઇચ્છીત વસ્તુ આપનાર)ની ઉપમા દ્વારા અનોખી અર્થછટા પ્રગટ કરે છે તેમનાં ચરણકમળ ખીલેલા લાલ ગુલાબને તિરસ્કૃત કરે છે.[૧૭] કમળવનના ગર્વને ખંડિત કરનાર ચરણકમળના અનિર્વચનીય પ્રેમને પ્રાપ્ત કરું.[૧૮] અહીં ગુલાબ અને કમળને તિરસ્કૃત કરીને અર્થની અપૂર્વતા અહીં પ્રતીપ અલંકાર દ્વારા ધ્વનિત થાય છે. કોમળતા અને સુંદરતામાં કમળવનના ગર્વને ખંડિત કરનાર છે અને શરણાગતને અભય આપનાર છે. તે તરલ તેજ અરુણ ચરણાવિંદથી મારા આર્દ્ર હૃદયમાં નિરંતર ક્રીડા કરતું રહે.[૧૯] અન્યત્ર પણ ચરણને કમળની ઉપમા આપે છે. ફરી એકવાર ચરણકમળને કલ્પવૃક્ષની સાથે સરખાવતા કહેઃ તેમના ચરણાવિન્દ કલ્પવૃક્ષોના નૂતન પલ્લવોની સુકુમારતાનું ઉલ્લંઘન કરે છે.[૨૦] પ્રતીપ અલંકાર દ્વારા અર્થ છટા વ્યકત

કરે છે. ચરણની સુંદરતા, કોમળતા અને અરુણિમાનું વર્ણન છે. ચરણ-કલ્પવૃક્ષની કૂંપળથી પણ અધિક કોમળ છે. એક બીજો સંકેત છે કે કલ્પતરુ ઇચ્છા કરવાથી કામના પૂર્ણ કરે છે, પરંતુ ભગવાનના ચરણ તો ચિંતન કર્યા વિના જ કામનાઓ પૂર્ણ કરે છે. પ્રત્યેક સંસ્કૃત કવિના વર્ણનમાં ચરણનું વર્ણન હોય જ, પરંતુ ચરણરેખાનું વર્ણન ભાગ્યે જ જોવા મળે છે. વિશ્વનાથસિંહે રામના હસ્ત અને ચરણની રેખાઓનું વર્ણન કરીને પોતાની વિશેષતા બતાવી છે તેમ બિલ્વમંગલ પણ રેખાઓનું વર્ણન કરે છે. શ્રીકૃષ્ણના ચરણકમળ રેખાઓથી સુશોભિત છે.[૨૧]

કવિઓ કપોલ માટે દર્પણ અને મૌકિતકયુકત નાસિકા માટે પોપટની ચાંચનું ઉપમાન પ્રયોજતા આવ્યા છે. શંકરાચાર્ય 'વિષ્ણુપાદાદિકેશાન્તવર્ણનસ્તોત્ર'માં વિષ્ણુના કપોલને દર્પણના આકારનો ચોર કહે છે.[૨૨] તો કવિ વિશ્વનાથસિંહ પણ રામના લલિતકુંડલયુકત કપોલને દર્પણને જીતી લેનાર બતાવે છે.[૨૩] બિલ્વમંગલ કપોલને દર્પણ સાથે સરખાવે છે. દર્પથી સ્નિગ્ધ અને નિર્મળ કપોલ છે.[૨૪] દર્પણ જેવા સ્વચ્છ કપોલ પર પરસેવાના બુંદ છે.[૨૫]

અધર માટે બિંબફળનું ઉપમાન તો પરંપરિત છે. બિલ્વમંગલ પણ પરંપરિત ઉપમાન પ્રયોજે છે. 'અધર બિંબફળ સમાન મનોહર છે.[૨૬] અધરબિંબ મધુરરસ સ્વરૂપ છે.[૨૭] બિમ્બાધર મધુર છે[૨૮]માં કવિની હૃદ્ય કલ્પનાની મધુરિમા અનુભવાય છે.

સંસ્કૃત કવિઓ ભુજા માટે અનંગપાશ, લતિકા, મૃણાલ, પરિજાત ઇત્યાદિ ઉપમાનો વિશેષ રૂપે ગ્રહણ કરે છે. પરાશર ભટ્ટે 'રંગરાજસ્તવ'ના પૂર્વશતકમાં શ્રીરંગરાજની ભુજા માટે ફણીન્દ્રનું ઉપમાન પ્રયોજ્યું છે.[૨૯] કવિ વિશ્વાનાથસિંહ પણ રામની રત્નાભૂષણોથી અલંકૃત ભૂજાઓને ફણિધરની શોભાને ચોરી લેનાર બતાવે છે.[૩૦] બિલ્વમંગલ કમળનું ઉપમાન હાથ માટે વાપરે છે. બિલ્વમંગલ કૃષ્ણના શ્રીઅંગરૂપી સરોવરમાં આઠ કમલોની શોભાનું વર્ણન કરે છે. તેમાં હાથનું વર્ણન છે. કૂંપળથી પણ કોમળ લાલ કરકમળ છે.[૩૧]કમળ જેવાં કોમળ હાથની પાંખડી જેવી અતિમૃદુ આંગળીઓ.[૩૨] શરત્કાલીન કમળ સાથે સરખાવતા કહે છે તેમનાં કર-કમલ શરત્કાલીન ખીલેલાં કમળોને ક્રમ વિલાસની સમજ આપે છે.[૩૩] તેના હાથ કમળોથી અધિક સુંદર, સુકુમાર અને સુગંધિત છે, કોમળ અને કમનીય છે.

નયન માટે કમળનું ઉપમાન રૂઢ છે. બિલ્વમંગલ આંખને મુખારવિંદ પર અર્ધખીલેલ બે કમલનયન કહે છે.[૩૪] આ પંક્તિ વાંચતાં જ કાલિદાસ યાદ આવેઃ बाले ! तव मुखाम्बुजे कथं इदमीन्दीवरदपम्। અન્યત્ર પણ કમળની ઉપમા આપતા કહે છે आमुग्धमर्धनयनाम्बुजचुम्ब्यमान ।[૩૫] કમળનયન બાલકૃષ્ણની ઝંખના કરે છે.[૩૬] નયનારવિંદ વિશાળ છે.[૩૭] વિવિધ હાવભાવથી યુક્ત નયનારવિંદ વિચિત્ર છે.[૩૮] ત્રણેય લોકમાં દિગ્વિજય પ્રાપ્ત મદમાં પ્રસિદ્ધ ઉપમાનોની શોભાને પરાસ્ત કરનાર નયન છે.[૩૯]

વક્ષસ્થળ માટે ઉપમાન આકાશનો પ્રયોગ કેટલાંક સંસ્કૃત કવિઓએ કર્યો છે. જેમ કે અપ્પયદીક્ષિત પોતાના 'વરદરાજસ્તવ'ના ઉરઃસ્થલ માટે શરદંતરિક્ષનું ઉપમાન પ્રયોજે છે.[૪૦] વિદ્યાકર પુરોહિત (૧૬ મી સદી) 'નારાયણશતક'માં પણ વક્ષસ્થળને વ્યોમરૂપે નિહાળે છે.[૪૧] વિશ્વનાથસિંહ વક્ષસ્થળને માટે આકાશનું ઉપમાન પ્રયોજે છે. કૌસ્તુભમણિના સ્થાનરૂપ તેમનું સુંદર વક્ષઃસ્થળ ચંદ્રસહિત આકારને હસી કાઢે છે.[૪૨] બિલ્વમંગલ પણ વક્ષઃસ્થળનું વર્ણન કરે છે. વક્ષઃસ્થળ વિશાળ છે.[૪૨] સંસ્કૃત કવિઓ કેશકલાપનાં સૌંદર્યવર્ણન માટે ચમરી ગાયોના કેશ, નીલકમળ, ભ્રમરીમૂહ, મયૂરપિચ્છ, ચામર, યમુનાતરંગ, શૈવાલ, અંધકાર, શર્વરી જેવાં ઉપમાનો પ્રયોજે છે. બિલ્વમંગલ પણ પરંપરિત ઉપમાનનો પ્રયોગ કરીને કેશકલાપ માટે મયૂરપિચ્છ પ્રયોજે છે.

વેણુનું વર્ણન બિલ્વમંગલ કરે છે. તે અચેતનને ચેતન કરનાર છે.[૪૩] કામદેવના મદને મર્દન કરનાર શિવની જટામાં સુશોભિત ચંદ્ર સમાન શીતળ મધુર વેણુનાદ છે.[૪૪] વેણુનાદને અમૃત કહે છે. મુરલીવાદનનું અમૃત કયારે અંતકરણના દુઃખને દૂર કરશે.[૪૫] ભ્રમરનું વર્ણન કરતાં કહે છે. વાંકી શ્યામ ભૂલતા પલકોની રોમાવલિથી સુશોભિત છે.[૪૬]

મોટે ભાગે નૂપુરની રુમઝુમ ધ્વનિની ઉપમા રાજહંસોનાં મધુર ગુંજનની સાથે કરવામાં આવે છે. બિલ્વમંગલ આ જ ઉપમાનો પ્રયોગ કરે છે. મણિમય નૂપુરની ઝણકાર યમુનાના કલહંસોના કંઠની મધુર ધ્વનિ દ્વારા પ્રશંસિત છે.[૪૭]

કવિઓ રાધાના ગૌર વર્ણ અને શ્રીકૃષ્ણના નીલ વર્ણનું વર્ણન કરે છે. બિલ્વમંગલ પણ દેહયષ્ટિનું વર્ણન કરે છે. શ્રીકૃષ્ણની દેહયષ્ટિ મરકતમણિના સ્તમ્ભ સમાન સુંદર છે.[૪૮] મરકતમણિ સમાન શ્રીકૃષ્ણનું કયારે દર્શન કરીશ.[૪૯] શ્યામસુંદર નીલતમાલ વર્ણનો છે.[૫૦]

## (૩) 'કૃષ્ણકર્ણામૃત'માં વિવિધ પદોમાં કવિ-કલ્પનાનું દર્શન :-

કૃષ્ણકર્ણામૃતમાં અનેક પદોમાં સૌંદર્ય-વર્ણનમાં કવિકલ્પનાનો ઉન્મેષ થાય છે. આવાં કેટલાંક પદ દર્શનીય છે.

ભકત કવિનું મન તો સદૈવ કૃષ્ણના ચરણે આસકત છે. તે તથ્યની અભિવ્યકિત માટે કવિ સુંદર ચિત્ર આલેખે છે. મયૂરપિચ્છ જેમનું આભૂષણ છે, મુખ લાવણ્યથી કામદેવ શ્રીહીન બને છે, વ્રજવધૂના નયનોથી અનુરંજિત છે.[૫૧]

સંસ્કૃત કવિઓ સ્તન માટે કલશનું ઉપમાન પ્રયોજે છે, જેમ કે શંકરાચાર્ય સૌંદર્ય લહરીમાં કહે છે.- 'પાર્વતીનાં બે સ્તન અમૃતરસ સભર કલશ છે.'[૫૨] શ્રીહર્ષને પણ દમયંતીના બે વિશાળ સ્તન દેહની કાન્તિરૂપ અગાધ જલપ્રવાહમાં ક્રીડા કરતા કામદેવ તથા યૌવન તરવાના ઘડા સમાન પ્રતીત થાય છે.[૫૩] કવિ વેંકટાધ્વરિ ઘટમાં શુભ શુકનને નિહાળે છે : લક્ષ્મીના દેહનગરમાં પ્રવેશ-સમયે શ્રીકૃષ્ણ દ્વારા ધારણ કરાયેલ સ્તન-ઘટ સંમુખ નિહાળીને શુભ-શુકનથી કામદેવ અત્યંત પ્રસન્ન થયા.[૫૪] સ્તન-કલશમાં શુકન કે મંગલતાનું દર્શન કરાવતા કવિ લીલાશુક પણ શૃંગારસ્પર્શી સૌંદર્ય નિરૂપણમાં માંગલ્ય, પવિત્રતા અને પૂજ્યતાની વૈષ્ણવી ભાવના વ્યંજિત કરે છે. 'ઉન્નત સ્તનયુકત ગોપાંગના નયનકમળ દ્વારા આપની પૂજા કરે છે.'[૫૫]

કવિ દર્શનની તીવ્ર ઉત્કંઠામાં મુખમંડળની એક એક અંગની સુન્દરતાનું વર્ણન કરે છે. પ્રથમ પંકિતમાં લાલ-લાલ હોઠોની હાસ્ય યુકત અનુપમ શોભા, બીજી પંકિતમાં વાંસળીનો લલિત ધ્વનિ, ત્રીજી પંકિતમાં ચારુ ચંચળ ચિત્તની મુગ્ધ મંજુલતા અને ચોથી પંકિતમાં મુખારવિન્દનાં દર્શનની તીવ્ર ઇચ્છા પ્રગટ કરે છે. લાલ હોઠ આનંદાતિરેકથી નિરંતર મંદહાસ્યથી સુશોભિત છે. તેનાથી વાંસળીની લહરી -બમણી મનોહર બને છે, અર્ધનિમીલિત નયનોથી ચંચળ ચિત્ત અત્યંત મનોહર છે. આ સુંદરરૂપ માધુરી કયારે પ્રાપ્ત થશે ? વિયોગ વર્ણન સુંદર રીતે કરે છે. સંસ્કૃત સાહિત્યમાં અનેક સ્થળે 'ઘનશ્યામ' ઉપમા વપરાયેલ છે. અહીં બિલ્વમંગલ પણ વર્ણન કરે છે. 'શ્યામસુંદરને સઘન સાન્દ્ર મેઘની કાન્તિ ચોરી લીધેલ છે. લીલાવિલાસના ભારથી યુકત છે. તેમનું મનોજ્ઞ મુખારવિંદ મોરની શિખા સમાન અનેક પુષ્પો ગૂંથેલ શિરોભૂષણથી અલંકૃત છે.[૫૬]

કામ પ્રેમ-ભક્તિનું સોપાન ભારતીય સંસ્કૃતિમાં ચિર-પરિચિત છે. પ્રાકૃત પ્રેમ દ્વારા પરપ્રાકૃત પ્રેમની ઝાંખી થાય છે. તેનું સુંદર શબ્દચિત્ર આલેખે છે. 'તેમનાં નેત્ર તરુણ-અરુણ સૂર્યનાં કિરણોથી અર્ધખીલેલ કોમળ શોભાના કારણે અતિ રમણીય કમલ સમાન છે, જે વ્રજબાળાઓની સાથે રતિક્રીડામાં પ્રાપ્ત વિજયથી મન આનંદિત છે, મુખચંદ્રમાં મધુરિમાની આભા છે. તેમાં મન નિમગ્ન બને છે.[૫૭] અનુપ્રાસ દ્વારા પદલાલિત્યનું સંયોજન છે. પ્રથમ બે પંક્તિમાં શ્રીકૃષ્ણના નેત્રોનું વર્ણન છે. ત્રીજી અને ચોથી પંક્તિમાં મુખમયંકનું માધુર્ય રતિકલહમાં થયેલ વિજયના આનંદથી છે.

બિલ્વમંગળ દર્શનની ઇચ્છા પ્રકટ કરે છે ને કહે છે કે 'તેમના શ્રી વિગ્રહ, વિશ્વવિમોહન છે. આ જગન્મોહિની વ્રજકિશોરની મૂર્તિનું રૂપમાધુરીનું સુંદર વર્ણન અલગ-અલગ વિશેષણ દ્વારા કરે છે.[૫૮] સઘન શ્યામ તિર્યક ભ્રૂલતા કામદેવના ધનુષ જેવી મનોહારિણી છે, સઘન રોમાવલિ યુક્ત પલક અત્યંત સુંદર છે, અનુરાગયુક્ત અરુણ નયન ચંચળ છે. મધુરવાણી સરસ છે. વાણીવિલાસથી ઉત્પન્ન હર્ષોલ્લાસના કારણે અરુણ અધર વધારે લાલ બન્યા છે. વાંસળીના નાદથી સુંદર મૂર્તિ મદભરી, રસભરી અને આનંદપૂર્ણ છે. અન્યત્ર રાસલીલામાં ગોપીઓની વચ્ચે રસિકશેખર નૃત્ય કરે છે ત્યારે તેની દેહયષ્ટિની ક્રાન્તિ મરકતમણિ જેવી હતી.

तत्रातिशुशुभे ताभिर्भगवान् देवकीसुतः ।

मध्ये मणीनां हेमानां महामरकतो यथा ।। (ભા. ૧-૩૩.૭)

વિહારીનાં શબ્દોમાં 'जा तन की झाई यरे, श्याम हरित द्युति होय।' રાધાના ગૌરવર્ણ અને શ્યામસુંદરના નીલવર્ણનના સંયુક્ત સૌંદર્યનું વર્ણન કવિ બહુધા કરે છે. 'અલંકારકૌસ્તુભ'માં પણ વર્ણન છે.

राधाभासो मरकतमयीं कुर्वते कृष्णकान्तिम् ।

कृष्णस्याऽऽया अपि च हरितं कुर्वते धाम तस्याः ।।

स्थाने स्थाने यदि निवसतस्तौ पृथक गौर नीला-

वेकस्थाने यदिचेत् तदा तुल्यभासौ विभाती ।।

બિલ્વમંગળ પણ આશ્ચર્યચકિત થઈને વર્ણન કરેછે- 'અરે, આ મત્તગજરાજ જેમ-મન્થર ગતિથી એકલા ચૂપચાપ કોણ આવે છે ? જેને મસ્તક પર મોરમુકુટ પહેરેલ છે, દેહ મરકતમણિનાં સ્તમ્ભ જેવા સુડોળ છે.[૫૯]

બિલ્વમંગળ રાસવિહારી શ્રીકૃષ્ણનું અનિર્વચનીય સૌંદર્ય માધુર્યનું રાસલીલામાં દર્શન કરે છે, ઝંખે છે. અનુપમ ત્રિભુવન સુંદર નીલકાન્તિની ધારા કયારે જોઈ શકીશ.[૬૦] નીલકાન્તિ અને ગૌરકાન્તિનું સંમિશ્રણથી અદ્‌ભૂત સૌંદર્ય પ્રકાશિત છે. કવિ આ અદ્‌ભુત માધુરીનું વર્ણન કરે છે. ભાગવતમાં પણ ઉદ્ધવજી વિદૂરજીને કહે છે. ભગવાનનો દિવ્ય શ્રીવિગ્રહ એટલો હતો કે સંપૂર્ણ જગતની સાથે મુગ્ધ થતાં હતાં.રૂપમાં સૌંદર્ય અને સૌભાગ્યની પરાકાષ્ઠા હતી. આભૂષણ પણ વિભૂષિત થતાં હતાં. તેમનાં પ્રેમપૂર્ણ હાસ્ય વિનોદ અને લીલામય ચિત્તથી સમ્માનિત વ્રજવધૂઓની આંખો સ્થિર બની હતી. ચિત્ત એટલું તલ્લીન બનેલું હતું કે બધુ જ ભૂલી ગઈ હતી [૬૧]

આશ્ચર્યચકિત થઈ કવિ વ્રજવલ્લભ મુરલીધરના એક એક અંગની શોભા નિહાળે છે. આ કેવાં કિશોર કાન્તિપુંજ છે. તેમના ચરણોનો આશ્રય લક્ષ્મીએ લીધેલ છે. હાથ સમસ્ત કલાકુશળ છે. ભુજા વ્રજ સુંદરીના પ્રેમપાત્ર છે. બધાં જ અંગોનું વર્ણન કરી શકાય પરંતુ મુખ અનિર્વચનીય છે.[૬૩]

નિષ્કર્ષરૂપે કહી શકાય કે કવિ બિલ્વમંગલ મહાકાવ્યો, ગીતિકાવ્યો, શૃંગાર- પરિણય -કાવ્યો ઇત્યાદિમાં અસ્તિત્વમાં આવેલ રૂપ-શૃંગાર-વર્ણનની સર્વ પ્રકારની ગતિવિધિઓનો સમન્વયાત્મક અને ગુણવત્તાસંપન્ન પ્રયોગ પોતાની કૃતિમાં કરીને એક ઉત્તમ કવિનું રૂપ પ્રગટ કરે છે.

### પ્રકરણ-૧૨

## ● પાદટીપ

૧ કૃષ્ણકર્ણામૃત અ. ૧/૯૭

૨ કૃષ્ણકર્ણામૃત અ. ૧//૬

૩ કૃષ્ણકર્ણામૃત અ. ૧/૧૪

૪ કૃષ્ણકર્ણામૃત અ. ૧/૪૭

૫ કૃષ્ણકર્ણામૃત અ. ૧/૪૯

૬ કૃષ્ણકર્ણામૃત અ. ૧/૫૦

૭ કૃષ્ણકર્ણામૃત અ. ૧/૫૫

૮ કૃષ્ણકર્ણામૃત અ. ૧/૮૪

૯ કૃષ્ણકર્ણામૃત અ. ૧/૮૫

૧૦ કૃષ્ણકર્ણામૃત અ. ૧/૮૯

૧૧ કૃષ્ણકર્ણામૃત અ. ૧/૯૮

૧૨ पादारविन्दशतक- ૧૬

૧૩ पादारविन्दशतक- ૧૦

૧૪ लक्ष्मीसहस्र ૮-૨૧૨

૧૫ करचरण च वररेखाः । विषमशरकागुरलेखाः ।। સંગીત રઘુનંદન. ૧૦-૩૦,પૃ. ૯૪

૧૬ કૃષ્ણકર્ણામૃત અ. ૧/૧

૧૭ કૃષ્ણકર્ણામૃત અ. ૧/૯

૧૮ કૃષ્ણકર્ણામૃત અ. ૧/૧૨

૧૯ કૃષ્ણકર્ણામૃત અ. ૧/૧૫

૨૦ કૃષ્ણકર્ણામૃત અ. ૧/૮૬

૨૧ કૃષ્ણકર્ણામૃત અ. ૧/૮૯

૨૨ વિષ્ણુપાદાદિ ૩૮

૨૩ ललितकुण्डलगण्डयुगलम् । जितमकरचित्रमुकुरतलम् ।। **સંગીત રઘુનંદન. ૧૦-૧૬,પૃ. ૬૦**

૨૪ **કૃષ્ણકર્ણામૃત અ. ૧/૬**

૨૫ **કૃષ્ણકર્ણામૃત અ. ૧/૯૧**

૨૬ **કૃષ્ણકર્ણામૃત અ. ૧/૪૬**

૨૭ **કૃષ્ણકર્ણામૃત અ. ૧/૬૪**

૨૮ **કૃષ્ણકર્ણામૃત અ. ૧/૬૬**

૨૯ **રંગરાજસ્ત્વ ૧૦૫**

૩૦ **સંગીત રઘુનંદન ૧૦-૨૨**

૩૧ **કૃષ્ણકર્ણામૃત અ. ૧/૯**

૩૨ **કૃષ્ણકર્ણામૃત અ. ૧/૫૨**

૩૩ **કૃષ્ણકર્ણામૃત અ. ૧/૮૬**

૩૪ **કૃષ્ણકર્ણામૃત અ. ૧/૬**

૩૫ **કૃષ્ણકર્ણામૃત અ. ૧/૧૯**

૩૬ **કૃષ્ણકર્ણામૃત અ. ૧/૪૩**

૩૭ **કૃષ્ણકર્ણામૃત અ. ૧/૬૬**

૩૮ **કૃષ્ણકર્ણામૃત અ. ૧/૮૯**

૩૯ **કૃષ્ણકર્ણામૃત અ. ૧/૮૬**

૪૦ **વરદરાજસ્તવઃ ૭૦**

૪૧ **નારાયણશતક ૩૧**

૪૨ **કૃષ્ણકર્ણામૃત અ. ૧/૬૬**

૪૩ **કૃષ્ણકર્ણામૃત અ. ૧/૨૩**

૪૪ **કૃષ્ણકર્ણામૃત અ. ૧/૨૬**

૪૫ **કૃષ્ણકર્ણામૃત અ. ૧/૪૫**

૪૬ **કૃષ્ણકર્ણામૃત અ. ૧/૫૪**

૪૭ કૃષ્ણકર્ણામૃત અ. ૧/૧૭

૪૮ કૃષ્ણકર્ણામૃત અ. ૧/૫૭

૪૯ કૃષ્ણકર્ણામૃત અ. ૧/૬૪

૫૦ કૃષ્ણકર્ણામૃત અ. ૧/૭૩

૫૧ કૃષ્ણકર્ણામૃત અ. ૧/૮

૫૨ સૌંદર્યલહરી ૭૨

૫૩ नैषधचरित, ૨/૩૧

૫૪ लक्ष्मीसहस्र ૮/૧૧૦

૫૫ કૃષ્ણકર્ણામૃત અ. ૧/૩૧

૫૬ કૃષ્ણકર્ણામૃત અ. ૧/૪૭

૫૭ કૃષ્ણકર્ણામૃત અ. ૧/૫૧

૫૮ કૃષ્ણકર્ણામૃત અ. ૧/૫૪

૫૯ કૃષ્ણકર્ણામૃત અ. ૧/૫૭

૬૦ કૃષ્ણકર્ણામૃત અ. ૧/૨૮

૬૧ શ્રીમદ્ભાગવતપુરાણ –૩.૨ ૧૨–૧૩

૬૨ કૃષ્ણકર્ણામૃત અ. ૧/૫૮

# પ્રકરણ–૧૩

## કૃષ્ણકર્ણામૃતમ્‌નું સંસ્કૃત સ્તોત્રોમાં પ્રદાન

(૧) પ્રસ્તાવના

(૪) પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સ્તોત્ર

# પ્રકરણ – ૧૩

# કૃષ્ણકર્ણામૃતમ્‌નું સંસ્કૃત સ્તોત્રોમાં પ્રદાન

## (૧) પ્રસ્તાવના :-

'કૃષ્ણકર્ણામૃતમ્' સ્તોત્ર સાહિત્યના ઇતિહાસમાં ભાવ, ભાષા અને વિષયમાં નવીનતાનું ઉદ્‌ભાવક કે ક્રાંતિકારી બની રહે છે. 'ભાગવત'ના તરુણ કૃષ્ણની ગોપીઓ સાથેની શૃંગારી ક્રીડાઓના વિષયની સ્તોત્રકાવ્યમાં અવતારણા કરવામાં લીલાશુક સંભવતઃ સર્વપ્રથમ છે. કૃષ્ણની લલિત શૃંગારી ક્રીડાઓને અનુરૂપ ઊર્મિપ્રધાન, સંગીતાત્મક તેમ જ લાલિત્ય સંપન્ન પદાવલીઓનું સર્જન કરી તેઓ સ્તોત્રસાહિત્યને ભાષાનું નવું અંશુક અર્પે છે. ઉત્તરવર્તી મધ્યકાલીન વૈષ્ણવ સ્તોત્રસાહિત્ય અને તેમાંય વિશેષતઃ ચૈતન્ય સંપ્રદાયનાં ગૌડીય વૈષ્ણવ સ્તોત્રો તેમ જ પૃષ્ટિ માર્ગીય સ્તોત્રો લીલાશુકના 'કૃષ્ણકર્ણામૃતમ્'થી પ્રભાવિત છે. બારમી સદીના જયદેવના 'ગીતગોવિંદ'ની શૈલીનું પૂર્વરૂપ પણ લીલાશુકનું પ્રસ્તુત સ્તોત્ર નિર્ધારિત કરે છે.

(૧) ગૌડીય વૈષ્ણવ સંપ્રદાયના સ્તોત્રો :-

બંગાળના ગૌરાંગ મહાપ્રભુ ચૈતન્યે (ઈ.સ.૧૪૮૫-૧૫૩૩) વિશેષતઃ 'ભાગવતપુરાણ' પર આધારિત રાધાકૃષ્ણની કીર્તનમાધુર્ય ભક્તિ પ્રવર્તિત કરી. તેમના બે મુખ્ય શિષ્યો રૂપ ગોસ્વામી અને સનાતન ગોસ્વામીએ પ્રામાણિક ગ્રંથો રચીને ગૌડીય મત (ગૌડીય રસશાસ્ત્ર) પ્રતિષ્ઠિત કર્યો. ચૈતન્યના મત પ્રમાણે વૃંદાવનમાં કૃષ્ણ ભગવાનનું એક રૂપ 'માધુર્ય' છે. આ રૂપમાં માનવ દેહધારી ભગવાન શ્રીકૃષ્ણ મનુષ્યની જેમ ક્રીડાઓ-ચેષ્ટાઓ કરે છે. કૃષ્ણનાં એવા મધુરરૂપની ઉપાસના તે ચૈતન્ય ની રાગાત્મિકા ભક્તિ કે મધુરભક્તિ.

વૈષ્ણવ પરંપરાએ ભકિતને સ્વતંત્ર રસમાની મધુર-ભકિતને જન્મ આપ્યો. આ મતના મુખ્ય કેન્દ્રો વૃંદાવન અને મથુરા બન્યાં. આવી પ્રેમલક્ષણા ભકિતમાં ભકત ભગવાનને પ્રિયતમ માની અલૌકિક સૌંદર્યમાં મગ્ન બને છે અને મુકિતનો આનંદ માણે છે. વ્રજની નારીઓમાં તેમજ ભકતોમાં આવી ભકિત દેખાય છે. રાધા પ્રતિ કૃષ્ણના પ્રેમમાં ભગવાનનો પ્રાણીમાત્ર પ્રત્યે સ્નેહ વ્યકત થાય છે. રાગાનુગાભકિત જ મોક્ષનો સર્વોત્કૃષ્ટ ઉપાય છે. ચૈતન્ય અને રૂપગોસ્વામી વગેરેનાં સ્તોત્રોમાં આવી મધુર ભકિત અભિવ્યકત થાય છે. લીલાશુકનું 'કૃષ્ણકર્ણામૃતમ્' ચૈતન્યને અત્યંત પ્રિય હતું એમ કહેવાય છે. ગૌડીય વૈષ્ણવ સ્તોત્રોના નિર્માણમાં 'કૃષ્ણકર્ણામૃતમ્' પ્રેરક બન્યું છે.

### (૨) ચૈતન્ય :-

ચૈતન્યના માત્ર બે સ્તોત્રો પ્રકાશમાં આવ્યા છે. 'શિક્ષાષ્ટક' અને જગન્નાથાષ્ટક. વિવિધ છંદોમાં રચાયેલ 'શિક્ષાષ્ટક'માં અહૈતુકી ભકિત, દાસ્ય અને નામકીર્તનના આનંદની સરળ મધુર શબ્દોમાં અભિવ્યકિત થઈ છે. દાસ્ય અને નામકીર્તનના આનંદની ઝંખના હૃદયસ્પર્શી છે.

### (૩) રૂપ ગોસ્વામી :-

રૂપ ગોસ્વામીની ગણના ચૈતન્ય સંપ્રદાય અથવા ગૌડીય રસ સંપ્રદાયના પ્રસિદ્ધ આચાર્યોમાં થાય છે. તેમનો જન્મ કર્ણાટક પ્રદેશની રાજવંશ પરંપરામાં યજુર્વેદીય ભારદ્વાજ ગોત્રિય બ્રાહ્મણ કુળમાં થયો હતો. તેમના પૂર્વ પુરુષ યજુર્વેદીય બ્રાહ્મણ શ્રી સર્વજ્ઞજી કર્ણાટક દેશના રાજા હતા. સર્વજ્ઞના પુત્ર અનિરુદ્ધ થયા, અનિરુદ્ધના રૂપેશ્વર, રૂપેશ્વરના પદ્મનાભ અને પદ્મનાભના પાંચ પુત્રોમાં એક મુકુન્દ નામે થયા. મુકુન્દના પુત્ર તે કુમારદેવ અને કુમારદેવના ત્રણ પુત્રો થયા–સનાતન ગોસ્વામી, રૂપગોસ્વામી, અને અનુપમ(વલ્લભ) ગોસ્વામી. આમ રૂપ ગોસ્વામીના પિતાનું નામ કુમારદેવ હતું અને તેમની માતાનું નામ રેવતીદેવી હતું. કુમારદેવ અને રેવતીદેવીના ત્રણ પુત્રો પૈકી અનુપમ (વલ્લભ)ના પુત્ર જીવ ગોસ્વામી થયા. જીવ ગોસ્વામીએ ભાગવતના દશમ સ્કંધની 'શ્રીસંક્ષેપવૈષ્ણવતોષણી' નામની પોતાની ટીકાના ઉપસંહારના શ્લોકોમાં ઉપર્યુકત વંશાવલિ આપી છે.

શ્રીરૂપ ગોસ્વામીના જન્મ સમય બાબતે અભ્યાસીઓએ અનેક પ્રમાણો પ્રસ્તુત કર્યાં છે, તો પણ એમનું જન્મ વર્ષ નિશ્ચિત થઈ શકતું નથી. રૂપ ગોસ્વામીએ પોતાના કેટલાંક ગ્રંથોનો રચના–સમય દર્શાવ્યો છે. આ કૃતિઓમાં નિર્દિષ્ટ સમયને આધારે જો રૂપ ગોસ્વામીની કૃતિ રચનાસમય ૧૪૧૭ શકાબ્દથી આરંભીને ૧૪૭૧ શકાબ્દ સુધીનો માનીએ તો, રૂપ ગોસ્વામીનો આવિર્ભાવ ઓછામાં ઓછો આ સમયના વીસેક વર્ષ પહેલાનો માનીએ તો એમનો સંભવિત જન્મ સમય ૧૩૯૭ શકાબ્દ(ઈ.સ.૧૪૭૫) ગણાય.[૧] આમ, એમનો જીવનકાળ ૧૫ મી – ૧૬ મી સદીનો ગણાય છે.

ગૌરાંગ મહાપ્રભુના પ્રભાવથી શ્રીરૂપગોસ્વામી ગૃહત્યાગ કરીને વૃંદાવન તરફ ચાલી નીકળ્યા. પછી ગૌરાંગ મહાપ્રભુના શિષ્ય બનીને કૃષ્ણ લીલા-કીર્તનમાં મગ્ન થયા. પ્રયાગમાં દશાશ્વમેધ ઘાટ ઉપર ચૈતન્ય મહાપ્રભુએ દશ દિવસ સુધી રૂપ ગોસ્વામીને કૃષ્ણતત્ત્વ,ભકિતતત્ત્વ, તેમ જ રસતત્ત્વ વગેરે સહિત ભાગવતનાં સિદ્ધાંતોનો ઉપદેશ આપ્યો અને આચાર્યપદ પ્રદાન કર્યું હતું. આનું વર્ણન 'શ્રીચૈતન્યચરિતામૃત', ' શ્રીચૈતન્યચન્દ્રોદયનાટક' વગેરે ગ્રંથોમાં થયું છે.[૨]

રૂપ ગોસ્વામી અને સનાતન ગોસ્વામી બંને વૈષ્ણવ ધર્મના અનુયાયી હતા. વિષ્ણુ અને કૃષ્ણના પરમ ભકત હતા. રૂપ ગોસ્વામીએ કૃષ્ણ-રાધા-ગોપીને કેન્દ્રમાં રાખીને ભકિતરસ સિદ્ધાંત પરક ૧૭ જેટલાં ગ્રંથોની રચના કરી છે. તેમાં ૮ રચનાઓ ખૂબ મહત્ત્વપૂર્ણ છે.

અ. ખંડકાવ્ય :- (૧) હંસદૂત, (૨) ઉદ્ધવસંદેશ

બ. નાટક :- (૩) દાનકેલિ કૌમુદી, (૪) લલિત માધવ, (૫) વિદગ્ધ માધવ.

ક. સાહિત્ય શાસ્ત્ર :- (૬) નાટક ચન્દ્રિકા, (૭) ભકિતરસામૃતસિન્ધુ, (૮) ઉજ્જવલનીલમણિ

આ આઠ કૃતિઓ ઉપરાંત અન્ય કૃતિઓ પણ પ્રાપ્ત થાય છે.

૧) લઘુભાગવતામૃત, ૨) પદ્યાવલી, ૩) સ્તવમાલા, ૪) ઉત્કલિકા મંજરી, ૫) આનંદ મહોદધિ, ૬) મથુરામહિમા, ૭) ગોવિંદબિરુદાવલી, ૮) મુકુન્દ-મુકતાવલી, ૯) અષ્ટાદશ છંદ.

આ ૧૭ રચનાઓ ઉપરાંત ચાર કૃતિઓ તે પણ રૂપગોસ્વામી કૃત માનવામાં આવે છે.

૧) ગૌરાંગસ્તવકલ્પતરુ, ૨) કુસુમસ્તબક, ૩) યમુનાસ્તોત્ર, ૪) ચતુઃ પુષ્પાંજલિસ્તવ[૩]

આ ગ્રંથો પૈકી ભકિતરસના પ્રમુખ બે શાસ્ત્રીય ગ્રંથો : 'ભકિતરસામૃત સિન્ધુ, અને 'ઉજ્જવલનીલમણિ' નો સંક્ષિપ્ત પરિચય જોઈએ.

- **ભકિતરસામૃતસિન્ધુ :-**

ભકિતરસનાં તત્ત્વો અને પ્રકારોની સાહિત્યશાસ્ત્ર અનુસાર શાસ્ત્રીય મીમાંસા કરનાર સર્વ પ્રથમ અને સર્વોતમ ગ્રંથ તે 'ભકિતરસામૃતસિંધુ.' પ્રસ્તુત ગ્રંથ કુલ ચાર વિભાગોમાં રચાયેલો છે. (૧) પૂર્વ વિભાગ (૨) દક્ષિણ વિભાગ (૩) પશ્ચિમ વિભાગ (૪) ઉત્તર વિભાગ. પ્રત્યેક અધ્યાયને લહરીઓમાં વિભકત કર્યો છે. એ રીતે પૂર્વ વિભાગમાં ચાર, દક્ષિણ વિભાગમાં પાંચ, પશ્ચિમ વિભાગમાં પાંચ અને ઉત્તર વિભાગમાં નવ લહરીઓ મળીને કુલ ૨૩ લહરીઓ થાય છે. 'લહરી' એવું નામ ભકિતરસની ધારાનું સૂચક છે.

પૂર્વ વિભાગમાં સામાન્ય ભકિત, સાધન ભકિત, ભાવ ભકિત, અને પ્રેમભકિતનું અંગ-ઉપાંગો સહિત સવ્યાખ્યા સદષ્ટાન્ત નિરૂપણ થયું છે. દક્ષિણ વિભાગમાં ભકિતરસની પ્રક્રિયામાં આવતા આલંબન વિભાવ, ઉદ્દીપન વિભાવ, અનુભાવ, સાત્ત્વિક અનુભાવ, વ્યભિચારીભાવો અને સ્થાયિભાવોનું કાવ્યશાસ્ત્રીય પદ્ધતિએ સવિસ્તર-સદષ્ટાંત આલેખન થયું છે. પશ્ચિમ વિભાગમાં ભકિતરસના મુખ્ય પાંચ પ્રકારો : શાન્ત ભકિતરસ, પ્રીતિ ભકિતરસ, પ્રેયોભકિતરસ, વત્સલ ભકિતરસ

અને મધુર ભકિતરસનું એનાં વિવિધ તત્ત્વો સહિતનું નિરૂપણ થયું છે. ઉત્તર વિભાગમાં ભકિતરસના ગૌણ પ્રકારો જેવા કે– હાસ્ય ભકિતરસ, અદ્ભુત ભકિતરસ, વીર ભકિતરસ, કરુણ ભકિત રસ, રૌદ્ર ભકિતરસ, ભયાનક ભકિતરસ અને બીભત્સ ભકિતરસનું નિરૂપણ થયું છે. અંતિમ બે લહરીઓમાં રસોમાં પરસ્પર મૈત્રી અને વિરોધો તેમજ રસાભાસના વિવિધ પ્રકારોનું સદષ્ટાંત વિવેચન છે.

ભરત-રસ સૂત્રને અનુસરીને રૂપ ગોસ્વામીએ ભકિતરસનાં સર્વ તત્ત્વોના સંદર્ભમાં ભકિતરસની નિષ્પતિ બતાવીને સર્વ રસોમાં ભકિતરસની શ્રેષ્ઠતા પ્રતિપાદિત કરી છે. પ્રસ્તુત ગ્રંથની ઘણી ટીકાઓ લખાઈ છે, પરંતુ એમાં જીવ ગોસ્વામીની 'દુર્ગમસંગમની' અને વિશ્વનાથ ચક્રવર્તીની 'ભકિતસારપ્રદર્શિની ટીકા સુપ્રસિદ્ધ છે.[૪]

- **ઉજ્જવલનીલમણિ :-**

'ભકિતરસામૃતસિન્ધુ'ના અનુસંધાનમાં, એમાં પૂર્તતા કરવા માટે રૂપ ગોસ્વામીએ પાછળથી 'ઉજ્જવલનીલમણિ' નામનો ગ્રંથ રચ્યો. 'ભકિતરસામૃતસિન્ધુ'માં ભકિતરસના સર્વ પ્રકારોનું નિરૂપણ કરીને રૂપ ગોસ્વામીએ મધુરરસને સર્વ શ્રેષ્ઠ ગણ્યો છે. આ મધુરરસ એટલે લૌકિક નહિ, પણ અલૌકિક શૃંગાર. આવા પ્રમુખ અલૌકિક શૃંગારનું નિરૂપણ પણ 'ભકિતરસામૃતસિન્ધુ'માં સંક્ષેપમાં થયું છે. તેથી એનું વિસ્તારથી ભેદોપભેદ સહિત નિરૂપણ કરવા તેમજ ભકિતરસ સંબંધી સર્વ પાત્રો-નાયક-નાયિકા વગેરેનું સ્વરૂપ સમજાવવા રૂપ ગોસ્વામીએ 'ઉજ્જવલનીલમણિ'ની રચના કરી, એવું તેઓ સ્વયં નોંધે છે.[૫]

આમ, ઉજ્જવલનીલમણિ ગ્રંથ 'ભકિતરસામૃતસિન્ધુ'ની પૂર્તિ સ્વરૂપ છે.

'ઉજ્જવલનીલમણિ'માં મુખ્ય નવો અંશ ભકિતરસ સંબંધી નાયક-નાયિકાઓનો છે. એનું સવ્યાખ્યા-સદષ્ટાંત નિરૂપણ આરંભના પ્રકરણોમાં થયું છે. રૂપ ગોસ્વામીએ નાયકના પ્રથમ ચાર પ્રકાર આપ્યા છે : ધીરોદાત્ત, ધીરલલિત, ધીરશાંત અને ધીરોદ્ધત્ત પછી એ ચારેયના બે બે પતિ અને ઉપપતિ એવા બે ભેદ પાડીને કુલ આઠ ભેદ કર્યા છે. પછી આઠેયના અનુકૂલ, દક્ષિણ, શઠ અને ધૃષ્ટ એવા ચાર-ચાર ભેદ પાડીને ૩૨ પ્રકારો દર્શાવ્યા છે. વળી પાછા એ ૩૨ પૈકી દરેકના પૂર્ણ, પૂર્ણતર, પૂર્ણતમ એવાં ત્રણ-ત્રણ પ્રકાર બતાવીને નાયક સંખ્યા કુલ ૯૬ની બતાવી છે.

આ જ રીતે નાયિકાના પ્રથમ બે પ્રકાર પાડયા છે. સ્વકીયા અને પરકીયા. શ્રીકૃષ્ણની સર્વ રાણીઓ સ્વકીયા નાયિકાઓ છે, એમાં આઠ મુખ્ય છે : ચન્દ્રાવતી (રુકિમણી), સત્યભામા (રાધિકા),

જામ્બવતી, અર્ક નંદિની, શૈવ્યા, ભદ્રા, કૌશલ્યા અને માદ્રી. પરકીયા નાયિકાના પણ મુખ્ય બે પ્રકાર છે. (૧) પરોઢા અને (૨) કન્યા. પરોઢાના ત્રણ પ્રકાર છે : સાધનપરા, દેવી અને નિત્યપ્રિયા. સાધન પરા પણ બે પ્રકારની છે. યૌથિકી, અયૌથિકી, આમ, યૌથિકી સમૂહમાં રહે છે. યૌથિકીના પણ બે પ્રકાર છે. મુનિભાવા અને ઉપનિષદ્, અયૌથિકીના પણ બે પ્રકારની છે. પ્રાચીના અને નવીના. આ બધી જ નાયિકાઓ પાછી ત્રણ ત્રણ પ્રકારની થાય છે, મુગ્ધા, મધ્યા અને પ્રગલ્ભા, આ બધાના પણ આઠ આઠ ભેદ થાય છે. અભિસારિકા, વાસકસજ્જા, ઉત્કંઠિતા, ખંડિતા, વિપ્રલબ્ધા, કલહાન્તરિતા, પોષિતભર્તૃકા અને સ્વાધીન ભર્તૃકા. આ બધી નાયિકાઓના પાછા ત્રણ-ત્રણ પ્રકાર થાય છે. ધીરા, અધીરા અને ધીરાધીરા વળી, પાછા બધાના ત્રણ પ્રકાર થાય છે. ઉત્તમા, મધ્યમા અને કનિષ્ઠા.

આમ, રૂપ ગોસ્વામીએ નાયિકાઓના ૩૬૦ જેટલાં ભેદ સદષ્ટાંત બતાવ્યા છે ! આ ઉપરાંત નાયકના સહાયકો જેવા કે, ચેટ, વિટ,વિદૂષક,પીઠમર્દ, પ્રિયનર્મસખા, તેમ જ દૂતી અને તેનાં અનેક પ્રકારોનું આલેખન થયું છે. રાધા, યુથેશ્વરી અને સખીઓના પણ અનેક ભેદો સદષ્ટાંત સમજાવ્યા છે. તત્પશ્ચાત્ ભક્તિરસના આલંબન અને ઉદ્દીપન વિભાવો, કાયિક અને સાત્ત્વિક અનુભાવો, વ્યભિચારી ભાવો અને સ્થાયીભાવોનું સદષ્ટાંત નિરૂપણ થયું છે.

ગ્રંથના ઉત્તરભાગમાં ભક્તિરસના મુખ્ય પ્રકાર શૃંગાર (મધુરરસ)નું અત્યંત વિસ્તારથી ભેદોપભેદ સહિત વિવેચન થયું છે. શૃંગારનો સ્થાયિભાવ પ્રેમરતિ છે. આ પ્રેમરતિ સ્થાયિભાવ છ પ્રકારની છે. સ્નેહ, માન, પ્રણય, રાગ, અનુરાગ અને ભાવ શૃંગારના બંને પક્ષ-સંયોગ અને વિપ્રલંભની પણ સવિસ્તર ચર્ચા થઈ છે. વ્રજ વનિતાઓની ઉપપતિ પણ કૃષ્ણ પ્રત્યેની પ્રીતિ દોષપૂર્ણ નથી. એવું પણ રૂપ ગોસ્વામીએ યુક્તિઓ, ઉદાહરણો અને શાસ્ત્રીય પ્રમાણોથી સિદ્ધ કર્યું છે ભક્તિરસના રહસ્યનું ઉદ્ઘાટન ભક્તિરસામૃત સિંધુમાં થયું નહોતું, તેથી 'ઉજ્જવલનીલમણિ' દ્વારા રહસ્યનું સવિસ્તર ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે.

રૂપ ગોસ્વામી ભક્તિરસનું એક બીજું નામ આપે છે, 'ઉજ્જવલ' ભક્તિરસ અને એમાંય મધુરરસ તો સર્વ શ્રેષ્ઠ છે. તે પ્રકાશિત નીલમણિ-સ્વરૂપ છે, તેથી ગ્રંથને શીર્ષક આપ્યું છે, 'ઉજ્જવલનીલમણિ'. શ્રી રૂપ ગોસ્વામી ગ્રંથના અંતે આની સ્પષ્ટતા કરતાં કહે છે-''ભક્તિરસના સાગરમાં અવગાહન કરવા માટે હું અસમર્થ છું. તેથી એના કિનારે ઉભા રહીને એક જ આંગળીથી કણમાત્ર ગ્રહણ કરીને સ્વજિહ્વા ઉપર મૂકીને સાગરમાં પ્રદીપ્ત નીલમણિ સમાન 'ઉજ્જવલનીલમણિ'

(મધુરભકિતરસ) નામનો આ ગ્રંથ મેં પ્રકાશિત કર્યો છે."[૬]

પ્રસ્તુત ગ્રંથની બે ટીકાઓ પ્રસિદ્ધ છે.:

(૧) શ્રી જીવ ગોસ્વામી (રૂપ ગોસ્વામીનાં બંધુ પુત્ર)ની 'લોચનરોશની' નામની ટીકા અને

(૨) શ્રી વિશ્વનાથ કવિ ચક્રવર્તીની 'આનંદ ચંદ્રિકા' નામની ટીકા જે ઈ.સ.૧૯૯૬માં વૃંદાવનમાં રચાઈ.[૭]

જીવ ગોસ્વામીની ટીકા લઘુ અને સારગ્રાહિણી છે, જ્યારે વિશ્વનાથની ટીકા વિસ્તૃત અને ગંભીર છે.[૮]

● **મુકુન્દ મુકતાવલી :-** રૂપ ગોસ્વામીનું 'મુકુન્દમુકતાવલી' પણ ઉત્કૃષ્ટ સ્તોત્રકાવ્યનો નમૂનો છે. લીલાશુક, રઘુનાથદાસ વગેરેને અનુસરીને રૂપ ગોસ્વામીએ ચૈતન્યમતની કૃષ્ણ-રાધાની શૃંગારી લીલાઓને કેન્દ્રમાં રાખીને મધુરભકિતની કવિત્વ સંપન્ન અભિવ્યકિત કરી છે. લીલાશુકના સ્તોત્રમાં સરળ શૈલીની અનુભૂતિ થાય છે, પરંતુ રૂપ ગોસ્વામીના સ્તોત્રોમાં કંઈક કષ્ટસાધ્ય કલાત્મક ચાતુરી કે શાબ્દીક્રીડાનું દર્શન થાય છે.'મુકુન્દમુકતાવલી'ના પરીક્ષણથી આ સત્યની પ્રતીતિ થાય છે. ત્રીસ પદોમાં રચાયેલી આ કૃતિમાં સર્વત્ર ઝડ ઝમકનો ચમત્કાર સર્જાય છે. કેટલાંક ઉદાહરણ દર્શનીય છે.[૯] ધ્વન્યાત્મક અને ચિત્રાત્મક અને ચિત્રાત્મક પદાવલીઓના સર્જનમાં કવિ નિપુણ છે. તુકાન્ત અને મધ્યતુક સંપન્ન પદાવલીઓની રચનામાં લીલાશુકનું અનુકરણ જણાય છે. કૃષ્ણનાં અનેક મનોહર રૂપચિત્રોની સૃષ્ટિમાં રૂપ ગોસ્વામીની શબ્દસમૃદ્ધિ અને સાહિત્યિક ચાતુરીની અનુભૂતિ થાય છે. નિરૂપણમાં સ્વાભાવિકતાને સ્થાને કૃત્રિમતા વર્તાય છે છતાં જલધરમાલા, જલોદ્ધતગતિ, સ્રગ્વિણી, ચિત્રા, ભુજંગપ્રયાત, તૂણક, શાલિની વગેરે ગીત્યાત્મક છંદોના પ્રયોગને કારણે પદોનો આસ્વાદ માણી શકાય છે. આત્માભિવ્યકિતની આર્દ્રતાનો અભાવ પણ કંઈક ખટકે છે. જો કે રૂપ ગોસ્વામી નામે ઉપલબ્ધ એક અન્ય સ્તોત્ર 'કાર્પણ્યપંજિકાસ્તોત્ર' (કુલ ૪૫ શ્લોક) કરુણ ક્રંદનયુકત યાચનાની દૈન્યોકિતઓથી સભર છે. એક પદ દર્શનીય છે.[૧૦] શ્રીકૃષ્ણ અને રાધાના દર્શનની ઝંખના પણ ભકત કવિ વિવિધ રીતે રજૂ કરે છે. (શ્લોક ૨૮ થી ૪૨) એક ઉદાહરણ નોંધવું પર્યાપ્ત છે.[૧૧]

## (૪) પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સ્તોત્ર :-

શ્રી વલ્લભાચાર્ય (જન્મ ઈ.સ.૧૪૭૯) નો દાર્શનિક સિદ્ધાંત 'શુદ્ધાદ્વૈત' અને ભકિતમાર્ગ 'પુષ્ટિમાર્ગ' તરીકે ઓળખાય છે. વલ્લભ તેમજ તેમના અનુનાયી વિઠ્ઠલેશ (ઈ.સ.૧૫૧૬ - ૧૫૮૬), રઘુનાથજી, હરિરાય (૧૬ મી - ૧૭ મી સદી) ઇત્યાદિ આચાર્યોએ શુદ્ધાદ્વૈત સિદ્ધાંત અને

પૃષ્ટિમાર્ગને પોષક અસંખ્ય સ્તોત્રોનું સર્જન કર્યું. વલ્લભાચાર્યનો સિદ્ધાંત મુખ્યત્વે 'શ્રીમદ્‌ભાગવત' પર આધારિત છે. તેથી ભાગવતના શ્રીકૃષ્ણનું લીલામય રંગીન વ્યકિતત્વ પુષ્ટિમાર્ગીય સ્તોત્રકારો માટે આરાધ્ય બની રહ્યું. પુષ્ટિમાર્ગ સંસારને લીલાનિકેતન કૃષ્ણની લલિત લીલાઓના વિકાસ સ્વરૂપે નિરૂપે છે. પરિણામે આ સંપ્રદાયના સર્વ સ્તોત્રોમાં શ્રીકૃષ્ણની વિલાસક્રીડાઓ તેમ જ લીલાઓનું ચિત્રણ સમાન રીતે થયું છે. વલ્લભાચાર્યરચિત મધુરાષ્ટક, નંદકુમારાષ્ટક, કૃષ્ણાષ્ટક, યમુનાષ્ટક, પરિવૃઢાષ્ટક ઇત્યાદિ વૈષ્ણવોમાં અતિપ્રિય બન્યાં છે. 'નંદકુમારાષ્ટક', કૃષ્ણાષ્ટક વગેરેના પ્રાયઃ પ્રત્યેક પદમાં સંબોધન માટે પ્રયુકત કૃષ્ણવિશેષણોની માત્ર યાદી દષ્ટિગોચર થાય છે. આવાં સ્તોત્રો પ્રાયઃ કવિત્વરહિત છે.

રાધાકૃષ્ણની વિલાસચેષ્ટાઓનું સંયત નિર્દેશાત્મક વર્ણન પુષ્ટિમાર્ગીય સ્તોત્રોનું એક અંગ બને છે. 'પરિવૃઢાષ્ટક'માં એકાન્તમાં સુભગસ્તના મૃગનયની રાધાની નીવીગ્રંથિને શિથિલ કરતાં કૃષ્ણનું ચિત્રણ થયું છે.[૧૨] વલ્લભાચાર્યનાં સ્તોત્રો સરળ-મધુર-લલિત પદાવલીઓથી સંપન્ન હોવા છતાં એમાં કલ્પના અને અલંકાર સૌંદર્યનો અભાવ વર્તાય છે. શ્રીકૃષ્ણના રૂપચિત્રણમાં ચિત્રાત્મકતાની આછી-પાતળી રેખાઓ ઉપસે છે. આ દષ્ટિએ પૃથ્વી છંદનું 'યમુનાષ્ટક' નોંધપાત્ર છે. એમાં યમુનાસુંદરીનું રૂપકાત્મક (પરિવૃઢાષ્ટક-૭) ચિત્રણ રમ્ય છે.[૧૩]

પુષ્ટિમાર્ગીય સ્તોત્રોમાં વૈદર્ભી શૈલીની સાહજિક સરળતા અને સુકુમારતા હોવા છતાં કાવ્યસૌંદર્ય ઉપેક્ષિત રહ્યું છે. કવિતા નિષ્પન્ન કરવામાં આચાર્ય વલ્લભ કરતાં એમના સુપુત્ર વિઠ્ઠલેશ આગળ છે. તેમનાં ભુજંગપ્રયાત છંદના 'ભુજંગપ્રયાતાષ્ટક'માં અનુપ્રાસ -યમક સંપન્ન પદાવલીઓનું સૌંદર્ય જન્મે છે[૧૪] વલ્લભાચાર્યના 'યમુનાષ્ટક'ના અનુકરણમાં વિઠ્ઠલેશ્વર દ્વારા રચિત 'યમુનાષ્ટપદી'માં વ્રજેશપ્રિયા યમુનાના અસંખ્ય નયન-કુવલયની કલ્પના વૈચિત્ર્યસંપન્ન છે.[૧૫] તુકાન્ત અને સમસ્ત પદસમાસા પદાવલીઓના સર્જનમાં તેમજ શૃંગારી ક્રીડાઓના ચિત્રણમાં[૧૬] કૃષ્ણકર્ણામૃતનો તેમજ ગીતગોવિંદનો પ્રભાવ વર્તાય છે.

શ્રી વિઠ્ઠલેશના અનુગામી ગોસ્વામી રઘુનાથજીના 'શ્રીગોકુલેશાષ્ટક'માં શરણાગત ભકતનું રૂપ અભિવ્યકત થયું છે. ઝડ-ઝમક સંપન્ન પદાવલીઓની પ્રવાહિતા સ્તોત્રને રોચક અને રમ્ય બનાવે છે. એમના 'ગિરધાર્યષ્ટક'માં સાયંકાળે શ્રીકૃષ્ણના મુખકમળનું નેત્રરૂપી ભ્રમરો દ્વારા પાન કરતા અધીર વ્રજવાસીઓનું ચિત્રણ આકર્ષક છે,[૧૭] ભુજંગપ્રયાત છંદના 'શ્રીકૃષ્ણચંદ્રાષ્ટક'માં રાધિકાવલ્લભ

શ્રીકૃષ્ણના રૂપ અને ક્રીડાઓનું સરળભાષામાં વર્ણન છે. ગોપીઓને વિપ્રયોગાર્તિનું દાન કરતા કૃષ્ણના ચિત્રણમાં કલ્પનાની નવીનતા વર્તાય છે.[૧૮] વલ્લભાચાર્ય અને વિઠ્ઠલેશના યમુનાષ્ટકોના અનુકરણમાં રચાયેલ 'યમુનાષ્ટક'(અનુષ્ટુપ છંદ) માં કરુણામયી રિદ્ધિસિદ્ધિપ્રદાયિકા કલિન્દતનયા યમુનાનો મહિમા રઘુનાથજી રજૂ કરે છે. 'યમુના આ કળિકાળમાં અમારા ઉપર અત્યધિક કૃપા દાખવે' એ આ સ્તોત્રના પ્રત્યેક શ્લોકનું અંતિમ ચરણ છે. સ્રગ્ધરા છંદના 'શ્રી રાધાકૃષ્ણાષ્ટક'માં તેઓ રાધા સહિતના કૃષ્ણની હૃદયમાં અવતારણ થાય એવી કામના વ્યકત કરે છે. વ્રજવનિતાઓ ઉપર શ્રીકૃષ્ણના કામણગારા રૂપના અદ્‌ભુત પ્રભાવનું વર્ણન રોચક છે.[૧૯]

આમ, ઉત્તરવર્તી મધ્યકાલીન વૈષ્ણવ સ્તોત્ર સાહિત્ય અને તેમાંય વિશેષતઃ ચૈતન્ય સંપ્રદાયના ગૌડીય વૈષ્ણવસ્તોત્રો તેમ જ પુષ્ટિમાર્ગીય સ્તોત્રો લીલાશુકના 'કૃષ્ણકર્ણામૃત' થી પ્રભાવિત છે. જયદેવના 'ગીતગોવિંદ'ની શૈલીનું પૂર્વરૂપ પણ લીલાશુકનું 'કૃષ્ણકર્ણામૃતમ્' સ્તોત્ર નિર્ધારિત કરે છે.

## પ્રકરણ - ૧૩

### ● પાદટીપ :

१ गोपालदत्त पाण्डेय' उज्जवलजीलमणि' - भूमिका पृ.८

२ कालेन वृन्दावनकेलिवार्ता लुप्तेति तां रत्यापयितुं विशिष्या कृपामृतेनाभिषिषेव देवस्तत्रैव रुपं च सनातनं च ।(श्री चैतन्यचन्द्रोदय ९/३८)

३ संस्कृत काव्यशनस्त्र का इतिहास, पृ. २६७

४ **આ બંને ટીકાઓ સાથેના '**भक्तिरसामृतसिन्धु**' ગ્રંથના પ્રથમ સંસ્કરણનું પ્રકાશન સન-૧૯૮૧માં, શ્યામલાલ હકીમ દ્વારા શ્રી ધામ, વૃંદાવનથી થયું છે.**

५ मुख्यरसेषु पुरा यः संक्षेपेणादितो रहस्यत्वात् ।
पृथगेव भक्तिरसराट् स विस्तरेणोच्यते मधुरः ।। उज्जवलनीलमणिः,२

६ अतलत्वाद पारत्वादाप्तोऽसौ दुर्विगाहताम् ।
स्पृष्टः परं तटस्थेन रसाब्धिर्मधुरो मया ।।
अयमुज्जवलनीलमणिर्गहन महाघोष सागर प्रभवः ।
भजतु तव मकरकुण्डल परिसरसेवौचितीं देव ।। उज्जवलनीलमणिः ६९-७०

७ संस्कृत काव्यशास्त्र का इतिहास । पृ.२६८

८ **આ બંને ટીકાઓ સાથેના '**उज्जवलनीलमणि**' ગ્રંથનું પ્રકાશન ઈ.સ.૧૯૩૨ માં 'કાવ્યમાલા' નં-૯૫ અંતર્ગત નિર્ણયસાગર પ્રેસ, મુંબઈથી થયું છે આનું પુનમુદ્રણ ઈ.સ. ૧૯૮૫માં** चौखम्बा संस्कृत प्रतिष्ठान **દિલ્હીથી થયું છે.**

९ उररीकृतमुरलीरूतभङ्ग नवजलधर किरणोल्लसदङ्गम् ।
युवतिहृदयधृतमदनतरङ्ग प्रणमत यामुनतटकृतरङ्गम् ।।
उपात्तकवलं परागशबलं सदेकशरणं सरोजचरणम् ।
अरिष्टदलनं विकृष्टललनं नमामि तमहं सदैव तमहम् ।। मुकुन्दमुक्तावली १४, १९

१० याचे कुत्कुत्थ कुत्कुत्थ हाहाकाकुभिराकुलः ।
प्रसीदतम योग्येऽपि जनेऽस्मिन् करूणार्णवौ ।। कार्पण्यपञ्जिकास्तोत्र २१

११ सर्व सौन्दर्य मर्यादानीराज्यपदनीरजौ ।
किमपूर्वाणि पर्वाणि हा ममाक्ष्णोर्विधास्यथ ।। कार्पण्यपञ्जिकास्तोत्र ३१

१२ कालिन्दोदभूतायास्तटमनुचरन्तीं पशुपजां

रहस्येकां द्रष्ट्वा नवसुभगवक्षोजयुगलम् ।

द्रढं नीवीग्रन्थिश्लथयति मृगाक्ष्या द्रढतरं

रति प्रादुर्भावो भवतु सततं श्रीपरिवृढे ।। परिवृढाष्टक २

१३ भुवं भुवनपावनीमधिगतामनेकस्वनैः

प्रियाभिर्रिव सेवितां शुकमयूरहंसादिभिः ।

तरङ्गभुजकङ्कणप्रकट मुक्तिकावालुका

नितम्बतट सुन्दरी नमत कृष्णतुर्यप्रियाम् ।। यमुनाष्टक ३

१४ यशोदा यशोदानदक्षाम्बुजाक्ष प्रतीप प्रमाद प्रहाणप्रवीणा

निजापाङ्गसङ्गोद्भवानङ्गगोपाङ्गनापाङ्गनृत्याङ्गनाभूतदेह ।। भुजङ्गप्रयाताष्टक २

१५ अधिरजनि हरिविहतिमीक्षितुं

कुवलयाभिधसुभगनयनान्युशति तनुषे ।

नयनयुगलमल्यमिति बहुतराणि च

तानि रसिकतानिधितया कुरुषे ।। यमुनाष्टपदी ४

१६ रतिभरश्रमजलोदित कमलपरिमलव्रजयुवतिजनविहतिमोदे ।

ताटङ्कचलमनमुनिरस्तसङ्गीतमुतमदमुदितमधुपकृतविनोदे ।। गीतगोविंद ७

१७ यस्याननाब्जं व्रजसुन्दरीजना दिनक्षये लोचनषट्पदै र्मुदा ।

पिबन्त्यधीरा विरहातुरा भृशं तं गोपबालं गिरिधारिणिं भजे ।। गिरिधार्यष्टक ५

१८ गृहे गोपिमाभिर्धृते चौर्यकाले तदक्ष्णो निक्षिप्य दुग्धं चलन्तम् ।

तदा तद्वियोगादिसंपतिकारं भजे राधिकावल्लभं कृष्णचन्द्रम् ।। श्रीकृष्णचन्द्रष्टक ५

१९ यस्मिन्दृष्टे समस्ते जगति युवतयः प्राणनाथव्रतायास्ता

अप्येवं हि नूनं किमपि च हृदये कामभावं दधता ।

तत्स्नेहाब्धिं वपुेदविदितधरणै सूर्यबिम्बस्वरूपा

कृष्णे राधासमेतो विलसतु हृदये सोऽस्मदीये सदैव ।। श्रीकृष्णराधाष्टक ७

# પ્રકરણ–૧૪

## ઉપસંહાર

## પ્રકરણ :- ૧૪

## ઉપસંહાર

કવિ લીલાશુક રચિત 'કૃષ્ણકર્ણામૃતઃ એક સમિક્ષિત અધ્યયન' એ વિષય અંતર્ગત સ્તોત્રનો ઉદ્ભવ અને વિકાસ, સંસ્કૃત સાહિત્યમાં સ્તોત્રનો અર્થ અને સ્વરૂપ, સ્તોત્ર સાહિત્યની પરંપરા, ગ્રંથકર્તાનું જીવન અને કવન, ભકિતતત્ત્વ, દાર્શનિક તત્ત્વ, કાવ્યસ્વરૂપ, સાહિત્યિક સ્વરૂપ, કૃષ્ણકર્ણામૃતમાં મનોજ્ઞાન, કૃષ્ણકર્ણામૃત અને ભાગવતપૂરાણ, કૃષ્ણકર્ણામૃત અને ગીતગોવિંદ તથા કૃષ્ણકર્ણામૃતમાં રૂપસૌંદર્ય વર્ણન વગેરે પ્રકરણો અનુસાર સંદર્ભ તપાસીને તેમજ વિસ્તૃત ચર્ચા કર્યા બાદ આ મહાનિબંધને તૈયાર કર્યો છે. તેના દરેક પ્રકરણનો સારાંશ આ પ્રમાણે છે.

### પ્રકરણઃ- ૧

### સ્તોત્રકાવ્યઃ ઉદ્ભવ અને વિકાસ :-

માનવના ભકિતભાવસભર ઉદ્ગાર સ્તોત્ર સર્જનનું પ્રધાન સોપાન છે. સ્તોત્ર મનુષ્ય હૃદયનો પ્રથમ ઉદ્ગાર છે. 'ઋગ્વેદ' મહદંશે સ્તોત્ર સંગ્રહનું રૂપ વ્યકત કરે છે. સંસ્કૃત સાહિત્યનો મંગળ આરંભ સ્તોત્રસાહિત્યથી થાય છે. ભકિતનું ઉદ્ગમ સ્થાન વૈદિક ઋચાઓ છે. ઇતિહાસ-પુરાણકાળમાં કર્મકાંડ પંત્યેની ઉપેક્ષાવૃત્તિમાંથી વિશુદ્ધ ભકિતનો જન્મ થયો. વૈદિક યાંત્રિકતાને સ્થાને ભાવના મુખ્ય બનતાં કવિ અંતર્મુખ બન્યો. આંતરિક-માનસિક ભકિતમાં રાચવા લાગ્યો. પુનર્જન્મની વિચારધારા સાથે પારલૌકિક જીવનની સમુદ્ધિ પ્રાપ્ત કરવાની ઝંખનાઓ ઉદય પામે છે. તેથી સ્તોત્રકાવ્યને દાર્શનિક પશ્ચાદ્ભૂમિકા મળે છે. 'રામાયણ' સંધિકાળની એવી રચના છે કે જેમાં પૂર્વવર્તી વૈદિક કાવ્યની વર્ણનાત્મકતાને સ્થાને મનોભાવોનું ચિત્રણ પ્રવેશે છે અને ઉત્તરવર્તી કાવ્યની ગીતાત્મકતાનું પ્રારંભિક રૂપ એમાં અંકુરિત થાય છે. મધ્યકાલીન ભકિતરસનો મૂળ સ્રોત પૌરાણિક સ્તોત્ર-સાહિત્ય છે.

### પ્રકરણઃ- ૨

### સંસ્કૃત સાહિત્યમાં સ્તોત્ર : અર્થ અને સ્વરૂપ

'સ્તોત્ર' સંસ્કૃત સાહિત્યનો પ્રસિદ્ધ અને લોકપ્રિય કાવ્યપ્રકાર છે. આ પ્રકરણમાં સ્તોત્રની વ્યુત્પત્તિ અને અર્થ, સ્તોત્રના પર્યાયવાચી શબ્દો, સ્તુત્યર્થક ધાતુઓ, પ્રાર્થના, યાચના, ઉપાસના, સ્તોત્ર અને ભકિતનો સંબંધ, સ્તોત્રોના સ્તુત્ય દેવ, સ્તોત્રનાં મુખ્ય તત્ત્વો, સ્તોત્રનો મનોવૈજ્ઞાનિક આધાર, સ્તોત્રના પ્રકાર, સ્તોત્રનું મહત્ત્વ વગેરેની વિશદ છણાવટ કરેલ છે.

### પ્રકરણઃ- ૩

## સંસ્કૃત સ્તોત્ર-સાહિત્યની પરંપરા

સ્તોત્ર સાહિત્ય વેદથી શરૂ કરીને ઇતિહાસ-પુરાણો તેમજ તંત્રગ્રંથોના કથાનક પ્રવાહમાં આવશ્યકતાનુસાર સ્તોત્રો સમાવેશ થયો છે, પરંતુ સ્વતંત્ર શૈલીમાં રચાયેલા સ્તોત્રકાવ્યની સુદીર્ઘ પરંપરા પણ પ્રાપ્ત થાય છે. ઈસવીસનના આરંભમાં ધર્માભિમુખ કવિતા જનાભિમુખ થઈ, રાગાત્મકતાને પ્રવેશ મળતા જનાભિમુખ કવિતા નારી સૌંદર્યમાં આસકત બનતા, કામિનીના કમનીય રૂપ અને કોકિલકંઠી મધુર સુરાવલિઓથી સંપન્ન થઈ. સ્તોત્રકાવ્યની સ્વતંત્ર ધારા અસ્તિત્વમાં આવી સાહિત્ય અને ધર્મના ક્ષેત્રે અમુક પરિવર્તન થયાં. પ્રાચીન પુરાણોમાંથી પ્રેરણા મેળવી સ્તોત્રકાવ્ય સાહિત્યના એક સ્વતંત્ર પ્રકાર તરીકે પ્રતિષ્ઠિત થયું.

સ્વતંત્ર કાવ્યપ્રકાર તરીકે સ્તોત્રને પ્રતિષ્ઠિત કરવાનું શ્રેય બૌદ્ધ કવિઓને પ્રાપ્ત થાય છે.

### પ્રકરણઃ- ૪

## કવિ લીલાશુક (બિલ્વમંગલ)નું જીવન અને કવન

સંસ્કૃત ગંથોમાં જો કોઈ મોટામાં મોટી ત્રુટિ હોય તો તે છે ગ્રંથના કર્તા, સમય અને સ્થળનો અભાવ. આ અંગે વિદ્વાનોમાં મતભેદ પ્રવર્તતા હોય છે. કૃષ્ણકર્ણામૃત કાવ્યમાં પણ આ મર્યાદા રહેલ છે. કૃષ્ણકર્ણામૃતના રચયિતા બિલ્વમંગલ છે. કેલળમાં જુદાં-જુદાં સમયે એક કરતાં વધારે બિલ્વમંગલ થયા છે. આ ઉપરાંત આશ્વાસો અંગે પણ મતમતાંતરો પ્રવર્તે છે. આવા મતમતાંતરો, દંતકથાઓ વગેરેની સાથે કૃષ્ણકર્ણામૃતના રચયિતા અને તેના જીવન કવન વિશે વિગતે વાત કરેલ છે.

### પ્રકરણઃ- ૫

## કૃષ્ણકર્ણામૃતમાં ભકિતતત્ત્વ

કૃષ્ણકર્ણામૃતમાં ભકત કવિ ભાગવતની ભકિત ગાય છે. સંસારના કલેશોથી ત્રસ્ત માનવ માટે ભગવાનના લીલાકથારસના સેવન વિના સંસાર સાગર તરવાનો કોઈ અન્ય માર્ગ નથી. પ્રેમ દ્વારા મનુષ્યને ઈશ્વરની સાથે જોડનાર વિજ્ઞાન તે ભકિત. માનવમનને ઈશ્વર તરફ સન્મુખ કરનાર સર્વાધિક સુગમ અને સરળ માર્ગ ભકિત છે. જીવ અને શિવનું મિલન અલૌકિક છે. જીવ અને શિવના પ્રેમને સમજવા માટે પતિ-પત્નિના પ્રેમની ઉપમાથી સમજી શકાય. વાસ્તવમાં ભગવાનના પ્રેમની તુલના થઈ શકે નહીં. કૃષ્ણકર્ણામૃતમાં આ અલૌકિક અને ગહન સંબંધે બિલ્વમંગલ ગોપીભાવ દ્વારા

સમજાવે છે. દિવ્યોન્માદમાં ભાવવિભોર ભકત ગોપીઓની લીલાનું શ્રવણ, વર્ણન અને મનનથી દિવ્યાનંદ પ્રાપ્ત કરે છે.

## પ્રકરણઃ- ૬

## કૃષ્ણકર્ણામૃતમાં દાર્શનિક તત્ત્વ :-

માનવી વડે થયેલ જીવન સત્યનું દર્શન એટલે વિજ્ઞાન. માનવ મનમાં અનેક દાર્શનિક પ્રશ્નો ઊઠતા રહે છે. પરંતુ આધ્યાત્મિકતામાં મંગલાચરણ કરનારા સમાજમાં માનવીની સર્વ પ્રવૃત્તિઓનું ધ્યેય આત્માનુભવ અને તેનો સમસ્ત જીવન દ્વારા આવિર્ભાવ એ જ હોવું ઘટે. કૃષ્ણકણામૃતમાં ભકત કવિ સત્યનિષ્ઠા જાળવીને અને સત્યના સાક્ષાત્કાર માટે મનમાં તાલાવેલી રાખીને જીવનના સર્વોચ્ચ કક્ષાના પ્રશ્નો ઉકેલવા પ્રયત્ન કરે છે. તેમની સત્યજ્ઞાન વિશેની જિજ્ઞાસા, ઉત્કંઠા અને વ્યાકુળતા તેને માટે તેમનો લેવો પડેલો શ્રમ તેમની સૂક્ષ્મ, કુશાગ્ર, મર્મસ્પર્શી પણ વ્યાપક બુદ્ધિમત્તા, વિષયને આરપાર ભેદીને તેને પેલે પાર છેક સત્ય સુધી જઈ પહોંચનારી તેમની દીર્ઘ, ભેદક અને પવિત્ર દષ્ટિ જોઈ શકાય છે.

મુકિતનો માર્ગ આત્મવિકાસનો માર્ગ માને છે. મોક્ષને અંતિમ આદર્શ માની તેની પ્રાપ્તિ માટેનો પુરુષાર્થ કરવાની શીખ આપે છે. અંતઃકરણની શુદ્ધિ અને પરમ પુરુષાર્થની પ્રાપ્તિના સાધનરૂપ એવા કર્મના નિયમમાં વિશ્વાસ એ અગત્યનું લક્ષણ છે. પાપપુણ્યનો ઉપભોગ અનિવાર્ય છે. કર્મબંધનના લીધે વારંવાર જન્મ ધારણ કરવો પડે છે. કયારેક સગુણ અને કયારેક નિર્ગુણ સ્વરૂપ ધારણ કરનાર બ્રહ્મ-તત્ત્વ ઓળખ કરવી અતિ મુશ્કેલ છે. તે ઇન્દ્રિયાતીત છે. ઇન્દ્રિયો દ્વારા તેને ગ્રાહથ કેવી રીતે બનાવી શકાય ? તેની લીલાઓનું રહસ્ય તર્ક-વિતર્કથી પર છે. સ્વયં ગુણોથી પર રહેવા છતાં સર્વ ગુણોના સ્વામી છે. નિર્ગુણ-સગુણનો સમન્વય કરે છે. ભગવાનના ચિન્મય સંકલ્પની ચિન્મય લીલાઓ માનવીય રૂપમાં પ્રગટ કરે છે. ભકતકવિ વ્રજયુવતિઓ સાથે ભગવાન શ્રીકૃષ્ણના ચિન્મય રાસલીલાનું શ્રદ્ધા સાથે વારંવાર શ્રવણ, વર્ણન, મનન કરે છે.

આમ, કૃષ્ણકર્ણામૃતમાં ભકત કવિ આત્માનુભૂતિ દ્વારા તત્ત્વનો સાક્ષાત્કાર કરી સનાતનમૂલ્યવાળું તત્ત્વચિંતન આપી જાય છે.

## પ્રકરણઃ- ૭

## કૃષ્ણકર્ણામૃતમાં કાવ્યસ્વરૂપઃ-

'કૃષ્ણકર્ણામૃતમ્'માં યુવાન કૃષ્ણની વ્રજવનિતાઓ સાથે શૃંગારી ક્રીડાઓના અનેક મનોહર ચિત્રો ભકિતના આવેશમાં આલેખીને શૃંગાર અને ભકિતનો સમુચિત સમન્વય કરીને ગુણ, વૃત્તિ અને રીતિનું આલેખન કર્યું છે. શબ્દાલંકારનો પ્રયોગ કરીને ચમત્કૃતિ સાધે છે. દિવ્ય હોવા છતાં રાસક્રીડામાં માનવ સહજ ચેષ્ટાઓ દ્વારા રસ-ભાવની અભિવ્યકિત કરે છે. અનેક છંદોનો પ્રયોગ કરીને છંદનૈપુણ્ય પ્રગટ કર્યું છે. તેમજ કોમળ ભાવોની અભિવ્યકિત માટે સક્ષમ આર્યા ઇત્યાદિ છંદોનો પ્રયોગ કરેલ છે.

## પ્રકરણઃ- ૮

## કૃષ્ણકર્ણામૃતનું સાહિત્યિક સ્વરૂપઃ-

કૃષ્ણકર્ણામૃતના આલેખનમાં સર્વત્ર કવિની સમન્વયવાદી દષ્ટિ ખને મધુકરીવૃત્તિના દર્શન થાય છે. સંસ્કૃત વાઙ્મય-સરિતામાં પ્રવહમાન મુકતક, ગીતિ, ખંડકાવ્ય, સ્તોત્રકાવ્ય તથા સંગીત, ભકિત વગેરે કાવ્યધારાઓના રસ-તરંગોની એક જ કાવ્યકૃતિમાં નિષ્પત્તિ કરીને સહ્રદય ભાવકને વાઙ્મયના સર્વ રૂપોની સમન્વિત રસાનુભૂતિ કરાવવાનો કવિ-દષ્ટિકોણ પ્રસ્તુત કૃતિમાં જોવા મળે છે. કૃષ્ણકર્ણામૃત મુખ્યત્વે સ્તોત્ર કાવ્યનું સ્વરૂપ પ્રગટ કરે છે છતાં તેમાં વિભિન્ન કાવ્ય પ્રકારો સાથે સંબદ્ધ નિરૂપિત અંશો કવિની સમાસ-વૃત્તિ સાથે એમાં અનેકતાનું દર્શન કરાવે છે. એકમાં અનેક કાવ્ય પ્રકારોની સ્વરૂપનિષ્પત્તિ કરે છે.

સમાસ-દષ્ટિની સાથે કવિએ નિરૂપણ-પદ્ધતિમાં આગવી સૂઝ અપનાવી છે. ભાગવતની રાસક્રીડાનું કૃષ્ણકર્ણામૃતમાં આલેખન કરવામાં કવિ લીલાશુકની મૌલિકતા અને નવીનતાની આગ્રહી દષ્ટિ કારણભૂત છે. કૃષ્ણકર્ણામૃત સ્તોત્રકાવ્યમાં પદો અર્થદષ્ટિએ સ્વયંસંપૂર્ણ અને પૂર્વાપર-નિરપેક્ષ રહી શકતા હોઈ તે 'કોશ' પ્રકારનો મુકતક સંગ્રહ છે. જીવનના એક પ્રભાવશાળ ી અંશને પ્રભાવોત્પાદક શૈલીમાં અભિવ્યકત કરવાથી ખંડકાવ્ય છે. સ્તોત્રકાવ્યોમાં ગીતિકાવ્યનો સર્વોત્કૃષ્ટ નમૂનો તે કૃષ્ણકર્ણામૃત છે એમ નિઃશંક કહી શકાય. કોઈ નિશ્ચિત સંપ્રદાયના સિદ્ધાંત નિરૂપણની શુષ્કતામાંથી આ કૃતિ મુકત રહી છે, એ ઉલ્લેખનીય છે.

## પ્રકરણઃ- ૯

## કૃષ્ણકર્ણામૃતમાં મનોવિજ્ઞાનઃ-

માનસશાસ્ત્રીય દષ્ટિએ સગુણતા ખૂબ જ મહત્ત્વની વાત છે, જે કૃષ્ણકર્ણામૃતમાં જોવા મળે છે. આ સ્તોત્રમાં જોવા મળે છે કે જીવ વિષયાસકત છે. આસકિતયુકત જીવ પોતાના મનને પોતાના સ્વરૂપ ભગવાનમાં-મનુષ્યાકારમાં સ્થિર કરવાનો પ્રયત્ન કરે છે. પ્રથમ બાહ્યાકર્ષણ અને ત્યારબાદ ગુણાકર્ષણ જન્મે છે. ગુણાકર્ષણથી પ્રભુ પ્રત્યેની આદરબૃદ્ધિ-પ્રેમ નિર્માણ થાય છે. મન દઢ બને છે અને સાતત્યપૂર્ણ કૃતિ કરવા લાગે છે. મનને સ્થિર થવાની ટેવ પડતાં જ શકિત નિર્માણ થાય છે. ચિત્ત એકાગ્ર બને છે. અનેક આશા-નિરાશામાં અવગાહન કરતાં મનમાં પ્રભુ પ્રત્યે પ્રેમ દઢ બને છે અને જગત તુચ્છ લાગે છે. આમ, જીવ સ્તોત્રગાન કરતાં કરતાં શિવ બનવા સમર્થ બને છે.

આમ, ઋષિમુનિઓએ અને ભકતોએ ગાયેલા સ્તોત્રની જેમ કૃષ્ણકર્ણામૃત જીવને શિવ બનાવવાની તાકાત આપે છે. તે તેનું માનસશાસ્ત્રીય દષ્ટિ એ મહત્ત્વનું પ્રદાન ગણી શકાય.

## પ્રકરણઃ- ૧૦

## કૃષ્ણકર્ણામૃત અને ભાગવતપુરાણઃ-

ભકિતશાસ્ત્રનું સર્વસ્વ અને સાહિત્યનો મુકુટમણિ ભાગવત ગ્રંથ રસેશ્વર શ્રીકૃષ્ણની લીલાઓનું ગાન કરતો અદ્વિતીય શાસ્ત્રગ્રંથ છે. ભાગવતનો કેન્દ્રવર્તી વિચાર ભકિત છે. દશમ સ્કંધ ભગવાન કૃષ્ણની લીલાઓનો સ્કંધ હોવાથી સાક્ષાત્ ભકિતનું સ્વરૂપ જ છે. ભાગવતમાં વર્ણિત રાસક્રીડા એ ભકિતમાં એક અત્યંત ઉચ્ચતમ, મધુરતમ, શ્રેષ્ઠરૂપ છે. રાસક્રીડામાં જે પ્રેમ છે તે પ્રેમને લીલાશુક કૃષ્ણકર્ણામૃતમાં વ્યકત કરે છે. મધુરાભકિતનું વર્ણન કરે છે. તેમાં મહત્ત્વની વાત અગતિકતા, ગ્રાહકતા, શરણાગતિ વગેરે ગુણો છે. આજે અગતિક અને દીનહીન સમજતો માણસ ગમે તેનું શરણ સ્વીકારીને પોતાનું અધઃપતન નોરતો જોવા મળે છે. ત્યારે પ્રસ્તુત વાત ખૂબ જ મહત્ત્વની બની કહે છે. 'હું'-અહમ્‌ના કારણે અનેક ઝઘડાઓ નોતરતો માણસને 'અહમ્' પ્રભુને સમર્પિત કરવો તે ખૂબ જ મહત્ત્વનો બોધ છે. પ્રાકૃત પ્રેમ દ્વારા પર પ્રાકૃત પ્રેમનું વર્ણન છે. કામુક ક્રીડાઓનું વર્ણન કરીને ઘનિષ્ઠ પ્રેમભાવને સમજાવે છે. ભકત અને ભગવાન વચ્ચેના ભકિત સંબંધની પ્રગાઢતાનું દર્શન કરાવવાની એક શૈલી છે.

## પ્રકરણઃ- ૧૧

## કૃષ્ણકર્ણામૃત અને ગીતગોવિંદ

કૃષ્ણકર્ણામૃતમ્ અને ગીતગોવિંદનો પ્રતિપાદ્ય વિષય કિશોરમૂર્તિ શ્રીકૃષ્ણ છે. આ બંને કાવ્યના વિષય સૌંદર્ય અને માધુર્યનું સાક્ષાત સ્વરૂપ નંદકિશોર છે. ગીતગોવિંદ કાવ્યમાં દૈવીયુગલ કૃષ્ણ-રાધાની પ્રણય-ક્રીડા, સંગીત, નૃત્ય સાથે માનધારણ-વિમોચનની આછેરી કથા સાથે પ્રસ્તુત કરાઈ છે. જયદેવે સર્વત્ર મધુર-સુકુમાર ભાષા અને કોમલકાન્ત પદાવલિનો પ્રયોગ કર્યો છે. સાનુપ્રાસિક અને તુકાન્ત કોમલ પદાવલીઓનો અધિક પ્રયોગ એ કાવ્યની નવતર ભાષા શૈલી છે. સામાસિક ગુંફનની શૈલીમાં પણ લલિત પદાવલીઓનો યોગ મહદંશે સર્વત્ર થયો છે. કૃષ્ણકર્ણામૃતમાં તુકાન્ત પદાવલીઓની રચના એ એક નવો પ્રયોગ છે. જયદેવના 'ગીતગોવિંદ'ની તુકાન્ત પદાવલીઓ એ લીલાશુકના પ્રભાવનું ફળ છે એમ કહી શકાય.

પરંપરાથી ચાલી આવતી ગીતિકાવ્યની શૃંગારિક અને ધાર્મિક બંને ધારાઓનો સમન્વય કરીને, બંનેના તત્ત્વોને ગીતાત્મક શૈલીમાં કોમલકાન્ત પદાવલીઓમાં પ્રસ્તુત કરવામાં અને આવી નવતર કાવ્યશૈલીનો સૂત્રપાત કરવામાં કવિ જયદેવે સર્વોત્તમ સ્થાન પ્રાપ્ત કર્યું છે એમ કહી શકાય. ગીતગોવિંદની આ શૈલીનું પૂર્વરૂપ પણ લીલાશુકનું સ્તોત્ર કૃષ્ણકર્ણામૃત નિર્ધારિત કરે છે.

## પ્રકરણઃ- ૧૨

## કૃષ્ણકર્ણામૃતમાં સૌંદર્યઃ-

આરાધ્ય દેવતા શ્રીકૃષ્ણના ગુણાનુવાદમાં દત્તચિત્ત ભકત કવિ બિલ્વમંગલ ઉપાસ્યના અંગ પ્રત્યંગમાં વિલસતા સૌંદર્યથી અસ્પૃષ્ટ કેવી રીતે રહી શકે ? બિલ્વમંગલ શ્રીકૃષ્ણને 'શૃંગાર સર્વસ્વ' રૂપે સ્થાપે છે. વર્ણ્ય અંગના સૌંદર્યના વ્યંજક તરીકે ઉપમાનનો સહયોગ લઈ, તે ઉપમાનને કુશળતાપૂર્વક પ્રયોજી પોતાની સૌમ્ય સૌંદર્યચેતનાને કાવ્યરૂપે અવતારે છે. તેના દ્વારા ગ્રહણ કરાયેલ ઉપમાનોમાં સાહિત્યિક પરંપરાના રૂઢિગત, સાંસારિક વિષયના, પ્રાકૃતિક ક્ષેત્રના ઉપમાનોનો સમન્વય થાય છે. જેમ કે મુખ માટે કમળ વગેરે. કૃષ્ણકર્ણામૃતમાં અનેક પદોમાં સૌંદર્ય-વર્ણનમાં કવિ કલ્પનાનો ઉન્મેષ છે.

નિષ્કર્ષ રૂપે કહી શકાય કે કવિ બિલ્વમંગલે કાવ્યોમાં અસ્તિત્વમાં આવેલ રૂપ-શૃંગાર-વર્ણનની સર્વ પ્રકારની ગતિવિધિઓનો સમન્વયાત્મક અને ગુણવત્તાસંપન્ન પ્રયોગ પોતાની કૃતિમાં કરીને એક ઉત્તમ કવિનું રૂપ પ્રગટ કર્યું છે.

## પ્રકરણઃ- ૧૩

## કૃષ્ણકર્ણામૃતનું સંસ્કૃત સ્તોત્રોમાં પ્રદાનઃ-

કૃષ્ણકર્ણામૃત સ્તોત્ર સાહિત્યના ઇતિહાસમાં ભાવ, ભાષા અને વિષયમાં નવીનતાનું ઉદ્‌ભાવક કે ક્રાંતિકારી બની રહે છે. ક્રીડાઓના વિષયની સ્તોત્રકાવ્યમાં અવતારણા કરવામાં લીલાશુક સંભવતઃ સર્વપ્રથમ છે. કૃષ્ણની લલિત શૃંગારી ક્રીડાઓને અનુરૂપ ઊર્મિપ્રધાન, સંગીતાત્મક તેમ જ લાલિત્યસંપન્ન પદાવલીઓનું સર્જન કરીને સ્તોત્રસાહિત્યને ભાષાનું નવું અંશુક અર્પે છે. ઉત્તરવર્તી મધ્યકાલીન વૈષ્ણવ સ્તોત્ર સાહિત્ય અને તેમાંય વિશેષતઃ ચૈતન્ય સંપ્રદાયનાં ગૌડીય વૈષ્ણવ સ્તોત્રો તેમ જ પૃષ્ટિ માર્ગીય સ્તોત્રો લીલાશુકના કૃષ્ણકર્ણામૃતથી પ્રભાવિત છે.

ગૌડીય વૈષ્ણવ પરંપરાએ ભકિતને સ્વતંત્ર રસમાની મધુર-ભકિતને જન્મ આપ્યો ચૈતન્ય અને રૂપ ગોસ્વામી વગેરેના સ્તોત્રોમાં મધુર ભકિત અભિવ્યકત થાય છે. કૃષ્ણકર્ણામૃત ચૈતન્યને અત્યંત પ્રિય હતું. ભકિતરસામૃતસિંધુ, ઉજજવલનીલમણિ, મુકુન્દમુકતાવલી, શિક્ષાષ્ટક, જગન્નાથાષ્ટક વગેરે સ્તોત્રોમાં કૃષ્ણ-રાધાની શૃંગારી લીલાઓને કેન્દ્રમાં રાખીને મધુરભકિતની કવિત્વ સંપન્ન અભિવ્યકિત કરી છે. મુકુન્દ મુકતાવલીમાં તુકાન્ત અને મધ્યતુક સંપન્ન પદાવલીઓની રચનામાં લીલાશુકનું અનુકરણ જણાય છે.

આમ, ઉત્તરવર્તી મધ્યકાલીન વૈષ્ણવ સ્તોત્ર સાહિત્ય અને તેમાંય વિશેષતઃ ચૈતન્ય સંપ્રદાયનાં ગૌડીય વૈષ્ણવસ્તોત્રો તેમ જ પુષ્ટિમાર્ગીય સ્તોત્રો લીલાશુકના કૃષ્ણકર્ણામૃતથી પ્રભાવિત છે. જયદેવના ગીતગોવિંદની શૈલીનું પૂર્વરૂપ પણ લીલાશુકનું કૃષ્ણકર્ણામૃત સ્તોત્ર નિર્ધારિત કરે છે.

આમ, પ્રસ્તુત મહાનિબંધના પ્રકરણ ૧ થી ૧૩માં નિરૂપિત વિવેચનને આધારે આ અંતિમ પ્રકરણમાં કૃષ્ણકર્ણામૃતનું સ્તોત્ર સાહિત્યમાં સ્થાન અને પ્રદાનની સારગ્રાહી મૂલવણી કરવામાં આવી છે. આ મૂલવણીના આધારે નિષ્કર્ષ તારવ્યો છે કે કૃષ્ણકર્ણામૃત ભાવ, ભાષા તેમજ બધી દષ્ટિએ અત્યંત રસપેશલ, મધુર તથા સુંદર કાવ્ય છે. તેથી તો ચૈતન્ય સંપ્રદાયમાં તેને શ્રીમદ્‌ભાગવત સમાન જ પ્રમાણરૂપ માનવામાં આવે છે.

## સંદર્ભ ગ્રન્થ સૂચિ

### સ્તોત્ર સંગ્રહ


| ક્રમ | ગ્રંથનું નામ | લેખક / પ્રકાશક |
|---|---|---|
| ૧ | પુષ્ટિમાર્ગીય સ્તોત્રમાલા | સંપાદક : માધવશર્મા ગીતાજ્ઞાન સૂરિ.<br>શ્રીકૃષ્ણવલ્લભ ગ્રંથમાલા, વારાણસી<br>સં. ૨૦૧૯-૨૦ |
| ૨ | પુષ્ટિમાર્ગીય સ્તોત્રમ્ | શ્રીકૃષ્ણવલ્લભ ગ્રંથમાલા, વારાણસી |
| ૩ | બૃહત્સ્તોત્રમુક્તાહાર | સંપાદક : ગણેશ શર્મા.<br>ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસ.<br>મુંબઈ ઈ. ૧૯૧૨ |
| ૪ | બૃહત્સ્તોત્રરત્નાકર | સંપાદક : પં. રાજતેજ પાંડેય,<br>પંડિત પુસ્તકાલય, કાશી સં. ૨૦૨૦ |
| ૫ | બૃહત્સ્તોત્રસરિત્સાગર | સંપાદક : ગોવર્ધન લક્ષ્મીદાસ,<br>ગો.લ. ગ્રંથરતનમાલિકા, મુંબઈ ઈ. ૧૮૮૮ |
| ૬ | વેદાંતદેશિક સ્તોત્રમાલા | વેંકટનાથ વેદાંત દેશિક,<br>વૈકુંઠનાથ દેવસ્થાન,<br>કલકત્તા, પ્રથમ સંસ્કરણ, સં. ૨૦૧૬ |
| ૭ | સ્તોત્રમાલા | સંપાદક : શ્રી કાંચી-પ્રતિવાદી ભયંકરાચાર્ય<br>ગ્રંથમાલા કાર્યાલય, કાંચીપુરમ્ ઈ. ૧૯૬૯ |
| ૮ | સ્તોત્રરત્નાવલી | ગીતાપ્રેસ ગોરખપુર,<br>અઢારમું સંસ્કરણ, સં.૨૦૨૨ |
| ૯ | સ્તોત્રસંગ્રહ | શંકરાચાર્ય, ગુજરાતી અનુવાદ સહિત,<br>અનુ. ગિરજાશંકર મ. શાસ્ત્રી,<br>સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય,<br>અમદાવાદ ત્રીજી આવૃત્તિ સં.૨૦૨૦ |
| ૧૦ | સ્તોત્રાર્ણવ | સંપાદક : ટી. ચંદ્રશેખરન્<br>ગવર્મેન્ટ ઓરિએન્ટલ મેન્યુસ્ક્રિપ્ટસ લાયબ્રેરી<br>મદ્રાસ. ઈ. ૧૯૬૧ |

## સ્તોત્રકૃતિઓ

| ક્રમ | ગ્રંથનું નામ | લેખક / પ્રકાશક |
|---|---|---|
| ૧ | અર્ધનારીશ્વર સ્તોત્ર | કલ્હણ, 'કાવ્યમાલા' ગુચ્છક ૧૪,ઈ.૧૯૩૮ |
| ૨ | અન્નપૂર્ણાદશક | શંકરાચાર્ય,'બૃહત્સ્તોત્રમુક્તાહાર', મુંબઈ. |
| ૩ | અમૃતલહરી | જગન્નાથ, 'કાવ્યમાલા', ગુચ્છક-૧,ઈ.૧૮૨૯ |
| ૪ | આનંદલહરી | શંકરાચાર્ય, 'બૃહત્સ્તોત્રમુક્તાહાર' મુંબઈ. |
| ૫ | આનંદ મંદાકિની | મધુસુદન સરસ્વતી, 'કાવ્યમાલા', ગુચ્છક-૨. |
| ૬ | કરુણાલહરી | જગન્નાથ, કાવ્યમાલા', ગુચ્છક-૨ |
| ૭ | કાર્પણ્યપંજરિકાસ્તોત્ર | રૂપગોસ્વામી, હિન્દી, અનુવાદ સહિત,<br>ગીતાપ્રેસ ગોરખપુર, પહેલું સંસ્કરણ સં. ૨૦૧૫ |
| ૮ | કૃષ્ણકર્ણામૃત : લીલાશુક | સુસીલકુમાર ડે.,ચૈતન્યદાસ-ગોપાલભટ્ટ-કૃષ્ણદાસની<br>ટીકાઓ સાથે, નવરંગ ન્યુ દિલ્હી,ઈ.સ. ૧૯૯૦ |
| ૯ | કૃષ્ણકર્ણામૃત | સંપાદક : કલ્યાણલાલ શર્મા,ચૌખમ્બા કૃષ્ણદાસ<br>અકાદમી, વારાણસી, સંસ્કરણ પ્રથમ, સન. ૨૦૦૪ |
| ૧૦ | કૃષ્ણશરણાષ્ટક | હરિરાય, 'પુષ્ટિમાર્ગીય સ્તોત્ર રત્નમાલા',<br>પ્રથમભાગ, વારાણસી. |
| ૧૨ | કૃષ્ણાષ્ટક | વલ્લભાચાર્ય, 'પુષ્ટિમાર્ગીય સ્તોત્ર રત્નમાલા',<br>પ્રથમ ભાગ, વારાણસી |
| ૧૩ | કૃષ્ણાષ્ટક | પૂ. પાંડુરંગ શાસ્ત્રી આઠવલે, 'સદ્વિચાર દર્શન'<br>નિર્મલ નિકેતન - મુંબઈ. |
| ૧૪ | ગંગાલહરી (જગન્નાથ) | પૂ. પાંડુરંગ શાસ્ત્રી આઠવલે,<br>'સદ્વિચાર દર્શન', નિર્મલ નિકેતન-મુંબઈ |
| ૧૫ | ગિરિધાર્યષ્ટક | ગોસ્વામી રઘુનાથ, 'પુષ્ટિમાર્ગીય સ્તોત્ર રત્નમાલા'<br>પ્રથમ ભાગ, વારાણસી. |
| ૧૬ | ગીતગોવિંદ | શ્રી કેદારનાથ શર્મા,<br>ચૌખમ્બા કૃષ્ણદાસ અકાદમી, વારાણસી,<br>સંસ્કરણ-૮, વિ. સં. ૨૦૬૧ |

| ક્રમ | ગ્રંથનું નામ | લેખક / પ્રકાશક |
|---|---|---|
| ૧૭ | ગોકુલેશાષ્ટક | ગોસ્વામી રઘુનાથ, 'પુષ્ટિમાર્ગીય સ્તોત્ર રત્નમાલા' પ્રથમ ભાગ, વારાણસી. |
| ૧૮ | ગોપાલવિશંતિ | વેદાંતદેશિક, ' વેદાંતદેશિક સ્તોત્રમાલા', કલકત્તા. |
| ૧૯ | ગોવિંદ દામોદર સ્તોત્ર | બિલ્વમંગળ, 'સ્તોત્ર રત્નાવલીય' ગોરખપુર. |
| ૨૦ | જગન્નાથાષ્ટક | ચૈતન્ય, ' બૃહત્સ્તોત્રરત્નાકર', કાશી. |
| ૨૧ | દેવ્યાપરાધક્ષમાપનસ્તોત્ર | પૂ. પાંડુરંગશાસ્ત્રી આઠવલે, 'સદ્‌વિચાર દર્શન', નિર્મલ – નિકેતન-મુંબઈ. આવૃતિ ૯મી, મે-૨૦૦૪ |
| ૨૨ | નંદકુમારાષ્ટક | વલ્લભાચાર્ય, ' પુષ્ટિમાર્ગીય સ્તોત્ર રત્નમાલા'ભાગ-૧ |
| ૨૩ | પરિવૃઢાષ્ટક | વલ્લભાચાર્ય, 'પુષ્ટિમાર્ગીય સ્તોત્ર રત્નમાલા', પ્રથમ ભાગ. |
| ૨૪ | મધુરાષ્ટક | પૂ. પાંડુરંગશાસ્ત્રી આઠવલે, 'સદ્‌વિચાર દર્શન', નિર્મલ – નિકેતન-મુંબઈ. આવૃતિ ૧૦મી, મે-૧૯૯૯ |
| ૨૫ | મુકુન્દમાલા | કુલશેખર, 'કાવ્યમાલા', ગુચ્છક-૧, ઈ.૧૯૨૯ |
| ૨૬ | મુકુન્દમુકતાવલી | રૂપ ગોસ્વામી, 'કાવ્યમાલા', ગુચ્છ-૨, ઈ.સ. ૧૯૩૨ |
| ૨૭ | યમુનાષ્ટક | ગોસ્વામી રઘુનાથ, 'પુષ્ટિમાર્ગીય સ્તોત્ર રત્નમાલા', પ્રથમ ભાગ, વારાણસી. |
| ૨૮ | યમુનાષ્ટક | વલ્લભાચાર્ય, 'પુષ્ટિમાર્ગીય સ્તોત્ર રત્નમાલા', પ્રથમ ભાગ, વારાણસી. |
| ૨૯ | યમુનાષ્ટપદી | વિઠ્ઠલેશ, 'પુષ્ટિમાર્ગીય સ્તોત્ર રત્નમાલા', પ્રથમ ભાગ. |
| ૩૦ | રાધાકૃષ્ણાષ્ટક | ગોસ્વામી રઘુનાથ, ' 'પુષ્ટિમાર્ગીય સ્તોત્ર રત્નમાલા', પ્રથમ ભાગ, વારાણસી. |
| ૩૧ | વેદસારશિવસ્તવ | પૂ. પાંડુરંગશાસ્ત્રી આઠવલે, 'સદ્‌વિચાર દર્શન', નિર્મલ – નિકેતન-મુંબઈ . |

## સ્તોત્ર સાહિત્ય
## સંસ્કૃત ગ્રંથો

| ક્રમ | ગ્રંથનું નામ | લેખક / પ્રકાશક |
|---|---|---|
| ૧ | अथर्ववेदः | संपादक : पं.श्रीपाद दामोदर सातवलेकर, स्वाध्याय मंडल, पारडी, संस्करण–चतुर्थ. |
| २ | अध्यात्मरामायणम् | श्रीरामानन्दाचार्य कृत, चौखम्बा संस्कृत सीरीझ वाराणसी |
| ३ | अर्हिर्बुध्न्यसंहिता | पांचरात्रागम भाग–२, संपादक : अेम. डी. रामानुजाचार्य आद्यार लायब्रेरी एण्ड रीसर्च सेन्टर, मद्रास, ई.स. १९६६ |
| ४ | उज्जवलनीलमणिः | रूप गोस्वामी, निर्णयसागर प्रेस, मुम्बई, ई.स. १९१३ |
| ५ | ऋग्वेदसंहिता | संपादक : पं.श्री पाद दामोदर सातबलेकर, स्वाध्याय मंडल, पारडी, संरक्षण–चतुर्थ, |
| ६ | कठोपनिषद् | सस्तु साहित्यवर्धक – मुम्बई. |
| ७ | काव्यप्रकाशः | आचार्य मम्मट,<br>संपादकः डॉ. अम्बालाल प्रजापति,<br>प्रकाशक : पार्श्व प्रकाशन अहमदाबाद,<br>प्रथम आवृत्ति उ १९९४ |
| ८ | काव्यालङ्कारसूत्रवृत्तिः | संपादक उ डॉ. आर. पी. महेता<br>प्रकाशक : सरस्वती पुस्तक भंडार,<br>अहमदाबाद, प्रथम आवृत्ति, १९९४. |
| ९ | काव्यालङ्कारसूत्रवृत्तिः | वामनाचार्य विरचित,<br>प्रकाशन – चौखम्बा विद्याभवन वाराणसी–१ |
| १० | काव्यमीमांसा | आचार्य राजशेखर,<br>संपादक : डॉ. रमेश म. शुक्ल<br>प्रकाशक : पार्श्व प्रकाशन, अहमदाबाद.<br>प्रथम आवृत्ति : १९९१ |
| ११ | काव्यालङ्कार | संपादक : डॉ. रमेश म. शुक्ल<br>प्रकाशक : पार्श्व प्रकाशन, अहमदाबाद.<br>प्रथम आवृत्ति : १९९१ |

| ક્રમ | ગ્રંથનું નામ | લેખક / પ્રકાશક |
|---|---|---|
| ૧૩ | श्रीमद्भगवद्गीता | गीताप्रेस गोरखपुर. सं. २०६४ |
| १४ | छंदःशास्त्रम् | संपादकः पं अनंत शर्मा<br>परिमल पब्लिकेशन, दिल्ही, प्रकाशन<br>वर्ष–२००१ |
| १५ | दशरूपकम् | धनंजय<br>व्याख्याकार : भोलाशंकर व्यास,<br>प्रकाशक चौखम्ब विद्याभवन, वाराणसी,<br>आठवाँ संस्करण ई. १९८८ |
| १६ | ध्वन्यालोकः | कविशेखर श्री बदरीनाथ शर्मा,<br>चौखम्बा संस्कृत सीरीझ ओफीस, वाराणसी. |
| १७ | ध्वन्यालोकः | संपादक : डॉ.डोलरराय रंगीलदास मांकड,<br>प्रकाशक : गुजरात युनि. अहमदाबाद–६<br>प्रथम आवृत्ति : १९६९ |
| १८ | नारदभक्तिसूत्रम् | गीताप्रेस गोरखपुर<br>चतुर्थ संस्कर, सं. २०१३ |
| १९ | नारदपुराणम् | चौखम्बा संस्कृत सीरीझ, वाराणसी. |
| २० | नारदभक्तिसूत्रम् | श्री भक्तिमार्ग कार्यालय, सभापोस क्रोस रोड,<br>अहमदाबाद. |
| २१ | निरुक्तम् | संपादक : आचार्य विश्वेश्वर,<br>प्रकाशक : वाराणसी ज्ञान भंडार. |
| २२ | नीतिशतकम् | संपादक : मनसुखलाला सावलिया<br>प्रवीण प्रकाशन, लाभ चेम्बर्स, राजकोट. |
| २३ | पद्मपुराणम् | मनसुख मोर, कलकता–२०२७. |
| २४ | ब्रह्मवैवर्तपुराणम् | राधाकृष्ण यार, कलकत्ता–१९९५ |
| २५ | भक्तिरसामृतसिंधुः | रूप गोस्वामी, डॉ. नगेन्द्र, हिन्दी विभाग,<br>दिल्ही विश्वविद्यालय–दिल्ही–१९६३. |
| २६ | भागवतपुराणम् | जे. एल. शास्त्री<br>मोतीलाल बनारसीदास, दिल्ही–१९८८ |

| ક્રમ | ગ્રંથનું નામ | લેખક / પ્રકાશક |
|---|---|---|
| ૨૭ | भागवतपुराणम् | निर्णय सागर प्रेस–मुम्बई, द्वितीय संपादन – १९४० |
| २८ | महाभारतम् | व्यास, संपादक : श्रीपाद दामोदर सातवलेकर, पारडी १९७८ |
| २९ | मुडकोपनिषद् | आनंदाश्रम, पुना. |
| ३० | रसगंगाधरः | संपादक : बदरीनाथझा मदनमोहनझा, चौखम्बा विद्याभवन, वाराणसी, चतुर्थ संस्करण–१९७८ |
| ३१ | लिङ्गपुराणम् | महर्षि वेदव्यास, प्रकाशक : मनसुखराय मोर, पू. कलाईवरो, संवत–२०१७ प्रथम संस्कर, संवत–२०१७ |
| ३२ | वक्रोक्तिजीवितम् | संपादक : नगीनदास पारेख, गुजरात साहित्य अकादमी, गांधीनगर. |
| ३३ | विष्णुपुराणम् | नागपब्लिशर्स, मुम्बई, |
| ३४ | साहित्यदर्पणम् | संपादकः डॉ. रमेश सु. बेटाई, युनि. ग्रंथनिर्माण बोर्ड, गुजरात राज्य, अहमदाबाद–६, प्रथम आवृत्ति–१९७७ |
| ३५ | साहित्यदर्पणम् | आचार्य शेषराजशर्मा, चौखम्बा कृष्णदास अकादमी, वाराणसी. |
| ३६ | सौरपुराणम् | व्यास रचित, संस्कृत सीरीझ, वाराणसी. |
| ३७ | शिवपुराणम् | गीताप्रेस, गोरखपुर |
| ३८ | श्वेताश्वेतरोपनिषद् | गीता प्रेस गोरखपुर. पाँचवी आवृत्ति, संवत–२०१९ |
| ३९ | श्रीभगवद्भक्तिरसायनम् | श्री जनार्दन शास्त्र पाण्डेय चौखम्बा विद्याभवन–वाराणसी, तृतिय संस्करण–१९९८ |
| ४० | श्रीमंद्भागवतपुराणम् | शास्त्री गीरीजाशंकर भावाशंकर, सस्तु–साहित्य वर्धक कार्यालय, मुम्बई. |

# ગુજરાતી

| ક્રમ | ગ્રંથનું નામ | લેખક / પ્રકાશક |
|---|---|---|
| ૧ | ગીતગોવિંદ | ડૉ. રશ્મિકાન્ત મહેતા, ભો.જે. અધ્યયન સંશોધન વિદ્યાભવન, અમદાવાદ-૯, સંશુદ્ધ આવૃત્તિ, ઈ.સ. ૨૦૦૬ |
| ૨ | ગીતગોવિંદ પરંપરાનાં કાવ્યો તુલનાત્મક અભ્યાસ | ડૉ.હંસાબેન હિંડોચા,સંસ્કૃત ભવન સૌ.યુનિ. રાજકોટ. પ્રથમ સંસ્કરણ- ૧૯૯૮ |
| ૩ | ગીતામૃત | પાંડુરંગ શાસ્ત્રી આઠવલે, સદ્‌વિચાર દર્શન' નિર્મલ નિકેતન મુંબઈ. આવૃત્તિ-૨૧, માર્ચ-૨૦૦૦ |
| ૪ | ધ્વન્યાલોક | નગીનદાસ પારેખ, ગુજરાત સાહિત્ય પરિષદ અમદાવાદ, આવૃત્તિ- ૨૦૦૪ |
| ૫ | પ્રેરણાનું ઝરણું | જીતેન્દ્ર અઢિયા, આલ્ફા ઈન્ટરનેશનલ સેટેલાઈટ અમદાવાદ-૩૮૦૦૧૫, ઈ.સ.- ૨૦૦૨ |
| ૬ | ભારતીય સાહિત્ય શાસ્ત્રમાં ગુણ અને રીતિની વિચારણા | અનિરૂદ્ધભટ્ટ બ્રહ્મભટ્ટ, પ્રકાશક : યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ પ્રથમ આવૃત્તિ-૧૯૭૪ |
| ૭ | મનની શકિત | સ્વામી વિવેકાનંદ, શ્રી રામકૃષ્ણ આશ્રમ-રાજકોટ. સંસ્કરણ-૫, ૧૯૯૨ |
| ૮ | મનની અગાધ શકિત | લીલી જેમ્સ એલન(રૂપાંતર ડૉ. મધુભાઈ કોઠારી) આર. અંબાણી એન્ડ સન્સ-રાજકોટ, આવૃત્તિ-૪, ૧૯૮૯ |
| ૯ | મૂર્તિપૂજા | પૂ.પાંડુરંગ શાસ્ત્રી આઠવલે, સદ્‌વિચાર દર્શન' નિર્મલ નિકેતન મુંબઈ. દસમી આવૃત્તિ- ૧૯૯૯ |
| ૧૦ | વ્યાસ વિચાર | પૂ. પાંડુરંગ શાસ્ત્રી આઠવલે, સદ્‌વિચાર દર્શન' નિર્મલ નિકેતન મુંબઈ. આવૃત્તિ-૮, જુલાઈ- ૧૯૯૯ |
| ૧૧ | સંસ્કૃત કાવ્યશાસ્ત્ર અને ભકિત શાસ્ત્રમાં ભકિતરસની વિચારણા | ડૉ. હેમરાજભાઈ આર. પટેલ યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુ.રા.અમદાવાદ-૮, પ્ર.આ.૨૦૦૧ |
| ૧૨ | સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ | ડૉ. એ.બી. કીથ અનુવાદ- મંગલદેવ શાસ્ત્રી મોતીલાલ બનારસીદાસ-વારાણસી ઈ.સ.૧૯૬૭ |

| ક્રમ | ગ્રંથનું નામ | લેખક / પ્રકાશક |
|---|---|---|
| ૧૩ | સંસ્કૃત સ્તોત્ર કાવ્ય ઉદ્ભવ-વિકાસ અને સ્વરૂપ | ડૉ. મણિભાઈ ઈ. પ્રજાપતિ. શ્રી દ્વારકાધીશ સંસ્કૃત એકેડમી, દ્વારકા, પ્રથમ આવૃત્તિ-૧૯૭૮ |
| ૧૪ | સંસ્કૃત સાહિત્યમાં મધુરસ | ડૉ. હંસાબેન હિંડોચા સંસ્કૃત સાહિત્ય અકાદમી, ગાંધીનગર-૧૯૯૮ |
| ૧૫ | સંગીત રઘુનંદનમ્- એક સમીક્ષાત્મક અધ્યયન | ડૉ. હંસાબેન હિંડોચા, સંસ્કૃત ભવન, સૌ. યુનિ. રાજકોટ, દ્વિતીય આવૃત્તિ- ૨૦૦૧ |
| ૧૬ | સાંસ્કૃતિક વિચાર ધારા | પાંડુરંગ શાસ્ત્રી આઠવલે, સદ્વિચાર દર્શન' નિર્મલ નિકેતન મુંબઈ. આવૃત્તિ-૧૧, ૧૯૯૭ |
| ૧૭ | શ્રીમદ્ ભાગવત દશમસ્કંધ રસદર્શન | ડૉ.. નરેન્દ્ર ત્રિવેદી-સંસ્કૃત સાહિત્ય અકાદમી ગાંધીનગર |

# હિન્દી

| ક્રમ | ગ્રંથનું નામ | લેખક / પ્રકાશક |
|---|---|---|
| ૧ | गीतिकाव्य | मोहनलाल वर्मा<br>विश्वविद्यालय दिल्ही, २००४ |
| २ | गीतिकाव्य | रामखेलावन पांडेय<br>ज्ञान मंडल पुस्तक भंडार |
| ३ | भारतीय दर्शन | बलदेव उपाध्याय, शारदा मंदिर, काशी सप्तम<br>परिवर्धित संस्करण, ई.स. १९६६ |
| ४ | भक्ति का विकास | डॉ. मुंशीराम शर्मा<br>चौखम्बा विद्याभवन–वाराणसी, १९७८ |
| ५ | भक्ति काव्य में<br>माधुर्य भाव का स्वरूप | डॉ. जयनाथ 'नलिन',<br>वसंत एण्ड कंपनी दिल्हिी ई.१९७६ |
| ६ | रघुनाथ कवि और<br>अन्य धर्म | डॉ. कुसुमाकर पांडेय, संजय बुक सेन्टर,<br>गोलाधर, वाराणसी. संस्करण– प्रथम, २००३ |
| ७ | वैष्णव शैव और<br>अन्य धर्म | उमाशंकर व्यास, चौखम्बा, संस्कृत सीरीझ,<br>वाराणसी. |
| ८ | हिन्दी और संस्कृत<br>गीति काव्य का<br>तुलनात्मक अध्ययन | डॉ. भगवतीलाल व्यास<br>राजस्थानी ग्रंथागार–गोधपुर. प्रथम संस्करण<br>जुलाई– २००० |
| ९ | संस्कृत काव्यशास्त्र<br>का इतिहास | पी.वी.काणे, अनु. डॉ. इन्द्रचंद्र शास्त्री,<br>मोतीलाल बनारसीदास, वाराणसी,<br>प्रथम संस्करण ई.१९६६ |
| १० | संस्कृत काव्यशास्त्र<br>का इतिहास | वाचष्पति गैरोला–चौखम्बा विद्याभवन,<br>वाराणसी |
| ११ | संस्कृत साहित्य<br>का इतिहास | डॉ. मंगलदेव शास्त्री<br>मोतीलाल बनारसीदास,दिल्ही पटना वाराणसी, |
| १२ | संस्कृत साहित्य का<br>इतिहास | डॉ. प्रतिप्रभा गोयल<br>राजस्थानी ग्रंथागार–गोधपुर. |
| १३ | संस्कृत साहित्य नवीन<br>इत्तिहास | क्रिष्णा चैतन्य, (हिन्दी अनुवाद) विनय कुमार<br>राय, चौखम्बा विद्याभवन–वाराणसी |

## હિન્દી

| ક્રમ | ગ્રંથનું નામ | લેખક / પ્રકાશક |
|---|---|---|
| ૧૪ | संस्कृत काव्यशास्त्र का इतिहास | डॉ. रामदेव साहू<br>श्याम प्रकाशन - जयपुर, प्रथम संस्करण- २००३ |
| ૧૫ | संस्कृत गीति काव्य का विकास | डॉ. परमानन्द शास्त्री,<br>प्रकाशन प्रतिष्ठान मेरठ वि. २०२२ |
| ૧૬ | संस्कृत साहित्य का इतिहास | बलदेव उपाध्याय<br>शारदा मंदिर, वाराणसी इ.स. १९६५ |

## English

| No. | Book Name | Writer and Publisher |
|---|---|---|
| 1 | History of Classical Sanskrit Literature | M. Krishna Machariar,<br>Tirumalai Tirupati,<br>Devasthanams Press, Madras |
| 2 | Lilasuka's Krsrsakarnamrtam | Dr. K. P. A. Menon<br>Nag Publisher, Delhi. F.A.1994 |
| 3 | The Development and History of Sanskrit Literature | A. Berriedale Keith,<br>Sanjay Prakashan, Delhi, Ed. 2002 |

## કોશગ્રંથ

| ક્રમ | ગ્રંથનું નામ | લેખક / પ્રકાશક |
|---|---|---|
| ૧ | અમરકોશ | ચૌખમ્બા સંસ્કૃત સીરીજ ઓફીસ, વારાણસી, ૧૯૭૦ |
| ૨ | ભગવદ્‌ગોમંડલ | ભગવતસિંહજી, પ્રવીણ પ્રકાશન-રાજકોટ<br>પ્રથમ આવૃત્તિ-૧૯૪૮<br>પુનમુદ્રણ-૧૯૮૬ |
| ૩ | સંસ્કૃત ગુજરાતી વિનીત કોશ | સંપાદકઃ ગોપાલદાસ જીવાભાઈ પટેલ<br>ગુજરાત વિદ્યાપીઠ,અમદાવાદ, પ્રથમ મુદ્રણ -૧૯૯૨ |
| ૪ | સંસ્કૃત હિન્દી કોશ | સં. વામન શિવરામ આપ્ટે<br>રચના પ્રકાશન, જયપુર<br>સંસ્કરણ - ઈ.સ. ૨૦૦૨ |